નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

SHRI GNATADHARMA KATHANG SUTRA

PART : 03

શ્રી જ્ઞાતાધર્મ કથાંગ સૂત્ર : ભાગ– ૦૩

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-
विरचितया अनगारधर्मामृतवर्षिण्याख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

श्री-ज्ञाताधर्मकथाङ्गसूत्रम् ।

SHREE GNĀTĀDHARMA KATHĀNGA SOOTRAM

(तृतीयो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

'मद्रासनिवासी—श्रीमान्—शेठ—ताराचंदजी—साहेब
गेलडा' तत्प्रदत्त-द्रव्यसाहाय्येन अ० भा० श्वे०
स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः श्रेष्ठि-
श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर-संवत्	विक्रम-संवत्	ईसवीसन्
प्रति १२००	२४८९	२०२०	१९६३

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ, ગ્રીન લૉજ
પાસે, રાજકોટ, (સૌરાષ્ટ્ર).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra), W. Ry, India.

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुल पृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ રૂ. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૨૦૦
વીર સંવત્ : ૨૪૮૯
વિક્રમ સંવત્ ૨૦૧૯
ઈસવીસન્ ૧૯૬૩

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘી કાંટા રોડ, અમદાવાદ.

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

જ્ઞાતાધર્મકથાંગસૂત્ર તૃતીય ભા. કી

વિષયાનુક્રમણિકા

અનુ.	વિષય	પાના નં.
	ચૌદહવાં અધ્યયન	
૧	તેતલીપુત્ર પ્રધાનકે ચારિત્રકા વર્ણન	૮
	પંદ્રહવાં અધ્યયન	
૨	નંદિફ્લકે સ્વરૂપકા નિરૂપણ	૪૬
	સોલહવાં અધ્યયન	
૩	ધર્મરૂચિ અનગારકે ચરિત્ર નિરૂપણ	૬૦
૪	સુકુમારિકા કે ચરિત્રકા વર્ણન	૭૯
૫	દ્રૌપદી કે ચરિત્રકા નિરૂપણ	૧૦૬
૬	દ્રૌપદી પૂજા ચર્ચા	૧૨૫
૭	દ્રૌપદી કે ચરિત્રકા વર્ણન	૧૮૮
	સત્રહવાં અધ્યયન	
૮	નાવસે વ્યાપાર કરને વાલે વણિજોંકા વર્ણન	૨૫૩
૯	નાવકે નિર્યામક કા દિગમૂઢ હોનેકા કથન	૨૫૪
૧૦	કાલિક દ્વીપમેં સુવર્ણ આદિકા વર્ણન	૨૫૭
૧૧	કાલિક દ્વીપમેં હિરણ્ય આદિસે પોતકાભરના	૨૫૮
૧૨	કાલિક દ્વીપમેં રહે આકીર્ણાશ્વોં કા વર્ણન	૨૬૦
૧૩	આકીર્ણાશ્વોંકે દ્રષ્ટાંતકો દાર્ષ્ટાન્તિક કે સાથ યોજના	૨૬૭

અનુ.	વિષય	પાના નં.

અઠારહવાં અધ્યયન

૧૪ સુંસમા દારિકા કે ચારિત્રકા વર્ણન ૨૭૪

ઉન્નીસવાં અધ્યયન

૧૫ પુંડરીક-કંડરીક મુનિકે ચરિત્રકા વર્ણન ૩૦૨

દ્વિતીય શ્રુતસ્કંધ

૧૬ દ્વિતીય શ્રુતસ્કંધ કા મંગ્લાચરણ ૩૨૦

દ્વિતીય શ્રુતસ્કંધકા ઉપક્રમ પ્રથમ વર્ગ
પહલા અધ્યયન

૧૮ કાલીદેવીકા વર્ણન ૩૨૬

દૂસરા અધ્યયન

૧૯ રાત્રીદેવીકા વર્ણન ૩૪૨

તીસરા અધ્યયન

૨૦ રજની દારિકા કે ચરિત્રકા નિરૂપણ ૩૪૪

દૂસરા વર્ગ

૨૧ શુંભાનિશુંભાદિ દેવીયોંકે ચરિત્રકા વર્ણન ૩૪૬

અનુ.	વિષય	પાના નં.

તીસરા વર્ગ

૨૨ અલાદિ દેવિયોંકે ચરિત્રકા વર્ણન ૩૪૮

ચૌથા વર્ગ

૨૩ રૂપાદિ દેવિયોં કે ચરિત્રકા વર્ણન ૩૫૧

પાંચવા વર્ગ

૨૪ કમલાદિ દેવિયોં કે ચરિત્રકા વર્ણન ૩૫૩

છટ્ઠા વર્ગ

૨૫ ઉત્તરદિશાકે ઇન્દ્ર મહાકાલ આદિકોંકી અગ્રમહિષિયોં કા વર્ણન ૩૫૫

સાતવાં વર્ગ

૨૬ સૂરપ્રભાદિ દેવિયોં કે ચારિત્રકા વર્ણન ૩૫૬

આઠવાં વર્ગ

૨૭ ચન્દ્રપ્રભાદિ દેવિયોં કે ચરિત્રકા વર્ણન ૩૫૭

નવવા વર્ગ

૨૮ પદમાદિદેવિયોં કે ચરિત્રકા વર્ણન ૩૫૯

અનુ.	વિષય	પાના નં.
	દશવાં વર્ગ	
૨૯	*કૃષ્ણાદિ દેવિયોંકે ચરિત્રકા વર્ણન*	૩૬૧
૩૦	*શાસ્ત્ર પ્રશસ્તિ*	૩૬૩

॥ સમાપ્ત ॥

ચૌદમું અધ્યયન પ્રારંભ—

ચૌદમા અધ્યયનનો તેરમા અધ્યયનની સાથે આ જાતનો સંબંધ છે કે તેરમા અધ્યયનમાં જે આ વાતનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે આત્મામાં સમ્યગ્દર્શન વગેરે પ્રગટ પણ થઇ ગયાં હોય છતાં જો સદ્ગુરૂ વગેરેની ઉપદેશ રૂપ તેમનું વર્ધન કરનાર સામગ્રી હોય નહિ તો તે ગુણોની હાનિ થઈ જાય છે. આ અધ્યયનમાં સૂત્રકાર હવે એ જ વાત સ્પષ્ટ કરવા માગે છે કે જીવને જો તથાવિધ સામગ્રી મળતી રહે છે તો ગુણ સંપત્તિ પણ વધતી રહે છે.

' जइणं भंते ' इत्यादि—

ટીકાર્થ—જંબૂ સ્વામી પૂછે છે કે (**भंते ! जइणं समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं**) હે ભદંત ! જો શ્રમણ ભગવાન મહાવીરે–કે જેઓ સિદ્ધ ગતિ સ્થાનને મેળવી ચૂકયા છે.

(तेरसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते, चोद्दसमस्स णं भंते ! णायज्झयणस्स समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते)

તેરમા જ્ઞાતાધ્યયનનો પૂર્વોક્ત રૂપે અર્થ નિરૂપિત કર્યો છે તો હે ભદંત ! તે શ્રમણ ભગવાન મહાવીરે જ આ ચૌદમા જ્ઞાતાધ્યયનનો શો અર્થ નિરૂપિત કર્યો છે ?

(एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं तेयलिपुरं नाम नगरं पमयवणे उज्जाणे कणगरहे राया । तस्स णं कणगरहस्स पउमावई देवी)

શ્રી સુધર્માસ્વામી હવે શ્રી જંબૂ સ્વામીને આ પ્રશ્નોના જવાબ આપવાની ઇચ્છાથી કહે છે કે હે જંબૂ ! સાંભળો તમારા પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે તેતલિપુર નામે નગર હતું. તેમાં પ્રમદવન નામે ઉદ્યાન હતું. તે નગરના રાજાનું નામ કનકરથ હતું. તે કનકરથ રાજાની રાણીનું નામ પદ્માવતી હતું.

(तस्स णं कणगरहस्स तेयलिपुत्ते णामं अमच्चे सामदंडदक्खे । तत्थ णं तेयलिपुरे कलादे नामं मूसियारदारए होत्था अड्ढे जाव अपरिभूए)

તે કનકરથ રાજાનો એક અમાત્ય (મંત્રી) હતો જેનું નામ તેતિલપુત્ર હતું. તે સામ, દાન, ભેદ અને દંડ એ ચારે પ્રકારની નીતિમાં સવિશેષ નિપુણ–કુશળ હતો. તે તેતલિપુરમાં કલાદ નામે મૂષીકાર દારક (સોનીનો પુત્ર)

રહેતો હતો. 'મૂષી' શબ્દનો અર્થ સાંચો (બીબું) છે. તેમાં સોનું **વગેરે** દ્રવ્યો ઓગાળવામાં આવે છે. આ સાંચાને બનાવનારનું નામ મૂષીકાર **છે.** આ વ્યુત્પત્તિને લઇને આ શબ્દ સુવર્ણકાર (સોની) માટે યોગારૂઢ થઈ ગયો **છે.** તે મૂષિકારદારક આઢય (ધનવાન) યાવત્ અપરિભૂત હતો.

(तस्स णं भद्दा नामं भारिया तस्स णं कलायस्स मूसियारदारयस्स धूया भद्दाए अत्तया पोट्टिला नामं दारिया होत्था, रूवेण य जोव्वणेण य लावण्णेणं य उक्किट्ठा उक्किट्ठसरीरा)

તે મૂષિકારદારક કલાદ સોનીની ખૂબ જ વહાલી પોટ્ટિલા નામે પુત્રી હતી જે તેની પત્ની ભદ્રાના ગર્ભથી ઉત્પન્ન થઈ હતી, તે આકૃતિથી, **યૌવનથી,** લાવણ્યથી–શરીરની ઉજ્વલ–કાંતિથી બહુ જ મનોહર હતી, એથી તેનું શરીર ખૂબ જ ઉત્તમ હતું.

(तएणं पोट्टिलादारिया अन्नया कयाइं ण्हाया सव्वलंकारविभूसिया चेडिया-चक्कवालसंपरिवुडा उप्पिं पासायवरगया आगासतलगंसि कणगमएणं तिंदूस-एणं कीलमाणी २ विहरइ)

એક દિવસે તે સ્નાન કર્યા બાદ પોતાના બધા અંગોને ઘરેણાંઓથી શણગારીને પોતાની દાસીઓની સાથે મહેલની ઉપરની અગાશીમાં સોનાથી બનાવવામાં આવેલી દડીથી રમી રહી હતી. ॥ સૂત્ર "૧" ॥

इमं च णं तेयलिपु अमच्चे' इत्यादि—

ટીકાર્થ—(इमं च णं) તે વખતે

(तेयलिपुत्ते अमच्चे ण्हाए आसखंधवरगए महया भटचडगरवंदपरिक्खित्ते आसवाहाणियाए णिज्जायमाणे कलायस्स मूसियारदारगस्स गिहस्स अदूरसामं-तेणं वीइवयइ)

તેતલિપુત્ર અમાત્ય સ્થાનથી પરવારીને ઘોડા ઉપર સવાર થયા અને ત્યારપછી વિશાળ ભટો (યોદ્ધાઓ) ના સમૂહોથી વીંટળાઇને અશ્વક્રીડા માટે મૂષીકારદારક કલાદના ઘરની પાસે થઇને નીકળ્યા.

(तएणं से तेयलिपुत्ते मूसियादारगस्स गिहस्स अदूरसामंतेणं वीइवयमाणे२ पोट्टिलं दारियं उप्पिं पासायवरगयं आगासतलगंसि कणगतिंदूसएणं कीलमाणी पासइ)

મૂષિકારદારક કલાદના ઘરની પાસે થઈને જતા તે તેતલિપુત્ર અમાત્યે મહેલના ઉપરની અગાશી ઉપર સોનાની દડીથી રમતી તે પોટ્ટિલા દારિકાને જોઈ.

(पासित्ता पोट्टिलाए दारिआए रूवे य जाव अज्झोववन्ने कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी एसा णं देवाणुप्पिया कस्स दारिया? किं नामधेज्जा?)

તે પોટ્ટિલા દારિકાને જોઈને તે તેના રૂપ, યૌવન અને લાવણ્યમાં મૂર્ચ્છિત ગૃદ્ધ, ગ્રથિત બનીને અત્યંત આસક્ત થઈ ગયો. તરત જ તેણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેણે તેઓને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! બોલો, આ કન્યા કોની છે અને એનું શું નામ છે?

(तएणं कोडुंबियपुरिसा तेयलिपुत्तं एवं वयासी–एसा णं सामी। कलायस्स मूसियारदारगस्स धूया, भद्दाए अत्तया पोट्टिला नामं दारिया रूवेण य जाव उक्किट्ठ सरीरा)

તે કૌટુંબિક પુરૂષોએ તેતલિપુત્રને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામિન્! તે મૂષિકારદારક કલાદની પુત્રી છે અને ભદ્રાભાર્યાના ગર્ભથી તેનો જન્મ થયો છે. તેનું નામ પોટ્ટિલા છે. તે રૂપ વગેરેથી ખૂબ જ ઉત્કૃષ્ટ શરીરવાળી છે.

(तएणं से तेयलिपुत्ते आसवाहणियाओ पडिनियत्ते समाणे अब्भिंतरठाणिज्जे पुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी गच्छह णं तुब्भे देवाणुप्पिया! कलादस्स मूसियारदारयस्स धूयं भद्दाए अत्तयं पोट्टिलं दारियं मम भारियत्ताए वरेह)

ત્યારપછી તે તેતલિપુત્ર અમાત્ય અશ્વવાહનિકાથી ઘેર પાછો આવ્યો ત્યારે આવતાંની સાથે જ તેણે પોતાના–અન્તરંગ પ્રેષ્ય પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને મૂષીકારદારક કલાદની પુત્રી છે–કે જેનું નામ પોટ્ટિલા છે, અને જે ભદ્રાના ગર્ભથી ઉત્પન્ન થઈ છે–તેને ભાર્યા રૂપમાં મને આપો. તાત્પર્ય આ પ્રમાણે છે કે તમે લોકો ત્યાં જઈને એવી કોશિશ કરો કે જેથી તે મૂષીકારદારક કલાદ પોતાની પુત્રીને પત્ની રૂપમાં મને આપી દે.

(तएणं ते अब्भंतरठाणिज्जा पुरिसा तेतलिणा एवं वुत्ता समाणा हट्ठतुट्ठा करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु तहत्ति किच्चा जेणेव कलायस्स मूसियारस्स गिहे तेणेव उवागया)

આ રીતે તેતલિપુત્રે જેઓને આદેશ આપ્યો છે એવા તે અંતરંગ પ્રેષ્ય પુરૂષ હૃષ્ટ તુષ્ટ થતાં ત્યાંથી રવાના થઇને મૂષીકાર કલાદનું જ્યાં ઘર હતું ત્યાં પહોંચ્યા. તેતલિપુત્રની પાસેથી પાછાં ફરતાં તેઓએ બંને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને નમસ્કાર કર્યા અને અમે આપે જેમ હુકમ કર્યો છે તેનો યથાવત પાલન કરીશું. આ રીતે તેમની આજ્ઞા તેઓએ સ્વીકારી.

(तएणं से कलाए मूसियारदारए ते पुरिसे एज्जमाणे पासइ, पासित्ता हट्ठतुट्ठे आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता सत्तट्ठपयाइं अणुगच्छइ, अणुगच्छित्ता आसणेणं उवणिमंतेइ, उवणिमंतित्ता आसत्थे सुहासणवरगए एवं वयासी संदिसतु णं देवाणुप्पिया ! किमागमणपओयणं-तएणं ते अब्भिंतरठाणिज्जा पुरिसा कलायं मूसियदारयं एवं वयासी)

મૂષીકારદારક કલાદે જ્યારે તે પુરૂષોને પોતાના ઘર તરફ આવતા જોયા ત્યારે તે જોઇને હૃષ્ટ તુષ્ટ થઇને પોતાના આસન ઉપરથી ઊભો થઈ ગયો અને ઊભો થઈને તેમના સ્વાગત માટે સાત આઠ પગલાં સામે ગયો. ત્યાંથી તેણે આવનારાઓને આગળ કરીને એટલે કે પોતે તેઓની પાછળ પાછળ ચાલતો ત્યાં આવ્યો અને આવીને તેણે તેઓને આસનો ઉપર બેસાડયા. ત્યારપછી આશ્વસ્ત વિશ્વસ્ત થઈને તે પોતે બીજા આસન ઉપર શાંતિપૂર્વક બેસી ગયો. બેસીને તેણે તેઓએ વિનય પૂર્વક કહ્યું કે હે દેવાનુપ્રિયો ! બોલો, તમે શા કારણથી અહીં આવ્યા છો ? તમે શા પ્રયોજનથી આવ્યા છો ? આ રીતે કલાદ (સુવર્ણકાર) ની વાત સાંભળીને તે આભ્યંતર સ્થાનીય પુરૂષોએ તેને આ પ્રમાણે કહ્યું કે

(अम्हेणं देवाणुप्पिया ! तव धूयं भद्दाए अत्तयं पोट्टिलं दारियं तेयलि पुत्तस्स भारियत्ताए वरेमो, तं जइणं जाणसि देवाणुप्पिय ! जुत्तं वा पत्तं वा सलाहणिज्जं

वा सरिसो वा संजोयो ता दिज्जउणं पोट्टिला दारिया तेयलिपुत्तस्स तो भण देवाणुप्पिया ! किंदलामो सुक्कं तएणं कलाए मूसियारदारए ते अब्भिंतरठाणिज्जे पुरिसं एवं वयासी)

હે દેવાનુપ્રિય ! તમારી ભદ્રા ભાર્યાના ગર્ભથી જન્મ પામેલી તમારી પોટ્ટિલા દારિકા અમાત્ય તેતલીપુત્રની ભાર્યા થાય આ જાતની માંગણી કરવા અમે તમારી પાસે આવ્યા છીએ. હે દેવાનુપ્રિય ! તમે તેતલિપુત્રની માંગણી ઉચિત, શ્લાઘનીય અને પ્રશંસનીય માનતા હોય તેમજ એમ પણ તમને થતું હોય કે અમાત્ય તેતલિપુત્રની સાથેનો આ લગ્ન સંબંધ યોગ્ય છે તો તમે અમાત્ય તેતલિપુત્રને પોટ્ટિલાદારિકા આપી દો અને એની સાથે તમે અમને એમ પણ જણાવી દો કે તમને અમે એના બદલ સન્માન પુરસ્કારના રૂપમાં શું આપીએ ? આ રીતે તેઓ બધાની વાત સાંભળીને તે સુવર્ણકારના પુત્ર કલાદે આભ્યંતર સ્થાનીય પુરૂષોને આ પ્રમાણે કહ્યું કે—

(एस चेव णं देवाणुप्पिया ! मम सुक्के जन्नं तेयलिपुत्ते मम दारिया निमित्तेणं अणुग्गहं करेइ, ते अब्भिंतरट्ठाणिज्जे पुरिसे विउलेणं असणपाणखाइम-साइमेणं पुप्फवत्थ जाव मल्लालंकारेणं सक्कारेइ, सम्माणेइ, सक्कारित्ता, सम्मा-णित्ता पडिविसज्जेइ । तएणं ते कलायस्स मूसियारदारयस्स गिहाओ पडिनिक्ख-मंति, पडिनिक्खमित्ता जेणेव तेयलिपुत्ते अमच्चे, तेणेव उवागच्छंति, उवाग-च्छित्ता तेयलिपुत्तस्स अमच्चस्स एयमट्ठं निवेदंति)

હે દેવાનુપ્રિયો ! અમાત્ય તેતલિપુત્ર મારી દારિકાને સ્વીકારવા રૂપ જે મારા ઉપર દયા બતાવી રહ્યા છે તે જ ખરેખર મારા માટે સન્માન અને પુરસ્કારની જ વસ્તુ છે. એટલે કે તેઓ મારી પુત્રીને પોતાની પત્ની પત્ની તરીકે ઇચ્છી રહ્યા છે, એજ તેમના તરફથી મારા માટે સન્માન અને પુરસ્કાર રૂપ છે. આ રીતે કહીને તે કલાદે આભ્યંતર સ્થાનીય પુરૂષોનો વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યથી અને પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી ખૂબ જ સરસ રીતે સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું. સત્કાર અને સન્માન કર્યા પછી તેણે તેમને વિદાય આપી. ત્યારપછી તે આભ્યંતર સ્થાનીય પુરૂષો તે સુવર્ણ-

કાર પુત્ર કલાદના ઘરથી નીકળ્યા અને ત્યાંથી જ્યાં અમાત્ય તેતલિપુત્ર હતો ત્યાં પહોંચ્યા. અમાત્ય તેતલિપુત્રની પાસે જઈને તેઓએ રકતસંબંધ સ્વીકારવા રૂપ ખબર આપી. ॥ સૂત્ર " ૨ " ॥

' तएणं कलाए मूसियारदारए ' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (मूसियारदारए) મૂષીકાર દારકે (अन्नया कयाइं) કોઈ એક વખતે

(सोहणंसि तिहिनक्खत्तमुहुत्तंसि पोट्टिलं दारियं ण्हायं सव्वालंकार, भूसियं सीयं दुरूहइ)

શુભ તિથિ નક્ષત્ર, મુહૂર્ત્તમાં પોટ્ટિલા દારિકાને સ્નાન કરાવીને બધી જાતના અલંકારોથી શણગારીને તેને પાલખીમાં બેસાડી દીધી.

(दुरुहित्ता मित्तणाइसंपरिबुडे सातो गिहाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता सव्विड्ढीए तेयलीपुरं मज्झं मज्झेणं जेणेव तेयलिस्स गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पोट्टिलं दारियं तेयलिपुत्तस्स सयमेव भारियत्ताए दलयइ)

બેસાડીને તે પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનોની સાથે લગ્નની બધી સાધન સામગ્રી લઈને ઘેરથી નીકળ્યો. નીકળીને તે સર્વ પ્રકારની પોતાની ઋદ્ધિની સાથે તેતલિપુરની વચ્ચે થઈને જ્યાં તેતલિકાનું ઘર હતું ત્યાં પહોંચ્યો ત્યાં પહોંચીને તેણે પોતાની પુત્રી પોટ્ટિલા દારિકાને તેતલીપુત્રને તેની ભાર્યાના રૂપમાં આપી દીધી.

(तएणं तेयलिपुत्ते पोट्टिलं दारियं भारियत्ताए उवणीयं पासइ, पासित्ता पोट्टिलाए सद्धिं पट्टयं दुरुहइ)

તેતલિપુત્ર અમાત્યે પોટ્ટિલા દારિકાને તેની ભાર્યા રૂપમાં આપેલી જોઈને તે પોટ્ટિલા દારિકાની સાથે પટ્ટક ઉપર બેસી ગયો.

(दुरुहित्ता सेयपीएहिं कलसेहिं अप्पाणं मज्जावेइ, मज्जावित्ता- अग्गिहोमं करावेइ, करावित्ता पोट्टिलाए भारियाए मित्तणाइ जाव परिजणं विउलेणं असणं पाणं खाइमं साइमेण पुप्फ जाव पडिविसज्जेइ । तएणं से तेयलिपुत्ते पोट्टिलाए भारियाए अणुरत्ते अविरत्ते उरालाइं जाव विहरेइ)

બેસીને તેણે ચાંદી અને સોનાના કળશો વડે પોતાનો અભિષેક કરાવડાવ્યો. અભિષેક કરાવડાવીને તેણે 'અગ્નિ સાક્ષિક લગ્ન થાય છે' આમ વિચારીને તેણે અગ્નિમાં હવન કરાવડાવ્યો. ત્યારપછી તેણે પોટ્ટિલા દારિકાનું પાણિ ગ્રહણ કર્યું. લગ્નની વિધિ પૂરી થયા બાદ તેતલિપુત્ર અમાત્યે

પોટ્ટિલા ભાર્યાના મિત્ર જ્ઞાતિ, સ્વજન સંબંધી અને પરિજનોનો અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારથી તેમજ પુષ્પ, વસ્ત્ર યાવત્ માલ્ય અલંકાર વગેરેથી સત્કાર કરાવડાવ્યો અને સત્કાર કરાવડાવ્યા પછી તેણે બધાને પોતાના ઘેરથી વિદાય આપી. ત્યારપછી પોટ્ટિલા ભાર્યામાં આસક્ત અને અનુરક્ત થયેલો તે અમાત્ય તેતલિપુત્ર તેની સાથે પંચેન્દ્રિય સંબંધી સુખોનો ઉપભોગ કરવા લાગ્યો. ॥ સૂત્ર "૩" ॥

तएणं से कणगरहे राया इत्यादि—

(तएणं) ત્યારબાદ

ટીકાર્થ–**(से कणगरहे राया रज्जेय रट्ठे य बले य वाहणे य कोट्ठागारे य अंतेउरे य मुच्छिए ४)**

તે કનકરથ રાજા રાજ્ય રાજ્યમાં, રાષ્ટ્રમાં, સૈન્યમાં, અશ્વ વગેરે વાહનોમાં, ધાન્ય વગેરેની બાબતમાં, કોષ્ઠાગારમાં અને રણવાસમાં મૂર્છિત, ગૃદ્ધ, ઘણો જ આસક્ત અને અધ્યુપપન્ન સંપૂર્ણપણે તત્પર થઈ ગયો. એથી **(जाए पुत्ते वियंगेइ)** તે જન્મેલા પોતાના પુત્રોને અંગહીન બનાવી દેતો હતો.

(अप्पेगइयाणं हत्थंगुलियाओ छिंदइ अप्पेगइयाणं हत्थंगुट्ठए छिंदइ, एवं पायंगुलियाओ पायंगुट्ठए वि कन्नसक्कुलिए वि, नासा पुडाइं फालेइ, अंगमंगाइंवियंगेइ)

કેટલાક બાળકોની તે હાથોની આંગળીઓ કપાવી નંખાવતો હતો, કેટલાક બાળકોના હાથોના અંગૂઠાઓ કપાવી નંખાવતો હતો, આ રીતે તે પગોની આંગળીઓને, પગોના અંગૂઠાઓને, કાનોને, નાકને કપાવી નંખાવતો હતો. આમ તે કનકરથ રાજા બાળકોના અંગોનું તે છેદન કરાવી નંખાવતો હતો.

(तएणं तीसे पाउमावईए देवीए अन्नया पुव्वरत्तावरत्तकालसमयंसि अयमेयारूवे अज्झत्थिए ५ समुप्पज्जित्था)

આ પ્રમાણે જન્મેલા પુત્રોના વિનાશ પછી તે કનકરથ રાજાની રાણી પદ્માવતી દેવીને કોઈ એક સમયે રાત્રિના છેલ્લા પહોરમાં આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે—

(एवं खलु कणगरहे राया रज्जे य जाव पुत्ते वियंगेइ, जाव अंग मंगाइं वियंगेइ)
કનકરથ રાજા રાજ્ય વગેરેની બાબતમાં મૂર્છિત ગૃદ્ધ, ખૂબજ આસક્ત અને અધ્યુપપન્ન–અત્યન્ત તત્પર થઇને–પુત્રોને અંગહીન કરાવી નાખે છે યાવત્ તેમના અંગોને કપાવી નંખાવે છે અને ખરાબ હાલતમાં તેઓને મરાવી નંખાવે છે.

(तं जइ अहं दारयं पायायामि, सेयं खलु ममं तं दारगं कणगरहस्स रहस्सियं चेव सारक्खेमाणीए संगोवेमाणीए विहरित्तए त्तिकट्टु एवं संपेहेइ, संपेहित्ता तेयलिपुत्तं अमच्चं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–एवं खलु देवाणुप्पिया! कणगरहे, राया रज्जे य जाव वियंगेई तं जइणं अहं देवाणुप्पिया! दारगं पयायामि, तएणं तुमं देवाणुप्पिया! कणगरहस्स रहस्सियं चेव अणुपुव्वेणं सारक्खेमाणे संगोवेमाणे संवड्ढेहिं। तएणं से दारए उम्मुक्क बालभावे जोव्वणगमणुपत्ते तव य मम य भिक्खाभायणं भविस्सइ तएणं से तेयलिपुत्ते पउमावइए एयमट्ठं पडिसुणेइ पडिसुणित्ता पडिगए)

હવે મને પુત્ર ઉત્પન્ન થવાનો જ છે, તો મને એજ યોગ્ય લાગે છે કે કનકરથ રાજાને ખબર પડે નહિ તે રીતે બાળકની રક્ષા કરૂં. તેમની કુદૃષ્ટિથી તેને બચાવું. આ પ્રમાણે તેણે મનમાં વિચાર કર્યો વિચાર કરીને તેણે અમાત્ય તેતલિપુત્રને બોલાવ્યો અને બોલાવીને તેને કહ્યું કે હે દેવાનુપ્રિય! રાજા કનકરથ રાજ્ય વગેરેના કામમાં આટલો બધો મૂર્ચ્છિત, ગૃદ્ધ–ખૂબજ આસક્ત અને અધ્યુપપન્ન થઈ પડયો છે કે તે જન્મેલા બાળકોના અંગો કપાવી નાખે છે. તેમના હાથોની આંગળીઓ વગેરે અંગોને કપાવી નાખે છે. જો હે દેવાનુપ્રિય! હું પુત્રને જન્મ આપું તો દેવાનુપ્રિય તમે રાજાને ખબર પડે નહીં તેમ તેમની કુદૃષ્ટિથી બાળકની રક્ષા કરતા તેનું ભરણ–પોષણ કરજો. જો તે બાળક આખરે મોટો થઈ જશે અને બચપણ વટાવીને જુવાન થઈ જશે તો મારા અને તમારા બનેને માટે ભિક્ષાપાત્ર ભિક્ષાનો આધારભૂત થઈ જશે. આ રીતે પદ્માવતીના આ કથન રૂપ અર્થને તે તેતલિપુત્ર અમાત્યે સ્વીકાર કરીને તે પદ્માવતી દેવીની પાસેથી વિદાય લઇને પોતાને ઘેર આવી ગયો. સૂ. ૪

'तएणं पउमावइ य देवी' इत्यादि—

टीकार्थ–'तएणं) त्यारपछी (पउमावइ य देवी पोट्टिला य अमच्ची सयमेव गब्भं गिण्हइ) पद्मावती देवी अने पोट्टिला अमात्यीએ साथे साथे ज गर्भधारण कर्यो.

(तएणं सा पउमावई नावण्हं मासाणं जाव वियदंसणं सुरूवं दारगं पयाया)

ज्यारे नव मास सारी रीते पसार थई गया त्यारे पद्मावती देवीએ जोनाराઓ जोईने प्रसन्न थई जाय એवा रूपाળा पुत्रने जन्म आप्यो.

(जं रयणिं च णं पउमावई दारयं पयाया तं रयणिं च णं पोट्टिला वि अमच्ची नवण्हं मासाणं विणिहायमावन्नं यारियं पयाया)

जे रात्रिએ पद्मावती देवीએ पुत्रने जन्म आप्यो ते ज रात्रिએ पोट्टिला अमात्यीએ पण नव मास पूरा थवाथी એक मरेली कन्याने जन्म आप्यो

(तएणं सा पउमावई अम्मधायं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी गच्छह णं तुमे अम्मो ! तेतलिगिहे तेतलिपुत्त अमच्च रहस्सिय चेव सद्दावेह)

त्यारपछी ते पद्मावतीએ अंबधात्रीने બोલावी अने બोલावीने तेने आ प्रमाणे कह्युं के हे अम्ब ! तमे तेतलि अमात्यने घेर जाઓ अने कोईने खबर पडे नहि तेम तेतलिपुत्र अमात्यने तमे अहीं બोલावी लावो.

(तएणं सा अम्मधाई तहत्ति पडिसुणेइ, पडिसुणित्ता अंतेउरस्स अवदारेणं णिग्गच्छइ णिग्गच्छित्ता जेणेव तेतलिस्स गिहे जेणेव तेतलिपुत्ते तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल जाव एवं वयासी–एवं खलु देवाणुप्पिया ! पउमावई देवी सद्दावेइ । तएणं तेतलिपुत्ते अम्मधाईए अंतिए एयमट्ठं सोच्चा हट्ठतुट्ठे अम्मधाईए सद्धिं साओ गिहाओ णिगच्छइ)

आ रीते पद्मावती देवीनी वात सांભળीने अंबधात्रीએ ' तथेति ' (सारुं) आम कहीने तेमनी आज्ञा स्वीकारी लीधी. स्वीकारीने ते रणवासना पाछला बारणेथी बहार नीकળी अने नीकળीने ज्यां तेतलिपुत्रनुं घर अने तेमां पण ज्यां तेतलिपुत्र अमात्य हता त्यां पहोंची. त्यां पहोंचीने तेणे सौ पहेलां बंने हाथ जोडीने तेतलिपुत्रने नमस्कार कर्या अने त्यारपछी तेणे कह्युं के हे देवानुप्रिय ! तमने पद्मावती देवी બोલावे छे. अंबधात्रीना मुखथी आ जातनी वात सांભળीने तेतलिपुत्र हर्षित तेमज संतुष्ट थतो अंबधात्रीनी साथे साथे ज ते पोताना घेरथी रणवास तरफ रवाना थयो.

(णिगच्छित्ता अंतेउरस्स अवदारेणं रहस्सियं चेव अणुप्पविसइ, अणुप्पविसित्ता जेणेव पउमावई देवी तेणेव उवागए, करयलपरिग्गहियं दसणहं सिर-

सावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी-सं दिसंतु णं देवाणुप्पिया ! जंमए करणिज्जं तएणं परमावीइ देवी वयासी-एवं खलु कणगरहे राया जार वियंगेइ अहं च णं देवानुप्पिया ! दारगं पयाया तं तुमं णंदेवाणुप्पिया ! एवं दारगं गेण्हाहि)

ત્યાં પહોંચીને રણવાસના પાછલા બારણેથી કોઇને ખબર પડે નહિ તેમ રણવાસમાં પ્રવિષ્ટ થઈ ગયો. પ્રવિષ્ટ થઇને તે જ્યાં પદ્માવતી દેવી હતી ત્યાં પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે દશે નખો જેમાં છે એવા બંને હાથ જોડીને અંજલિ બનાવીને તેને જમણી બાજુથી ફેરવીને ડાબી બાજુ તરફ લઇ જઇને મસ્તક ઉપર અંજલિ મૂકીને આ પ્રમાણે કહ્યું-એટલે નમસ્કાર કરીને પૂછયું કે-હે દેવાનુપ્રિયે ! મારે લાયક જે કંઈ પણ કામ હોય તે મને કહો. ત્યાર પછી પદ્માવતી દેવીએ તેતલિપુત્રને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમને મેં પહેલેથી કહી રાખ્યું છે કે રાજા કનકરથ ઉત્પન્ન થયેલા પુત્રોને અંગહીન કરી નાખે છે. અને હે દેવાનુપ્રિય ! મારે પુત્ર થયો છે. હે દેવાનુપ્રિય ! એ બાળકને તમે લઇ જાઓ.

(जाव तव मम य भिक्खाभायणे भविस्सइत्तिकट्टु तेतलिपुत्तं दलयइ)

એ મારા અને તમારા માટે 'ભિક્ષાભાજન' થશે એટલે કે જેમ ભિક્ષાનું પાત્ર જીવનને ટકાવનાર હોય છે તેમજ આ બાળક પણ જીવન નિર્વાહક થશે. આ પ્રમાણે કહીને તેણે તેતલિપુત્રના હાથમાં પોતાના નવ જાત પુત્રને સોંપી દીધો.

(तएणं तेतलिपुत्ते पउमावईए हत्थाओ दारगं गेण्हइ)

તેતલિપુત્રે પણ પદ્માવતી દેવીના હાથમાંથી બાળક લઇ લીધું.

(गिण्हित्ता उत्तरिज्जेणं पिहेइ पिहित्ता अंतेउरस्स रहस्सियं अवदारेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सए गिहे जेणेव पोट्टिला भारिया-तेणेव उवागच्छइ, उवागच्छित्ता, पोट्टिलं एवं वयासी, एवं खलु देवाणुप्पिया ! कणगरहे राया रज्जे य जाव वियंगेइ, अयं च णं दारए कणगरहस्सपुत्ते पउमावईए अत्तए

तं णं तुमं देवाणुप्पिया ! इमं दारगं कणगरहस्स रहस्सियं चेव अणुपुव्वेणं सारक्खाहिं य संगोवाहि य संवड्ढेहिय)

લઇને તેણે ખેસમાં ઢાંકી દીધું, અને ઢાંકીને છુપી રીતે રણવાસના પાછલા બારણેથી બહાર નીકળી ગયો. બહારનીકળીને જ્યાં પોતાનું ઘર અને પોટ્ટિલા ભાર્યા હતી ત્યાં ગયો. ત્યાં પહોંચીને તેણે પોટ્ટિલા ભાર્યાને એમ કહ્યું કે–હે દેવાનુપ્રિયે ! રાજા કનકરથ રાજ્ય વગેરેની બાબતમાં એટલો બધો આસક્ત થઇ ગયો છે કે તે જન્મ પામેલા પોતાના બાળકોના અંગોને કપાવીને મારી નાખે છે. મારા હાથમાં જે બાળક છે તે પણ કનકરથ રાજાનો જ પુત્ર છે. પદ્માવતી દેવીના ગર્ભમાંથી આનો જન્મ થયો છે. એથી હે દેવાનુપ્રિય ! કનકરથ રાજાને જાણ થાય નહિ તે પ્રમાણે તમે છુપી રીતે આ પુત્રનું રક્ષણ કરતા રહો, પોષણ કરતાં રહો, રાજાની કુદૃષ્ટિથી એને દૂર રાખતા રહો અને સ્તન્યપાન એટલે કે દૂધ વગેરે પીવડાવીને એને મોટો કરો.

(तएणं एस दारए उम्मुक्कबालभावे तव य मम य पउमावईए य आहारे भविस्सइ त्ति कट्टु पोट्टिलाए, पासेणिक्खिवइ, णिक्खिवित्ता पोट्टिलाओ पासाओ विनिहायमावन्नियं दारियं गेण्हइ, गेण्हित्ता उत्तरिज्जेणं पिहेइ, पिहित्ता, अंतेउरस्स अवद्दारेणं अणुप्पविसइ)

અને આ રીતે અનુક્રમે મોટો થતો આ બાળક જ્યારે બચપણ વટાવીને જુવાન થઇ જશે ત્યારે આ મારો, તમારો અને પદ્માવતી દેવીનો આધાર થશે. આ પ્રમાણે કહીને તે તેતલિપુત્ર અમાત્યે તે બાલકને પોટ્ટિલાની પાસે મૂકી દીધો અને પોટ્ટિલાની પાસેથી મરી ગયેલી બાળકીને ઉપાડી લીધી. ઉપાડીને તેને પોતાના ખેસથી ઢાંકી દીધી અને ત્યારપછી તે રણવાસના પાછલા બારણેથી પદ્માવતી દેવીના મહેલમાં ગયો.

(अणुप्पविसित्ता जेणेव पउमावई देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता, पउमावईए देवीए पासे ठावेइ, ठावित्ता जाव पडिनिग्गए)

ત્યાં જઇને જ્યાં પદ્માવતી દેવી હતી ત્યાં ગયો અને ત્યાં પહોંચીને તેણે તે મરી ગયેલી બાળકીને પદ્માવતી દેવીના પડખામાં મૂકી દીધી. અને ત્યાં મૂકીને તે ત્યાંથી પાછો ફર્યો અને ત્યારપછી તે પોતાને ઘેર આવી ગયો.

(तएणं तीसे पउमावईए अंगपरियारियाओ पउमावइं देविं विणिहायमावन्नं दारियं पासंति, पासित्ता जेणेव कणगरहे राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–एवं खलु सामी पउमावईदेवी मइल्लियं दारियं पयाया)

ત્યારબાદ પદ્માવતી દેવીની અંગ–પરિચારિકાઓએ પદ્માવતી દેવી તેમજ તે મરેલી કન્યાને જોઈ. જોઇને તેઓ બધી જ્યાં કનકરથ રાજા હતા ત્યાં ગઈ અને ત્યાં જઇને તેણે બંને હાથોથી અંજલિ બનાવીને અને તેને મસ્તક ઉપર ફેરવીને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામી! દેવી પદ્માવતીએ મરેલી કન્યાને જન્મ આપ્યો છે.

(तएणं कणगरहे राया तीसे मइल्लियाए दारियाए नीहरणं करेइ, बहूणि लोइयाइं मयकिच्चाइं करेइ करित्ता कालेणं विगयसोए जाए)

આ રીતે તેમનાં મુખથી આ વાત સાંભળીને કનકરથ રાજાએ તે મરેલી કન્યાને શ્મશાનમાં પહોંચાડી અને ત્યારબાદ તેણે મરણ પછીની ઘણી ક્રિયાઓ પૂરી કરી. મરણ ક્રિયાઓને પતાવ્યા પછી રાજા કનકરથ ધીમે ધીમે શોક રહિત થઇ ગયા.

(तएणं से तेतलिपुत्ते कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव चारगसोहणं जाव ठिइवडियं,जम्हाणं अम्हं एस दारए कणगरहस्स रज्जे जाए तं होउणं दारए नामेणं कणगज्झाए जाव भोगसमत्थे जाए)

ત્યારબાદ તેતલી પુત્ર અમાત્યે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે–તમે લોકો સત્વરે ચારક શોધન કરો–એટલે કે જેલખાનામાંથી કેદીઓને છોડી મૂકો યાવત્ માનોન્માનનું વર્દ્ધન તેમજ પુત્ર જન્મોત્સવ બદલ રાજકર્મચારીઓના પગાર વગેરેની વૃદ્ધિ કરીને તેમના સન્માનનું વર્દ્ધન કરો આ રીતે કૌટુંબિક પુરુષોને આજ્ઞા આપીને તેતલિપુત્રે જાતે પોતાની કુલ મર્યાદા મુજબ પુત્ર જન્મ હોવા બદલ દશ દિવસ

સુધી ભારે ઉત્સવ ઉજવ્યો તેમજ ભોજન વગેરેથી મિત્ર જ્ઞાતિ વગેરે પ્રમુખ લોકોનો સત્કાર અને સન્માન કરીને તેણે તેઓની સમક્ષ આ પ્રમાણે કહ્યું કે આ અમારો પુત્ર રાજા કનકરથના રાજ્યમાં ઉત્પન્ન થયો છે એથી એ "કનકધ્વજ" નામે પ્રસિદ્ધ થાય. ત્યાર પછી તે કનકધ્વજ સમય પસાર થતાં ધીમે ધીમે મોટો થતાં યાવત ભોગ સમર્થ થઈ ગયો એટલે કે જુવાન થઈ ગયો. ॥ સૂ૦ ૫ ॥

तएणं सा पोट्टिला इत्यादि ॥

ટીકાર્થ-(तएणं) ત્યાર પછી (सा पोट्टिला) તે અમાત્યની પત્ની પોટ્ટિલી (अन्नया कयाइं) કોઈ વખતે ગમેતે કારણે (तेतलिपुत्तस्स अणिट्ठा ५ जाया यावि होत्था) તેતલિ પુત્રને માટે અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોમ થઈ પડી.

(णेच्छइ तेतलिपुत्ते पोट्टिलाए नाम गोत्तमवि सवणयाए किं पुणदरिसणं वा परिभोगं वा)

એથી તેતલિપુત્ર અમાત્યને તેનું નામ ગોત્ર સુદ્ધાં સાંભળવું પણ પસંદ પડતું ન હતું ત્યારે તેને જોવાની અને તેની પાસે જવાની તો વાત જ શી?

(तएणं तीसे पोट्टिलाए अन्नया कयाइं पुव्वावरत्तकालसमयंसि इमेयारूवे अज्झत्थिए जाव समुप्पजित्था)

જ્યારે અમાત્ય તેતલિપુત્રને પોટ્ટિલા એ પોતાના પ્રત્યે આટલી બધી ઉપેક્ષા અને અનાદરતા જોઈ ત્યારે કોઈ વખતે એક દિવસ રાત્રિના મધ્યભાગમાં તેના મનમાં આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે

(एवं खलु अहं तेतलिस्स पुव्विं इट्ठा ५ आसिं इयाणिं अणिट्ठा ५ जाया नेच्छइ य तेतलिपुत्ते मम नाम जाव झियायइ)

પહેલાં હું તેતલિપુત્ર અમાત્યને માટે ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોમ હતી. પણ હમણાં હું તેમના માટેઅનિષ્ટ યાવત અમનોમ થઈ પડી છું. તેતલિપુત્ર અમાત્ય જ્યારે મારું નામ ગોત્ર સુદ્ધાં સાંભળવું ઇચ્છતા નથી ત્યારે મારી સામે જોવાની અને મારી સાથે પરિભોગની તો વાત જ શી કરવી? આ રીતે તે પોટ્ટિલા અપહત મન સંકલ્પ થઇને યાવત આર્તધ્યાન કરતી બેઠી હતી.

(तएणं तेतलिपुत्ते पोट्टिटलं ओहयमणसंकप्पं जाव झियायमाणिं पासइ पासित्ता एवं वयावी माणं तुमे देवाणुप्पिया ओहयमणसंकप्पा जाव झियाहि, तुमं च णं ममं महाणसंसि विउलं असणपाणं खाइमं साइमं उवक्खडावेहिं, उवक्खडावित्ता बहूणं समणमाहण जाव वणीपगाणं देयमाणी य दवावेमाणी य विहराहि तएणं सा पोट्टिटला तेतलिपुत्तेणं एवं वुत्ता समाणा हट्ठतुट्ठा तेयतिपुत्तस्स एयमट्ठं पडिसुणेइ, पडिसुणित्ता कल्लाकालिं महाणसंसि विपुलं असण जाव दवावेमाणी विहरइ)

આટલામાં અપહતમન સંકલ્પ થઇને આર્તધ્યાન કરતી તે પોટ્ટિલાને અમાત્ય તેતલિપુત્રે જોઇ અને જોઇને તેને આ પ્રમાણે કહ્યું કે–હે દેવાનુપ્રિયે ! તમે અપહતમનસંકલ્પ થઇને આર્તધ્યાન કરો નહિ–તમે મારી ભોજન શાળામાં જઇને પુષ્કળ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આમ ચાર જાતના આહારો બનાવડાવો અને બનાવડાવીને તેને ઘણા શ્રમણ બ્રાહ્મણ યાવત્ યાચકોને પોતે આપો અને બીજાઓને હુકમ કરીને અપાવો. તેતલિ પુત્ર અમાત્યે જ્યારે આ પ્રમાણે પોટ્ટિલાને કહ્યું ત્યારે તે ખૂબજ પ્રસન્ન તેમજ સંતુષ્ટ થઇ ગઇ અને તેણે તેતલિપુત્રની આ વાત સ્વીકારી લીધી. અને તે દરરોજ ભોજન શાળામાં ચારે જાતના આહારો બનાવડાવીને શ્રમણ બ્રાહ્મણ વગેરે ને પોતે આહાર આપવાલાગી અને બીજાઓ દ્વારા અપાવવા લાગી સૂ૬

तेणं कालेणं तेणं समएण इत्यादि ॥

ટીકાર્થ—(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (सुव्वयाओ नामं अज्जाओ ईरिया समियाओ जाव गुत्तबंभयारिणीओ बहुस्सुयाओ बहुपरिवाराओ पुव्वाणुपुव्वि० जेणामेव तेतलिपुरे णयरे तेणेव उवागच्छइ)

સુવ્રતા નામની આર્યા તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતી તેતલિપુર નગરમાં આવી તે ઈર્યાસમિતિ વગેરે ૫ (પાંચ) સમિતિઓનું પાલનકરનારી હતી તેમજ ગુપ્ત બ્રહ્મચારિણી હતી. તે બહુશ્રુત તેમજ ઘણા પરિવારો થી વીંટળાયેલી હતી.

(उवागच्छित्ता अहापडिरूवं उग्गहं उग्गिण्हंति, उग्गिण्हित्ता संजमेणं तवसा

अप्पाणं भावेमाणीओ विहरंति तएणं तासिं सुव्वायाणं अज्जाणं एगेसंघाडए पढमाए पोरिसीए सज्झायं करेइ जाव अडमाणे तेतलिस्स गिहं अणुपविट्ठे) त्यां आवीने तेमणे यथाकल्प (साधुकल्प प्रमाणे) रहेवानी आज्ञा मांगी अने त्यारपछी ते १७ जातना संयम अने १२ जातना तप वडे पोतानी जातने वासित करतां ते त्यां रोकाइ. सुव्रता आर्यानो एक संघाटक हतो जे प्रथम पौरुषीमां स्वाध्याय करतो हतो, द्वितीय पौरुषीमां सूत्रार्थनुं चिंतन रूप ध्यान करतो अने तृतीय पौरुषीमां सुव्रता आर्यानी आज्ञा मेळवीने ऊंचा, नीचा अने मध्यम कुळोमां गोचरी माटे जता हता. आ प्रमाणे ते संघाटक तृतीय पौरुषीमां उपरोक्त ऊंचा वगेरे कुळोना घरोमां गोचरी माटे फरतां फरतां तेतलिपुत्र अमात्यने त्यां आव्यो. (तएणं सा पोट्टिला ताओ अज्जाओ एज्ज-माणीओ पासइ) पोट्टिलाए ज्यारे संघाटकस्थ आर्याओने पोताने घेर आवेली जोइ त्यारे ते (पासित्ता हट्ठ तुट्ठा आसणाओ अब्भुट्ठेइ) जोईने ते खूब ज प्रसन्न थई अने पोताना आसनथी ऊभी थइ.

(अब्भुट्ठित्ता वंदइ णमंसइ, वंदित्ता, णमंसित्ता विउलं असण जाव पडिलाभेइ पडिलाभित्ता एवं वयासी)

ऊभी थइने तेणे तेमने नमन कर्या. वंदन अने नमन करीने तेणे तेमने पुष्कळ प्रमाणमां अशन, पान वगेरे चार जातना आहारो आप्या अने आपीने ते आ प्रमाणे कहेवा लागी के—

(एवं खलु अहं अज्जाओ ! तेतलिपुत्तस्स पुव्वं इट्ठा ५ आसि, इयाणिं ५ दंसणं वा परिभोगं वा तं तुब्भेणं अज्जाओ सिक्खियाओ बहुनायाओ बहुपढि-याओ बहूणि गामागर जाव अहिंडइ, बहूणं राईसर जाव गिहाइं अणुपविसइ)

हे आर्याओ ! हुं पहेला तेतलिपुत्र अमात्यना माटे खूब ज इष्ट, कांत, प्रिय, मनोज्ञ अने मनोम हती पण हवे हुं तेमना माटे अनिष्ट, अकांत, अप्रिय, अमनोज्ञ अने अमनोम थई पडी छुं. तेओ मारां नाम गोत्र सुद्धां सांभळवा इच्छता नथी त्यारे मारी सामे परिभोग करवानी अने मने जोवानी

તો વાત જ ક્યાં રહી ? એથી હે આર્યાઓ તમે સૌ શિક્ષિતા છો, બહુજ્ઞાતા છો–એટલે કે ઘણા શાસ્ત્રોના જ્ઞાનથી નિપુણ છો, બહુપંડિતા છો–અનેક જાતની વિદ્યાઓમાં કુશળ છો, ઘણાં ગામ, આકર સ્થાનોમાં વિહાર કરતાં રહો છો, અને ઘણા રાજેશ્વર વગેરેના મહેલોમાં આવજા કરતાં રહો છો. (तं अत्थि-आइं मे अज्जाओ) તો હે આર્યાઓ ! (केइ कहिंचिचुन्नज्जोएवा) ક્યાંક ગમે તે ચૂર્ણ યોગ–દ્રવ્ય ચૂર્ણોનો સ્તંભન વગેરેનો યોગ,

(**मंतजोएवा कम्मणजोए वा हिय उड्डावणे वा, काउड्डावणे वा अभिओगिए वा वसीकरणे वा, कोउयकम्मे वा, भूइकम्मे वा मूले कंदे छल्ली बल्ली सिलिया, वा गुलिया वा, ओसहे वा, भेसज्जे वा उवलद्धपुव्वे वा जेणाहं तेतलिपुत्तस्स पुणरवि इट्ठा ५ भवेज्जामि**)

મંત્રયોગ–વશીકરણ વગેરે મંત્રોનો યોગ–કાર્મણયોગ, ઉચ્ચારણ વગેરે મંત્રોનો યોગ, હૃદયાહ્વાવન–ચિત્તાકર્ષક વસ્તુ વિશેષનો યોગ, આભિયોગિક–પરાભવ કરવાના યોગ, વશીકરણ–વશીકરણ યોગ, કૌતુકકર્મ–સૌભાગ્યવર્દ્ધક સ્નાન વગરેનો યોગ, ભૂતિકર્મ–મંત્ર વગેરેથી અભિમંત્રિત કરીને ભસ્મ (રાખોડી) નુ પ્રક્ષેપણ રૂપ યોગ તેમજ ઔષધીઓના મૂળ, કંદ, ત્વક (છાલ) તેમજ લતા, શિલિકા–તૃણ વિશેષ ગોળી, ઔષધ, ભૈષજ્ય વગેરે વસ્તુઓનો યોગ તમારા જોવામા ચોક્કસ આવ્યો જ હશે. એટલા માટે તમે કૃપા કરીને એમાંથી ગમે તે યોગ મને ચોક્કસ આપો કે જેના સેવનથી હું ફરી તેતલિપુત્રના ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોમ થઈ જાઉં.

(**तएणं ताओ अज्जाओ पोट्टिलाए एवंवुत्ताओ समाणीओ दो वि हत्थे कन्ने ठवेंति, ठावित्ता पोट्टिलं एवं वयासी अम्हेणं देवाणुप्पिया ! समणीओ निग्गंथीओ जाव गुत्तबंभयारिणीओ, नो खलु कप्पइ अम्हं एयप्पयारकन्नेहि वि निसामित्तए किमंग उवदिसित्तए वा, आयरित्तए वा ! अम्हं णं तव देवाणुप्पिया ! विचित्तं केवलिपन्नत्तं धम्मं पडिकहिज्जामो**)

આ પ્રમાણે પોટ્ટિલાની વાત સાંભળીને તે આર્યાઓએ પોતાના બન્ને કાનો ઉપર હાથ મૂકી દીધા અને મૂકીને એમ કહેવા લાગી હે દેવાનુપ્રિયે ! અમે તો નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ નવવાડ સહિત બ્રહ્મચર્યનું અમે પાલન કરીએ છીએ. હે પુત્રિ ! તમારી એવી વાતો અમારા માટે કાનથી સાંભળવી પણ યોગ્ય લેખાય નહિ ત્યારે તેના વિશે ઉપદેશની વાત તો સાવ અયોગ્ય જ છે. અમે આ વિશે તમને કોઇ પણ જાતનો ઉપદેશ પણ આપી શકીએ નહીં તો પછી જાતે આનું આચરણ કેવી રીતે કરી શકીએ ? એટલે કે આ બાબતનો ઉપદેશ આપવો તેમજ પોતે આનું આચરણ કરવું તે બધું અમારા કલ્પ

મુજબ અયોગ્ય ગણાય છે. હે દેવાનુપ્રિયે ! અમે તો તારા હિત માટે વિચિત્ર કેવળિપ્રજ્ઞપ્ત ધર્મનો ઉપદેશ આપીએ છીએ તેને તું સાંભળ.

(तएणं सा पोट्टिला ताओ अज्जाओ एवं वयासी इच्छामि णं अज्जाओ ! तुम्हं अंतिए केवलिपन्नत्ते धम्मं निसामेत्तए-तएणं ताओ अज्जाओ पोट्टिलाए विचित्तं धम्मं परिकहेंति)

तेमनी आ जातनी वात सांभळीने ते पोट्टिलाએ तेमने એम कह्युं के
હે આર્યાઓ ! તમારા મુખથી હું કેવળી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવા ઇચ્છું છું. પોટ્ટિલાની એવી વિનંતી સાંભળીને તે આર્યાઓએ તેને વિચિત્ર કેવળિ-પ્રજ્ઞપ્ત ધર્મનો ઉપદેશ આપ્યો. (तएणं सा पोट्टिला धम्मं सोच्चा निसम्म हट्ठ-तुट्ठा एवं वयासी) તેમના મુખથી કેવળી પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરીને તેને હૃદયમાં ધારણ કરીને ખૂબ જ હર્ષિત અને સંતુષ્ટ થતી તે પોટ્ટિલાએ તેમને એમ કહ્યું કે

(सद्दहामिणं अज्जाओ ! णिग्गंथं पावयणं जाव से जहियं तुब्भे वयह, इच्छामि णं अहं तुब्भं अंतिए पंचाणुव्वइयं जाव गिहिधम्मं पडिवज्जित्तए-अहासुहं. तएणं सा पोट्टिला तासिं अज्जाणं अंतिए पंचाणुव्वइयं जाव गिहिधम्मं पडिवज्जेइ ताओ अज्जाओ वंदइ, णमंसइ वंदित्ता णमंसित्ता पडिविसज्जेइ)

હે આર્યાઓ ! આ નિર્ગ્રંથ પ્રવચન ઉપર હું શ્રદ્ધા કરું છું. યાવત આ નિર્ગ્રંથ પ્રવચન જેવું તમે કહો છો તેવું જ છે. એથી હે આર્યાઓ ! હવે હું તમારી પાસેથી પાંચ અણુવ્રત વગેરેનો ગૃહસ્થ ધર્મ ધારણ કરવા ઇચ્છું છું. આ રીતે પોટ્ટિલાના વિચારો જાણીને તે આર્યાઓએ તેને કહ્યું કે 'यथासुखम्' એટલે કે હે દેવાનુપ્રિયે ! તને જેમાં સુખ પ્રાપ્ત થાય તેમ તું કર સારા કામમાં વિલંબ કરવો જોઇએ નહિ. આ પ્રમાણે તે આર્યાઓની આજ્ઞા મેળવીને તે પોટ્ટિલાએ તે આર્યાઓની પાસેથી શ્રાવક-ધર્મ-પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો-ને ધારણ કરી લીધો. આ રીતે શ્રમણોપાસિકા થઈ ગયેલી તે પોટ્ટિલાએ તે આર્યાઓને વંદન તેમજ નમન કર્યા અને વંદન તથા નમન કરીને તેમને વિદાય આપી (तएण सा पोट्टिला समणोवासिया जाया जाव पडिलाभेमाणी विहरइ) આ રીતે શ્રમણોપાસિકા થઇ ગયેલી તે પોટ્ટિલા

નિર્ગ્રંથ શ્રમણો અને નિર્ગ્રંથ શ્રમણીઓને દાન-ચારે જાતના આહારો-આપતી પોતાનો વખત પસાર કરવા લાગી. ॥ સૂત્ર "૭" ॥

'तएण –तीसे पोट्टिलाए' इत्यादि ॥

ટીકાર્થ-(तएणं) ત્યાર પછી (तीसे पोट्टिलाए) તે પોટ્ટિલાને-કે જ્યારે તે (अन्नया कयाइं) કોઇ એક દિવસે (पुव्वावरत्तकालसमयंसि) રાત્રિના આધ્યાત્મિક યાવત મનોગત સંકલ્પ ઉદ્ભવ્યો કે

(एवं खलु अहं तेयलिपुत्तस्स पुव्विं इट्ठा ५ आसि इयाणिं अणिट्ठा ५ जाव परिभोगं वा तं सेयं खलु मम सुव्वयाणं अज्जाणं अंतिए पव्वइत्तए)

પહેલાં હું તેતલિપુત્રને ખૂબજ ઇષ્ટકાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોમ હતી પણ હવે હું તેમના માટે તેવી રહી નથી અનીષ્ટ વગેરે થઇ પડી છું. મારી સાથે વાતચીતની વાત તો દૂર રહી પણ તેઓ મારૂં મોં પણ જોવા માગતા નથી.ખરેખર પુરુષોની મનોવૃત્તિ કેટલી બધી ચંચળ હોય છે? જેને પહેલાં જે હું ઇષ્ટ, કાત, પ્રિય, વગેરેના રૂપમા હતી, હવે તેને તેજ હું અનિષ્ટ અપ્રિય વગેરે થઈ પડી છું આ તેતલિપુત્ર મારા નામગોત્ર સુદ્ધાં સાંભળવા માગતા નથી ત્યારે મને જોવાની અને મારી સાથે રહેવાની તો તેમને પાછલા પહોરમાં (कुडुंबजागरियं जागरमाणीए अयमेयारूवे अज्झत्थिए जाव समुपन्ने) ઘર-ગૃહસ્થીના વિચારકરતી જાગી રહી હતી ત્યારે-આ જાતનો

દરકાર જ શી હોય? એથી મને હવે એજ યોગ્ય લાગે છે કે હું સુવ્રતા આર્યિકાઓની પાસે પ્રવ્રજિત થઇ જાઉ.

(एवं संपेहेइ, संपेहित्ता कल्लं जाव पाउप्पभायाए जेणेव तेयलिपुत्ते तेणेव उवागच्छइ)

આ રીતે જ્યારે તેણે ચોક્કસ વિચાર કરી લીધો ત્યારે તે સવારે સૂર્યોદય થતાં જ્યાં તેતલિપુત્ર અમાત્ય હતો. ત્યાં પહોંચી

(उवागच्छित्ता करयल० एवं वयासी–एवं खलु देवाणुप्पिया! मए सुव्वयाणं अज्जाणं अंतिए धम्मे णिसंते जाव अब्भणुन्नाया पव्वइत्तए, तएणं तेयलिपुत्ते पोट्टिलं एवं वयासी–एवं खलु तुमं देवाणुप्पिए! मुंडा पव्वइया समाणीकालमासे कालं किच्चा अन्नतरेसु देवलोएसु देवत्ताए उववज्जिहिसि तं जइणं तुमं देवाणुप्पिए! ममं ताओ देवलोयाओ आगम्म, केवलिपन्नत्ते धम्मे बोहेहि तो हं विसज्जेमि)

ત્યાં જઈને તેણે તેમને બંને હાથ જોડીને નમસ્કાર કર્યા અને ત્યારપછી તે આ પ્રમાણે કહેવા લાગી કે હે દેવાનુપ્રિય! મેં સુવતા આર્યાની પાસેથી

ધર્મનો ઉપદેશ સાંભળ્યો છે અને તે મને ગમી ગયો છે, એટલા માટે હું તમારી આજ્ઞા મેળવીને દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છું છું. પોટ્ટિલાની આ જાતની વાત સાંભળીને તેતલિપુત્રે તેને કહ્યું કે હે દેવાનુપ્રિયે ! તમે દીક્ષિત થઇને જ્યારે કાળના સમયે કાળ કરશો અને અન્યતર દેવલોકમાં દેવતાના પર્યાયથી જન્મ પામશો ત્યારે જો તમે હે દેવાનુપ્રિયે ! ત્યાંથી આવીને મને કેવળિ પ્રજ્ઞપ્ત ધર્મ સમજાવો તો હું તમને અત્યારે ખુશીથી પ્રવજીત થવાની આજ્ઞા આપી શકું તેમ છું.

(अहं णं तुमं ममं णं संबोहेसि तो ते ण विसज्जेमि तएणं सा पोट्टिला तेयलि-पुत्तस्स एयमट्ठं पडिसुणेइ, ततः खलु तेतलिपुत्ते विपुलं असणं ४ उवक्खडावेइ, उवक्खडावित्ता, मित्तणाइ जाव आमंतेइ, आमंतित्ता, मित्तणाइ सम्माणित्ता पोट्टिलं ण्हायं जाव पुरिससहस्सवाहिणिं सीयं दुरूहइ दुरूहित्ता मित्तणाइ जाव संपडिवुडे सव्विड्ढीए जाव रवेणं तेयलिपुरस्स मज्झं मज्झेणं जेणेव सुव्वयाणं उवस्सए तेणेव उवागच्छइ)

જો તમે મને સંબોધશો નહિ એટલે કે જો તમે મને કેવળિ પ્રજ્ઞપ્ત ધર્મને સમજાવવાની પ્રતિજ્ઞા કરશો નહિ તો તમને હું કોઇપણ સંજોગોમાં પણ દીક્ષા સ્વીકારવાની આજ્ઞા આપીશ નહિ. આ રીતે કહેવાથી પોટ્ટિલાએ તેતલિપુત્રના કથનને સ્વીકારી લીધું એટલે કે પોટ્ટિલાએ તેમને આ પ્રમાણે પ્રતિજ્ઞાબદ્ધ થઇને કહ્યું કે હું દેવલોકમાં જઇશ અને ત્યાંથી આવીને તમને ધર્મનો બોધ આપીશ. આમ જ્યારે પોટ્ટિલાએ સ્વીકારી લીધું ત્યારપછી તેતલિપુત્રે પુષ્કળ પ્રમાણમાં અશન વગેરેના રૂપમાં ચાર જાતના આહારો બનાવડાવ્યા અને ત્યારબાદ તેણે પોતાના મિત્ર, જ્ઞાતિ, વગેરે સ્વજનોને આમંત્રણ આપ્યું. મિત્ર, જ્ઞાતિ, સ્વજન સંબંધી પરિજનોને આમંત્રણ આપીને યાવત્ અશન-પાન વગેરે ચાર જાતના આહારોથી તેમનું સન્માન કરીને તેણે પોટ્ટિલાને સ્નાન કરાવડાવ્યું અને યાવત તેને પુરુષ સહસ્રવાહિની પાલખીમાં બેસાડી.

પાલખીમાં બેસાડીને મિત્ર, જ્ઞાતિ, સ્વજન સંબંધી પરિજનોને સાથે લઇને તે પોતાની સમસ્ત વિભૂતિ મુજબ ગાજાવાજાની સાથે તેતલિપુર નગરની વચ્ચોવચ્ચ થઇને જ્યાં તે સુવ્રતા આર્યિકાનો ઉપાશ્રય હતો ત્યાં પહોંચ્યો.

(पोट्टिला सीयाओ पच्चोरूहइ, तेतलिपुत्ते पोट्टिलं पुरओ कट्टु जेणेव सुव्वया अज्जाओ तेणेव उवागच्छइ, उवागच्छित्ता, वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी एवं खलु देवाणुप्पिया ! मम पोट्टिला भारिया इट्ठा ५ एसणं संसारभउव्विग्गा जाव पव्वइत्तए पडिच्छंतु णं देवाणुप्पिया ! सिस्सिणीभिक्खं अहासुहं मा पडिबंधं करेहि)

પોટ્ટિલા પાલખીમાંથી નીચે ઉતરી પડી, તેતલિપુત્ર અમાત્ય પોટ્ટિલાને આગળ રાખીને જ્યાં સુવ્રતા આર્યિકા હતી ત્યાં ગયો. ત્યાં જઈને તેણે તેમને વંદના તેમજ નમસ્કાર કર્યાં, વંદના અને નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! આ પોટ્ટિલા નામે મારી પત્ની છે. મને એ ઇષ્ટ કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોમ છે. એણે તમારી પાસેથી ધર્મનું શ્રવણ કર્યું છે તેના પ્રભાવથી એ સંસારભયથી વ્યાકુળ થઇને જન્મ-મરણથી ભીત અને ત્રસ્ત થઇને તમારી પાસેથી દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છે છે. એટલા માટે હે દેવાનુપ્રિયે ! મારા વડે અપાતી આ શિષ્યા રૂપી ભિક્ષાનો સ્વીકાર કરો. ત્યારે જવાબમાં સુવ્રતા આર્યિકાએ તેને કહ્યું કે ' यथासुखं मा प्रतिबंधं कुरुष्व '

(तएणं सा पोट्टिला सुव्वयाहिं अज्जाहिं एवं वुत्ता समाणा हट्ठतुट्ठा उत्तर-पुरत्थिमं दिसी भागं अवक्कमइ, अवक्कमित्ता सयमेव आभरण-मल्लालंकारं ओमुयइ, ओमुइत्ता सयमेव, पंचमुट्ठियं लोयं करेइ, करित्ता जेणेव सुव्वयाओ तेणेव उवागच्छइ, उवागच्छित्ता वंदइ नमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी-आलित्तेणं भंते ! लोए एवं जहा देवाणंदा जाव एक्कारसअंगाइं अहिज्जइ, बहूणि

वासाणि सामन्नपरियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झोसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता आलोइयपडिक्कंता समाहिपत्ता, कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोएसु देवत्ताए उववण्णा)

આ રીતે સુવ્રતા આર્યિકા વડે આજ્ઞા અપાયેલી પોટ્ટિલા ખૂબ જ હૃષ્ટ-તુષ્ટ થઈ ગઈ ત્યારપછી તે ઇશાન કોણ તરફ ગઈ અને ત્યાં જઈને તેણે પોતાના હાથથી જ શરીર ઉપરના આભરણો, માળાઓ અને અલંકારો ને ઉતાર્યાં અને ઉતારીને પોતાની મેળે જ પાંચ મુઠી કેશોનું લુંચન કર્યું. લુંચન કર્યા પછી તે જ્યાં સુવ્રતા આર્યા હતી ત્યાં આવતી રહી. ત્યાં આવીને તેણે તેમને વંદન અને નમસ્કાર કર્યાં, વંદના અને નમસ્કાર કરીને તે આ પ્રમાણે વિનંતી કરવા લાગી કે હે ભદન્ત ! આ સંસાર જરા (ઘડપણ) મરણ વગેરે દુઃખોથી સળગી રહ્યો છે. આ રીતે પોટ્ટિલા દેવાનંદાની જેમ સુવ્રતા આર્યાની પાસે દીક્ષિત થઈ ગઇ અને અનુક્રમે તેણે અગિયાર અંગોનું અધ્યયન પણ કરી લીધું. તેણે ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું છેવટે પ્રીતિપૂર્વક એક માસની સંલેખના ધારણ કરીને અનશન વડે સાઠ ભક્તોનું છેદન કર્યું છેદન કરીને આલોચિત પ્રતિક્રાંત બનેલી તે સમાધિ પ્રાપ્ત થઈ ગઈ અને કાળ અવસરે કાળ કરીને અન્યતર દેવલોકમાં દેવતાના પર્યાયથી જન્મ પામી. સૂ. '૮'

' तएणं से कणगरहे राया ' इत्यादि

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से कणगरहे राया अन्नया कयाइं) તે કનકરથ રાજા કોઈ દિવસે કાલકવલિત થઇ ગયો એટલે કે મૃત્યુ પામ્યો.

(तएणं राईसर जाव णीहरणं करेंति, कारित्ता अन्नमन्नं एवं वयासी-एवं खलु देवाणुप्पिए ! कणगरहे राया रज्जे य जाव पुत्ते वियंगित्था)

રાજેશ્વર, તલવર, માંડબિક કૌટુંબિક, સાર્થવાહ વગેરે લોકોએ મળીને તેનો અગ્નિ-સંસ્કાર કર્યો. અગ્નિ-સંસ્કાર આદિ મૃત્યુ વિધિ પતાવીને તે લોકોએ પરસ્પર મળીને આ પ્રમાણે વિચાર કર્યો કે હે દેવાનુપ્રિયો ! જુઓ, રાજા કનકરથે તો રાજ્ય વગેરેની બાબતમાં લોલુપ તેમજ મોહિત થઈને ઉત્પન્ન થયેલા પોતાના બધા પુત્રોના અંગો કાપીને મારી નાખ્યા છે.

(अम्हेणं देवाणुप्पिया ! राया हीणा रायाहिट्ठिया रायाहीणकज्जा, अयं च णं तेतलीअमच्चे कणगरहस्स रण्णो सव्वट्ठाणेसु सव्वभूमियासु लद्धपच्चए, दिन्नविचारे सव्वकज्जवड्ढावए यावि होत्था)

હવે અત્યારે કોઈ રાજા છે જ નહિ તો અમારી શી દશા થશે ? હે દેવાનુપ્રિયો ! અમે તો રાજાના વશવર્તી છીએ, રાજાને અધીન રહેવામાં જ ટેવાઈ ગયેલા છીએ. અમારા બધા કામો રજાધીન જ હોય છે એથી ચાલો આપણે સૌ મળીને અમાત્ય તેતલિપુત્રની પાસે જઈએ, કેમકે તેઓ જ રાજા કનકરથના સંધિવિગ્રહ વગેરે બધા કામોમાં અને સ્વામી, અમાત્ય, રાષ્ટ્ર, દુર્ગ, કોશબળ, સુહૃત અને પૌર શ્રેણિરૂપ આઠ ભૂમિઓમાં તે વિશ્વસનીય છે. લોકોના હિત માટે તેતલિપુત્ર અમાત્ય જ સલાહ આપતા રહેતા હતા તેમજ રાજ્યના બધા કામોને પાર પાડનારા પણ તેઓ જ છે.

(तंसेयं खलु अम्हं तेतलिपुत्तं अमच्चं कुमारं जाइत्तए त्ति कट्टु अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता जेणेव तेतलिपुत्ते अमच्चे तेणेव उवागच्छंति, उवागच्छित्ता तेतलिपुत्तं अमच्चं एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! कणगरहे

राया रज्जे य रट्ठे य जाव वियंगेइ, अम्हे य णं देवाणुप्पिया ! कणगरहस्स रण्णो सव्वट्ठाणेसु जाव रज्जधुराचिंतए-तं जइणं देवाणुप्पिया ! अत्थि केइ कुमारे रायलक्खणसंपन्ने अभिसेयारिहे, तण्णं तुमं अम्हं दलाहि)

એથી અમને એ ઉચિત લાગે છે. કે અમે તેતલિપુત્ર અમાત્યની પાસે જઇને રાજકુમારની યાચના કરીએ. કારણ કે તેતલિપુત્ર અમાત્ય રાજાના બધા કામોને સારી રીતે પાર પાડનારા છે, એટલા માટે તેમની પાસે જઇને રાજા થવા યોગ્ય રાજ-લક્ષણ યુક્ત કોઈ કુમાર મળી શકે તેમ છે કે કેમ ? તે વિશે ચર્ચા કરીએ. આ જાતની વિચારણાં કરતાં કરતાં અમે બધા તેમને એવી વિનંતી પણ કરીશું કે તમે પોતાના પુત્રને જ રાજગાદીએ બેસાડી દો. આમ તે લોકોએ મળીને વિચાર કર્યો. આમ વિચાર પાકો થઈ ગયો ત્યારે સૌએ એકમત થઇને તેને સ્વીકારી લીધો. સ્વીકાર કરીને તેઓ બધા ત્યાંથી જ્યાં અમાત્ય તેતલિપુત્ર હતો ત્યાં ગયા, ત્યાં જઇને તેમણે તેતલિપુત્રને કહ્યું કે હે દેવાનુપ્રિય ! કનકરથ રાજાએ રાજ્ય અને રાષ્ટ્ર વગેરેમાં સવિશેષ મૂર્છિત એટલે કે મોહવશ થઇને જન્મ પામેલા પોતાના બધા જ પુત્રોના અંગો કાપીને તેઓને મારી નાખ્યા છે. હવે અત્યારે રાજપદ માટે કોઈ રહ્યું નથી. હે દેવાનુપ્રિય ! અમે લોકો તો રાજાધીન રહીને જ રહેતા આવ્યા છીએ અને હે દેવાનુપ્રિય ! તમે રાજા કનકરથના સંધિવિગ્રહ વગેરે બધા કામોમાં એટલે કે સ્વામી અમાત્ય, વિગ્રહ વિગેરે તમામ કામોમાં હંમેશા વિશ્વાસપાત્ર રહ્યા છો, લોકહિતની બાબતમાં તમે રાજાને સલાહ આપતા રહ્યા છો, અને તમેજ રાજ્યના બધા કામોને પાર પાડતા આવ્યા છો. એથી અમે તમને એવી વિનંતિ કરીયે છીએ કે હે દેવાનુપ્રિય ! રાજ-લક્ષણોવાળો અને અભિષિકત થઇને રાજગાદીએ બેસવા યોગ્ય કોઈ કુમાર હોય તો તેને તમે અમને સોંપો.

(जे णं अम्हे महया २ रायाभिसेएणं अभिसिंचामो । तएणं तेतलिपुत्ते तेसिं ईसर एयमट्ठं पडिसुणेइ, पडिसुणेत्ता कणगज्झयं कुमारं ण्हायं जाव सस्सिरीयं करेइ, करित्ता तेसिं ईसर जाव उवणेइ, उवणित्ता एवं वयासी)

કે જેથી અમે તેનો રાજ્યાસને અભિષેક કરી શકીએ. આ રીતે અમાત્ય તેતલિપુત્રે તે ઈશ્વર, તલવર, માંડબિક, સાર્થવાહ વગેરેના કથનને સ્વીકાર્યું અને સ્વીકારીને તેણે કનકધ્વજ કુમારને સ્નાન કરાવ્યું અને ત્યારપછી બધા અલંકારોથી તેને શણગાર્યો. ત્યારબાદ અમાત્ય તેતલિપુત્રે સુસજ્જ થયેલા કુમારને ઇશ્વર, તલવર વગેરેની સામે લાવ્યો અને તેઓને કહ્યું કે—

(एसणं देवाणुप्पिया ! कणगरहस्स रण्णो पुत्ते पउमावईए अत्तए कणगज्झए णामं कुमारे अभिसेयारिहे रायलक्खणसंपन्ने मए कणगरहस्स रण्णो रहस्सियं संवड्ढिए एयं णं तुब्भे महया महया रायाभिसेएणं अभिसिंचह)

હે દેવાનુપ્રિયો ! આ કનકરથ રાજાનો પુત્ર છે અને પદ્માવતી દેવીના ગર્ભથી આનો જન્મ થયો છે. કનધ્વજ કુમાર આનું નામ છે. આ કુમાર રાજ્યાસને બેસાડવા યોગ્ય તેમજ રાજલક્ષણોથી યુક્ત છે. રાજા કનકરથને આ બાબતની જાણ નથી, મેં આનું પાલન તેમજ રક્ષણ છુપી રીતે કર્યું છે. તમે ભારે મહોત્સવની સાથે આ કુમારને રાજગાદીએ બેસાડો.

टी(सव्वं च से उट्ठाणपरियावणियं परिकहेइ, तएणं ते ईसर० कणगज्झयं कुमारं महया २ रायाभिसेएणं अभिसिंचंति । तएणं से कणगज्झए कुमारे राया जाए, महया हिमवंता मलय० वण्णओ जाव रज्जं पसासेमाणे विहरइ, तएणं सा पउमावई देवी कणगज्झयं रायं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी)

આ પ્રમાણે કહીને તેતલિપુત્ર અમાત્યે તે કનકધ્વજ કુમારનું ઉત્થાન-જન્મ અને પરિયાપનિકા એટલે કે જન્મથી માંડીને અત્યાર સુધીની પોષણ સંવર્દ્ધન વગેરેની જીવન ચરિત્ર સંબંધી બધી વિગત અથથી ઇતિ સુધી કહી સંભળાવી. ત્યારબાદ તે ઈશ્વર, તલવર, માંડબિક અને કૌટુંબિક વગેરે લોકોએ કનકધ્વજ કુમારનો બહુ જ મોટા પાયા ઉપર ઉત્સવ ઉજવીને રાજ્યાભિષેક કર્યો. અભિષિકત થવા બાદ કનકધ્વજ રાજા થઈ ગયા હતા. તેમનું બળ લોક મર્યાદાને રક્ષનાર હોવા બદલ મહાહિમવંત જેવું હતું. તેમના યશ અને કીર્તિ ચોમેર પ્રસરેલા હતા તેથી તે મહામલય જેવા હતા તેમજ તેઓ દૃઢ પ્રતિ-

જ્ઞાવાળા અને કર્તવ્યને બતાવનાર હોવા બદલ મન્દર મહેન્દ્ર–મેરુ જેવા હતા. રાજા કનકધ્વજ વિશે સવિશેષ વર્ણન બીજા શાસ્ત્રોમાં વર્ણવ્યું છે, જીજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું જોઈએ આ પ્રમાણે તે કનકધ્વજ કુમાર પોતાના રાજ્યના વહીવટને સંભાળવા માટે સાવધ થઇ ગયા. ત્યારપછી રાજમાતા પદ્માવતીદેવીએ કનકધ્વજ રાજાને પોતાની પાસે બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે

(तएणं पुत्ता ! तव रज्जे य जाव अंतेउरेय० तुमं च तेतलिपुत्तस्स अमच्चस्स पहावेणं, तं तुमं णं तेतलिपुत्तं अमच्चं आढाहि, परिजाणाहि, सक्कारेहि, सम्माणेहि इंतं अब्भुट्ठेहि ठियं पज्जुवासाहि वयं तं पडिसंसाहेहि, अद्धासणेणं उवणिमंतेहि भोगं च से अणुवड्ढेहि । तएणं से कणगज्झए राया पउमावईए देवीए तहत्ति पडिसुणेइ, जाव भोगं च से अणुवड्ढेइ)

હે પુત્ર ? આ તમારૂં રાજ્ય રણવાસ તેમજ તમે પોતે આ બધું જે કંઇ છે, તે સર્વે તેતલિપુત્ર અમાત્યના પ્રભાવથી જ છે. એથી તમે તેતલિપુત્ર અમાત્યનો સદા આદર કરતા રહો, દરેક કામ તેમની આજ્ઞાથી કરતા રહો, વસ્ત્રો વગેરે આપીને યથા સમય તેમનો સત્કાર કરતા રહો, તેમનું સન્માન કરતા રહો અને અમાત્ય તેતલિપુત્ર તમને આવતા દેખાય ત્યારે તમે ઉભાથઈને તેમના પ્રતિ વિનય યુક્ત થઇને વ્યવહાર કરો જ્યારે તેઓ જવા તૈયાર થાય ત્યારે તમે બેસીને તેમની સેવા કરતા રહો. અને જ્યારે તેઓ ચાલવા માંડે ત્યારે તમે તેમની પાછળ પાછળ થોડે દૂર સુધી પોતાના મહેલ માંજ વિદાય આપવા માટે તેમનું અનુસરણ કરેતાં જાઓ. તમે તેમને પોતાના આસનના અર્ધાભાગ ઉપર બેસાડો અને તેમની બધી સુખસગવડની સામગ્રી માં વધારો કરી આપો. આ રીતે રાજમાતા પદ્માવતી દેવીની આજ્ઞાને કનક ધ્વજ રાજાએ ‘ તથાસ્તુ ’ કહીને સ્વીકારી લીધી, સ્વીકાર્યા પછી તેઓએ તે

પ્રમાણેજ બધું કરતાં તેતલિપુત્ર અમાત્યની સુખસગવડ વગેરેની સામગ્રીમાં વધારો કરી આપ્યો. ॥ સૂ૦ ૯ ॥

तएणं से पोट्टिले इत्यादि ॥

ટીકાર્થ-(तएणं) ત્યાર પછી (से पोट्टिले देवे) તે પોટ્ટિલાનો જીવ દેવ (तेतलिपुत्तं अभिक्खणं २ केवलिपन्नत्ते धम्मे संबोहेइ नो चेव णं से तेतलिपुत्ते संबुज्झइ)

તેતલિપુત્ર અમાત્યને વારંવાર કેવળિ પ્રજ્ઞપ્તધર્મમાં પ્રતિબોધિત કરવા લાગ્યો પણ તેતલિપુત્રને પ્રતિબોધ પ્રાપ્ત થયો નહિ.

(तएणं तस्स पोट्टिलदेवस्स इमेयारूवे अज्झत्थिए ५-एवं खलु कणगज्झए राया तेतलिपुत्तं आढाइ, जाव भोगं च संवड्ढेइ, तएणं से तेतलिपुत्ते अभिक्खणं संबोहिज्जमाणे वि धम्मे नो संबुज्झइ, तं सेयं खलु मम कणगज्झयं रायं तेतलिपुत्ताओ विप्परिणामेत्तए त्ति कट्टु एवं संपेहेइ)

ત્યારે તે દેવરૂપ પોટ્ટિલાના જીવ દેવને એવો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉદ્ભવ્યો કે રાજા કનકધ્વજ અમાત્ય તેતલિપુત્રનો આદર કરે છે યાવત્ તેઓએ તેમની બધી જાતની સુખસગવડની સામગ્રીમાં વધારો પણ કરી આપ્યો છે, એથી મારાવડે વારંવાર પ્રતિબોધિત કરવા છતાંએ તેઓ ધર્મમાં પ્રતિબુદ્ધ થઈ જતા નથી એટલે કે તેમને વારંવાર પ્રેરણા આપવા છતાં પ્રતિબોધ થયો નથી. એટલા માટે હું હવે એ પ્રમાણે કંઈક કરું કે જેથી રાજા કનકધ્વજના માનસિક વિચારો અમાત્ય તેતલિપુત્રને માટે પ્રતિકૂળ થઈ જાય તે દેવે મનમાં આ જાતનો વિચાર કર્યો.

(संपेहित्ता कणगज्झयं तेतलिपुत्ताओ विप्परिणामेइ तएणं तेतलिपुत्ते कल्लं ण्हाए जाव पायच्छित्ते आसखंधवरगए, बहूहिं पुरिसेहिं संपरिवुडे, साओ गिहाओ,

णिग्गच्छिइ णिग्गच्छित्ता जेणेव कणगज्झए राया तेणेव पहारेत्थ गमणाए, तएणं० तेतलिपुत्तं अमच्चं जे जहा बहवे राईसर तलवर जाव पभियाओ पासंति ते तहेव आढायंति पमियाणंति, अब्भुट्ठेंति)

આ જાતનો વિચાર ઉત્પન્ન થતાંજ તે દેવે અમાત્ય તેતલિપુત્ર ને માટે રાજા કનકધ્વજને પ્રતિકૂળ બનાવીદીધો બીજા દિવસે સવાર થતાં સ્નાન, બલિ-કર્મ, (કાગડા વગેરે પક્ષીઓ માટે અન્નભાગ અર્પવું) કૌતુક, મંગળ, પ્રાય-શ્ચિત્ત-એટલે કે દુઃસ્વપ્ન વગેરેની દોષોના ઉપશમન માટે મષી પુણ્ડ વગેરે તેમજ મંગળ કારક દુર્વા અક્ષત (ચોખા) વગેરેથી પ્રાયશ્ચિત્ત ની આવશ્યક વિધિઓ પતાવીને ઘણા પુરુષોથી વીંટળાઈને અમાત્ય તેતલિપુત્ર ઘોડા ઉપર સવાર થઇને જ્યાં કનકધ્વજ રાજા હતા ત્યાં ગયો. અમાત્ય તેતલિપુત્રને આ-વતાં જોતાની સાથે જ રાજેશ્વર વગેરે લોકોએ પહેલાંની જેમ જ તેમને આદર કર્યો, તેમના આગમનની સરાહના કરી અને બધાએ ઉભાથઇને તેમનેવધાવી લીધા

(अढाइत्ता, परिजाणित्ता अब्भुट्ठित्ता अंजलि परिग्गहं करेंति इट्ठाहिं, कंताहिं जाव वग्गूहिं आलवेमाणा य संलवेमाणा य पुरओ य, पिट्ठओ य, पासओ य, मग्गओ य, समणुगच्छंति तएणं से तेतलिपुत्ते जेणेव कणगज्झए राया तेणेव उवागच्छइ, तएणं से कणगज्झए राया तेतलिपुत्तं एज्जमाणं पासइ, पासित्ता नो आढाइ, नो परियाणाइ, नो अब्भुट्ठेइ, अणाढयमाणे अपरियाणमाणे अणब्भु ट्ठायमाणे परम्मुहे संचिट्ठइ)

તેમને આદર આપીને, શુભાગમનને અનુમોદિત કરીને તેઓ બધા ઉભા થયા અને ત્યાર પછી બંને હાથોની અંજળિ બનાવીને તેમને નમસ્કાર કર્યા. ત્યાર બાદ ઇષ્ટ, કાંત, યાવત્ પ્રિય, મનોજ્ઞ અને મનોમ વાતોથી આલાપ-સંભાષણ, સંલાપ-પરસ્પર સંભાષણ કરતાં તેઓ સર્વે આગળ, પાછળ અને તેમની બંને બાજુએ થઈને જે માર્ગથી તેઓ આવતા હતા તે માર્ગથી જ તેની સાથે સાથે ચાલવા લાગ્યા તેતલિપુત્ર અમાત્ય ચાલતાં ચાલતાં જ્યાં રાજા કનકધ્વજ બેઠા હતા ત્યાં આવ્યા પણ કનકધ્વજ રાજાએ તો તેમને જોયા છતાં પણતેમનો

આદર ન કર્યો, તેમના આવવાની સરાહના ન કરી અને ઉભા થઇને તેમને સત્કાર્યા પણ નહિ આ રીતે અનાદર, અનનુમોદન અનભ્યુત્થાન કરતા તે રાજા તેમના તરફ થી મોં ફેરવીને બેસી ગયા. (तएणं तेतलिपुत्ते कणगज्झयस्स अंजलिं करेइ) તેતલિપુત્રે આવતાંની સાથે જ રાજા કનકધ્વજને નમસ્કાર કર્યા.

(तएणं से कणगज्झए राया अणाढायमाणे तुसिणीए परम्मुहे संचिट्ठइ) છતાંએ રાજા કનકધ્વજે તેમના નમસ્કારને। પણ ઉચિત સત્કાર કર્યો નહિ ફક્ત તેઓ ચુપચાપ મોંફેરવીને બેસી જ રહ્યા.

(तएणं तेतलिपुत्ते कणगज्झयं विप्परिणयं जाणित्ता भीए जाव संजायभए एवं वयासी)

ત્યારે તેતલિપુત્ર અમાત્યે રાજા કનકધ્વજને પ્રતિકૂળલથઈ ગયેલા (નારાજ થયેલા) જાણીને ભયભીત યાવત્ સંજાતભય વાળા થતાં મનમાં વિચાર કર્યો કે (रुट्ठेण ममं कणगज्झए राया) કનકધ્વજ રાજા મારા ઉપર નારાજ થઈ ગયા છે. (हीणेणं ममं कणगज्झए राया) કનકધ્વજ રાજાને। હવે મારા ઉપર પ્રેમ રહ્યો નથી. (अवज्झाए णं ममं कणगज्झए राया) કનકધ્વજ રાજા મારા પ્રત્યે સદ્ભવના રહિત થઈ ગયા છે.

(तं ण नज्जइ णं ममं केणइ कुमारेणं मारेहिइ त्ति कट्टु भीए तत्थे जाव सणिय २ पच्चोसक्कइ)

તો કોણ જાણે કયારે તેઓ મને કમોતે મરાવી નંખાવે આરીતે વિચાર કરીને તે ભયભીત થઈ ગયો, તે ત્રસ્ત યાવત સંજાત ભયવાળો થઈ ગયો અને ધીમેધીમે ત્યાંથી પાછો ફરીને આવતો રહ્યો.

(पच्चोसक्कित्ता तमेव आसखंधं दुरूहेइ, दुरूहित्ता तेतलिपुरं मज्झं मज्झेणं जेणेव सए गिहे तेणेव पहारेत्थ गमणाए)

ત્યાંથી આવીને તે પોતાના ઘોડા ઉપર સવાર થઇને તેતલિપુરની વચ્ચે થઈને પોતાના ઘર તરફ રવાના થયો.

तएणं तेतलिपुत्तं जे जहा ईसर जाव पासंति ते तहा नो आढायंति, नो

परियाणंति, नो अब्भुट्ठेंति)

માર્ગમાં જતાં તેતલિપુત્રને ઇશ્વર તલવર માડંબિક વગેરે લોકોએ જોયો પણ કોઇએ પહેલાંની જેમ તેનો આદર ન કર્યો, તેના આગમનની અનુમોદના ન કરી અને તેને જોઇને તેઓ ઊભા ન થયા.

(नो अंजलि परिग्गहं करेंति, इट्ठाहिं जाव णो संलवंति नो पुरओ य पिट्ठओ य पासओ य मग्गओ य समणुग०)

અને તેઓએ હાથ જોડીને તેને નમસ્કાર પણ ન કર્યા. ઇષ્ટ, પ્રિય, વચનોથી તેઓએ તેની સાથે આલાપ ન કર્યો, સંલાપ ન કર્યો અને બંને બાજુએ થઇને તેઓ માર્ગમાં તેની સાથે સાથે ચાલ્યા પણ નહિ. (तएणं तेतलिपुत्ते जेणेव सएगिहे तेणेव उवागच्छइ) આ પ્રમાણે ચાલતો ચાલતો તેતલિપુત્ર અમાત્ય પોતાને ઘેર આવી ગયો.

(उवागच्छित्ता जावि से तत्थ बाहिरिया परिसा भवइ, तं जहा दासेइ वा पासेइ वा भाइल्लएइ वा, सा वि य णं नो आढाइ नो परियाणाइ, न अब्भुट्ठइ) ત્યાં પણ જે દાસો–ઘરમાં કામ કરનારા નોકરો, પ્રૈષ્યો–ઘરના કામ માટે જેઓને બહાર મોકલવામાં આવે છે તે ભૃત્યો, તથા ભાઇલ્લ–હાળીકો એટલે કે ખેડવા માટે નિયુક્ત કરાયેલા ભૃત્યો અથવા તો ભાગીદારો–કે જે પોતાના ખર્ચે જ બીજાના ખેતરોમાં અનાજ વાવે છે અને વળતરમાં ખેતરના માલિક પાસેથી અર્ધોભાગ મેળવે છે–એવા જે બાહ્ય પરિષત સંબંધી લોકો હતા તેઓ એ પણ તેનો આદર કર્યો નહિ, તેના આગમનને અનુમોદન આપ્યું નહિ અને ન તેના આવવા બદ્દલ પોતાના સ્થાનેથી સત્કાર માટે તેઓ ઊભા થયા.

(जा वि य से अब्भिंतरिया परिसा भवइ–तं जहा–पियाइ वा मायाइ वा जाव सुण्हाइ वा सा वि य णं नो आढाइ, नो परियाणाइ, नो अब्भुट्ठेइ) અને આ પ્રમાણે જ તેની અંતરંગ પરિષદના લોકો જેમ કે પિતા માતા યાવત્ સ્નુષા–બેટા વહુ–વગેરે લોકોએ પણ તેનો આદર કર્યો નહિ, તેના આગમનને અનુમોદન આપ્યું નહિ અને તેઓમાંથી કોઇ પણ તેના આવવા બદ્દલ પોતાના સ્થાનથી ઊભા થયા નહિ.

(तएणं से तेतलिपुत्ते जेणेव वासघरे जेणेव सए सयणिज्जे तेणेव उवागच्छइ)

આ રીતે ઘેર આવીને તેતલિપુત્ર અમાત્ય જ્યાં તેની રહેવાની ઓરડી અને તેમાં પણ જ્યાં પોતાની પથારી હતી ત્યાં ગયો. (उवागच्छित्ता सयणिज्जंसि निसीयइ, णिसीइत्ता एवं वयासी) ત્યાં જઈને તે તેના ઉપર બેસી ગયો અને મનમાં જ વિચાર કરવા લાગ્યો કે

(एवं खलु अहं सयाओ गिहाओ णिग्गच्छामि, तं चेव जाव अब्भितरिया पुरिसा नो आढाइ, नो परिजाणाइ, नो अब्भुट्ठेइ–तं सेयं खलु मम अप्पाणं जीवियाओ ववरोवित्तए त्ति कट्टु एवं संपेहेइ)

પહેલાં જ્યારે હું ઘેરથી બહાર નીકળતો હતો ત્યારે લોકો–રાજેશ્વર વગેરે બધા લોકો–રાજા મારા ઉપર ખુશ હતા એટલે–આવતાં જતાં જોઈને મારો આદર કરતા હતા, મારા આગમનનું અનુમોદન કરતા હતા તેમજ ઊભા થઈને વિનય પ્રદર્શિત કરતા હતા અને આજે પણ હું જ્યારે ઘેરથી નીકળીને રાજાની પાસે ગયો ત્યારે પણ એ બધાંએ પહેલાંની જેમજ મારો આદર વગેરે બધું કર્યું હતું પણ ઓચિંતા રાજાને નારાજ થઈ જવા બદલ જ્યારે હું ત્યાંથી પાછો ફરીને પોતાને ઘેર આવવા લાગ્યો ત્યારે કોઈએ પણ મારો આદર કે સત્કાર કર્યો નહિ મારી બાહ્ય અને આભ્યંતર પરિષદ–એટલે કે બહારના નોકરો–ચાકરો અને માતા પિતા વગેરે–છે તેઓએ પણ આજે અત્યારે મારા આવવા બદલ કંઈ પણ કિંમત કરી નહિ. એથી એવી પરિસ્થિતિમાં મારૂં મરણ જ ઉત્તમ ઉપાય છે.

(संपेहित्ता तालउडं विसं आसगंसि पक्खिवइ, सेय विसे णो संकमइ, तएणं से तेतलिपुत्ते नीलुप्पल जाव असिं खंधसि ओहरइ, तत्थवि य से धारा ओपल्ला, तएणं से तेतलिपुत्ते जेणेव असोगवणिया तेणेवउ०)

આ જાતનો વિચાર કરીને તેણે તાલપુટ વિષ (ઝેર) ને પોતાના

મુખમાં નાખ્યું. પણ તેણે કંઇ અસર બતાવી નહિ એટલે કે તે વિષ રૂપમાં પરિણમ્યું નહિ. ત્યાર પછી તે તેતલિપુત્રે, નીલોત્પલ ગવલ, ગુલિકના જેવી પ્રભાવાળી તેમજ તીક્ષ્ણ ધારવાળી તલવારને પોતાની ડોક ઉપર મૂકી એટલે કે તેના વડે તેણે પોતાની ડોક ઉપર ઘા કર્યો પણ તેનાથી પણ કંઈ કામ થયું નહિ એટલે કે તરવાર પણ બૂઠી થઈ ગઈ હતી. 'ઓપહલ' આ કુંઠિત (બૂઠી) અર્થ માટે વપરાયેલો દેશી શબ્દ છે. જ્યારે આ રીતે તે બંને વસ્તુઓથી તેની ઇચ્છા પૂરી થઇ નહિ એટલે કે તેનું મરણ થઇ શકયું નહિ ત્યારે તે જ્યાં અશોક વનિકા–અશોક વાટિકા–હતી ત્યાં ગયો. (उवागच्छित्ता पासगं गीवाए बंधइ) ત્યાં જઇને તેણે પોતાની ડોકમાં ફાંસો ભેરવીને બાંધ્યો (बंधित्ता अप्पाण मुयइ तत्थ वि से रज्जू छिन्ना) બાંધીને તે વૃક્ષ ઉપર ચઢી ગયો અને ત્યાંથી પોતાની મેળે જ તે લટકી ગયો પરંતુ અહીં પણ ફાંસાનું દોરડું વચ્ચેથી તૂટી ગયું હતુ.

(तएणं से तेतलिपुत्ते महइ महालयं सिलं गीवाए बंधइ, बंधित्ता अत्थाहमतारम-पोरिसियंसि उदगंसि अप्पाणं मुयइ, तत्थ वि से थाहे जाए)

ત્યાર પછી તે તેતલિપુત્રે એક બહુ મોટી ભારે શિલા (પથરો) ને પોતાની જાતને અથાહ–અતાર અને અપુરુષ પ્રમાણે પાણીમાં નાખી દીધી પરંતુ તે ઊંડુ પાણી પણ તેના માટે થાહ વાળું એટલે કે છીછરું થઈ ગયું.

(तएणं से तेतलिपुत्त सुक्कंसि तणकूडंसि अगणिकायं पक्खिवइ, पक्खिवित्ता मुयइ, तत्थवि से अगणिकाए विज्झाए–तएणं से तेतलिपुत्ते एवं वयासी सद्धेयं खलु भो समणा वयंति सद्धेयं–खलु भो माहणा वयंति, सद्धेयं खलु भो समण-माहणा वयंति , अहं एगो असद्धेयं वयामि एवं खलु अहं सह पुत्तेहिं अपुत्ते को मेयं सद्दहिस्सइ ? सह मित्तेहिं अमित्ते को मेयं सद्दहिस्सइ)

ત્યાર પછી તેતલિપુત્રે સૂકા ઘાસના ઢગલામાં અગ્નિ પ્રગટાવ્યો અને પોતાની જાતને તેમાં નાખી દીધી પરંતુ તે પણ વચ્ચેથી જ ઓલવાઇ ગઇ

આ રીતે આ બધા અસંભવનોની સંભાવના બાદતે તલિપુત્રે પોતાની જાતનેજ સંબોધિત કરતાં મનમાં વિચાર કર્યો કે હે ચિત્ત ! શ્રમણુજનો જે કંઇ કહે છે તે શ્રદ્ધેય છે, બ્રાહ્મણો જે કંઈ કહે છે તે શ્રદ્ધેય છે આ પ્રમાણે શ્રમણુ માહણુજનો જે કંઇ કહે છે તે શ્રદ્ધેય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે આત્મા પરલોક વગેરે પદાર્થો જેઓ કે અતીન્દ્રિય છે-તેઓ અનુમાન વગેરે પ્રમાણુના વિષયભૂત થઈ જાય છે. એટલા માટે તે પદાર્થો શ્રદ્ધાના વિષય બની જાય છે. એથી આ બધા અતીન્દ્રિય આત્મ, પરલોક વગેરે પદાર્થોનું પ્રતિપાદન કરનાર શ્રમણુ માહણુ વગેરેના વચનો પણુ શ્રદ્ધેય થઈ જાય છે, પણુ હું જે કંઈ કહી રહ્યો છે તે અશ્રદ્ધેય કહી રહ્યો છું. એક અસહાય છું એથી મને આ બાબતમાં કોઈની મદદ પણુ મળી શકે તેમ નથી. તે શ્રમણુ માહણુ વગેરેના વચનોના સહાયક તો અનુમાન વગેરે પ્રમાણો છે. પણુ મારા કથનનું સહાયભૂત થાય તેવું કોઈ પ્રમાણુ જ નથી. જો કે હું જે કંઇ પણુ કહી રહ્યો છું તે સંપૂર્ણ રીત યથાર્થ સત્ય-કહી રહ્યો છુ. પણુ મારાં તે વચનો અસંભવિત અસહાય હોવા બદલ માણસો માટે શ્રદ્ધેય થઈ શકે તેમ નથી. જેમ કે હું અત્યારે આ જાતની સાચી વાત પણુ કહું કે પુત્રો હોવા છતાંએ હું પુત્ર વગરનો છું તો કોણુ મારી આ વાતને શ્રદ્ધાની દૃષ્ટિએ જોશે ? આ પ્રમાણે જ હું કહું કે મિત્રો હોવા છતાંએ હું મિત્ર વગરનો છું તો કોણુ મારી આ વાત ઉપર શ્રદ્ધા ધરાવશે?

(एवं अत्थेणं दारेणं दासेहिं परिजणेणं एवं खलु तेतलिपुत्तेणं अमच्चे कणगज्झएणं रन्ना अवज्झाएणं समाणेणं तेतलिपुत्तेण तालपुडगे विसे आसगंसि पक्खित्ते से वि य णो कमइ, को मेयं सद्दहिस्सइ ? तेतलिपुत्तेणं नीलुप्पल जाव खंधंसि ओहरिए तत्थ वि से धारा ओपला को मेयं सद्दहिस्सइ)

આ રીતે અર્થ (ધન), દારા (પત્ની) દાસ, પરિજન એ બધા હોવા છતાં પણુ હું એમના વગર છું મારી આ વાત ઉપર કોણુ વિશ્વાસ મૂકવા તૈયાર થશે ? એટલે કે કોઈ પણુ વિશ્વાસ કરશે જ નહિ. આ રીતે જ જો હું આમ કહું કે મારા ઉપર રાજા કનકધ્વજ નારાજ થઇ ગયા હતા એટલા માટે

મેં તાલપુટવિષ (ઝેર) ખાધું હતું પણ તે વિષના રૂપમાં પરિણત થયું નથી એટલે કે વિષ ભક્ષણ કરવા છતાંએ હું મરણ પામ્યો નહિ. આ વાત ઉપર કયો માણસ વિશ્વાસ મૂકવા તૈયાર થશે ? તેમજ નીલોત્પલ, ગવલ અને ગુલિકાના જેવી પ્રભાવાળી તીક્ષ્ણ ધારવાળી તરવારનો મેં મરવા માટે મારી ડોક ઉપર ઘા કર્યો પણ તે તરવાર જ બૂઠી ધારવાળી થઈ ગઈ-કુંઠિત થઇ ગઈ-તેનાથી મારી ડોક કપાઈ નહિ. મારી આ વાત ઉપર કોણ વિશ્વાસ કરવા તૈયાર થશે ? (तेतलिपुत्तेणं पासगं इत्यादि) આ રીતે જ હું આમ કહું કે મેં તેતલિપુત્રે પોતાના ગળામાં ફાંસો નાંખ્યો અને વૃક્ષ ઉપર ચઢયો. વૃક્ષ ઉપર ચઢીને ત્યાંથી નીચે લટકી પડયો પણ ફાંસો વચ્ચેથી જ તૂટી ગયો. તો કોણ મારી આ વાત ઉપર વિશ્વાસ મૂકશે ?

(तेतलिपुत्तेणं महइमहालयं जाव बंधित्ता अत्थाह जाव उदगंसि अप्पा मुक्के, तत्थ वि णं थाहे जाए को मेयं सद्दहिस्सइ ? तेतलिपुत्तेणं सुक्कंसि तणकूडंसि अगणिकायं पक्खिवित्ता अप्पा मुक्को तत्थवि से अगणिकाए विज्झाए को मेयं सद्दहिस्सइ ? ओहयमणसंकप्पे जाव झियायइ)

મેં તેતલિપુત્રે એક બહુ ભારે મોટી શિલા (પથરો) ગળામા બાંધી અને ત્યાર પછી હું અથાહ (ઊંડા) અતાર અપુરુષ પ્રમાણ જેટલા પાણીમાં કૂદી ગયો પણ કૂદતાંની સાથે જ પાણી થાહવાળું (છીછરું) થઇ ગયું, અથાહ (ઊંડુ) રહ્યું નહિ મારી આ વાત ઉપર પણ કોણ વિશ્વાસ મૂકશે ? આ પ્રમાણે જ મેં તેતલિપુત્રે એક બહુ મોટા ભારે સૂકા ઘાસના ઢગલામાં અગ્નિ પ્રગટાવ્યો અને તેમાં મેં પોતાની જાતને ઝંપલાવી દીધી. પણ તે અગ્નિ ઓલવાઇ ગયો. તેણે મને ભસ્મ કર્યો નહિ મારી આ વાતને કોણ શ્રદ્ધેય માનીને સ્વીકારવા તૈયાર થશે ? આ રીતે તે અપહતમનઃ સંકલ્પવાળો (હતાશ) થઇને નિરુત્સાહી બની ગયો અને આર્તધ્યાનમાં ડૂબી ગયો. ॥ " સૂત્ર ૧૦ " ॥

'तएणं से पोट्टिले देवे' इत्यादि

टीकार्थ-(तएण) त्यार पछी (से पोट्टिले देवे) ते पोट्टिलदेवे (पोट्टिला रूवं विउव्वइ) पोट्टिलाना रूपनी विकुर्वणा करी એટલે કે વૈક્રિય શક્તિના પ્રભાવથી તેણે પોટ્ટિલાનું રૂપ ધારણ કર્યું. (विउव्वित्ता तेतलिपुत्तस्स अदूरसामंते ठीच्चा एवं वयासी) ધારણ કરીને તે તેતલિપુત્રની પાસે ગઈ. ત્યાં જઈને તેણે તેને આ પ્રમાણે કહ્યું કે (हं भो तेतलिपुत्ता! पुरओ पवाए पिट्ठओ हत्थिभयं) અરે, ઓ! તેતલિપુત્ર! તમારી સામે પ્રપાત-ધોધ છે અને તમારી પાછળ હાથીનો ભય છે. (दुहओ अचक्खुफासे, मज्झे सराणि वरिसंति) બંને તરફ અંધારૂં છે અને જ્યાં અમે ઊભા છીએ ત્યાં તીરો વર્ષી રહ્યા છે (गामे पलित्ते रण्णो झियाइ रन्नो पलित्ते गामे जियाइं) ગામમાં આગ લાગતાં માણસ જંગલમાં નાસી જવાનો વિચાર કરે છે અને જંગલમાં આગ લાગતાં ગામમાં આવતા રહેવાનો વિચાર કરે છે. (आउसो तेतलिपुत्ता उभओ पलित्ते कओ वयामो) પણ જ્યારે બંને તરફ આગ સળગી ઉઠે ત્યારે હે આયુષ્મન્ત તેતલિપુત્ર! બોલો, અમે કયાં જઈએ?

(तएणं से तेतलिपुत्ते पोट्टिलं एवं वयासी-भीतस्स खलु भो पवज्जा सरणं उक्कंडियस्स सदेसगमणं छुहियस्स अन्नं निसियस्स पाणं, आउरस्स भेसज्जं, माइयस्स रहस्सं, अभिजुत्तस्स पच्चयकरणं, अद्धाणपरिसंतस्स वाहणगमणं, तरिउ-कामस्स सहायकिच्चं संतस्स जिइंदियस्स एत्तो एगमवि ण भवइ)

આ રીતે પોટ્ટિલાની વાત સાંભળીને તેતલિપુત્ર અમાત્યે તેને કહ્યું કે હે પોટ્ટિલે! ભયભીત થયેલાને માટે પ્રવ્રજ્યા શરણ ભૂત હોય છે-જેમ-પરદેશમાં રહેતી ઉત્સુક વ્યક્તિને માટે પોતાને દેશ પાછા ફરવું શરણ ભૂત હોય છે ભૂખ્યા ને માટે અન્ન શરણ ભૂત હોય છે. આ પ્રમાણે જ તરસ્યાને માટે પાણી, આતુર-રોગ-ને માટે ભૈષજ્ય-દવા, માયાવીને માટે માયા ચારી, અભિયુક્ત-દોષાપવાદ-વાળા-ને માટે દોષોના નિરાકરણથી પોતાના વિષે નિર્દોષતાની પ્રતીતિનું ઉત્પાદન શરણ ભૂત હોય છે. માર્ગમાં ચાલતાં થાકી ગયેલાને માટે વાહનનો ઉપયોગ શરણ ભૂત હોય છે, તરવાની ઈચ્છા ધરાવતા માણસને માટે નાવ વગેરે જલયાન

શરણુ ભૂત હોય છે અને જે બીજાઓ ઉપર હુમલો કરવા તૈયાર હોય છે તેના માટે મિત્ર વગેરેની મદદ શરણુ ભૂત હોય છે પણ જે ક્ષમાશીલ હોય છે, દાંત-ઇન્દ્રિયો અને મનને દમન કરનાર હોય છે-એટલે કે જિતેન્દ્રિય હોય છે એવા પ્રવ્રજિતના માટે એ બધી ઉપર વર્ણવામાં આવેલી શરણોમાંથી એકેય કામમાં આવતી નથી.

(तएणं से पोट्टिले देवे तेयलिपुत्तं अमच्चं एवं वयासी-सुट्ठुणं तुमं तेयलिपुत्ता ! एयमट्ठं आयाणाहिं त्ति कट्टु, दोच्चंपि तच्चंपि एवं वयइ वइत्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए)

આ રીતે તેતલિપુત્રનાં વચન સાંભળીને તે પોટ્ટિલ દેવે તેતલિપુત્ર અમાત્યને કહ્યું કે હે તેતલિપુત્ર ! ભયભીત થયેલાને માટે પ્રવ્રજ્યા શરણુ ભૂત હોય છે આ ભાવરૂપ અર્થને તમે અનુષ્ઠાન દ્વારા સારી રીતે સમજો. એટલે કે તમે પ્રવ્રજ્યા સ્વીકારી લો, આ પ્રમાણે કહીને તેણે બીજી અને ત્રીજી વખત પણ આ રીતે જ કહ્યું અને ત્યાર પછી તે પોટ્ટિલા રૂપ ધારી દેવ જે દિશા તરફથી પ્રગટ થયો હતો તે તરફ પાછો જતો રહ્યો. ॥ સૂત્ર " ૧૧ " ॥

'तएणं तस्स तेतलिपुत्तस्स' इत्यादि

ટીકાર્થ-(तएणं) ત્યારબાદ (तेतलिपुत्तस्स) તેતલિપુત્રને (सुभेणं परिणामेणं जाइ सरणे समुप्पन्ने) શુભ પરિણામથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

(तएणं तस्स तेतलिपुत्तस्स अयमेयारूवे अज्झत्थिए ५ समुप्पज्जित्था-एवं खलु अहं इहेव जंबूदीवे दीवे महाविदेहे वासे पोक्खलावई विजए पोंडरिगिणीए रायहाणीए महापउमे नामं राया होत्था)

તેના પ્રભાવથી તેણે પોતાના પૂર્વ ભવને જાણી લીધો. તેને આ જાતનું જ્ઞાન થયું કે તે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહા વિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નામની રાજધાનીમાં મહાપદ્મ નામે રાજા હતો.

(तएणं अहं थेराणंअतिए मुंडे भवित्ता जाव चोद्दस पुव्वाइं० बहूणि वासाणि

सामन्नपरियाय० मासियाए संलेहणाए महासुक्के कप्पे देवे–तएणं अहं ताओ देवलोयाओ आयुक्खएणं ३ इहेव तेतलिपुरे तेतलिस्स अमच्चस्स भद्दाए भारियाए दारगत्ताए पच्चायाए)

ત્યાં મેં મુંડિત થઇને સ્થવિરોની પાસેથી દીક્ષા ધારણ કરી હતી અને અગિયાર અંગોનું અધ્યયન કરીને વિશિષ્ટ તપસ્યા કરી હતી. છેવટે ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને એક મહિનાની સંલેખના ધારણ કરી અને ત્યાર પછી કાળ અવસરે કાળ કરીને સાતમા મહા શુક્ર કલ્પમાં દેવના પર્યાયથી હું જન્મ પામ્યો. ત્યાંની ભવસ્થિતિ ૩ (ત્રણ) ના ક્ષય થવા બદલ હું ત્યાંથી આવીને આ તેતલિપુરમાં તેતલિ અમાત્યને ત્યાં ભદ્રા ભાર્યાના ગર્ભથી પુત્ર રૂપમાં જન્મ પામ્યો.

(तं सेयं खलु मम पुव्वदिट्ठाइं महव्वयाइं सयमेव उवसंपज्जित्ताणं विहरित्तए एवं संपेहेइ, संपेहित्ता सयमेव महव्वयाइं आरुहेइ, आरुहित्ता जेणेव पमयवणे उज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता असोगवरपायवस्स अहे पुढविसिला पट्टयंसि सुहनिसन्नस्स अणुचिंतेमाणस्स पुव्वाहीयाइं सामाइयमाइयाइं चोद्दस पुव्वाइं सयमेव अभिसमन्नागयाइं)

એટલા માટે હવે મને એજ યોગ્ય લાગે છે કે પૂર્વ ભવમાં જે પાંચ મહાવ્રતોને મેં ધારણ કરેલાં તેને પોતાની મેળે જ ધારણ કરી લઉં. આ રીતે તેણે વિચાર કર્યો. વિચાર કર્યા બાદ તેણે પોતાની મેળે જ પાંચ મહાવ્રતો ધારણ કરી લીધાં ધારણ કર્યા પછી તે જ્યાં પ્રમદવન નામે ઉદ્યાન હતું ત્યાં જતો રહ્યો. ત્યાં જઇને તે અશોક વૃક્ષની નીચે મૂકાયેલા પૃથિવી શિલા પટ્ટક ઉપર-પટ્ટાકાર રૂપથી પરિણત શિલા ઉપર–આનંદ અનુભવતો બેસી ગયો અને પૂર્વ ભવમાં જે કંઈ અધ્યયન કર્યું હતું તેનું વારંવાર ચિંતન કરવા લાગ્યો. આ રીતે ચિંતન કરતાં કરતાં પૂર્વભવમાં ભણેલા સામાયિક વગેરે ચૌદ પૂર્વજ્ઞાન તેને વિષયભૂત થઈ ગયાં.

(तएणं तस्स तेतलिपुत्तस्स अणगारस्स सुभेणं परिणामेणं जाव तयावरणिज्जाणं कम्माणं खओवसमेणं कम्मरयविकरणकरं अपुव्वकरणं पविट्ठस्स केवलवरनाणदंसणं समुप्पण्णे)

આ રીતે શુભ પરિણામોથી, યાવત્ પ્રશસ્ત અધ્ય વસાયોથી, વિશુદ્ધમાન લેશ્યાઓથી તેના જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષયોપશમ–ઉદિત કર્મોનો ક્ષય અને અનુદિત કર્મોનો ઉપશમ થઈ ગયો. એના પ્રભાવથી તેઓ કર્મરજને વિકરણ કરનારા અષ્ટમ અપૂર્વ કરણ નામના ગુણસ્થાનમાં પ્રાપ્ત થઈ ગયા. ત્યાર પછી બારમા ગુણસ્થાનના અંતમાં અને તેરમા ગુણસ્થાનના પ્રારંભમાં તેમને કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થઈ ગયાં. ॥ સૂત્ર " ૧૨ " ॥

'तएणं तेतलिपुरे नयरे' इत्यादि—

ટીકાર્થ–(तएणं) ત્યાર પછી (तेतलिपुरे नयरे) તેતલિપુર નગરમાં (अहा संनिहिएहिं वाणमंतरेहिं देवेहिं देवीहिय देवदुंदुभीओ समाहयाओ, दसद्धवन्ने कुसुमे निवाडिए, दिव्वे देवगीयगंधव्वनिनाए कए यावि होत्था)

યથા સંનિહિત આસન્નભૂત થયેલા વાણવ્યંતર દેવોએ અને દેવીઓએ આકાશમાં દેવદુંદુભિઓ વગાડી, પાંચ રંગના અચિત્ત પુષ્પોની વર્ષા કરી અને મનોહર ગીત ગંધર્વ નિનાદ (ધ્વનિ) પણ કર્યો. (तएणं से कणगज्झए राया इमीसे कहाए लद्धट्ठे समाणे एवं वयासी) જ્યારે આ સમાચારોની જાણ રાજા કનક ધ્વજને થઈ કે મારી દુષ્ટ વિચારણાને લીધે તેતલિપુત્ર અમાત્યે દીક્ષિત થઈને પ્રમદવનમાં કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કરી લીધાં છે ત્યારે તેણે મનમાં વિચાર કર્યો કે

(एवं खलु तेतलिपुत्ते मए अवज्झाए मुंडे भवित्ता पव्वइए तं गच्छामि णं तेतलिपुत्तं अणगारं वंदामि नमंसामि, वंदित्ता नमंसित्ता एयमट्ठं विणएणं भुज्जो २ खामेमि एवं संपेहेइ–संपेहित्ता ण्हाए० चाउरंगिणीए सेणाए जेणेव पमयवणे उज्जाणे जेणेव तेतलिपुत्ते तेणेव उवागच्छइ, उवागच्छित्ता तेतलिपुत्तं अणगारं

वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता एयमट्ठं विणएणं भुज्जो २ खामेइ नच्चासन्ने जाव पज्जुवासइ)

તેતલિપુત્ર અમાત્યને મેં પોતાની દુષ્ટ ચિંતાનો વિષયભૂત (લક્ષ્ય) બનાવ્યો છે તેથી જ તે મુંડિત થઈને દીક્ષિત થઈ ગયો છે. એટલા માટે હવે હું તેની પાસે જાઉં અને તેતલિપુત્ર અનગારને વંદન કરું નમસ્કાર કરું વંદના અને નમસ્કાર કરીને હું મારા વડે થઈ ગયેલા અપમાન રૂપ અપરાધ બદલ બહુ જ નમ્રપણે તેમની પાસેથી ક્ષમા યાચના કરું. આ રીતે વિચાર થતાંની સાથે તરત જ તે ઊભો થયો અને સ્નાન કર્યું ત્યાર પછી પોતાની ચતુરંગિણી સેનાને સાથે જ્યાં પ્રમદવન હતું અને તેમાં પણ જ્યાં તેતલિપુત્ર અનગાર વિરાજમાન હતા ત્યાં પહોંચ્યો ત્યાં પહોંચીને તેણે તેતલિપુત્ર અનગારને વંદના કરી અને નમસ્કાર કર્યા. વંદના અને નનસ્કાર કરીને તેણે તેના વડે થઈ ગયેલા અપમાન રૂપ અપરાધની બહુ જ નમ્રપણે ક્ષમા માગી અને ત્યાર પછી તેણે ઉચિત સ્થાન ઉપર બેસીને તેમની સેવા તેમજ સુશ્રૂષા કરી.

(तएणं से तेतलिपुत्ते अणगारे कणगज्झयस्स रण्णो तीसे य महइ महालयाए० धम्मं परिकहेइ)

ત્યાર પછી તે તેતલિપુત્ર અનગાર કેવળીએ કનકધ્વજ રાજાને તેમજ ઉપસ્થિત પરિષદને સવિસ્તર ધર્મ વિષે ઉપદેશ આપ્યો.

(तएणं से कणगज्झए राया तेतलिपुत्तस्स केवलिस्स अंतिए धम्मं सोच्चा णिसम्म पंचाणुव्वइयं सत्तसिक्खावइयं सावगधम्मं पडिवज्जइ पडिवज्जित्ता समणोवासए जाए जाव अहिगयजीवाजीवे। तएणं तेतलिपुत्ते केवलि बहूणि वासाइं केवलिपरियागं पाउणित्ता जाव सिद्धे। एवं खलु जंबू। समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं चोद्दसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते त्तिबेमि)

ઉપદેશ સાંભળીને કનકધ્વજ રાજાએ તેતલિપુત્ર કેવળિના શ્રુતચારિત્રરૂપ ધર્મના પ્રભાવથી પ્રેરાઇને તે શ્રુતચારિત્ર રૂપ ધર્મ વિષે મનમાં સારી રીતે વિચાર કરીને તેમની પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષારૂપ શ્રાવકધર્મ ધારણ કરી લીધા. ધારણ કરીને તેઓ શ્રમણોપાસક થઈ ગયા અને યાવત્ જીવ તેમજ અજીવતત્ત્વનું સ્વરૂપ શું છે ? તેનું પણ તેઓને જ્ઞાન થઈ ગયું. ત્યાર પછી તેતલિપુત્ર કેવળીએ ઘણાં વર્ષો સુધી કેવળી પર્યાયનુ પાલન કર્યું અને આમ તેઓએ યાવત સિદ્ધપદ

મેળવી લીધું. સુધર્મા સ્વામી કહે છે કે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આ ચૌદમા જ્ઞાતાધ્યયનો પૂર્વોક્ત રૂપથી ભાવ-અર્થ નિરૂપિત કર્યો છે. જેવો અર્થ મેં તેઓશ્રી પાસેથી સાભળ્યો છે તેવોજ તમને કહ્યો છે. આ અધ્યયનથી અમને આ જાતનું જ્ઞાન થાય છે કે સંસારમાં તેતલિપુત્રની જેમ એવાં પણ પ્રાણી· ઓ છે કે તેઓ જ્યાં સુધી દુ:ખી અને અપમાનિત થતા નથી ત્યાં સુધી ઘણા વખત પ્રતિબોધિત કરવા છતાં ધર્મને સ્વીકારતા નથી ॥ સૂત્ર ' ૧૩ " ॥

શ્રી જૈનાચાર્ય ઘાસીલાલજી મહારાજ કૃત જ્ઞાતાસૂત્રની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યાનું ચૌદમું અધ્યયન સમાપ્ત ॥ ૧૪ ॥

નંદિફલકે સ્વરૂપકા નિરૂપણ

નંદિફળ નામે પંદરમું અધ્યયન પ્રારંભ

ચૌદમું અધ્યયન પુરૂં થયું છે. હવે પંદરમુ અધ્યયન શરૂ થાય છે પહેલાંના અધ્યયનમાં તેતલિપ્રધાનના આખ્યાન વડે એ વાત સમજાવવામ આવી છે કે અપમાનથી પણ વિષયોનો ત્યાગ કરવામાં આવે છે. આ અધ્યયનમ આ વિષય ત્યાગ જેમના ઉપદેશથી થાય છે તે વિષે કહેવામાં આવશે. એટલ માટે તેના સદ્ભાવમાં અર્થ પ્રાપ્તિ અને અસદ્ભાવમાં અનર્થ પ્રાપ્તિ હોય છે આ રીતે પૂર્વ અધ્યયનની સાથે આનો સંબંધ સમજી શકાય છે.

ટીકાર્થ-'जइणं भंते ! समणेणं' इत्यादि ।

જંબૂ સ્વામી પૂછે છે કે—

(जइणं भंते ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं चोद्दसमस्स नायज्झयणस्स अयमट्ठे पण्णत्ते पन्नरसमस्स णं भंते णायज्झयणस्स समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते)

હે ભદંત ! જો શ્રમણ ભગવાન મહાવીરે-કે જેઓ મોક્ષ પ્રાપ્ત કરી ચૂકયા છે-ચૌદમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપથી અર્થ પ્રતિપાદિત કર્યો છે તો હે ભદંત ! મુક્તિ પ્રાપ્ત કરેલા તે શ્રમણ ભગવાન મહાવીરે પંદરમા જ્ઞાતાધ્યયનનો શો અર્થ નિરૂપિત કર્યો છે.

(एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं चंपा नामं नयरी होत्था)

આ રીતે જંબૂ સ્વામીના પ્રશ્નના સમાધાન માટે શ્રી સુધર્મા સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે ચંપા નામે નગરી હતી.

(पुन्नभद्दे चेइए जियसत्तू राया, तत्थ णं चंपाए नयरीए धण्णे नामे सत्थवाहे होत्था अड्ढे जाव अपरिभूए)

તેમાં પૂર્ણભદ્ર નામે ઉદ્યાન હતું. તેમાં જિતશત્રુ નામે રાજા રહેતો હતો. ધન્ય નામે એક સાર્થવાહ પણ તે ચંપા નગરીમાં જ રહેતો હતો. તે જન, ધન, ધાન્ય, વગેરેથી સંપન્ન હતો, તેમજ લોક માન્ય પણ હતો.

(तीसेणं चंपाए नयरीए उत्तरपुरत्थिमे दिसीभाए अहिच्छत्ता नामं नयरी होत्था, रिद्धत्थिमिय समिद्धा वन्नओ-तत्थणं अहिच्छत्ताए नयरीए कणगकेउ नामं राया होत्था महया वन्नओ)

તે ચંપા નગરીના ઈશાન કોણમા અહિચ્છત્રા નામે નગરી હતી. આકાશને સ્પર્શતા એવા ઊંચા પ્રાસાદોથી આ નગરી યુક્ત હતી તેમજ સ્વચક્ર અને પરચક્ર ના ભયથી રહિત તથા ધન ધાન્ય વગેરે વૈભવથી આ નગરી સવિશેષ સમૃદ્ધ હતી. ઔપપાતિક સૂત્રમાં નગરીના વિષે જેવું વર્ણન કરવામાં આવ્યું છે તેવું જ અહીં પણ જાણી લેવું જોઈએ તે અહિચ્છત્રા નગરીમાં કનકકેતુ નામે રાજા રહેતો હતો, આ રાજાના વર્ણન માટે (*महया हिमवंत-महंत-मलय मंदर-महिंदसारे*) વગેરે પાઠ અહીં સમજવો જોઈએ.

(तस्स धन्नस्स सत्थवाहस्स अन्नया कयाइं, पुव्वरत्तावरत्तकालसमयंसि इमेयारूवे अज्झत्थिए चिंतिए, पत्थिए, कप्पिए, मणोगए संकप्पे समुप्पज्जित्था-सेयं खलु मम विउलं पणियभंडमायाए अहिच्छत्तं नयरिं वाणिज्जाए गमित्तए एवं संपेहेइ, संपेहित्ता गणिमं च ४ चउव्विहं भंडे गेण्हइ सगडीसागडं सज्जेइ, सज्जित्ता

सगडीसागडं भरेइ, भरित्ता कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी गच्छहणं तुब्भे देवाणुप्पिया । चंपाए नयरीए सिंघाडग जाव पहेसु घोसणं घोसेह)

એક દિવસે તે ધન્ય સાર્થવાહને રાત્રિના છેલ્લા પહોરમાં આ જાતનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, કલ્પિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે પુષ્કળ પ્રમાણમાં ગણિમ વગેરે વેચાણની વસ્તુઓ લઈને વેપાર ખેડવા માટે જો હું અહિચ્છત્રા નગરીમાં જાઉં તો બહુ સારુ થાય. આ રીતે તેણે વિચાર કર્યો. આવો વિચાર કરીને તેણે ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય રૂપ ચાર પ્રકારની વસ્તુઓ વાસણોમાં ભરી. ચારે જાતની વસ્તુઓ વાસણોમાં ભરીને તેણે ગાડી તેમજ ગાડાંઓને તૈયાર કરાવ્યા જ્યારે ગાડી અને ગાડાંઓ તૈયાર થઈ ચૂક્યાં ત્યારે તેણે તે વેચાણની વસ્તુઓને ગાડી અને ગાડાંઓમાં મૂકી ત્યાર પછી તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, અને ચંપા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ આ બધા માર્ગોમાં ઘોષણા કરો. ઘોષણા કરતાં શું કહેવું તે નીચેના સૂત્ર વડે સૂત્રકાર પ્રકટ કરે છે. ॥ સૂત્ર " ૧ " ॥

एवं खलु देवाणुप्पिया इत्यादि ।

(एवं खलु देवाणुप्पिया ! धण्णे सत्थवाहे विउलं पणियं मायाए इच्छइ अहिच्छत्तं नयरिं वाणिज्जाए गमित्तए)

હે દેવાનુપ્રિયો ! તમે લોકો શ્રૃંગાટક વગેરે માર્ગોમાં આ જાતની ઘોષણા કરો કે ધન્ય સાર્થવાહ પુષ્કર પ્રમાણમાં પણિત (વેચાણની વસ્તુઓ) લઈને અહિચ્છત્રા નામે નગરીમાં વેપાર ખેડવા માટે જવા ઈચ્છે છે.

(तं जो णं देवाणुप्पिया ! चरए वा चीरिए वा चम्मखंडिए वा भिच्छुंडे वा पंडुरंगे वा गोयमे वा गोव्वइए वा गिहिधम्मचिंतए वा अविरुद्धविरुद्धवुड्ढसावगरत्तपडनिग्गंथ प्पभिइ पासंडत्थे वा गिहत्थे वा धण्णेणं सत्थवाहेणं सद्धिं अहिच्छत्तं नयरिं गच्छइ-तस्स णं धण्णे सत्थवाहे अच्छत्तगस्स छत्तगं दलाइ)

એટલા માટે હે દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહની સાથે જે કોઈ જવા ઈચ્છતો હોય-ભલે તે ચરક હોય, ચીરિક હોય, ચર્મ ખંડ ધારી હોય, ભિક્ષોંડ હોય, પાંડુરંગ હોય, ગૌતમ હોય, ગોવ્રતિક હોય, ગૃહસ્થ ધર્મ ચિંતક હોય,

અવિરુદ્ધ હોય, વિરુદ્ધ હોય, વૃદ્ધ શ્રાવક હોય, ગૈરિક વસ્ત્ર ધારી પરિવ્રાજક હોય, નિર્ગ્રંથ હોય, પાખંડી હોય અને ગૃહસ્થ હોય કોઈ પણ કેમ ન હોય તેના માટે જો તે છત્ર વગરનો હોય તેવાને ધન્ય સાર્થવાહ છત્ર આપશે.

(अणुवाहणस्स उवाहणाओ दलयइ, अकुंडियस्स कुंडियं दलयइ अपत्थयणस्स पत्थयणं दलयइ अपक्खेवगस्स पक्खेवं दलयइ अंतराऽविय से पडियस्स वा भग्गलुग्गस्स साहेज्जं दलयइ, सुहं सुहेणं अहिच्छत्तं संपावेइ, त्ति कट्टु दाच्चंपि तच्चंपि घोसेह)

જોડા વગરનો હશે તેને જોડા આપશે, જમવાની સગવડ હશે નહિ તેને જમવાની સગવડ કરી આપશે. શંબલ-પાથેય-પૂરક દ્રવ્ય વગરનો હશે તેને શંબલ-પાથેય-પૂરક દ્રવ્ય આપશે. એટલે કે માર્ગમાં અધવચ્ચે ભાતું ખલાસ થઈ ગયું હશે તેને યોગ્ય ધન આપશે. માર્ગમાં અધવચ્ચે ચાલતાં ચાલતાં જો તે ઘોડા ઉપરથી પડી જશે અથવા પગે ચાલતાં ચાલતાં જો તે પગ લપસવાથી પડી જશે અને તેથી તેના હાથ પગ વગેરે ભાંગી ગયા હશે તો તેની તે સુશ્રૂષા કરશે-રોગની દવા કરશે અને સુખેથી તેને અહિચ્છત્રા નગરીમાં પહોંચાડશે. આ રીતે તમે બે ત્રણ વખત ઘોષણા કરો અને (घोसित्ता मम एयमाण त्तियं पच्चप्पिणह) ઘોષણા કરીને અમને ખબર આપો.

(तएणं ते कोडुंबियपुरिसा जाव एवं वयासी हंदि सुणंतु भवंतो चंपानयरी-वत्थव्वा बहवे चरगा य जाव पच्चप्पिणंति)

આ રીતે ધન્ય સાર્થવાહની આજ્ઞાને તે કૌટુંબિક પુરુષોએ સ્વીકારી લીધી અને ચંપા નગરીના શ્રૃંગાટક વગેરે મહાપથોમાં જઈને આ રીતે તેઓએ ઘોષણા કરી કે હે લોકો ! સાંભળો, ચંપા નગરીમાં રહેનાર ચરક વગેરે ગમે તે માણસ ધન્ય સાર્થવાહની સાથે અહિચ્છત્રા નગરીમાં જ તેને ધન્ય સાર્થવાહ છત્ર વગેરે બધું આપશે, તેમજ માર્ગમાં કોઈ પડી જશે અથવા તો માંદો થઈ જશે તો ધન્ય સાથવાહની તેની બરોબર માવજત કરાવીને તેની સહાય કરશે અને તેને સકુશળ અહિચ્છત્રા નગરીમાં પહોંચાડશે આ રીતે ઘોષણા કરીને તે લોકોએ ધન્ય સાર્થવાહને ઘોષણનું કામ પુરૂં થઇ જવાની ખબર આપી. ગૃહસ્થને ઘેર તૈયાર કરાયેલા ભાત વગેરે ખાદ્ય વસ્તુઓનો જે સૌ પહેલાં દાન માટે જૂદો કરીને રાખવામાં આવે છે તે ભાગને જે ભીખ માંગીને લઈ જાય છે તેને ચરિક કહે છે. માર્ગમાં પડેલાં ફાટેલાં વસ્ત્રો જે

પહેરે છે તેનું નામ ચીરિક છે. ચામડાને જે વસ્ત્ર તરીકે પહેરવામાં કામમાં લે છે તે ચર્મ ખંડિત છે. બીજાઓ વડે લાવવામાં આવેલી ભિક્ષાથી જે પોતાનું ઉદર પોષણ કરે છે તે ભિક્ષોંડ છે. પોતાના શરીર ઉપર જે રાખ ચોળે છે તે પાંડુરંગ છે. બળદને સાથે લઇને જેઓ બીજાઓના ઘરોથી અનાજ માંગે છે તેઓ ગૌતમ કહેવાય છે. રાજા દિલીપની જેમ જેઓ ગાયની સેવા કરવામાં વ્યસ્ત રહે છે–જ્યારે ગાય બેસે છે ત્યારે તેઓ બેસે છે, જ્યારે ગાય ઊભી થાય છે ત્યારે તેઓ પણ ઊભા થઈ જાય છે વગેરે રૂપમાં જેઓ ગોચર્યાનુકારી જન હોય છે તેઓ ગોવ્રતિક કહેવાય છે. ગૃહસ્થ ધર્મજ ખરેખર ઉત્તમ ધર્મ છે આમ ચોક્કસ પણે માનીને તેમાં દત્ત ચિત્ત રહે છે તેઓ ગૃહિધર્મ–ચિંતક છે. જેમકે:—ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી અને આગળ ભવિષ્યમાં થવાની સંભાવના પણ નથી. જેઓ શૂરવીર માણસો હોય છે તેઓ જ આ ધર્મનું પાલન કરે છે. પાખંડ ધર્મને પાલન કરનારા માણસો શૂરવીરો નથી પણ તેઓ તો નપુંસક છે. ગૃહસ્થીઓની આ જાતની માન્યતા હોય છે. અવિરુદ્ધ શબ્દનો અર્થ ક્રિયાવાદી છે. કેમ કે એઓ કોઈ પણ માણસથી વિરુદ્ધ આચરણ કરતા નથી તેઓ બધાની સાથે સરખી રીતે વિનયપૂર્ણ વ્યવહાર કરે છે. વિરુદ્ધ શબ્દનો અર્થ અક્રિયાવાદી છે. અક્રિયાવાદી લોકો પરલોક જેવી વસ્તુમાં વિશ્વાસ કરતા જ નથી. વૃદ્ધ શ્રાવક–બ્રાહ્મણ અર્થને સ્પષ્ટ કરે છે કેમ કે એઓ પહેલાં ભરત ચક્રવર્તીના વખતે શ્રાવક હતા ત્યાર પછી એઓ બ્રાહ્મણ થઈ ગયા એટલા માટે ' वृद्ध कालिको यः श्रावकः सः वृद्ध श्रावकः ' આ વ્યુત્પત્તિ મુજબ વૃદ્ધ શ્રાવક શબ્દ બ્રાહ્મણ અર્થનો વાચક થઈ જાય છે. બીજા શેષ શબ્દોના અર્થ તો સ્પષ્ટ જ છે. ॥ સૂત્ર " ૨ " ॥

' तएणं तेसिं ' इत्यादि ।

टीकार्थ-(तएणं) त्यार पछी

(तेसिं कोडुंबिय पुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म चंपानगरी वत्थव्वा वहवे चरगाय जाव गिहत्था य जेणेव धण्णे सत्थवाहे तेणेव उवागच्छंति)

ते कौटुंबिक पुरुषोना मुखथी आ घोषणा रूप अर्थने सांभळीने अने तेने हृदयमां धारण करीने चंपा नगरीना घणा चरकथी मांडीने गृहस्थ सुधीना बधा माणसो ज्यां धन्य सार्थवाह हता त्यां आव्या.

(तएणं से धण्णे सत्थवाहे तेसिं चरगाण य जाव गिहत्थाण अच्छत्तगस्स छत्तं दलयइ, जाव पत्थयणं दलाइ, दलइत्ता एवं वयासी–गच्छह णं तुब्भे देवाणुप्पिया ! चंपाए नयरीए बाहिया अग्गुज्जाणंसि ममं पडिवालेमाणा चिट्ठेह)

त्यार पछी धन्य सार्थवाहे तेओ चरक वगेरेथी मांडीने गृहस्थ सुधीना बधा माणसोमांथी जेनी पासे छत्री वगेरे न हती तेने छत्री वगेरे अने जेनी पासे मार्ग माटेनुं भोजन न हतुं तेने भोजन आप्युं. त्यार बाद तेणे बधा ने कह्युं के हे देवानुप्रियो ! तमे अहींथी मुख्य उद्यानमां जाओ अने त्यां मारी प्रतीक्षा करो.

(तएणं ते चरगाय जाव गिहत्थाय धण्णेणं सत्थवाहेणं एवं वुत्ता समाणा जाव चिट्ठंति, तएणं धण्णे सत्थवाहे सोहणंसि तिहिकरणनक्खत्तंसि विउलं असणं ४ उवक्खडवेइ, उवक्खडावित्ता मित्तणाइ आमंतेइ, आमंतित्ता भोयणं भोयावेइ, भोयावित्ता आपुच्छइ, आपुच्छित्ता सगडीसग्गडं जोयावेइ, जोयावित्ता चंपानगरीओ निग्गच्छइ)

आ रीते धन्य सार्थवाह वडे आज्ञापित थयेला चरक गृहस्थ वगेरे बधा माणसो त्यांथी मुख्य उद्यानमां गया अने धन्य सार्थवाहनी राह जोता. तेओ त्यां ज रोकाया. धन्य सार्थवाहे शुभ तिथि, करण, अने सारा नक्षत्रमां पुष्कळ प्रमाणमां अशन वगेरे रूप चारे जातना आहारो तैयार कराव्या. ज्यारे

આહારો તૈયાર થઈ ગયા ત્યારે તેણે પોતાના મિત્ર, જ્ઞાતિ વગેરે પરિજનોને આમંત્રિત કર્યો. આમંત્રિત કરીને તેણે બધાને ચારે જાતના આહારો જમાડયા. ત્યાર પછી તેણે સૌની પાસેથી પરદેશ જવાની આજ્ઞા માગી આમ તેણે બધાની પાસેથી આજ્ઞા મેળવીને ગાડી તેમજ ગાડાંઓ જોતરાવ્યાં અને ત્યાર પછી તે ચંપા નગરીથી બહાર નીકળ્યો. તેણે ઉદ્યાનમાં રાહ જોનારા બધા ચરક ગૃહસ્થ વગેરે માણસોને પણ સાથે લઈ લીધા હતા.

(**निग्गच्छित्ता चरगाय जाव गिहत्था य सद्धिं घेत्तूण णाइविप्पगिट्ठेहिं अद्धाणेहिं वसमाणे २ सुहेहिं वसहिपायरासेहिं अंगं जणवयं मज्झं मज्झेणं जेणेव देसग्गं तेणेव उवागच्छइ, उवागच्छित्ता सगडीसागडं मोयावेइ, मोयावित्ता सत्थणिवेसं करेइ, करित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी — तुब्भेणं देवाणुप्पिया ! मम सत्थ निवेसंसि महया २ सद्देणं उग्धोसेमाणा २ एवं वयह--एवं खलु देवाणुप्पिया ! इमीसे अगामियाए छिन्नावायाए दीहमद्धाए, अडवीए बहुमज्झदेसभाए बहवे णंदिफलानामं रुक्खा पन्नत्ता किण्हा जाव पत्तिया, पुप्फिया फलिया, हरियगरेरिज्जमाणा सिरीए अईव २ उवसोभेमाणा चिट्ठंति**)

ત્યાંથી રવાના થઈને તે માર્ગમાં યથાસ્થાને નજીક નજીકના સ્થળો ઉપર વિશ્રામ કરતો અને ત્યાં સવાર થતાં જલપાન (નાસ્તો) વગેરે કરતો તે અંગદેશની હદ ઉપર પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે ગાડી અને ગાડાંઓને છોડી મૂકયા અને ત્યાં પોતાના સાર્થને રોકયો. રોકયા પછી તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેઓને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! અમારા સાર્થ સંનિવેશમાં તમે લોકો મોટેથી આ પ્રમાણેની ઘોષણા કરતાં કહો કે હે દેવાનુપ્રિયો ! સાંભળો ! હવે આગળ આવનાર લાંબા માર્ગવાળા નિર્જન વનમાં લોકો એમ કહે છે કે તેમાં ઘણાં નંદિફળ

નામે વૃક્ષો છે. તે વૃક્ષો કૃષ્ણ વર્ણવાળાં છે અને ખૂબજ લીલાં હોવાથી કૃષ્ણ વર્ણના જેવા જ લાગે છે. પત્રો, પુષ્પો અને ફળોથી તેઓ સમૃદ્ધ છે. લીલાં છમ હોવાથી તેઓ અત્યંત સુંદર લાગે છે. તેમનાં પત્રો વગેરે બધાં લીલાં છે. તેથી તેમની શોભા એકદમ અનોખી છે.

(मणुण्णा वन्नेणं ४ जाव मणुन्ना फासेणं मणुन्ना छायाए तं जो णं देवाणुप्पिया ! तेसिं नंदिफलाणं रुक्खाणं मूलाणि वा कंद० तय० पत्त० पुप्फ० फल० बीयाणि, वा हरियाणि वा आहारेइ, छायाए वा वीसमइ तस्स णं आवाए भद्दए भवइ, तओ पच्छा परिणममाणा २ अकाले चेव जीवियाओ ववरोवेंति)

વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી તેઓ ખૂબજ મનોજ્ઞ છે. છાંયડો પણ તેઓનો અત્યંત મનોજ્ઞ છે એટલા માટે હે દેવાનુપ્રિયો ! કોઈ પણ માણસ તેમની સુંદરતા વગેરે કારણોથી આકર્ષાઈને તે નંદિફળ વૃક્ષોના મૂળોને, કંદોને, છાલને પાંદડાંઓને, પુષ્પોને, બિયાંઓને અથવા તો લીલી કૂંપળોને ખાશે કે તેમના છાંયડામાં વિસામો લેશે ત્યારે તો તેમને ખૂબજ આનંદ પ્રાપ્ત થશે પણ ત્યાર પછી થોડા જ સમયમાં જેમ જેમ તેમનું રસાદિરૂપ પરિણમન થશે તેમ તેમ તેઓ ખાધેલા મૂળ કંદ વગેરે તે માણસને અકાળે જ નિર્જીવ બનાવી દેશે.

(तं माणं देवाणुप्पिया ! केइ तेसिं नंदिफलाणं मूलाणि वा जाव छायाए वा वीसमउ, माणं से वि अकाले चेव जीवियाओ ववरोविज्जिस्सइ, तुब्भेणं देवाणुप्पिया ! अन्नेसिं रुक्खाणं मूलानि जाव हरियाणि य आहारेह, छायासु वीसमह त्तिघोसणं घोसेह जाव पच्चप्पिणंति)

એથી હે દેવાનુપ્રિયો ! તમારામાંથી કોઈપણ માણસ તે નંદિફળ વૃક્ષોના મૂળોને ન ખાય અને તેની છાયામાં પણ વિસામો લેવા બેસે નહિ. જે માણસ નંદિફળ વૃક્ષોના મૂળ વગેરેનું ભક્ષણ કરશે નહિ તેમજ તેમના છાંયડામાં પણ વિસામો લેશે નહિ તેનું અકાળે મરણ થશે નહિ. તમે લોકો તે વનમાં નંદિફળ વૃક્ષોને બાદ કરતાં બીજા જે વૃક્ષો હોય હે દેવાનુપ્રિયો ! તમે લોકો તેમના મૂળોને તેમજ લીલી કૂંપળો વગેરેનું ભક્ષણ કરજો અને તેમની જ છાયામાં વિસામો લેશો. આ પ્રમાણે તમે ઘોષણા કરો. ત્યાર પછી તે લોકોએ આજ્ઞા પ્રમાણે

જ ઘોષણા કરીને ધન્ય સાર્થવાહને ઘોષણાનું કામ થઈ જવાની ખબર આપી.

(तएणं से धण्णे सत्थवाहे सगडी सागडं जोएइ २ जेणेव नंदिफलरुक्खा, तेणेव उवागच्छइ, उवागच्छित्ता तेसिं नंदिफलाणं अदूरसामंते सत्थणिविसे करेइ करित्ता दोच्चंपि तच्चंपि कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी तुब्भेणं देवाणुप्पिया ! मम सत्थनिवेसंसि महया २ सद्देणं उग्घोसेमाणा २ एवं वयह- एएणं देवाणुप्पिया ! ते णंदिफला रुक्खा, किण्हा जाव मणुन्ना छायाए)

ત્યાર પછી તે ધન્ય સાર્થવાહે ગાડીઓ અને ગાડાંઓને જોતરાવ્યાં અને જોતરાવીને તેઓ જે તરફ નંદિફળ વૃક્ષો હતાં તે તરફ રવાના થયા. ત્યાં પહોંચીને તેણે નંદિફળ વૃક્ષોની પાસે પોતાના સાર્થને રોકયો અર્થાત્ વિસામા માટે ત્યાંજ પડાવ નાખ્યો પડાવ નાખ્યા બાદ તેણે બે ત્રણ વખત કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! મારા સાર્થ નિવેશમાં જઈને મોટેથી તમે આ પ્રમાણે ઘોષણા કરો કે હે દેવાનુપ્રિયો ! જે નંદિફળ વૃક્ષોના વિષે પહેલાં તમને જાણ કરવામાં આવી હતી તે એજ કૃષ્ણ તેમજ છાયાથી મનોજ્ઞ લાગતાં નંદિફળ વૃક્ષો છે.

(तं जो णं देवाणुप्पिया ! एएसिं णंदिफलाणं रुक्खाणं मूलाणि वा कंद० पुप्फ० तय० पत्त० फल जाव अकाले चेव जीवियाओ ववरोवेइ तं माणं तुब्भे जाव दूरं दूरेणं परिहरमाणा वीसमह,माणं अकाले चेव जीवियाओ ववरोविस्सइ, अन्नेसिं रुक्खाणं मूलाणि य जाव वीसमहत्ति कट्टु घोसणं जाव पच्चप्पिणंति)

એટલા માટે હે દેવાનુપ્રિયો ! તમારામાંથી કોઈ પણ માણસ નંદિફળ વૃક્ષોનાં મૂળોને, કંદોને, પુષ્પોને, છાલને, ફળોને ખાય નહિ અને તેમની છાયામાં પણ વિસામો લે નહિ, નહિતર તે અકાળે જ મૃત્યુને ભેટશે. એટલા માટે એમનાથી ખૂબ જ દૂર રહીને વિસામો લેશો તેથી તમારા જીવનને કંઈ

પણ મુશ્કેલી નડશે નહિ. તેમજ આ વૃક્ષો સિવાયનાં બીજાં વૃક્ષો છે, તેમનાં મૂળ, કંદ વગેરે તમે ખાવ અને તેમના છાંયડામાં વિશ્રામ કરો. તેઓએ ધન્યસાર્થવાહની આજ્ઞા પ્રમાણે જ ઘોષણા કરીને તેને ખબર આપી.

(तत्थ णं अप्पेगइया पुरिसा धण्णस्स सत्थवाहस्स एयमट्ठं सद्दहंति, पत्तियंति, रोयंति, एयमट्ठं सद्दहमाणाइं तेसिं नंदिफलाणं० दूरं दूरेणं परिहरमाणा २ अन्नेसिं रुक्खाणं मूलाणि य जाव वीसमंति)

ત્યાં સાર્થમાં આવેલા કેટલાક માણુસોએ ધન્યસાર્થવાહની સૂચના રૂપ આ વાતને સ્વીકારી લીધી અને તેને શ્રદ્ધાની અપેક્ષાએ પોતાના હૃદયમાં સ્થાન આપતાં બરોબર તેની ઉપર પ્રતીતિ કરી લીધી તે લોકોને તે વાત રૂચિકર પણ થઈ પડી. આ રીતે શ્રદ્ધાયુક્ત થયેલા તે લોકોએ તે નંદિફળ વૃક્ષોના મૂળ વગેરેથી અને તેમની છાયાથી ખૂબ જ દૂર રહીને બીજાં વૃક્ષોના મૂળ તેમજ કંદ વગેરેને ખાધાં તથા તેમની છાયામાં વિસામો લીધો.

(तेसिं णं आवाए णो भद्दए भवइ, तओ पच्छा परिणममाणा २ सुहरूवत्ताए भुज्जो २ परिणमंति, एवामेव समणाउसो जो अम्हं निग्गंथो वा निग्गंथी वा जाव पंचसु कामगुणेसु नो सज्जेइ, नो रज्जेइ से णं इहभवे चेव बहूणं समणाणं४ अच्चणिज्जे परलोए नो आगच्छइ, जाव वीइवयस्सइ जहा वा ते पुरिसा)

તે માણુસોને વૃક્ષોના મૂળ કંદ વગેરે ખાતી વખતે સવિશેષ સ્વાદ વગેરેની અનુભૂતિ તો થઈ શકી નહિ પણ ખાધા પછી તે મૂળ કંદ રસ વગેરે રૂપમાં પરિણત થયાં ત્યારે તેમને સુખ મળ્યું અને સાથે સાથે તેમનાં જીવન પણ સુરક્ષિત રહ્યાં. સુધર્મા સ્વામી હવે એજ વાતને દૃષ્ટાન્તનાં રૂપમાં સ્પષ્ટ કરતાં કહે છે કે હે આયુષ્મંત શ્રમણો ! આ પ્રમાણે જ જે અમારા નિર્ગ્રંથ શ્રમણીઓ, આચાર્ય તેમજ ઉપાધ્યાયની પાસે મુંડિત થઈને શ્રદ્ધા વગેરેથી

યુક્ત થઇને પાંચ કામ ગુણોમાં શબ્દાદિ વિષયોમાં–અનાસક્ત રહે છે એટલે કે અનુરક્ત થતા નથી, તેઓ આ ભવમાં જ ઘણા સાધુઓ તેમજ સાધ્વીઓની વચ્ચે સન્માનનીય થતાં પરલોકમાં જન્મરહિત થઈ જાય છે એટલે કે ફરી તેઓનો જન્મ થતો નથી કેમકે તેઓ આ ભવમાં જ ચતુર્ગતિ રૂપ આ સંસાર કાંતારને પાર કરવા લાયક સામર્થ્ય મેળવી લે છે તેઓ મોક્ષ મેળવવા યોગ્ય થઇ જાય છે, જેમ ધન્યસાર્થવાહના ઉપદેશ ઉપર શ્રદ્ધા મૂકીને સાર્થના કેટલાક પુરૂષોએ નંદિ વૃક્ષોના મૂળ કંદ વગેરેને ત્યજીને તેની સૂચના મુજબ આચરણ કરતાં અહિચ્છત્રા નગરીમાં પહોંચી શકે તેવા થઇ ગયા. હવે જે પુરૂષોએ ધન્યસાર્થવાહની વાત ઉપર શ્રદ્ધા મૂકી નહિ તેઓની શી હાલત થઈ તેનું વર્ણન કરતાં સૂત્રકાર કહે છે—

(तत्थणं अप्पेगइया पुरिसा धणस्स सत्थवाहस्स एयमट्ठं नो सद्दहंति ३ धणस्स एयमट्ठं असद्दहमाणा ३ जेणेव ते णंदिफला तेणेव उवागच्छंति, उवागच्छित्ता तेसिं नंदिफलाणं मूलाणि य जाव वीसमति, तेसि णं आवाए भद्दए, भवइ, तओ पच्छा परिणममाणा जाव ववरोवेंति एवामेव समणाउसो । जो अम्हं निग्गंथो वा निग्गंथी वा जाव पव्वइए पंचसु कामगुणेसु सज्जेइ, सज्जित्ता जाव अणुपरियट्टिस्सइ, जहा वा ते पुरिसा)

ત્યાં કેટલાક માણસોએ ધન્યસાર્થવાહના નંદિફળ વૃક્ષોના કંદમૂળો વગેરે ખાવા જોઇએ નહિ તેમજ તે વૃક્ષોની છાયામાં પણ વિસામો લેવો નહિ આ જાતના કથન પ્રત્યે શ્રદ્ધાવાન થયા નથી, તેના ઉપર વિશ્વાસ મૂકયો નહિ અને પ્રતીતિપૂર્વક તેમાં પોતાની અભિરૂચી બતાવી નહિ. તે માણસો ધન્યસાર્થવાહના કથન અશ્રદ્ધેય માનીને જ્યાં નંદિફળ વૃક્ષો હતાં ત્યાં ગયા. ત્યાં જઈને તેમણે તેમના મૂળ કંદ વગેરે ખાધાં અને તેમના છાંયડામાં વિસામો લીધો. તે સમયે તો તેમને ખૂબ જ આનંદ પ્રાપ્ત થયો, ફળોના સ્વાદમાં અપૂર્વ સુખ મળ્યું, પણ જ્યારે તેઓની પાચન ક્રિયા થવા માંડી એટલે કે ખાધેલા મૂળકંદ વગેરે

રસ વગેરે રૂપમાં પરિણત થવા લાગ્યા ત્યારે તેઓ બધા નિર્જીવ થઈ ગયા, મૃત્યુ પામ્યા. આ પ્રમાણે જ હે આયુષ્મંત શ્રમણો ! જે અમારા નિર્ગ્રંથ સાધુઓ કે નિર્ગ્રંથ સધ્વિઓ પ્રવ્રજીત થઈને પાંચ કામ ગુણોમાં અર્થાત્ પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં આસક્ત થઇ પડે છે-એટલે કે અનુરક્ત થઇ જાય છે, તે આ ભવમાં ઘણા શ્રમણો અને ઘણી શ્રમણીઓની વચ્ચે હીલનીય, નિંદનીય, અને ખિંસનીય હોય છે અને બીજા ભવમાં પણ આ ચતુર્ગતિ રૂપ સંસાર-કાંતારમાં જ ભ્રમણ કરતો રહેશે. તેને મોક્ષ પ્રાપ્ત થશે નહિ. ધન્યસાર્થવાહના ઉપદેશને શ્રદ્ધેય ન માનનારા કેટલાક માણસો જેમ નંદિ ફળ વૃક્ષોના મૂળ વગેરે ખાઇને ત્યાંને ત્યાંજ મરણ પામ્યા, અહિચ્છત્રા નગરીમાં પહોંચી શકયા નહિ, તેમજ તેઓની પણ સ્થિતિ થાય છે. ॥ સૂ. ૩ ॥

तएणं से धण्णे सत्थवाहे इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારબાદ (से धण्णे सत्थवाहे) તે ધન્યસાર્થવાહે (सगडी सागडं जोयावेइ जोयावित्ता जेणेव अहिच्छत्ता णयरी तेणेव उवागच्छइ ત્યાંથી પોતાની ગાડીઓ અને ગાડાંઓને જોતરાવીને જે તરફ અહિચ્છત્રા નગરી હતી તે દિશા તરફ રવાના થયો. (उवागच्छित्ता अहिच्छत्ताए नयरीए बहिया अगुज्जाणे सत्थनिवेसं करेइ) અને ધીમે ધીમે અહિચ્છત્રા નગરીમાં પહોંચી ગયો. ત્યાં પહોંચીને તેણે નગરીની બહાર આવેલા પ્રધાન ઉદ્યાનમાં પોતાના સાર્થનો મુકામ નાખ્યો. (करित्ता सगडीसागडं मोयावेइ) અને ત્યાં જ પોતાની ગાડીઓ અને ગાડાઓને છોડાવી નાખ્યાં.

(तएणं से धण्णे सत्थवाहे महत्थं ३ रायरिह पाहुडं गेण्हइ, गेण्हित्ता बहुहिं पुरिसेहिं सद्धिं संपरिवुडे अहिच्छत्तं नयरिं मज्झं मज्झेणं अणुप्पविसइ, अणुप्पविसित्ता

जेणेव कणगकेउ राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल जाव वद्धावेइ, बद्धावित्ता तं महत्थं२ पाहुडं उवणेइ)

ત્યારપછી તે ધન્યસાર્થવાહે મહાર્થ સાધક બહુ કિંમતી અને મહા પુરૂષોને યોગ્ય ભેટ સાથે લઇને ઘણા માણસોની સાથે અહિચ્છત્રા નગરીની વચ્ચેના માર્ગે (રાજમાર્ગ) થઇને નગરીમાં પ્રવિષ્ટ થયો. નગરીમાં પ્રવેશીને તે જ્યાં કનકકેતુ રાજા હતા ત્યાં ગયો. ત્યાં જઇને તેણે રાજાને બંને હાથ જોડીને નમસ્કાર કર્યા અને જય વિજય શબ્દો ઉચ્ચારણ કરતાં તેમને વધાઈ આપી. વધાઈ આપ્યા પછી તેણે રાજાની સામે પોતાની ભેટ મૂકી દીધી.

(तएणं से कणगकेऊ राया हट्ठ तुट्ठ० धण्णस्स सत्थवाहस्स तं महत्थं ३ जाव पडिच्छइ पडिच्छित्ता धण्णं सत्थवाह सक्कारेइ सम्माणेइ, सक्कारित्ता सम्माणित्ता उस्सुक्कं वियरइ २ पडिविसज्जेइ)

કનકકેતુ રાજાએ હર્ષિત તેમજ સંતુષ્ટ થઇને મહાર્થ સાધક મહામૂલ્યવાળી અને રાજાઓને માટે યોગ્ય ભેટ સ્વીકારી લીધી. સ્વીકાર કર્યા બાદ તેમણે ધન્યસાર્થવાહનો સત્કાર તેમજ સન્માન કર્યું. સત્કાર અને સન્માન કરીને રાજાએ 'કોઇપણ રાજપુરૂષ તેમની પાસેથી રાજકર લે નહિ' તે પ્રમાણેની વ્યવસ્થા કરતાં તેમને શુલ્ક માફીનું આજ્ઞાપત્ર લખી આપ્યું. ત્યારપછી તેને ત્યાંથી જવાની આજ્ઞા આપી

(तएणं से धण्णे सत्थवाहे भंडविणिमयं करेइ, करित्ता पडिभंडं गेण्हइ, गेण्हिता सुहं सुहेणं जेणेव चंपानयरी तेणेव उवागच्छइ)

ત્યારબાદ ધન્યસાર્થવાહે ત્યાં રહીને પોતાની ક્રયાણક વસ્તુઓને વેચી અને તેનાથી જે ધન મળ્યું તેનાથી બીજી વસ્તુઓ ખરીદી લીધી. વસ્તુઓની ખરીદ કરીને તેણે બધી વસ્તુઓની ખરીદી કરીને તેણે બધી વસ્તુઓને ગાડી તેમજ ગાડાઓમાં ભરી અને ત્યારપછી ગાડી અને ગાડાઓને જોતરાવીને ત્યાંથી ચંપા નગરી તરફ પાછો રવાના થયો.

(उवागच्छित्ता मित्तनाइ० अभिसमन्नागए विउलाइं माणुस्सगाइं काम भोगाइं भुंजमाणे विहरइ)

ચંપા નગરીમાં આવીને તે પોતાના મિત્ર. જ્ઞાતિ, સ્વજન, સંબંધી પરિજનોને મળ્યો અને વિપુલ મનુષ્ય ભવના કામભોગો ભોગવવા લાગ્યો.

(तेणं कालेणं तेणं समएणं थेरागमणं धण्णे सत्थवाहे धम्मं सोच्चा जेट्ठं पुत्त कुडुंबे ठवेत्ता पव्वइए, सामाइयमाइयाइं एक्कारसअंगाइं बहूणि वासाणि सामण्णपरियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अन्नतरेसु देवलोएसु देवत्ताए उववन्ने महाविदेहे वासे सिज्झिहिइ, जाव अंतं करेहिइ । एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं पन्नरसमस्स अयमट्ठे पण्णत्ते त्ति बेमि)

તે કાળે અને તે સમયે તે નગરીમાં સ્થવિરો પધાર્યા ધન્યસાર્થવાહે તેઓના મુખથી ધર્મનું વ્યાખ્યાન સાંભળ્યું અને સાંભળીને તેને પ્રતિબોધ થયો પ્રતિબુદ્ધ થઈને તેણે પોતાના કુટુંબના વડા તરીકે પોતાના મોટા પુત્રનીનીમણુક કરીને દીક્ષા ગ્રહણ કરી દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેણે સામાયિક વગેરે અગિઆર અંગોનું અધ્યયન કર્યું અને ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને એક માસની સંલેખનાથી ૬૦ ભક્તોનું અનશન વડે છેદન કરીને કાળના વખતે કાળ કરીને દેવલોકમાં દેવતા પર્યાયથી જન્મ પામ્યો. મહાવિદેહ ક્ષેત્રથી તે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે યાવત્ બધા દુઃખોનો તે અન્ત કરનાર થશે. આ રીતે હે જંબૂ! શ્રમણ ભગવાન મહાવીરે કે જેઓએ સિદ્ધિગતિ નામના સ્થાનને મેળવી લીધું છે–આ પંદરમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત ભાવ નિરૂપિત કર્યો છે. મેં જે પ્રમાણે તેઓશ્રીના મુખથી સાંભળ્યું છે તે પ્રમાણે જ તમારી આગળ રજુ કર્યું છે. ॥ સૂત્ર ૪ ॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત જ્ઞાતાધ્યયન સૂત્રની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યાનું પંદરમું અધ્યયન સમાપ્ત ॥૧૫॥

સોળમું અધ્યયન પ્રારંભ

પંદરમું અધ્યયન પુરૂં થાય છે. હવે સોળમું અધ્યયન પ્રારંભ થાય છે. પંદરમા અધ્યયનમાં વિષયસંગને અનર્થનું કારણુ બતાવવામાં આવ્યું છે. હવે સોળમા અધ્યયનમાં વિષય-નિદાન અનર્થનું કારણુ હોય છે, આ વાત સ્પષ્ટ કરવામાં આવશે. આ વિષયને લગતું આ અધ્યયનનું પહેલું સૂત્ર આ છેઃ—

जइणं भंते इत्यादि—

ટીકાર્થ—(जइणं भंते ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं पन्नरस-मस्स नायज्झयणस्स अयमट्ठे पण्णत्ते सोलसमस्स णं भंते ! णायज्झयणस्स णं समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ? एवं खलु जंबू !)

શ્રી જંબૂ સ્વામી સુધર્મા સ્વામીને પૂછે છે કે હે ભદંત ! શ્રમણુ ભગવાન મહાવીરે કે—જેઓ સિદ્ધિગતિ નામક સ્થાનને મેળવી ચૂકયા છે—પંદરમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપે અર્થ નિરૂપિત કર્યો છે તો તે શ્રમણ ભગવાન મહાવીરે—કે જેઓ સિદ્ધિગતિ મેળવી ચૂકયા છે—સોળમા જ્ઞાતાધ્યયનનો શો અર્થ નિરૂપિત કર્યો છે ? આ રીતે જંબૂ સ્વામીના પ્રશ્નને સાંભળીને સુધર્મા સ્વામી તેમને ઉત્તર આપતાં કહે છે કે હે જંબૂ !

(तेणं कालेणं तेणं समएणं चंपा नामं नयरी होत्था, तीसेणं चंपाए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए सभूमिभागे उज्जाणे, होत्था तत्थ णं नयरीए तओ माहणा भायरा परिवसंति)

તે કાળે અને તે સમયે ચંપા નામે નગરી હતી તે ચંપા નગરીની બહાર ઇશાન કોણુમાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું તે ચંપા નગરીમાં ત્રણુ બ્રાહ્મણુ ભાઇઓ રહેતા હતા. (तंजहा) તેમનાં નામ આ પ્રમાણે છે—(सोमे सोमदत्ते सोभूमई) સોમ, સોમદત્ત, અને સોમભૂતિ. (अड्ढा जाव अपरिभूया) તેઓ ત્રણે ધનધાન્ય વગેરેથી સંપન્ન તેમજ જનમાન્ય હતા. (रिउव्वेय, जाव सुपरिनिट्ठिया) તેઓ ત્રણે ઋગ્વેદ વગેરે ચારે વેદોના સારા જ્ઞાતા હતા.

(तेसि णं माहणा णं तओ भारियाओ होत्था तं जहा—नागसिरी, भूयसिरी

जक्खसिरी, सुकुमार जाव तेसि णं माहणाणं इट्ठाओ० विपुले मा० जाव विहरंति)
આ ત્રણે બ્રાહ્મણોને ત્રણ સ્ત્રીઓ હતી. તેમનાં નામો આ પ્રમાણે છે. નાગશ્રી, ભૂતશ્રી, અને યક્ષશ્રી. તેઓ ત્રણે સુકોમળ હાથ અને પગવાળી હતી અને બધાં અંગો તેમનાં સુંદર હતાં. ત્રણે બ્રાહ્મણો તેમની સાથે મનુષ્ય ભવના કામભોગો ભોગવતાં સુખેથી રહેતા હતા.

(तएणं तेसिं माहणाणं अन्नया कयाइं एगयओ समुवागयाणं जाव इमेया-रूवे मिहो कहासमुल्लावे समुप्पज्जित्था)

એક દિવસની વત છે કે તેઓ ત્રણે ભાઈ એક સ્થાને બેઠા હતા ત્યારે તેઓ પરસ્પર આ જાતનો વિચાર કરવા લાગ્યા કે—

(एवं खलु देवाणुप्पिया ! अम्हं इमे विउले धणे जाव सावतेज्जे अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं पकामं भोत्तुं पकामं परिभाएउं तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! अन्नमन्नस्स गिहेसु कल्लाकल्लिं विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडाविउं)

હે દેવાનુપ્રિયો ! આપણી પાસે પુષ્કળ પ્રમાણમાં ગણિમ, ધરિમ, મેય, અને પરિચ્છેદ્ય રૂપ ચારે જાતનું ધન છે. યાવત્ પદ્મરાગ વગેરે રૂપ સ્વાપત્ય પણ છે. કનક' સુવર્ણ, રત્ન, મણિ, મોતી, વગેરે બધું છે–અને જે કંઇ છે તે એટલું બધું છે કે સાત પેઢી સુધી પણ જો પુષ્કળ પ્રમાણમાં દાન કરવામાં આવે છતાં તે ખૂટશે નહિ. એથી અમને એ યોગ્ય લાગે છે કે અમે બધા દરરોજ એકબીજાને ઘેર અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચાર જાતના આહારો પુષ્કળ પ્રમાણમાં બનાવડાવીએ અને (उवक्खडावित्ता परिभुंजमाणाणं विहरित्तए) બનાવડાવીને જમીએ. (अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति) આ રીતે બધાએ એકમત થઇને વાત સ્વીકારી લીધી.

(पडिसुणित्ता कल्लाकल्लिं अन्नमन्नस्स गिहेसु विउलं असण ४ उवक्खडावेंति)

स्वीकारीने तेओ એકબીજાને ઘેર પુષ્કળ પ્રમાણમાં અશનપાન વગેરે ચાર જાતના આહારોને ખાવા-પીવા લાગ્યા.

(तएणं तीसे नागसिरीए माहणीए अन्नया भोयणवारए जाए यावि होत्था)

કોઈ એક દિવસે નાગશ્રી બ્રાહ્મણીનો ભોજન તૈયાર કરવાનો વારો આવ્યો (तएणं सा नागसिरि विउलं असणं ४ उवक्खडेंति) તેણે તે દિવસે પુષ્કળ પ્રમાણમાં ચારે જાતના આહારો બનાવ્યા.

(उवक्खडित्ता एगं महं सालइयं तित्तालाउअं बहुसंभार सजुत्तं णेहावगाढं उवक्खडेइ)

આહાર બનાવીને તેણે શરદ્ ઋતુમાં ઉત્પન્ન થયેલી અથવાતો રસથી સરસ થયેલી તિક્તરસવાળી તુંબીનું શાક બનાવ્યું અને તેમાં સ્વાદ અને સુગંધીના માટે હીંગ, મેથી, જીરૂં વગેરેનો વઘાર દીધો હતો એટલે તેની ઉપર ઘી તરતું હતું. (उवक्खडित्ता एगं बिंदुयं करयलंसि आसाएइ) જ્યારે શાક તૈયાર થઈ ગયું ત્યારે તેણે તેમાંથી ફક્ત એક ટીપા જેટલું શાક પોતાની હથેળી ઉપર લઇને ચાખ્યું.

(आसाइत्ता तं खारं कडुयं अक्खज्जं अभोज्जं विसब्भूयं जाणित्ता एवं वयासी-धिरत्थु णं मम नागसिरीए अहन्नाए, अपुन्नाए, दूरभगाए दूभगसत्ताए दूभगणिंबोलियाए जीएणं मए सालइए बहुसंभारसंभिए नेहावगाढे उवक्खडिए)

ચાખવાથી તેને લાગ્યું કે આ શાક તો ખૂબ જ ખારૂં છે, ખૂબ જ કડવું છે, ખાવાલાયક નથી, ભોજનમાં કામ લાગે તેવું નથી, આ તો ઝેર જેવું છે, આમ જાણીને તેણે પોતાના મનમાં જ વિચાર કર્યો અને વિચાર કરતાં તેણે પોતાની જાતને જ આ પ્રમાણે કહ્યું કે-મને-નાગશ્રીને-ધિક્કાર છે, હું ખરેખર અધન્યા તેમજ અપુણ્યા છું. હું લોકો દ્વારા આદર મેળવવા લાયક નથી. મારા આ બળને વારંવાર ધિક્કાર છે, મારૂં આ બળ સાવ નકામું છે. શાક તૈયાર કરવામાં જેટલો મેં શ્રમ કર્યો છે તે બધો નકામો ગયો. જેમ લીમ-

ડાની લીંબોળી માણુસોની સામે આદર મેળવવા ચોગ્ય ગણાતી નથી તે પ્રમાણે હું પણુ માણુસો દ્વારા આદર પ્રાપ્ત કરવા લાયક રહી નથી. એટલે કે હું લોકોની સામે અનાદરણીય થઇ ગઈ છું. મેં શરદ્ કાલિક અથવા સરસ તુંબીના ફળનું હીંગ, જીરૂં વગેરે દ્રવ્યોથી યુક્ત અને ઘી વગેરેથી યુક્ત શાક બનાવ્યું છે (सुबहु दव्वक्खए नेहक्खए य कए) એને તૈયાર કરવામાં મેં વ્યર્થ હીંગ, જીરૂં, મેથી વગેરે તેમજ ઘી વગેરે વસ્તુઓનો દુર્વ્યય કર્યો છે (तं जइणं ममं जाउयाओ जणिस्संति, तो णं मम खिसिस्संति) જો મારાં દેરાણીને આ વાતની જાણુ થશે તો તેઓ ચોક્કસ મારા ઉપર ગુસ્સે થશે અને મારી નિંદા કરશે.

(तं जाव ताव ममं जाउयाओ ण जाणंति ताव ममं सेयं एयं सालइयं तित्तालाउय बहु संभारणेहकयं एगंते गोवेत्तए)

એથી અત્યારે મને એ જ ચોગ્ય લાગે છે કે આ શારદિક તિક્તાલાબુ (કડવી તૂંબડી) ના શાક ને-કે જે ખૂબ જ સરસ ઘી નાખીને વઘારવામાં આવ્યું છે-એક તરફ છુપાવીને મૂકી દઉં અને તેની જગ્યાએ (अन्नं सालइयं महुरालाउयं जाव नेहावगाढं उवक्खडेत्तए) બીજી શારદિક મીઠી તૂંબડીનું ઘી ઉપર તરી રહ્યું છે એવું શાક હીંગ, જીરૂં અને મેથીમાં વઘારીને બનાઉં.

(एवं संपेहेइ, संपेहित्ता तं सालाइ य जाव गोवेइ, अन्नं सालइयं महुरालाउयं उवक्खडेइ, तेसिं माहणाणं ण्हायाणं जाव सुहासनवरगयाणं तं विपुलं असणं ४ परिवेसेइ)

આ જાતનો તેણે વિચાર કર્યો, વિચાર કરીને તે શારદિક કડવી તૂંબડીના સરસ ઘીમાં વઘારેલા શાકને એક તરફ છુપાવીને મૂકી દીધું અને બીજી શારદિક મીઠી તુંબડી-દૂધી-નું હીંગ, જીરૂં અને મેથીનો વઘાર કરીને ઉપર ઘી તરતું શાક બનાવ્યું. એટલામાં તો તેઓ ત્રણે બ્રાહ્મણો સ્નાન વગેરેથી પરવારીને ભોજનશાળામાં આવીને પોતપોતાના આસન ઉપર શાંતિથી બેસી ગયા. તેમને બેસતાં જ તેણે તેઓને અશન વગેરે રૂપ ચારે જાતનો આહાર થાળીમાં પીરસ્યો.

(तएणं ते माहणा जिमिय भुत्तुत्तरागया समाणा आयंता, चोक्खा परमसुइ भूया सकम्मसंपउत्ता जाया यावि होत्था)

આહાર જ્યારે પીરસાઈ ગયો ત્યારે તેઓ ત્રણે જમ્યા અને જમી પરવારીને કોગળા વગેરે કરીને હાથ મોં સાફ કર્યો અને હાથ મોં સાફ કરીને તેઓ ત્રણે પોતપોતાના કામમાં પરોવાઇ ગયા.

(तएणं ताओ माहणीओ ण्हायाओ जाव विभूसियाओ तं विपुलं असणं४आहारित्ता जेणेव सयाइं२ गेहाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता सकम्मसंपउत्ताओ जायाओ)

ત્યારબાદ તે બ્રાહ્મણીઓએ-કે જેઓએ પહેલાં સ્નાન કરીને પોતાના શરીરને સુંદર વસ્ત્રોથી શણગાર્યું હતું-તે પુષ્કળ પ્રમાણમાં બનાવવામાં આવેલો અશન વગેરે રૂપ ચાર જાતનો આહાર કર્યો. આહારથી પરવારીને તેઓ પોતપોતાના વાસભવનમાં જતી રહી અને ત્યાં જઇને તેઓ સર્વે પોતપોતાના કામોમાં પરોવાઈ ગઈ. ॥સૂ૦૧॥

(ते णं कालेणं तेणं समएणं) इत्यादि ।

ટીકાર્થ-(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે

(धम्मघोसा नाम थेरा जाव बहुपरिवारा जेणेव चंपा नामं नयरी जेणेव सुभूमिभागे उज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता अहापडिरूवं जाव विहरंति परिसा निग्गया, धम्मो कहिओ, परिसापडिगया, तएणं तेसिं धम्मघोसाणं थेराणं अंतेवासी धम्मरुई नाम अणगारे ओराले जाव तेउलेस्से मासं मासेणं खममाणं विहरइ

ધર્મઘોષ નામના સ્થવિર પોતાના ઘણા પરિવારોની સાથે જ્યાં ચંપા નગરી અને તેમાં પણ જ્યાં તે સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે ત્યાં રોકાવાની પોતાના આચાર મુજબ આજ્ઞા માંગી. ત્યારપછી તેઓ ત્યાં પોતાના આત્માને તપ અને સંયમથી ભાવિત કરતાં રહેવા લાગ્યા. ચંપા નગરીના બધા લોકો તેમનાં વંદન તેમજ ધર્મકથા શ્રવણ માટે ત્યાં આવ્યા. તેઓશ્રીએ શ્રુતચારિત્ર રૂપ ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને લોકો પોતપોતાના નિવાસ સ્થાને જતા રહ્યા. ત્યારપછી ધર્મઘોષ સ્થવિરના અંતેવાસી-જેમનું નામ ધર્મરુચિ અનગાર હતું, જેઓ ખૂબ જ ઉદાર પ્રકૃતિના હતા, વિશિષ્ટ તપસ્યાઓ કરતા રહેતા હતા. જેના પ્રભાવથી એમણે તેજોલેશ્યા મેળવી હતી અને તેજોલેશ્યાને તેમણે પોતાના શરીરમાં જ સંકોચી રાખી હતી, આ તેજો-લેશ્યાનો પ્રભાવ આ જાતનો હોય છે કે જ્યારે તે શરીરની બહાર નીકળે છે ત્યારે ઘણા યોજનો સુધીના ક્ષેત્રમાં મૂકેલી વસ્તુઓને ભસ્મ કરી નાખે છે-માસક્ષપણની ઉપવાસ રૂપ તપસ્યાથી તેઓ

પોતાના ત્રિંશત્ અહોરાત્રાત્મક કાળને તે સમયે પસાર કરી રહ્યા હતા—એટલે કે તેઓ તે સમયે એક માસની તપસ્યા કરી રહ્યા હતા.

(तएणं से धम्मरुइ अणगारे मासखमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ, बीयाए पोरीसए एवं जहा गोयमसामी तहेव उग्गाहेइ, उग्गाहित्ता तहेव धम्मघोसं थेरं आपुच्छइ, जाव चंपाए नयरीए उच्चनीय मज्झिमकुलाइं जाव अडमाणे जेणेव नागसिरीए माहणीए गिहे तेणेव अणुपविट्ठे. तएणं सा नागसिरी माहणी धम्मरुइं एज्जमाणं पासइ)

ધર્મરુચિ અનગાર ગૌતમ સ્વામીની જેમ પ્રથમ પૌરુષીમાં સૂત્રપાઠ રૂપ સ્વાધ્યાય, દ્વિતીય પૌરુષીમાં સૂત્રાર્થ ચિંતન રૂપ ધ્યાન અને તૃતીય પૌરુષીમાં વસ્ત્ર અને પાત્રોનું પ્રમાર્જન કરતા હતા, માસ ક્ષપણના પોતાના પારણાના દિવસે પણ તેઓએ તૃતીય પૌરુષીમાં વસ્ત્ર—પોતાનું પ્રમાર્જન કરીને પોતાના પાત્રોને લીધા અને લઇને તેઓ ધર્મઘોષ સ્થવિરની પાસે ગયા. જેમ ગૌતમ સ્વામીને પૂછીને આહાર લાવવા માટે નીકળતા હતા તેમજ તેઓએ પણ આહાર લાવવા માટે ધર્મઘોષ સ્થવિરની પાસે આજ્ઞા માંગી. આજ્ઞા મેળવીને તેઓ ચંપા નગરીમાં ઉચ્ચનીચ અને મધ્યમ કુળોમાં ભ્રમણ કરતાં જ્યાં નાગશ્રી બ્રાહ્મણીનું ઘર હતું ત્યાં ગયા. નાગશ્રી બ્રાહ્મણીએ તેઓને આવતા જોયા

(पासित्ता तस्स सालइयस्स बहुसंभारसंभियस्स णेहावगाढस्स तित्तकडुयस्स पट्ठवणट्ठयाए हट्ठतुट्ठा उट्ठाए उट्ठेइ, उट्ठित्ता जेणेव भत्तघरे तेणेव उवागच्छइ)

ત્યારે તરત જ સરસ વધારેલો ઘી તરતો કડવી તુંબડીનો આહાર આપવા માટે ઉત્થાન ક્રિયા વડે ઊભી થઈ એટલે કે પોતાનામાં રહેલી ઊભા થવાની તાકાતથી તે ઊભી થઈ અને હૃષ્ટ તેમજ તુષ્ટ થતી જ્યાં ભોજનશાળા હતી ત્યાં ગઈ.

(उवागच्छित्ता तं सालइयं तित्तकडुयं च बहुसंभारसंभियं णेहावगाढं धम्मरुइयस्स अणगारस्स पडिग्गहंसि सव्वमेव निसिरइ)

ત્યાં જઈને તેણે તે શારદિક કડવી તૂંબડીનું ખૂબ જ સરસ રીતે વઘારેલું તેમજ ઘી તરતું શાક લઈ આવી અને ત્યારપછી ધર્મરુચિ અનગારના પાત્રમાં બધું નાખી દીધું.

(तएणं धम्मरूई अणगारे अहापज्जत्तमित्ति कट्टु णागसिरीए माहिणीए गिहाओ पडिनिक्खमइ)

ત્યારપછી તે ધર્મરુચિ અનગાર "આ ઉદર પોષણ માટે પર્યાપ્ત છે" એવું જાણીને નાગશ્રી બ્રાહ્મણીના ઘેરથી બહાર નીકળ્યા.

(पडिनिक्खमित्ता चंपाए नयरीए मज्झं मज्झेणं पडिनिक्खमइ, जेणेव सुभूमिभागे उज्जाणे–तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मघोसस्स अदूरसामंते अन्नपाणं पडिलेहेइ, पडिलेहित्ता अण्णपाणं करयलंसि पडिदंसइ, तएणं से धम्मघोसाथेरा तस्स सालइस्स जाव नेहावगाढस्स गंधेणं अभिभूया समाणा तओ सालइयाओ जाव नेहावगाढाओ एगं बिंदुगं गहाय करयलंसि आसाएइ)

નીકળીને ચંપા નગરીની વચ્ચેના માર્ગથી પસાર થતાં જ્યાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓ પોતાના આચાર્ય ધર્મઘોષ સ્થવિરની પાસે આવ્યા અને ત્યાં આવીને તેમણે ભિક્ષામાં પ્રાપ્ત થયેલા આહારને બતાવ્યો અને બતાવીને તે શારદિક કડવી તૂંબડીના સરસ વઘારેલા ઘી તરતા શાકની સુવાસથી અભિભૂત થતાં તે ધર્મઘોષ આચાર્યે તે શારદિક સરસ વઘારેલા ઘી તરતા શાકને હથેળી ઉપર મૂકીને ચાખ્યું.

(तत्तगं खारं कडुयं अखज्जं अभोज्जं विसभूयं जाणित्ता धम्मरूइं अणगारं एवं वयासी–जइणं तुमं देवाणुप्पिया ! एयं सालइयं जाव नेहावगाढं आहारेसि तो णं तुमं अकाले चेव जीवियाओ ववरोविज्जसि)

ચાખતાં જ "આ તિકત છે, ખારૂં છે, કડવું છે, અખાદ્ય તેમજ અભોજ્ય છે તથા વિષભૂત છે" આવું જાણીને ધર્મરુચિ અનગારને તેઓએ આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય! જો તમે શારદિક કડવી તૂંબડીના સરસ વઘારેલા ઘીતરતા શાકનો આહાર કરશો તો ચોક્કસ તમે કમોતે મરી જશો.

(तं माणं तुमं देवाणुप्पिया ! इमं सालइयं जाव आहारेहि माणं तुमं अकाले चेव जीवियाओ ववरोविज्जहि तं गच्छणं तुमं देवाणुप्पिया ! इमं सालइयं एगंतमणावाए अचित्ते थंडिले पडिट्ठवेहि, परिट्ठवित्ता अन्नं फासुयं एसणिज्जं असणं पाणं खाइमं साइमं पडिगाहित्ता आहारं आहारेहि)

એથી હે દેવાનુપ્રિય ! તમે આ શારદિક તૂંબડીના શાકને ખાશો નહિ તેથી અકાળે તમારૂં મરણ પણ થશે નહિ. માટે હે દેવાનુપ્રિય ! તમે આ આ શારદિક કડવી તૂંબડીના શાકની કોઈપણ એકાંત–નિર્જન સ્થાનમાં કે જ્યાં દ્વિન્દ્રિયાદિ પ્રાણીઓનું સંચરણ હોય નહિ અને જે અચિત્ત હોય એવી ભૂમિ ઉપર પરિષ્ઠાપના કરી આવો અને પરિષ્ઠાપના કર્યા બાદ પ્રાસુક એષણીય ૪૨ દોષોથી રહિત શુદ્ધ અશન, પાન, ખાદ્ય–સ્વાદ્ય રૂપ બીજો આહાર લાવી તે આહાર ગ્રહણ કરો. ॥ સૂત્ર " ૨ " ॥

त एणं से धम्मरुई अणगारे इत्यादि

ટીકાર્થ–(त एणं) ત્યારપછી

(से धम्मरूई अणगारे धम्मघोसेणं थेरेणं एवं वुत्ते समाणे धम्मघोसस्स थेरस्स अंतियाओ पडिनिक्खमइ)

તે ધર્મરુચિ અનગાર ધર્મઘોષની આ વાત સાંભળીને તેમની પાસેથી આવતા રહ્યા.

(पडिनिक्खमित्ता सुभूमिभागाओ उज्जाणाओ अदूरसामंते थंडिलं पडिलेहेइ, पडिलेहित्ता तओ सालइयाओ एगं बिंदुगं गहेइ, गहित्ता थंडिलंसि निसरइ, तो णं तस्स सालइयस्स तित्तकडुयस्स बहुनेहावगाढस्स गंधेणं बहूणि पिवीलिगा

सहस्साणि पाउब्भूयाइं जा जहायणं पिवीलिका आहारेइ सा तहा अकाले चेव जीवियाओ ववरोविज्जइ)

અને આવીને તેમણે સુભૂમિભાગ ઉદ્યાનથી વધારે દૂર પણ નહિ અને વધારે નજીક પણ નહિ એવા સ્થાને ભૂમિની પ્રતિલેખના કરી. પ્રતિલેખના કરીને તેઓએ તે શારદિક-તિકત કડવી તૂંબડીના શાકમાંથી એક ટીપા જેટલું શાક લીધું અને લઈને તે ભૂમિભાગ ઉપર નાખી દીધું. નાખતાંની સાથે જ ત્યાં શારદિક તિકત-કડવી તુંબડીના ઘી તરતા શાકની સુવાસથી હજારો કીડીઓ એકઠી થઈ ગઈ. તેઓમાંથી જે જે કીડીએ તે શાકને ખાધું હતુ તે તે તરતજ ત્યાં મરી ગઈ.

तएणं तस्स धम्मरुइयस्स अणगारस्स इमेयारूवे अज्झत्थिए ५ जइ ताव इमस्स सालइयस्स जाव एगंमि बिंदुगंमि पक्खित्तम्मि अणेगाइं पिवीलिया सहस्साइं ववरोविज्जंति, तं जइणं अहं एयं सालइयं थंडलंसि सव्वं निसिरामि तएणं बहुणं पाणाणं४वह कारणं भविस्सइ तं सेयं खलु ममेयं सालइयं जाव गाढं सयमेव आहारेत्तए

આ પ્રમાણે કીડીઓની વિરાધના જોઈને ધર્મરુચિ અનગારને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ-વિચાર-ઉદ્ભવ્યો. અહીં સંકલ્પના ચિંતિત, પ્રાર્થિત, કલ્પિત આ ત્રણે વિશેષણોના ગ્રહણ માટે સૂત્રમાં ૫ નો અંક આપવામાં આવ્યો છે-કે જ્યારે આ શારદિક તિકત કડવી તૂંબડીના શાકના ફક્ત એક ટીપાને પૃથ્વી ઉપર નાખવાથી ઘણી-કીડીઓ હજારો પ્રાણોથી વિયુકત થઈ જાય છે ત્યારે હું શારદિક કડવી તૂંબડીના બધા શાકને પૃથ્વી ઉપર નાખીશ ત્યારે તે અનેક પ્રાણીઓ ૪ ની વિરાધનાનું કારણ થશે. એથી મને એજ યોગ્ય લાગે છે કે હું આ શારદિક તિકત કડવી તૂંબડીના આ સરસ મસાલાવાળા અને ઘી તરતા શાકને પોતે જ ખાઈ જાઉં.

(मम चेव एएणं सरीरेणं णिज्जाउत्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता मुहपोत्तियं २ पडिलेहेइ, पडिलेहित्ता ससिसोवरियं कायं पमज्जेइ पमज्जित्ता तं सालइयं तित्तकडुयं बहुनेहावगाढं बिलमिव पन्नगभूएणं अप्पाणेणं सव्वं सरीर कोट्ठंसि पक्खिवइ)

મારૂં શરીર જ આ તિકત કડવી તૂંબડીના આહારથી નષ્ટ થાય. આ રીતે તેણે પોતાના મનમાં વારંવાર વિચાર કર્યો. વિચારીને પોતાના શરીરને નષ્ટ કરવાનો તેમણે મક્કમ વિચાર કર્યા બાદ તેણે સદોરક મુખવસ્ત્રિકા અને રજોહરણની તેમણે પ્રતિલેખના કરી. પ્રતિલેખના કરીને તેમણે પગના તળિયાથી માંડીને મસ્તક સુધીના પોતાના આખા શરીરની પ્રમાર્જના કરી ત્યારે તેમણે તે શારદિક તિકત કડવી તૂંબડીના સરસ મસાલાવાળા અને ઉપર ઘી તરતા બધા શાકનો આહાર કરી લીધો. જેવી રીતે સાપ જ્યારે દરમાં પ્રવેશે છે ત્યારે દરના બંને પાર્શ્વભાગનો સ્પર્શ કર્યા વગર તેમાં સીધો પ્રવિષ્ટ થઇ જાય છે તેમજ તે શાક રૂપી સાપ પણ મુખ રૂપી દરના બંને પાર્શ્વભાગને સ્પર્શ્યા વગર સીધું ગળામાં થઇને પેટમાં જતુ રહ્યું.

(तएणं तस्स धम्मरुइस्स तं सालइयं जाव नेहावगाढं आहारियस्स समाणस्स मुहुत्तंतरेणं परिणममाणंसि सरीरगंसि वेयणा पाउब्भूया उज्जला जाव दुरहियासा—तएणं से धम्मरूई अणगारे अथामे, अबले अवीरिए अपुरिसक्कारपरक्कमे अधारणिज्जमित्ति कट्टु आयारभंडगं एगंते ठवेइ, ठवित्ता थंडिल्लं पडिलेहेइ, पडिलेहित्ता दब्भसंथारगं संथारेइ, संथारित्ता दब्भसंथारगं दुरुहइ, दुरुहित्था पुरत्थाभिमुहे संपलियंकनिसन्ने करयलपरिग्गहियं एवं वयासी)

શાક તે ધર્મરુચિના પેટમાં પહોંચતાં જ એક મુહૂર્ત પછી જ્યારે તેનું પાચન શરૂ થયું ત્યારે તેમના શરીરમાં ઉજ્વલ યાવત્ દુરભિધ્યાસ વેદના થવા માંડી. તેથી તે ધર્મરુચિ અનગાર પરાક્રમ વગર, મનોબળ વગર હતોત્સાહી થઈને પુરુષાર્થ વગર બની ગયા. હવે આ શરીર ટકવું અશકય થઇ પડયું છે એવી જ્યારે તેઓને પ્રતીતિ થવા લાગી ત્યારે તેમણે પોતાના આચાર

ભાંડકને—વસ્ત્ર પાત્ર વગેરેને એકાંતમાં મૂકી દીધાં. મૂકયા બાદ તેઓએ સંસ્તારક ભૂમિની પ્રતિલેખના કરી. પ્રતિલેખના કરીને તેની ઉપર તેમણે દર્ભ સંસ્તારક કર્યો દર્ભસંસ્તારક પાથરીને તેઓ તેની ઉપર બેસીને પૂર્વદિશા તરફ મુખ કરીને પર્યંકાસનથી તેની ઉપર વિરાજમાન થઈ ગયા. વિરાજમાન થઇને તેઓએ પોતાના બંને હાથોને જોડયા અને તેમની અંજલી બનાવીને મસ્તક ઉપર મૂકી અને પોતાના મનમાં જ કહેવા લાગ્યા.

(नमोत्थु णं अरिहंताणं जाव संपत्ताणं णमोत्थुणं धम्मघोसाणं थेराणं मम धम्मायारियाणं धम्मोवएसगाणं पुव्विं पि णं मए धम्मघोसाणं थेराणं अंतिए सव्वे पाणाइवाए पच्चक्खाए जाव जीवाए जाव परिग्गहे, इयाणिं पि अहं तेसिं चेव भगवंताणं अंतियं सव्वं पाणाइवायं पच्चक्खामि जाव परिग्गहं पच्चक्खामि जाव जीवाए जहा खंदओ जाव चरिमेहिं उस्सासेहिं वोसिरामित्ति कट्टु आलोइयपडिक्कंते समाहिपत्ते कालगए)

યાવત્ સિદ્ધગતિ મેળવેલા અરિહંત ભગવંતોના માટે મારા નમસ્કાર છે ધર્મોપદેશક મારા ધર્માચાર્ય શ્રી ધર્મઘોષ સ્થવિરના માટે મારા નમસ્કાર છે. પહેલાં દીક્ષા ગ્રહણ કરતી વખતે મેં તે ધર્મઘોષ સ્થવિરની પાસે સમસ્ત પ્રાણાતિપાતો, સમસ્ત મૃષાવાદો, સમસ્ત અદત્તાદાનો સમસ્ત મૈથુનો તથા સમસ્ત પરિગ્રહોનું પ્રત્યાખ્યાન કર્યું હતું. અત્યારે પણ તે જ ભગવંતોની સામે સમસ્ત પ્રાણાતિપાત યાવત્ સમસ્ત પરિગ્રહોનું યાવજ્જીવ પ્રત્યાખ્યાન કરૂં છું. જીવનના છેલ્લા શ્વાસ સુધી સ્કન્દકની જેમ આ શરીરનો ત્યાગ કરૂં છું. આ રીતે પોતાના મનમાં જ કહીને તે ધર્મ–રુચિ અનગાર આલોચિત પ્રતિક્રાંત થઇને આત્મસમાધિમાં તલ્લીન થતાં મરણ પામ્યા. ॥ સૂત્ર " ૩ " ॥

तएणं ते धम्मघोसा थेरा इत्यादि

ટીકાર્થ–(तएणं) ત્યારબાદ (ते धम्मघोसा थेरा) તે ધર્મઘોષ સ્થવિરે (धम्म-रुइं अणगारं) ધર્મરુચિ અનગારને (चिरंगयं जाणित्ता) બહુ વખતથી બહાર ગયેલા જાણીને

(समणे निग्गंथे सद्दावेंति सद्दावित्ता एवं वयासी–एवं खलु देवाणुप्पिया ! धम्मरूई अणगारं मासखमणपारणगंसि सालइयस्स जाव गाढस्स णिसिरणट्ठयाए बहिया निग्गयाए–चिरगए, तं गच्छह णं तुब्भे देवाणुप्पिया ! धम्मरुइस्स अणगारस्स सव्वओ समंता मग्गणगवेसणं करेह)

શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા. બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું–કે હે દેવાનુપ્રિયો ! ધર્મરુચિ અનગાર આજે માસ ખમણની પારણાના દિવસે શાર-દિક તિકત કડવી તૂંબડીનું સરસ વધારેલું ઉપર ઘી તરતું શાક આહાર માટે લાવ્યા હતા. તેઓને મેં પ્રતિષ્ઠાપાનની આજ્ઞા આપી છે, તેઓ પરિષ્ઠાપન માટે અહીંથી બહાર ગયા છે. તેઓને બહાર ગયાને બહુ જ વખત થયો છે, હજી તેઓ આવ્યા નથી. એથી હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને ધર્મરુચિ અનગારની ચોમેર માર્ગણા તેમજ ગવેષણા કરો.

(तएणं ते समणा निग्गंथा जाव पडिसुणेंति, पडिसुणित्ता धम्मघोसाणं थेराणं अंतियाओ पडिनिक्खमंति, पडिनिक्खमित्ता धम्मरुइस्स अणगारस्स सव्वओ समंता मग्गणगवेसणं करेमाणा जेणेव थंडिल्लं तेणेव उवागच्छंति उवागच्छित्ता धम्मरुइस्स अणगारस्स, सरीरगं निप्पाणं निच्चेट्ठं जीव विप्पजढं पासंति, पासित्ता हाहा अकज्जमित्ति कट्टु धम्मरुइस्स अणगारस्स परिनिव्वाण वत्तियं काउस्सग्गं करेंति)

તે નિર્ગ્રંથ શ્રમણોએ પોતાના ધર્માચાર્યની આજ્ઞાને સ્વીકારી લીધી અને સ્વીકારીને તેઓ ધર્મઘોષ સ્થવિરની પાસેથી નીકળીને ધર્મરુચિ અનગારની બધી રીતે ચોમેર માર્ગણા તેમજ ગવેષણા કરવા લાગ્યા. આ રીતે માર્ગણ ગવેષણ કરતાં જ્યાં તે સ્થંડિલ હતું–ધર્મરુચિ અનગારના મૃત્યુનું સ્થાન હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓએ ધર્મરુચિ અનગારના શરીરને નિષ્પ્રાણ નિશ્ચેષ્ટ અને નિર્જીવ જોયું. આ દૃશ્ય જોતાની સાથે જ તેઓના મુખથી હાય ! હાય ! ના ખેદ સૂચક શબ્દો નીકળી પડયા. તેઓ કહેવા લાગ્યા કે આ બહુ જ ખોટું થયું છે–ધર્મરુચિ અનગારનું દેહાવસાન થઈ ગયું છે. આ

રીતે કહીને તેમણે ત્યાંજ મૃત શરીરને વોસરાવા રૂપ કાયોત્સર્ગ કર્યો. (कारत्ता० उवागच्छ०) કાયોત્સર્ગ કરીને તેઓએ ધર્મરુચિ અનગારના આચાર ભાંડકોને તેમજ વસ્ત્રોને લઈ લીધા અને લઇને જ્યાં ધર્મઘોષ સ્થવિર હતા ત્યાં આવ્યા. (उवागच्छित्ता गमणागमणं पडिक्कमंति, पडिक्कमित्ता एवं वयासी–एवं खलु अम्हे तुब्भं अंतियाओ पडिनिक्खमामो २ सुभूमिभागस्स उज्जाणस्स परिपेरंतेणं धम्मरुइस्स अणगारस्स सव्व जाव करमाणे जेणेव थंडिल्ले तेणेव उवा० जाव इहं हव्व–मागया तं कालगएणं भंते! धम्मरुई अणगारे इमे से आयारभंडए तएणं त धम्मघोसा थेरा पुव्वगए उवओगं गच्छति गच्छित्ता समणे निग्गंथे निग्गंथीओ य सद्दावेंति–सद्दावित्ता एवं वयासी) ત્યાં આવીને તેમણે ઈર્યાપથિક પ્રતિક્રમણ કર્યું. પ્રતિક્રમણ કરીને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે સ્વામિન્! અમે લોકો અહીંથી આપની પાસેથી ગયા અને જઇને સુભૂમિભાગ ઉદ્યાનની ચોમેર ફરતાં ફરતાં ધર્મરુચિ અનગારની બધી રીતે માર્ગણા ગવેષણા કરવા લાગ્યા. માર્ગણા તેમજ ગવે-ષણા કરતાં અમે લોકો તે જગ્યાએ પહોંચ્યા જ્યાં ધર્મરુચિ અનગારનું મડદું પડયું હતું. અમે લોકો અત્યારે ત્યાંથી જ આવી રહ્યા છીએ. હે ભદંત! તે ધર્મરુચિ અનગાર મરણ પામ્યા છે. તેઓશ્રીના આ આચાર ભાંડક વસ્ત્રપાત્રો છે. ત્યારપછી તે ધર્મઘોષ સ્થવિરે દૃષ્ટિવાદના અંતર્ગત શ્રુતાધિકાર વિશેષમાં પોતાનો ઉપયોગ લગાવ્યો. તેમાંથી તેઓને આ વાતની જાણ થઇ કે જ્યારે ધર્મરુચિ આહાર લાવવા માટે નગરીમાં ગયા હતા, ત્યારે તેઓ કોના ઘેર ગયા હતા, આ આહાર તેમને કોણે આપ્યો હતો વગેરે. પોતાના ઉપયોગથી આ બધી વિગત જાણીને તેમણે નિર્ગ્રંથ શ્રમણો અને નિર્ગ્રંથ શ્રમણીઓને પોતાની પાસે બોલાવી અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે—

(एवं खलु अज्जो मम अंतेवासी, धम्मरूई णाम अणगारे पगइभद्दए जाव

विणीए मासं मासेणं अणिक्खित्तेणं तवो कम्मेणं जाव नागसिरीए माहणीए गिहे अणुपविट्ठे तएणं सा नागसिरि माहणी जाव निसीरइ, तएणं से धम्मरुई अणगारे अहापज्जमित्ति कट्टु जाव कालं अणवकंखेमाणे विहरइ,सेणं धम्मरुई अणगारे बहूणि वासाणि सामन्नपरियागं पउणित्ता अलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा उड्ढं सोहम्म जाव सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववन्ने ठिई पण्णत्ता)

આર્યો ! સાંભળો, વાત એવી છે કે મારા અંતેવાસી શિષ્ય-ધર્મરુચિ અનગાર સ્વભાવથી જ ભદ્ર પરિણામી હતા. યાવત્ શબ્દથી અહીં આ પાઠનો સંગ્રહ થયો છે-"पगइ उवसंते" (पगइपयणुकोहमाणमायालोहे मिउमद्दव संवण्णे आलिणे मद्दए) તેઓ અવિશ્રાંત-અંતર રહિત-(નિરંતર) માસ ખમણુ કરતા રહેતા હતા. આજે તેમનો પારણાનો દિવસ હતો, તેઓ આહાર માટે ભ્રમણ કરતાં નાગશ્રી બ્રાહ્મણીના ઘેર ગયા હતા. બ્રાહ્મણીએ શારદિક તિક્ત કડવી તૂંબડીનું શાક તેમના પાત્રમાં વહોરાવ્યું. ધર્મરુચિ અનગારે તેને ક્ષુધા નિવૃત્તિ માટે પર્યાપ્ત જાણીને તેને સ્વીકારી લીધું. તે ધર્મરુચિ અનગારે ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું છે અને પાલન કરીને આલોચિત પ્રતિક્રાંત થઈને તેઓ સમાધિમાં લીન થઈ ગયા છે. કાળ સમયે કાળ કરીને હવે તેઓ સૌધર્મ વગેરે બાર દેવલોકોથી ઉપર નવ ગ્રૈવેયકોથી પણ આગળ જે સર્વાર્થસિદ્ધિ નામે વિમાન છે કે જેમાં ૩૩ સાગરની સ્થિતિ છે અને આ સ્થિતિ જ્યાં બધા દેવોની સરખી છે, તેઓ તેમાં ૩૩ સાગરની સ્થિતિવાળા દેવ થયા છે. "अजहण्णमणुक्कोसेणं" જઘન્ય અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ છે.

(सेणं धम्मरुई देवे ताओ देवलोगाओ जाव महाविदेहे-वासे सिज्झिहिइ, तं धिरत्थुणं अज्जो ! नागसिरीए माहणीए अधन्नाए, अपुन्नाए, जाव णिंबोलियाए जाए णं तहारूवे साहू धम्मरुई अणगारे मासखमणपारणगंसि सालइएणं जाव गाढेणं अकाले चेव जीवियाओ ववरोविए)

તે ધર્મરુચિ દેવ તે દેવલોકથી ચવીને યાવત્ મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધિને મેળવશે. હે આર્યો ! અધન્ય, અપુણ્ય, યાવત્ દુર્ભગ નિંબગુલિકા જેવી અનાદરણીય તે નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે કે જેણે તથારૂપ, પ્રકૃતિ ભદ્રત્વ વગેરે ગુણોવાળા સાધુ ધર્મરુચિ અનગારને માસ ખમણના પારણાંના દિવસે શારદિક તિકત કડવી તૂંબડીનું શાક-કે જે સરસ વઘારેલું, જેની ઉપર ઘી તરતું હતું-વહોરાવ્યું, જેને લીધે અકાળે જ તેઓનું મરણ થયું. ॥ સૂત્ર "૪" ॥

'तएणं ते समणा निग्गंथा' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારબાદ

(ते समणा निग्गंथा धम्मघोसा थेराणं अंतिए एयमट्ठं सोच्चा निसम्म चंपाए सिंघाडगतिग जाव बहुजणस्स एव माइक्खंति–धिरत्थुणं देवाणुप्पिया ! नागसिरीए माहणीए जाव णिंबोलियाए जाए णं तहारूवे साहू साहूरूवे सालइएणं जीवियाओ ववरोवेइ)

તે શ્રમણ નિર્ગ્રંથોએ ધર્મઘોષ સ્થવિરના મુખથી આ વાત સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને ચંપાનગરીમાં શ્રૃંગાટક મહાપથો વગેરેમાં ઘણા માણસોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! બ્રાહ્મણી નાગશ્રીને ધિક્કાર છે અને તે લીમડાની લીંબોળીની જેમ અનાદરણીય છે. કેમકે તેણે તથારૂપ સાધુ સાધુ-રૂપ ધર્મરુચિ અનગારને શારદિક કડવી તૂંબડીનું શાક આપીને મારી નાખ્યા છે.

(तएणं तेसिं समणाणं अंतिए एयमट्ठं सोच्चा बहुजणे अन्नमन्नस्स एवमाइक्खइ, एवं भासइ धिरत्थुणं नागसिरीए माहणीए जाव जीवियाओ ववरोविए, तएणं ते माहणा चंपाए नयरीए बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म आसुरत्ता जाव मिसिमिसेमाणा जेणेव नागसिरी माहणी तेणेव उवागच्छंति)

તે શ્રમણ લોકોના મુખથી આ સમાચાર સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને ઘણા માણસો એકબીજાની સાથે આ રીતે વાતચીત કરવા લાગ્યા, પ્રજ્ઞાપના કરવા લાગ્યા, પ્રરૂપણા કરવા લાગ્યા કે બ્રાહ્મણી નાગશ્રીને ધિક્કાર છે. જેણે ધર્મરુચિ અનગારને શારદિક–તિક્ત કડવી તૂંબડીના શાકથી મારી નાખ્યા. આ રીતે તે બ્રાહ્મણોએ એટલે કે સોમ, સોમદત્ત અને સોમભૂતિએ જ્યારે ચંપા નગરીના અનેક માણસોના મુખથી આ વાત સાંભળી ત્યારે તેઓ સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને એકદમ ક્રોધાવિષ્ટ થઈ ગયા અને ક્રોધરૂપી અગ્નિમાં સળગતા જ્યાં નાગશ્રી બ્રાહ્મણી હતી ત્યાં આવ્યા.

(उवागच्छित्ता णागसिरीं माहणीं एवं वयासी–हं भो ! नागसिरी ! अपत्थिय पत्थिय दुरंतपंतलक्खणे, हीनपुण्णचाउद्दसे धिरत्थु णं तव अधन्नाए अपुन्नाए जाव णिंबोलियाए जाए णे तुमे तहारूवे साहू साहूरूवे मासखमणपारणंसि साल-इएणं जाव ववरोविए उच्चावएयाहिं अक्कोसणाहिं अक्कोसंति...उद्धंसेंति)
ત્યાં આવીને તેમણે નાગશ્રી બ્રાહ્મણીને કહ્યું કે–કે મુઈ એ નાગશ્રી ! અપ્રાર્થિત પ્રાર્થકે ! હે દુરંત પ્રાંત લક્ષણે ! એ હીનપુણ્ય ચાતુર્દશિકે ! તારા જેવી પાપણી અધન્યાને ધિક્કાર છે તું દુર્ભગ નિંબગુલિકા (લિંબોળી જેવી અનાદરણીય છે. કેમકે તેણે માસ–ખમણના પારણાંના દિવસે ઘેર આહાર લેવા માટે આવેલા તથારૂપ સાધુ સાધુરૂપ ધર્મરુચિ અનગારને શારદિક તિકત કડવી તૂંબડીનું શાક આપીને મારી નાખ્યા છે. તું સાવ નીચ છે, આમ ઘણા ઉંચ–નીચ આક્રોષ–નિંદા–ના વચનોથી તેઓએ તેને ફીટકારી. તું નીચ ખાનદાનની છે, આ જાતનાં ઉંચા નીચા વચનોથી તેણે ખોટી ખરી સંભળાવી. કુળ વગેરેના ગૌરવથી તેણે પતિતા કહ્યું.

(उच्चावयाहिं णिब्भत्थणाहिं णिब्भत्थंति, उच्चावयाहिं णिच्छोडणाहिं निच्छोडेंति, तज्जेंति, तालेंति तज्जेत्ता तालेत्ता सयाओ गिहाओ निच्छुभंति)

ઉંચા નીચા વચનોથી તેનો તિરસ્કાર કર્યો, ખોટાં ખરાં વચનોથી તેને બીવડાવી. ' અમારા ઘરથી તુ બહાર નીકળી જા ' વગેરે ભયોત્પાદક વચનોથી તેણીને બીક બતાવી. 'એ પાપણી ! તને મજા બતાવવી દઈશું ? ' વગેરે વચનોથી સામી આંગળી કરીને તેને મારી નાખવાની બીક બતાવવા લાગ્યા અને થપ્પડ લાફા વગેરેથી તેને માર પણ માર્યો, મારપીટ કરીને તેઓએ તેને પોતાના ઘેરથી બહાર કાઢી મૂકી.

(तएणं सा नागसिरी सयाओ गिहाओ निच्छूढा समाणी चंपाए नगरीए सिंघाडगतिगचउक्कचच्चरचउम्मुह० बहुजणेणं हीलिज्जमाणी खिंसिज्जमाणी

निंदिज्जमाणी, गरहिज्जमाणी, तज्जिज्जमाणी पव्वहिज्जमाणी, धिक्कारिज्जमाणी, थुक्कारिज्जमाणी, कत्थइ ठाणं वा निलयं वा अलभमाणी २ दंडिखंडा निवसणा खंडमल्लय खंड खंड घउगहत्थगया फुट्टहडाहडसीसामच्छियाचउगरेणं अण्णिज्जमाणमग्गा गेहं गेहेणं देहं बलियाए वित्तिं कप्पेमाणी विहरइ)

પોતાના ઘેરથી બહાર નીકળીને તે નાગશ્રી ચંપા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ વગેરે માર્ગો ઉપર જ્યાં ગઈ ત્યાં ત્યાં બધે ઘણા માણસોએ તેની "આ નીચ જાતની છે" વગેરે વચનોથી હીલના કરી. બધા માણસો તેની ઉપર ખૂબ જ ગુસ્સે થયા. તેની ગેર હાજરીમાં લોકોએ તેની ખૂબ નિંદા કરી, તેની સામે તેને બધાએ ખરી ખોટી સંભળાવી, આંગળી ચીંધી ચીંધીને તેની સાથે મારપીટ કરવાની બીક બતાવવા લાગ્યા. કોઈ કોઈએ તો તેને લાકડી વગેરેનો ફટકો પણ માર્યો, ઘણાએએ તેને ફિટકારી, કેટલાક માણસોએ તેને જોઈને તેની ઉપર થૂંકી દીધું. આવી પરિસ્થિતિનો મુકાબલો કરતી કોઈ પણ સ્થાને બેસવાની કે રોકાવાની કે વિશ્રામ કરવાની જગ્યા તે મેળવી શકી નહિ, અને છેવટે ફાટેલા જૂના વસ્ત્રોના કકડાને વીંટાળીને ભિક્ષાના માટે માટીનું ખપ્પર અને પાણીના માટે ફૂટી માટલીના કકડાને હાથમાં લઈને પેટ ભરવા માટે આમતેમ એક ઘેરથી બીજે ઘેર ભમવા લાગી. તેના માથાના વાળો આમ તેમ અસ્ત વ્યસ્ત રહેતા હતા, શરીર અને વસ્ત્રો વગેરે મેલા હોવાને લીધે માખીઓના ટોળેટોળાં તેની પાછળ પાછળ ભમતાં રહેતાં હતાં.

(तएणं तीसे नागसिरीए माहणीए तब्भवंसि चेव सोलसरोयायंका पाउब्भूया-तं जहा सासे कासे जोणिसूले, जाव कोढे तएणं सा नागसिरी माहिणी, सोलसहिं रोयायंकेहिं अभिभूया समाणी अट्ट दुहट्टवसट्टा कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं बावीससागरोवमट्ठिइएसु नेरइयत्ताए उववन्ना)

તે નાગશ્રી બ્રાહ્મણીને તેજ ભવમાં આ સોળ રોગાંતકો પ્રકટ થયા. (૧) શ્વાસ (૨) કાસ (૩) જ્વર (૪) દાહ (૫) કુક્ષિશૂલ (૬) ભગંદર (૭) અર્શ (૮) યોનિશૂલ (૯) દૃષ્ટિશૂલ (૧૦) મૂર્ધશૂલ (૧૧) અરૂચિ (૧૨) અક્ષિવેદના (૧૩) કર્ણવેદના (૧૪) કણ્ડૂ (૧૫) જલોદર (૧૬) કુષ્ઠ આ સોળ રોગાંતકોથી અતીવ દુઃખી થયેલી શારીરિક તેમજ માનસિક વ્યથાઓથી વ્યથિત થતી તે નાગશ્રી કાળ અવસરે કાળ કરીને છઠ્ઠી પૃથિવીમાં બાવીસ સાગરની ઉત્કૃષ્ઠ સ્થિતિવાળા નરકાવાસોમાં નૈરયિકની પર્યાયથી જન્મ પામી. ॥ સૂ. ૫ ॥

'सा णं तओ' इत्यादि—

ટીકાર્થ-(सा) તે નાગશ્રી (तओऽणंतरंसि) તે છઠી નરકની ભવસ્થિતિ પૂરી થયા બાદ (उवट्टित्ता) ત્યાંથી નીકળી અને નીકળીને

(मच्छेसु उववन्ना तत्थ णं सत्थवज्झा दाह वक्कंतीए कालमासे कालं किच्चा अहे सत्तमीए पुढवीए उक्कोसाए तेत्तीसं सागरोवमट्ठिइएसु नेरइएसु उववन्ना सा णं उववज्जइ)

તિર્યંચ ગતિમાં મચ્છથી પર્યાયની જન્મ પામી. ત્યાં તે મત્સ્યના ભવમાં શસ્ત્ર વડે વીંધાઇને દાહથી પીડાઇને કાળ અવસરે કાળ કરીને મરણ પામી અને નીચે સાતમા નરકમાં ૩૩ સાગરની ઉત્કૃષ્ઠ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકની પર્યાયથી જન્મ પામી. ત્યાંથી નીકળીને ફરી તે મત્સ્યના પર્યાયથી જન્મ પામી. **(तत्थ वि य णं सत्थविज्झा दाहवक्कंतीए दोच्चंपि अहे सत्तमीए पु०)** ત્યાં તે ફરી શસ્ત્ર વડે વિદ્ધ થઇને દાહથી પીડાઇને મરી અને મરીને બીજી વખત પણ સાતમાં નરકમાં (**उक्कोसं तेतीससागरोवमट्ठिइएसु नेरइए उववज्जइ**) ઉત્કૃષ્ઠ ૩૩ સાગરની સ્થિતિ લઈને નૈરયિકની પર્યાયમાં જન્મ પામી. **(सा णं तओहिं तो जाव उव्वट्टित्ता तच्चंपि मच्छेसु उववन्ना, तत्थ वि य णं सत्थवज्झा जाव कालं किच्चा दोच्चंपि छट्टीए पुढवीए उक्कोसेणं तओऽणंतरं उव्वट्टित्ता मच्छेसु उरएसु एवं जहा गोसाले तहा नेयव्वं जाव रयणप्पभाओ सत्तसु उववन्ना, तओ उव्वट्टित्ता जाइं इमाइं खहयरविहाणाइं जाव अदुत्तरं, च णं खरबायरपुढविकाइयत्ता ते तेसु अणेगसतसहस्सखुत्तो)** ત્યાંની ભવસ્થિતિ પૂરી થતાં જ તે ત્યાંથી નીકળી અને નીકળીને ત્રીજી વાર પણ માછલીના પર્યાયમાં જન્મ પામી. ત્યાં શસ્ત્રથી વીંધાઇને તથા દાહથી પીડાઇને મરણ પામી અને તે વખતે પણ છઠી પૃથિવીમાં ૨૨ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ લઇને ઉત્પન્ન થઇ. ત્યાંની ભવસ્થિતિ પૂરી કરીને જ્યારે તે ત્યાંથી નીકળી ત્યારે તે ઉરઃ પરિસર્પના પર્યાયમાં જન્મ પામી. ત્યાં પણ તે શસ્ત્રથી વીંધાઇને અને દાહથી પીડાઈને કાળ અવસરે કાળ કરીને ધૂમપ્રભા નામની પંચમ પૃથિવીમાં નૈરયિકના પર્યાયથી જન્મ પામી. ત્યાં ૧૭ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ તેની થઈ. ગોશાલકની જેમ આનું વર્ણન જાણી લેવું જોઇએ. મતલબ આની આ છે કે ૧૭ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પંચમ નરકથી નીકળીને બીજી વખત પણ તે ઉરઃ પરિસર્પના પર્યાયથી જન્મ પામી. ત્યાંથી પણ પહેલાંની જેમજ કાળ અવસરે કાળ કરીને બીજીવાર પણ આ પંચમ પૃથિવીમાં

૧૭ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકોમાં નૈરયિકના પર્યાયથી જન્મ પામી. ત્યાંની સ્થિતિ પૂરી કરીને જ્યારે તે ત્યાંથી નીકળી તો ત્રીજી વાર પણ તે ઉરઃ પરિસર્પમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી પહેલાંની જેમ કાળ કરીને ચોથી પંક-પ્રભા પૃથિવીમાં–કે જ્યાં દશસાગરની નૈરયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ત્યાં નૈર-યિકની પર્યાયથી ઉત્પન્ન થઇ, ત્યાંથી નીકળીને તે સિંહના પર્યાયથી જન્મ પામી. પહેલાંની જેમ ત્યાંથી પણ મરણ પામીને બીજીવાર પણ ચતુર્થ નરકમાં દશ સાગરની સ્થિતિવાળા નરકમાં નૈરયિકના પર્યાયથી જન્મ પામી. ચતુર્થ નરકથી નીકળીને તે ફરી સિંહના પર્યાયથી ઉત્પન્ન થઇ. ત્યાંથી મરણ પામીને ફરી તે વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથિવીમાં સાત સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ લઇને નૈર-યિકની પર્યાયમાં જન્મ પામી. ત્યાંથી નીકળીને તે ફરી તે પક્ષીઓના કુળમાં જન્મ પામી. ત્યાંથી મરણ પામીને ફરી તે ત્રીજા નરકમાં સાત સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોમાં નૈરયિકના પર્યાયથી ઉત્પન્ન થઇ. ત્યાંથી નીક-ળીને ફરી તે પક્ષીઓના કુળમાં ઉત્પન્ન થઈ ત્યાંથી મરણ પામીને ફરી તે બીજી પૃથિવી જે શર્કરાપ્રભા છે અને જેના નરકાવાસોમાં ત્રણ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે ત્યાં નૈરયિકોના પર્યાયથી તેટલી જ સ્થિતિ લઇને જન્મ પામી. ત્યાંથી નીકળીને સરીસૃપોમાં તે ઉત્પન્ન થઈ. ત્યાં શસ્ત્રથી વીંધાઇને તથા દાહથી પીડાઇને મરણ પામી અને ત્યારપછી બીજીવાર પણ બીજી પૃથિવીના નરકા-વાસોમાં ત્રણ સાગર જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ લઈને ઉત્પન્ન થઈ. બીજી પૃથ્વિથી નીકળીને બીજીવાર તે સરીસૃપમાં ઉત્પન્ન થઈ ત્યાંથી યથા સમય મરણ પામીને રત્નપ્રભા નામની પ્રથમ પૃથ્વિમાં ઉત્કૃષ્ટ એક સાગરની સ્થિતિવાળા નરકા-વાસોમાં નૈરયિકના પર્યાયતી ઉત્પન્ન થઈ ત્યાંની ભવસ્થિતિ પૂરી કરીને તે ત્યાંથી નીકળીને સંજ્ઞી–જીવોમાં, ત્યાંથી પણ મરણ પામીને અસંજ્ઞી–જીવોમાં અને ફરી ત્યાંથી મરણ પામીને બીજીવાર પણ પહેલી પૃથ્વિમાં ૧ એક પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સ્થિતિવાળા નરકાવાસોમાં નૈરયિકના પર્યાયથી જન્મ પામી. તે રત્નપ્રભા પૃથ્વિથી નીકળીને ફરી તે જેટલા પક્ષી ભેદો છે-ચર્મ પક્ષી વગેરે છે–તેઓમાં અને ત્યારપછી ખર–બાદર પૃથ્વીકાય વગેરે ભેદ છે તેઓમાં ખર–બાદર પૃથ્વિકાયિકના રૂપમાં લાખો વાર જન્મ પામી. સૂ. ૬

'सा णं तओऽणंतरं उवट्टित्ता' इत्यादि—

ટીકાર્થ–(सा णं तओऽणंतरं उवट्टित्ता) ત્યારપછી તે નાગશ્રી ખર પૃથ્વિકાયિકથી નીકળીને (इहेव जंबूद्दीवे दीवे भारहे वासे चंपाए नयरीए सागरदत्तस्स सत्थवाहस्स भद्दाए भारियाए कुच्छिसि दारियत्ताए पच्चायाया) એ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષ નામના ક્ષેત્રમાં વિદ્યમાન ચંપાનગરીમાં સાગરદત્ત શેઠની ધર્મપત્ની ભદ્રાના ઉદરમાં પુત્રી રૂપમાં અવતરી.

(तएणं सा भद्दा सत्थवाही नवण्हं मासाणं॰ दारियं पयाया सुकुमालकोमलियं गयतालुयसमाणं तीसे दारियाए निव्वत्तबारिसाहियाए अम्मापियरो इमं एयारूवं गोन्नं गुणनिप्फन्नं नामधेज्जं करेंति, जम्हाणं अम्हं एसा दारिया सुकुमाला गयतालुयसमाणा तं होउणं अम्हं इमीसे दारियाए नामधेज्जे सुकुमालिया)

ભદ્રા સાર્થવાહીના ગર્ભના નવ માસ અને સાઢા સાત દિવસ રાત પૂરા થઈ ચૂકયા ત્યારે તેણે પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રી અતીવ કોમળાંગી હતી. હાથીના તાળવાનો ભાગ જેવો સુકોમળ હોય છે, તે તેવીજ કોમળ હતી. જ્યારે તે બાર દિવસની થઈ ગઈ ત્યારે તેના માતાપિતાએ જેવું નામ તેવા ગુણવાળી એ કહેવત મુજબ ગુણોના આધારે તેનો નામ સંસ્કાર કરવાનો વિચાર કર્યો. વિચાર કર્યા બાદ તેઓએ પોતાની પુત્રીની સુકોમળ દૃષ્ટિ સમક્ષ રાખીને એટલે કે તેઓએ આ પ્રમાણે વિચારીને કે આ મારી પુત્રી હાથીના તાળવા જેવી સુકોમળ છે માટે એનું નામ સુકુમારી રાખીએ.

(तएणं तीसे दारियाए अम्माबियरो नामधेज्जं करेंति सूमालियत्ति)

તે કન્યાનું નામ સુકુમારી રાખ્યું.

(तएणं सा सुकुमारिया दारिया पंचधाई परिग्गहिया तं जहा–खीरधाईए जाव गिरिकंदरमालिणा इव चंपकलया निव्वाए निव्वाघायंसि जाव परिवड्ढइ–तएणं सा सूमालिया दारिया उम्मुक्कबालभावा जाव रूवेणं य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठा उक्किट्ठ सरीरा जाया यावि होत्था)

તેના રક્ષણુ માટે માતા-પિતાએ ૫ ધાય-માતાઓ ઉપમાતાઓની નીમણુંક કરી, તેમનાં નામો નીચે લખ્યા મુજબ છે—ક્ષીરધાત્રી–દૂધ પીવડાવનાર ધાય, મંડનધાત્રી-વસ્ત્ર, માળા, અલંકારો વગેરે પહેરાવનારી ધાય, મજ્જન-ધાત્રી–સ્નાન કરાવનારી ધાય–ક્રીડનધાત્રી રમાડનાર ધાય, અંકધાત્રી–પોતાના ખોળામાં બેસાડનારી ધાય, આ રીતે આ ૫ ધાય માતાઓ વડે પાલિત થતી–ઉપપાલિત થતી, આલિંગ્યમાન થતી, સ્તૂયમાન થતી અને પ્રચુંબ્યમાન થતી તે સુકુમારિકા કન્યા ગિરિકંદરાઓમાં ઉત્પન્ન થયેલી ચંપકલતાની જેમ મહાવાતથી રક્ષિત તેમજ બીજા ઉપદ્રવોથી રહિત સ્થાનમાં સુખેથી વધે છે. તેમજ મોટી થવા લાગી. ધીમે ધીમે જ્યારે તે બચપણુ વટાવીને યુવાવસ્થા સંપન્ન થવા માંડી ત્યારે તેના શરીર ઉપર યૌવનના ચિહ્નો દેખાવાલાગ્યાં. તે સમયે તે રૂપ–આકૃતિ-થી, યૌવન–તારૂણ્ય–થી અને યૌવનાવસ્થા જનિત સવિશેષ કાંતિથી વિશિષ્ટ શોભા સંપન્ન થઇ ગઇ અને તેના શરીરનાં બધાં અંગો સુંદર થઇ ગયાં, એટલે કે તે વખતે તે સર્વાંગ સુંદરી બની ગઈ. ॥ સૂત્ર ૭ ॥

तत्थणं चंपाए इत्यादि—

ટીકાર્થ–(तत्थणं चंपाए नयरीए जिणदत्ते नाम सत्थवाहे अड्ढे तस्सणं जिणदत्तस्स भद्दा भारिया, सूमाला इट्ठा जाव माणुस्सए कामभोए पच्चणुब्भवमाणा विहरइ) તે ચંપા નગરીમાં જીનદત્ત નામે એક સાર્થવાહ રહેતો હતો. તે ધન ધાન્ય વગેરેથી સવિશેષ સંપન્ન તેમજ સમાજમાં પૂછાતો માણુસ હતો. તેની ધર્મપત્નીનું નામ ભદ્રા હતું, તે સર્વાંગ સુંદરી હતી. તેના બધા અંગો અને ઉપાંગો બહુ જ સુકોમળ હતાં, તે પોતાના પતિને બહુજ વહાલી હતી. પતિની સાથે મનુષ્ય ભવના કામભોગો ભોગવતી તે સુખેથી પોતાનો વખત પસાર કરી રહી હતી.

(तस्सणं जिणथत्तस्स पुत्ते भद्दाए भारियाए अत्तए सागरए नामं दारए सुकुमाले जाव सुरूवे)

ભદ્રાભાર્યાથી ઉત્પન્ન થયેલો ભદ્રાભાર્યાને એક પુત્ર હતો. તેનું નામ સાગર હતું. તે સુકુમાર યાવત્ સુંદર રૂપવાન હતો.

(तएणं से जिणदत्ते सत्थवाहे अन्नया कयाईं साओ गिहाओ पडिनिक्खमइ पडिनिक्खमित्ता सागरदत्तस्स गिहस्स अदूरसामंतेणं वीईवयई)

એક દિવસે જીનદત્ત સાર્થવાહ પોતાને ઘેરથી બહાર નીકળ્યો અને નીકળીને સાગરદત્તના ઘરની પાસે થઇને જઈ રહ્યો હતો.

(इमं च णं सूमालिया दारिया ण्हाया चेडियासंघपरिवुडा उप्पिं आगासतलगंसि कणगतेंदूसएणं कीलमाणी २ विहरइ)

તે વખતે સુકુમારિકા દારિકા સ્નાન કરીને પોતાના મહેલની અગાશી ઉપર દાસી સમૂહની સાથે સુવર્ણમય કંદુક (દડી) રમતી હતી.

(तएणं से जिणदत्ते सत्थवाहे सूमालियं दारियं पासइ पासित्ता सूमालियाए दारियाए रूवेय ३ जाय विम्हए कोडुंबिय पुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी एसणं देवाणुप्पिया ! कस्स दारिया किं वा नामधेज्जं से ? तएणं ते कोडुंबिय पुरिषा जिणदत्तेण सत्थवाहेणं एवं वुत्ता समाणा हट्ठ करयल जाव एवं वयासी– एसणं देवाणुप्पिया ! सागरदत्तस्स सत्थवाहस्स धूया भद्दाए अत्तिया सूमालिया नाम दारिया सुकुमालपाणिपाया जाव, उक्किट्ठसरीरा)

રમતી સુકુમાર દારિકાને જીનદત્ત સાર્થવાહે જોઈ જોઇને તેઓ સુકુમાર દારિકાના રૂપ, યૌવન અને લાવણ્યમાં આશ્ચર્ય ચકિત થઇ ગયા અને ત્યારપછી તેમણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તે તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિયો ! આ કન્યા કોની છે ? એનું નામ શું છે ? જીનદત્ત સાર્થવાહ વડે એવી રીતે પૂછાએલા તે કૌટુંબિક પુરૂષોએ હર્ષિત થઇને પોતાના બંને હાથ જોડીને બહુજ વિનયની સાથે તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! સાર્થવાહ સાગરદત્તની આ પુત્રી છે. ભદ્રાભાર્યાના ઉદરથી આનો જન્મ થયો છે સુકુમારિકા આનું નામ છે. એના હાથપગ ખૂબ જ સુકોમળ યાવત્ રૂપ, યૌવન અને લાવણ્યથી આ સર્વોત્કૃષ્ટ છે અને સર્વાંગ સુંદરી છે.

(तएणं से जिणदत्ते सत्थवाहे तेसिं कौडुंबियाणं अंतिए एयमट्ठं सोच्चा- जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता ण्हाए, जाव मित्तणाइ परिवुडे चंपाए० जेणेव सागरदत्तस्स गिहे तेणेव उवागच्छइ, तएणं सागरदत्ते सत्थवाहे, जिणदत्तं सत्थवाहं एज्जमाणं पासइ, पासित्ता आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता आसणेणं उवणिमंतेइ उवणिमंतित्ता आसत्थं वीसत्थं सुहासणवरगयं एवं वयासी)

જીનદત્ત સાર્થવાહે તે કૌટુંબિક પુરૂષોના મુખથી આ વાત સાંભળીને સૌ પહેલાં તેઓ પોતાને ઘેર ગયા. ત્યાં પહોંચીને તેમણે સ્નાન કર્યું. યાવત પછી તે પોતાના મિત્ર, જ્ઞાતિ વગેરે પરિજનોની સાથે ચંપા નગરીની વચ્ચે થઈને જ્યાં સાગરદત્તનું ઘર હતું ત્યાં પહોંચ્યા. સાગરદત્ત જીનદત્ત સાર્થવાહને પોતાને ઘેર આવતા જોઈને ત્વરાથી તે પોતાના આસન ઉપરથી ઊભો થઈ ગયો અને ઊભો થઈને " તમે અહીં બેસો " આ રીતે તેમને કહેવા લાગ્યો. જ્યારે તેઓ ઉચિત સ્થાને બેસી ગયા અને આસ્વસ્થ વિશ્વસ્થ થઈ ચૂકયા ત્યારે વિશિષ્ટ આસન ઉપર શાંતિપૂર્વક બેઠેલા તે જીનદત્ત સાર્થવાહને તેણે આ પ્રમાણે કહ્યું-(भण देवाणुप्पिया ! किमागमण पओयणं) હે દેવાનુપ્રિય ! બતાવો અહીં પધારવાની પાછળ આપનો શો હેતુ છે ? કયા પ્રયોજનથી આપ અહીં આવ્યા છો ?

(तएणं से जिणदत्त सत्थवाहे सागरदत्तं सत्थवाहं एवं वयासी-एवं खलु अहं देवाणुप्पिया! तव धूयं भद्दाए अंतियं सूमालियं सागरस्स भारियत्ताए वरेमि जइणं जाणाह देवाणुप्पिया ! जुत्तं वा पत्तं वा सलाहणिज्जं वा सरिसो वा संजोगो दिज्जउ णं सूमालिया सागरस्स)

જીનદત્ત સાર્થવાહે સાગરદત્ત સાર્થવાહને ત્યારે આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! હું તમારી સુભદ્રાના ઉદરથી જન્મ પામેલી સુમાલિકા પુત્રીને મારા પુત્ર સાગરની પત્ની બનાવવા ઇચ્છું છું. આપ જો મારી માગણી ઉચિત સમજતા હો, કુળ-મર્યાદા યોગ્ય તેમજ મારો પુત્ર તમારી કન્યા માટે યોગ્ય

છે, આ સંબંધ સારો છે, કન્યા તેમજ વરનો આ લગ્ન સંબંધ કુળ રૂપ અને ગુણોને અનુરૂપ છે તો તમે તમારી પુત્રી સુકુમારિકાને મારા પુત્ર સાગરને માટે આપો. (तएणं देवाणुप्पिया ! किं दलयामो सुंक्कं सुमालियाए ?) હે દેવાનુપ્રિય ! સાથે સાથે એ પણ અમને જણાવો કે સુકુમારી દારિકાના સંમાનાર્થે અમે શું દ્રવ્ય રૂપમાં આપીએ ?

(तएणं से सागरदत्ते तं जिणदत्तं एवं वयासी एवं खलु देवाणुप्पिया ! सूमालिया दारिया मम एगा एग जाया इट्ठा जाव किमंगपुण पासणयाए तं नो खलु अहं इच्छामि सूमालियाए दारियाए खणमवि विप्पओगं तं जइणं देवाणुप्पिया ! सागरदारए मम घरजामाउए भवइ, तो णं अहं सागरस्स दारगस्स सुमालियं दलयामि) ત્યારે સાગરદત્તે જીનદત્તને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! આ સુકુમારિકા દારિકા મારે એકની એક પુત્રી છે અને આ એક જ જન્મી છે. આ મને ઇષ્ટ યાવત્ મનોમ છે-એટલે કે કાંત છે, પ્રિય છે, અને મનોમ છે. અનુકૂળ હોવા બદલ ઇષ્ટ, ઇપ્સિત હોવાથી કાંત, પ્રીતિપાત્ર હોવા બદલ પ્રિય અને મનને ગમે એવી હોવાથી મનોજ્ઞ તથા મનનો આશ્રય હોવાથી મનોમ છે. વધારે શું કહું ! આ તો અમને ઉદુંબર પુષ્પની જેમ દર્શન-દુર્લભ હતી. સાંભળવાની તો વાત જ શી કરવી ! એથી આને હું આપવા ઇચ્છતો નથી. કારણ કે એના વગર હું ક્ષણવાર પણ રહી શકતો નથી. એટલા માટે હે દેવાનુપ્રિય ! સાગર જો ઘર જમાઈ થઇને મારી પાસે રહેવા ઇચ્છતો હોય તો હું આ મારી સુકુમારીકા પુત્રી તેમને આપી શકું તેમ છું.

(तएणं से जिणदत्ते सत्थवाहे सागरदत्ते णं सत्थवाहे णं एवं वुत्ते समाणे जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सागरदारगं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-एवं खलु पुत्ता ! सागरदत्ते सत्थवाहे मम एवं वयासी-एवं खलु

देवाणुप्पिया ! सूमालिया दारिया मम एगा एगजाया इट्ठा तं चेव जइणं सागर-दारए मम घरजमाउए भवइ ता दलयामि)

આ રીતે જીનદત્ત સાર્થવાહ તેમની આ વાત સાંભળીને તે જીનદત્ત સાર્થવાહ જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેણે પોતાના સાગરપુત્રને બોલાવ્યો. બોલાવીને તેણે તેને આ પ્રમાણે કહ્યું કે હે પુત્ર ! સાગરદત્ત સાર્થવાહે મને આ પ્રમાણે કહ્યું છે કે તમારો પુત્ર સાગર જો મારો ઘર જમાઈ રહેવા કબૂલતો હોય તો હું મારી પુત્રી સુકુમારિકા તેમને આપવા તૈયાર છું. તેઓ તમને ઘર જમાઈ બનાવવા એટલા માટે ઇચ્છે છે કે સુકુમારિકા દારિકા તેમની એકની એક પુત્રી છે. તે તેમને અતીવ ઈષ્ટ યાવત્ મનોમ છે. આ રીતે સાગરદત્તે જે કંઇ કહ્યું હતું તે બધું તેમણે પોતાના પુત્ર સાગર આગળ રજૂ કર્યું. અને છેવટે કહ્યું કે એટલા માટે જ તે એક ક્ષણ પણ પોતાની પુત્રીનો વિયોગ સહી શકતો નથી. તમને તે આ કારણથી જ ઘર જમાઈ બનાવવા ઇચ્છે છે.

(तएणं से सागरए दारए जिणदत्ते णं सत्थवाहे णं एवं वुत्ते समाणे तुसिणीए संचिट्ठइ, तएणं जिणदत्ते सत्थवाहे अन्नया कयाइं सोहणंसि तिहिकरणदिवसणक्खत्तमुहूत्तंसि, विउलं असणपान खाइम साइमं उवक्खडावेइ, उवक्खडावित्ता मित्तणाई आमंतेइ, जाव सम्माणित्ता सागरं दारगं ण्हायं जाव सव्वालंकारविभूसियं करेइ, करित्ता पुरिससहस्सवाहिणिं सीयं दुरूहावेइ, दुरूहावित्ता मित्तणाइ जाव संपरिवुडं सव्विड्ढीए साओ गिहाओ निग्गच्छइ, निग्गच्छित्ता चंपा नयरिं मज्झं मज्झेणं जेणेव सागरदत्तस्स गिहे तेणेव उवागच्छइ)

જીનદત્ત સાર્થવાહ વડે આ પ્રમાણે કહેવાયેલો સાગર પુત્ર એકદમ ચૂપ થઇને બેસી જ રહ્યો. તેણે કોઇ પણ જાતનો જવાબ આપ્યો નહિ. એક દિવસ જીનદત્તે શુભતિથિ, કરણ, દિવસ, નક્ષત્ર મુહૂર્ત્તમાં પુષ્કળ પ્રમાણમાં અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતનો આહાર બનાવડાવ્યો. બનાવડાવીને તેણે પોતાના મિત્ર, જ્ઞાતિ વગેરે સંબંધીઓને આમંત્રિત કર્યા. આમંત્રિત કરીને તેણે તે બધા આવેલા સંબંધીઓને જમાડયા. જમા-

ડીને બધાને વસ્ત્રો વગેરે આપીને સત્કાર કર્યો, સત્કાર કરીને તેણે તેમનું સ્વાગત વચનો વડે સન્માન કર્યું. સન્માન કર્યા બાદ તેણે પોતાના સાગર પુત્રને સ્નાન કરાવ્યું સ્નાન કરાવીને તેણે તેને બધા અલંકારોથી શણગાર્યો, શણગારીને તેણે તેને પુરૂષ-સહસ્રવાહિની પાલખીમાં બેસાડયો. ત્યારપછી મિત્ર, જ્ઞાતિ, સ્વજન સંબંધીઓને સાથે લઇને તે પોતાના સંપૂર્ણ વૈભવની સાથે પોતાના ઘેરથી નીકળ્યો-નીકળીને ચંપા નગરીની વચ્ચે થઇને તે જ્યાં સાગરદત્તનું ઘર હતું ત્યાં પહોંચ્યો.

(उवागच्छित्ता सीयाओ पच्चोरुहावेइ, पच्चोरुहावित्ता सागरगं दारगं सागरदत्तस्स सत्थ० उवणेइ, तएणं, सागरदत्ते सत्थवाहे विपुलअसणपाणखाइम साइमं उवक्खडावेइ, उवक्खडावित्ता जाव सम्माणत्ता सागरगं दारगं सूमालियाए दारियाए सद्धिं पट्टयं, दुरूहावेइ, दुरूहावित्ता सेयापीएहिं कलसेहिं मज्जावेइ, मज्जावित्ता अग्गिहोमं करावेइ, करावित्ता सागरदारयं सूमालियाए दारियाए पाणिं गिण्हावेइ)

ત્યાં પહોંચીને તેણે પોતાના પુત્ર સાગરને પાલખીમાંથી નીચે ઉતાર્યો અને ઉતારીને સાગરદત્ત સાર્થવાહની પાસે લઇ ગયો. સાગરદત્ત સાર્થવાહે પણ પહેલેથી જ પુષ્કળ પ્રમાણમાં અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતનો આહાર તૈયાર કરાવીને રાખ્યો હતો. તેણે મિત્ર વગેરે લોકોની સાથે જીનદત્ત સાર્થવાહને આનંદની સાથે જમાડયા અને ત્યારપછી તેણે સૌનો સત્કાર તેમજ સન્માન કર્યું. સત્કાર અને સન્માન કર્યા બાદ સાગરદત્તે સાગરદારકને પોતાની પુત્રી સુકુમારિકાની સાથે એક પટ્ટક ઉપર બેસાડયો. બેસાડીને સોના-ચાંદીના કળશોથી તેમનો અભિષેક કરાવડાવ્યો. અભિષેકનું કામ પુરૂં થયા બાદ તેણે અગ્નિહોમ કરાવ્યો. અગ્નિહોમની વિધિ પૂરી થઈ ગઈ ત્યારે સાગરદત્તે પોતાની પુત્રી સુકુમારિકાનો સાગરની સાથે હસ્તમેળાપ કરાવી દીધો એટલે કે લગ્ન કરાવી દીધાં. ॥ સૂ. ૮ ॥

'तएणं सागरदारए' इत्यादि

टीकार्थ-(तएणं) त्यारपछी એટલે કે સાગરદારકે જ્યારે હસ્તમેળાપ કર્યો ત્યારે (सागरदारए) તે સાગરને (सूमालियाए दारियाए) સુકુમાર દારિકાનો (पाणि· पासं) તે હાથનો સ્પર્શ (इमंएया रूवं पडिसंवेदेइ) આ પ્રમાણે લાગ્યો કે

(से जहा नामए असि पत्तेइ वा जाव मुम्मुरेइ वा, एत्तो अणिट्ठत्तराए चेव पाणिफासं पडिसंवेदेइ)

જાણે તે અસિપત્ર-તરવાર-નો સ્પર્શ ન હોય, યાવત્ અગ્નિકણ મિશ્રિત ભસ્મનો સ્પર્શ ન હોય. અહીં 'યાવત્' શબ્દથી

(करपत्तेइ वा खुरपत्तेइ वा, कलंबचीरियापत्तेइ वा सत्ति अग्गेइ वा कोंतग्गेइ तोमरग्गेइ वा, भिंडिमालग्गे वा सूचिकलावएइ वा विच्छुय डंकेइ वा, कविकच्छुइ वा इंगालेइ वा, मुम्मुरेइ वा अच्चोइ वा जालेइ वा, आलाइ वा सुद्धागणीइ वा भवेयारूवे सिया ? नो इणट्ठे समट्ठे)

કરપત્ર-કરવત, ક્ષુરપત્ર - અસ્રો, કદંબચીરિકા પત્ર-છુરિકા કે જેનો અગ્રભાગ એકદમ તીક્ષ્ણ હોય છે, શકિત-અગ્ર-શકિત,-ત્રિશૂળ અથવા આયુધ વિશેષનો અગ્રભાગ, કુંતાગ્ર-ભાલાની અણી, તોમરાગ્ર-તીરની અણી, ભિંદિવાલ-વિશેષનો અગ્રભાગ, સૂચીકલાપનો અગ્રભાગ, વીંછીનો ડંખ, કવિકચ્છુ-ક્વચ-જેના સ્પર્શથી ખંજવાળ આવે છે, જ્વાળા રહિત અગ્નિ, મુર્મુર-અગ્નિકણ મિશ્રિત ભસ્મ, અર્ચિ-લાકડાઓથી સળગતી જ્વાળા, જ્વાળા-લાકડા વગરની જ્વાળા, અલાત-ઉલ્મુક, શુદ્ધ અગ્નિ-લોહપિંડસ્થ અગ્નિ-આટલી વસ્તુઓનું ગ્રહણ કરવું જોઈએ. આ અસિપત્રથી માંડીને શુદ્ધ અગ્નિ સુધીના પદાર્થોનો જે જાતનો સ્પર્શ હોય છે તેવો જ સુકુમારિકાના હાથનો પણ સ્પર્શ હતો.

પણ હકીકતમાં તો આ વસ્તુઓની સમાનતા પણ તેના તીક્ષ્ણ સ્પર્શની સાથે કરી શકાય તેમ નથી કેમકે તેના હાથનો સ્પર્શ તો ઉકત વસ્તુઓના સ્પર્શ કરતાં પણ વધારે અનિષ્ટતર હતો, અકાંતતરક હતો, અતીવ અકમનીય હતો, અપ્રિયતરક હતો, અત્યંત દુઃખજનક હતો, અમનોમતરક હતો, ખૂબજ મનો વિકૃતિજનક હતો, અમનોમ તરક હતો, બહુ જ મનઃ પ્રતિકૂળ હતો.

(तएणं से सागरए अकामए अवसव्वसे मुहुत्तमित्तं संचिट्ठइ, तएणं से सा-

गरदत्ते सत्थवाहे सागरस्स दारगस्स अम्मापियरो मित्तणाइ० विउलेणं असणं पाणं खाइमं साइमं पुप्फवत्थ जाव सम्माणेत्ता पडिविसज्जति)

એટલા માટે તે સાગર તેમાં અભિલાષાથી રહિત બની ગયો. છતાંએ તે ત્યાં લાચાર થઈને થોડા વખત સુધી રોકાયો. સાગરદત્ત સાર્થવાહે સાગર દારકના માતાપિતાને તેમજ તેના મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી પરિજનોને વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારથી અને પુષ્પ વસ્ત્ર, ગંધ, માળા તેમજ અલંકારોથી બહુ સત્કાર અને સન્માન કર્યું. સત્કાર તેમજ સન્માન કરીને તેણે સૌને પોતાને ત્યાંથી વિદાય કર્યા.

(तएणं सागरए दारए सूमालियाए सद्धिं जेणेव वासगिहे तेणेव उवागच्छइ उवागच्छित्ता सूमालियाए दारियाए सद्धिं तलिगंसि निवज्जइ, तएणं से सागरए दारए सूमालियाए दारियाए इमं एयारूवं अंगफासं पडिसंवेदेइ से जहा नामए असिपत्तेइ वा जाव अमणामयरागं चेव अंगफासं पच्चणुब्भवमाणे विहरइ तएणं से सागरए अंगफासं असहमाणे अवसव्वसे मुहुत्तमित्तं संचिट्ठइ)

ત્યારપછી સાગર દારક સુકુમારિકાની સાથે જ્યાં વાસગૃહ–શયનઘર હતું ત્યાં ગયો, ત્યાં જઈને તે સુકુમારિકાની સાથે એક શય્યા ઉપર બેસી ગયો. બેઠા બાદ તે સાગર દારકને સુકુમારિકા દારિકાનો અંગ–સ્પર્શ એવા પ્રકારનો જણાયો કે તે અસિપત્ર – તરવાર વગેરેનો સ્પર્શ ન હોય! અસિપત્ર વગેરે કરતાં પણ તેનો અંગ સ્પર્શ યાવત અમનોમતરક હતો. આ રીતે તેના અંગ સ્પર્શને અનુભવતો સાગર દારક લાચાર થઈને ત્યાં થોડા વખત સુધી રોકાયો અને ત્યારબાદ જ્યારે તેને તે સ્પર્શ અસહ્ય થઈ પડયો ત્યારે

(तएणं से सागरदारए सूमालियं दारियं सुहपसुत्तं जाणित्ता सूमालियाए दारियाए पासाउ उट्ठेइ, उट्ठित्ता जेणेव सए सयणिज्जे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सयणीयंसि निवज्जइ, तएणं सूमालिया दारिया तओ मुहुत्तंतरस्स

पडिबुद्धा समाणी पइव्वया पइमणुरत्ता पत्तिपासे अपस्समाणी तलिमाउ उट्ठेइ उट्ठित्ता उवागच्छइ)

તે સાગર દારક તે સુકુમારિકા દારિકાને સુખેથી સૂતેલી જાણીને તેની પાસેથી ઉઠયો, અને ઉઠીને જ્યાં પોતાની શય્યા હતી ત્યાં જતો રહ્યો. ત્યાં જઇને તે તેની ઉપર પડી ગયો. એટલામાં એક મુહૂર્ત પછી પતિમાં અનુરકત બનેલી પતિવ્રતા સુકુમારિકા દારિકા જાગી ગઈ અને પોતાની પાસે પતિ ન જોતાં પોતાની શય્યા ઉપરથી ઉઠી અને બેઠી ગઈ. ત્યારપછી તે ઉઠીને જ્યાં સાગર દારકની શય્યા હતી ત્યાં ગઇ. (उवागच्छित्ता सागरस्स पासे णुवज्जइ) ત્યાં જઇને તે તેના પડખામાં સૂઈ ગઇ.

(तएणं से सागरदारए सूमालियाए दारियाए दुच्चंपि इमं एयारूवं अंगफासं पडिसंवेदेइ जाव अकामए अवसव्वसे मुहुत्तमित्तं संचिट्ठइ,तएणं से सागरदारए सूमालियं दारियं सुहपसुत्तं जाणित्ता सयणिज्जाओ उट्ठेइ,उट्ठित्ता वासघरस्स दारं विहाडेई,विहाडित्ता मारामुक्के विव काए जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए)

સાગર દારકને સુકુમારિકાનો બીજીવારનો અંગ સ્પર્શ પણ પહેલાંની જેમજ લાગ્યો. એટલા માટે તેની પાસે સૂવાની ઇચ્છા ન હોવા છતાંએ તે વિવશ થઇને થોડીવાર સુધી તેની પાસે પડી રહ્યો. જ્યારે તે સારી રીતે સૂઈ ગઈ ત્યારે તે તેને સુખેથી સૂતી જાણીને તેની પાસેથી ઉઠયો અને ઉઠીને તેણે તે વાસગૃહના બારણાને ઉઘાડયું. ઉઘાડીને જેમ મારા–મુક્ત કાગડો જલ્દી નીકળી જાય છે તેમજ તે પણ બહુ જ ત્વરાથી ત્યાંથી નીકળીને જે દિશા તરફથી આવ્યો હતો તે જ દિશા તરફ પાછો જતો રહ્યો. જે સ્થાને પ્રાણીઓ મારી નાખવામાં આવે છે તેનું નામ “ મારા ” (વધસ્થાન) છે. આ ‘ મારા ’થી છૂટીને આમ બે અર્થો ‘ મારામુક્ત ’ શબ્દના થઇ શકે છે. ॥ સૂત્ર ૯ ॥

(तएणं सूमालिया दारिया इत्यादि—

टीकार्थ-(तएणं) त्यारબાદ (सूमालिया दारिया) સુકુમારિકા દારિકા (तओ मुहुत्ततरस्स पडिबुद्धा पइवया जाव अपासमाणी) એક મુહૂર્ત પછી જાગી ગઈ. તે પતિવ્રતાએ ત્યાં પોતાના પતિને જ્યારે જોયા નહિ ત્યારે

(सयणिज्जाओ उट्ठेइ, सागरस्स दारगस्स सव्वओ समंता मग्गणगवेसणं करेमाणी २ वासघरस्स दारं विहाडियं पासइ, पासित्ता एवं वयासी)

શય્યા ઉપરથી ઊભી થઈ અને ત્યારપછી તેણે ત્યાંજ આસપાસ ચોમેર સાગર દારકની માર્ગણા-ગવેષણા કરી. જ્યારે તેણે શયનગૃહના બારણાને ઉઘાડેલું જોયું ત્યારે તેને વિચાર આવ્યો કે

(गए से सागरे त्तिकट्टु ओहयमणसंकप्पा जाव झियायइ, तएणं सा भद्दा सत्थवाही कल्लं पाउ दासचेडियं सद्दावेइ)

સાગર જતા રહ્યા છે. આ રીતે અપહત મનઃ સંકલ્પવાળી થઈને તે ચિંતામાં ગમગીન થઈ ગઈ. એટલામાં બીજા દિવસે સવારે ભદ્રાસાર્થવાહીએ દાસપુત્રીને બોલાવી.

(सद्दावित्ता एवं वयासी गच्छह णं तुमं देवाणुप्पिए ! वहूवरस्स मुहधोवणियं उवणेहि, तएणं सा दासचेडी भद्दाए एवंवुत्ता समाणी एयमट्ठं तहत्ति पडिसुणंति मुहधोवणियं गेण्हइ, गेण्हित्ता जेणेव वासघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता, सूमालियं दारियं जाव झियायमाणिं पासइ, पासित्ता एवं वयासी—किन्नं तुमं देवाणुप्पिया ओहयमणसंकप्पा जाव झियाहिसि? तएणं सा सूमालिया दारिया तं दासचेडीं एवं वयासी—एवं खलु देवाणुप्पिया ! सागरए दारए मम सुहपसुत्तं जणित्ता मम पासाओ उट्ठेइ, उट्ठित्ता वासघरदुवारं अवगुणइ, जाव पडिगए)

બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! તુ વરવધૂની પાસે આ દંતધાવન વગેરે મુખધાવનિકા લઈ જા. ભદ્રાના આ કથનને સાંભળીને તે દાસચેટીએ "તહત્તિ" કહીને તેને સ્વીકારી લીધું અને મુખધાવનિકા (દાતણ) ને લઈ લીધું અને લઈને તે જ્યાં વાસગૃહ હતું ત્યાં ગઈ ત્યાં

જઇને તેણે સુકુમારિકા દારિકાને ચિંતામાં ગમગીન જોઈ. જોઇને તેણે તેને પૂછ્યું કે હે દેવાનુપ્રિયે ! શા કારણથી તમે અપહત મનઃ સંકલ્પા થઇને ચિંતામાં બેઠા છો ? દાસચેટીના પ્રશ્નને સાંભળીને તે સુકુમારિકાએ તેને કહ્યું- કે હે દેવાનુપ્રિયે ! સાંભળો, સાગર દારક મને સુખેથી સૂતી જાણીને મારી પાસેથી ઉભા થયા અને ઉભા થઇને વાસગૃહના બારણાને ઉઘાડીને જ્યાંથી આવ્યા હતા, ત્યાં જતા રહ્યા છે.

(तएणं तओ अहं मुहुत्तंतरस्स जाव विहाडियं पासामि गएणं से सागरए त्ति कट्टु ओहयमणं जाव झियायामि, तएणं सा दासचेडी, सूमालियाए दारियाए एयमट्ठं सोच्चा जेणेव सागरदत्ते तेणेव उवागच्छइ)

ત્યાર પછી જ્યારે હું જાગી ત્યારે મેં સાગર દારક ને મારી પાસે જોયા નહિં, હું શય્યા ઉપર ઉઠી અને બેઠી થઈ ગઇ અને ત્યાર પછી મેં અહીં જ તેમની બધે માર્ગણ-ગવેષણા કરી. મેં જ્યારે વાસગૃહના બારણાને ઉઘાડું જોયું ત્યારે હું સમજી ગઇ કે તેઓ ચાલ્યા ગયા છે. આ વિચારથી જ હું અપહત મનઃ સંકલ્પ થઇને આર્તધ્યાન-ચિંતા-માં પડી છું આ રીતે સુકુમારીકાની વાત સાંભળીને તે દાસ ચેટી ખૂબજ વિચાર કરીને ત્યાંથી સાગરદત્તની પાસે ગઈ.

उवागच्छित्ता सागरदत्तस्य एयमट्ठ निवेएइ=तएणं से सागरदत्ते दासचेडीए अंतिए एयमट्ठं सोचा निसम्म आसुरुत्ते जेणेव जिणदत्तस्स सत्थवाहस्स गिहे तेणेव उवागच्छइ-उवागच्छित्ता जिणदत्तं एवं वयासी)

ત્યાં આવી ને તેણે સાગરદત્તને આ વાત કરી. આ રીતે દાસ ચેટીના મુખથી બધી વિગત સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને સાગર દત્ત અત્યંત ગુસ્સે થયો અને તરત જ જ્યાં જિનદત્ત સાર્થવાહનું ઘર હતું ત્યાં ગયો. ત્યાં જઈને તેણે જિનદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું કે

(किण्णं देवाणुप्पिया ! एवं जुत्तं वा पत्तं वा कुलाणुरूवं वा कुलसरिसं वा जन्नं सागरदारए सूमालियं दरियं अदिट्ठदोसं पइवयं विप्पजहाय इहमागओ बहूहिं खिज्जणियाहि य रुंटणियाहि य उवालभइ)

હે દેવાનુપ્રિય ! શું આ વાત વાજબી છે ? કુળ મર્યાદાને લાયક છે ? અથવા તો કુળની યોગ્યતા મુજબ છે ? કુળને શોભાવનારી છે ? કે જે સાગર દારક કોઈ પણ જાતના દોષ જોયા વગર પતિવ્રતા સુકુમારીકા દારિકાને ત્યજીને અહીં આવી ગયો છે ? આ રીતે મનને દુભાવનારા તેમજ ગળગળા થઈને રડતાં રડતાં ઘણાં વચનોથી સાગરે તે પોતાના વેવાઇ જિનદત્તને ઠપકો આપ્યો.

(तएणं जिणदत्ते सागरदत्तस्स एयमट्ठं सोच्चा जेणेव सागरए दारए तेणेव उवागच्छइ, उवागच्छित्ता सागरयं दारयं एवं वयासी–दुट्ठुणं पुत्ता तुमे कयं सागरदत्तस्स गिहाओ इह हव्वमागए, तेणं तं गच्छह णं तुमं पुत्ता ! एवमविगए, सागरदत्तस्स गिहे, तएणं से सागरए जिणदत्तं एवं वयासी–अवि आइं अहं ताओ ! गिरिपडणं वा तरुपडणं वा मरुप्पवायं वा जलप्पवेसं वा जलणप्पवेसं वा विसभक्खणं वा सत्थोवाडणं वा वेहाणसं वा गिद्धापिट्ठं वा पवज्जं वा विदेसगमणं वा अब्भुवगच्छिज्जामि, नो खलु अहं सागरदत्तस्स गिहं गच्छिज्जा)

જિનદત્ત સાગરદત્તના આ ઠપકાને સાંભળીને જ્યાં સાગર દારક હતો ત્યાં ગયો અને ત્યાં જઇને તેણે સાગર દારકને આ પ્રમાણે કહ્યું કે હે પુત્ર ! તમે આ જે કંઈ કર્યું છે, તે સારું ન કહેવાય તમે સાગરદત્તના ઘેરથી આટલા જલ્દી આવતા રહ્યા આ ઠીક નથી. એથી હે બેટાં ! તમે અત્યારે જેવી સ્થિતિમાં છો તેવી જ સ્થિતિમાં સાગરદત્તને ઘેર જતા રહો. ત્યારે સાગર દારકે પોતાના પિતાને આ પ્રમાણે કહ્યું કે હે પિતાશ્રી ! તમારી આજ્ઞાથી હું પર્વત ઉપરથી નીચે ગબડી પડવું સ્વીકારી શકું છું, વૃક્ષ ઉપરથી નીચે પડી જવું સ્વીકારી શકું છુ, મરુપ્રપાત-નિર્જળ પ્રદેશમાં જવું સ્વીકારી શકું છું, ઊંડા પાણીમાં ડૂબીને મરી શકું છું, તેમજ સળગતા અગ્નિમાં પ્રવેશવુ, વિષનું ભક્ષણુ કરવું, શસ્ત્રનાઘાથી શરીર ને કાપવું, ગળામાં ફાંસો

ભેરવીને મરવું, હાથી ઊંટ વગેરેના મરેલા શરીરમાં પ્રવેશ કરી મારા શરી- રને મૃતબુદ્ધિની કલ્પનાથી ગીધ પક્ષીઓને ખવડાવવું આ બધું હું સ્વીકારી શકું તેમ છું, તેવી જ રીતે દીક્ષા ગ્રહણ કરવી અથવા તો પરદેશમાં જતા રહેવું પણ હું સ્વીકારી શકું છું પણ હું સાગરદત્તના ઘેર જવું સ્વીકારવા તૈયાર નથી. એટલે કે આ બધી ઉપરની તમારી આજ્ઞાઓ મને કોઇ પણ જાતના વિચાર કર્યા વગર માન્ય છે, પણ સાગરદત્તને ત્યાં જવું માન્ય નથી.

(तएणं से सागरदत्ते सत्थवाहे कुड्डंतरिए सागरस्स एयमट्ठं निसामेइ, निसामित्ता लज्जिए, विलीए, विड्डे, जिनदत्तस्स गिहाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सुकुमालियं दारियं सद्दावेइ, सद्दावित्ता अंके निवेसेइ, निवेसित्ता एवं वयासी किण्णं पुत्ता सागरएणं दारएणं मुक्का ? अहं णं तुमं तस्स दाहामि जस्सणं तुमं इट्ठा जाव मणामा भविस्ससित्ति सूमालियं दारियं ताहिं इट्ठाहिं वग्गूहिं समासासेइ, समासासित्ता पडिविसज्जेइ)

ત્યાં જ ભીંતની પાછળ છુપાઇને સાગરદત્ત સાર્થવાહ સાગરની તે બધી વાતને સાંભળી રહ્યો હતો. સાંભળી તે બહુજ લજ્જિત થયો તેમજ બીજા- ઓથી પણ તે ખૂબજ લજ્જિત થયો. આ રીતે ‘જાતે’ અને બીજાઓથી લજાતો તે જિનદત્તના ઘેરથી બહાર નીકળી ગયો અને નીકળીને પોતાને ઘેર પહોંચ્યો. ત્યાં જઇને તેણે પોતાની પુત્રી સુકુમારિકા દારિકાને બોલાવી. જ્યારે તે સુકુમારિકા દારિકા આવી ગઈ ત્યારે તેને પોતાના ખોળામાં બેસાડી લીધી. બેસાડીને તેણે તેને પૂછ્યું હે બેટી ! શા કારણથી સાગરે તને ત્યજી છે ? તને હું તે પુરુષને જ આપીશ કે જેના માટે તું સારી રીતે ઇષ્ટા, કાંતા. પ્રિયા, મનોજ્ઞા અને મનોમા થશે. આ રીતે તેણે સુકુમાર દારિકાને પોતાના ઇષ્ટ વચ નોથી સારીરીતે આશ્વાસન આપ્યું અને ત્યાર પછી તેને વિદાય આપી ॥સૂ૦૧૦॥

'तएणं से सागरदत्ते' इत्यादि ॥

ટીકાર્થ-(तएणं से सागरदत्ते) ત્યાર બાદ સાગરદત્ત કોઈ એક વખત (उप्पिं आगासतलगंसि) પોતાના મહેલની ઊપર સુખેથી બેસીને રાજમાર્ગનું અવલોકનકરતો હતો. ત્યારે તેણે (एगं महं दमगपुरिसं पासइ) એક ખૂબજ દરિદ્ર-કંગાળ-પુરુષને જોયો. (दंडिखंडनिवसणं खंडगमल्लगघडगहत्थगयं मच्छियासहस्सेहिं जाव अनिज्जमाणमग्गं) તેણે જૂના વસ્ત્રના ચીંથરાઓ પહેરેલા હતા અને તેના હાથમાં 'ખંડમલ્લક હતું' એટલે કે ફુટી ગયેલા માટીના વાસણનો એક કકડો હતો તેમજ પાણી પીવા માટે ફુટેલી માટલીનું એક ખપ્પર હતું હજારો માખીઓ તેનીપાછળ પાછળ-શરીર અને વસ્ત્રોની મલીનતાને લીધે ઉડી રહી હતી. (तएणं से सागरदत्ते कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-तुब्भेणं देवानुप्पिया! एयं दमगपुरिसं विउलेणं असणपाणखाइमसाइमं पलोभेइ,पलोभित्ता गिहं अनुप्पवेसेह, अणुप्पवेसित्ता खंडगमल्लगं खंड घडगं तं एगं ते एडेह, एडित्ता अलंकारिकम्मं कारेह कारित्ता ण्हायं कयबलि० जाव सव्वालंकारविभूसियं करेह करित्ता मणुण्णं असणपाणखाइमसाइमं भोयावेह, भोयावित्ता मम अंतियं उवणेह) ત્યારપછી સાગરદત્તે આજ્ઞાકારી પુરૂષોને બોલાવ્યા. બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું-કે હે દેવાનુપ્રિયો! તમે લોકો આ દરિદ્ર પુરૂષને પુષ્કળ પ્રમાણમાં અશન,પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારની લાલચ આપો. લાલચ આપીને તેને ઘરની અંદર બોલાવી લો. જ્યારે તે ઘરમાં આવી જાય ત્યારે તમે તેની પાસેના ખંડમલ્લ અને ખંડઘટક લઈને તેને એકાંત સુરક્ષિત સ્થાનમાં મૂકી દો. ત્યારપછી હજામને બોલાવીને તેના સરસ રીતે વાળ કપાવી નાખો અને વધી ગયેલા નખ વગેરેને કપાવી નાખો. ત્યારપછી તેને સ્નાન

કરાવો સ્નાન કરાવ્યા બાદ તેના હાથેથી પશુ-પક્ષી વગેરેનો અન્ન વગેરેનો ભાગ આપવા રૂપ બલિકર્મ કરાવડાવો. જ્યારે બલિકર્મની વિધિ પતી જાય ત્યારે તમે લોકો એને બધી જાતના અલંકારોથી શણગારો. શણગારીને તેને મનોજ્ઞ, અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારો જમાડો. જમાડયા પછી તેને અમારી પાસે લઈ આવો.

(तएणं कोडुंबियपुरिसा जाव पडिसुणेंति, पडिसुणित्ता जेणेव से दमगपुरिसे तेणेव उवागच्छइ उवागच्छित्ता तं दमगं असणं उवप्पलोभेंते उवप्पलोभित्ता सयंगिहं अणुपवेसिंति, अणुपविसित्ता, तं खंडगमल्लगं खंडगघडगं च तस्स दमगपुरिसस्स एगंते एडेंति तएणं से दमगे तंसि खंडमल्लगंसि, खंडघडगंसि य एगंते एडिज्जमाणंसि महया २ सद्देणं आरसइ, तएणं से सागरदत्ते तस्स दमगपुरिसस्स तं महया२ आरसिय सद्दं सोच्चा निसम्म कोडुंबियपुरिसे एवं वयासी)

આ જાતની સાગરદત્તની આજ્ઞાને તે કૌટુંબિક પુરૂષોએ સારી રીતે સ્વીકારી લીધી. સ્વીકાર્યા બાદ તેઓ દરિદ્ર માણસની પાસે ગયા ત્યાં જઇને તેમણે તેને બોલાવ્યો અને અશન, પાન વગેરે રૂપ ચાર જાતના આહારની વારંવાર લાલચ આપી. લલચાવીને તેઓ તેને ઘર સુધી લઈ આવ્યા અને છેવટે તેને ઘરમાં દાખલ કરી દીધો. ત્યારપછી તે લોકોએ તે દરિદ્ર માણસની પાસેથી ફૂટેલા માટીના વાસણનો કટકો તેમજ ફૂટેલા માટલાના ખપ્પરને લઇને સુરક્ષિત સ્થાને મૂકી દીધું. જ્યારે તે દરિદ્ર માણસે પોતાના ખંડમલ્લકને અને ખંડઘટકને પોતાની પાસેથી છીનવીને એકાંત સ્થાનમાં મૂકતાં જોયું ત્યારે તે મોટેથી ઘાંટા પાડીને રડવા લાગ્યો. તેના રડવાના આવાજને સાંભળીને અને તેને પોતાના ચિત્તમાં ધારણ કરીને સાગરદત્તે કૌટુંબિક પુરૂષોને આ પ્રમાણે કહ્યું.

(किण्णं देवाणुप्पिया ! एस दमगपुरिसे महया २ सद्देणं आरसइ, तएणं ते कोडुंबियपुरिसा एवं वयासी एसणं सामी ! तंसि खंडमल्लगंसि खंडघडगंसि एगंते एडिज्जमाणंसि महया २ सद्देणं आरसइ, तएणं से सागरदत्ते सत्थवाहे ते

कोडुंबिय पुरिसे एवं एवं वयासी)

હે દેવાનુપ્રિયો ! શા કારણથી આ દરિદ્ર માણસ મોટેથી ઘાંટા પાડી પાડીને રડી રહ્યો છે? ત્યારે તે કૌટુંબિક પુરૂષોએ આ પ્રમાણે કહ્યું કે હે સ્વામિન્ ! પોતાના ખંડમલ્લક અને ખંડઘટકને તેની પાસેથી લઇને બીજા સુરક્ષિત સ્થાને લઈ જતાં જોઇને આ દરિદ્ર માણસ મોટેથી રડવા લાગ્યો છે. આ પ્રમાણે સાંભળીને સાગરદત્તે કૌટુંબિક પુરૂષોને આ પ્રમાણે કહ્યું કે—

(माणं तुब्भे देवाणुप्पिया ! एयस्स दमगस्स तं खंड जाव एडेह पासे ठवेह, जहाणं पत्तियं भवइ, ते वि तहेव ठवेंति, तएणं ते कोडुंबियपुरिसा तस्स दमगस्स अलंकारियकम्मं करेंति, करित्ता सयपागसहस्सपागेहिं तिल्लेहिं अब्भगेंति अब्भंगिए समाणे सुरभिगंधुव्वट्टणेणं गायं उव्वट्टिंति २ उसिं णोदगेणं गंधोदगेणं सीतोदगेणं ण्हावेंति)

હે દેવાનુપ્રિયો ! તમે લોકો આ દરિદ્ર પુરૂષના ફૂટેલા માટીના દીપકના કટકાને અને ફૂટેલા ઘડાના ખપ્પરને એની પાસેથી લઇને દૂર એકાંતમાં મૂકશો નહિ પણ એની પાસે જ—એની સામે જ મૂકી રાખો. જેથી એને વિશ્વાસ રહે. આ રીતે સાગરદત્તની વાત સાંભળીને તે આજ્ઞાકારી પુરૂષોએ તે પ્રમાણે જ કર્યું. એટલે કે તેના મલ્લકખંડ અને ઘટખંડને તેની સામે જ મૂકી દીધા. ત્યારપછી તે કૌટુંબિક પુરૂષોએ તે દરિદ્ર માણસના વાળ અને નખ કપાવ્યા. જ્યારે આ કામ સરસ રીતે પુરૂં થઇ ગયું ત્યારે તેઓએ દરિદ્ર માણસના શરીરને શતપાક અને સહસ્રપાકવાળા તેલથી માલિશ કર્યા બાદ સુગંધિપિષ્ટક—સુગંધિત પીઠી—તેના શરીરે ચોળીને ઉપટન કર્યું. એથી તેના શરીર ઉપર જેટલો મેલ હતો તે પીઠીની સ્નિગ્ધતાને લીધે સાફ થઈ ગયો. જ્યારે તેના શરીરે પીઠી ચોળાઈ ગઈ ત્યારે તે લોકોએ તેને ગરમ પાણીથી, સુવાસિત પાણીથી અને ઠંડા પાણીથી સ્નાન કરાવ્યું. સ્નાન કરાવ્યા બાદ તેના શરીરને (पम्हल सुकुमार गंध कासाइयाए गायाइं लूहंति) પક્ષ્મલ—રૂંવાટાવાળા સુકોમળ, નરમ રંગીન ટુવાલથી લૂછ્યું.

(व्हित्ता हसलक्खणंपट्ट साडगं परिहेंति, परिहित्ता सव्वालंकारविभूसियं करेंति, करित्ता विउलं असनपाणखाइमसाइमं भोयावेंति, भोयावित्ता, सागरदत्तस्स उवणेंति)

જ્યારે શરીરના બધા અંગો સરસ રીતે લુંછાઈ ગયા ત્યારે તેઓએ હંસચિત્રિત અથવા તો હંસ જેવું સ્વચ્છ ધોળું પટ્ટશાટક ક્ષૌમ વસ્ત્ર પહેરાવ્યું. ક્ષૌમ વસ્ત્ર પહેરાવીને તેને વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારો જમાડયા. જમાડયા પછી તેઓ તેને સાગરદત્તની પાસે લઇ ગયા

(तएणं सागरदत्ते सूमालियं दारियं ण्हायं जाव सव्वालंकारविभूसियं करित्ता तं दमगपुरिसं एवं वयासी–एसणं देवाणुप्पिया ! मम धूया इट्ठा एयं णं अहं तव भारियत्ताए दलामि)

સાગરદત્તે પોતાની સુકુમારિકા દારિકાને સ્નાન કરાવીને યાવત્ બધી જાતના અલંકારોથી શણગારીને તે દરિદ્ર માણુસને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! આ મારી પુત્રી છે અને મને બહુ જ ઈષ્ટ, પ્રિય, કાંત, મનોજ્ઞ અને મનોમ છે. હું મારી આ પુત્રીને તમને તમારી પત્નીના રૂપમાં અર્પું છું.

भद्दियाए भद्दओ भविज्जसि, तएणं से दमगपुरिसे सागरदत्तस्स एयमट्ठं पडि० २ सूमालियाए दारियाए सद्धिं वासघरं अणुपविसइ, अणुपविसित्ता सुमालियाए दारियाए सद्धिं तलिगंसि निवज्जइ)

આ ભાગ્યશીલાથી તમે પણ ભાગ્યશાળી થઈ જશો. તે દરિદ્ર પુરૂષે સાગરદત્તની એ વાતને સ્વીકારી લીધી અને ત્યારબાદ તે સુકુમારિકા દારિકાની સાથે વાસગૃહમાં પ્રવિષ્ટ થયો. ત્યાં જઇને તે દરિદ્ર માણુસ સુકુમારિકા દારિકાની સાથે એક જ શય્યા ઉપર બેસી ગયો.

(तएणं से दमगपुरिसे सूमालियाए इमं एयारूवं अंगफासं पडिसंवेदेइ, सेसं जहा सागरस्स जाव सयणिज्जाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता वासघराओ निग्गच्छइ निग्गच्छित्ता खंडमल्लगं खंडघडगं च गहाय मारामुक्के विव काए जामेव

दिसं पाउब्भूए तामेव दिसं पडिगए)

ते वखते ते दरिद्र माणुसने सुकुमारिका दारिकाना अंगोनो स्पर्श पहेलां वर्णन करवांमां आव्या प्रमाणेना कठोर ज लाग्यो. (अहीं सागरदारक जेवुं ज वर्णन समजी जवुं जोईए.) आ रीते ते दरिद्र माणुस पण तरवारना स्पर्श करतां पण वधारे अनिष्टकर तेनो स्पर्श जाणीने सागर दारकनी जेमज सुखेथी सूइ गयेली ते सुकुमारिका दारिकाने जोईने, तेनो त्याग करवा माटे पलंग उपरथी ऊभो थयो अने ऊभो थईने वासगृहनी बहार नीकळ्यो अने नीकळीने खंडमल्लक-फूटेला भिक्षापात्र तेमज खंडघटक-फूटेला पाणी पीवा माटेना पात्रने लइने वधस्थानथी अथवा तो मारक (हिंसक) पुरुषना हाथथी मुक्त थयेला कागडानी जेम ते त्वराथी ज्यांथी ते आव्यो हतो ते तरफ ज जतो रह्यो.

(तएणं सा सूमालिया जाव गएणं से दमगपुरिसे त्ति कट्टु ओहमण जाव झियायइ)

थोडा वखत पछी ते सुकुमारिका दारिका जागी अने पतिने पोतानी पासे न जोइने शय्या उपरथी ऊभी थई. ऊभी थईने तेणे ते दरिद्र माणुसनी शोध खोळ करी. तेणे विचार कर्यो के ते दरिद्र माणुस तो जतो रह्यो छे. आ रीते विचार करीने ते अपहतमनः संकल्पा थइने यावत् आर्तध्यानमां डूबी गइ. ॥ सूत्र ११ ॥

' तएणं सा भद्दा कल्लं ' इत्यादि

टीकार्थ-(तएण) त्यारबाद **(सा भद्दा कल्लं पाउ० दासचेडिं सद्दावेइ, सद्दावित्ता, एवं वयासी जाव सागरदत्तस्स एयमट्ठं निवेदेइ)** सुकुमारिका दारिकानी माता भद्राए बीजा दिवसे ज्यारे सवार थई गयुं अने सूर्य उदय पाम्यो त्यारे तेणे दासीने बोलावी अने बोलावीने आ प्रमाणे कह्युं-अहीं यावत् शब्दथी पहेलांना सूत्रनी जेम ज वर्णन समजी लेवुं जोइए. जेमके भद्राए तेने बोलावीने आ प्रमाणे कह्युं के वधू अने वरना मुख प्रक्षालन माटे दातण वगेरे लई जा. ज्यारे भद्राए तेने आ प्रमाणे कह्युं त्यारे ते दासी वासगृहमां गइ अने त्यां जईने तेणे सुकुमारिका दारिकाने आर्तध्यान करती जोई. त्यारे आ प्रमाणे तेनी हालत जोइने तेणे कह्युं के हे देवानुप्रिये ! शा कारणथी तमे अपहतमनः संकल्प थईने आर्तध्यान करी रह्यां छो. त्यारे सुकुमार दारिकाए ते दासीने आ प्रमाणे कह्युं-के ते दरिद्र माणुस मने अहीं सुखेथी सूतेली छोडीने जतो रह्यो छे. ज्यारे थोडा वखत पछी हुं जागी त्यारे में तेने मारी पासे जोयो नहि अने में वासगृहना बारणाने पण खुल्लुं

જોયું ત્યારે મને ચોક્કસપણે ખાત્રી થઈ ગઈ કે તે અહીંથી ચાલ્યો ગયો છે. આ રીતે હું ચિંતામાં પડી છું. સુકુમારિકાની આ વાત સાંભળીને દાસીએ તરત જ સાગરદત્તને ખબર આપી. આ રીતે અહીં પહેલાનો પાઠ જાણી લેવો જોઈએ.

तएणं से सागरदत्ते तहेव संभंते समाणे, जेणेव वासहरे तेणेव उवागच्छइ,उवागच्छित्ता सूमालियं दारियं अंके निवेसेइ,निवेसित्ता एवं वयासी अहो णं तुमं पुत्ता ! पुरा पोराणाणं जाव पच्चणुब्भवमाणी विहरसि तं माणं तुम पुत्ता ओहयमण जाव झियाहि–तुमं णं पुत्ता मम महाणसंसि विपुलं असणं ४ जहा पुट्टिला जाव परिभाएमाणी विहराहि)

ત્યારપછી સાગરદત્ત પહેલાંની જેમ વ્યાકુળ ચિત્તવાળો થઈને જ્યાં વાસગૃહ હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે સુકુમારિકા દારિકાને પોતાના ખોળામાં બેસાડી લીધી અને બેસાડીને કહેવા લાગ્યા કે હે પુત્રિ! તેં પહેલા ભવમાં જે કંઈ દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાંત અને કૃતજ્ઞાનાવરણીય વગેરે અશુભ કર્મો ઉપાર્જિત કર્યાં હતાં–પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બંધના ભેદથી બાંધ્યા છે. અત્યારે તું તેજ પહેલાંના અશુભ જ્ઞાનાવરણીય વગેરે કર્મોના અશુભ ફળ વિશેષને ભોગવી રહી છે. પૂર્વ ભવમાં જે પાપ કરવામાં આવ્યાં હોય તેને અહીં “ પુરાણ ” શબ્દથી ગ્રહણ કરવામાં આવ્યા છે. અહીં પાપ શબ્દ અશુભ જ્ઞાનાવરણીય વગેરે કર્મોને સ્પષ્ટ કરે છે આ બધા અશુભ જ્ઞાનાવરણીય વગેરે કર્મો જીવ અશુભ–મન, વચન, અને કાયની પ્રવૃત્તિથી જન્ય મૃષાવાદ વગેરે ક્રિયાઓથી તેમજ પ્રાણીઓની હિંસા, અદત્તાદાન વગેરે કુકર્મોથી બાંધે છે. બાંધતી વખતે એઓમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બંધરૂપ વિભાગ થઇ જાય છે. અધિક સ્થિતિ અને અધિક અનુભાગ બંધ તેઓમાં સંકલેશ પરિણામોથી પડે છે. એથી હે પુત્રિ! તમે અપહતઃ મનઃ સંકલ્પ થઈને યાવત્

આર્તધ્યાન કરીશ નહિ. તું મારી ભોજન શાળામાં ચાર જાતના આહારો તૈયાર કરાવડાવીને પોટ્ટિલાની જેમ શ્રમણ વગેરે જનોને આપતી રહે.

(तएणं सा सूमालिया दारिया एयमट्ठं पडिसुणेइ, पडिसुणित्ता महाणसंसि विपुलं असण जाव दलमाणी विहरइ)

આ રીતે પિતા સાગરદત્ત વડે સમજાવવામાં આવેલી તે સુકુમાર દારિકાએ પોતાના પિતાના કથનને સ્વીકારી લીધું અને સ્વીકારીને તે ભોજનશાળામાં તૈયાર થયેલા ચારે જાતના આહારોને શ્રમણ વગેરેને આપવા લાગી. ॥ સૂ. ૧૨

' तेणं कालेणं-तेणं समएणं ' इत्यादि—

ટીકાર્થ–(तेणं कालेणं-तेणं समएणं) તે કાળે અને તે સમયે

(गोवालियाओ अज्जाओ बहुस्सुयाओ एवं जहेव तेयलिणाए सुव्वयाओ तहेव समोसढ्डाओ तहेव संघाडओ जाव अणुपविट्ठे तहेव जाव सूमालिया पडिलभित्ता एवं वयासी)

ગોપાલિકા નામે આર્યિકા કે જે શ્રુત પારગામિની હતી. તેતલીપ્રધાન નામના ચૌદમા અધ્યયનની સુવ્રતા સાધ્વી જેવી હતી તેવી જ તે પણ હતી. સુવ્રતા સાધ્વીની જેમ જ તે યાવત્ સુકુમારિકાના ઘેર તે ગોચરી માટે ગઇ. સુકુમારિકાએ ખૂબ જ ભકિત–ભાવથી તેમને આહારપાણી આપ્યું અને આપીને તે તેમને આ પ્રમાણે કહેવા લાગી—

(एवं खलु अज्जाओ अहं सागरस्स अणिट्ठा, जाव अमणामा नेच्छइ णं सागरए मम नामं वा जाव परिभोगं वा जस्स २ वि य णं दिज्जामि तस्स तस्स वि य णं अणिट्ठा, जाव अमणामा भवामि तुब्भे य णं अज्जाओ ! बहुनायाओ,

एवं जहा पुट्टिला जाव उवलद्धे जेणं अहं सागरस्स दारगस्स इट्ठा कंता जाव भवेज्जामि, अज्जाओ तहेव भणंति, तहेव साविया जाया, तहेव चिंता, तहेव सागरदत्तं सत्थवाहं आपुच्छइ जाव गोवालियाणं अंतिए पव्वइया)

હે આર્યાઓ ! મારા પતિ સાગરદારક માટે હું અનિષ્ટ થઈ ગયેલી છું યાવત્ અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોમ થઈ ચૂકી છું. તેઓ મારા નામ ગોત્ર કંઇ પણ સાંભળવા ઇચ્છતા નથી ત્યારે તેમની સાથે પરિભોગ કરવાની તો વાત જ શી કરવી. તેઓએ મને એકદમ જ જે છોડી દીધી છે. અને મારા પિતાએ મને જે જે માણસને આપે છે તે બધા માટે પણ હું અનિષ્ટ વગેરે થઈ જાઉં છું. હે આર્યાઓ ! તમે તો બહુશ્રુત છો, ઘણાં શાસ્ત્રોને જાણો છો, જ્ઞાન સંપન્ન છો. આ રીતે પોટ્ટિલાની જેમ જ સુકુમારિકા દારિકાએ પણ પ્રતિને વશમાં કરવા માટેના ઉપાયોની પૂછપરછ કરી. પોટ્ટિલાએ પોતાના પતિ તેતલિપુત્રને વશમાં કરવા માટે પહેલા સુવ્રતા સાધ્વીના સંઘાટાથી જેમ ઉપાયો પૂછયા હતા તેમજ તેણે પણ તેમને કહ્યું કે–જો એવો કોઈ ચૂર્ણ વગેરેનો પ્રયોગ મળી શકે તો પણ મને બતાવી દો કે જેથી હું મારા પતિ સાગરદારકના માટે ફરી ઇષ્ટ, કાંત, યાવત્ મનોમ થઈ જાઉં. ગોપાલિકા સંઘાડાની તે આર્યાઓએ–સુવ્રતા–સાધ્વીએ જેમ પોટ્ટિલાને સમજાવી તેમજ સમજાવી અને છેવટે તે શ્રાવિકા બની ગઇ. પોટ્ટિલાની જેમજ તે સુકુમારિકાએ પણ ત્યારપછી દીક્ષા લેવાનો મનમાં મક્કમ વિચાર કરી લીધો. પોટ્ટિલાએ જેમ પોતાના પતિની આજ્ઞા લઇને દીક્ષા ધારણ કરી હતી તેમજ સુકુમારિકાએ પણ પોતાના પતિ સાગરદત્તને પૂછીને ગોપાલિકા આર્યાની પાસેથી દીક્ષા ધારણ કરી લીધી.

(तएणं सा सूमालिया अज्जा जाया इरिया जाव गुत्तबंभयारिणी बहूहिं चउत्थ छट्ठट्ठम जाव विहरइ, तएणं सा सूमालिया अज्जा अन्नया कयाइं जेणेव गोवालियाओ अज्जाओ तेणेव उवागच्छइ)

આ રીતે સુકુમારિકા આર્યા થઈ ગઈ, તે ઇર્યા સમિતિ વગેરેનું પાલન કરવા લાગી. અને નવકોટીથી બ્રહ્મચર્ય મહાવ્રતની રક્ષા કરવા લાગી. ઘણા

ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ ભક્ત વગેરે તપસ્યાઓથી પોતાને ભાવિત પણ કરવા લાગી. એક દિવસની વાત છે કે તે સુકુમારિકા આર્યા સાધ્વી જ્યાં ગોપાલિકા આર્યા વિરાજમાન હતી ત્યાં ગઇ. (उवागच्छित्ता वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी, इच्छामि णं अज्जाओ ! तुब्भेहिं अब्भणुन्नाया समाणी चंपाओ बाहिं सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं सूराभिमुही आयावेमाणि विहरित्तए) ત્યાં જઇને તેણે તેમને વંદના કરી નમસ્કાર કર્યા. વંદના તેમજ નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું કે હે ભદંત ! આપની આજ્ઞા મેળવીને હું ચંપા નગરીમાં બહાર સુભૂમિભાગ નામના ઉદ્યાનની પાંસે અંતર રહિત છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરતાં સૂર્યાભિમુખી થઇને આતાપના કરવા ઈચ્છું છું. (तएणं ताओ गोवालियाओ अज्जाओ सूमालियं एवं वयासी–अम्हेणं अज्जे ! समणीओ निग्गंथीओईरिया सामियाओ जाव गुत्तबंभचारिणीओ, नो खलु अम्हं कप्पइ बहिया गामस्स जाव सण्णिवेसस्स वा छट्ठं० जाव विहरित्तए) આ રીતે સુકુમારિકા સાધ્વીનું કથન સાંભળીને ગોપાલિકા આર્યાએ સુકુમારિકા આર્યાને આ પ્રમાણે કહ્યું કે આર્યે ! આપણે નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ. ઈર્યા વગેરે સમિતિઓનું પાલન કરીએ છીએ, અને નવકોટિથી બ્રહ્મચર્યનું રક્ષણ કરીએ છીએ. એથી આપણે ગામથી યાવત્ સન્નિવેશથી બહાર રહીને ષષ્ઠ ષષ્ઠની તપસ્યા કરવી યાવત્ સૂર્યાભિમુખી થઇને આતપન યોગ ધારણ કરવો કલ્પિત નથી. કારણ કે–ગામ વગેરેથી બહારના પ્રદેશમાં સાધ્વીઓએ રહેવું શીલભંગ વિગેરેનું નિમિત્ત થઈ જાય છે. (कप्पइ णं अम्हं अंतो उवस्सयस्स विइपरिक्खित्तस्स संघाडिबद्धियाए णं समतलपइयाए आयावित्तए) આપણને તો એ જ કલ્પિત છે કે આપણે ભીંત વગેરેથી ચોમેર પરિક્ષિપ્ત ઉપાશ્રયની અંદર જ પોતાના શરીરને શાટિકા–સાડીથી સારી રીતે ઢાંકીને અને ભૂમિ ઉપર બંને ચરણોને બરાબર સ્થાપિત કરીને આતાપના લઇએ (तएणं सा सूमालिया गोवालियाए एयमट्ठं नो सद्दहइ नो पत्तियइ नो रोएइ, एयमट्ठं अ० ३ सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते छट्ठं छट्ठेणं जाव विहरइ) ગોપાલિકા આર્યાના કથન ઉપર સુકુમાર આર્યાને શ્રદ્ધા થઈ નહિ, તેના ઉપર તેને વિશ્વાસ થયો નહિ. તે તેને ગમ્યું પણ નહિ આ રીતે તે તે કથન પ્રત્યે અશ્રદ્ધા, અપ્રતીતિ અને અરુચિ ધરાવતી સુભૂમિભાગ નામના ઉદ્યાનની પાસે ષષ્ટ ષષ્ટની તપસ્યા કરતી સૂર્યાભિમુખી થઈને આતાપના કરવા લાગી. ॥ સૂત્ર ૧૩ ॥

' तत्थणं चंपाए ललिया नाम ' इत्यादि—

ટીકાર્થ-(तत्थणं चंपाए ललिया नाम गोट्ठी परिवसइ) તે ચંપા નગરીમાં ' લલિતા ' નામે ગોષ્ઠી ' મંડળી રહેતી હતી. (नरवइ, दिण्णवियारा अम्मापिइ नियय निप्पिवासा, वेसविहारकयनिकेया, नाणाविहअविणयप्पहाणा, अड्ढा जाव अपरिभूया) તે મંડળીએ પોતાની સેવાથી રાજાને પ્રસન્ન કરેલો હતો. તેમની કૃપાથી તે મંડળી એકદમ સ્વચ્છંદપણું આચરતી હતી. પોતાના માતા પિતા વગેરે કુટુંબી લોકોની પણ તેઓ દરકાર કરતા ન હતા તેઓને આ વડીલોની કોઇપણ જાતની બીક હતી નહિ, વેશ્યાઓના ઘેર પડયા રહેવું ફક્ત એજ એમનું એક માત્ર કામ હતું. અનેક પ્રકારના અવિનયપૂર્ણ આચરણો કરવાં એજ તેઓના જીવનનું મુખ્ય કામ હતું. ધનની તેઓની પાસે ખોટ હતી નહિ. કોઇપણ નાગરિકની એટલી પણ તાકાત નહોતી કે તેઓ તેમને કંઇપણ કહે ! (तत्थ णं चंपाए देवदत्ता नामं गणिया होत्था, सुकुमाला, जहा अंडणाए, तएणं तीसे ललियाए गोट्ठीए अन्नया पंच गोट्ठिल्लगपुरिसा देवदत्ताए गणियाए सद्धिं सुभूमिभागस्स उज्जाणस्स उज्जाणसिरिं पच्चणुब्भवमाणा विहरंति) તેજ ચંપા નગરીમાં દેવદત્તા નામે એ ગણિકા રહેતી હતી. તે ૬૪ કળાઓમાં નિપુણ હતી, તેના હાથ-પગ વગેરે બધાં અંગો અતીવ સુકોમળ હતાં. મયૂરી અંડ નામના ત્રીજા અધ્યયનમાં દેવદત્તાનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે તેવું જ વર્ણન અહીં પણ જાણી લેવું જોઇએ. એક દિવસની વાત છે કે ગોષ્ઠી-મંડળીના પાંચ માણસો કે જેઓ સરખી ઉંમરવાળા હતા-દેવદત્તા ગણિકાની સાથે તે સુભૂમિભાગ ઉદ્યાનમાં ગયા અને ત્યાંની ઉદ્યાન શોભાનું નિરીક્ષણ કરતાં આમ તેમ ફરવા લાગ્યા. (तत्थणं एगे गोट्ठिल्लगपुरिसे देवदत्तं गणियं उच्छंगे धरइ, एगे पिट्ठओ आयवत्तं धरेइ, एगे पुप्फपूरयं रएइ, एगे पाए रएइ, एगे चामरुक्खेवं करेइ तएणं सा सूमालिया अज्जा देवदत्तं गणियं तेहिं पंचहिं गोट्ठिल्लपुरिसेहिं सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी पासइ) ત્યાં તે મંડળીના એક માણસે દેવદત્તા ગણિકાને પોતાના ખોળામાં બેસાડી બીજા માણસે તેની ઉપર છત્રી તાણી, ત્રીજા માણસે તેના માટે પુષ્પોની રચના કરી, ચોથા માણસે તેના પગમાં લાલ રંગ લગાવ્યો, પાંચમા માણસે તેના ઉપર ચામર

ઢોળ્યા. આ રીતે તે સુકુમારિ આર્યાએ મંડળીના પાંચે માણુસોની સાથે તે દેવદત્તા ગણિકાને ઉદાર મનુષ્યભવના કામભોગો ભોગવતાં જોયા. (तएणं तीसे इमेयाख्वे संकप्पे समुप्पज्जित्था–अहो णं इमा इत्थिया पुरा पोराणाणं कम्माणं जाव विहरइ) ત્યારે તે સુકુમાર આર્યાને આ જાતનો વિચાર ઉદ્ભભવ્યો કે અહો ! આ સ્ત્રીએ પૂર્વભવમાં જે પુણ્યકર્મ કર્યાં છે તેમને લીધેજ એટલે કે તેજ પૂર્વભવના પુણ્ય–કર્મોના યાવત્ ફળવિશેષને આ ભોગવી રહી છે. (तं जइ णं केइ इमस्स सुचरियस्स तव नियम बंभचेरवासस्स कल्लाणे फलवित्तिविसेसे अत्थि तो णं अहमवि आगमिस्से णं भवग्गहणे णं इमेयाख्वाइं उरालाइं जाव विहरिज्जामि, ति कट्टु नियाणं करेइ, करित्ता आयावणभूमिओ पच्चोरुहइ) આ બધા મારા વડે આચરવામાં આવેલા તપ, નિયમ અને બ્રહ્મચર્ય વ્રતોનું શુભ ફળ છે તો હું પણ આવતા ભવમાં આ જાતના જ ઉદાર મનુષ્યભવ સંબંધી કામભોગોને ભોગવું. આ પ્રમાણે વિચાર કરીને તેણે નિદાન બંધ કર્યો અને કરીને તે આતાપન ભૂમિથી આતાપના લઈને પોતાના સ્થાને આવી ગઈ. ॥ સૂત્ર ૧૪ ॥

'तएणं सा सूमालिया अज्जा ' इत्यादि—

ટીકાર્થ–(तएणं) ત્યારપછી (सा सूमालिया अज्जा सरीरबउसा जाया यावि होत्था–अभिक्खणं२ हत्थे धोवेइ, पाए धोवेइ, सीसं धोवेइ, मुहं धोवेइ, थणंतराइं धोवेइ, कक्खंतराइं धोवेइ गोज्झंतराइं धोवेइ) તે સુકુમારિકા આર્યા શરીર–સંસ્કારના કામમાં પરોવાઈ ગઈ. વારંવાર હાથ ધોવા લાગી, પગ ધોવા લાગી, માથું ધોવા લાગી, મુખ ધોવા લાગી,સ્તનોના વચ્ચેના સ્થાનને ધોવા લાગી,બગલોને ધોવા લાગી, અને ગુપ્ત સ્થાનોને ધોવા લાગી. (जत्थणं ठाणं वा सेज्जंवा निसीहियं वा चेएइ तत्थवि य णं पुव्वामेव उदएणं अब्भुक्खइत्ता तओ पच्छा ठाणं वा ३ चेएइ तए णं ताओ गोवालियाओ अज्जाओ सूमालियं अज्जं एवं वयासी) આ પ્રમાણે જ તે જ્યાં પોતાનું બેસવાનું સ્થાન નક્કી કરતી, કે પથારી પાથરતી અથવા તો સ્વાધ્યાય માટે બેસવાનું સ્થાન નક્કી કરતી. ત્યાં પહેલેથી જ તે સ્થાનને પાણી છાંટતી હતી અને ત્યારપછી તે ત્યાં પોતાનું સ્થાન–શય્યા અને સ્વાધ્યાય સ્થાન નક્કી કરતી હતી. આ જાતની પરિસ્થિતિ જોઈને ગોપાલિકા આર્યાએ તે

સુકુમારિકા આર્યાને આ પ્રમાણે કહ્યું કે–(एवं खलु देवाणुप्पिया ! अज्जे अम्हे समणीओ निग्गंथीओ ईरियासमियाओ जाव बंभचेरधारिणिओ नो खलु कप्पइ अम्हे सरीरबाउसियाए होत्तए, तुमं च णं अज्जे सरीरबाउसिया, अभिक्खणं २ हत्थे धोवेसि जाव चेएसि) હે દેવાનુપ્રિયે ! અમે આર્યાઓ નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ, ઈર્યા વગેરે પાંચ સમિતિઓનું અમે પાલન કરીએ છીએ, નવ-કોટિથી બ્રહ્મચર્ય મહાવ્રત ધારણ કરીએ છીએ. એથી પોતાના શરીરનો સંસ્કાર કરવો એ આપણા માટે યોગ્ય ગણાય નહિ. હે આર્યે ! તમે શરીરના સંસ્કારમાં પરાયણ બની ચૂકી છો. તમે વારંવાર હાથોને ધુઓ છો યાવત્ સ્થાનને, શય્યાને અને સ્વાધ્યાયભૂમિને પહેલેથી જ પાણીથી ધોઈને નક્કી કરી લો છો. (तं तुमं णं देवाणुप्पिए ! तस्स ठाणस्स आलोएहि, जाव पडिवज्जाहि) એથી હે દેવાનુપ્રિયે ! તમે તે સ્થાનની આલોચના કરો–પોતાના અતિચારને પ્રકાશિત કરો યાવત્ તેના માટે પ્રાયશ્ચિત્ત કરો. (तएणं सा सुमालिया गोवालियाणं अज्जाणं एयमट्ठं नो आढाइ, नो परिजाणाइ, अणाढायमाणी, अपरिजाणमाणी, विहरइ) સુકુમારિકા આર્યાએ ગોવાલિકા આર્યાના આ કથનરૂપ અર્થને આદરની દૃષ્ટિથી જોયો નહિ, તેમનાં વચનો ઉપર તેણે કંઈ પણ વિચાર કર્યો નહિ. આ રીતે તેમના વચનોનો અનાદર અને તે પ્રત્યે બેદરકાર થઈને તે પોતાનો વખત પસાર કરવા લાગી. (तएणं ताओ अज्जाओ सूमालियं अज्जं अभिक्खणं २ एयमट्ठं निवारेंति, तएणं तीसे सूमालियाए समणीहिं निग्गंथीहिं हीलिज्जमाणीए जाव वारिज्जमाणीए इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था) ત્યારપછી તે ગોપાલિકા આર્યાએ તે સુકુમારિકા આર્યાની વારંવાર અવહેલના કરી, તેની તરફ તેમણે ગુસ્સો પણ બતાવ્યો, તેની નિંદા કરી યાવત્ તેનો તિરસ્કાર પણ કર્યો. તેને વારંવાર શરીરને શોભાવવા બદલ તેમજ જળનું સિંચન કરવા બદલ

રોક ટોક કરી. ત્યારે તેને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉદ્ભવ્યો કે (जयाणं अम्हं आगारवासमज्झे वसामि तयाणं अहं अप्पवसा जयाणं अहं मुंडे भवित्ता पव्वइया तयाणं अहं परवसा पुव्विं च णं ममं समणीओ आढायंति, इयाणि णो आढंति २ तं सेयं खलु मम पाउ० गोवालियाणं अंतियाओ पडिनिक्खमित्ता पडिक्कं उवस्सयं उवसंपज्जित्ताणं विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ) જ્યાં સુધી હું ઘરમાં રહી ત્યાં સુધી સ્વાધીન રહી પણ જ્યારથી મુંડિત થઈને પ્રવ્રજીત થઇ છું ત્યારથી પરાધીન થઈ ગઈ છું. પહેલાં આ શ્રમણીઓ મારો આદર કરતી હતી, મારી વાત માનતી હતી પણ અત્યારે તો કોઈ પણ મારો આદર નથી કરતું અને મારી વાત પણ માનતું નથી. તેથી મારે માટે એ જ ઉચિત છે કે બીજે દિવસે સવારે સૂર્ય ઉદય પામતાં જ હું ગોપાલિકા આર્યાની પાસેથી નીકળીને કોઇ બીજા ઉપાશ્રયે જતી રહું. આ જાતનો તેણે વિચાર કર્યો (संपेहित्ता) વિચાર કરીને તે (कल्लंपा० गोवालियाणं अज्जाणं) બીજે દિવસે સવારે જ્યારે સૂર્ય ઉદય પામ્યો ત્યારે તે ગોપાલિકા આર્યાની (अंतियाओ) પાસેથી (पडिनिक्खमित्ता) નીકળીને (पडिएक्कं) બીજા (उवस्सयं) ઉપાશ્રયને (उवसंपज्जित्ताणं विहरइ) મેળવીને ત્યાં રહેવા લાગી, એટલે કે બીજા ઉપાશ્રયમાં જતી રહી. (त एणं सा सूमालिया अज्जा अणोहट्टिया अनिवारिया सच्छंदमई अभिक्खणं हत्थे धोवेइ जाव चेएइ) ત્યાં તે સુકુમારિકા આર્યા કોઈપણ જાતની રોક ટોક વગર સ્વચ્છંતાપૂર્વક રહેવા લાગી. ત્યાં તેને કોઈ રોક-ટોક કરનાર હતું નહિ એટલે જે પ્રમાણે તેની ઇચ્છા થતી તે પ્રમાણે જ તે આચરતી હતી. આ રીતે તે ચારિત્ર ધર્મના ભાવથી રહિત બની ગઇ. વારંવાર તે પોતાના હાથોને ધોતી હતી યાવત્ સ્થાન, પથારી અને સ્વાધ્યાયના સ્થાનને ધોઇને ત્યાં પોતાનું સ્થાન નક્કી કરતી હતી.

આ રીતે (तत्थ वि य णं पासत्था पासत्थविहारी ओसण्णा ओसण्णविहारी कुसीलाऽसंसत्ता २ बहूणि वासाणि सामण्णपरियागं पाउणइ) ત્યાં તે સુકુમારિકાએ પાર્શ્વસ્થા, પાર્શ્વસ્થ વિહારિણી, અવસન્ના, અવસન્ન વિહારિણી, કુશીલા, કુશીલ વિહારિણી, સંસકતા, સંસકત વિહારિણી થઇને ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું. (पाउणित्ता अद्धमासियाए) પાલન કરીને તે અર્ધમાસિકની સંલેખના ધારણ કરીને (कालमासे) પોતાના મૃત્યુ કાળે (कालंकिच्चा) તે મરણ પામી. અને મરણ પામીને (अणालोइय अपडिक्कंता) પોતાના પાપોની આલોચના ન કરવાથી પ્રતિક્રાંત ન બની શકવાના કારણે તે (ईसाणे कप्पे) ઇશાન કલ્પમાં (अण्णयरंसि विमाणंसि) કોઈ એક વિમાનમાં (देवगणियत्ताए उववण्णा) દેવગણિકાના રૂપમાં જન્મ પામી. (तत्थे गइयाणं देवी णं नवपलिओवमाइं ठिई पण्णत्ता, तत्थणं सूमालियाए देवीए नव पलिओवमाइं ठिई पण्णत्ता) ત્યાં કેટલીક દેવીઓની સ્થિતિ નવ પલ્યોપમની કહેવામાં આવી છે તો તે સુકુમારિકા દેવીની પણ ત્યાં નવપલ્યોપમની સ્થિતિ થઇ. અહીં જે "કોઈ એક વિમાનમાં" આ જાતનું અનિશ્ચયાત્મક પદ આવ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે કે માથુર્યાદિ વાચનાના સમયે આચાર્યોને વિમાન સંખ્યાનું વિસ્મરણ થઇ જવાથી તે વિષે નિશ્ચય રહ્યો નહિ. એથી આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. ॥ સૂત્ર ૧૫ ॥

દ્રૌપદી કે ચરિત્રકા નિરૂપણ

तेणं कालेणं तेणं समएणं इत्यादि—

ટીકાર્થ-(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (इहेव जंबुद्दीवे भारहेवासे पंचालेसु जणवएसु कंपिल्लपुरे नामं नयरे होत्था) આ જંબૂદ્વીપમાં ભારત વર્ષમાં પાંચાલ જનપદમાં કાંપિલ્યપુર નામે નગર હતું. (वन्नओ) આ નગરનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કરવામાં આવ્યું છે ત્યાંથી પાઠકોએ જાણી

લેવું જોઇએ. (तत्थ णं दुवए नामं राया होत्था, वन्नओ, तस्सणं चुलणी देवी धट्ठज्जुणे कुमारे, जुवराया, तएणं सा सूमालिया देवी ताओ देवलोयाओ आ उक्खएणं जाव चइत्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे पंचालेसु जणवएसु कंपिल्ल पुरे नयरे दुवयस्स रण्णो चुलणीए देवीए कुच्छिंसि दारियत्ताए पच्चायाया) ત્યાંના રાજાનું નામ દ્રુપદ હતું રાજાનું વર્ણન પણ ઔપપાતિક સૂત્રમાં વર્ણિત કોણિક રાજાની જેમજ જાણી લેવું જોઇએ. તેની રાણીનું નામ ચુલની દેવી હતું. તેના પુત્રનું નામ ધૃષ્ટદ્યુમ્ન હતું. ધૃષ્ટદ્યુમ્ન યુવરાજ હતો, સુકુમારિકા આર્યાનો જીવ તે બીજા દેવલોકથી આયુ વગેરે ક્ષય થવા બદલ ચવીને આજ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં, પાંચાલ્ય જનપદમાં, કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની ચુલની દેવીના ઉદરમાં પુત્રી રૂપે અવતરિત થયો. (तएणं सा चुलणी देवी नवण्हं मासाणं जाव दारियं पयाया तएणं सा तीसे दारियाए निव्वत्तबार-साहियाए इमं एयारूवं गोणं गुणणिप्फवण्णं नामधेज्जं जम्माणं एस दारिया दुवयस्स रण्णो धूया चूलणीए देवीए अत्तया तं होउणं अम्हं इमीसे दारियाए नामधिज्जे दोवई) ગર્ભના નવમાસ જ્યારે સંપૂર્ણપણે સમાપ્ત થયા ત્યારે ચૂલની દેવીએ એક પુત્રીને જન્મ આપ્યો. પુત્રીના જન્મ પછી જ્યારે અગિ-યાર દિવસ પૂરા થયા અને બારમો દિવસ શરૂ થયો ત્યારે ચુલની માતાએ વિચાર કર્યો કે દ્રુપદ રાજાની આ કન્યાપુત્રી છે અને મારા ગર્ભથી જન્મ પામી છે, આ પ્રમાણે આનું નામ દ્રૌપદી રાખીએ તો સારૂં આમ વિચારીને (तीसे अम्मापियरो) માતાપિતાએ (इमं एयारूवं गुणं गुणनिप्फन्नं नाम धेज्जं करिंति दोवई) આ રીતે તે કન્યાનું ગુણ નિષ્પન્ન નામ દ્રૌપદી પાડયું. (तएणं) ત્યારપછી (सा दोवई दारिया पंचधाइपरिग्गहिया जाव गिरिकंदर मल्लीण इव चंपगलया निवायनिव्वाघायंसि सुहं सुहेणं परिवड्ढेइ) દ્રૌપદી

દારિકા પાંચ ધાયમાતાઓથી યુક્ત થઇને આ પ્રમાણે લાલિત પાલિત થવા માંડી જેમકે પર્વતની કંદરાના પ્રદેશમાં ઉત્પન્ન થયેલી ચંપકલતા નિર્વાત, નિરૂપદ્રવ સ્થાનમાં સુખેથી મોટી થતી ન હોય ! (तएणं सा दोवई रायवरकन्ना उम्मुक्कबालभावा जाव उक्किट्ठसरीरा जाया यावि होत्था, तएणं तं दोवई रायवरकन्नं अण्णया कयाई अंते उरियाओ ण्हायं जाव विभूसियं करेंति करित्ता दुवयस्स रण्णो पाए वंदिउं पेसंति) તે રાજવર કન્યા, દ્રૌપદી બચપણુ વટાવીને જ્યારે યુવાવસ્થા સંપન્ન થઈ ગઈ ત્યારે તેના શરીરમાં લાવણ્યના ચમકથી સવિશેષ સૌંદર્ય દીપી ઉઠયું. તેથી તે વખતે તે વિશેષ રૂપથી ઉત્કૃષ્ટ શરીર-વાળી થઇ ગઇ હતી. કોઇ એક દિવસની વાત છે કે રણવાસની સ્ત્રીઓએ દ્રૌપ-દીને સ્નાન કરાવ્યું યાવત્ વસ્ત્રલંકારોથી વિભૂષિત કરી અને વિભૂષિત કરીને દ્રુપદ રાજાની ચરણ વંદણા કરવા માટે મોકલી (तएणं सा दोवइ राय० जेणेव दुवए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता, दुवयस्स रण्णो पायग्गहणं करेइ, तएणं से दुवए राया दोवइं दारियं अंके निवेसेइ, निवेसित्ता, दोवईए रायवरकन्नाए रूवेण य जोव्वणेण य लावण्णेण य जायविम्हए दोवइं रायवरकन्नं एवं वयासी) તે રાજવર કન્યા દ્રૌપદી જ્યાં રાજા દ્રુપદ હતા ત્યાં ગઇ. ત્યાં જઇને તેણે દ્રુપદ રાજાને વંદન કરવા માટે બંને પગો પકડયા ત્યારે તેઓએ દ્રૌપદી દારિ-કાને પોતાના ખોળામાં બેસાડી દ્રૌપદી જ્યારે ખોળામાં બેસી ગઈ ત્યારે રાજા તે રાજવર કન્યા દ્રૌપદીના રૂપ, યૌવન અને લાવણ્યથી સવિશેષ વિસ્મિત થયો અને વિસ્મિત થઇને તેણે તે રાજવર કન્યા દ્રૌપદીને આ પ્રમાણે કહ્યું— (जस्स णं अहं पुत्ता ! रायस्स वा जुवरायस्स वा भारियत्ताए सयमेव दलइस्सामि, तत्थणं तुमं सुहिया वा दुक्खिया वा भविज्जासि तएणं मम जाव जीवाए हिययडाहे भविस्सइ) હે પુત્રિ ! હું તને જે રાજાને કે યુવરાજને ભાર્યાના રૂપમાં આપીશ ત્યાં તું સુખી પણ થઈ શકે તેમ છે અને દુઃખી પણ. તેથી મને

જીવન પર્યન્ત દુઃખ થયા કરશે. (तं णं अहं पुत्ता! अज्जयाए सयंवरं विरयामि, अज्जयाए णं तुमं दिण्णसयंवरा जण्णं तुमं सयमेव रायं वा जुवरायं वा वरेहिसी से णं तव भत्तारे भविस्सइ, ति कट्टु ताहिं इट्ठाहिं जाव आसासेइ आसासित्ता पडिविसज्जेइ) હે પુત્રિ! થોડા દિવસોમાં જ હું તમારા માટે સ્વયંવર કરવાનો છું. ત્યારે તુ સ્વયંવરમાં દત્ત સ્વયંવરા થઈ જશે. જે રાજા કે યુવરાજને તુ તારી પસંદગી આપશે તેજ તારો પતિ થશે. આ પ્રમાણે કહીને રાજાએ પોતાની પુત્રીને ઈષ્ટ વગેરે વિશેષણોથી યુક્ત વચનો વડે આશ્વાસનથી આશ્વાસિત કરીને તેને ત્યાંથી વિદાય કરી. ॥ સૂત્ર ૧૬ ॥

'तएणं से दुवए' इत्यादि—

ટીકાર્થ–(तएणं से दुवए राया दूयं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छ णं तुमं देवाणुप्पिया! बारवइं नयरिं–तत्थणं तुमं कण्हं वासुदेवंसमुद्द विजयपामोक्खे दसदसारे बलदेवपामोक्खे पंच महावीरे उग्गसेनपामोक्खे सोलसरायसहस्से पज्जुण्णपामुक्खाओ अद्धुट्ठाओ कुमारकोडीओ संबपामोक्खाओ सट्ठि दुद्दंत साहस्सीओ वीरसेन पामोक्खाओ इक्कवीसं वीरपुरिससाहस्सीओ महसेनपामोक्खाओ छप्पन्नं बलवगसाहस्सीओ अन्ने य बहवे राईसरतलवरमाडंबियकोडुंबियइब्भसेट्ठिसेणावइसंत्थवाह पभिइओ करयल परिग्गहियं दसनहं सिरसावत्तं अंजलिं मत्थए कट्टु जएणं विजएणं वद्धावेहि, वद्धावित्ता एवं वयाहि) ત્યારપછી દ્રુપદ રાજાએ પોતાના એક દૂતને બોલાવ્યો અને બોલાવીને તેને કહ્યું કે હે દેવાનુપ્રિય! તમે દ્વારકા નગરીમાં જાઓ. ત્યાં તમે કૃષ્ણવાસુદેવને, બળદેવ પ્રમુખ પાંચ મહાવીરોને, ઉગ્રસેન પ્રમુખ સોળ હજાર રાજાઓને, પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ કરોડ રાજકુમારોને, ૬૦ હજાર દુર્દાંતસાંબ પ્રમુખોને, ૨૧ હજાર વીરસેન પ્રમુખ વીરોને, ૫૬ હજાર મહાસેન પ્રમુખ બલિષ્ટ રાજાઓને તેમજ બીજા પણ બધા રાજેશ્વર, તલવર, માંડબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠિ, સેનાપતિ, સાર્થવાહ વગેરેને પોતાના બંને દશ નખોવાળા હાથોની અંજલિ બતાવીને તેને મસ્તકે મૂકીને નમસ્કાર કરજો તથા 'જય વિજય' શબ્દોચ્ચારણ કરતાં બધાને તમે અભિનંદિત

કરજો. અભિનંદિત કર્યા બાદ તમે તેઓને આ પ્રમાણે વિનંતી કરજો (एवं खलु देवाणुप्पिया ! कंपिल्लपुरे नयरे दुवयस्स रण्णो धूयाए चुल्लणीए देवीए अत्तयाए धट्टज्जुणकुमारस्य भगिणीए दोवईए रायवरक्कण्णाए सयंवरे भविस्सई, तं णं तुब्भे देवाणुप्पिया ! दुवयं रायं अणुगिण्हेमाणा अकालपरिहीणं चेव कंपिल्लपुरे नयरे समोसरह) હે દેવાનુપ્રિયો ! કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી ચુલની દેવીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્નકુમારની બહેન રાજવર કન્યા દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે. એથી હે દેવાનુપ્રિયો ! તમે દ્રુપદ રાજા ઉપર કૃપા કરીને સત્વરે કાંપિલ્ય નગરમાં પધારો. (तएणं से दूए करयल जाव कट्टु दुवयस्स रण्णो एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी खिप्पामेव भो देवाणुप्पिया ! चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह जाव उवट्ठवेंति) દ્રુપદ રાજાની આજ્ઞાને દૂતે બંને હાથ જોડીને સ્વીકારી લીધી. સ્વીકાર કર્યા બાદ તે જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે સત્વરે ચાર ઘંટડીઓવાળો અશ્વરથ જોતરીને અહીં આવો. કૌટુંબિક પુરૂષોએ તેમજ કર્યું. ચાર ઘંટડીઓવાળો અશ્વરથ જોતરીને ત્યાં લઇ આવ્યા. (तएणं से दूए ण्हाए जाव अलंकार० सरीरे चाउग्घंटं आसरहं दुरुहइ, दुरुहित्ता बहूहिं पुरिसेहिं सन्नद्ध जाव गहियाऽऽउहपहरणे हिं सिद्धिं संपरिवुडे कंपिल्लपुरनयरं मज्झं मज्झेणं निग्गच्छइ) ત્યારબાદ દૂતે સ્નાન કર્યું યાવત્ પોતાના શરીરને બધી જાતના અલંકારોથી શણગાર્યું. ત્યારપછી તે દૂત ચતુર્ઘંટવાળા અશ્વરથ ઉપર સવાર થઇ ગયો. તે દૂતની સાથે બખતરથી સુસજ્જ થયેલા ઘણા પુરૂષો હતા. પ્રત્યંચા ઉપર બાણ ચઢાવવાથી વક્ર થઇ ગયેલા ધનુષો જેમના હાથોમાં છે

એવા ઘણા ધનુર્ધરો તેની સાથે હતા, જેઓએ ગળામાં આભૂષણો પહેરેલાં અને મસ્તક ઉપર સ્વચ્છ સ્વપક્ષ બોધક ચિહ્ન પટો બાંધી રાખેલા એવા પણ અનેક પુરૂષો તેની સાથે હતા. આયુધ અને પ્રહરણોને ઉચકીને પણ ઘણા સૈનિકો તેની બંને બાજુએ ચાલી રહ્યા હતા. આ રીતે તે દૂત તેઓ બધાની સાથે કાંપિલ્યપુર નગરની વચ્ચે થઈને નીકળ્યો. (पंचाल जणवयस्स मज्झं मज्झेणं जेणेव देसप्पंते तेणेव उवागच्छइ सुरट्ठा जणवयस्स मज्झं मज्झेणं जेणेव बारवइ नयरी तेणेव उवागच्छइ) આમ પોતાની યાત્રા પૂરી કરીને તે દૂત પાંચાલ જનપદની વચ્ચોવચ્ચ જ્યાં પોતાના દેશની હદ પૂરી થતી હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને તે સૌરાષ્ટ્ર દેશની વચ્ચે થઇને જ્યાં દ્વારાવતી નગરી હતી ત્યાં આવ્યો. (उवागच्छित्ता बारवइं, नयरिं मज्झं मज्झेणं, अणुपविसइ, अणुपविसित्ता जेणेव कण्हस्स देवस्स बाहिरिया उवाट्ठाणसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउघंटं आसरहं ठवेइ, ठवित्ता रहाओ पच्चोरुहइ पच्चोरुहित्ता मणुस्सवग्गुरापरिक्खित्ते पाय विहारचारेणं जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छइ) ત્યાં આવીને તે દ્વારાવતી નગરીના મધ્યમાર્ગ થઇને નગરમાં પ્રવિષ્ટ થયો અને ત્યારપછી તે જ્યાં કૃષ્ણ-વાસુદેવની બાહ્ય ઉપસ્થાનશાળા-દીવાને આમ-(સભા મંડપ) હતી ત્યાં ગયો. ત્યાં પહોંચીને તેણે પોતાના ચાર ઘંટડીઓવાળા રથને ઊભો રાખ્યો અને પોતે નીચે ઉતર્યો. ઉતર્યા પછી તે પોતાના નોકરો-સેવકની સાથે જ્યાં કૃષ્ણ-વાસુદેવ હતા ત્યાં ગયો. (उवागच्छित्ता कण्हं वासुदेवसमुद्दविजयपामुक्खे य दस दसारे जाव बलवगसाहस्सीओ करयल तं चेव जाव समोसरह) ત્યાં જઇને તેણે કૃષ્ણ-વાસુદેવને સમુદ્ર વિજય પ્રમુખ દશાર્હોને યાવત્ મહાસેન પ્રમુખ ૫૬ હજાર બલિષ્ઠ રાજાઓને બંને હાથની અંજલિ બતાવીને તેને

મસ્તકે મૂકીને નમસ્કાર કર્યા. અહીં 'एवं खलु देवाणुप्पिया' થી समोसरह' સુધીનો પાઠ દૂત વડે કહેવામાં આવેલો છે એમ સમજી લેવું જોઈએ તેની મતલબ એ છે કે કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે તો આપ સૌ દ્રુપદ રાજા ઉપર મહેરબાની કરીને તેમાં સત્વરે પધારો. આ રીતે (तएणं से कण्हे वासुदेवे तस्स दूयस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठ जाव हियए तं दूयं सक्कारेइ सम्माणेइ सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ) કૃષ્ણ-વાસુદેવે દૂતના મુખથી આ જાતના સમાચારો સાંભળ્યા ત્યારે સાંભળીને અને તેઓને બરાબર હૃદયમાં ધારણ કરીને અત્યંત હર્ષિત તેમજ સંતુષ્ટ થઈને તેમણે દૂતનો સત્કાર તેમજ સન્માન કર્યું. ત્યારપછી તેમણે દૂતને વિદાય કર્યો. ॥ સૂત્ર ૧૭ ॥

'तएणं से कण्हे वासुदेवे' इत्यादि—

ટીકાર્થ–(तएणं) ત્યારપછી (से कण्हे वासुदेवे) તે કૃષ્ણ-વાસુદેવે (कोडुंबिय पुरिसं सद्दावेइ) પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને (एवं वयासी) તેમને આ પ્રમાણે કહ્યું કે–(गच्छह णं तुमं देवाणुप्पिया ! सभाए सुहम्माए सामुदाइयं भेरिं तालेहि) હે દેવાનુપ્રિય ! તમે સુધર્મા સભામાં જાઓ અને ત્યાં જઈને સામુદાયિકી ભેરી વગાડો. (तएणं से कोडुंबियपुरिसे करयल जाव कण्हस्स वासुदेवस्स एयमट्ठं पडिसुणेइ पडिसुणित्ता जेणेव सभाए सुहम्माए सामुदाइया भेरी तेणेव उवागच्छइ उवागच्छित्ता सामुदाइयं भेरिं महया २ सद्देणं तालेइ) આ જાતની કૃષ્ણ–વાસુદેવની આજ્ઞાને તે પુરૂષે ખૂબજ નમ્રપણે બંને હાથોને મસ્તકે મૂકીને સ્વીકારી લીધી, સ્વીકાર કર્યા પછી તે ત્યાંથી જ્યાં સુધર્મા સભામાં સામુદાયિકી ભેરી હતી ત્યાં જઈને તેણે મોટો અવાજ થાય તેમ તે સામુદાયિકી ભેરીને વગાડી. (तएणं ताए सामुदाइयाए भेरीए

तालियाए समाणीए समुद्दविजयपामोक्खा दस दसारा जाव महासेण पामुक्खाओ छप्पणं बलवगसाहस्सीओ ण्हाया जाव विभूसिया जहा विभव इड्ढी सक्कारसमुदएणं अप्पेगइया जाव पायविहारचारेणं जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छंति) આ રીતે તે સામુયિકી ભેરી વગાડવામાં આવી ત્યારે સમુદ્ર વિજય વગેરે દશ દશાર્હોએ યાવત ૫૬ હજાર મહાસેન પ્રમુખ બલિષ્ઠ રાજાઓએ સ્નાન કર્યું. યાવત તેઓ સર્વે સમસ્ત અલંકારોથી સુસજ્જ થઇને પોતાના વિભવ અને સત્કારની સાથે જ્યાં કૃષ્ણ–વાસુદેવ હતા ત્યા ગયા. આમાં કેટલાક ઘોડાઓ ઉપર, કેટલાક હાથીઓ ઉપર, કેટલાક રથો ઉપર સવાર થઇને ત્યાં પહોંચ્યા હતા તો કેટલાક પગે ચાલીને જ કૃષ્ણ–વાસુદેવની પાસે હાજર થયા હતા. (उवागच्छित्ता करयल जाव कण्हं वासुदेवं जएणं विजएणं वद्धावेंति तएणं से कण्हे वासुदेवे कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी खिप्पामेव भो देवाणुप्पिया! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह, हयगयजाव पच्चप्पिणंति) ત્યાં જઈને તેઓએ બંને હાથ જોડીને 'જયવિજય' શબ્દોથી કૃષ્ણ–વાસુદેવને નમસ્કાર કરતાં અભિનંદિત કર્યા. ત્યારપછી કૃષ્ણ-વાસુદેવે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેઓને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! સત્વરે તમે મારા મુખ્ય હાથીને તેમજ બીજી પણ ઘોડા, હાથી, રથ અને પાયદલની ચતુરંગિણી સેનાને સુસજ્જ કરો અને સેના સુસજ્જ થઈ જાય ત્યારે અમને ખબર આપો. ત્યારપછી કૌટુંબિક પુરૂષોએ 'તથાસ્તુ' કહીને તેમની આજ્ઞા સ્વીકારી લીધી અને સ્વીકારીને તેઓ પોતાના કામમાં પરોવાઈ ગયા. જ્યારે કામ થઇ ગયું ત્યારે તેઓએ "સેના અને વાહન તૈયાર છે" આ જાતની ખબર આપી. (तएणं से कण्हे वासुदेवे जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ उवागच्छित्ता मुत्तजालाकुलाभिरामे जाव अंजणगिरिकूडसन्निभं गयवइं नरवई दुरूढे)

ત્યારપછી તે કૃષ્ણ-વાસુદેવ જ્યાં સ્નાનઘર હતું ત્યાં ગયા. ત્યાં જઈને તેમણે મોતી જડેલા ગવાક્ષોથી રમણીય લાગતા સ્નાનઘરમાં સ્નાન કર્યું અને ત્યાર પછી બધા અલંકારોથી વિભૂષિત થઈને-નરપતિ અંજનગિરિના શિખર જેવા વિશાલ કૃષ્ણ વર્ણવાળા ગજપતિ ઉપર સવાર થઈ ગયા. (तएणं से कण्हे वासुदेवे समुद्दविजयपामोक्खेहिं दसहिं दसारेहिं जाव अणंगसेणा पामुक्खेहिं अणेगाहिं गणियासाहस्सीहिं सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव रवेणं बारवइ नयरिं मज्झं मज्झेणं निग्गच्छइ निग्गच्छित्ता सुरट्ठा जणवयस्स मज्झं मज्झेणं जेणेव देसप्पंते तेणेव उवागच्छइ उवागच्छित्ता पंचालजणवयस्स मज्झं मज्झेणं जेणेव कंपिल्लपुरे नयरे तेणेव पहारेत्थ गमणाए) સવાર થઈ ને તેઓ સમુદ્ર વિજય વગેરે દશ દશાર્હો યાવત્ અંગસેના પ્રમુખ હજારો ગણિકાઓની સાથે છત્ર વિગેરે રાજચિહ્ન રૂપ વિભૂતિથી યુક્ત થઈને શંખ, પણવ, પટહ, ભેરી વગેરે તુમુલ ધ્વનિ સ્થાને દ્વારવતી નગરીની વચ્ચે થઈને પસાર થયા. ત્યાંથી પસાર થઈને તેઓ સૌરાષ્ટ્ર દેશની વચ્ચે થઈને પોતાના દેશની હદ સુધી પહોંચ્યા. ત્યાંથી તેઓ પાંચાલ જનપદની વચ્ચે થઈને જ્યાં કાંપિલ્યપુર નગર હતું તે તરફ રવાના થયા. ॥ સૂત્ર ૧૮ ॥

'तएणं से दुवए राया' इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से दुवए राया) તે દ્રુપદ રાજાએ (दोच्चं दूयं सद्दावेइ) પોતાના બીજા દૂતને બોલાવ્યો (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું કે (गच्छह णं तुमं देवाणुप्पिया हत्थिणाउरं नयरं, तत्थ णं तुमं पंडुरायं सपुत्तयं जुहिट्ठिल्लं भीमसेणं अज्जुणं नउलं सहदेवं दुज्जोहणं भाइसयसमग्गं गंगेयं विदुरं दोणं जयद्दहं सउणी किवं आसत्थामं करयल जाव कट्टु तहेव समोसरह) હે દેવાનુપ્રિય ! તમે હસ્તિનાપુર નગરમાં જાઓ

અને ત્યાં જઇને તમે પુત્રો સહિત પાંડુરાજને, યુધિષ્ઠિરને, ભીમસેનને, અર્જુનને, નકુલને, સહદેવને, સો ભાઇઓ સહિત દુર્યોધનને, ગાંગેય ભીષ્મ પિતામહને, વિદુરને, દ્રોણને, જયદ્રથને, શકુનિને, કૃપાચાર્યને અને દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાને સૌ પહેલાં કરબદ્ધ થઇને-અંજલિ બનાવીને તેને મસ્તકે મૂકીને નમસ્કાર કરજો અને 'જય વિજય' શબ્દોથી તેઓને અભિનંદિત કરજો. ત્યારપછી તમે તેમને આ પ્રમાણે વિનંતી કરજો કે કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે એથી હે દેવાનુપ્રિયો! આપ સૌ દ્રુપદ રાજા ઉપર મહેરબાની કરીને સત્વરે કાંપિલ્ય નગરમાં પધારો. (तएणं से दूए एवं वयासी-जहा वासुदेवे नवरं भेरी नत्थि जाव जेणेव कंपिल्लपुरे नयरे तेणेव पहारेत्थ गमणाए २ एएणेव कमेणं तच्चं दूयं चंपानयरिं तत्थ णं तुमं कण्णं अंगरायं सेल्लं नंदिरायं करयल तहेव जाव समोसरह चउत्थं दूयं सुत्तिमइं नयरिं तत्थणं तुमं सिसुपालं दमघोससुयं पंचभाइसयसंपरिवुडं करयल तहेव जाव समोसरह) ત્યારપછી દૂત પોતાના રાજાની આજ્ઞા પ્રમાણે ત્યાંથી હસ્તિનાપુર તરફ રવાના થઇ ગયો ત્યાં પહોંચીને તેણે પાંડુ રાજા વગેરે રાજાઓને નમ્રપણે આ રીતે વિનંતિ કરી કે-કાંપિલ્યપુરમાં દ્રૌપદીનો સ્વયંવર થશે તો આપ સૌ કૃપા કરીને સત્વરે ત્યાં પધારો. આ રીતે સમાચારો આપીને તે દૂત પાંડુરાજ વગેરેથી સન્માન પામીને ત્યાંથી પાછો ફર્યો. પાંડુરાજ વગેરે બધાઓ પણ સ્નાન વગેરેથી પરવારીને તેમજ સર્વાલંકારોથી સુસજ્જ થઇને હાથીઓ ઉપર સવાર થયા અને પોત પોતાની ચતુરંગિણી સેના તેમજ ઋદ્ધિની સાથે યાવત્ જે તરફ કાંપિલ્યપુર નગર હતું તે તરફ રવાના થયા. આ પ્રમાણે કૃષ્ણ-વાસુદેવની જેમજ અહીં પણ વર્ણન સમજી લેવું જોઇએ. કૃષ્ણ-વાસુદેવના પાઠમાં પાંડુરાજ કરતાં એટલી વિશેષતા હતી કે તેઓ જ્યારે દ્વારાવતી નગરીની બહાર નીકળ્યા ત્યારે તેમની સાથે ભેરી પણ હતી, પાંડુરાજની સાથે ભેરી ન હતી આ પ્રમાણે દ્રુપદ રાજાએ ત્રીજા દૂતને બોલાવ્યો અને તેને પણ આ રીતે કહ્યું કે હે દેવાનુપ્રિય! તમે

ચંપા નગરીમાં જાઓ, ત્યાં અંગ દેશના અધિપતિ કર્ણ રાજાને તેમજ નંદિ દેશના અધિપતિ શૈલ્યરાજને હાથોની અંજલિ બનાવીને તેને મસ્તકે મૂકીને નમસ્કાર કરજો અને જય–વિજય શબ્દોથી તેમને અભિનંદિત કરજો. ત્યારપછી તેમને વિનંતી કરજો કે કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે તો હે દેવાનુપ્રિયો તમે સૌ દ્રુપદ રાજા ઉપર કૃપા કરીને અવિલંબ કાંપિલ્યપુર નગરમાં આવો. આ રીતે દ્રુપદ રાજાએ ચોથા દૂતને બોલાવ્યો અને તેને પણ આ પ્રમાણે કહ્યું કે તમે શક્તિમતી નગરમાં જાઓ અને ત્યાં જઇને દમઘોષના પુત્ર શિશુપાલ રાજાને જ પોતાના પાંચસો ભાઇઓ સહિતકરબદ્ધ થઇને અંજલિ મસ્તકે મૂકીને વિનંતી કરતાં આ પ્રમાણેના સમાચાર આપજો કે કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે એથી તમે કૃપા કરીને અવિલંબ ત્યાં પધારો. (पंचमगं दूयं हत्थसीसनयरं तत्थ णं तुमं दमदंतं रायं करयल तहेव जाव समोसरह छट्ठं दूयं महुरं नयरिं तत्थणं तुमं धरं रायं करयल जाव समोसरह सत्तमं दूयं रायगिहं नयरं तत्थ णं तुमं सहदेवं जरासिंधु सुयं करयल जाव समोसरह अट्ठमं दूयं कोडिण्णं नयरं तत्थणं तुमं रूप्पिं भेसगसुयं करयल तहेव जाव समोसरह नवमं दूयं विराडनयरं तत्थ णं तुमं कीयगं भाउसय-समग्गं करयल जाव समोसरह, दसमं दूयं अवसेसेसु गामागर नगरेसु अणेगाइं रायसहस्साइं जाव समोसरह) આ પ્રમાણે પાંચમા દૂતને હસ્તિશીર્ષ નગરમાં દમદન્ત નામના રાજાની પાસે, છઠ્ઠા દૂતને મથુરા નગરીમાં ધર રાજાની પાસે, સાતમા દૂતને રાજગૃહ નગરમાં જરાસિંધુના પુત્ર સહદેવની પાસે, આઠમા દૂતને કૌડિલ્ય નગરમાં ભીષ્મકના પુત્ર રૂક્મિ રાજાની પાસે, નવમા દૂતને

વિરાટ નગરમાં સો ભાઇઓથી યુક્ત કીચકની પાસે અને દશમા દૂતને બાકી રહી ગયેલા બીજા ગ્રામોમાં આકરોમાં અને નગરોમાં હજારો રાજાઓની પાસે જવા હુકમ કર્યો. આ બધા દૂતોને રાજા દ્રુપદે જતાં પહેલાં આ વાત સરસ રીતે સમજાવી દીધી હતી કે જ્યારે તમે રાજાઓની પાસે જાઓ ત્યારે સૌ પહેલાં પોતાના બંને હાથ જોડીને તેઓને નમસ્કાર કરજો અને ત્યારપછી તમે તેમને વિનંતી કરજો કે કાંપિલ્ય નગરમાં દ્રુપદની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે તો આપ સૌ દ્રુપદ રાજા ઉપર કૃપા કરીને અવિલંબ ત્યાં પધારો. રાજાની આજ્ઞા મુજબ ત્રીજા દૂતથી માંડીને નવમા દૂત સુધીના બધા દૂતો જ્યાં જ્યાં તેઓને જવાનું હતું ત્યાં ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેઓએ દ્રુપદ રાજાએ જેમ આજ્ઞા કરી હતી તેમજ તેઓએ કર્યું અને કહ્યું, અહીં પહેલાંની જેમજ સમજી લેવું જોઇએ. (तएणं से दूए तहेव निग्गच्छइ, जेणेव गामागर जाव समोसरह) તે દશમો દૂત બધાની જેમ કાંપીલ્ય નગરથી નીકળ્યો અને નીકળીને જ્યાં ગ્રામ આકર અને નગર હતા ત્યાં અનેક સહસ્રો રાજાઓની પાસે ગયો. ત્યાં જઇને નમ્રપણે તેણે સહુને આ પ્રમાણે કહ્યું કે કાંપિલ્ય નગરમાં દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે તો આપ સૌ દ્રુપદ રાજા ઉપર કૃપા કરીને અવિલંબ કાંપિલ્ય નગરમાં પધારો. (तएणं ताइं अगणोइं रायसहस्साइं तस्स दूयस्स अंतिए एयमट्ठं सोचा निसम्म हट्ठ० तं दूयं सक्कारेंति. सक्कारित्ता, सम्माणेंति, सम्माणित्ता, पडिविसज्जेंति) આ રીતે સહસ્રો રાજાઓ તે દૂતના મુખથી આ સમાચાર સાંભળીને અને તેને પોતાના હૃદયમાં ધારણ કરીને ખૂબ જ પ્રસન્ન તેમજ પરમ સંતુષ્ટ થયા. તેઓએ દૂતનો સત્કાર કર્યો અને સન્માન કર્યું ત્યારપછી દૂતને તેઓએ વિદાય આપી. (तएणं ते वासुदेवपामुक्खा बहवे रायसहस्सा पत्तेयं २ ण्हाया

सन्नद्धहत्थिखंधवरगया हयगयरह० महया भडचडगररहपहकर० सएहिंतो २ नगरेहिंतो अभिनिग्गच्छंति २ जेणेव पांचाले जणवए तेणेव पहारेत्थ गमणाए) ત્યારપછી જ્યારે બધા દૂતો સમાચાર આપીને કાંપિલ્યપુર નગર પાછા આવી ગયા ત્યારે વાસુદેવ પ્રમુખ ઘણા હજારો રાજાઓએ સ્નાન કર્યા અને ત્યારબાદ પોતાના શરીર ઉપર કવચો ધારણ કર્યાં યાવત્ આયુધો અને પ્રહરણોને પોતાની સાથે લીધા ત્યારપછી તેઓ બધા પોતપોતાના પ્રધાન હાથીઓ ઉપર સવાર થયા અને હાથી, ઘોડા, રથ અને મહાભટોના સમુદાયની સાથે પોતાના રાજમહેલથી-નગરોથી નીકળ્યા અને નીકળીને જ્યાં પાંચાલ જનપદ હતો તે તરફ રવાના થયા ॥ સૂત્ર ૧૯ ॥

'तएणं से दूवए राया कोडुंबिय पुरिसे' इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (दूवए राया) દ્રુપદ રાજાએ (कोडुंबियपुरिसे सद्दावेइ) કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે (गच्छह णं तुमं देवाणुप्पिया! कंपिल्लपुरे नयरे बहिया गंगाए महानईए अदूरसामंते एगं महं सयंवरमडवं करेह, अणेगखंभसयसन्निविट्ठं लीलट्ठियसालभंजिआगं जाव पच्चप्पिणंति) હે દેવાનુપ્રિયો! કાંપિલ્યપુર નગરની બહાર મહા નદી ગંગાથી વધારે દૂર નહીં તેમજ વધારે નજીક પણ નહિ એવા યોગ્ય સ્થળે એક ભારે વિશાળ સ્વયંવર મંડપ તૈયાર કરો કે જે ઘણા સેંકડો થાંભલાઓવાળો હોય, તેમજ જેમાં અનેક જાતની ક્રીડા કરતી પૂતળીઓ સજાવીને મૂકવામાં આવી હોય તે લોકોએ પણ 'તથાસ્તુ' કહીને રાજાની આજ્ઞા સ્વીકારી લીધી અને ત્યારપછી તેમની આજ્ઞા મુજબ જ સ્વયંવર મંડપ તૈયાર કરીને રાજાને તેની ખબર આપી. (तएणं से दुवए राया दोच्चंपि कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-खिप्पामेव देवाणुप्पिया! वासुदेव पामुक्खाणं बहूणं रायसहस्साणं आवासे करेह, ते वि करेत्ता पच्चप्पिणंति) ત્યારપછી દ્રુપદ રાજાએ બીજા કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને કહ્યું કે હે દેવાનુપ્રિયો! તમે લોકો અવિલંબ વાસુદેવ પ્રમુખ ઘણા

હજારો રાજાઓને બેસવા માટે જુદા જુદા સ્થાન તૈયાર કરો. તે લોકોએ પણ રાજાની આજ્ઞા મુજબ જ બધું કામ પતાવી દીધું અને કામ થઈ ગયાની ખબર રાજા સુધી પહોંચાડી દીધી. (तएणं दुवए वासुदेवपामुक्खाणं बहूणं राय- सहस्साणं आगमं जाणेत्ता पत्तेयं २ हत्थिखंध जाव पडिवुडे अग्घं च पज्जं च गहाय सव्विड्ढीए कंपिल्लपुराओ णिग्गच्छइ, निग्गच्छित्ता जेणेव ते वासुदेवपामोक्खा बहवे रायसहस्सा तेणेव उवागच्छइ, उवागच्छित्ता ताइं वासुदेवपामुक्खाइं अग्घेण य पज्जेण य सक्कारेइ, सम्माणेइ) ત્યારપછી વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓનું આગમન સાંભળીને દ્રુપદ રાજા પોતાના પ્રધાન હાથી ઉપર સવાર થયા અને ઘોડા, હાથી, રથ તેમજ મહાભટોના સમૂહની સાથે દરેકે દરેક રાજાને માટે અર્ઘ્ય-પીવા માટે પાણી-લઈને છત્ર ચામર વગેરે પોતાની રાજ- વિભૂતિથી યુક્ત થઈને કાંપિલ્યપુરથી બહાર નીકળ્યા અને નીકળીને જ્યાં વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ હતા ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને તેમણે તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓનું અર્ઘ્ય અને પાદ્યથી સત્કાર તેમજ સન્માન કર્યું. (सक्कारित्ता सम्माणित्ता तेसिं वासुदेवपामुक्खाणं पत्तेयं २ आवासे वियरइ, तएणं ते वासुदेवपामुक्खा जेणेव सया २ आवासा तेणेव उवागच्छइ, उवा- गच्छित्ता हत्थिखंधाहितो पच्चोरुहंति, पच्चोरुहित्ता पत्तेयं खंधावारनिवेसं करेंति) સત્કાર તેમજ સન્માન કરીને તેમણે વાસુદેવ પ્રમુખ દરેકે દરેક રાજાને જુદું જુદું આવાસ સ્થાન આપ્યું. ત્યારપછી વાસુદેવ પ્રમુખ રાજાઓ જ્યાં પોતપોતાનું આવાસ સ્થાન નક્કી કરવામાં આવ્યું હતું ત્યાં ગયા. ત્યાં જઈને તેઓ પોતપોતાના હાથીઓ ઉપરથી નીચે ઉતર્યા અને ઉતરીને તેઓએ પોતપોતાની સ્કન્ધાવાર-છાવણી સ્થાપિત કરી એટલે કે સેનાનો પડાવ નાખ્યો. (करित्ता सए २ आवासे अणु०) છાવણી નાખીને તેઓ પોતપોતાના આવાસ સ્થાનમાં પ્રવિષ્ટ થયા (अणुपविसित्ता सएसु २ आवासेसु य आसणेसु य सयणे- सु य सन्निसन्ना य संतुयट्टा य बहूहिं गंधव्वेहि य नाडएहि य उवगिज्जमाणा य

उवणच्चिज्जमाणा य विहरंति, तएणं से दुवए राया कंपिल्लपुरं नयरं अणुप॰ विसइ अणुपविसित्ता विउलं असण४ उवक्खडावेइ) પ્રવેશીને તેઓ પોતપોતાના આસનો ઉપર સારી રીતે બેસી ગયા, સૂઈ ગયા. ત્યાં સૂઈ ગયેલા તેઓની ઘણા ગંધર્વોએ, ઘણા નાટયકારોએ સ્તુતિ કરી, તેમની પ્રશંસાન ગીતો ગાયાં અને નાટકો ભજવ્યાં. ત્યારપછી દ્રુપદ રાજા કાંપિલ્યપુર નગરમાં આવ્યા. ત્યાં આવીને તેઓએ પુષ્કળ પ્રમાણમાં અશન, પાન ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર જાતનો આહાર તૈયાર કરાવડાવ્યો. (उवक्खडावित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी गच्छह णं तुब्भे देवाणुप्पिया ! विउलं असणं४ सुरं च मज्जं च मंसं च सीधुं च पसण्णं च सुबहुपुप्फवत्थगंधमल्लालंकारं च वासु-देवपामोक्खाणं रायसहस्साणं आवासेसु साहरइ) તૈયાર કરાવીને તેમને કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેઓને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને આ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય રૂપ ચાર જાતના આહા॰ રને સુરા, મદ્ય, માંસ, સીધુ અને પ્રસન્ન મદિરાને અને ઘણી જાતના આ પુષ્પોને, વસ્ત્રોને, ગંધમાલ્ય અને અલંકારોને વાસુદેવ પ્રમુખ રાજસહસ્રોના આવાસ સ્થાને પહોંચાડો. (ते वि साहरंति) રાજાની આજ્ઞા પ્રમાણે તેઓ બધાએ તે ખાદ્ય પદાર્થોને રાજાઓના આવાસ સ્થાને પહોંચાડી દીધા. (तएणं ते वासुदेवपामुक्खा तं विउलं असणं ४ जाव पसन्नं च असाएमाणा ४ विहरंति ત્યારપછી તે વાસુદેવ પ્રમુખ રાજાઓએ ત્યાં પહોંચાડવામાં આવેલા પુષ્કળ પ્રમાણમાં અશન વગેરેથી માંડીને પ્રસન્ન મદિરા સુધીના બધી જાતના આહાર સામગ્રી વગેરેનું ખૂબ રૂચિપૂર્વક પાન કર્યું.

(जिमिया भुत्तुत्तरागया वि य णं समाणा आयंता जाव सुहासणवरगया बहूर्हि गंधव्वेहिं जाव विहरंति)

જમી પરવારીને જ્યારે તેઓ નિશ્ચિત થઇ ચૂકયાં ત્યારે તેઓ મુખ પ્રક્ષાલન માટે ભોજન સ્થાનથી ઊભા થઈને બીજા પાસેના સ્થાને ગયા. ત્યાં તેઓએ કોગળા કર્યા અને ત્યારપછી તેઓ ફરી પોતપોતાના સુંદર આસનો

ઉપર શાંતિપૂર્વક બેસી ગયા. તેમના મનો-વિનોદ માટે ગંધર્વોએ અનેક જાતના સ્તુત્યાત્મક ગીતો ગાયાં અને નાટયકારોએ નૃત્ય કરી બતાવ્યાં.

(तएणं से दुवए राया पुव्वावरण्हकालसमयंसि कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता, एवं वयासी, गच्छह णं तुमे देवाणुप्पिया ! कंपिल्लपुरे संघाडग जाव पहेसु वासुदेवपामुक्खाण य महया २ सद्देणं जाव उग्घोसेमाणा २ एवं वदह, एवं खलु देवाणुप्पिया ! काल्लं पाउ० दुवयस्स रण्णो धूयाए चुलणीए देवीए अत्तयाए धट्ठज्जुण्णस्स भागणीए दोवईए रायवरकन्नाए सयंवरं भविस्सइ)

ત્યારપછી દ્રુપદ રાજાએ પૂર્વાપરાહ્ન કાળના સમયે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો હાથી ઉપર બેસીને કાંપિલ્યપુર નગરમાં જાઓ અને ત્યાંના શ્રૃંગાટક યાવત્ ત્રિક્ ચતુષ્ક ચત્વર મહાપથ વગેરે માર્ગોમાં-કે માર્ગોની પાસે વાસુદેવ પ્રમુખ રાજાઓના આવાસ ઘરો છે તેની પાસે બહુ મોટા સાદે આજાતની ઘોષણા કરો કે હે દેવાનુપ્રિયો ! આવતી કાલે સવાર થતાં દ્રુપદ રાજાની પુત્રી ચુલની દેવીની આત્મજા અને ધૃષ્ટદ્યુમ્નની બહેન રાજવર કન્યા દ્રૌપદીનો સ્વયંવર થશે.

(तं तुब्भेणं देवाणुप्पिया ! दुवयं रायाणं अणुगिण्हेमाणा ण्हाया जाव विभूसिया हत्थिखंधवरगया सकोरण्ट० सेयवरचामर० हय गय रह० महया भडचडगरेणं जाव परिक्खित्ता जेणेव सयंवरमंडवे तेणेव उवागच्छह, उवागच्छित्ता पत्तेयं नामंकिएसु आसणेसु निसीयह २ दोवइं रायकण्णं पडिवाले माणा २ चिट्ठह)

એથી હે દેવાનુપ્રિયો ! તમે લોકો દ્રુપદ રાજા ઉપર મહેરબાની કરીને સ્નાન વગેરેથી પરવારીને તથા સમસ્ત અલંકારોથી વિભૂષિત થઈને જ્યાં સ્વયંવર મંડપ છે, ત્યાં હાથીઓ ઉપર સવાર થઈને પધારો. કોરંટ પુષ્પોની માળાઓથી શોભતું છત્ર તે વખતે તમારા ઉપર તાણેલું હોવું જોઈએ અને સફેદ ચમરો પણ તમારા ઉપર ઢોળાતા હોવા જોઈએ. હાથી, રથ અને મહાભટોના સમૂહ રૂપ ચતુરંગિણી સેના તમારી સાથે હોવી જોઈએ. સ્વયંવર

મંડપમાં આવીને દરેકે દરેક પોતપોતાના નામવાળા આસન ઉપર બેસી જાય. ત્યાં બેસીને તેઓ રાજવર કન્યા દ્રૌપદીના આગમનની પ્રતીક્ષા કરે. (घोसणं घोसेह २ मम एयमाणत्तियं पच्चप्पिणह) આ રીતે તમે ઘોષણા કરો અને આમ થઈ જાય ત્યારે મને ખબર આપો. (तएणं ते कोडुंबिया तहेव जाव पच्चप्पिणंति) તે કૌટુંબિક પુરૂષોએ રાજાની આજ્ઞા પ્રમાણે જ બધું કામ પતાવી દીધું અને ' અમે લોકોએ આપની આજ્ઞા અનુસાર ઘોષણા કરી છે ' એવી ખબર રાજાની પાસે પહોંચાડી દીધી.

(तएणं से दूवए राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सयंवरमंडवं आसियसंमज्जिओवलित्तं सुगंधवर-गंधियं पंचवण्णपुप्फपुंजोवयारकलियं कालागुरुपवरकुंदरुक्कतुरुक्क जाव गंधवट्टि-भूयं मंचाइमंचकलियं करेह, करित्ता वासुदेवपामुक्खाणं बहूणं रायसहस्साणं पत्तेयं २ नामंकाइं आसणाइं अत्थुयपच्चत्थुयाइ रएह २ एयमाणत्तियं पच्चप्पिणह)

ત્યારપછી દ્રુપદ રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને સ્વયંવર મંડપને આસિક્ત કરો–પાણી છાંટો, સંમાર્જિત કરો, કચરો વગેરે સાફ કરો, અને ઉપલિપ્ત કરો, એટલે કે માટી તેમજ છાણથી લીંપો. સુગંધવર ગંધિત કરો એટલે કે તે સ્થાને અગુરૂ, ગુગ્ગુલ, કપૂર વગેરેનો ધૂપ કરીને તેની સુગંધથી તે સ્થાનને સુવાસિત કરો. પંચવર્ણના પુષ્પપુંજના સમૂહો સ્થાને સ્થાને ગોઠવીને તમે મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરો. કૃષ્ણાગુરૂ, પ્રવર, કુંદરૂષ્ક, તુરૂષ્ક, લોબાન આ બધા પદાર્થોના ચૂર્ણને અગ્નિમાં નાખીને તે સ્થાનને સુગંધથી ખૂબ જ રમણીય બનાવી દો. તે સ્થાનને તમે એવું સરસ સુગંધમય બનાવી દો કે જેથી તે સુગંધિત દ્રવ્યોની વર્તિકા (અગરબત્તી) જેવું લાગે. ત્યાં તમે મંચો ઉપર

મંચોની ગોઠવણુ કરો. ત્યાં તમે વાસુદેવ પ્રમુખ દરેકે દરેક રાજાના નામથી અંકિત થયેલા આસનોને આસ્તૃત-સ્વચ્છ વસ્ત્રથી ઢાંકીને, પ્રત્યાવસ્તૃત અને બીજા સ્વચ્છ વસ્ત્રથી ઢાંકો આ બધું કામ પતાવીને તમે અમને ખબર આપો. (તે વિ જાવ પચ્ચપ્પિણંતિ) આ રીતે રાજાની આજ્ઞા સાંભળીને તે કૌટુંબિક પુરૂષોએ તે મુજબજ બધું કામ પતાવી દીધું અને ત્યારપછી 'તમારી આજ્ઞા મુજબ કામ બધું પતી ગયું છે' એવી ખબર રાજાની પાસે પહોંચાડી.

(तएणं ते वासुदेवपामुक्खा बहवे रायसहस्सा कल्लं पाउ० ण्हाया जाव विभूसिया हत्थिखंधवरगया सकोरंट० सेयवरचामराहिं हय गय जाव परिवुडा सव्विड्ढीए जाव रवेणं जेणेव सयंवरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता अणुपविसंति, अणुपविसित्ता पत्तेयं नामंकिएसु आसणेसु निसीयंति, दोवइं रायवरकण्णं पडिवालेमाणा २ चिट्ठंति)

ત્યારપછી વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ બીજા દિવસે જ્યારે રાત્રિ પસાર થઇ ગઈ અને સવાર થતાં સૂર્ય ઉદય પામ્યો ત્યારે સ્નાન વગેરેથી પરવારીને પોતાના શરીરને બધા આભૂષણોથી શણગારીને, હાથીઓ ઉપર સવાર થઇને, સુગંધિત કોરંટ પુષ્પોની માળાઓથી શોભિત અને છત્રથી યુક્ત થઈ ઉત્તમ શ્વેત ચામરોથી વીજયમાન થતા તેમજ ઘોડા, હાથી યાવત્ રથ પદાતિ સમૂહથી પરિવૃત થતા પોતાના રાજ્ય વૈભવ અનુસાર યાવત્ શંખ પણવ પટહ વગેરે વાજાઓની સાથે જ્યાં સ્વયંવર મંડપ હતો ત્યાં ગયા. ત્યાં જઇને તેઓ બધા મંડપમાં પ્રવિષ્ટ થયા અને પ્રવિષ્ટ થઇને તેઓ પોતપોતાના નામાંકિત જુદા જુદા આસનો ઉપર બેસી ગયા અને રાજવર કન્યા દ્રૌપદીની પ્રતીક્ષા કરવા લાગ્યા.

(तएणं से पंडुए राया कल्लं ण्हाए जाव विभूसिए हत्थिखंधवरगए सकोरंट० हय गय० सयंवरमंडवे जेणेव वासुदेव पामुक्खा बहवे रायसहस्सा तेणेव

उवागच्छइ, उवागच्छित्ता तेसिं वासुदेवपामुक्खाणं करयल०वद्धावेत्ता कण्हस्स वासुदेवस्स सेयवरचामरं गहाय उववीयमाणे चिट्ठंति)

ત્યારપછી પાંડુ નામક રાજા સવારે સ્નાનથી પરવારીને સમસ્ત અલંકારોથી પોતાના શરીરને શણગારીને અને પોતાના મુખ્ય ગજરાજ ઉપર સવાર થઈને કાંપિલ્યપુર નગરની વચ્ચેથી પસાર થઈને સ્વયંવર મંડપમાં આવ્યા. જ્યારે તેઓ ગજરાજ ઉપર બેસીને આવતા હતા ત્યારે કોરંટ પુષ્પોની માળાઓથી શોભિત છત્ર છત્રધારીઓએ તાણેલું હતું. ચામર ઢોળનારાઓ શ્વેત ચામરો ઢોળી રહ્યા હતા, ઘોડા, હાથી, રથ અને પદાતિ સમૂહ રૂપ ચતુરંગિણી સેના તેમની સાથે સાથે ચાલી રહી હતી રાજસી ઠાઠથી તેઓ સુસજ્જિત હતા, અનેક જાતના વાજાઓ વાગી રહ્યાં હતાં મંડપમાં આવીને તેઓ જ્યાં વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ બેઠેલા હતા ત્યાં ગયા. જ્યાં વાસુદેવ પ્રમુખ રાજાઓ બેઠેલા હતા ત્યાં તેમની પાસે જઈને તેઓએ વાસુદેવ પ્રમુખ સર્વે રાજાઓને ખૂબ જ નમ્રપણે બંને હાથ જોડીને નમસ્કાર કર્યા. જય વિજય શબ્દોથી તેઓને અભિનંદિત કર્યા. અભિનંદિત કર્યા બાદ તેઓ કૃષ્ણ વાસુદેવની ઉપર શ્વેત ચામર ઢોળતા ત્યાં બેસી ગયા. ॥ સૂત્ર ૨૦ ॥

'तएणं सा दोवईरायवरकन्ना' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (सा दोवई रायवरकन्ना) તે રાજવર કન્યા દ્રૌપદી (जेणेव मज्जणघरे) જ્યાં સ્નાનઘર હતું (तेणेव उवागच्छइ) ત્યાં ગઈ. (उवागच्छित्ता ण्हाया कयबलिकम्मा कय कोउयमंगलपायच्छित्ता) ત્યાં જઈને તેણે સ્નાનઘરમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ તેણે કાગડા વગેરે પક્ષીઓને અન્ન વગેરેનો ભાગ અર્પીને બલિકર્મ કર્યું—કૌતુક મંગળ પ્રાયશ્ચિત્ત કર્યા. (सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिया मज्जणघराओ पडिनिक्खमइ) સભામાં પ્રવેશવા યોગ્ય સ્વચ્છ માંગલિક વસ્ત્રો તેણે સરસ રીતે પહેર્યાં, ત્યારપછી તે સ્નાનઘરથી બહાર નીકળી. (जिणपडिमाणं अच्चणं करेइ) જીન-

પ્રતિમાનું કામદેવની પ્રતિમાનું નિર્વિઘ્ને વિવાહકાર્ય સંપન્ન થવાના હેતુથી અર્ચન કરે છે, અર્ચન કરીને (जेणेव अंतेउरे तेणेव उवागच्छइ) જ્યાં રણવાસ છે તે તરફ જતી રહી. ॥ સૂત્ર ૨૧ ॥

દ્રૌપદી પૂજા ચર્ચા

દ્રૌપદી ચર્ચા

કેટલાક "जिणपडिमाणं अच्चणं करेइ" આ પાઠના આધારે પ્રતિમા પૂજનની ઉપયોગિતા સિદ્ધ કરતાં આ પ્રમાણે કહે છે કે "અર્હંત ભગવાનની પ્રતિમાનું પૂજન જૈનધર્મ પાલન કરનારાઓએ કરવું જોઈએ" તેમનું આ કથન સત્યથી બહુ દૂર છે એટલે કે આ વાત સાવ અસત્યથી પૂર્ણ છે. કેમકે આ "जिनपडिमाणं" વગેરે વાક્ય ચરિતના જ અનુવાદક છે એટલા માટે એવાં વચનો કોઈ વિશેષ અર્થને સ્પષ્ટ કરનારાં હોતા નથી. ચરિતાનુવાદથી તો ફક્ત જે માણસે જે તે આચરણ કર્યું છે, ફક્ત તેનું જ જ્ઞાન થાય તેમ છે. શાસ્ત્રવિહિત માર્ગને બતાવનારા તો વિધિ વાકયો જ થાય છે. જેવી રીતે છ આવશ્યક કાર્યોનાં પ્રતિપાદન કરનારાં વાકયો જીન પ્રભુની આજ્ઞાનાં નિર્દેશક હોવાને કારણે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘના માટે યોગ્ય ગણાય છે. શાસ્ત્રમાં પણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે:—

" समणेण सावएण य ' ઈત્યાદિ

શાસ્ત્રવિહિત છ પ્રકારના આવશ્યક કર્તવ્યો ચતુર્વિધ સંઘને રાત્રિ તેમજ દિવસના અંતિમ ભાગમાં ચોક્કસ પણે આચરવાં જોઈએ. તેનાં આચરણ વગર મુનિનું મુનિપણું નથી અને શ્રાવકનું શ્રાવકપણું નથી. એટલા માટે છ આવશ્યક કાર્ય ચોક્કસ કરવા યોગ્ય હોવાથી આવશ્યક રૂપથી પ્રતિપાદિત કરવામાં આવ્યા છે.

" जं इमं समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे जाव उभओ कालं इत्यादि—આ પ્રમાણે જ્યારે તેઓ 'આવશ્યક' છે, ત્યારે ભલે સાધુ હોય કે સાધ્વી હોય તેમજ શ્રાવક હોય કે શ્રાવિકા હોય ગમે તે કેમ

ન હોય તેની એ ફરજ થઇ પડે છે કે તે તેઓમાં જ પોતાનું ચિત્ત પરોવીને મનને તલ્લીન કરીને તેને બંને કાળમાં અવશ્ય આચરે.

ચરિતને અનુવાદક રૂપે બતાવનાર વાકયને જો વિધેય રૂપમાં સ્વીકારવામાં આવે તો સૂર્યાભદેવના ચરિતમાં શસ્ત્ર વગેરે વસ્તુઓની પણ પૂજાની વાત સાંભળવામાં આવે છે. એથી તેમનામાં પણ પૂજ્યતા આવી જવી જોઇએ અને આ રીતે પૂજનના પક્ષપાતીઓએ તેમની પૂજા પણ વિધેયના રૂપમાં માન્ય કરવી જોઇએ.

દ્રૌપદીએ પણ ત્યાં પ્રતિમામાં ભગવાન અર્હંતનું પૂજન કર્યું નથી તેનું કારણ એ છે કે પ્રથમ તો જૈન પ્રવચનમાં પ્રતિમા-પૂજનનું વિધાન નથી અને બીજું આ પ્રતિમા પૂજન ષટ્કાયના જીવોની વિરાધના દ્વારા સંપન્ન હોય છે, તેથી આ પ્રતિમા પૂજનમાં જીનેન્દ્ર વડે પ્રતિપાદિત ધર્મ-આત્મકલ્યાણ સાધક રૂપ સમ્યગ્-દર્શન વગેરેનો અભાવ છે. ષટ્કાયના જીવોની વિરાધનાથી જે સાધ્ય થાય છે તેમાં તો સાચા ધર્મના દર્શન સુદ્ધાં દુર્લભ છે. એટલા માટે પ્રતિમા-પૂજન સ્વીકારવામાં તે પૂજન કરતી વખતે ષટ્કાયના જીવોની વિરાધના જ્યારે ચોક્કસપણે થવાની છે ત્યારે અમે તેને વિધેય માર્ગ કયા આધારે માન્ય કરીએ. અને એની સાથે સાથે અમે એ પણ કેવી રીતે સ્વીકાર કરીએ કે આ જાતનું પૂજન કરનાર સાચા ધર્મનો ઉપાસક છે ? જો પ્રતિમા પૂજનને ધર્મ રૂપે સ્વીકારીએ તો એમાં એક ભારે દોષ એ છે કે સર્વ પ્રકારનાં હિંસા વગેરે પાપોથી સર્વથા વિરક્ત મહાવ્રતી મુનિજનો જ્યારે આ પ્રતિમા પૂજન રૂપ ધર્મનો ઉપદેશ આપશે ત્યારે તેઓ પણ કારિતાદિ રૂપ કરાવવા વગેરે રૂપથી એના કર્તા રૂપે હોવા બદલ પોતાના મુનિ ધર્મના મૂલતઃ વિધ્વંસક ગણાશે. મુનિજનો હિંસા વગેરે સાવદ્ય વ્યાપારોના કૃત, કારિત અને અનુમોદના આ ત્રણ કરણ અને ત્રણ યોગના ત્યાગી હોય છે. જ્યારે તેઓ પ્રતિમા-પૂજન રૂપ ધર્મનું ગૃહસ્થોને માટે વ્યાખ્યાન આપશે ત્યારે તેમનાં વ્યાખ્યાનથી પ્રેરાઈને ગૃહસ્થો તે પ્રમાણે આચરશે જ અને આ જાતનાં તેમનાં આચરણોથી આ કામમાં ષટ્કાય જીવોની વિરાધના હોવાથી તે વિરાધનાને કરાવનારા આ ઉપદેશક મુનિઓ જ ગણાશે ત્યારે એમના અહિંસા વગેરે મહાવ્રતો ત્રિયોગ અને ત્રિકરણ વિશુદ્ધ રૂપે કેવી રીતે રહી શકશે ? એથી ધર્મલાભને ઇચ્છતાં પણ તેઓ આ જાતના વિચારોની ભૂલમાં જ મોટી ભૂલ કરી

બેસશે અને તેઓ પોતાના ધર્મના સાચા આરાધક ગણાશે નહિ. એટલા માટે આ વાત ચોક્કસપણે માની જ લેવી જોઇએ કે 'જીન પ્રણીત' આગમમાં પ્રતિમા-પૂજનની વિધિ મળતી નથી.

આ પ્રમાણે પ્રતિમા-સ્થાપન, -પ્રતિમા-પ્રતિષ્ઠા કરાવવી, મંદિર વગેરે બનાવવાં અને તે પ્રતિમાની પૂજા માટે ઉદ્યાન તેમજ વાવ વગેરે તૈયાર કરાવવાં એ પૃથ્વિ-કાયિક જીવોની હિંસાના કારણ છે-એટલા માટે ત્યાજ્ય છે. તેને બનાવવા માટે જે લોકો ઉપદેશ આપે છે તેઓ પણ પૃથ્વિ-કાયિક જીવોની હિંસાથી મુક્ત થઇ શકતા નથી. આ રીતે જ પૂજનને માટે સ્નાન, પ્રતિમાનો અભિષેક તેમજ પૂજનના વસ્ત્રોને ધોવામાં અને તેના ઉપદેશમાં પણ અપૂકાયના જીવોની વિરાધના હોય છે. ધૂપ કરવો, દીપક કરવો, આરતી ઉતારવી આ બધી વિધિઓ અગ્નિ-કાયિક જીવોની વિરાધના વગર સંભવી શકે તેમ નથી એટલે કે તેઓમાં અગ્નિ-કાયિક જીવોની વિરાધના ચોક્કસપણે થવાની જ છે. ધૂપના ધૂમાડાથી દીપક અને આરતીની જ્યોતથી ચમર વગેરેને ઢોળવાથી તેમજ વાજાંઓ વગાડવાથી વાયુકાયિક જીવોની વિરાધના થાય છે તેની દરેકને સ્પષ્ટ પ્રતીતિ થતી જ રહે છે. વનસ્પતિ-કાયિક જીવોની વિરાધના પણ તે વખતે આ પ્રમાણે થાય છે કે મૂર્તિ-પૂજન માટે પૂજા કરનારાઓ અનંત-કાયિક એવા કોમળ ઘણી જાતનાં ફળો, પુષ્પો અને પત્રોને એકઠાં કરે છે આમ આ પૂજામાં ષટ્-કાયિક જીવોની હિંસા સ્પષ્ટપણે દેખાય છે. ત્રસ-કાયિક જીવોનું પણ તેને લીધે હતન હોય છે. જેમકે જ્યારે પૃથ્વિ-કાયિક વગેરે જીવોનો આરંભ પ્રતિમા વગેરેના નિર્માણમાં અથવા તો દેવ-આયતન (મંદિર) વગેને બનાવવામાં કરવામાં આવે છે ત્યારે તેના આશ્રિત જે ઘણા અનેક જાતના નિરપરાધિ, હીન, દીન, દુર્બલ, પ્રકૃતિથી બીકણ તેમજ સંગોપિત શરીરવાળા એવા દ્વીન્દ્રિયાદિકથી માંડીને પંચેન્દ્રિય સુધીના જેટલાં ત્રસ જીવો રહે છે તેઓ સર્વે છેદન, ભેદન અને સ્વાશ્રયના વિનાશથી અનંત

દુઃખોથી સંતપ્ત થઇને અને ત્યાંથી પડી જઇને, ભ્રષ્ટ થઇને અંતે મૃત્યુને ભેટે છે.

જીનેન્દ્રની આજ્ઞા પ્રમાણે અનુસરવું એજ ધર્મનું લક્ષણ છે. આચારાંગ સૂત્ર અ-૬, ઉ-૨, સૂ-૮ માં પણ ભગવાને આ પ્રમાણે કહ્યું છે કે " आणाए मामगं धम्मं इति " પ્રભુએ જ્યારે ધર્મ વિષે ઉપદેશ આપ્યો ત્યારે તેમણે આ ધર્મના બે ભેદ બતાવ્યા છે ૧ સાગાર ગૃહસ્થનો ધર્મ અને ૨ અનગાર મુનિનો ધર્મ. " अनगारधम्मो ताव " વગેરે સૂત્રથી સમસ્ત જીવોની વિરાધના વગેરેથી વિરક્ત થવું અહીંથી માંડી રાત્રિ-ભોજનનો સંપૂર્ણપણે ત્યાગ કરવો અહીં સુધી જે કંઇ કહ્યું છે તે બધું અનગાર ધર્મને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. ત્યારપછી ઔપપાતિક સૂત્રમાં તેઓશ્રીએ આ પ્રમાણે કહ્યું છે કે—(अयमाउसो अणगारसामइए धम्मे पण्णत्ते, एयस्स धम्मस्स सिक्खाए, उवट्ठिए निग्गंथे वा निग्गंथी वा विहरमाणे आणाए आराहए भवइ) હે આયુષ્મન્! આ અનગાર સામાયિક મુનિયોનો સિદ્ધાન્ત વિષયક ધર્મ કહેવામાં આવ્યો છે એટલે કે આ મુનિઓનો ધર્મ કહેવામાં આવ્યો છે. આ ધર્મની શિક્ષામાં જે ઉપસ્થિત હોય છે એટલે કે આ ધર્મની આરાધના કરે છે-ભલે તેઓ સાધુ હોય કે સાધ્વીઓ ગમે તે કેમ ન હોય તેઓ જીનેન્દ્ર ભગવાનની આજ્ઞાના આરાધકો હોય છે આ ધર્મની આરાધના કરનારો જીવ જ જીનેન્દ્રના આરાધક ગણાય છે. આ કથનથી એ વાત સમજાવવામાં આવી છે કે જે વાતમાં ભગવાનની આજ્ઞા હોય તેજ ધર્મ છે, આજ્ઞા વિરૂદ્ધ બીજું આચરણ અધર્મ છે. ત્યારપછી ભગવાન વડે " अगारधम्मं दुवालसविहं आइक्खइ तं जहा पंच अणुव्वयाइं, तिण्णि गुणव्वयाइं चत्तारि सिक्खावयाइं " આ સૂત્ર દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ગૃહસ્થનો ધર્મ ૧૨ પ્રકારનો છે-૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત. આ રીતે " अयमाउसो अगारसामाइए धम्मे पण्णत्ते एयस्स धम्मस्स सिक्खाए उवट्ठिए, समणोवासए वा समणोवासिया वा विहरमाणे

आणाए आराहए भवइ" હે આયુષ્મન્ત ! આ ગૃહસ્થ ધર્મ બતાવવામાં આવ્યો છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત શ્રમણોપાસક મુનિઓના ભક્તજન-શ્રાવકો અથવા તો શ્રાવિકાઓ તીર્થંકર પ્રભુની આજ્ઞાના આરાધક ગણાય છે. આ સૂત્રમાં પણ આ પ્રમાણે જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ૧૨ પ્રકારના ધર્મના આરાધકો જ શ્રમણોપાસક શ્રાવક શ્રાવિકા તીર્થંકર પ્રભુની આજ્ઞાને આરાધકો છે. આ રીતે સમજાવનારા શ્રી જીનેન્દ્રદેવે આજ્ઞા જ ધર્મનું મૂળ છે આમ સમજાવ્યું છે.

આચારાંગ સૂત્રના પહેલા અધ્યયનના ત્રીજા ઉદ્દેશકમાં ભગવાને આ પ્રમાણે કહ્યું છે-" जाए सद्धाए णिक्खंते तमेवमणुपालिज्जा विजहित्ता विसोत्तियं पुव्व-संजोगं । पणया वीरा महावीहिं लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं " કે જે શ્રદ્ધા-ઉત્સાહથી "અર્હંત પ્રભુ વડે પ્રતિપાદિત સમ્યગ્ દર્શન વગેરે મોક્ષના માર્ગો છે કે નહિ" આ રીતે સર્વ આગમ વિષયક સર્વ શંકા તેમજ "અપ્કાયિક વગેરે જીવો છે કે નથી" આ જાતની દેશ શંકા અને માતા પિતા વગેરેની સાથેના સંબંધ રૂપ પૂર્વ સંયોગ અને ધન, ધાન્ય, સ્વજન વગેરે સંબંધ ઉપલક્ષણથી 'શ્વસુર' વગેરે રૂપ પશ્ચાત્ સંયોગનો પરિત્યાગ કરીને આ જીવ સંસાર વગેરે પદાર્થોને હેય સમજીને તેમના તરફ સંપૂર્ણપણે વિરક્ત થઈ જાય છે તે શ્રદ્ધાની અતિચાર વગેરેથી રક્ષા કરવી જોઈએ. તે શ્રદ્ધાનું પાલન મુનિએ અતિચાર વગર થઈને કરવું જોઈએ જે માર્ગ પરિ-શીલિત હોય છે તે તરફ ઘણાં પ્રાણીઓ જાય છે, આ લૌકિક પ્રથા છે. આ પ્રથા પ્રમાણે શિષ્યોની શ્રદ્ધાને મજબૂત બનાવવા માટે "આ માર્ગ મહા પુરૂષો વડે સેવવામાં આવ્યો છે." આ વાત સમજાવવા માટે સૂત્રકાર " पणया वीरा महावीहिं " આ વચનને ટાંકે છે. વીર બે પ્રકારના હોય છે-

૧ દ્રવ્ય-વીર, ૨ ભાવ-વીર. સંયમના અનુષ્ઠાનમાં જે શક્તિશાળી છે તે ભાવ વીર છે. આ બધા જીવો સમ્યગ્-દર્શન વગેરે લક્ષણ રૂપ આ વિસ્તૃતમાર્ગને કે જે મહાપુરૂષો વડે સેવવામાં આવ્યું છે-કઠણ તપ અને સંયમની આરાધનાથી મેળવી લે છે. કહેવાની મતલબ એ છે કે ભાવ-વીરો પોતાના મનમાં આ પ્રમાણે જ વિચારો કરતા રહે છે કે ખરી રીતે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર રૂપ જ માર્ગ છે કેમકે મુક્તિની પ્રાપ્તિ એનાથી જ થાય છે. એટલા માટે જ પહેલાં થઈ ગયેલા બધા જીવોએ આ માર્ગનું જ અનુસરણ કર્યું હતું. તીર્થંકર પ્રભુએ જાતે પણ આ માર્ગની જ પરિશીલતા કરી છે. એથી આ માર્ગમાં પ્રવૃત્ત થવું તે બધી રીતે હિતાવહ છે. આ પ્રમાણે આ માર્ગ વિશ્વસનીય હોવા બદલ શિષ્યો પણ શ્રદ્ધા રાખીને તેમાં પ્રવૃત્ત થાય.

કોઇક મંદ બુદ્ધિ ધરાવનાર શિષ્ય ઘણા દૃષ્ટાંતો વડે સ્પષ્ટ કરવામાં આવવા છતાં પણ જો અપ્કાય વગેરે જીવોની શ્રદ્ધાથી રહિત હોય છે તો તેને સમજાવવા માટે સૂત્રકાર કહે છે કે હે શિષ્ય ! તમારી બુદ્ધિ અપ્કાયિક વગેરે જીવોની શ્રદ્ધા કરવામાં તેમના વિષે સવિશેષ જ્ઞાનના અભાવના લીધે જો સમર્થ નથી તો પણ ભગવાનની આજ્ઞાથી તે પ્રત્યે તમે પોતાની શ્રદ્ધાને દૂષિત થવા દેશો નહિ એટલે કે ભગવાનની આજ્ઞા પ્રમાણ માનીને મંદ બુદ્ધિવાળા શિષ્યોએ તેમના પ્રત્યે પોતાની વધારેમાં વધારે શ્રદ્ધા જાગ્રત કરવી જોઇએ. સૂત્રકાર આ પ્રયોજનથી જ કહે છે કે "लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं" इति । અપ્કાય રૂપ લોકને તેમજ 'च' શબ્દથી બીજા અપ્કાયાશ્રિત જીવોને તીર્થંકર પ્રભુની આજ્ઞાથી સારી પેઠે સમજીને તેમની આજ્ઞા મુજબ તેમનું આસ્તિત્વ માનીને આત્મકલ્યાણને ઇચ્છનારા મુનિઓએ સંયમનું પાલન કરવું જોઇએ. સૂત્રમાં આવેલો 'લોક' શબ્દ અહીં પ્રકરણ વશાત્ અપ્કાયનો વાચક છે. 'च' શબ્દથી તદાશ્રિત બીજા જીવોનું ગ્રહણ થયું છે. "अकुतोभयं" શબ્દનો અર્થ સંયમ છે. કોઈ પણ જગ્યાએથી કોઈ પણ રીતે જીવોને જેનાથી ભય હોતો નથી તે અકુતોભય-સંયમ

છે. મતલબ એ છે કે આત્મકલ્યાણ ઇચ્છનારા મુનિઓને જીવોની રક્ષા રૂપ સંયમની આરાધના કરવામાં સાવધાન થઇને પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. અહીં " जाए सद्धाए निक्खंते तमेवमणुपालिज्जा, विजहित्ता विसोत्तियं पुव्वसंजोगं " આ સૂત્રાંશ વડે આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે શ્રદ્ધાની આરાધનામાં જીનેન્દ્રની આજ્ઞાનો સદ્ભાવ છે એટલા માટે તેજ ધર્મ છે. અને શ્રદ્ધાને મજબૂત બનાવવી તે પણ ધર્મ છે. આ નિમિત્તે જ " पणया वीरा महावीहिं " આ ભગવાનનો ઉપદેશ છે.

" लोगंच आणाए अभिसमेच्चा " આ સૂત્રાંશ વડે આ વાત સ્પષ્ટ થાય છે કે જ્યારે જીનેન્દ્રની આજ્ઞા ષટ્કાયિક જીવો વિષે વાસ્તવિક જ્ઞાન કરાવવા માટે જ કરવામાં આવી છે ત્યારે આવી પરિસ્થિતિમાં તત્વજ્ઞાન ધર્મ છે. ' अकुतोभयं '' આ પદનો ' अणुपालिज्जा ' આ ક્રિયાપદની સાથે અન્વય કરવાથી આ પ્રમાણે અર્થ થાય છે કે અકુતોભય રૂપ સંયમનું પાલન કરવું જોઇએ. આ પણ ભગવાનની જ આજ્ઞા છે તો એનાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ભગવાનની આજ્ઞાથી ' સંયમ ' આરધવા યોગ્ય હોવાથી ધર્મરૂપ છે. અને વળી ' ઉત્તરાધ્યયન સૂત્ર 'માં " धम्माणं कासवो मुहं " આ પ્રમાણેનો ઉલ્લેખ છે. એનો અર્થ એમ થાય છે કે શ્રુત અને ચારિત્ર ધર્મોના મુખ્ય–વકતા–કાશ્યપ ગોત્રીય શ્રી મહાવીર વર્ધમાન સ્વામી છે. તેઓશ્રીએ અહિંસા વગેરે મહાવ્રતોના પાલન કરનારા મોક્ષ ઇચ્છનારા લોકોને માટે આગમોમાં આ જાતની આજ્ઞા કરી છે કેઃ—

"से बेमि–जे य अतीता जे य पडुवन्ना जे य आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे वि एवमाइक्खंति एवं भासंति एवं पण्णवेंति एवं परूवेंति सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता न हंतव्या, न अज्जावेयव्वा, न परिघेत्तव्वा, न परितावेयव्वा, न किलामेयव्वा, न उद्दवेयव्वा। एस धम्मे सुद्धे णितिए समेच्चा लोयं खेयनेहिं पवेइए " (आ. सू. अ. ४ उ. १ सू. १) શ્રી સુધર્મા સ્વામી આ સૂત્ર વડે શ્રી જંબૂ સ્વામીને આ પ્રમાણે સમજાવે છે કે અર્હંત પ્રભુ વડે પ્રતિપાદિત ધર્મ જ શ્રદ્ધેય છે, તેઓ આ સૂત્રમાં કહે છે કે તીર્થંકર દેવોએ પોતપોતાના શિષ્યો માટે જે સમ્યકત્વનું નિરૂપણ કર્યું છે તે જ તત્ત્વ તીર્થંકર પ્રભુના મુખથી શ્રવણ કર્યા બાદ હું તમને સમજાવી રહ્યો છું. એટલે કે હું પોતાની મેળે આમાં કંઈ પણ ઉમેર્યા વગર તીર્થંકર પ્રભુની માન્યતા મુજબ જ તમને સમજાવીશ. એથી આમાં શંકાને માટે સહેજ પણ સ્થાન નથી. આ પ્રમાણે જ્યારે મારા કથનનો મૂળ સ્રોત શ્રી તીર્થંકર પ્રભુનું ઉપદેશ શ્રવણ છે ત્યારે તે શ્રદ્ધેય જ છે. ભગવાનની આ પ્રમાણે આજ્ઞા છે કે

ભૂતકાળમાં જેટલા તીર્થંકર થયા છે, વર્તમાનકાળમાં પણ પાંચ ભરત, પાંચ ઐરવત તથા પાંચ મહાવિદેહ સંબંધી જેટલા તીર્થંકરો છે અને ભવિષ્યકાળમાં જેટલા તીર્થંકરો થશે તે બધામાંથી જ્યારે કોઇએ પ્રશ્ન કર્યો ત્યારે એક જ ઉત્તર આપ્યો છે, દેવ અને માણસોની સભામાં પોતાની સર્વ ભાષામાં પરિણમિત થયેલી અર્ધ માગધી રૂપ દિવ્યધ્વનિમાં તેઓએ બધા જીવોને એજ વાત સમજાવી છે અને હેતુ તેમજ દૃષ્ટાંતો વડે આ વાતનું જ સમર્થન કર્યું છે. વક્તવ્ય વિષયનો ભેદ અને પ્રભેદોને સ્પષ્ટ કરતાં તેઓએ સરસ રીતે એજ પ્રરૂપણા કરી છે કે સમસ્ત પ્રાણીઓ પૃથ્વિ વગેરે એકેન્દ્રિય સ્થાવર જીવોથી માંડીને દ્વીન્દ્રિય વગેરે પંચેન્દ્રિય જીવ સુધીના ત્રસ જીવ, ચતુર્દશ ભૂતગ્રામ રૂપ સમસ્ત ભૂત, નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ અને દેવ ગતિના બધા જીવો, અને પોતાના વડે કરવામાં આવેલાં કર્મોના ઉદયના ફળ સ્વરૂપ સુખ દુઃખ વગેરેને અનુભવતા બધા સત્વો દંડ વગેરેથી કોઈ પણ વખત તાડન કરવા યોગ્ય કે ઘાત કરવા યોગ્ય, કે એઓ મારા આધીન છે એવું સમજીને પરિગ્રહ રૂપથી સંગ્રહ કરવા યોગ્ય, કે અન્ન, પાન વગેરેનો નિરોધ અને ગર્મી, ઠંડી વગેરેમાં રાખીને કોઈ પણ વખતે પીડિત કરવા યોગ્ય અને વિષ આપીને તેમજ શસ્ત્રના આઘાતથી વિનાશ કરવા યોગ્ય નથી.

સૂત્રમાં " आइक्खंति आख्यान्ति " આ વર્તમાનકાલિક ક્રિયાપદ અતીત તેમજ અનાગત કાલિક ક્રિયાપદનું ઉપલક્ષક છે. એથી એના વડે આ જાતના અર્થની પ્રતીતિ થાય છે કે તે તીર્થંકર પ્રભુઓએ વર્તમાનકાળમાં જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે જ તેઓએ અથવા તો બીજા ભૂતકાલિક તીર્થંકરોએ ભૂતકાળમાં પણ કહ્યું છે અને ભવિષ્યકાળમાં પણ તેઓ તે પ્રમાણે જ કહેશે. આ રીતે " भासंति, पण्णवेंति " વગેરે ક્રિયાપદોની સાથે પણ અતીત અને અનાગત કાલિક ક્રિયાપદોનો સંબંધ જોડવો જોઇએ. આ કથનથી સૂત્રકારે તેમના કથનમાં પરસ્પરમાં વિરૂદ્ધ અર્થની પ્રરૂપણાનો અભાવ બતાવ્યો છે. તેમણે જે

કંઇ કહ્યું છે તે ભૂત ભવિષ્યત અને વર્તમાનકાળમાંથી કોઈ પણ કાળમાં ગમે તે પ્રમાણ દ્વારા બાધિત નહિ હોવા બદલ પૂર્વાપર વિરોધ રહિત જ કહ્યું છે, "પ્રાણ" શબ્દ વડે સૂત્રકારે ત્રસ અને સ્થાવર પ્રાણીઓનું ગ્રહણ કર્યું છે. કેમકે ૧૦ દ્રવ્ય પ્રાણોમાંથી એમનામાં પોતપોતાને યોગ્ય પ્રાણોનો સદ્ભાવ મળે છે. એથી એમના સદ્ભાવથી જ તેઓ પ્રાણી કહેવાય છે. "भवन्ति, भविष्यन्ति, अभूवन्" આ ભૂત શબ્દની વ્યુત્પત્તિ છે. એનો અર્થ આ પ્રમાણે છે કે વર્તમાનકાળમાં જેઓ સત્તા વિશિષ્ટ છે, તેઓ ભવિષ્યકાળમાં સત્તા વિશિષ્ટ રહેશે અને ભૂતકાળમાં પણ જેઓ સત્તા વિશિષ્ટ હતા. આ વ્યુત્પત્તિ વડે સૂત્રકારે એ બતાવ્યું છે કે દરેકે દરેક જીવ વગેરે પદાર્થ કોઈ પણ કાળમાં ઉત્પાદ અને વ્યયધર્મ વિશિષ્ટ હોવા છતાંએ પોતપોતાની સત્તાથી રહિત હોતા નથી. કેમકે દ્રવ્યનો "उत्पादव्ययध्रौव्यं सत्" ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવ છે. એથી એ વાત ચોક્કસ રીતે સ્પષ્ટ થાય છે કે કોઈ પણ નવીન પદાર્થનો ઉત્પાદ થતો નથી અને સત્ પદાર્થનો વિનાશ પણ થતો નથી. "सतो विनाशः असतश्चोत्पादो न" "जीवन्ति, जीविष्यन्ति, अजीविषु" આ જીવ શબ્દની વ્યુત્પત્તિ છે. જેઓ જીવે છે, જીવશે અને જીવ્યા છે, આ કથન વડે સૂત્રકારે જીવમાં ત્રિકાળમાં પણ જીવનત્વ ધર્મનો અભાવ થતો નથી, આ વાત સ્પષ્ટ કરી છે. ભલે તે જીવ એક ઇન્દ્રિય અવસ્થાવાળો હોય છતાંએ તે જીવન અવસ્થાથી રહિત થતો નથી. આ કથનથી વૃક્ષ વગેરેમાં અચેનતા માનનારા બૌદ્ધ વગેરેના મતનું ખંડન થઈ જાય છે.

સૂત્રકારે સૂત્રમાં જે પ્રાણી, ભૂત અને સત્વ આ બધા એકાર્થક પર્યાયવાચી શબ્દોનો જે પ્રયોગ કર્યો છે તેનું ખાસ કારણ "બધા જીવોમાં વારંવાર સદય રહેવું જોઇએ" તે જ છે.

વીતરાગ પ્રભુ વડે પ્રતિપાદિત પ્રાણાતિપાત વિરમણ રૂપ આ ધર્મ શુદ્ધ પાપાનુબન્ધ રહિત છે. આ કથનથો સૂત્રકારે એ વાતને પુષ્ટ કરી છે કે જે અવીતરાગ–શાકય વગેરે દ્વારા ધર્મ–રૂપથી પ્રતિપદિત થયો છે તેમજ તેમણે જેને ધર્મ–રૂપથી સ્વીકાર્યો છે તે ખરેખર ધર્મ નથી. કેમકે તેમાં હિંસા વગેરે દોષોનો સદ્ભાવ છે. અસર્વજ્ઞ તથા રાગયુક્ત લોકો દ્વારા પ્રતિપાદિત હોવાને

લીધે જ તેમાં હિંસા વગેરે સદોષતા છે. પૂર્ણજ્ઞાનીઓ વડે પ્રદર્શિત માર્ગ જ શુદ્ધ હોય છે. કેમકે તેઓમાં સંપૂર્ણપણે રાગદ્વેષનો અભાવ જ હોય છે. અસર્વજ્ઞ કે રાગદ્વેષ કલુષિત ચિત્તવાળા લોકો વડે પ્રતિપાદિત માર્ગ શુદ્ધ એટલા માટે હોતો નથી કે તેઓ પ્રથમ તો તે વિષયને સંપૂર્ણપણે જાણતા નથી અને બીજું તેઓ પોતાની રાગદ્વેષમયી પ્રવૃત્તિને પુષ્ટ કરવા માટે તેની અન્યથા પ્રરૂપણા પણ કરી બેસે છે. એવો ધર્મ શાશ્વતિક–નિત્ય હોતો નથી કેમકે એવા ધર્મનું વિશિષ્ટ જ્ઞાનીઓ–કેવળજ્ઞાનીઓ–વડે જીવોની કલ્યાણ કામનાથી પ્રેરાઈને નિરાકરણ કરવામાં આવે છે. વીતરાગ પ્રતિપાદિત ધર્મ જ અવિનાશી રહે છે, અને તેથી સર્વદા જીવોનું કલ્યાણ થતું રહે છે. આમાં અન્યથા પ્રરૂપણા માટે અવકાશ જ નથી. અત્યારે પણ પંચવિદેહ ક્ષેત્રમાં આ શુદ્ધ ધર્મનો સદ્ભાવ છે. આ ધર્મને આ દૃષ્ટિથી જ સૂત્રકારે નિત્ય–અવિનાશી કહ્યો છે. શાશ્વત ગતિ રૂપ મુક્તિનો કારણ હોવાથી આ ધર્મ શાશ્વત માનવામાં આવ્યો છે. અથવા હેતુ–હેતુ મદ્ભાવથી પણ એમ કહી શકાય છે કે જે કારણને લઈને આ નિત્ય છે તે કારણથી જ આ શાશ્વત માનવામાં આવ્યો છે. એથી દરેક મોક્ષને ઇચ્છનારા જીવો વડે આ ધર્મ શ્રદ્ધેય–શ્રદ્ધા કરવા યોગ્ય અને ગ્રાહ્ય આરાધવા યોગ્ય છે. આ વિષે સૂત્રકાર પૂર્વોક્ત રૂપે હેતુનુ કથન કરીને તે ધર્મની પ્રરૂપણા કરતાં "समेत्य लोकं खेदज्ञैः प्रवेदितः" કહે છે કે બધા પ્રાણીઓનાં દુઃખોને જાણનારા કેવળજ્ઞાની પ્રભુએ આ ષટ્જીવનિકાય રૂપ લોકને પ્રત્યક્ષ રૂપમાં સાક્ષાત્ દુઃખ રૂપી દાવાનળમાં સળગતા જોઈને શુદ્ધ, શાશ્વતિક ધર્મનું કથન કર્યું છે—

ભાવાર્થ—સંસારના બધા જીવોને અનંત સાંસારિક દુઃખોથી હસ્તામલકવત્ સંતપ્ત જોઈને તેમના ઉદ્ધાર માટે વીતરાગ કેવળજ્ઞાનીઓ એ જ આ ધર્મનું નિરૂપણ કર્યું છે. મેં પોતાની મેળે આ કથન કર્યું નથી. શ્રી સુધર્મા સ્વામી પોતાના શિષ્ય જંબૂ સ્વામીને આ પ્રમાણે સમજાવે છે.

અનુયોગદ્વારમાં—जह मम ण पियं दुःखं जाणियं एमेव सव्वजीवाणं ।
न हणइ न हणावेइ य सममणइ तेण सो समणे ॥ इति ।

જેમ મને દુઃખ ગમતું નથી તેમજ તે દુઃખ સંસારના કોઇ પણ જીવને ગમે જ નહિ. આમ સમજીને જેઓ જીવોની વિરાધના પોતે કરતા નથી અને બીજાઓથી કરાવતા નથી તેમજ બધા જીવોમાં તુલ્યતા (સમાનતા) ની દૃષ્ટિ રાખે છે તેઓ જ 'શ્રમણ' છે. આ ઉપરની વાતો શ્રમણ થવા માટેહેતુ કારણ છે.

"एस धम्मे सुद्धे" આ સૂત્રાંશથી શ્રી સુધર્મા સ્વામીએ તીર્થંકર કથિત ધર્મમાં હિંસા વગેરે દોષોના અભાવથી શુદ્ધતાનું કથન કર્યું છે. આ શુદ્ધ ધર્મનો બોધક—બોધ કરાવનારી હોવાથી જ દ્વાદશાંગીમાં પ્રવચનતા આગમતા અને સર્વો-ત્કૃષ્ટતા સિદ્ધ થાય છે. ભગવાને આગમોમાં પ્રવચનનું સ્વરૂપ અને તેનો પ્રભાવ= માહાત્મ્ય કહ્યો છે. જેમકે ભગવતી સૂત્રમાં "पवयणं भंते ! पवयणं पावयणी पवयणं ? गोयमा ! अरहा ताव णियमा पावयणी ! पवयणं पुण दुवालसंगे गणिपिडगे ! तं जहा—आयारो जाव दिट्ठिवाओ । इति (श. २० उ. ८)

ભાવાર્થ—ગૌતમ સ્વામી પૂછે છે કે હે ભગવન્! પ્રવચન પ્રવચન છે કે પ્રવચની પ્રવચન છે? આ શંકાનું સમાધાન કરતાં ભગવાન કહે છે–કે હે ગૌતમ ! ગણિપિટક-કે જે આચારાંગથી માંડીને દૃષ્ટિવાદ સુધી દ્વાદશાંગ આગળ છે તે સમસ્ત પ્રવચન છે. અર્થતઃ આ પ્રવચનને પ્રકટ કરનારા શ્રી તીર્થંકર પ્રભુ પ્રવચની છે. તે ભગવતી સૂત્રમાં જ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે– (से नूणं भंते तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं ! हंता गोयमा ! तमेवं सच्चं से नूणं भंते ! एवं मणे धारेमाणे एवं पकरेमाणे आणाए आराहए भवइ ! हंता गोयमा ! तं चेव इति) આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે દરેક મોક્ષ ઇચ્છનારી વ્યક્તિને પોતાના હૃદયમાં સંપૂર્ણપણે આ વાતની ખાતરી થવી જોઇએ કે જે જીનેન્દ્ર દેવે પ્રતિપાદિત કર્યું છે તે જ વાસ્તવિક તત્વ છે તેમાં લગીરે શંકા નથી. આ જાતના દૃઢ વિશ્વાસથી તેને પોતાના મનમાં કરનાર અને તે મુજબ જ આચરણ કરનારી મોક્ષને ઇચ્છનારી વ્યક્તિ પ્રભુની આજ્ઞાની આરાધક હોય છે. આવશ્યક સૂત્રમાં પણ એ જ વાત કહેવામાં આવી છે–(इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुनं नेयाउयं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं णिज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमसंदिद्धं ! इत्थं ठिया जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिवाएंति सव्व दुःखाणमंतं करंति ।

આ કથનનો ભાવાર્થ સ્પષ્ટ છે. આમાં ખાસ કરીને સૂત્રકારે એ જ વાત સ્પષ્ટ રીતે બતાવી છે કે આ નિર્ગ્રંથ પ્રવચન માર્ગમાં સ્થિત જીવ અષ્ટ કર્મોનો વિનાશ કરીને સિદ્ધિ દશા સંપન્ન થઈ જાય છે. આ અવસ્થા મેળ- વવી એ જ જીવોના સઘળા દુઃખનો વિનાશ છે.

अन्यच्च–इम च णं सव्व जगजीवरक्खणदयट्ठयाए पावयणं भगवया सुकहीयं "इति–(प्रश्न० संवर०)

શ્રી તીર્થંકર પ્રભુનો આ પ્રવચનની પ્રરૂપણા કરવાનો એ જ ઉદ્દેશ રહ્યો છે કે બધા સંસારીજનો આ પ્રવચનના અભ્યાસથી જગતના સર્વે જીવોની રક્ષા કરે અને તેમની દયા પાળે.

ધ્યાનનું વર્ણન કરતાં ભગવાને તેના ચાર ભેદો વર્ણવ્યા છે. તેઓમાં ધર્મધ્યાનના આજ્ઞા-વિચય વગેરે ચાર ઉપભેદો સ્પષ્ટ કરવામાં આવ્યા છે તેઓમાં જે સૌ પ્રથમ આજ્ઞા વિચયનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું કારણ એ જ છે કે બાકી રહેલા ત્રણ ઉપભેદોમાં તે મુખ્ય છે. ભગવતી સૂત્ર શ. ૨૫ ઉ. ૭ માં એના માટે જોવું જોઈએ. ત્યાં આનું વર્ણન કરવામાં આવ્યું છે–**धम्मे झाणे चउव्विहे पण्णत्ते, तं जहा–आणाविचए, अवायविचए, विवाग विचए, संठाणविचए ॥**

અર્થ—ધર્મધ્યાનના ચાર પ્રકાર છે. (૧) આજ્ઞા–વિચય, (૨) અપાય વિચય, (૩) વિપાક વિચય, (૪) સંસ્થાન વિચય.

પ્રસંગવશ અહીં આજ્ઞાવિચય વિષે વર્ણન કરવામાં આવે છે. તીર્થંકર પ્રભુની આજ્ઞાનો વિચય–પર્યાલોચન–વિચાર કરવો તે આજ્ઞાવિચય છે. સર્વ- જ્ઞકથિત આગમનું નામ આજ્ઞા છે. તે આગમરૂપ આજ્ઞાનો આ રીતે વિચાર કરવો જોઈએ કે આ પ્રભુ પ્રતિપાદિત આગમ પૂર્વાપર વિરોધ રહિત હોવા બદલ વિશુદ્ધ છે, દરેક સૂક્ષ્મ અંતરિત અને દૂરાર્થના પ્રતિપાદન કરવામાં

અતીવકુશળ છે. દરેકે દરેક જીવો નો આ હીતકારી છે. અનવદ્ય છે, એમાં દરેકે દરેક જીવ વગેરે પદાર્થનું વિવેચન બહુજ સૂક્ષ્મતા પૂર્વક કરવામાં આવ્યું છે એથી આ મહાર્થ છે. આનો પ્રભાવ પણ અદ્વિતીય છે, આની છત્ર-છાયામાં આવવાથી દરેક ભવ્યજીવ આત્મકલ્યાણ વિષયક પોતાની અંતિમ લક્ષ્યની સિદ્ધિ પ્રાપ્તકરી લે છે. આમાં પ્રતિપાદિત તત્ત્વ સામાન્ય લોકો જાણી શકતા નથી. દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક નયરૂપ બે દષ્ટિઓ જેની પાસે છે. તેઓ જ આમાં પ્રતિપાદિત વિષયને સારી પેઠે સમજી શકે છે. સર્વજ્ઞ ભગવાને આમાં જે કંઈ કહ્યું છે તે બધુ આ પૂર્વોકત બંને દૃષ્ટિઓ ને પોતાની સામે રાખીને જ કહ્યું છે. જો એક-દૃષ્ટિને જ પ્રધાન સમજીને તેના તત્ત્વને જાણવાની ચેષ્ટા કરવામાં આવે તો તે પ્રતિપાદ્ય વિષય યથાવત્ સમજી શકાય જ નહિ. તેમજ આ જાતની પ્રરૂપણા અન્યથા પણ માલુમ થવા માંડે છે એથી બીજી દૃષ્ટિને પોતાની સામે રાખીને જ વિચાર કરીએ તો વિષય સરસ રીતે સમજી શકાય તેમ છે. આ પ્રયોજનથી જ આને 'નિપુણજન-વેદ્ય' કહેવામાં આવ્યો છે તેમજ આમાં જો દરેક પદાર્થને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આત્મક કહેવામાં આવ્યો છે તે પણ દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાથી જ કહેવામાં આવ્યો છે. દ્રવ્યની અપેક્ષાથી દરેક જીવ વગેરે પદાર્થ ધ્રૌવ્યરૂપ છે. અને પર્યાયની અપેક્ષાથી ઉત્પાદ વ્યયરૂપ છે. એટલા માટે પણ જિન પ્રતિપાદિત આગામરૂપ આજ્ઞા પોતે દ્રવ્ય અને પર્યાયના પ્રપંચ (વિસ્તાર) વાળી છે. અથવા તો જીવ વગેરે બધા ૬ દ્રવ્યોના ત્રિકાલ વર્તી સમસ્ત પર્યાયો આમાં પ્રતિપાદિત થયા છે, અથવા કોઈ પણ દ્રવ્ય કોઇ પણ દિવસે પર્યાય રહિત થઇ શકતું નથી. સ્વભાવ પર્યાયો અને વ્યંજન પર્યાયો, વિભાવ પર્યાયો અને અર્થ પર્યાયો દરેક ક્ષણમાં બધા દ્રવ્યોમાં થતી રહે છે. ઇત્યાદિ રૂપથી દ્રવ્ય અને પર્યાયોનું પ્રતિપાદન આ આજ્ઞામાં ભગવાને બતાવ્યું છે. આ અપેક્ષાથી પણ આ દ્રવ્ય અને પર્યાયના પ્રપંચ (વિસ્તાર) વાળી માનવામાં આવી છે. તેમજ આ અનાદિ અનંત છે. કોઇ દિવસ આજ્ઞાની આદિ થઇ નથી અને કોઈ પણ દિવસે આનો વિનાશ થશે નહિ. નંદીસૂત્રમાં પણ પ્રવચનની અનાદિ અનંતતાને લગતી (इच्चेइयं दुवालसंगं गणिपिडगं न कयाइनासी) એ જ વાત કહેવામાં આવી છે. એવો કોઈ પણ કાળ હતો નહિ કે તે કાળે આ દ્વાદશાંગ રૂપ ગણિપિટકનો સદ્ભાવ હતો નહિ. આ રીતે આ આગમની મહત્તા અથવા તો એના મહા-

ત્મ્યને લગતો વિચાર કરવો એ જ આજ્ઞા-વિચય નામક ધર્મધ્યાનનો પ્રથમ ભેદ છે. આ ધ્યાનમાં અર્હંત પ્રભુની આજ્ઞા વિષે જ વિચાર હોય છે. તેથી આ ધ્યાનમાં તેમની આજ્ઞાનો વિષય પ્રતિપાદિત થયો છે માટે આમાં ધર્મ રૂપતા સિદ્ધ છે તેમજ હિંસા વગેરે દોષોથી પણ રહિત શુદ્ધ કર્મનો બોધક હોવાને કારણે અહિંસા પ્રધાન આ પ્રવચનમાં શ્રદ્ધેયતા સિદ્ધ થાય છે.

આ પ્રમાણે પૂર્વોક્ત રીતે અર્હંત ભગવાનની અહિંસાના વિષે આજ્ઞા બતાવીને હવે આગળ સૂત્રકાર સંયમ માટે પણ તેઓશ્રીની આજ્ઞા આ રીતે જ છે. આ વાત સ્પષ્ટ કરવાને માટે સૌ પ્રથમ જ્ઞાતા-ધર્મકથાઙ્ગ સૂત્રથી આ વિષયની પુષ્ટિ કરતાં કહે છે—

" तए णं समणे भगवं महावीरे मेहंकुमारं सयमेव पव्वावेइ, जाव सयमेव आयार जाव धम्ममाइक्खइ, एवं खलु देवाणुप्पिया ! गंतव्वं चिट्ठियव्वं णिसीइयव्वं तुयट्टियव्वं भुंजियव्वं, भासियव्वं, एवं उट्ठाय उट्ठाय पाणेहिं भूयेहिं जीवेहिं सत्तेहिं संजमेण संजमियव्वं अस्सिं च णं अट्ठे णो पमाएयव्वं "

શ્રમણ ભગવાન મહાવીરે જાતે પોતાના હાથથી જ મેઘકુમારને જ્યારે ભાગવતી દીક્ષા આપી અને તેને મુનિવિષયક આચાર વગેરેને લગતો ઉપદેશ આપ્યો ત્યારે તેઓશ્રીએ તેને ઉપદેશમાં એ જ વાત સમજાવી કે હે દેવાનુ-પ્રિય ! ચાલતાં ઊભા રહેતાં, બેસતાં, સૂઇ જતાં, આહાર કરતાં અને વાતચીત કરતાં પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્વોમાં હંમેશા સંયમથી જ પ્રવૃત્તિ કરતાં રહેવું જોઇએ. મુનિની એ જ ફરજ છે કે તે દરેક શારીરિક અને વાચનિક ક્રિયા-ઓમાં સંયમિત પ્રવૃત્તિ કરે. આ રીતે પ્રવૃત્તિશીલ થઇને રહેવાથી જ મુનિઓ વડે સંયમની રક્ષા થાય છે. .આ બાબતમાં મુનિએ કોઈ પણ દિવસે પ્રમાદ કરવો જોઇએ નહિ. દશવૈકાલિક સૂત્રમાં પણ એજ વાત કહેવામાં આવી છે. (जयं चरे जयं चिट्ठे जयमासे जयंसए, जयं भुंजंतो भासंतो पावकम्मं न बंधई)

બધા સંયમી લોકોએ સંપૂર્ણપણે સાવધાન થઇનેજ ચાલવું જોઇએ અને પૂર્ણ સાવધાન થઇને જ બેસવું જોઇએ. ઉઠવા બેસવામાં તેમજ આહાર વગેરે ક્રિયા કરવામાં અને બોલવા ચાલવામાં હંમેશા તેને પોતાની યત્નાચારમય પ્રવૃત્તિ ઉપર જ લક્ષ્ય આપવું જોઇએ. આ રીતે પ્રવૃત્તિ કરવાથી તે સાધુ પાપ-કર્મનો બંધ કરતો નથી. એથી હે મેઘકુમાર ! તમે " संयमं निभृतश्चर " આ સકલ સંયમની સારી રીતે યત્નાચારમયી પ્રવૃત્તિ વડે રક્ષા કરો-આનું પાલન કરો. આ રીતે સૂત્રકારે સંયમની આરાધના વિષે પ્રભુની આજ્ઞાનું પ્રદર્શન કર્યું છે. હવે તપની આરાધના કરવામાં તેઓશ્રીની આજ્ઞા શી છે ? તે સૂત્રકાર અહીં સ્પષ્ટ કરે છે–" आयावयाही चय सोगमल्लं " (दशवैकालिक द्वितीय अध्ययन) હે મુનિ ! સુકોમળતાને ત્યજીને આતાપના સ્વીકારો. આતાપના રૂપ તપધર્મની આરાધનાથી મુનિ પોતાના શરીરને કૃશ (દુર્બળ) બનાવે અને શારીરિક સુકુમારતાનો મોહ ત્યજી દે. ઉત્તમ ક્ષમા વગેરે શ્રમણોના દશ પ્રકારના ધર્મ કહેવામાં આવ્યાં છે તેઓમાં તપનું કથન છે. એથી તપમાં ધર્મરૂપતા સિદ્ધ થાય જ છે. સૂત્રકારે સમવાયાંગ સૂત્રમાં શ્રમણના દશ પ્રકારના ધર્મનું કથન કરતાં આ પ્રમાણે જ કહ્યું છે—

" दसविहे समणधम्मे पण्णत्ते –तं जहा–खंत्ती, मुत्ती, अज्जवे, मद्दवे, लाघवे, सच्चे' संजमे, तवे चियाए बंभचेरवासे । "

આ અહિંસા વગેરે મહાવ્રતોમાં ધર્મરૂપતા એટલા માટે સિદ્ધ થાય છે કે તેઓમાં જીનેન્દ્ર પ્રભુની આજ્ઞા પ્રયોજ્ય પ્રવૃત્તિ રૂપ ધર્મના લક્ષણનો સદ્-ભાવ છે. આ રીતે ધર્મનું લક્ષણ અને તેના લક્ષ્યભૂત અહિંસા વગેરેનું કથન છે. અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગળ રૂપ છે. દશવૈકાલિક સૂત્રમાં એ જ વાત કહેવામાં આવી છે-" धम्मो मंगलमुक्किट्ठं–अहिंसा संजमो तवो । देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो " ધર્મ જ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા સંયમ અને તપ એ જ ધર્મ છે. જેનું અન્તઃકરણ આ ધર્મથી સદા યુક્ત રહે છે તેને દેવો પણ નમન કરે છે.

શંકા—અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મને જે ઉત્કૃષ્ટ મંગળ રૂપ કહેવામાં આવ્યો છે તે આજ્ઞાસિદ્ધ છે. માટે કહેવામાં આવેલ છે કે યુકિતથી સિદ્ધ છે એટલા માટે કહેવામાં આવે છે ? ભાવાર્થ–અહિંસા વગેરેમાં ઉત્કૃષ્ટ મંગળતા કયા પ્રમાણથી સિદ્ધ છે ? આગમથી કે અનુમાનથી ?

ઉત્તર—આમાં ઉત્કૃષ્ટ મંગલરૂપતા આગમ અને યુકિત બંનેથી સિદ્ધ છે. જિનેન્દ્રનાવચનો હોવાથી આમાં આજ્ઞા સિદ્ધતા છે તેમજ અનુમાનથી પ્રસિદ્ધ હોવા બદલ યુકિત સિદ્ધતા છે. " धम्मो मंगलमुक्किट्ठं " વગેરે ગાથા વડે આમાં જિનેન્દ્ર પ્રવચનરૂપ આગમતા પહેલાં બતાવવામા આવી જ છે અને અનુ-

માન પ્રસિદ્ધતા આ પ્રમાણે સમજવી જોઇએ. અનુમાનના પાંચ અંગો હોય છે–પ્રતિજ્ઞા' ૧, હેતુ ૨, દૃષ્ટાંત ૩, ઉપનય ૪, અને નિગમન ૫,

અર્હંત ભગવાનની જેમ દેવ વગેરે દ્વારા માન્ય હોવા બદલ અહિંસા, તપ અને સંયમ રૂપ ધર્મ ઉત્કૃષ્ટ–મંગલ છે.

આ અનુમાન વાકયમાં "અહિંસા, સંયમ અને તપ રૂપ ઉત્કૃષ્ટ મંગળ છે." આ પ્રતિજ્ઞા છે. "દેવ વગેરે દ્વારા માન્ય હોવાથી આ હેતુ છે. અર્હંતની જેમ" આ દૃષ્ટાંત છે પક્ષમાં હેતુને ભેવડાવવાથી ઉપનય અને પ્રતિજ્ઞાને ભેવડાવવાથી નિગમન સિદ્ધ છે. જેમકે "દેવ વગેરે દ્વારા જે જે માન્ય હોય છે તે તે ઉત્કૃષ્ટ–મંગલ હોય છે જેમ અર્હંત પ્રભુ પણ દેવ વગેરે દ્વારા માન્ય છે. આરીતે પક્ષમાં હેતુને ભેવડાવવાથી ઉપનય છે, માટે "તેઓ પણ ઉત્કૃષ્ટ મંગળ સ્વરૂપ છે" આરીતે પ્રતિજ્ઞાને ભેવડાવવા રૂપ નિગમન વાકય છે.

વસ્તુતઃ ધર્મ તેમજ અધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી અમારા જેવા છદ્મસ્થો માટે તે અતીવ પરોક્ષ છે એથી અમે ફકત તેને અનુમાન કે આગમથી સમજી શકીયે છીએ. 'ઘટ પટ' વગેરેની જેમ તેને સ્પષ્ટ પણે જોઈ શકતા નથી એથી જ તે દુર્જ્ઞેય છે. જે અનુમાન અને આગમથી ગમ્ય હોય છે તે અગ્નિ વગેરેની જેમ કોઈને કોઇને પ્રત્યક્ષ હોય છે આ એક સ્પષ્ટ સિદ્ધાંત છે. રાગ અને દ્વેષથી સંપૂર્ણ પણે રહિત એવા તીર્થંકર પ્રભુએ–કે જેઓ ત્રિકાળવર્તી બધા પદાર્થોને હસ્તામલકવત્ સ્પષ્ટ રીતે જાણે છે, ૩૫ વાણીના અતિશયથી જેઓ યુકત છે–પોતાના કેવળજ્ઞાન રૂપી આલોકથી તેને વિશદ રૂપથી જાણી લીધું છે. અમારા જેવા છદ્મસ્થોને માટે એમનાં વચનો સિવાય આ વિષયનો નિયામક બીજો કોઈ નથી. એથી અમે તેમના કહ્યા મુજબ જ ધર્મ અને અધર્મનું સ્વરૂપ જાણી શકીયે છીએ "धर्माधर्म–व्यवस्थायाः शास्त्रमेव नियामकं, तदुक्तासेवनात् धर्मस्त्वधर्मस्तद्विपर्ययात्" ધર્મ અને અધર્મના સ્વરૂપની વ્યવસ્થા કરનાર ફકત સર્વજ્ઞ ભગવાનના વચન સ્વરૂપ આગામો જ છે. એથી તેમના વડે દર્શાવવામા આવેલા માર્ગનું સેવન કરવું એજ ધર્મ અને તેથી વિરુદ્ધ માર્ગનું સેવન કરવું અધર્મ છે. ભાવાર્થ–સર્વજ્ઞ ભગવાન દ્વારા

પ્રદર્શિત માર્ગ ઉપર ચાલવાથી જ જીવો ને ધર્મની પ્રાપ્તિ થઇ શકે તેમ છે. એનાથી વિરુદ્ધ માર્ગના સેવન થી નહિ. એથી જે જીવો ધર્મનું પ્રત્યક્ષ દર્શન ઇચ્છતાહોય તેમની ફરજ છે કે તેઓ સર્વજ્ઞ ભગવાન દ્વારા કથિત માર્ગનું સેવન કરે અને તેના વિરુદ્ધ માર્ગનો ત્યાગ કરે આ જાતની પ્રવૃત્તિથી તેઓ ધર્મ અને અધર્મના સ્વરૂપને જાણનારા થઈ જાય છે. આ કથનથી શંકાકારની એ આશંકાનો અહીં પરિહાર કરવામાં આવ્યો છે કે જે તેમાં પહેલાં આ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે અહિંસા વગેરે માં જે ઉત્કૃષ્ટ મંગળ રૂપતા છે તે કયા પ્રમાણના આધારે છે ? સૂત્રકારે આગમ તેમજ અનુમાન બંને-પ્રમાણો થી તેઓમાં ઉત્કૃષ્ટ મંગળતા સિદ્ધ કરી છે. એ કથન વડે બીજી આ વાતનું પણ જ્ઞાન થાય છે કે સર્વજ્ઞ-કથિત સિદ્ધાન્તની પરીક્ષા માટે જ્યાં સુધી તર્કની શકિત કાયમ રહે બુદ્ધિમાનો ત્યાં સુધી પોતાની તર્કણાની કસોટી ઉપર કસતા રહે-પણ જ્યારે તર્કની શકિત મંદ થઈ જાય-તર્કણા શકિત કુંઠિત થઇ જાય ત્યારે તે વ્યકિત ની ફરજ છે કે તે આગળ પ્રમાણથી જ તે સિદ્ધાન્ત નું અનુસરણ કરે. પછી તે વિષયમાં જ તેને મીનમેખ કરવી જોઇએ નહિ કેમ કે સૂક્ષ્મ વગેરે પદાર્થો સર્વજ્ઞ સિવાય છદ્મસ્થોના માટે સ્પષ્ટ રૂપથી જાણી શકાય તેમ નથી. એથી એવી બાબતોમાં સર્વજ્ઞ નાં વચનો જ પ્રમાણ રૂપમાં સ્વીકારવાં જોઇએ.

ભગવાનને પોંતે જ અહિંસા, સંયમ અને તપમાં ધર્મ રૂપતા તેમજ ઉત્કૃષ્ટ મંગળરૂપ હોવાથી પ્રધાનતા બતાવી છે. અહિંસામાં જે પ્રધાન રૂપતા દર્શાવવામાં આવી છે, મુખ્યત્વે તેનું કારણ આ પ્રમાણે છે કે તે બધા ધર્મોનું મૂળ છે અને એથી તેને સૌએ સૌ પ્રથમ સ્થાન અર્પ્યું છે. જ્યારે એવી વાત છે ત્યારે આપણે વિચારવુંજોઇએ કે ભગવાન મૂર્તિપૂજાની આજ્ઞા કેવી રીતે આપી શકે તેમ છે ? કેમ કે તે પૂજા તો ષટ્કાયના જીવોની વિરાધનાથી સાધ્ય હોય છે. આ વિરાધનામાં અહિંસા ધર્મતો મુખ્યત્વે અભાવનો જ સમાવેશ થયો છે તેમ કહી શકાય છે. એટલે કે મૂર્તિપૂજામાં તે પ્રભુ પ્રતિપાદિત અહિંસા ધર્મનો સંપૂર્ણ પણે ઉચ્છેદ જ થઈ જાય છે. મૂર્તિપૂજા કરનાર પૂજારી અહિંસા ધર્મનો રક્ષક થઇ શકતો નથી અને બીજી રીતે તો તેને હિંસાનો દોષ જ ઓઢવો પડે છે. આ રીતે જ્યારે પોતે ભગવાન પોતાના કેવલજ્ઞાનથી આ

વાતને સ્પષ્ટપણે પ્રત્યક્ષરૂપમાં જાણે છે તો પછી તેઓ જ મૂર્તિપૂજા કરવાની આજ્ઞા આપે એવી માન્યતા આકાશ પુષ્પની જેમ સંપૂર્ણપણે અસત્ય જ સિદ્ધ થાય છે. આપણે પોતે પણ આ વાત સમજી શકીએ તેમ છીએ. કે જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી. અહિંસામાં જ સાચો ધર્મ છે.

આ રીતે ધર્મના લક્ષ્યભૂત અહિંસા વગેરે ને માટે અહીં સુધી વિચાર કરવામાં આવ્યો છે. હવે આગળ તેથી વિરુદ્ધ હિંસા વગેરેની બાબતમાં વિચાર કરવામાં આવે છે—

હિંસા વગેરે પાપ છે—આમાં પ્રવૃત્ત થવાની આજ્ઞા જિન ભગવાનને કોઈને પણ આપી નથી છતાં જેઓ તેમાં પ્રવૃત્તિ કરે છે તેઓ તે આજ્ઞાથી બહિર્ભૂત છે. એથી જિનાજ્ઞાની પ્રતિકૂળ પ્રવૃત્તિ હોવાથી જીવોને ધર્મ પ્રાપ્તિના સ્થાને એમનાથી અધર્મની જ પ્રાપ્તિ થાય છે. જીવોને જેનાથી અધર્મની પ્રાપ્તિ થાય છે તે પોતે અધર્મ છે હિંસા વગેરે પાપોમાં અધર્મતા હોવાને લીધે તેઓમાં ધર્મના લક્ષણનો અભાવ છે. એટલા માટે જ તેઓ ધર્મના લક્ષણથી અલક્ષ્ય થયા છે. આ ધર્મ અને અધર્મના સ્વરૂપને સમજાવવા માટે ભગવાને આવશ્યકસૂત્રમાં નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર નિક્ષેપો નું કથન કર્યું છે. તેઓમાં નામ, સ્થાપના, અને દ્રવ્યરૂપ ધર્મ નિક્ષેપને આરાધવાની ભગવાને જીવોને આજ્ઞા આપી નથી કેમ કે એમનાથી જીવોને ધર્મની પ્રાપ્તિ થતી નથી ધર્મની પ્રાપ્તિ કરાવનારો કેવળ ભાવનિક્ષેપરૂપ આવશ્યક છે. એની આરાધનાથી જ જીવોને ધર્મની પ્રાપ્તિ થાય છે એથી આમાં જ ધર્મરૂપતા બતાવવામાં આવી છે. એના સિવાયના બીજા નિક્ષેપોમાં—આવશ્યકોમાં—રાગદ્વેષ અને હિંસા વગેરે દોષોનો સદ્ભાવ હોવાથી અને મોક્ષ માર્ગના ઉપદેશ આપવામાં પ્રવૃત્ત તીર્થંકરોની એમની આરાધના કરવાની આજ્ઞાનો અભાવ હોવાથી ધર્મના લક્ષણનો સમન્વય જ થતો નથી. મુક્તિનો જે સાધક હોય છે તે જ જૈન—ધર્મ છે. આ ૩ નિક્ષેપરૂપ આવશ્યકોમાં મુક્તિની સાધકતાનો અભાવ છે માટે એઓ જૈન ધર્મના પદને સ્વપ્નમાંયે મેળવી શકે તેમ નથી.

અનુયોગદ્વારમાં એ જ વાત કહેવામાં આવી છે—

से किं तं नामावस्सयं ? नामावस्सयं जस्स णं जीवस्स अजीवस्स वा जीवाण वा

अजीवाण वा तदुभयस्स वा तदुभयाण वा आवस्सए त्ति नामं कज्जइ से तं नामावस्सयं।

से किं तं ठवणावस्सयं ? जण्णं कट्ठकम्मे वा पोत्थकम्मे वा चित्तकम्मे वा लेप्पकम्मे वा गंथिमे वा वेढिमे वा पूरिमे वा संघाइमे वा अक्खे वा वराडए वा एगो वा अणेगो वा सब्भावठवणा वा असब्भावठवणा वा आवस्सएत्ति ठवणा ठविज्जइ, सेतं ठवणावस्सयं।

ભાવાર્થ—જીવ, અજીવ અથવા તદુભય સ્વરૂપ વગેરે પદાર્થોમાં "આ આવશ્યક છે" આ રીતે નામ સંસ્કાર કરવો ને જીવ અજીવ વગેરે 'નામ આવશ્યક' છે આ નામ આવશ્યકમાં આવશ્યક ના વાસ્તવિકગુણ વગેરે કંઇ જ હોતા નથી ફક્ત લોકવ્યવહાર ના માટે જ આ જાતની ત્યાં નિક્ષેપવિધિ કરવામાં આવે છે, કાષ્ઠ, પુસ્તક, ચિત્ર અને અક્ષ–શતરંજ ની સોગઠી વગેરેમાં એક કે અનેક આવશ્યક ક્રિયા કરનાર શ્રાવક વગેરેનું તદાકાર કે અતદાકાર લેખિત ચિત્ર-સ્થાપન આવશ્યક (નિક્ષેપ) છે. આ સ્થાપના બે પ્રકારની છે. એક સદ્ભાવ સ્થાપના અને બીજી અસદ્ભાવ સ્થાપના. સદ્ભાવ સ્થાપનામાં જેની સ્થાપના કરવામાં આવે છે તેની આકૃતિ સંપૂર્ણપણે કોતરેલ હોય છે. અસદ્ભૂત સ્થાપનામાં આ જાતની આકૃતિ વગેરે રહેતી નથી ત્યાં ફક્ત સંકેત જ છે. જેમ શેતરંજની સોગઠીઓમાં આ પાયદળ છે, આ વજીર છે, આ હાથી છે વગેરે ફક્ત કોરી કલ્પના જ હોય છે તેમાં તેમની કોઇપણ જાતની આકૃતિ કોતરેલી હોતી નથી. નામ નિક્ષેપમાં જેમ ભાવ આવશ્યક શૂન્યતા રહે છે તેમજ સ્થાપનામાં પણ એ જ વાત હોય છે. કોઇ ગોવાળિયાંના પુત્રનું 'આવસ્યક' આ જાતનું નામ જેમ ભાવ આવશ્યક રહિત નામ નિક્ષેપમાં છે તે પ્રમાણે જ ભાવ આવશ્યકના સ્વરૂપથી શૂન્ય સ્થાપના નિક્ષેપમાં પણ "આ આવશ્યક છે" આ સ્થાપના નિક્ષેપ છે.

શંકા—જેમ ભાવ આવશ્યકના સ્વરૂપથી શૂન્ય ગોવાળિયાના પુત્ર વગેરેમાં "આવશ્ય" આ જાતનું નામ નિક્ષેપ રૂપ આવશ્યક છે તેમજ ભાવ આવશ્યકના સ્વરૂપથી શૂન્ય કાષ્ઠકર્મ વગેરેમાં પણ એ જ વાત છે. એથી ભાવ આવશ્યકના સ્વરૂપની શૂન્યતાની દૃષ્ટિએ આ બંનેમાં કોઈ પણ જાતનો તફાવત નથી, ત્યારે આ બંનેમાં ભેદ શો છે?

ઉત્તર—(णाम आवकहियं ठवणा इत्तरिया वा होज्जा आवकहिआ वा) શંકા યોગ્ય નથી કેમકે નામ યાવત્ કથિત હોય છે. સ્થાપના ઇત્વરિક અને યાવત્કથિત બંને પ્રકારની હોય છે. પોતાને આશ્રયભૂત દ્રવ્યનું જ્યાં સુધી સદ્ભાવ-અસ્તિત્વ રહે છે ત્યાં લગી નામ નિક્ષેપ રહે છે। ઇત્વરિક શબ્દનો અર્થ અલ્પકાલીન છે. ચિત્ર અને અક્ષ (રમવાના પાસા) વગેરેમાં એ સ્થાપના અલ્પકાળ માટે હોય છે. આ રીતે નામ અને સ્થાપનામાં ભાવ નિક્ષેપની શૂન્યતાની અપેક્ષાથી સમાનતા આવી જાય છે, છતાંયે પોતપોતાના કાળની અપેક્ષાથી તેઓમાં આ જાતનો ભેદ અન્તર માનવામાં આવ્યો છે.

શંકા—નામ નિક્ષેપમાં જે યાવત્કથિકતા બતાવવામાં આવી છે, તે ઉચિત નથી. કારણ કે નામવાળું ગોપાળદારક વગેરેના વિદ્યમાન રહેતા પણ તેમાં અનેક નામોનું પરિવર્તન થતું રહે છે. કોઈ વખતે તેનું નામ 'આવશ્યક' રાખવામાં આવે છે તો કોઇ વખત 'ઇન્દ્ર' નામ રાખવામાં આવે છે. તો પછી 'આવશ્યક' આ નામ નિક્ષેપમાં યાવત્કથિત કેવી રીતે આવી શકે છે?

ઉત્તર—શંકા ઉચિત છે. આ રીતે વિચાર કરવાથી જો કે કાળકૃત અંતર તેઓ બંનેમાં જણાતું નથી છતાંયે આ વાતની અહીં વિવક્ષા નથી. એનું કારણ આ પ્રમાણે છે કે આ નામ પરિવર્તન અલ્પ-સ્થલવર્તી હોવાથી વ્યાપ્ય છે, આ વાત બધે સ્થાને હોતી નથી કોઇક કોઇક સ્થાને જ હોય છે. અહીં

સામાન્ય કથન છે વિશેષ નહિ. સામાન્ય રૂપથી નામ યાવત્ કથિત જ હોય છે. આ વાતને સામે રાખીને જ ભગવાને તેમાં ઇત્વરિકતાનું કથન ન કરતાં ફક્ત યાવત્કથિકતાનું કથન કર્યું છે. જો નામમાં ફક્ત ઇત્વરિકતા જ માનવામાં આવશે તો આ વાત સિદ્ધાન્તની બહાર હોવાથી માનનાર માટે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા રૂપ દોષ આવશે. કેમકે શાસ્ત્રમાં ભગવાને નામ નિક્ષેપમાં ફક્ત યાવદ્-દ્રવ્ય-ભાવિતા જ બતાવી છે.

જે માણસો આ શંકાનું સમાધાન આ પ્રમાણે કરે છે કે "કાલના ભેદથી જે નામ અને સ્થાપનામાં તફાવત બતાવવામાં આવ્યો છે તે ફક્ત ઉપલક્ષણ માત્ર છે. એથી બીજા અનેક પ્રકારોથી પણ આ બંનેમાં પરસ્પર તફાવત છે આ વાત સ્પષ્ટ થાય છે. " જેથી તેમનું આ કહેવું શાસ્ત્ર-મર્યાદાથી વિપરીત છે. જેમ નામ-નિક્ષેપમાં કોઈક કોઇક ઠેકાણે ઈત્વરિકતા હોવા છતાંયે ભગવાન વડે સ્વીકૃત ન હોવાથી તે ઉપલક્ષણ રૂપથી સ્વીકારવામાં આવી નથી, તેમ સ્થાપનામાં પણ કાલકૃત ભેદ સિવાય બીજા વડે અન્તર-ભેદ-માનવામાં ઉત્સૂત્ર પ્રરૂપણ રૂપ દોષ થઇ જાય છે કારણ કે ભગવાને કાલકૃત ભેદ સિવાય સ્થાપના નિક્ષેપમાં બીજી કોઈ અન્ય દૃષ્ટિએ ભેદ-કથન કર્યું નથી. આ જાતના કથનથી " આ વાત પણ જે બીજાઓએ કહી છે કે નામ અને સ્થાપનામાં આ રીતે પણ તફાવત છે કે " જેમ અર્હંતની પ્રતિમા રૂપ સ્થાપનાને જોવા એટલે કે દર્શન કરવાથી ભાવોની જાગૃતિ થાય છે, તેમ નામ નિક્ષેપ રૂપ અર્હંતના નામને સાંભળવાથી પણ ભાવોની જાગૃતિ હોતી નથી. અથવા તો ઇન્દ્ર વગેરેની પ્રતિમા રૂપ સ્થાપનામાં જેમ લૌકિક માણસોની તે પ્રતિમાથી કંઇક માગણી કરવાની ઇચ્છા, તેની પૂજા કરવાની ભાવના અને તે પ્રતિમા વડે તેમના અભિલષિત મનોરથોની પૂર્તિ થતી દેખાય છે તેમ નામ રૂપ ઇન્દ્રમાં તેમની આ જાતની પ્રવૃત્તિ અને અભિલષિત મનોરથોની પૂર્તિ થતી જોવામાં આવતી નથી. આ પ્રમાણે બીજી પણ ઘણી બાબતો છે જે નામ અને સ્થાપનામાં અંતર કરાવે છે.

આ બધું કાલકૃત ભેદ સિવાય નામ અને સ્થાપનામાં ભેદ કલ્પનાનું કથન ઉત્સૂત્ર પ્રરૂપક હોવાથી અનંત સંસારનું જનક છે એથી ત્યાજ્ય છે. "तहारूवाणं अरहंताणं भगवंताणं नाम गोयसवणयाए महाफलं" આગમમાં જે આ સૂત્ર મળે તેનો અભિપ્રાય નામનિક્ષેપપરક નથી. એટલે કે આ સૂત્ર વડે નામ નિક્ષેપ–પુષ્ટિ થતી નથી. જો સૂત્રકારને આ સૂત્ર વડે નામ–નિક્ષેપની પુષ્ટિ કરવું ઇષ્ટ લાગતું હોત તો "अरहंताणं भगवंताणं" આ પદને સ્વતંત્ર રૂપમાં મૂકવાની કોઈ ખાસ આવશ્યકતા હતી નહિ. એથી આ વાત માની લેવી જોઇએ કે અરહંત ભગવાનના નામ ગોત્ર-શ્રવણથી મહાફળ પ્રાપ્ત હોય છે. કોઇ ગોપાળના પુત્રમાં નિક્ષિપ્ત "અરહંત" આ નામને સાંભળવાથી નહિ. તેમાં પ્રયુકત પણ તે નામના શ્રવણથી તો ફક્ત તે ગોપાળના પુત્ર રૂપ અર્થ-નો જ બોધ હોય છે. "अरहंत" આ નામ જે રૂપના સંકેતથી અરિહંત પ્રભુમાં સંકેતિત થયું છે–તે રૂપના સંકેતથી જ ગોપાળના પુત્રમાં સંકેતિત થયું નથી. લૌકિક વ્યવહાર માટે ફક્ત "અરહંત" આવું નામ પાડવામાં નામનિક્ષેપમાં જેનો નિક્ષેપ કરવામાં આવે છે તે જાતિના દ્રવ્ય, ગુણ અને કર્મ–ક્રિયા વગેરે નિમિત્તની અપેક્ષા રહે છે. આ નિમિત્તના સદ્ભાવમાં તે નામ-નિક્ષેપનો વિષય માનવામાં આવતો નથી. ભાવ નિક્ષેપનો જ તે વિષય હોય છે. એથી એ સિદ્ધ થાય છે કે અરહંત ભગવાનના જ નામ ગોત્રના શ્રવણથી જ સૂત્રકારે મહાફળ બતાવ્યું છે. જો નામનિક્ષેપથી આ ફળ મળી શકયું હોત તો પછી ભાવનિક્ષેપની આવશ્યકતા જ શી હતી? તેના શ્રવણ માત્રથી જ જીવોની આત્મિક ભાવોમાં શુદ્ધિ રૂપ મહાફળનો લાભ થવા માંડતો. તેમજ જેનું "અરિહંત" આ નામ છે તે પોતે અરિહંત પ્રભુની જેમ મહા-પવિત્ર, ૩૪ અતિશયો સહિત, ૮ પ્રતિહાર્ય વગેરે વિભૂતિઓથી સંપન્ન થઇ જાત, પણ આવું થતું નથી એથી એમ સમજી લેવું જોઇએ કે આ સૂત્રથી ભાવનિક્ષેપની જ પુષ્ટિ થાય છે–નામ નિક્ષેપની નહિ. નામ નિક્ષેપથી ભગવાન અરિહંતની સ્મૃતિ પણ કરવામાં આવતી નથી કારણ કે તે નામ–નિક્ષેપ જાતે તે જાતના ભાવોથી રહિત છે. અનુભૂત પદાર્થનું સ્મરણ થયા કરે છે જેનું

" અરિહંત " આ નામ રાખવામાં આવ્યું છે. તેને જોવાથી અરિહંત સ્મૃતિ પણ કેવી રીતે થઇ શકે તેમ છે? સ્મૃતિ તો અરિહંતની ત્યારે જ થઈ શકે કે જ્યારે તેમાં તેમની સ્મૃતિના ચિહ્નો હોય, તે પોતે આ જાતના ભાવોથી રહિત થયેલો હોય, ત્યારે તે કેવી રીતે તેમની સ્મૃતિનું કારણ થઈ શકે છે? આ વાત આપણે સ્વીકારી શકીયે તેમ છીએ કે શ્રવણ–કર્ત્તા શાસ્ત્ર વગેરેમાં અરિહંત પ્રભુના ગુણોનું વર્ણન વાંચીને ચિત્તમાં ધારણ કરીને ભલે 'અરિહંત' આ નામના શ્રવણથી તેમનું સ્મરણ કરી શકે છે. પણ ગોપાળદારક વગેરેમાં કૃત નામથી તેનું સ્મરણ થઇ શકતું નથી. તે નામ વડે તો તેમાં જ સંકેતિત તે શબ્દથી તે ગોપાળદારક રૂપ અર્થનો જ તે બોધ થશે. જો અરિહંત નામ શ્રવણથી સાંભળનારને અરિહંત પદાર્થોનું જ્ઞાન થાય છે ત્યારે તે નામનિક્ષેપનો વિષય માનવામાં આવ્યો નથી ભાવનિક્ષેપનો જ તે વિષય છે. કોઈ પણ રીતે થોડું પણ સરખાપણું હોવાથી એક પદાર્થને જોઇને તેના સરખા બીજા પદાર્થનું સ્મરણ થઈ જાય છે પણ પ્રકૃતમાં ગોપાળદારક રૂપ અરિહંત નામનિક્ષેપમાં એવું કઈ જાતનું સરખાપણું છે કે જે તે અરિહંતનું સ્મરણ કરાવી શકે? એથી નામ અને ગોત્રની સાથે સાક્ષાત્ ભગવાન અરિહંતનો સંબંધ ષષ્ઠી વિભક્તિ વડે દર્શાવનારા સૂત્રકારે આ સૂત્રમાં નામનિક્ષેપનો કોઈ પણ વિષય પ્રતિપાદિત કર્યો નથી. ભાવનિક્ષેપનો જ વિષય તેમાં બતાવ્યો છે એથી જીનનો બોધ કરાવનાર જીન " અરિહંત " વગેરે નામ શ્રવણથી મહાફળ પ્રાપ્ત હોય છે આમ સમજવું જોઇએ.

આ પ્રમાણે સ્થાપના નિક્ષેપ પણ ભાવ રૂપ અર્થથી રહિત છે. કારણ કે આનો તેની સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી. ભાવજીનની અવસ્થાની આકૃતિ પથ્થર વગેરેની મૂર્તિમાં " આ તેઓ જ છે " આ જાતની કલ્પના કરવાનું નામ સ્થાપના છે. તીર્થંકરની પ્રકૃતિના ઉદયથી સમવસરણ વગેરે વિભૂતિ સહિત આત્માનું નામ ભાવજીન છે. આ ભાવજીનના શરીરની જે આકૃતિ છે તેના વિષે આપણે પણ વિચાર કરીયે કે પથ્થર વગેરેની પ્રતિમામાં તેનો સંબંધ કેવી રીતે આવી શકે છે? કેમકે તે આકૃતિનો સંબંધ આશ્રય આશ્રયી ભાવથી તે જીન જે કાળમાં હતા તે કાળમાં જ તેમની સાથે હતો. તેમની ગેરહાજરીમાં પથ્થર વગેરેમાં આ જાતનો આશ્રય–આશ્રયી ભાવ સંબંધ માન્ય રાખવો કેવી રીતે યોગ્ય કહી શકાય તેમ છે? ભાવજીનના સદ્ભાવમાં જેમ તેમના સાક્ષાત દર્શનથી પ્રાણીઓમાં એક જાતનો ભાવોલ્લાસ ઉદ્ભવે

છે, તેમ ભકિતના આવેશથી પણ તેમની એ આકૃતિનું તે સમયે સ્મરણ કરનાર પ્રાણીને તે જાતના ભાવોલ્લાસની અનુભૂતિ થઇ શકે છે, આનો નિષેધ નથી, કેમકે સ્મૃતિમાં તે આકૃતિના આધારભૂત જીન પરમાત્મા તે કાળમાં જાતે વિદ્યમાન છે. તેમના અભાવમાં તેમને નહિ જોનારા પ્રાણીઓને પણ તેમની તે પ્રતિમાથી તે પ્રમાણેનો જ ભાવોલ્લાસ થાય છે, આ માન્યતા ફક્ત એક કોરી કલ્પના જ છે, વાસ્તવિક નથી. એના સમાધાન માટે જે આમ કહેવામાં આવે છે કે તે પથ્થરની પ્રતિમામાં જીન ભગવાનના આત્માનું મંત્રો વગેરેથી આવાહન કરવામાં આવે છે, એથી તે પ્રતિમાનાં દર્શનથી પ્રત્યક્ષ ભાવજીન-નાં જ દર્શન થાય છે, તો આ માન્યતા સાવ અસત્ય છે, કારણ કે મોક્ષમાં પ્રાપ્ત આત્માઓનું પથ્થર વગેરે પ્રતિમાઓમાં પોતાની માન્યતા સિદ્ધ કરવા માટે આહ્વાહન વગેરે માનવું તે તો જીન સિધ્ધાંતથી સાવ વિરૂધ્ધ છે. મોક્ષ પ્રાપ્ત આત્માઓ કોઈ પણ સ્થાને અને કોઇ પણ કાળે આવાહન કરવાથી આવતા નથી, એવી જીન શાસનની આજ્ઞા છે. આ રીતે તે પથ્થર વગેરેની પ્રતિમામાં તે આત્માઓનું આવાહન હોવાથી આવવું માની લઇએ તો પછી તે પ્રતિ-માને સજીવ માનવામાં શો વાંધો છે? એટલા માટે આપણે આ વાત સ્વીકા-રવી જ જોઇએ કે ભાવજીનના અભાવમાં તે પ્રતિમા ભાવજીન અને તેમના ગુણોનું સ્મરણ કરાવવામાં સંપૂર્ણપણે સમર્થ જ છે. જ્યારે આ સિધ્ધાન્ત નિશ્ચિત રૂપે માન્ય થયેલો છે ત્યારે તેનું પૂજન વગેરે કરાવવાથી જે લોકો સમકિતની પ્રાપ્તિ થવી માને છે તેમની તો વિધવા જેવી દશા છે કે જે પોતાના પતિની છબી કે મૂર્તિના દર્શન અને સહવાસ વગેરેથી સંતાન મેળવવાની ઇચ્છા કરતી હોય! એટલા માટે કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યકની જેમ આ પ્રતિમા પૂજન વગેરે કાર્ય કરનાર તેમજ કરાવનાર બંને માણસો મિથ્યાત્વ રૂપ દૃષ્ટિનાં જ પાત્ર છે, સમ્યકત્વનાં નથી.

દ્રવ્ય નિક્ષેપ રૂપ આવશ્યક આગમ તેમજ નોઆગમના ભેદથી બે પ્રકારે છે. તેમાં જે પ્રાણી, આવશ્યક શાસ્ત્ર શિક્ષિત વગેરે ગુણોથી યુકત છે તે પ્રાણી તે આવશ્યક શાસ્ત્રમાં શિષ્યોને ભણાવવા રૂપ વાચનાથી, ગુરૂ–પ્રતિ તદ્

વિષયક પ્રશ્ન લક્ષણુ રૂપ પૃચ્છનાથી, વારંવાર સૂત્ર અને અર્થના અભ્યાસ રૂપ પરાવર્તનથી તથા ધર્મકથાથી વર્તમાન હોવા છતાંયે અનુપયુક્ત અવસ્થા સંપન્ન હોવાથી આગમની અપેક્ષા દ્રવ્ય આવશ્યક છે, અનુપયોગનુ નામ જ દ્રવ્ય છે.

ભાવાર્થ—" भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके तद् द्रव्यम् " આ દ્રવ્ય નિક્ષેપનું લક્ષણુ છે. ભૂત–પર્યાય કે ભવિષ્યત પર્યાયનો જે કારણુ આધાર હોય છે, તે દ્રવ્ય છે. જેમ કોઈ રાજાના યુવરાજને રાજા કહી દેવામાં આવે છે. જો કે તે વર્તમાનમાં રાજા રૂપ પર્યાયથી યુકત નથી. આગળ તેને રાજ પર્યાય પ્રાપ્ત થશે, છતાંયે તેને વ્યવહારમાં લોકો રાજા કહે છે. આ ભવિષ્યત પર્યાયની અપેક્ષા દ્રવ્ય નિક્ષેપનો વિષય છે. જે પહેલાં રાજા હતો–પણુ કોઈ કારણુસર રાજગાદિનો તે પરિત્યાગ કરી દે છે, ત્યારે પણુ લોકો તેને રાજા કહે છે. અહીં તે રાજામાં જો કે વર્તમાન સમયમાં રાજ પર્યાયથી યુકતતા નથી છતાંયે ભૂતકાળની અપેક્ષાથી તેને રાજા કહેવામાં આવે છે. આ ભૂતકાળની અપેક્ષાથી તેને રાજા કહેવામાં આવે છે. આ ભૂતકાળની અપેક્ષાથી રાજપર્યાયનો આધાર હોવા બદલ દ્રવ્ય નિક્ષેપનો વિષય છે. પ્રકૃતમાં આ નિક્ષેપની આયો. જના એ રીતે હોય છે કે વર્તમાનમાં જે આવશ્યક શાસ્ત્રનો જ્ઞાતા નથી, ભવિષ્યકાળમાં તે શાસ્ત્રનો જ્ઞાતા થશે તેને તેમજ જે ભૂતકાળમાં તે શાસ્ત્રનો જ્ઞાતા હતો, હમણાં વર્તમાનકાળમાં તેનો જ્ઞાતા નથી તેને, ' આવશ્યક ' આ રીતે જાણુવું કે કહેવું આ દ્રવ્યનિક્ષેપની અપેક્ષાએ આવશ્યક છે. એના મૂળ રૂપે બે ભેદો છે–૧ આગમ દ્રવ્ય નિક્ષેપ અને બીજો નોઆગમ દ્રવ્ય નિક્ષેપ. આવશ્યક શાસ્ત્ર વગેરેનો જે જ્ઞાતા હોય, જે શિષ્યોને ભણાવતો હોય, તદ્. વિષયક ગુરૂ વગેરેની પાસે જઇને જે તાત્વિક ચર્ચા વગેરે પણુ કરતો હોય, આ રીતે વાચના, પ્રચ્છના, પર્યટના, અનુપ્રેક્ષા અને ધર્મોપદેશ રૂપ પાંચે જાતના સ્વાધ્યાયથી જે તેની પર્યાલોચના કરી રહ્યો છે, પણુ તેમાં તેનો ઉપ-યોગ નથી, અનુપયુકત છે, તે આગમની અપેક્ષાદ્રવ્ય ' આવશ્યક ' છે. એમાં આવશ્યક શબ્દના અર્થનું જ્ઞાન જ આગમ રૂપથી વિવક્ષિત છે. એથી આવશ્યક શાસ્ત્રના જ્ઞાતા હોવા છતાંયે તેમાં અનુપયુકત આત્મા આગમની અપેક્ષા દ્રવ્ય આવશ્યક છે, આ વાંત સિદ્ધ થઇ છે.

નોઆગમની અપેક્ષા દ્રવ્ય આવશ્યક એ પ્રમાણે છે કે જયાં આગમનો સંપૂર્ણપણે અભાવ કે આગમના એક દેશનો અભાવ વિવક્ષિત હોય છે તે નો

આગમની અપેક્ષાથી દ્રવ્ય આવશ્યક માનવામાં આવ્યો છે "નોઆગમ" માં નો શબ્દ આગમના સંપૂર્ણપણે અભાવનો કે તેના એક દેશના અભાવનો બોધક છે, તેના જ્ઞશરીર દ્રવ્યાવશ્યક, ભવ્યશરીર દ્રવ્યાવશ્યક અને તદ્વ્યતિરિકત દ્રવ્યાવશ્યક આ પ્રમાણે ત્રણ ભેદો છે. આવશ્યક શાસ્ત્રનો જે પહેલાં (ભૂતકાળમાં) જ્ઞાતા હતો તેમજ બીજાઓ માટે આ શાસ્ત્રનો ઉપદેશ વગેરે પણ જેણે પહેલાં આપ્યો છે એવા જીવનું અચેતન શરીર જ્ઞ શરીર દ્રવ્યાવશ્યક છે. જે જીવ અત્યારે આવશ્યક શાસ્ત્રનો જ્ઞાતા નથી, ભવિષ્યકાળમાં તેનો જ્ઞાતા થશે તેનું તે સચેતન શરીર ભવિષ્યકાળમાં આવશ્યક શાસ્ત્રના જ્ઞાનનો આધાર હોવાને કારણે ભવ્ય શરીર દ્રવ્યાવશ્યક છે. તદ્વ્યતિરિકત દ્રવ્યાવશ્યક લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર એમ ત્રણ પ્રકારનો છે. લૌકિક માણસો વડે આચરિત આવશ્યક કર્મ લૌકિક દ્રવ્ય આવશ્યક છે. જેમ રાજસભામાં જનારા રાજા, યુવરાજ, તલવર (કોટ્ટપાલ) વગેરે લોકો સવારે ઉઠીને રાજ-સભામાં જવા માટે પ્રથમ પ્રાભાતિક વિધિયોથી પરવારે છે, મુખ ધુએ છે, દાંત સાફ કરે છે, સ્નાન કરે છે, સુગંધિત તેલ લગાવે છે, વગેરે આવશ્યક કાર્યો કરે છે. ત્યારપછી રાજસભામાં અથવા તો દેવકુળમાં જાય છે. તેમનું મુખ ધોવું વગેરે કામ લૌકિક-દ્રવ્ય આવશ્યક છે. ચરક, ચીરિક વગેરે પાખંડીઓ વડે જે ઇન્દ્ર, સ્કન્દ, રૂદ્ર, શિવ, વૈશ્રવણ દેવ, નાગ અને યક્ષો વગેરેની મૂર્તિઓનું ચંદનથી અભિષેક કરાવ્યા બાદ વસ્ત્રથી મૂર્તિના પાણીને લૂંછવું, મંદિરમાં કે તે મૂર્તિઓ ઉપર ગુલાબજળનું સિંચન વગેરે કરવું આ બધું કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક છે. આ પ્રમાણે નામ, સ્થાપના અને દ્રવ્યના ભેદથી આ

આવશ્યક ત્રણ પ્રકારનું હોય છે. કોઈ ગોપાળના પુત્રનો ' આવશ્યક ' આ રીતે કરેલો સંસ્કાર નામ આવશ્યક છે. આવશ્યક ક્રિયાઓથી યુક્ત કોઈ વ્યકિતની કાષ્ઠ વગેરેમાં તદાકાર રૂપથી કે અતદાકાર રૂપથી પ્રતિકૃતિની કલ્પના કરવી કે પ્રતિકૃતિનું નિર્માણ કરવું તે સ્થાપના આવશ્યક છે. આવશ્યકમાં ઉપયોગથી રહિત પ્રાણીની જે કંઇપણ આગમ અને નો આગમની અપેક્ષાથી ક્રિયાઓ છે તે બધી દ્રવ્ય આવશ્યક છે. આ ત્રણે આવશ્યકોમાં ઉપયોગ ભાવ રૂપ આવશ્યકના અભાવથી તેમજ ચારિત્રગુણ તદનુકુળ પ્રવૃત્તિના આચરણ વગર થઈ જવાથી કર્મોની નિર્જરા કરાવવામાં સાધકપણું નથી. તેથી જીનેન્દ્ર દેવે તેમના આરાધનની આજ્ઞા આપી નથી. ધર્મની આરાધના કરવાની જ તેઓ-શ્રીએ આજ્ઞા આપી છે. કેમકે ધર્મ જ કર્મોની નિર્જરા કરાવવામાં સાધક છે. આ ત્રણેમાં કર્મોની નિર્જરા કરાવવાનો અભાવ હોવાને કારણે ધર્મસ્વરૂપતા નથી. એ ધર્મપદ વાચ્ય પણ નથી. તેથી આ ત્રણે ધર્મના લક્ષણથી રહિત હોવાને કારણે તેના અલક્ષ્ય છે એમ સમજવું જોઇએ. સામાયિક વગેરે લોકો-ત્તર દ્રવ્ય આવશ્યક છે. પ્રવચન શાસ્ત્રમાં એમનાં આચરણનું વિધાન વિહિત છે, છતાંયે એને જે ધર્મના અલક્ષ્ય રૂપમાં બતાવવામાં આવ્યો છે. તેની મત-લબ એ છે કે જ્યારે તે જીનદેવની આજ્ઞાથી બહિર્ભૂત બનેલા સ્વેચ્છાચારી, મૂળગુણ તેમજ ઉત્તર ગુણોથી રહિત અને ષટકાય જીવોની રક્ષા કરવામાં અસાવધાન માણસો વડે અનુપયોગ પૂર્વક આચરવામાં આવે ત્યારે તે દ્રવ્ય આવશ્યક રૂપમાં કહેવાય છે. એથી તે ધર્મપદ વાચ્ય નથી. એટલે કે ધર્મ રૂપ નથી. જ્યાં ધર્મરૂપતા નથી ત્યાં કર્મોની નિર્જરા કારકતા પણ નથી. આ સર્વમાન્ય સિદ્ધાન્ત છે. ભગવાને જે આ અવસ્થામાં એમને વિધેય કહ્યા નથી તેનું કારણ પણ એ જ છે. એટલા માટે જેમ નામ આવશ્યક, સ્થાપના આવશ્યક અને દ્રવ્ય આવશ્યક આ ત્રણ નિક્ષેપોને આરાધ્ય રૂપથી તીર્થંકર પ્રભુએ અવિધેય કહ્યા છે, તેમજ નામ જિન, સ્થાપના જિન તેમજ દ્રવ્યજિન પણ આરાધ્ય નથી. એમની આરાધના કરવામાં જે ધર્મની પ્રાપ્તિ થવી બતાવવામાં આવે છે કે માનવામાં આવે છે, તેમને જિન ભગવાનની

આજ્ઞાથી બહિર્ભૂત જ સમજવા જોઇએ. આ નિક્ષેપોની કે સ્થાપના નિક્ષેપોની આરાધના કરવાથી આરાધક જીવોને ધર્મનો લાભ થતો હોય ત્યારે તો તેઓ તેમની આરાધના કરવા માટે ભવ્ય જીવોને ચોક્કસ ઉપદેશ આપતા. આ રીતે પોતાના મનથી જ કલ્પના કરીને તેમની પૂજા વગેરે કરવામાં ષટ્કાય જીવોની કેટલી બધી વિરાધના હોય છે. તે જાતે જ અનુભવવા જેવી વાત છે. એટલા માટે જ્યાં આરંભ છે ત્યાં ધર્મ તો નથી જ, અને જ્યાં ધર્મ નથી તેની આરાધનાથી કર્મોની નિર્જરા પણ થઈ શકે તેમ નથી. આ રીતે નામ, સ્થાપના અને દ્રવ્ય જિન વગેરે ત્રણ નિક્ષેપો પણ ધર્મના લક્ષણથી રહિત હોવા બદલ તેને અલક્ષ્ય માનવામાં આવ્યા છે. જ્યારે સ્થાપના જિન જ તેના માટે અલક્ષ્યરૂપ છે, ત્યારે જિનની પ્રતિમા બનાવીને તેની પૂજા વગેરે કાર્યો પણ ધર્મલક્ષણથી રહિત હોવાથી તે પણ તેના માટે અલક્ષ્યરૂપ છે, આવી ચોક્કસ ખાત્રી થઇ જાય છે. ભગવાને આ જાતની આજ્ઞા શાસ્ત્રમાં કોઈ પણ સ્થાને કરી નથી "**मोक्षकामो जिनप्रतिमां पूजयेत्**" કે મોક્ષની ઈચ્છા રાખનારો પ્રાણી જિન પ્રતિમાનું પૂજન કરે. ધર્મની આરાધના કરવાની જ તેઓશ્રીએ આગમમાં આજ્ઞા કરી છે. જેમ આવશ્યક, દર્શન અને જ્ઞાનની આરાધના દરેકે દરેક મોક્ષ ઇચ્છનારા ભવ્ય જનને કરવી ઘટે છે. જેમ આવશ્યક વગેરેની આરાધના કરવા વિષેનો ઉલ્લેખ આગમોમાં મળે છે, તેમજ જેમ તેમણે અહિંસા, સંયમ, તપ અને સંવર વગેરેની વિધિ શાસ્ત્રોમાં બતાવી છે તેમ તેમણે કોઇ પણ સ્થાને પ્રતિમા પૂજનની આજ્ઞા કરી નથી અને તેની વિધિ પણ બતાવી નથી. પ્રતિમા પૂજાને કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યકના લક્ષણથી યુક્ત હોવા બદલ જૈન આગમોથી વિરૂદ્ધ જ બતાવવામાં આવી છે. કુપ્રાવચનીઓ વડે માન્ય ઇન્દ્ર વગેરેના પૂજનને ભગવાને આગમની અપેક્ષાએ દ્રવ્ય આવશ્યકના ઉદાહરણ રૂપમાં બતાવ્યું છે. એથી આ વાત સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે તેમણે બીજી પણ બધી પ્રતિમા પૂજાને પણ આ કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યકની જેમ દ્રવ્ય આવશ્યકમાં જ સ્થાન આપ્યું છે. પ્રવચનમાં કુત્સિતતા, કુશાસ્ત્રતા, હિંસા વગેરે સાધ્ય પૂજા વગેરે કાર્યોની પુષ્ટિ કરવાથી જ સંભવે છે. બીજા ચરક

ચીરિક વગેરે બધા પ્રવચનોમાં એ જ હિંસા વગેરે કર્મોને કરવાનું વિધાન સ્પષ્ટ રૂપ જોવામાં આવે છે. એથી આ બધા કુપ્રાવચનિક માનવામાં આવે છે. એમના વડે પ્રદર્શિત ઇન્દ્ર વગેરેનું પૂજન પણ આ કારણને લીધે જ કુપ્રાવચનિક કહેવાય છે. જૈન શાસ્ત્રોમાં પ્રતિમા પૂજનના નિષેધનો સ્પષ્ટપણે જે ઉલ્લેખ જોવામાં આવતો નથી, તેનું કારણ પણ એ છે કે જ્યારે પ્રભુએ ઇન્દ્ર વગેરેના પૂજનને કુપ્રાવચનિક રૂપ માનીને નિષેધ કર્યો ત્યારે તેમની સામે અર્હંતની પ્રતિમાના પૂજનની વાત જ ન હતી, નહિતર તેઓશ્રી એ તેનો પણ સ્વતંત્ર રૂપથી નિષેધ કર્યો હોત. બીજી વાત એ છે કે પ્રતિમા પૂજનનું કાર્ય હિંસામય છે, ભગવાને ધર્મના માટે પણ હિંસા કરવાની આજ્ઞા કરી નથી. એટલા માટે જ્યારે વીતરાગ શાસ્ત્રમાં હિંસા વિષેનું વિધાન જ નથી ત્યારે આનું વિધાન પણ તેઓ કેવી રીતે કરે પ્રતિષેધ વાકય ત્યારે જ સાર્થક ગણાય છે જ્યારે પ્રતિષેધ્યરૂપ પદાર્થ કોઇ પણ રૂપથી પ્રસકત હોય છે. આ પ્રતિમા પૂજનરૂપ કાર્ય માટે ન તો લૌકિક દ્રવ્ય આવશ્યક છે અને ન તો લોકોત્તર દ્રવ્ય આવશ્યક છે.

શંકાઃ—પ્રતિમા પૂજન લૌકિક દ્રવ્ય આવશ્યક નથી. તમારી આ વાત તો ઉચિત છે. કેમ કે આ લૌકિક દ્રવ્ય આવશ્યકોથી સંપૂર્ણપણે ભિન્ન છે. પણ એને લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક માનવામાં તમને શો વાંધો છે? કેમકે પ્રભુ જાતે લોકોત્તર દેવ મનાય છે. ત્યારે તેમનું પૂજન પણ લોકોત્તરિક જ માનવું જોઇએ?

ઉત્તર—પ્રવચનમાં ભગવાને જે સામાયિક વગેરે છ જાતના આવશ્યકોનું વર્ણન કર્યું છે તેઓ જ્યારે જિન-આજ્ઞા બાહ્ય સ્વચ્છંદ વિહારી અને ષટ્કાયની વિરાધના કરવામાં નિરત અનુપયુકત પુરુષો વડે આચરવામાં આવે છે. લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક રૂપથી પ્રતિપાદિત કરવામાં આવે છે. આ છ જાતના આવશ્યકોમાં પ્રતિમા પૂજનનો કોઇ અધિકાર જ નથી. એટલા માટે લોકોત્તરિક આવશ્યક કેવી રીતે માની શકાય?

ભાવાર્થઃ—શંકાકારે પ્રતિમા પૂજનને લોકોત્તરિક આવશ્યક માનીને દ્રવ્ય આવશ્યકમાં તેનો સમાવેશ કરવાની જે ઈચ્છા બતાવી છે. તેની તે શંકાનું સમાધાન કરતાં સૂત્રકારે આ પ્રમાણે કહ્યું છે કે, જિન આજ્ઞા બાહ્ય અને સામાયિક વગેરેમાં અનુપયુક્ત પુરુષો વડે કરવામાં આવેલા સામાયિક વગેરે છ જાતના આવશ્યક કાર્યો જ લોકોત્તરિક દ્રવ્ય આવશ્યકમાં પરિગણિત કરવામાં આવ્યાં છે. એનાથી પ્રતિમા પૂજાનો કોઇ સંબંધ જ નથી. પ્રતિમા પૂજા ષટ્વિધ આવશ્યક કાર્યોમાં પરિગણિત જ થઈ નથી. એટલા માટે ત્યાં તેનો કોઈ પણ રીતે સંબંધ નહિ હોવાથી લોકોત્તરિક દ્રવ્ય આવશ્યકમાં તેની ગણના થઈ શકે તેમ નથી. એથી ફક્ત દ્રવ્ય આવશ્યકમાં જ થયો છે આમ માની લેવું જોઈએ.

શંકાઃ—કુપ્રવચનમાં ઈન્દ્ર વગેરેની પૂજા કરવાના વિધાનની જેમ પ્રતિમા પૂજાનું વિધાન તો મળતું નથી, ત્યારે તમે એને કુપ્રવાચનિકમાં કેવી રીતે સમાવિષ્ટ કરી શકો ?

ઉત્તરઃ—જો કે કુપ્રવચનમાં પ્રતિમા પૂજનનું વિધાન સ્વતંત્ર રૂપમાં કરવામાં આવ્યું નથી છતાંય માનવીના મનોરથોને પૂર્ણ કરનારા—માણસના મૃત નિર્જીવ શરીરની પૂજાની જેમજ પ્રતિમાની કરવામાં આવેલી પૂજા પણ કુપ્રાવચનિકી છે. આમ અમે અનુમાનથી કહી શકીએ છીએ. તે કુપ્રવચનમાં પૂજાના આધારનો નિર્ણય કરતી વખતે સામાન્ય રૂપથી પૂજાના આધારભૂત જેટલા પ્રતિમા ચિત્ર વગેરે પૂજ્ય છે તેઓ સર્વેનું ગ્રહણ થયું છે.

આ રીતે પ્રતિમાની સર્વ પૂજાનો આધાર પ્રતિમા અને ચિત્ર વગેરે છે. એટલા માટે તે કુપ્રાવચનિક છે આમ અમે કહી શકીએ છીએ. આ કથનથી એ વ્યાપ્તિસિદ્ધ થાય છે કે ઇન્દ્ર વગેરેના પૂજનની જેમ પ્રતિમાઓમાં જે જે પૂજાઓ કરવામાં આવે છે તેઓ સર્વે કુપ્રાવચનિકી છે. એટલા માટે જિન પૂજા પણ પ્રતિમામાં આવતી હોવાથી આગમની અપેક્ષાથી કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યક છે અને એથી તે ધર્મપદવાચ્ય નથી. આ વાત સ્પષ્ટપણે સિદ્ધ થઈ જાય છે. આમાં અનુમાનપ્રયોગ આ પ્રમાણે કહી શકાય તેમ છે.

" जिनपूजनं नो आगमतो कुप्रावचनिकं द्रव्यावश्यकं प्रतिमायां क्रियमाणत्वात् इन्द्रादिपूजनवत् "

એટલા માટે આ પૂર્વોકત કથનથી આ વાત સ્પષ્ટ થાય છે કે તે પ્રતિમા પૂજન કાર્ય, લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક પણ નથી. જો તે લોકોત્તરિક દ્રવ્ય આવશ્યકરૂપે પણ પ્રસક્ત હોત તો ભગવાન તેનો ચોક્કસ પ્રતિષેધ કરત.

'अथ भावावश्यकमुच्यते':—હવે આવશ્યક શું છે એનું સ્પષ્ટીકરણ સૂત્રકાર કરે છે-વર્તમાન સમયમાં તે વિવક્ષિત રૂપ પર્યાયથી યુકત દ્રવ્યનું નામ ભાવ છે. જો કે ભાવ વર્તમાન ક્રિયારૂપ માનવામાં આવ્યો છે, છતાંય અહીં તે ક્રિયાથી યુક્ત દ્રવ્યને જ ભાવ બતાવ્યો છે તેનું કારણ દ્રવ્ય અને પર્યાયનો અભેદ સંબંધ છે. ભાવ ભગવાન દ્રવ્ય વગર રહી શકતો નથી ભાવ દ્રવ્યની એક પર્યાય છે, તે નિરાશ્રય હોતીજ નથી. એથી જે દ્રવ્યના આશ્રયે તે રહેશે તેઓ બંનેમાં અભેદોપચારથી તે પર્યાયથી ઉપલક્ષિત તે દ્રવ્યને જ ભાવ કહી દીધો છે. જેમ ઐશ્વર્ય ઇંદન (દેદીપ્યમાન થવું) ક્રિયાના અનુભવથી ઉપલક્ષિત શચીપતિ ભાવ ઇન્દ્ર કહેવાય છે તેમજ જે આવશ્યકરૂપ ક્રિયાના અનુભવથી યુક્ત છે તે આત્મા ભાવાવશ્યક કહેવાય છે. ભાવરૂપ જે આવશ્યક છે તે અથવા ભાવને આશ્રય કરીને જે આવશ્યક છે તે ભાવાવશ્યક છે.

આ ભાવ આવશ્યક પણ બે પ્રકારનો છે-૧, આગમનની અપેક્ષા ભાવ આવશ્યક અને ૨, નો આગમનની અપેક્ષા ભાવ આવશ્યક એમનામાં "ज्ञायकः उपयुक्तः आगमतो भावावश्यकं" જ્ઞાયક ઉપયુક્ત આત્મા આગમની અપેક્ષાથી ભાવ આવશ્યક માનવામાં આવ્યો છે. આવશ્યકરૂપ પદાર્થનો જે જ્ઞાતા છે તેનું નામ જ્ઞાયક છે. આવશ્યકરૂપ પદાર્થના જ્ઞાનથી જનિત સંવેગવડે વિશુદ્ધિ પામેલા પરિણામોનું નામ ઉપયોગ છે. આ ઉપયોગથી વિશિષ્ટ જે સાધુ વગેરે લોકો છે તેઓ આગમની અપેક્ષાથી ભાવ આવશ્યક છે. કેમકે તેઓમાં આવ-

શ્યકરૂપ પદાર્થના જ્ઞાનરૂપ આગમનો સદ્ભાવ મળે છે. એટલા માટે સાધુ વગેરે લોકોમાં આગમની અપેક્ષાથી આવશ્યકતા અને આ આવશ્યકતાના અર્થ જ્ઞાનથી જનિત ઉપયોગરૂપ પરિણામોની વિશિષ્ટતા હોવાથી ભાવરૂપતા આવે છે. એટલા માટે " ભાવને આશ્રિત કરીને જે આવશ્યક છે તે ભાવ આવશ્યક છે. " આ કથનસુસંગત થઈ પડે છે.

ભાવાર્થ:—" આવશ્યક " આ પદના અર્થ જ્ઞાનથી વિશિષ્ટ તેમજ તદનુકૂળ ઉપયોગ પરિણુતિ સંપન્ન આત્મા જ આગમની અપેક્ષાએ ભાવ આવશ્યક સાધુ વગેરે છે, કેમકે એ લોકો જ આ જાતની પરિણુતિવાળા હોય છે. એથી શ્રુતધર્મના અંતર્ગત હોવા બદલ આ ભાવાવશ્યક જ ધર્મપદવાચ્ય કહેવામાં આવ્યો છે અને આ જાતના ધર્મની આરાધના કરવાની ભગવાને પણ આજ્ઞા કરી છે.

નો આગમની અપેક્ષાએ ભાવ આવશ્યકના ત્રણ પ્રકારો છે:–(૧) લૌકિક (૨) કુપ્રાવચનિક (૩) અને લોકોત્તરિક પૂર્વાહ્નમાં ભારતનું વાંચન અથવા શ્રવણ, અપરાહ્નમાં રામાયણનું વાચન કે શ્રવણ આ બધું લૌકિક ભાવ આવશ્યક છે. લોકમાં ભારતનું વાંચન અથવા તો શ્રવણ પૂર્વાહ્નમાં જ કરવામાં આવે છે. રામાયણનું વાંચન અને શ્રવણ અપરાહ્નમાં જ થતું જોવામાં આવે છે. એથી વિરુદ્ધ આચરણ કરવાથી માણસ ઘણી જાતના દોષોને પાત્ર થઇ પડે છે. આ પ્રમાણે ભારત વગેરે ગ્રંથોનું વાંચન વગેરે કાર્ય નિયમિત સમયમાં આવશ્યક કરવા યોગ્ય હોવા બદલ આવશ્યક રૂપમાં માનવામાં આવે છે. એથી આમાં આ રીતે આવશ્યકપણું આવી જાય છે. તેમજ એમનું વાંચન કરનારાઓમાં તેમના તરફ ઉપયોગાત્મક પરિણામના સદ્ભાવથી ભાવરૂપતા આવે છે. કેમકે જ્યાંસુધી તેમનું વાંચન કરનારાઓમાં તેમના અર્થ પ્રત્યે ઉપયોગાત્મક પરિણામની જાગૃતિ થશે નહિ, ત્યાં સુધી તેઓ તે પુસ્તકના પત્રો વગેરેના પરાવર્તન કરવારૂપ ક્રિયા અને શ્રોતાઓના માટે અનેક જાતના અર્થની સંગતિ બેસાડવા માટે હાથ વગેરેના હલનચલનરૂપ અભિનય ક્રિયા ઉપયોગ જ કેવી રીતે કરી શકે,

પણ તે વખતે આ જાતની આ બધી ક્રિયાઓ તેઓમાં પ્રત્યક્ષરૂપે જોવામાં આવે છે આ રીતે શ્રોતાઓ પણ તલ્લીન થઇને સાંભળવા માંડે છે. યોગ્ય સમયે તેઓ હાથ જોડવારૂપ ક્રિયાઓ પણ કરે છે. આ જાતની ક્રિયાઓથી યુક્ત હોવા બદલ તે વાંચનારા તેમજ સાંભળનારાઓમાં નો આગમતા પણ છે. કેમકે "किरिया आगमो न होइ" ક્રિયા આગમ માનવામાં આવતી નથી આ સિદ્ધાન્તનું કથન છે. "नो आगम" માં નો શબ્દ આગમના એક દેશનો વાચક છે. એટલા માટે ક્રિયારૂપ એકદેશમાં આગમનો સંપૂર્ણપણે અભાવ હોવાથી તેમાં આગમની એકદેશતા માનવામાં આવે છે. ભારત વગેરે ગ્રંથોમાં આગમતાનું કથન લોકની અપેક્ષાથી જ કરવામાં આવ્યું છે કેમકે લોકમાં બીજા વ્યવહારી લોકો પણ એમાં આગમતારૂપ વ્યવહાર કરતાં જોવાય છે. આ રીતે પૂર્વાહ્ન કે અપરાહ્નમાં કોઇ પણ નિર્દિષ્ટ સમયમાં ભારત વગેરે ગ્રંથો નો જ્ઞાતા તેઓમાં ઉપયુક્ત થઇને જે તેમનું વાંચન વગેરે કાર્ય કરે છે અથવા તો જે શ્રોતાઓ ઉપયુકત થઈને તેમનું શ્રવણ કરે છે તે બધું વાંચન શ્રવણ વગેરે કાર્ય નો આગમની અપેક્ષાએ લૌકિક ભાવ આવશ્યક છે.

જે ચરક, ચીરિક વગેરે લોકો ઉપયુકત થઇને આવશ્યક કાર્યસ્વરૂપ ઇજ્યા, અંજલિ, હોમ, જપ, ઉન્દુરુક્ક અને નમસ્કાર વગેરે ભાવરૂપ આવશ્યકો કરે છે, તેઓના આ બધા કાર્યો કુપ્રાવચનિકભાવ આવશ્યક છે. સંધ્યાની ઉપાસના કરવી એ ઇજ્યા છે, સૂર્યને માટે પાણીની અંજલિ આપવી તે અંજલી છે, દરરોજ હવન કરવો તે હોમ, ગાયત્રી પાઠ કરવો તે જપ અને ધૂપ કરવો તે ઉન્દુરુક્ક અને નમસ્કાર એ વંદના કર્મ છે. આ બધા કાર્યો ચરક વગેરે લોકો વડે હમેશાંઅવશ્ય કરવાયોગ્ય હોય છે. એટલા માટે આમાં તેમની માન્યતા મુજબ જ આવશ્યકપણું કહેવામાં આવ્યું છે. એમના આચરણથી તેમના હૃદયમાં તેના અર્થ પ્રત્યે ઉપયોગ અને શ્રદ્ધા વગેરે રૂપ પરિણુતિ નો સદ્ભાવ મળે છે. આ અપેક્ષાએ ત્યાં ભાવતા અને

એકદેશથી આગમતા પણ છે. કેમકે હાથ જોડવા, નમસ્કાર કરવા વગેરે રૂપ જે ક્રિયાઓ છે તે સર્વે નોઆગમ છે. આ દૃષ્ટિએ એમનામાં આગમતા સંપૂર્ણપણે નથી, ફકત આગમની એકદેશતા જ છે. ચરક ચીરિક વગેરે વડે માન્ય ગ્રંથોની નિર્દિષ્ટ ક્રિયાઓનો જ ત્યાં સદ્ભાવ છે અને તેમના જ અર્થમાં તેમનો ઉપયોગ વગેરેરૂપ પરિણામ છે. એટલા માટે આ બધા ચરક ચીરિકા વગેરેની ક્રિયાઓ નો આગમની અપેક્ષાથી ભાવ આવશ્યક છે. અહીં પણ નો શબ્દ દેશનિષેધ પરક છે, એટલે કે આગમના એકદેશનો વાચક છે. આ લૌકિક અને કુપ્રાવચનિકો જેમને નો આગમની દૃષ્ટિએ ભાવાવશ્યક રૂપમાં પ્રગટ કરવામાં આવ્યા છે-ધર્મપદના વાચ્ય નથી, કેમકે એમની આરાધનાથી જીવોના કર્મોની નિર્જરા થતી નથી, એટલા માટે તીર્થંકર પ્રભુએ એમને આરાધવાની આજ્ઞા કરી નથી.

નો આગમની અપેક્ષાએ લોકોત્તરિક ભાવ આવશ્યક આ પ્રમાણે છેઃ—

जण्णं इमे समणे वा समणी वा सावओ वा साविया वा तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे तदट्ठोपउत्ते तदप्पिअकरणे तब्भावणाभाविए अण्णत्थ कत्थइ मणं अकरेमाणे उभओकालं आवस्सयं करेंति, से तं लोगुत्तरियं भावावस्सयं, से तं नो आगमतो भावावस्सयं, से तं भावावस्सयं (अनुयोगद्वार)।

શ્રમણ અથવા શ્રમણી, શ્રાવક અથવા શ્રાવિકા જે સામાયિક વગેરે આવશ્યક ક્રિયાઓને તચ્ચિત્ત થઈને (તેમનામાં મન પરોવીને) તલ્લીન થઈને તેમનામાં જ મન લગાવીને વગેરે સૂત્રમાં કથિત વિધિ મુજબ બંને વખત કરે છે તેમનું તે કાર્ય નો આગમની અપેક્ષાએ લોકોત્તરિક ભાવ આવશ્યક છે. આ સામાયિક વગેરે ક્રિયાઓ અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક છે. કર્ત્તાનો તેમના અર્થમાં ઉપયોગરૂપ પરિણામનો સદ્ભાવ હોવાથી તેમનામાં ભાવતા પણ છે. રજોહરણથી ભૂમિ વગેરેનું પ્રમાર્જન કરવું, વંદના વગેરે કૃતિ

કર્મ આચરવાં વગેરે વિધિપૂર્વક જે ષટ્વિધ આવશ્યક કરવારૂપ ક્રિયાઓ છે તેઓ સર્વે "किरिया आगमो न होइ" આ નિયમ મુજબ આગમ નથી. એટલા માટે એમનામાં આગમના એકદેશ અભાવની અપેક્ષાથી નો આગમતા છે. અહીં પણ નો શબ્દ સંપૂર્ણ રૂપથી આગમનો પ્રતિષેધ પરક નથી પણ તેના એકદેશનો જ પ્રતિષેધક છે. એટલા માટે સામાયિક વગેરે આ ષટ્વિધ આવશ્યકો નો આગમની અપેક્ષા એ લોકોત્તરિક ભાવ આવશ્યક છે અને જિનેન્દ્ર દેવે એમની આરાધના કરવાની જ ભવ્ય જીવોને આજ્ઞા કરી છે. કેમકે આ બધા ધર્મપદના વાચ્ય છે. એમની આરાધનાથી ભવ્ય જીવોના કર્મોની નિર્જરા થાય છે.

બીજાઓએ પણ આ રીતે ધર્મનું લક્ષણ બતાવ્યું છેઃ—

वाचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादि भावसमिश्रं तद्धर्म इति कीर्त्यते ॥

અવિરુદ્ધ આગમથી યથોદિત અને મૈત્રી વગેરે ભાવનાઓથી મિશ્રિત જે અનુષ્ઠાન છે તે ધર્મ છે. સ્પષ્ટાર્થ—વચન શબ્દનો અર્થ આગમ છે. આગમમાં અવિરુદ્ધતા, કષ, તાપ અને છેદ વડે પરીક્ષિત થયા પછી જ આવે છે. જેમ સોનાની પરીક્ષા કષ-કસોટી ઉપર કસવાથી તાપ અગ્નિ ઉપર તપાવવાથી અને છેદ-છીણી વગેરેથી કાપવાથી થાય છે, તેમજ આગમની શુદ્ધિની પરીક્ષા પણ આ ત્રણે ઉપાયો વડે કરવામાં આવે છે. વિધિ અને પ્રતિષેધનું મોટા પ્રમાણમાં જે શાસ્ત્રમાં વર્ણન છે, તે શાસ્ત્ર કષથી શુદ્ધ કહેવાય છે. ડગલે ને પગલે જે શાસ્ત્રમાં એમના યોગ અને ક્ષેમકરિ ક્રિયાઓનું કથન કરવામાં આવ્યું છે તે શાસ્ત્ર છેદથી શુદ્ધ માનવામાં આવે છે. વિધિ અને પ્રતિષેધ તેમજ એમના વિષયભૂત જીવ વગેરે પદાર્થોનો સ્યાદ્‌વાદના રૂપથી જ્યાં યથાર્થ વર્ણન કરવામાં આવે છે, સપ્તભંગી વડે જ્યાં સુંદર શૈલીમાં એમનું વિવેચન કરવામાં આવે છે, તે શાસ્ત્ર તપ ઉપાયવડે શુદ્ધ માનવામાં આવે છે. આ ત્રણે

ઉપાયોથી પરીક્ષિત આગમ જ પરિશુદ્ધ કહેવામાં આવ્યો છે. અવિરુદ્ધ વચનનું નામ જ આગમ છે. કષ વગેરેથી આગમમાં જે શુદ્ધતા આવે છે તેનું કારણ નિમિત્તની શુદ્ધિ છે. જિન પ્રણીત વચનો જ નિમિત્તશુદ્ધ છે. બીજાઓ વડે પ્રણીત વચનો નહિ. નિમિત્તમાં પણ શુદ્ધિનું કારણ રાગ, દ્વેષ અને મોહનો અભાવ છે. વચનનું અંતરંગ કારણ બોલનાર જ હોય છે. બોલનારા (વક્તા) ની પ્રમાણતાથી જ વચન-આગમમાં પ્રમાણતા આવે છે. એટલા માટે જ રાગ દ્વેષ વગેરેથી કલુષિત માણસોના વચનો પ્રમાણ કોટિમાં આવતાં નથી. કેમકે રાગદ્વેષ વગેરે સદ્ભાવ વચનોમાં પરસ્પર વિરુદ્ધ અર્થની પ્રરૂપકતા જાતે જ આવી જાય છે. એટલા માટે આ નિશ્ચિત સિદ્ધાંત છે કે જ્યાં એમનો સંપૂર્ણ-અભાવ છે તે જ સાચા આગમનો પ્રણેતા થઈ શકે છે અને તે આગમમાંજ અવિરુદ્ધતા છે. એવું અવિરુદ્ધ આગમ જિનપ્રણીત જ થઈ શકે છે, કેમકે તેમનામાં પૂર્વોક્ત રાગદ્વેષ વગેરે વડે અશુદ્ધિનો સંપૂર્ણપણે અભાવ થઈ ચૂકયો છે-અશુદ્ધિ સર્વ રીતે મટી જવાથી તેઓ 'જિન' સંજ્ઞાવાળા થયા છે. "जयति रागद्वेषमोहरूपान् अन्तरंगरिपून् इति जिनः" રાગદ્વેષ વગેરે જે અંતરંગ શત્રુઓ છે તેમના ઉપર જેમણે વિજય મેળવ્યો છે તેઓ જ જિન કહેવાય છે. જેમ તપન (સૂર્ય) દહન (અગ્નિ) વગેરે શબ્દો નામ જેવા જ ગુણવાળા હોય છે, તે પ્રમાણે જ "જિન" આ નામ પણ નામ પ્રમાણે જ ગુણવાળું છે. જેવું નામ તેવા ગુણો હોવા એ જ નામની સાર્થકતા છે. જેમણે આ અંતરંગ શત્રુઓને હરાવ્યા નથી, તેમના વચનોમાં પરસ્પર અવિરુદ્ધાર્થતા આવી શકતી નથી, કેમ કે ત્યાં નિમિત્તની શુદ્ધિ નથી. એટલા માટે અજિન પ્રણીત વચનો અવિરુદ્ધ હોતા નથી. લોકમાં પણ જેમ લીમડાના બીજથી શેરડીની ઉત્પત્તિ જોવામાં આવતી નથી,તેમજ સદોષ કારણથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ નિર્દોષ હોતું નથી. કાર્યમાં નિર્દોષતા કારણની નિર્દોષતા ઉપર આધારિત હોય છે. ન્યાયશાસ્ત્રનો પણ એજ સિદ્ધાંત છે, "कारणस्वरूपानुविधायिकार्यं" કે કાર્ય કારણના સ્વરૂપનો અનુવિધાતા હોય છે. જો આ જાતની વ્યવસ્થા માનવામાં આવે

નહિ તો કાર્ય કારણ ભાવની વ્યવસ્થા બની શકે તેમ નથી. દરેક પદાર્થ દરેકનું કાર્ય અને કારણ થઈ જશે. એટલા માટે આગમરૂપ કાર્યની શુદ્ધિ માટે નિમિત્તરૂપ કારણ શુદ્ધિ થવી ચોક્કસપણે આવશ્યકીય માનવામાં આવી છે.

પ્રશ્નઃ—તમે કહ્યું કે આગમમાં અવિરુદ્ધતા તેના કારણભૂત પ્રણેતાના આધીન છે—એ વાત એમને માન્ય છે. પણ એનાથી આ વાત તો સિદ્ધ થતી નથી, કે તે અવિરુદ્ધ વચનો જિન ભગવાનના જ છે, બીજાઓના નહિ. કેમકે બીજા સિદ્ધાંતકારોના વચનોમાં પણ કોઇ પણ અંશે અવિરુદ્ધાર્થતા જોવામાં આવે છે. એટલા માટે તેમને દોષયુક્ત માનીને તમે જો તેમનામાં અનાપ્તતા સિદ્ધ કરો છો, આ વાત કેવી રીતે માન્ય થઇ શકે તેમ છે!

ઉત્તરઃ—શંકા તો ઠીક છે, પણ વિચાર કરવાથી આનો જવાબ પણ સરળ રીતે મળી શકે તેમ છે. બીજા સિદ્ધાન્તકારોએ જે રચનાઓ કરી છે તે બધી તેમણે પોતાની ઈચ્છા મુજબ જ કરી છે. પોતાની કલ્પનાથી જે કંઇ તેમને યોગ્ય લાગ્યું તે તેમણે લખ્યું છે. તેમની રચનાઓમા પૂર્વાપર વિરોધ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. એનાથી તેઓમાં રાગ વગેરે દોષો છે એવી વાત સિદ્ધ થાય છે. હવે ઘુણાક્ષર ન્યાયથી કોઇક કોઈક સ્થાને તેમના વચનોમાં અવિરુદ્ધ અર્થ પ્રતિપાદકતા પણ છે, તે તેમની પોતાની વસ્તુ તો નથી જ, કેમકે તેનાં મૂળિયાં તો અવિરુદ્ધ અર્થના પ્રરૂપક જિનપ્રણીત આગમમાં જ છે. એ જ વાત માર્ગાનુસારી બુદ્ધિવાળી વ્યક્તિમાં પણ સમજી લેવી જોઇએ. તે જે કંઇ પણ સત્યાર્થ કહે છે તેનું મૂળ કારણ જિન પ્રણીત આગમ જ છે. શ્લોક કથિત "યથોદિત" પદ આ વાત ને સ્પષ્ટ કરે છે કે દેશકાળ વગેરેની આરાધના મુજબ જે આચાર—અનુષ્ઠાન—પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે, તેનાથી જે અવિરુદ્ધ કહેવામાં આવ્યું છે તે ધર્મ છે. એનાથી વિપરીત નહિ. "मैत्र्यादि भावसंमिश्रम्" આ પદવડે સૂત્રકાર આ વાત સ્પષ્ટ કરે છે કે તે અનુષ્ઠાન-મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ આ ચાર લક્ષણોથી યુક્ત હોય છે. આ બધા ધર્મના બાહ્ય ચિન્હો છે. એમના સદ્ભાવથી આત્મામાં ધર્મનું અસ્તિત્વ

જાણવામાં આવે છે. બીજા સિદ્ધાંતકારોએ પણ આ બધાંને નિઃશ્રેયસ અને સ્વર્ગના કારણભૂત ધર્મનું મૂળ બતાવ્યું છે. એથી જે આગમથી અવિરુદ્ધ છે કાળ વગેરેની આરાધના મુજબ જે આરાધિત હોય છે અને જે મૈત્રી વગેરે ચાર ભાવનાઓથી યુક્ત છે એવું અનુષ્ઠાન જ ધર્મ છે. એવા જ ધર્મની આરાધના કરવા માટે ગણધર વગેરેનો આદેશ છે.

ભાવાર્થઃ—તીર્થંકર કથિત આગમમુજબ આચરાયેલા અનુષ્ઠાનનું નામ ધર્મ છે. એનો અર્થ આ પ્રમાણે ફલિત થયો છે કે જે અનુષ્ઠાનમાં તીર્થંકર પ્રભુ વડે કથિત આગમથી વિરોધ જણાતો નથી તે જ ધર્મ છે. તેમજ પ્રીતિ, ભક્તિ અને અસંગ રૂપ અનુષ્ઠાનોમાં આ લક્ષણની અપ્રાપ્તિ પણ હોતી નથી કેમકે ત્યાં પણ આ લક્ષણનો સદ્‌ભાવ મળે છે. " वाचनानुष्ठानं धर्मः " આ જાતના કથનમાં " वेदात् प्रवृत्तिः "ની જેમ પ્રયોજ્ય અર્થમાં પંચમી વિભક્તિ થઈ છે. એટલા માટે જે પ્રવૃત્તિનું પ્રયોજ્ય વચન છે તે ધર્મ છે. (વચના-નુષ્ઠાનં ધર્મઃ) અહીંથી માંડીને प्रीति भक्ति असंगानुष्ठान વગેરે સુધી લખવાની આવશ્યકતા જણાતી નથી, કેમકે વચનાનુષ્ઠાન ધર્મનો અર્થ વચન મુજબ થનાર અનુષ્ઠાન ધર્મ છે. આમાં કોઈ પણ જાતનો દોષ નથી.

કિંચ—હિંસા વગેરે પાંચ પાપોનો પરિત્યાગ ધર્મસિદ્ધિનું ચિહ્ન છે. આ જાતની માન્યતા જૈનીઓની છે. શાસ્ત્રાન્તરમાં પણ એ જ વાત સ્પષ્ટ કરવામાં આવી છેઃ—

औदार्यं दाक्षिण्यं पापजुगुप्साऽथ निर्मलो बोधः ।
लिङ्गानि धर्मसिद्धेः प्रायेण जिनप्रियत्वं च ॥ (षोडशग्रंथ ४ प्रकरण)

ઉદારતા—હૃદયની વિશાલતા, દાક્ષિણ્ય-બધા જીવોને અનુકૂળ થઈ પડે તેવી પ્રવૃત્તિ, પાપ જુગુપ્સા-પાપનો ત્યાગ, નિર્મળ બોધ - તત્ત્વજ્ઞાન, અને જિનપ્રિયત્વ આ પાંચે ધર્મસિદ્ધિનાં લક્ષણો છે, હવે આપણી સામે આ વાત વિચાર કરવાયોગ્ય છે કે જ્યારે પાપનો પરિહાર કરવો એ ધર્મસિદ્ધિનું લક્ષણ

છે ત્યારે પ્રતિમાની પૂજા કરનારાઓ માટે આનો પરિહાર કેવી રીતે થઈ શકે તેમ છે, કેમકે આ વાત પહેલાં જ પ્રગટ કરવામાં આવી છે કે આ પ્રતિમા પૂજન કાર્ય ષટ્કાયના આરંભ વગર સાધ્ય થઇ શકે તેમ નથી. એથી પ્રતિમા પૂજનવાળા માટે ધર્મસિદ્ધિનો લાભ સમજી લેવો આ એક ખોટી કલ્પના માત્ર છે. શાસ્ત્રીય કલ્પના નથી. શાસ્ત્રમાં તો જિનેન્દ્રદેવની એ જ આજ્ઞા છે કે એકેન્દ્રિય વગેરે ષટ્કાયના જીવોની રક્ષા કરવી જ દરેકે દરેક જૈનનું કર્તવ્ય છે અને એ જ ધર્મનું મૂળ છે. જ્યારે આ જાતની વીતરાગ પ્રભુની આજ્ઞા છે ત્યારે આ વાત ઉપર તો વિચાર કરીએ કે ષટ્કાય નિકાયની વિરાધનાથી સાધ્ય આ પ્રતિમા પૂજનની માન્યતામાં જૈનત્વનું રક્ષણ જ કેવી રીતે થઈ શકે છે? આ જાતની માન્યતાથી તો જૈન ધર્મનો મૂળરૂપે વિનાશ જ થઇ જાય છે.

जीवदयसच्चवयणं, परधनपरिवज्जणं सुसीलं च ।
खंती पंचिंदियनिग्गहोय, धम्मस्स मूलाइं ॥ (दर्शन शु० २ तत्त्व)

આ શ્લોકમાં એ જ વાત બતાવવામાં આવી છે કે જીવ ઉપર દયા કરવી, સત્ય બોલવું, પારકાના ધનને લઈ લેવાની વૃત્તિને દૂર કરવી, કુશીલનો ત્યાગ કરવો, ક્ષમાભાવ રાખવો, પાંચ ઇન્દ્રિયોને વશમાં રાખવી આ બધાં ધર્મનાં મૂળ છે. જેમ મૂળ-જડ વગરનાં વૃક્ષની સ્થિતિ વગેરે જ થઈ શકે તેમ નથી તેમજ એમના વગર પણ ધર્મરૂપી મહાવૃક્ષની જીવાત્માઓમાં સ્થિરતા થઇ શકે તેમ નથી. જે વ્યક્તિ "પ્રતિમાના પૂજનથી વિશુદ્ધ પરિણામોની આત્મામાં જાગૃતિ થાય છે." આ વાતને યોગ્ય માનીને આની ઉપયોગિતા સિદ્ધ કરે છે, તેમનું આ કથન સાવ નિર્મૂળ-વ્યર્થ છે. કેમકે ધર્મમાં સૌ પ્રથમ સ્થાન દયાનેજ આપવામાં આવે છે. જીવોની હિંસાથી સાધ્ય આ પ્રતિમા પૂજનમાં તે દયાની રક્ષા જ થતી નથી. એટલા માટે આને ધર્મનું અંગ કેવી રીતે માની શકીયે. અને જે ધર્મનું જ અંગ થઈ શકતું નથી તેનાથી કેવી રીતે પરિણામોમાં વિશુદ્ધતાની જાગૃતિ થઈ શકે. એટલા માટે આ પ્રતિમાપૂજન ધર્મપ્રાપ્તિમાં કારણ નથી આમ માની લેવું જોઈએ.

અને બીજું પણ કહ્યું છે કે "धम्मं चरमाणस्स पंच निस्साठाणा पण्णत्ता–तं जहा छक्काया, गणो, राया, गिहवई, सरीरं " इति, ભગવાને ધર્મનાં છ કાય, ગણ, રાજા, ગાથાપતિ અને શરીર આ રીતે છ આલંબનસ્થાન સ્થાનાંગ સૂત્રમાં કહ્યાં છે. આ બધામાં જિન પ્રતિમાનું કથન કરવામાં આવ્યું નથી. એનાથી આ સ્પષ્ટ રીતે જણાય છે કે જિનપ્રતિમા અને તેનું પૂજન ધર્મનું અવલંબન નથી. જો સિદ્ધાન્તકારોની દૃષ્ટિમાં જિન પ્રતિમાના પૂજનનું કાર્ય ધર્મના અવલંબન રૂપમાં માન્ય હોત તો તેઓ ચોક્કસ આ સ્થાનોના કથનની સાથે સાથે તેમનું પણ કથન જેમ છ કાય, ગણ. રાજા વગેરેનું કથન કર્યું છે તેમ કર્યું હોત. જો કે " ષટ્કાય " આ એક પદથી જ ગણ, રાજા વગેરેનું સ્વતઃ કથન સિદ્ધ થઈ જાય છે, કેમકે આ બધાનો સમાવેશ તે એક પદમાં જ થઈ જાય છે, છતાંય આ બધાંનો સ્વતંત્ર રૂપમાં જે નામ નિર્દેશ કરવામાં આવ્યો છે તેનું કારણ આ છે કે, તે સર્વે ધર્મના પ્રધાન આલંબનરૂપ છે, આ વાતને પ્રગટ કરવા માટે જ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે જો જિનપ્રતિમા પણ દર્શન, વન્દના અને પૂજા વગેરે વડે સમ્યકત્વ શુદ્ધિ અને અષ્ટ કર્મોના ક્ષયનું કારણ હોત તો ધર્મના આલંબનરૂપ હોવા બદલ અહીં વિશેષરૂપમાં શાસ્ત્રકારો વડે તેનું કથન કરવું જોઈએ. પણ સૂત્રકારે આવું કંઇ કર્યું નથી. છતાંય જો તેને ધર્મના અવલંબનરૂપે સ્વીકારીયે તો આ સૂત્રમાં પ્રતિપાદિત " પાંચ જ નિશ્રાસ્થાનો છે " આ કથનથી વિરોધ ઊભો થાય છે કેમકે તે સ્થાનોથી અતિરિક્ત એક બીજા જિનપ્રતિમા પૂજન ધર્મના આલંબનરૂપ સ્થાનની વૃદ્ધિ થઈ જાય છે. એથી " पंच निस्साठाणा पण्णत्ता " આ સૂત્ર પ્રદર્શિત ઉપન્યાસથી આ વાત પુષ્ટ થાય છે કે જિનપ્રતિમા ધર્મનું આલંબન સ્થાન નથી. આ તો ફક્ત તેના તરફદારીઓના મસ્તિષ્કની જ વ્યર્થની કલ્પના છે. જિનપ્રતિમા પૂજનમાં આરંભ અને પરિગ્રહ અવશ્યંભાવી છે. એના વગર તે કોઈ પણ સંજોગે સાધ્ય થઈ શકે તેમ નથી, આવું જાણવા છતાં બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે જિન પૂજાના ઉપદેશકો સમાજને " पूयाए काय-

वहो पडिकुट्ठो सोउ किं तु जिणपूया। सम्मत्तसुद्धिहेउं, त्ति भावणीया उ णिरवज्जा ॥ १ ॥ આ જાતની ઉત્સૂત્ર પ્રરૂપણા વડે ભ્રમમાં જ નાખી રાખે છે. અમને તો તેમની બુદ્ધિ ઉપર દયા આવે છે કે, તેઓ આ સિદ્ધાંતને સમજાવવાની કોશિશ કેમ નહિં કરતા હોય ? કેમકે "दो ट्ठाणाइं अपरियाणित्ता आयाणो केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए। तं जहा–आरंभे चेव परिग्गहे चेव। दो ट्ठाणाइं अपरियाणित्ता आया णो केवलिबोधिं बुज्झिज्जा तं जहा–आरंभे चेव परिग्गहे चेव (સ્થા૦ ૨ ઠા૦ ૧ ઉ૦) આ બે ધન ધાન્ય વગેરે રૂપ પરિગ્રહ અને પ્રાણાતિપાત વગેરે રૂપ આરંભ સ્થાન અનર્થના કારણ છે. જ્યાં સુધી આત્મા જ્ઞ પરિજ્ઞા વડે એમને જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે એમનો પરિત્યાગ કરતી નથી, ત્યાં સુધી તે બ્રહ્મદત્તની જેમ કેવલિવડે કથિત ધર્મને સાંભળવા માટે અધિકારી (યોગ્ય પાત્ર) ગણાઈ શકે તેમ નથી. અને તે બંનેનો જ્યાં સુધી ત્યાગ કરે નહિ ત્યાં સુધી તે સમ્યક્ત્વ મેળવવા યોગ્ય બની શકે તેમ નથી. "આ સૂત્ર અમને આ જાતની ભલામણ કરે છે કે જે પરિગ્રહ અને આરંભયુક્ત આત્મામાં કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા સુધીની પણ યોગ્યતા નથી અને જેમાં સમ્યક્ત્વની અનુભૂતિ પણ નથી, તે આત્મામાં "તે પ્રતિમા સમ્યક્ત્વની શુદ્ધિનું કારણ હોય છે" આ જાતની માન્યતા આકાશના પુષ્પની જેમ એક ખોટી કલ્પના માત્ર જ નથી તો બીજું શું છે ? એટલા માટે એ સિદ્ધાન્ત નિશ્ચિત થાય છે કે, આ પ્રતિમાપૂજનમાં ધર્મના ન કોઈ મૌલિક તત્ત્વોનો સમાવેશ છે અને ન તો તે ધર્મનું કોઈ પણ એક અંગ છે. આ ધર્મનું આલંબનરૂપ નથી અને ધર્મના લક્ષણથી યુક્ત પણ નથી. છતાં ય તેને ધર્મપદવાચ્ય માનવું તે સ્પષ્ટ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા માત્ર છે. આ રીતે શાસ્ત્રની મર્યાદાથી વિપરીત આ પ્રતિમા પૂજનનો ઉપદેશ આપનારાઓ તેમજ પ્રતિમા પૂજન કરાવનારા ઉપદેશકો પ્રેરકરૂપ થઈને યથાર્થ વસ્તુસ્થિતિથી સમાજને અંધારામાં રાખે છે, તે બદલ તેમની શી દશા થશે તે વિદ્વાનો સમજી શકે છે.

અને બીજું પણ કે—दोहिं ठाणेहिं आया केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए–तं जहा—ઇત્યાદિ સૂત્ર—

આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે, કેવલિઓ વડે પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ તેમજ સમ્યક્ત્વનો લાભ જીવ જ્ઞાનાવરણીય અને દર્શન મોહનીય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી કરે છે. પ્રતિમાપૂજનથી નહિ. જેમ લોહીથી ખરડાએલા વસ્ત્રની સાફસૂફી લોહી વડે ધોવાથી થતી નથી, તેમ જ સમ્યક્ત્વની શુદ્ધિ અથવા તો કર્મોનો વિનાશ પ્રતિમાપૂજનથી થતો નથી. બલ્કે જેમ તે લોહીથી

ખરડાયેલું વસ્ત્ર લોહીવડે સાફ કરવાથી મલિન થઈ જાય છે તેમજ ષટ્કાયની વિરાધના સાધ્ય આ પ્રતિમાપૂજનમાં તલ્લીન થયેલો જીવ પણ જ્ઞાનાવરણીય દર્શન મોહનીય કર્મની વૃદ્ધિ કરતો કરતોવધારે વધારે મલિન થતો જાય છે. તે કોઇ પણ સમયે એમની વૃદ્ધિમાં સમ્યક્ત્વ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને મેળવી શકનાર થઈ શકતો નથી. એટલા માટે કર્મોને ક્ષય કરવાની આશાથી પ્રતિમા પૂજનમાં તલ્લીન માણુસ પોતાના કર્મોને આ કાર્ય (પ્રતિમાપૂજન) થી ક્ષય કરવા માંગે છે તે ફક્ત દુરાશા માત્ર છે. જ્યારે આ કાર્યથી જીવ સમ્યક્ત્વ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મના લાભથી પણ સદા દૂર રહે છે, ત્યારે તેનાથી કર્મ-ક્ષયની આશા રાખવી તે ખોટી કલ્પના માત્ર જ છે. સમ્યક્ત્વ જીવનો ક્ષયો-પશમિક ભાવ છે. હવે ન તો પ્રતિમા ક્ષયોપશમ સ્વરૂપ છે અને ન તે ક્ષયો-પશમમાં કારણ રૂપે છે. કેમકે એનાથી જ્ઞાનાવરણીય અને દર્શનમોહનીય કર્મની નિર્જરા થઇ શકે તેમ નથી. કર્મોના એકદેશનો ક્ષય થવો તે નિર્જરા પ્રત્યે કારણુતા તો તપમાં બતાવવામાં આવી છે, જુઓ ઉત્તરાધ્યયન સૂત્રમાં એ જ વાત સ્પષ્ટ કરી છેઃ—

"भवकोडी संचियं कम्मं तवसा निज्जरिज्जइ" કરોડો ભવોમાં સંચિત કર્મોની નિર્જરા જીવ તપથી કરી નાંખે છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ "तपसा निर्जरा च" આ સૂત્રવડે એ જ વાત કહેવામાં આવી છે કે તપથી નિર્જરા તેમજ સંવર બંને થાય છે. "સૂત્રમાં આવેલ "च" શબ્દથી સંવરનું ગ્રહણુ કરવામાં આવ્યું છે.

ભાવાર્થ—આનો આ પ્રમાણે છે કે, પાંચ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મ, ૧૨ અનુપ્રેક્ષા, ૨૨ પરીષહોને જીતવા અને ૫ પ્રકારના ચારિત્રનું પાલન કરવું; આ બધાથી સંવર થાય છે. અને તપથી સંવર અને નિર્જરા બંને થાય છે. સ્થાનાંગસૂત્રમાં સમ્યગ્દર્શન બે પ્રકારનું બતાવવામાં આવ્યું

છે. ૧ નિસર્ગ અને ૨ અભિગમ. સદ્‌ગુરુના ઉપદેશથી નહિ પણ જીવોને સ્વભાવથી જ જે સમ્યગ્દર્શન થાય છે તે નિસર્ગ સમ્યગ્દર્શન છે. સદ્‌ગુરુના ઉપદેશથી જે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે તે અભિગમ સમ્યગ્દર્શન છે. નિસર્ગ અને અભિગમમાં અંતરંગ કારણ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ વગેરે સમાન જ છે, પણ એના હોવા છતાંય જીવને જે સદ્‌ગુરુના ઉપદેશથી મળે છે તે અભિગમ અને જે એના વગર મળે તે નિસર્ગ સમ્યગ્દર્શન છે. કેટલીક વ્યક્તિઓ અભિગમ શબ્દનો અર્થ નિમિત્ત પરક પણ કરે છે અને તે નિમિત્ત "પ્રતિમા વગેરે છે" એવું માને છે. પણ આવું કથન તેમના ફક્ત મોહ કર્મનો જ વિલાસ છે. કેમકે અભિગમ સમ્યગ્દર્શનમાં પ્રતિમા રૂપ નિમિત્તકતા સંભવિત થઈ શકે તેમ નથી. ત્યાં તો શ્રવણ વગેરેથી દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમના કારણરૂપ સદ્‌ગુણના ઉપદેશનું જ અભિગમ શબ્દથી ગ્રહણ થયું છે. જો સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં તે કારણ હોત તો તેનું ગ્રહણ નિમિત્ત રૂપથી થાત પણ આવું થતું નથી, કેમકે તે અચેતન છે. તેનાથી પ્રવચનના અર્થનો ઉપદેશ થઇ શકતો નથી. પ્રવચનના અર્થનો ઉપદેશ સાંભળ્યા વિના શ્રોતાઓને પ્રવચનનું અર્થજ્ઞાન કેવી રીતે થઇ શકે? અર્થજ્ઞાન વગર કર્મોની નિર્જરા પણ થઇ શકતી નથી. નિર્જરા વિના દર્શનમોહનીય કર્મના ક્ષય ઉપશમ વગેરે રૂપ સમ્યક્ત્વની ઉત્પત્તિ સંભવિત નથી, એટલા માટે અભિગમ સમ્યગ્દર્શનમાં સદ્‌ગુરુનો ઉપદેશ જ નિમિત્તરૂપે માનવામાં આવ્યો છે. અને તે શબ્દથી તેનું જ ગ્રહણ થયું છે, પ્રતિમાનું નહિ. આનું જ સ્પષ્ટીકરણ "सम्यक्त्वं हि तत्त्वार्थश्रद्धानरूपं, तच्च प्रवचनार्थज्ञानादेव, प्रवचनार्थज्ञानं निर्जरामूलकं निर्जरा च विनयवैयावृत्त्यस्वाध्यायरूपतपोविशेषेभ्यः, तत्र च सद्‌गुरूपदेशः कारणं न तु प्रतिमा" આનો અર્થ આ પ્રમાણે છે, કે તે તત્ત્વાર્થનું શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે. તે શ્રદ્ધાન પ્રવચના અર્થજ્ઞાનનું મૂળ કારણ નિર્જરા જ માનવામાં આવે છે. પોતાના પ્રતિપક્ષી કર્મોની નિર્જરા થયા વગર તત્ત્વજ્ઞાન થઈ જ શકતું નથી. વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય રૂપ તપ વિશેષ નિર્જરાના કારણ છે. તપની આરાધનામાં સદ્‌ગુરુનો ઉપદેશ કારણ છે. આ રીતે પરંપરા સંબંધથી અભિગમ સમ્યગ્દર્શનમાં સદ્‌ગુરુનો ઉપદેશ જ નિમિત્ત રૂપમાં ગૃહીત થયો છે. નહિ કે પ્રતિમા. કેમકે તે સદ્‌ગુરુના ઉપદેશની જેમ

પ્રવચનના અર્થનો ઉપદેશ કરવામાં અચેતન હોવા બદલ સંપૂર્ણપણે અસમર્થ' છે. કારણ કે કર્મોની નિર્જરાના હેતુ તો વિનય વગેરે તપોજ માનવામાં આવ્યા છે. પ્રતિમા વિનય વગેરે તપ સ્વરૂપ નથી, એટલા માટે પ્રતિમામાં સમ્યકત્વની ઉત્પત્તિમાં કારણતા કોઈ પણ રીતે સંભવી શકે તેમ નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં સદ્ગુરૂના ઉપદેશને સમ્યકત્વના પ્રતિ કારણ બતાવતાં સિદ્ધાન્તકાર કહે છે—

तहियाणं तु भावाणं, सब्भावे उवएसणं ।
भावेणं सद्दहंतस्स, सम्मत्तं तं वियाहियं ॥ इति ॥

જીવ અને અજીવ વગેરે પદાર્થોનું જે યથાવસ્થિત સ્વરૂપ સદ્ગુરૂએ પ્રકટ કર્યું છે તેનું તે રૂપથી અંતઃકરણથી શ્રદ્ધા ન કરનારા પ્રાણીના દર્શન મોહનીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી જે રૂચિ ઉત્પન્ન થાય છે, તેનું નામ જ સમ્યગ્દર્શન છે, આમ તીર્થંકર પ્રભુએ કહ્યું છે. જો સમ્યકત્વની પ્રાપ્તિમાં નિમિત્ત રૂપે હોત તો સ્થાનાંગ-સૂત્રમાં જે “दोहिं ठाणेहिं आया केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए” આ પ્રમાણે કહ્યું છે, ત્યાં જો સમ્યકત્વના લાભમાં પ્રતિમા પણ નિમિત્ત થઈ શકત તો તેને નિમિત્ત રૂપે થવા બદલ બે સ્થાનોની જગ્યાએ સમ્યકત્વની પ્રાપ્તિમાં ત્રણ સ્થાનોનું કથન સૂત્રકારે કરવું જોઈતું હતું, પણ ત્યાં તો બે સ્થાનો સિવાય ત્રીજા સ્થાનનું કથન થયું જ નથી. એથી આ સિદ્ધાન્તની ખાત્રી થાય છે કે સમ્યકત્વના લાભમાં પ્રતિમા નિમિત્ત નથી. છતાંયે પ્રાણાતિપાત વડે સાધ્ય પ્રતિમા પૂજનને અજ્ઞાનની નિદ્રામાં પડેલી વ્યક્તિઓ સમ્યકત્વની શુદ્ધિનું કારણ બતાવતી પોતાની દુરવસ્થા-તરફ સહેજ પણ જોતી નથી, તે એક બહુ નવાઈ જેવી વાત છે. જુઓ પ્રાણાતિપાતને સ્થાનાંગસૂત્રમાં દુર્ગતિનું જ કારણ બતાવવામાં આવ્યું છે-(पंचहिं ठाणेहिं

जीवा दुग्गइं गच्छंति-तंजहा-पाणाइवाएणं, मुसावाएणं, अदिन्नादाणेणं, मेहुणेणं परिग्गहेणं इति) (स्था. ५, ठा. १ उ.) આ પાંચે સ્થાનોથી જીવ દુર્ગતિને યોગ્ય ઠરે છે-પ્રાણાતિપાતથી, મૃષાવાદથી, અદત્તાદાનથી, મૈથુનથી અને પરિગ્રહથી. અને બીજું પણ કે. લોકમાં જેમ ભોળા માણસોની સુવર્ણમાત્રની સમાનતાથી અશુદ્ધ સુવર્ણમાં પણ ' આ સોનું ખરૂં છે, ' આ જાતની પ્રવૃત્તિ જોઇને સુવર્ણ પરીક્ષકો તેના ખરા-ખોટાની પરીક્ષા માટે કષ, છેદ અને તાપ રૂપ ઉપાયોનો આસરો લે છે, તેમજ પરીક્ષણીય આ શ્રુતચરિત્ર રૂપ ધર્મની પરીક્ષા માટે સૂત્રકારોએ કષ વગેરે પરીક્ષાના સાધનોનો ઉપયોગ કર્યો છે. પ્રાણિ વધ વગેરે પાપસ્થાનોનું શાસ્ત્રમાં જે નિષેધ રૂપ વિધાન થયું છે તેમજ સ્વાધ્યાય અને અધ્યયન વગેરેનું જે ત્યાં વિધાન કરવામાં આવ્યું છે તે જ ધર્મની કસોટી-કષ છે. પૂજનમાં આ ધર્મ કષ નથી કેમકે તે પ્રાણિવધના સંપર્કથી દૂષિત છે. છતાંય તેમાં ધર્મત્વની બુદ્ધિ રાખવામાં આવે છે તે ફક્ત અજ્ઞાનનો જ ઊભરો છે. પ્રાણિ વધ શાસ્ત્રનિષિદ્ધ છે. જ્યાં વિધિ અને પ્રતિષેધ આ બન્ને કોઇ પણ વખતે પોતાના સ્વરૂપથી વિપરીતાવસ્થામાં પરિવર્તિત થતા નથી ત્યાં છેદથી શુદ્ધિ માનવામાં આવે છે. જેમ સ્વાધ્યાય અને અધ્યયન વગેરે શુભ કાર્યોમાં નિયમથી શાસ્ત્રમાં પ્રવૃત્તિ બતાવવામાં આવી છે અને હિંસા વગેરે કાર્યોથી તેમાં નિયમથી નિવૃત્તિ બતાવવામાં આવી છે. પ્રતિમા પૂજનમાં આ છેદ શુદ્ધિ નથી, કેમકે આમાં પ્રતિષેધથી પરિશુદ્ધિનો અભાવ છે. આનું કારણ આ પ્રમાણે છે કે, તે ષટ્કાયના જીવોના ઘાતથી સાધ્ય કાર્ય છે. પ્રવચનમાં જીવ અને અજીવ વગેરે તત્ત્વોના યથાવસ્થિત સ્વરૂપનું વર્ણન જ મોક્ષનું સાધક છે. આ જાતનો નિશ્ચય જ તાપ શુદ્ધિ છે. જેમ અગ્નિમાં તપાવવાથી સોનાનું યથાવસ્થિત સ્વરૂપ પ્રગટ થાય છે, તેમજ પ્રવચન કથિત તત્ત્વોના અનુસંધાનથી ધર્મના સ્વરૂપનો આવિર્ભાવ થાય છે. આ પ્રતિમા પૂજનમાં ધર્મ

તત્ત્વને આવિર્ભૂત કરવા સુધીની પણ ક્ષમતા નથી, કેમકે આ પ્રવચન કથિત સંવર અને નિર્જરા તત્ત્વનાં લક્ષણુથી યુક્ત નથી. એટલા માટે આમાં તાપ શુદ્ધિ પણ નથી. આ કષ વગેરે વડે પરિશુદ્ધ થયેલી વસ્તુમાં જ ધર્મતા આવે છે અને તે જ સાચા સ્વરૂપમાં ધર્મના ફળને આપનાર છે. પ્રતિમા પૂજનમાં આ વાત નથી એથી તે ધર્મ રૂપ નથી.

ધર્મબુદ્ધિથી તૈયાર કરવામાં આવેલા, પણ આધાકર્મ વગેરે દોષો વડે દૂષિત એવા આહારના દાનમાં તેમજ ઇન્દ્ર વગેરેની પૂજા કરવામાં જેમ ધર્મનો વ્યાઘાત માનવામાં આવ્યો છે, તેમ જ ધર્મબુદ્ધિ રાખીને કરવામાં આવેલા પ્રતિમા પૂજનમાં પણ જીવોનો ઘાત હોવાથી ધર્મનો વ્યાઘાત હોય છે. એટલા માટે આગમ કથિત સિદ્ધાન્ત મુજબ આ પ્રતિમા પૂજન ઉપાદેય કોટિમાં આવતું નથી. છતાં યે જે આને કરે છે, કરાવે છે તેઓ આગમ કથિત સિદ્ધાંતથી સર્વથા બાહ્ય છે અને ધર્મના વ્યાઘાતક છે એથી અયોગ્યને આપેલી દીક્ષાની જેમ અથવા તો ઇન્દ્ર વગેરેની પૂજાની જેમ આ પ્રતિમાપૂજન આગમ કથિત ન્યાયથી નિરાકૃત હોવા બદલ ધર્મનો નાશ કરનારૂં છે આમ માની જ લેવું જોઇએ. "तथा च अनुमानप्रयोगोऽयं प्रतिमापूजा धर्मव्याघातवती आगमोक्तन्यायनिराकृतत्वात् अयोग्य-प्रव्रज्यादानवत् इन्द्रादिपूजनवद्वा । આ અનુમાનમાં આપેલ હેતુ અસિદ્ધ નથી, કારણ કે-प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायबाधिते -द्रव्यादिभेदतो ज्ञेयो धर्मव्याघात एव हि । દૃષ્ટાંતમાં આ હેતુનો આ શ્લોક વડે જે કથિત પ્રકાર છે તેનો સદ્ભાવ મળે છે.

જે એમ કહેવામાં આવે છે કે જીન પ્રતિમાના દર્શન કર્યા વગર સાધુઓને આહાર પાણી કરવું યોગ્ય નથી. એથી તેના દર્શન વન્દન કરવા સાધુઓના માટે આવશ્યક છે તે સાવ ખોટી વાત છે. કેમકે દિવસ અને રાત્રિને લગતા સાધુઓને માટે જેટલા કલ્પ છે તેમાં આ વાતનું કથન ક્યાંયે નથી. દિવસ અને રાત્રિના સાધુઓના આ નીચે લખ્યા મુજબ કૃત્યો છે—

पढमे पोरिसि सज्झायं, बीए झाणं झियायए।

तइयाए भिक्खायरियं, चउत्थिए पुणो वि सज्झायं ॥

पढमे पोरिसि सज्झायं, बीए झाणं झियायए।

तइयाए निद्दमोक्खंच, चउत्थिए पुणो वि सज्झायं ॥ (उत्तरा०सूत्र–२६ अ.)

અર્થ સરળ જ છે. આ રીતે સાધુઓના જે સામાયિક વગેરે આવશ્યક કૃત્યો છે, તેમનાંમાં પણ પ્રતિમાના દર્શન વગેરે કરવાની વાત કહી નથી. ધર્મનું મૂળ તો જીનેન્દ્ર ભગવાનની આજ્ઞાને આરાધવામાં આવે છે માટે દર્શન વગેરે આ બધા ધર્મનાં મૂળ નથી. ભાષ્યકારે જે આ ગાથા વડે-(**अकसिण पवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो । संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो ।**) (भाष्यकार ४२) આ પ્રમાણે કહ્યું છે કે શ્રાવકોને માટે ઉપાદેય હોવા છતાં પુષ્પ વગેરે વડે ભગવાનની પૂજા સ્વરૂપ દ્રવ્યસ્તવ સાધુઓના માટે તો ત્યાજ્ય જ છે, કેમકે સાધુ સર્વ આરંભ અને પરિગ્રહનો સંપૂર્ણપણે ત્યાગી હોય છે. શ્રાવક નથી, તેઓ દેશ વિરતિ સંપન્ન છે. એટલા માટે તેમને સામે રાખીને વિચાર કરીએ તો દ્રવ્યસ્તવ સંસારને ક્ષય કરનાર માનવામાં આવ્યો છે. કૂપનું દૃષ્ટાંત આપીને ભાષ્યકારે આ શંકાને દૂર કરી છે કે જેમ પાણીના અભાવને લીધે પીડાઇને તરસ મટાડવા માટે કેટલાંક માણસો વાવ ખોદે છે અને તે વખતે તેઓ માટી અને કાદવથી ખરડાઈ જાય છે, પણ ત્યાર પછી વાવમાંથી નીકળતા પાણીથી જ તેઓ કીચડ તેમજ શરીરે ચોટેલી માટીને સાફ કરી નાખે છે અને વખતો વખત પોતાની તરસ પણ મટાડે છે. બીજા પણ કેટલાક લોકો તેનાથી લાભ મેળવે છે. આ રીતે તે પાણી ભરેલી વાવથી

ખોદનાર લોકોને તેમજ બીજા પણ ઘણા માણસોને વખતો વખત ઘણી રીતે લાભ થતા રહે છે. ઠીક આ પ્રમાણે જ દ્રવ્યસ્તવમાં જો કે સંયમની રક્ષા થતી નથી, છતાં ય તે કર્તાના માટે પરિણામમાં શુદ્ધિનું કારણ હોય છે. તેનાથી કર્તા તે દ્રવ્યસ્તવના કરવામાં ઉદ્ભૂત અસંયમ વડે મેળવેલા પાપોનો સંપૂર્ણ-પણે વિનાશ કરી નાખે છે. એથી વિરતાવિરત (એકદેશ સંયમની આરાધના કરનાર પંચમ ગુણસ્થાનવર્તી) શ્રાવકો વડે આ દ્રવ્યસ્તવ કર્તવ્ય કોટિમાં આવવાથી ઉપાદેય છે. કારણ કે તે તેમના માટે શુભાનુબંધી અને કર્મોની વધારે નિર્જરા ફળને આપનાર છે. ભાષ્યકારનું આ બધું કથન યોગ્ય નથી, કારણ કે તેઓએ જે વાવનું દૃષ્ટાંત આપીને આ વિષયની પુષ્ટિ કરવા પ્રયત્ન કર્યો છે, તેનાથી પ્રકૃત વિષયની વાસ્તવિક રૂપમાં પુષ્ટિ થતી જોવામાં આવતી નથી. દરેકે દરેક માણસના માટે આ તો એક પ્રત્યક્ષ અનુભવ કરી શકાય તેવી હકીકત છે કે વાવ ખોદવાથી પાણી નીકળે છે, આમાં તો ચર્ચાની કોઈ વાત જ ઊભી થતી નથી. પણ પ્રતિમાની પૂજા કરનાર અને કરાવનારાઓથી ષટ્કાય જીવોની રક્ષા થઈ શકતી નથી, તે કાર્યથી તો તેમની વિરાધના જ હોય છે. આવી પરિસ્થિતિમાં ધર્મના મૂળભૂત સિદ્ધાન્તોનો જ જ્યારે અભાવ છે ત્યારે તે પૂજા રૂપ કાર્યથી તેમના પરિણામોમાં શુદ્ધિ માનવી આ વાત શાસ્ત્રથી વિરૂદ્ધ અને પ્રત્યક્ષ વગેરે બીજા બધા પ્રમાણોથી બાધિત થતી કોઈ પણ સમજુ માણસના માટે તો માન્ય થઇ શકે તેમ નથી. પ્રતિમા પૂજનની તરફદારી કરનારાઓ પોતાની વાતને પુષ્ટ કરવા માટે જે આ જાતની ખોટી દલીલો સામે મૂકે છે કે—

> सम्यक् स्नात्वोचिते काले संस्नाप्य च जिनान् क्रमात् ।
> पुष्पाहारस्तुतिभिश्च पूजयेदिति तद्विधिः ॥

तथा—जिनप्रभसूरिकृतपूजाविधौ—सरस—सुरहिचंदणेणं अंगेसु पूअं काउण पंचगकुसुमेहिं गंधवासेहिं य पूएइ सद्वर्णैः सुगंधिभिः सरसैरभूपतितैर्विकाशिभिरसहित-दलैः प्रत्यग्रैश्च प्रकीर्णैर्नानाप्रकारग्रथितैर्वा पुष्पैः पूजयेत् । इति तथा कुसुमक्खयगंधपईवधूयनेवेज्जफलजलेहिं पूणो अट्ठविहकम्मदलनी अट्ठुवयारा हवइ पूया " इति किञ्च—

> जिनभवनं जिनबिम्बं जिनपूजां, जिनमतंच यः कुर्यात् ।
> तस्य नरामरशिवसुखफलानि, करपल्लवस्थानि ॥

ભાવાર્થ—પૂજા કરનાર યોગ્ય સમયે સારી રીતે સ્નાન કરીને જીનેન્દ્રનો અભિષેક કરે તેમજ પુષ્પ વગેરેથી તેમની પૂજા કરે. જીનપ્રભાસૂરિ વડે વિરચિત પૂજાવિધિમાં પણ પૂજાના વિષયમાં આ વિધિ જ બતાવવામાં આવી છે. સરસ સુગંધિત ચંદનથી ભગવાનનાં નવ અંગોમાં તિલક રૂપ પૂજન કરી પૂજા કરનાર સુવાસયુકત, જમીન ઉપર પડેલાં નહિ, પત્ર વગરનાં તાજાં, પાંચ જાતિનાં પુષ્પોથી પ્રભુની પૂજા કરે. પુષ્પ, અક્ષત, ગંધ, પ્રદીપ, ધૂપ, નૈવેદ્ય, ફળ અને પાણી આ આઠ દ્રવ્યોથી આઠ કર્મોને નષ્ટ કરનારી અષ્ટ પ્રકારની પૂજા હોય છે. જીન મંદિર, જીન પ્રતિમા, જીન પૂજા અને જીન મતને જે કરે છે, તે માણસની પાસે મનુષ્ય ગતિ, દેવગતિ અને મોક્ષનાં સુખો-આવી જાય છે. એટલે કે તે માણસ આ ગતિઓનાં સર્વોત્તમ સુખો ભોગવીને મોક્ષ સુખને ભોગવનાર બની જાય છે, માટે આ જાતનું આ પૂજનને લગતું બધું કથન પ્રવચન સિદ્ધ જ છે, કેમકે આચારાંગ સૂત્રમાં ભગવાને—(इमस्स चेव जीवियस्स परिवंदणं माणणपूयणाए जाइमरणमोयणाए दुक्खपरिघायहेउं से सममेव पुढविसत्थं समारंभइ, अण्णेहिं वा पुढविसत्थं समारंभावेइ, अण्णेवा पुढविसत्थं समारंभंते समणुजाणइ तं से अहियाए तं से अबोहिए) इति—"જીવ શા માટે પૃથ્વીકાયનો સમારંભ કરે છે" એ સવાલનો જવાબ આપતાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે આ જીવ આ ક્ષણભંગુર જીવન માટે પરિવંદન-પ્રશંસા માટે આશ્ચર્યોત્પાદક ઘર વગેરે બનાવવામાં, માન-સત્કાર માટે કીર્તિસ્તંભો વગેરે તૈયાર કરાવવામાં, પોતાની પ્રતિષ્ઠા માટે વસ્ત્ર, રત્ન, કામળ વગેરે રૂપ પુરસ્કાર તેમજ પ્રતિમા પૂજન માટે, પ્રતિમા વગેરે બનાવવામાં જાતિ-પરલોકમાં સુખ પ્રાપ્તિ થાય તેના માટે, દેવ-મંદિરો વગેરે તૈયાર કરાવવામાં, મરણ-જેઓ મરણ પામ્યા છે તેવા પોતાના પિતા વગેરેની યાદમાં સ્તૂપ, સમાધિ વગેરે બનાવવામાં, મોચન-મુકિત મેળવવા માટે દેવ-પ્રતિમા વગેરે બનાવવામાં અથવા તો ઘણી જાતનાં દુઃખોના વિનાશ માટે વર્તમાન કાળમાં પોતે પણ પૃથ્વીકાયના વિનાશ સ્વરૂપ દ્રવ્યભાવ શસ્ત્રનો વ્યાપાર

(કાર્ય) કરે છે, બીજાઓ પાસે કરાવે છે અને આ શસ્ત્રનો પ્રયોગ કરનાર પ્રાણીઓની અનુમોદના કરે છે. આ પ્રમાણે ભૂત અને ભવિષ્યકાળમાં મન, વચન અને કાયથી (ત્રિયોગ અને ત્રિકરણના સંબંધથી) આ જીવ પૃથ્વિ· કાયનો સમારંભ કરનાર થયો છે અને થશે. એટલા માટે જેમ વર્તમાનકાળમાં ત્રિયોગ અને ત્રિકરણના સંબંધથી આ પૃથ્વિકાય સમારંભના ભેદ (પ્રકાર) હોય છે તેમજ ભૂત અને ભવિષ્યત કાળમાં પણ તેમના સંબંધ તેમજ ભેદ જાણી લેવા જોઇએ. આ પૃથ્વિકાયના સમારંભ રૂપ શસ્ત્રનો પ્રયોગ પ્રયોક્તા જીવના માટે કદાપિ કલ્યાણકે સમ્યકત્વનો લાભ તેમજ જીન ધર્મની પ્રાપ્તિ કરાવનાર થતો નથી.

ભાવાર્થ—પૃથ્વિકાયનો સમારંભ કૃત, કારિત અને અનુમોદનાના ભેદથી ત્રણ પ્રકારનો છે. અતીત અને અનાગત કાળના ભેદોથી તેના બીજા ત્રણ ત્રણ ભેદો થઇ જાય છે. આ રીતે આ ત્રણે કાળોની અપેક્ષાએ નવ પ્રકારનો છે. આ નવ પ્રકારોની સાથે મન, વચન અને કાય અને ત્રણેનો ગુણાકાર કરવાથી આ ૨૭ પ્રકારનો માનવામાં આવ્યો છે. આ પ્રમાણે ત્રિકરણ અને ત્રિયોગના સંબંધથી ૨૭ પ્રકારના આ પૃથ્વિકાયના સમારંભમાં પ્રવૃત્ત જીવ ષટકાયના આરંભના સંપાત જન્મ ઘોરતર (ભયંકર) પાપોને કારણે દુરંત સંસાર રૂપી દાવાનલના અગ્નિમાં પડીને છેવટે અનંત નરક નિગોદ વગેરે દુઃખોને અનુભવતો કદાપિ પોતાના કલ્યાણનો ભોકતા થઇને અને શાશ્વત–સુખને આપનાર મોક્ષ માર્ગનો પથિક (વટેમાર્ગુ) બની શકતો નથી. પૃથ્વિકાયના સમારંભની જેમ અપ્કાય વગેરેનો સમારંભ પણ આ જીવાત્મા માટે હમેશાં અહિતકારી અને અબોધ (અજ્ઞાન) આપનારો છે. આ વાત પણ આચારાંગ સૂત્રમાં ભગવાને કહી છે. હવે આટલું તો આપણે પણ સમજી શકીએ છીએ કે જ્યારે જીવના માટે ફક્ત પૃથ્વિકાયનો સમારંભ જ જ્યારે અહિત કરનાર અને મોક્ષના

માર્ગથી દૂર ફેંકી દેનાર બતાવવામાં આવ્યો છે ત્યારે કયા કાર્યમાં ષટ્કાયના જીવોનો સમારંભ હોય છે, તે કાર્યથી અથવા તો તે જાતના સમારંભથી જીવને સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) નો લાભ કેવી રીતે સંભવી શકે તેમ છે ? એટલે કે કોઇ પણ કાળે જીવને આ કાર્યથી સ્વર્ગ કે મોક્ષનો લાભ થઇ શકતો નથી.

જે માણુસ પરિવંદન, માનન અને પૂજનના માટે તેમજ જાતિ અને મરણુના મોચન માટે અને દુઃખોના વિનાશ માટે પૃથ્વિકાય વગેરેનો સમારંભ કરે છે, તેઓ તેનું ઉલટું ફળ ભોગવે છે. આ વાત સારી રીતે સમજાવવામાં આવી છે, કેમકે પ્રતિમા પૂજા બોધ તેમજ હિત પ્રાપ્તિના લક્ષ્યને લઇને જ કરવામાં આવે છે. પણ આ લક્ષ્યની સિદ્ધિ ન થતાં તેનાથી સાવ વિપરીત કર્તા જીવ અબોધ અને અહિતને મેળવે છે એવું જ શ્રી મહાવીર પ્રભુએ કહ્યું છે. છતાંય પ્રતિમા પૂજાના કેટલાક તરફદારીઓ આ વાતને લક્ષ્યમાં ન રાખતાં શાસ્ત્ર વિરૂદ્ધ જ કથનને વળગી રહે છે. તેઓ આ પ્રમાણે કહે છે કે-આપણે થોડા વખત માટે આમ પણ માની લઇએ કે આ પ્રતિમા પૂજનમાં ષટ્કાયનો સમારંભ થાય છે-પણ આ સમારંભ સ્વાભ્યુદય અને મુકિતની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. એટલા માટે આ કર્તા જીવોના માટે અહિતનો ઉત્પાદક પણ હોતો નથી અને બોધિના લાભથી પણ તેઓને વંચિત રાખતો નથી. આ તો તેમને બોધિ અને નર અમર અને મોક્ષના સુખ સ્વરૂપ હિતને આપનાર જ હોય છે. પણ તેમનું આ કથન પ્રત્યક્ષ રૂપમાં શાસ્ત્રથી વિરૂદ્ધ જ છે. આ વાત આચારાંગ સૂત્રથી સારી પેઠે પુષ્ટ થઇ જાય છે. તેમાં પૂર્વોક્ત રીતથી પૃથ્વિકાયના સમારંભનું ફળ બતાવીને આ પ્રમાણે કહ્યું છે—

"एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे एस खलु नरये, एच्चत्थं गड्ढिए लोए जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं पुढविसत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसइ" (आ. १ अ. २ उ.)

આ પૃથ્વિકાયનું સમારંભ રૂપ શસ્ત્ર ચોક્કસ જીવોના માટે આઠ પ્રકારના

જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો બંધ કરાવનાર હોવા બદલ ગ્રન્થ સ્વરૂપ, વિરુદ્ધ જ્ઞાનને ઉત્પન્ન કરનારૂં હોવાથી મોહ રૂપ, નિગોદ વગેરે જીવોનું આમાં મરણ થાય છે માટે માર સ્વરૂપ તેમજ નારકીઓની દશ પ્રકારની યાતનાનું કારણ રૂપ હોવાથી આ નરક રૂપ માનવામાં આવ્યું છે. આ રીતે આ જીવ આ પૃથ્વિકાયના સમારંભ રૂપ શસ્ત્રના ફળ સ્વરૂપ કર્મબંધ, મરણ અને નરક રૂપ ઘોરતર દુઃખોને ભોગવવા છતાં પણ અજ્ઞાનવશ થઇને તેજ શસ્ત્રનો પ્રયોગ કરવા માટે ફરી તૈયાર થઇ રહ્યો છે. જો કે વિષય ભોગોમાં આસક્ત બનેલો આ જીવ શરીર વગેરેની પુષ્ટિ પરિવંદન, માનન, પૂજન અને જાતિ મરણના મોચન માટે તેમજ દુઃખોને દૂર કરવા માટે પૃથ્વિકાયના સમારંભ રૂપ શસ્ત્રનો પ્રયોગ કરે છે, પણ છતાં યે તે કર્મબન્ધ, મોહ, મરણ અને નરક રૂપ ફળને ભોગવનારજ બને છે. એટલા માટે આપણે ચોક્કસ કહી શકીએ તેમ છીએ કે પ્રતિમા પૂજનનો ઉપદેશ પ્રવચન માર્ગથી વિરૂદ્ધ છે. આ જાતની વિરૂદ્ધ પ્રરૂપણા કરવામાં તત્પર માણસ બધા દોષોથી રહિત, શુદ્ધ. અદ્વિતીય અને અનવદ્ય આ જૈન ધર્મને સાવદ્ય પૂજાના ઉપદેશથી કુપ્રાવચનિકની જેમ કલંકિત દોષયુક્ત બનાવીને સંસાર રૂપી દાવાનલમાં ભોળા પ્રાણીઓને નાખી રહ્યો છે અને જાતે પણ મોહનીય કર્મના ઉદયથી આંધળાની જેમ થઇને સન્માર્ગથી દૂર થતાં પોતાના આત્માને અહિત અને મિથ્યાત્વના કલંકથી કલુષિત કરી રહ્યો છે. મૃગજળથી પણ કોઈ દિવસે તરસ્યા માણસોની તરસ મટી શકી છે? જો આવું નથી તો પછી મૃગજળ જેવી આ પ્રતિમા પૂજનથી કર્ત્તાની સમ્યક્ત્વ અને હિતની પ્રાપ્તિ થવા રૂપ તરસ કેવી રીતે મટી શકે તેમ છે જોમૃગજળ નિર્મળ પાણીનો ઝરો થઇને તરસ્યાં પ્રાણીઓની તરસ મટાડી શકત તો આ પ્રતિમા પૂજા પણ દ્રવ્યલિંગિઓના પરિણામોમાં શુદ્ધિ કરનારી તેમના આઠ કર્મોને નષ્ટ કરનારી અને નર, અમર અને શિવ-સુખ આપનારી પણ થઈ શકત !

અને બીજું પણ કે-પ્રતિમા પૂજનની પુષ્ટિ માટે " નમો બંમીએ-લિવીએ " વ્યાખ્યા પ્રજ્ઞપ્તિની શરૂઆતમાં આવેલા આ સૂત્ર મુજબ જે તેની તરફદારી કરનારા માણસો આમ કહે છે કે " અક્ષર વિન્યાસ રૂપ બ્રાહ્મિ લિપિ જેમ શ્રુતજ્ઞાનના આકારની સ્થાપના રૂપ થઇને વન્ધ-વંદનીય માનવામાં આવી છે, તેમજ આકાર-સ્થાપના રૂપ ભગવાનની પ્રતિમામાં પણ વંદનીયતા સ્પષ્ટ દેખીતી વાત જ છે પરંતુ આ કથનનો પણ વિચાર કર્યા બાદ યોગ્ય લાગતું નથી. તેમજ શ્રુતજ્ઞાન રૂપ ભાવશ્રુતની સ્થાપના-શ્રુતજ્ઞાન સંપન્ન અને શ્રુતના પઠનની ક્રિયા વિશિષ્ટ એવા જે સાધુ વગેરે લોકો છે તેમના ચિત્ર વગેરે સ્વરૂપ હોય છે. એટલે કે શ્રુતજ્ઞાની સાધુ વગેરેના સ્વરૂપ જ શ્રુતજ્ઞાન રૂપ ભાવશ્રુતની સ્થાપના હોય છે, બ્રાહ્મિ-લિપિ અક્ષર વિન્યાસ છે. તે શ્રુતજ્ઞાનની સ્થાપના છે. અહીં શ્રુતજ્ઞાની સાધુ વગેરેને જે ભાવશ્રુત રૂપ કહેવામાં આવ્યો છે તે શ્રુતજ્ઞાન અને શ્રુતવાનમાં અભેદોપચારથી જ કહેવાયેલો સમજવો જોઇએ. આ રૂપથીજ ભગવાને અનુયોગદ્વારમાં સ્થાપના આવશ્યક અને સ્થાપના શ્રુતનું કથન કર્યું છે. એટલા માટે લિપિમાં ભાવશ્રુતની કલ્પનાથી શ્રુતજ્ઞાનની સ્થાપના માનવી કોઈ પણ રીતે યોગ્ય નથી. આ પ્રમાણે જ લિપિમાં દ્રવ્યશ્રુતતા પણ આવતી નથી. કેમકે દ્વાદશાંગી રૂપ અર્હંત પ્રવચનનું નામ શ્રુત છે. આ શ્રુતજ્ઞાનનો જ્ઞાતા જ્યારે તેમાં અનુપયુકત અવસ્થાવાળો હોય છે, ત્યારે તે આગમની અપેક્ષાએ દ્રવ્યશ્રુત કહેવાય છે. સંજ્ઞા અક્ષર રૂપ આકૃતિને દ્રવ્યશ્રુત કહી નથી. આ કથનથી આ વાતની પુષ્ટી થાય છે કે અભયદેવ વિરચિત વૃત્તિમાં " ણમો બંમીએ લિવીએ " આ પદનો અર્થ સંજ્ઞા અક્ષર રૂપ દ્રવ્ય શ્રુતપરક માનીને જે નમસ્કાર કરવામાં આવ્યા છે તે ભ્રાંતિમય છે, કેમકે પુસ્તકમાં રહેલી સંકેતિત અકાર વગેરે વર્ણની આકૃતિમાં દ્રવ્યશ્રુતતા સંભવિત નથી હોતી. વાચના, પૃચ્છના વગેરેથી અધિગત શ્રુતમાં અનુપયુકત જ્ઞાતા જ દ્રવ્યશ્રુત છે

આ રીતે દ્રવ્યશ્રુતનું વર્ણન અનુયોગ દ્વારમાં કરવામાં આવ્યું છે. અકાર વગેરે વર્ણરૂપથી સંકેતિત લિપિમાં શબ્દાત્મકતા આવી શકે તેમ નથી. કેમકે ઉચ્ચારણ તો દ્રવ્યનું જ થાય છે, તેના સંકેતનું નહિ. લિપિ યુકત પુસ્તકો વગેરેમાં પણ વાચના વગેરે કંઇ જ હોતું નથી. કેમકે તે જડ છે, ચેતનમાં જ વાચના પૃચ્છના વગેરે થાય છે. એથી તેમાં દ્રવ્યશ્રુતતા માનવી સાવ અયોગ્ય છે. એથી એ વાત ચોક્કસ થાય છે કે અકાર વગેરે વર્ણરૂપથી સંકેતિત લિપિમાં અને આ લિપિ વિશિષ્ટ પુસ્તક વગેરેમાં દ્રવ્યશ્રુતતા થોડી પણ સંભવિત નથી.

અને બીજું પણ કે–અનુપયુકત હોવાથી અને ચરણગુણ શૂન્ય હોવાથી દ્રવ્યશ્રુતમાં બંધતા આવી જ શકતી નથી. ભાવશ્રુતમાં જ ઉપયોગ સહિત અને ચરણગુણ યુક્તતા હોવાથી વંદતા આવે છે. એટલા માટે દ્રવ્યશ્રુતમાં નમસ્કાર કરવાની કલ્પના કરવી ભ્રાંતિમૂલક જ છે. " नमो बंभीए लिवीए " આનો અર્થ આ પ્રમાણે સુસંગત બેસી શકે છે કે–અકાર વગેરે વર્ણાત્મક ભાષાના સંકેત રૂપ લિપિનું નામ બ્રાહ્મી લિપિ છે. બ્રાહ્મી શબ્દ ' ભાષા ' આ અર્થમાં પ્રયુકત થયો છે. અમરકોશમાં પણ એ જ વાત કહેવામાં આવી છે કે " ब्राह्मी तु भारती भाषा गीर्वाग्वाणी सरस्वती " અથવા તો શ્રી આદિનાથ પ્રભુએ પોતાની બ્રાહ્મી નામની પુત્રીને અઢાર પ્રકારની લિપિઓ બતાવી હતી. એટલા માટે પણ આ લિપિનું નામ બ્રાહ્મી લિપિ પડી ગયું છે. શ્રુતજ્ઞાનમાં ઉપયોગી હોવાથી આ લિપિના જ્ઞાનને ભાવશ્રુતનું કારણ માનવામાં આવ્યું છે. એથી લિપિજ્ઞાન રૂપ ભાવલિપિને વંદન કરતાં શ્રીસુધર્માસ્વામી કહે છે કે "नमो बंभीए लिवीए" શ્રતજ્ઞાનના પ્રતિ લિપિજ્ઞાન કારણ છે, કેમકે લિપિના જ્ઞાનથી અકાર વગેરે વર્ણાત્મક લિપિ રૂપથી સંકેતિત તે શબ્દનું સ્મરણ થાય છે. અને તેનાથી તેના અર્થનું જ્ઞાન થાય છે, એટલા માટે ભગવાનદ્વારા પ્રતિપાદિત અર્થને સમજાવવા માટે તે અર્થનું

પ્રતિપાદન કરનારા શબ્દોના સમૂહરૂપ શ્રુતને લિપિબદ્ધ કરવાની ઈચ્છાથી શ્રીસુધર્મા સ્વામી–કે જેમની શ્રુતબોધક ભાવલિપિ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થઇ છે–લિપિ જ્ઞાનના માહાત્મ્યને પ્રગટ કરતાં ભાવશ્રુતને નમસ્કાર કરતાં પહેલાં ભાવલિપિ-ને જ નમસ્કાર કર્યા છે. કેમકે ભાવશ્રુત પ્રત્યે ભાવલિપિ જ કારણતા છે અને આ કારણથી જ આ તેના કરતાં પૂજ્ય માનવામાં આવી છે. ભાવલિપિને નમ-સ્કાર કર્યા બાદ જ તેમણે " नमः सुयस्स " આ સૂત્ર વડે ભાવશ્રુતને નમ-સ્કાર કર્યા છે. " जिणपडिमाणं अच्चणं करेइ " આ પાઠના આધારે જે ટીકા-કાર અભયદેવસૂરિએ જીનપ્રતિમાની પૂજાની વાત કહી છે તે યોગ્ય નથી કેમકે તેમને મૂળ પાઠનો નિશ્ચયજ થયો નથી એમ જણાઇ આવે છે કારણ કે એક વાચનામાં તો એ જ પાઠ મળે છે. ત્યારે બીજી વાચનામાં –

(ण्हाया जाव सव्वालंकारविभूसिया मज्जणघराओ पडिनिक्खमई, २ जेणामेव जिणघरे तेणामेव उवागच्छई, २ जिणधरं अणुपविसइ, जिणपडिमाणं आलोए पणामं करेइ, २ लोमहत्थयं परामुसइ, २ एवं जहा सूरियाभो जिनपडिमाओ अच्चेइ तहेव भाणियव्वं जाव धूवं डहइ) त्ति,

આ પાઠ મળે છે ત્યારપછી " वामं जाणुं धरणियलंसि णिवेसेइ २ " આ જાતનો પાઠ મળે છે અને એ જ પાઠ પ્રતિમા પૂજાના તરફદારીએને માટે સંમત રૂપ છે. પણ ટીકાકારશ્રી અભયદેવસૂરિએ " दाहिणं जाणुं धरणीतलंसो निहट्टु " આ જાતનો પાઠ ટીકામાં કરીને " निहट्टु " આ પદની ટીકા–સ્થાપના કરીને આ પ્રમાણે કરી છે. આ રીતે " णिवेसेइ " ના સ્થાને " निहट्टु " આ જાતનો પાઠ ભેદ કરવામાં આવ્યો છે. આ રીતે જ પ્રતિમા પૂજાના તરફદારીઓ વડે સ્વીકૃત (तिक्खुत्तो मुद्धाणं धरणीतलंसि नमेइ) આ મૂળપાઠમાં પણ " नमेइ " ક્રિયાપદમાં " निवेशयति " આ જાતનું પરિ-વર્તન કરી નાખ્યું છે. આથી આ વાતની ખાત્રી થાય છે કે જેના મનમાં જેવો પાઠ ગમ્યો તેણે તે પ્રમાણે જ ફાવે તેમ પોતાની કલ્પનાથી મૂળ પાઠમાં

કંઈક ઉમેરો કરીને પાઠ ભેદ કરી નાખ્યો છે. એટલા માટે સ્વકપોલકલ્પિત હોવા બદલ અસલ મૂળપાઠનો નિશ્ચય જ થઇ શકે તેમ નથી. દ્રૌપદી ચરિતમાં ટીકાકાર અભયદેવસૂરિનો આ જાતનો પાઠ મળ્યો છે કે-(ईसिं पच्चुन्नमत्ति २, करयल० जाव कट्टु एवं वयासी-नमोत्थुणं अरिहंताणं भगवंताणं जाव संपत्ताणं वंदइ, नमसंइ २, जिणघराओ पडिनिक्खमइ इति) આ પાઠને લખીને તેમણે ટીકા કરી છે. ' वन्दते ' ' नमस्यति ' પદના અર્થનું સ્પષ્ટીકરણ કરતાં તેઓ કહે છે કે પ્રસિદ્ધ ચૈત્ય વંદન વિધિ મુજબ નમન કરવું. વંદના અને ત્યારપછી પ્રણિધાન વગેરેના યોગથી નમસ્કાર કરવો નમન છે, વૃદ્ધોનો આ જાતનો સિદ્ધાન્ત છે. સૂત્રમાં જ્યારે પ્રણિપાત દંડક માત્ર ચૈત્યવંદન કહ્યું છે ત્યારે એનાથી જ આ વાત સિદ્ધ થઇ જાય છે કે બીજા શ્રાવકોને પણ આ પ્રમાણે જ વંદન નમન કરવાં જોઇએ. તો આ જાતનું કથન યોગ્ય નથી, કેમકે આ ચરિતાનુવાદ રૂપ છે.

ભાવાર્થ—ગમે તે શ્રાવક આમ સમજીને કે સૂત્રમાં જ્યારે દ્રૌપદીએ દંડાકારે થઇને ચૈત્ય વંદન કર્યું છે તો આ સૂત્રને જ પ્રમાણ સ્વરૂપ માનીને અમારે પણ આ પ્રમાણે જ પ્રણામ કરવા જોઇએ. તો તેમની આ વાત પણ ઠીક કહી શકાય તેમ નથી, કેમકે આ ચરિતનો જ અનુવાદક છે. ચરિતનું અનુવાદક વાકય વિધેય રૂપમાં માન્ય હોતું નથી. આ સૂત્ર ચરિતનો અનુવાદક રૂપ છે. આનો ભાવ એ છે કે આ વાકય જ્ઞાત અર્થનો પ્રદર્શક હોવાથી જે જે વાતો જે રૂપમાં થઈ ચૂકી છે તે બધાનું અનુવાદક રૂપ છે- " जयं चरे जयं चिट्ठे " ઇત્યાદિ સૂત્રની જેમ આ વિધિવાકય નથી. એટલા માટે ભગવાને પ્રતિમાના પૂજન અને વંદન, નમન કરવા વગેરેની આજ્ઞા સૂત્રમાં

કોઇ પણુ સ્થાને કરી નથી. ચરિતાનુવાદ રૂપ વાકયમાં વિધિ અને નિષેધ બોધકતા સંભવિત થતી નથી. આ ધ્યેયથી (न च चरितानुवादवचनानि विधि-निषेधसाधकानि भवन्ति) એમ માનવામાં આવે છે. નહિતર પછી સૂર્યાભદેવ વડે જેમ ઘણાં શસ્ત્રો વગેરે વસ્તુઓની પૂજા કરેલી વાત સંભળાય છે તેમજ પ્રતિમા પૂજકોના માટે પણુ એમની પૂજા વિધેય રૂપમાં માની લેવી જોઇએ.

ભાવાર્થ—" न च द्रौपद्याः प्रणिपातदण्डकमात्रं चैत्यवंदनमभिहितं सूत्रे " વગેરે વાકય દ્વારા ટીકાકાર અભયદેવસૂરિએ આટલા પાઠનો જ સ્વીકાર કર્યો છે કે દ્રૌપદીએ ફક્ત વંદના જ કરી છે, પ્રતિમા પૂજા નહિ. એથી આ વાત સ્પષ્ટ રીતે સિદ્ધ થઈ જાય છે કે જ્યારે ચરિતાનુવાદ રૂપથી પણુ શાસ્ત્રમાં કોઈ પણુ સ્થાને ભગવાને અર્હંતની પ્રતિમાના પૂજન વિષે કહ્યું નથી. ત્યારે વિધિ રૂપથી પ્રતિમા પૂજન માટે ભગવાન અર્હંતની આજ્ઞા છે એવી માન્યતા ફક્ત કલ્પના માત્ર જ છે. આ પ્રમાણે સ્થાનકવાસી સંપ્રદાયની આ માન્યતા નિર્દોષ તેમજ શાસ્ત્રાનુકૂલ અને સત્ય છે કે અર્હંતની પ્રતિમા બનાવીને પૂજવી શાસ્ત્રવિહિત માર્ગથી ઉલટો માર્ગ છે. અર્હંતની પ્રતિમાની વંદના પણુ દ્રૌપદીએ કરી નથી, આ વાતને પણુ અમે આગળ સપ્રમાણુસિદ્ધ કરવા પ્રયત્ન કરીશું.

અને બીજું પણુ કે–પ્રતિમા પૂજકો વડે પ્રમાણુ રૂપે સ્વીકૃત મહાનિશીથ સૂત્રમાં પણુ એ જ વાત સમજાવવામાં આવી છે કે પ્રતિમા પૂજન જાતે એક સાવદ્ય કર્મ છે. તેના નિમિત્તે જીનાલય વગેરે બનાવવા તે પણુ સાવદ્ય કર્મ છે. એમ જાણીને જ કુવલયપ્રભ નામના આચાર્યે દ્રવ્યલિંગિઓ વડે પૂછાએલા પ્રશ્નના ઉત્તરમાં આ પ્રમાણે જ કહ્યું છે કે આ બધું સાવદ્યકર્મ છે. હું મારા વચનોથી પણુ આ વિષયનું જરાય પણુ મંડન કરી શકું તેમ નથી. આ રીતે કહેનાર તે કુવલયપ્રભ નામક આચાર્યે તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કરીને એક ભવાવતારી બન્યા. સાવદ્યકર્મ નિષેધ કરનાર હોવાથી તે ચૈત્યવાસીઓએ

તેમનું નામ "સાવદ્યાચાર્ય" એ પ્રમાણે રાખ્યું અને પ્રસિદ્ધ પણ કર્યું. જેમકે ભગવાન્ શ્રી વર્ધમાનસ્વામી ગૌતમને કહે છે કે-આ ઋષભાદિ ચૌવીસીના પહેલા ભૂતકાળમાં જે ચોવીસી થઈ ગઇ છે તે ચોવીસીમાં મારા જેવા સાત હાથ પ્રમાણ શરીરવાળા ધર્મશ્રી નામના છેલ્લા તીર્થંકર થઈ ગયા છે. તે તીર્થંકરના સમયમાં સાત આશ્ચર્યો થયા હતા, તેમાં "અસંયતપૂજા" નામનું એક આશ્ચર્ય હતું તે અસંયત પૂજાની પ્રવૃત્તિ થઈ ત્યારે અનેક સાધુ શ્રાવકોના પૈસાથી પોતપોતાના માટે બનાવરાવેલા ચૈત્યોમાં વાસ કરતા હતા અર્થાત્ ચૈત્યવાસી થઇ ગયા હતા. ત્યાં એક શ્યામ વર્ણવાળા કુવલયપ્રભ નામના મુનિમહારાજ કે જેઓ મહા તપસ્વી, ઉગ્ર વિહારી હતા, તેઓ પોતાના શિષ્ય પરિવાર સહિત ત્યાં પધાર્યા હતા તેમને તે ચૈત્યવાસીઓએ વંદના કરીને જે કહ્યું તે આ પ્રમાણે છે—

"जहा णं भयवं ! जइ तुमभिहाइ एकवासारत्तियं चाउम्मासियं पउंजियंताण मिच्छाए, अणेगे चेइयालया भवंति नूणं तज्झाणत्तिए ता कीरउ अणुग्गहम्माणं इहेव चाउम्मासियं । ताहे भणियं तेण महाणुभागेणं गोयमा । जहा भो मो पियंवए जइवि जिणालए तहावि सावज्जमिणं णाहं वायामित्तेणं पि आयरिज्जा । एवं च समयसारपरंतत्तंजहट्ठियं अविपरीतं णीसंकं भाणमाणेग तेसिं मिच्छदिट्ठिलिंगीणं साहुवेसधारीणं मज्झे गोयमा ? आसकलियं तित्थयरनामगोत्तं तेणं कुवलयप्पभेणं एगभवावसेसीकओ भवोयही । इति (महानिशीथ पञ्चम अध्ययन) આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે-હે ભગવન !

તમે અહીં એકવર્ષારાત્રિક-ચાર માસ-રોકાઓ-એટલે કે અહીં તમે ચોમાસું પુરૂં કરો. પ્રવર્તકોની આજ્ઞાથી અહીં ઘણા ચૈત્યાલયો બની જશે. એથી તમે અહીં જ ચોમાસું પુરૂં કરવાની કૃપા કરો, અમારા ઉપર તમારો ભારે અનુગ્રહ થશે. તમારા ઉપદેશથી અમને ચોક્કસ ખાત્રી છે કે ઘણા ચૈત્યાલયોનું નિર્માણ થઈ જશે. આ રીતે દ્રવ્ય લિંગિઓની પ્રાર્થના સાંભળીને મહાનુભાવ કુવલયપ્રભ આચાર્યે કહ્યું કે હે દેવાનુપ્રિય ! જો કે તમે જીમાલયના વિષે કહો છો, પણ મને આ કામ કરાવવામાં શ્રેય લાગતું નથી, કેમકે આ સાવદ્યકર્મ છે. જીનભવન બનાવવું અને તેને બનાવવાની પ્રેરણા આપવી આ બંને જાતની પ્રવૃત્તિઓમાં પૃથ્વિકાય વગેરે છ જાતના જીવોની વિરાધના થાય છે આ રીતે પૂજા કરવામાં પણ ષટ્કાયના જીવનિકાયોનો આરંભ અવશ્યંભાવી છે. એટલા માટે ઘણી જાતના ષટ્કાયના જીવોના વિઘાતના માટે હેતુરૂપ હોવા બદલ પૂજાના માટે પણ જીનભવન બનાવવું સાવદ્યતર કાર્ય છે. એવા સાવદ્યતર કાર્ય

માટે હું કોઈ પણ રીતે ઉપદેશ આપવા તૈયાર નથી, હું આ જાતનો ઉપદેશ કોઇપણ વખતે આપવા તૈયાર નથી કે જેમાં જીનાલય બતાવવાનું વિધાન સરખુંય હોય. આ રીતે પ્રવચન સિદ્ધાંતની સારભૂત વસ્તુસ્થિતિને સાચા રૂપમાં વગર કોઈ પણ જાતના સંકોચે-પ્રગટ કરનારા તે મુનિરાજે તે સાધુ વેષધારી દ્રવ્ય લિંગિઓની સામે કે જેઓ મિથ્યાદષ્ટિવાળાઓની જેમ જીવોની હિંસા કરવામાં પ્રવૃત્ત હતા—શુદ્ધ પ્રરૂપણા કરી. આ રીતે શુધ્ધ પ્રરૂપણા કરવાથી હે ગૌતમ! તીર્થંકર નામ-ગોત્રકર્મનો બંધ કર્યો અને સંસાર પણ એક ભવ જેટલો જ શેષ રહ્યો. આ ઉદાહરણથી આપણે એજ વાત સમજવી જોઇએ કે જ્યારે પ્રતિમા પૂજન માટે પણ મંદિર બનાવવું સાવદ્યકર્મ છે અને આ સાવદ્યકાર્યનો ઉપદેશ કરવો પણ સાધુના માટે ત્યાજ્ય છે. આ હેતુથી જ કુવલયપ્રભસૂરીએ આ કાર્યનો નિષેધ કર્યો છે. આ નિષેધથી તેમને તીર્થંકર નામ-ગોત્ર કર્મનો બંધ થયો અને સંસાર પણ તેમને માટે એકભવ જેટ-લો જ શેષ રહ્યો હતો. તો પછી સર્વ રીતે સાવદ્યકર્મોનો પરિત્યાગ કરનારા બધા પ્રાણીઓની રક્ષાના નિમિત્તે અહિંસા ધર્મનો પ્રચાર કરનારા પ્રવચન સિદ્ધાંતના સારને જાણનારા, સંયમ માર્ગમાં પ્રવૃત્તિ કરનારા, સમ્યકત્વની શુદ્ધિથી વિશિષ્ટ અને પ્રતિમા પૂજા નહિ કરનારા અને તેને નિષેધ કરનારા એવા સંયમીઓનું એવું કયું કામ શેષ રહ્યું છે કે જે તેમના આત્માના કલ્યાણનું સાધનરૂપ ન હોય?

હવે અહીં આ વાતનું વર્ણન કરવામાં આવે છે કે લગ્નના વખતે દ્રૌપદી સમ્યકત્વવાળી ન હતી

જૈન આગમોનું સારી રીતે પરિશીલન કરનારા વિદ્વાનો આ વાતને સારી પેઠે જાણે છે કે જે જીવે જે નિદાન કર્યું છે-જ્યાં સુધી તેના ફળની પ્રાપ્તિ તે જીવને થઇ જતી નથી ત્યાં સુધી તે જીવ સમ્યકત્વથી વંચિત રહીને જીન-ધર્મથી દૂર રહે છે.

" पुव्वकयनियाणेणं चोइज्जमाणी २ जेणेव पंच पंडवा तेणेव उवागच्छइ, उवागच्छित्ता, ते पंच पंडवे तेणं दसद्धवण्णेणं कुसुमदामेणं आवेढियपरिवेढियं करेइ। करित्ता एवं वयासी-एएणं मए पंच पंडवा वरिया "

આ જાતના આ પ્રામાણિક સૂત્રપાઠથી આ સ્પષ્ટ રૂપમાં માલુમ થઈ જાય છે કે લગ્નના વખતે પૂર્વકૃત નિદાનને સ્વાધીન હોવાને કારણે દ્રૌપદી સમ્યકત્વ રહિત હતી. એટલા માટે તે સમયે તેમાં શ્રાવિકાપણું સિદ્ધ થઇ શકે તેમ નથી. તેમજ એકી સાથે પાંચે પાંડવોને પતિરૂપમાં વરણ કરવાથી તેના પૂર્વ સંસ્કારોના ઉદયથી વિપુલ સુખ ભોગવવાની ઇચ્છા પણ સ્વાભાવિકી માલુમ થાય છે. એથી તે કુમારી અવસ્થામાં શ્રાવિકા હતી નહિ. આ યુક્તિ અર્થનો પરિહાર કોણ કરી શકે તેમ છે.

દ્રૌપદીએ કોની પૂજા કરી ? આ જાતની જીજ્ઞાસાને સામે રાખીને ટીકાકાર નિર્ણય કરતાં કહે છે કે—

અખંડ સૌભાગ્ય તેમજ પ્રચુર ભોગની ઇચ્છાથી જ તે સમયે દ્રૌપદીએ કામદેવનું જ પૂજન કર્યું છે, આ વાત જ યોગ્ય લાગે છે. લોકમાં પણ આ જાતનો જ વહેવાર જોવામાં આવે છે કે લગ્નના વખતે વાજાંઓની સાથે સારી રીતે કામદેવનું પૂજન લોકો કરતા રહે છે. આ વાતને વર્ધમાનસૂરિ પણ કે જેઓ પ્રતિમા પૂજનના તરફદાર છે-સ્વીકાર કરે છે અને આ પ્રમાણે જ કહે છે. આ વાતનું સ્પષ્ટીકરણ તેમણે સ્વનિર્મિત આચાર દિનકરના બીજા વિભાગમાં કર્યું છે. તેઓ લખે છે કે—

" परसमये गणपतिकंदर्पस्थापनम् । गणपतिकंदर्पस्थापनं सुगमं लोकप्रसिद्धम् " इति ।

લૌકિક શાસ્ત્રમાં ગણપતિ અને કંદર્પ (કામદેવ) ની સ્થાપના થાય છે. તેથી ગણપતિ કંદર્પની સ્થાપના કરવી તેજ સુગમ અને લોકપ્રસિદ્ધ છે.

" जिनपडिमाणं अच्चणं करेइ "

આ સૂત્રમાં જીન શબ્દ જીનેદ્ર ભગવાનને વાચક નથી પણ કામદેવનો વાચક છે કેમકે જીન શબ્દોના ઘણા અર્થો કોષ વગેરે ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે જેમકે–

अर्हन्नपि जिनश्चैव जिनः सामान्यकेवली ।

कंदर्पोऽपि जिनश्चैव जिनो नारायणो हरी : ॥ इति (हैमीय नाममाला)

વિજયગચ્છીય શ્રી ગુણસાગરસૂરિએ પણ ' ઢાલસાગર " નામના કાવ્યના છઠ્ઠા ખંડમાં દ્રૌપદીના આરાધ્યદેવનો નિર્ણય કરતાં તેમણે કહ્યું છે કે—

करि पूजा कामदेवनी भांखे द्रुपदिनार ।

देव ! दया करी मुझने भलो देजो भरतार ॥ १ ॥

આ સૂત્રમાં અર્હંત ભગવાનને ' જીન ' એટલા માટે કહ્યા છે કે તેમણે બધા કષાય કર્મ, મોહ અને પરિષહોને જીત્યા છે. સામાન્ય કેવલી "જીન" એટલા માટે કહેવામાં આવ્યા છે કે તેમણે ચાર ઘનપતિઓના કર્મોને પોતાના આત્માથી સમૂળ નષ્ટ કરી નાખ્યા છે વિષ્ણુ ' જીન ' એટલા માટે કહેવાય છે કે તેમણે પોતાના ભુજ બળથી ભરતખંડના છ ખંડોમાંથી ત્રણ ખંડોને પોતાને વશ કર્યા છે એથી તેઓ અર્દ્ધચક્રી પણ કહેવાય છે. કામદેવને 'જીન' એટલા માટે કહેવામાં આવ્યો છે કે તેના વશમાં ત્રણે લોકો છે. ત્રણે લોકોમાં એવું કોઇ પ્રાણી રહ્યું નથી કે જેને કામદેવે પોતાના વશમાં કર્યું ન હોય.

શંકા—દ્રૌપદીએ કામદેવની મૂર્તિની પૂજા કરી તે તમારી આ વાત ત્યારેજ યોગ્ય કહી શકાય કે જ્યારે કામદેવની મૂર્તિ બની શકતી હોય ? પણ કામદેવની મૂર્તિ તો તૈયાર થઈ શકે તેમ નથી કેમકે તે તો અમૂર્તિક–અશરીર–અનંગ છે. અંગવાળાની જ મૂર્તિ બને છે, અનંગની નહિ.

ઉત્તર—આ વાત યોગ્ય નથી, કેમકે મૂર્તિ પૂજા કરનારા લોકો અનંગ સિદ્ધોની મૂર્તિ બનાવીને તેની પૂજા કરતા રહે છે જો કે શાસ્ત્રોમાં સિદ્ધોની મૂર્તિ બનાવવાની આજ્ઞા કરવામાં આવી નથી છતાંય મૂર્તિ પૂજક લોકો પોતાની કલ્પનાથી તેમની પણ મૂર્તિ બનાવીને પૂજા કરે જ છે. તેમજ લૌકિક શાસ્ત્ર પ્રસિદ્ધ અનંગ કામદેવની પણ લોકો પોતાની કલ્પના મુજબ મૂર્તિ બનાવીને તેને પૂજે છે, આમાં વાંધા જેવી કોઈ વાત નથી.

લક્ષ્મી, ગૌરી વગેરે દેવીઓની પૂજા લોકમાં પોતાની ઇચ્છા મુજબ પતિ મેળવવાની કામનાથી સ્ત્રીઓ વડે કરવામાં આવે જ છે. લૌકિક મંત્ર શાસ્ત્રમાં મંત્ર રત્ન મંજૂષામાં કામદેવનું આરાધન "कन्यामिष्टामवाप्नोति साभीष्टं पति माप्नुयात्" આ અર્દ્ધશ્લોક વડે ઇચ્છિત પ્રતિપ્રાપ્તિનું કારણ બતાવવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં પણ આપણે જોઇએ તો લગ્નના સમયે લોકમાં કુળ દેવતાનું પૂજન કરવામાં આવે જ છે. આ કુળદેવતાનું પૂજન જ એક રીતે કામદેવની પૂજનનું અનુસરણ છે. એક વખત એવો હતો કે જ્યારે કામદેવજ, રાગશાળી ગૃહસ્થ લોકોને માટે કુળ દેવતાના રૂપમાં લગ્ન-સંબંધી વ્યવહારમાં માન્ય ગણાતો હતો. દ્રૌપદીએ પણ તે સમયે જે કુળ દેવતાનું પૂજન કર્યું તે કામદેવનું જ પૂજન કર્યું હતું એ જ વાત બરોબર લાગે છે. આ પૂજનના પ્રકરણમાં જે "नमोत्थुणं अरिहंताणं" આ પાઠ આવે છે તે પ્રવચન વિરૂદ્ધ જ છે કેમકે લૌકિક કુળદેવતાની પ્રતિમાના અર્ચન-પ્રકરણમાં લોકોત્તર અર્હંત ભગવાનના પ્રકારણનો સંબંધ જ શી રીતે યોગ્ય કહી શકાય તે વખતે કે જયારે તે પૂર્વ ભવમાં કરેલા નિદાનથી યુક્ત હતી અને કામભોગમાં અનુરક્ત હૃદયવાળી હતી એવી સ્થિતિમાં તો તેના માટે કામદેવની અર્ચના કરવાનો વખત જ સ્પષ્ટ રૂપે જણાઇ આવે છે. કામભોગોથી વિરત વીતરાગ માર્ગના ઉપદેશક વીતરાગ પ્રભુ અર્હંત ભગવાનની પૂજા વંદના માટે તે વખત યોગ્ય કહી શકાય નહિ. આ સિધ્ધાંત જ શાસ્ત્રાનુકૂળ છે બીજો નહિ. યુધ્ધમાં

જનાર લડવૈયા માટે વીર રસ સિવાયનો મલ્હાર રાગ પણ શું આનંદ પમાડનાર થઇ શકે છે ? નહીંજ લગ્નના સમયે તો ભગવાન અર્હંતની પૂજા કરતાં તો કુળદેવતાની પૂજા કરવાનો પ્રસંગજ યોગ્ય લેખાય છે. એટલા માટે આ જાતના પ્રસંગની વાત માનવી એ મનમાની કલ્પના માત્રજ છે. કેમકે આ સમયે દ્રૌપદી પૂર્વભવમાં કરેલા નિદાનની ફળ પ્રાપ્તિના અભાવને લીધે સમ્યકત્વથી રહિત હતી અને એવી સ્થિતિમાં ઇચ્છિત ફળ પ્રાપ્તિ માટે તેને કામદેવની પૂજા કરવાની ઇચ્છા થાય કે તેનાથી વિરૂધ્ધ ફળ આપનાર જીનં ભગવાનની પૂજાની ? આ જાતે વિચાર કરવા યોગ્ય વાત છે. જેની પૂજા કરવામાં આવે છે. તેને જ વંદના કરવામાં આવે છે. પૂજા તો કુળ દેવતારૂપ કામદેવની થાય અને વંદના વીતરાગ પ્રભુ શ્રી અરિહંત દેવની કરવામાં આવે. આ જાતની માન્યતા તો લૌકિક રીતિથી પણ વિરૂધ્ધ છે. આ પ્રમાણે બધી રીતે વિચારતાં આ સિધ્ધ થાય છે કે દ્રૌપદીએ જીન પ્રતિમાનું પૂજન કર્યું નથી.

અભયદેવસૂરિએ સ્વરચિત વૃત્તિમાં જે એ કહ્યું છે કે એક વાચનામાં " जिनपडिमाणं अच्चणं करेइ " બીજી વાચનામાં " ण्हाया इत्यादि तथा द्रौपद्याः प्रणिपातदण्डकमात्र चैत्यवंदनमभिहितं सूत्रे इति ।" તો તેમનું આ કથન આ વાતને પ્રકટ કરે છે કે આ પાઠમાં સિધ્ધાન્તથી વિરૂધ્ધ એવા પાઠનો પ્રક્ષેપ થયો છે. આ વિષે જે કંઈ યોગ્ય સ્પષ્ટીકરણ કરવાનું હતું તે અમે પહેલાં કરી દીધું છે.

દ્રૌપદી પૂજા ચર્ચા સમાપ્ત.

तएणं तं दोवइं रायवरकन्नं इत्यादि—

ટીકાર્થ—(तए णं) ત્યારપછી (तं दोवइं रायवरकन्नं) તે રાજવર કન્યા દ્રૌપદીને (अंते उरियाओ-सव्वालंकारविभूसियं करेंति) રણવાસની સ્ત્રીઓએ સમસ્ત અલંકારોથી શણગારી. (किं ते) તે સમયના તેના સૌંદર્યનું વર્ણન આપણે કેવી રીતે કરી શકીયે. વાણી વડે તેનું વર્ણન અશક્ય છે એટલે કે વાણીમાં એટલી શક્તિ નથી કે તેના સૌંદર્યનું સચોટ વર્ણન કરી શકે.

(वरपायपत्तणेउरा जाव चेडियाचक्कवालमयहरगविंदपरिक्खित्ता अंतेउराओ पडिणिक्खमइ)

પગોમાં જેણે સુંદર નૂપુર પહેર્યાં છે એવી તે દ્રૌપદી ઘણી ચતુર દાસીઓથી વીંટળાઈને રણવાસથી બહાર નીકળી.

(पडिनिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छिता किड्डावियाए लेहियाए सद्धिं चाउग्घंटं आसरहं दुरुहइ)

બહાર નીકળીને તે જ્યાં બહારના સભા-મંડપમાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો ત્યાં આવી. ત્યાં આવીને તે પોતાથી ક્રીડન ધાત્રી-કે જે લેખિકા રાજકુલ, વંશ નામ વગેરેની પરિચારિકા હતી-તેની સાથે તે ચાર ઘંટવાળા અશ્વરથ ઉપર સવાર થઈ ગઈ.

(तएणं से धट्ठज्जुणे कुमारे दोवईए कन्नाए सारत्थं करेइ, तएणं सा दोवइ रायवरकण्णा कंपिल्लपुरं नगरं मज्झं मज्झेणं जेणेव सयंवरमंडवे तेणेव उवागच्छइ)

જ્યારે તે સવાર થઈ ગઈ ત્યારે કુમાર ધૃષ્ટદ્યુમ્ને તે દ્રૌપદી રાજવર કન્યાના રથ ઉપર બેસીને સારથીનું કામ સંભાળ્યું. આ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્ન વડે હાંકવામાં આવેલા તે રથ ઉપર સવાર થઈને તે રાજવર કન્યા દ્રૌપદી કાંપિલ્યપુર નગરની વચ્ચે થઈને જ્યાં સ્વયંવર મંડપ હતો ત્યાં રવાના થઈ.

(उवागच्छित्ता रहं ठवेइ रहाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता किड्डावियाए लेहियाए सद्धिं सयंवरमंडवं अणुपविसइ, अणुपविसित्ता करयल तेसिं वासुदेव पामुक्खाणं बहूणं रायवरसहस्साणं पणामं करेइ)

ત્યાં પહોંચીને તેણે રથને થોભાવડાવ્યો, જ્યારે રથ થોભ્યો ત્યારે તે રથ ઉપરથી નીચે ઉતરી, નીચે ઉતરીને તે લેખિકા ક્રીડન ધાત્રીની સાથે સ્વયંવર મંડપમાં પ્રવિષ્ટ થઈ. પ્રવિષ્ટ થઈને તેણે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને પોતાના બંને હાથ જોડીને નમસ્કાર કર્યા.

(तए णं सा दोवई रायवरकन्ना एगं महं सिरिदामगंडं किं ते ! पाडलमल्लिय चंपय जाव सत्तच्छयाईहिं गंधद्धाणिं मुयंत परमसुहफासं दरिसणिज्जं गेण्हइ)

ત્યારપછી તે રાજવર કન્યા દ્રૌપદીએ એક બહુ મોટો ભારે શ્રીદામકાંડને કે જેની સુંદરતાનું વર્ણન થઈ શકે તેમ નથી અને જે અપૂર્વ હતો–પાટલ ગુલાબના પુષ્પોથી, મલ્લિકા–મોગરોના પુષ્પોથી, ચમ્પાના પુષ્પોથી યાવત્ સપ્તચ્છદ વૃક્ષના પુષ્પોથી તે તૈયાર કરવામાં આવ્યો હતો અને જેમાંથી નાસિકાને તૃપ્તિ થાય તેવી સુવાસ પ્રસરી રહી હતી જેનો સ્પર્શ અત્યંત સુખકારી તેમજ જે દર્શનીય હતો–હાથમાં લીધો.

(तएणं सा किड्डा विया जाव सुरूवा जाव वामहत्थेणं चिल्लगं दप्पणं गहेऊण सललियं दप्पणसंकंतबिंबसंदंसिए य से दाहिणेणं हत्थेणं दरिसए पवर-

रायसीहे फुडविसयविसुद्धरिभियगंभीरमहुरभणिया सा तेसिं सव्वेसिं पत्थिवाणं अम्मापिऊणं वंससत्तसामत्थगोत्तविक्कंतिकंतिबहुविहआगममहाप्परूवजोव्वण गुणलावण्णं कुलजाणिया कित्तणं करेइ)

ત્યારપછી તે ક્રીડનધાત્રીએ પોતાના હાથમાં એક ચમકતો અરીસો લીધો. અહીં ' અરીસા ' માટે યાવત્ શબ્દથી નીચે લખ્યા મુજબ વિશેષણોનું પણ ગ્રહણ સમજવું જોઈએ. (सामावियघंसं चोद्दहजणस्स उस्सुयकरं विचित्तं मणिरयणबद्धछरुहं) આ વિશેષણોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-તે અરીસો સ્વાભાવિક રીતે લીસો હતો, તેમજ તરુણ સ્ત્રીઓના ચિત્તમાં તેને જોવાની સહજ ભાવે ઈચ્છા જાગ્રત થાય તેવો હતો. તે અરીસાનો હાથો વિચિત્ર મણીરત્નોથી જડેલો હતો. તે અરીસામાં સિંહ જેવા શૂરવીર જે જે રાજાઓ દેખાયા તે ધાત્રીએ તે રાજાઓને પોતાના જમણા હાથથી સંકેત કરીને બતાવ્યા. બતાવતી વખતે અને સમજાવતી વખતે તે ધાય અર્થની અપેક્ષાથી એકદમ સ્ફુટ અને વર્ણની અપેક્ષાથી વિશદ એવી વિશુદ્ધ એટલે કે શબ્દાર્થ દોષરહિત-સ્વરયુક્ત, મેઘધ્વનિ જેવી ગંભીર મધુરવાણીનું ઉચ્ચારણ કરી રહી હતી. પોતાના ભાષણ વડે તે ધાય બધા રાજાઓના માતા પિતા વંશ, સત્વ, સામર્થ્ય, ગોત્ર, વિક્રમ, કાંતિ, શાસ્ત્રજ્ઞાન, મહાત્મ્ય તેમજ રૂપ, યૌવન, ગુણ, લાવણ્ય, કુળ અને શીલ વગેરેની બાબતમાં જાણકાર હતી એટલે બધું વર્ણન કરતી જતી હતી. વંશથી હરિવંશ વગેરે અને કુળથી વંશનો અવાન્તર ભેદનું કથન થયું છે.

(पढमं ताव वण्हिपुंगवाणं दसदसारवीरपुरिसाणं तेलोक्कबलवगाणं सत्तुसयसहस्समाणावमद्दगाणं भवसिद्धिपवरपुंडरीयाणं चिल्लगाणं बलवीरियरूव-

जोव्वणगुणलावण्णकित्तिया कित्तणं करेइ)

ते क्रीडन धात्रीએ सौ पहेलां वृष्णि वंशमां पुंगव (श्रेष्ठ) समुद्र विजय वगेरे दश दशार्होंनुं-के जेओ त्रणे लोकोमां पण विशिष्ठ शक्तिशाळी गणाता हता, लाखो शत्रुओना माननुं मर्दन करनारा हता, भवसिद्धिक पुरुषोमां जेओ कमळनी जेम श्रेष्ठ गणाता हता अने जेओ पोताना स्वाभाविक तेजथी हमेशां प्रकाशता रहेता हता, बळ, वीर्य, रूप, यौवन, गुणो, लावण्य, कीर्ति वगेरेथी संपन्न हता-वर्णन कर्युं. शारीरिक शक्तिनुं नाम बळ, उत्साहनुं नाम वीर्य, सौन्दर्यनुं नाम रूप अने तारूण्यनुं नाम यौवन छे. औदार्य, गांभीर्य गुणो छे. युवावस्थामां जे शरीर कांतिवाळुं थाय छे तेने लावण्य केहेवामां आवे छे.

(तओ पुणो उग्गसेणमाईणं जायवाणं भणइ य सोहग्गरूवकलिए वरेहि वरपुरिसगंधहत्थीणं जो हु ते होइ हिययदइओ तएणं तं दोवई रायवरकन्नगा बहूणं रायवरसहस्साणं मज्झं मज्झेणं समतिच्छमाणी २ पुव्वकयणियाणेणं चोइज्जमाणी २ जेणेव पंच पंडवा तेणेव उवागच्छइ)

त्यारपछी क्रीडन धात्रीએ उग्रसेन वगेरेनुं वर्णन कर्युं अने कह्युं के-हाथीओमां जेम गंध हस्ती उत्तम गणाय छे, तेमज पुरुषोमां सविशेष गुणवान एवा एओ बधी रीते सारा छे, आ बधामां तने जे सौभाग्य-शाळी लागता होय अने तने जेओ गमता होय तेओने तुं पति रूपमां स्वीकारी ले. त्यारपछी ते राजवर कन्या द्रौपदी ते हजारो राजाओनी वच्चेथी पसार थईने पोताना सुकुमारिकाना भवमां करेला अभिलाषथी प्रेराईने ज्यां पांच पांडवो हता त्यां पहोंची.

(उवागच्छित्ता ते पंच पांडवे तेणं दसद्धवण्णेणं कुसुमदामेणं आवेढिय परिवेढियं करेइ, करित्ता एवं वयासी, एए णं मए पंचपंडवा वरिया, तएणं

तेसिं वासुदेवपामोक्खाणं बहूणि रायसहस्साणि, महया २ सद्देणं उग्घोसेमाणा २ एवं वयंति, सुवरियं खलु भो ! दोवइए रायवरकन्नाए २ त्ति कट्टु सयंवरमंडवाओ पडिनिक्खमंति, पडिनिक्खमित्ता जेणेव सया२ आवासा तेणेव उवागच्छइ)

ત્યાં પહોંચીને તેણે તે પાંચ પાંડવોને પાંચ વર્ણવાળી માળાથી અવેષ્ટિત, પરિવેષ્ટિત કરી દીધા. ત્યારપછી તેઓને કહેવા લાગી કે હે પાંચ પાંડવો ! મેં તમને પતિ રૂપમાં વરી લીધા છે. ત્યારબાદ તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓએ બહુ મોટા સાદથી આ પ્રમાણે કહ્યું કે—આ રાજવર કન્યા દ્રૌપદીએ બહુ જ સારા વરો પસંદ કર્યા છે. આમ કહીને તેઓ સર્વે સ્વયંવર મંડપમાંથી બહાર નીકળી ગયા. બહાર નીકળીને તેઓ જ્યાં પોતાના આવાસ સ્થાનો હતાં ત્યાં જતા રહ્યા.

(उवागच्छित्ता तएणं धट्ठज्जुण्णे कुमारे पंचपंडवे दोवइं रायवरकण्णं चाउग्घंटं आसरहं दुरूहइ, दुरूहित्ता कंपिल्लपुरं मज्झं मज्झे णं जाव सयं भवणं अणुपविसइ, तएणं दुवए राया पंच पंडवे दोवइं रायवरकन्नं पट्टयं दुरुहेइ, दुरूहित्ता सेयापीएहिं कलसेहिं मज्जावेइ मज्जावित्ता अग्गिहोमं कारवेइ, पंचण्हं पंडवाणं दोवइए य पाणिग्गहणं करावेइ)

ત્યારપછી ધૃષ્ટદ્યુમ્ન કુમારે તે પાંચ પાંડવોને અને રાજવર કન્યા દ્રૌપદીને ચાર ઘંટવાળા તે અશ્વરથ ઉપર બેસાડયા અને બેસાડીને કાંપિલ્યપુર નગરની વચ્ચે થઇને જ્યાં પોતાનું ભવન હતું ત્યાં ગયા. ત્યાં જઈને તેઓ સર્વે તેમાં પ્રવિષ્ટ થયા. ત્યારપછી દ્રુપદ રાજાએ તે પાંચે પાંડવોને અને રાજવર કન્યા તે દ્રૌપદીને એક પટ્ટક ઉપર બેસાડી દીધા અને બેસાડીને તેણે તેમનો સફેદ, અને પીળા કળશોથી—એટલે કે ચાંદી અને સોનાના કળશોથી અભિષેક કરાવડાવ્યો અભિષેક કરાવીને તેણે અગ્નિહોમ કરાવરાવ્યો અને તેની સાક્ષીમાં પોતાની કન્યા દ્રૌપદીનો હસ્તમેળાપ તેઓની સાથે કરાવી દીધો.

(तएणं से दुवए राया दोवइए रायवरकण्णयाए इमं एयारूवं पीईदाणं

दलयइ, तं जहा अट्ठ हिरण्णकोडीओ जाव अट्ठ पेसणकारीओ दासचेडीओ, अण्णं च विउलं धणकणग जाव दलयइ, तएणं से दुवए राया ताइं वासुदेव पामोक्खाणं विउलेणं असण ४ वत्थ गंध जाव पडिविसज्जेइ)

ત્યારપછી દ્રુપદ રાજાએ રાજવર કન્યા દ્રૌપદીને આ પ્રમાણે પ્રીતિદાન આપ્યું કે આઠ હિરણ્ય-કોટિ-ચાંદીના આઠ કરોડ આભૂષણો યાવત્ આજ્ઞામાં રહેનારી આઠ દાસીઓ અને બીજું પણ ઘણું ગણિમ વગેરે રૂપ. ધન, અઘ-ટિત સુવર્ણ, કર્કેતન વગેરે રત્ન, ચન્દ્રકાંત વગેરે મણિ, મૌક્તિક, શંખ, વિદ્રુપ, પદ્મરાગ વગેરે રક્ત રત્નો આપ્યા. આ બધું સારભૂત ધન દ્રૌપદીને આપ્યું. ત્યારપછી દ્રુપદ રાજાએ તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને અશન, પાન, ખાદ્ય, અને સ્વાદ્ય રૂપ ચાર જાતના આહારો અને વસ્ત્ર, ગંધ વગેરેથી સત્કૃત સન્માન્નિત કરીને પોતાના નગરથી વિદાય કર્યા. ॥ સૂત્ર ૨૨ ॥

तएणं से पंडुराया इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से पंडूराया) તે પાંડુ રાજાએ (ते सिं वासुदेवपामोक्खाणं) તે વાસુદેવ પ્રમુખ

(बहूणं राय० करयल एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! हत्थिणाउरे नयरे पंचण्हं पंडवाणं दोवइए, देवीए कल्लाणकरे भविस्सइ तं तुब्भेणं देवाणुप्पिया ! ममं अणुगिण्हमाणा अकालपरिहीणं समोसरह)

હજારો રાજાઓને પોતાના બંને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને ખૂબ જ નમ્રપણે નમસ્કાર કર્યા અને આ પ્રમાણે વિનંતી કરી કે હે દેવાનુપ્રિયો ! હસ્તિનાપુર નગરમાં પાંચે પાંડવો તેમજ દ્રૌપદી દેવીનો કલ્યાણકારી ઉત્સવ થશે એથી હે દેવાનુપ્રિયો ! તમે સૌ મારા ઉપર કૃપા કરીને સત્વરે ત્યાં પધારો. (तएणं वासुदेवपामोक्खा पत्तेयं २ जाव पहारेत्थ गमणाए) ત્યારપછી તે વાસુદેવ પ્રમુખ દરેક રાજા ત્યાંથી હસ્તિનાપુર જવા ઉપડી ગયા.

तएणं से पंडुराया कोडुंबियपुरिसं सद्दावेइ २ एवं वयासी-गच्छह णं तुब्भे देवाणुप्पिया हत्थिणाउरे पंचण्हं पंडवाणं पंच पासायवडिंसए कारेह, अब्भुग्गयमुसिय वण्णओ जाव पडिरूवे)

તે વખતે પાંડુ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેઓને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે હસ્તિનાપુર જાઓ અને ત્યાં જઇને

પાંચે પાંડવો માટે પાંચ ઉત્તમ મહેલ બનાવડાવો. મહેલ ઊંચા હોવા જોઇએ. આ મહેલોનું વર્ણન પહેલા અધ્યયનમાં વર્ણવવામાં આવેલા મેઘ કુમારોના મહેલો જેવું જાણી લેવું જોઇએ. યાવત્ આ બધા મહેલો ઘણા સેંકડો થાંભલા-ઓથી યુક્ત તેમજ શોભા તથા સૌંદર્ય સંપન્ન હોવા જોઇએ. (तएणं ते कोडुंबियपुरिसा पडिसुणेंति जाव करावेंति) આ જાતની રાજાની આજ્ઞાને કૌટુંબિક પુરૂષોએ સ્વીકારી લીધી અને હસ્તિનાપુર જઇને તેઓએ કહેવા મુજબ જ પાંચ મહેલો તૈયાર કરાવી દીધા.

(तएणं से पंडुए पंचहिं पंडवेहिं दोवइए देवीए सद्धिं हयगयसंपरिवुडे कंपिल्लपुराओ पडिनिक्खमइ २ जेणेव हत्थिणाउरे तेणेव उवागए)

ત્યારપછી તે પાંડુ રાજા પાંચે પાંડવો અને દ્રૌપદી દેવીને લઇને સાથે ઘોડા, હાથી વગેરેની ચતુરંગિણી સેનાની સાથે કાંપિલ્યપુર નગરની બહાર નીકળ્યા અને નીકળીને જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં પહોંચ્યા.

(तएणं से पंडुराया तेसिं वासुदेवपामोक्खाणं आगमणं जाणित्ता कोडुंबिय० सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छह णं तुब्भे देवाणुप्पिया ! हत्थिणाउरस्स नयरस्स बहिया वासुदेवपामोक्खाणं बहूणं रायसहस्साणं आवासे करेह)

ત્યાં આવીને તે પાંડુ રાજાએ તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને આવી ગયેલા જાણીને પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને હસ્તિનાપુર નગરની બહાર વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને રહેવા માટે આવાસો બનાવો.

(अणेगखंभसय० तहेव जाव पच्चप्पिणंति, तए णं ते वासुदेवपामोक्खा बहवे रायसहस्सा जेणेव हत्थिणाउरे तेणेव उवागच्छंति)

આ બધા આવાસો સેંકડો સ્તંભોથી યુક્ત હોવા જોઇએ. આ રીતે પાંડુ રાજાએ જે જાતના આવાસો બનાવડાવવાનો હુકમ કર્યો હતો તે કૌટુંબિક પુરૂષોએ તે જ જાતના આવાસો બનાવડાવી દીધા અને બનાવડાવીને કામ પુરૂં થઇ જવાની રાજાને ખબર આપી. ત્યારપછી તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં આવી ગયા.

(तएणं से पंडुराया तेसिं वासुदेवपामोक्खाणं आगमणं जाणित्ता हट्ठतुट्ठे ण्हाए कयबलिकम्मे जहा दुवए जाव जहारिहं आवासे दलयंति, तएणं ते वासुदेव पा० बहवे रायसहस्सा जेणेव सयाइं २ आवासाइं तेणेव उवाग० तहेव जाव विहरंति)

વાસુદેવ પ્રમુખ તે હજારો રાજાઓનું આગમન સાંભળીને હર્ષિત તેમજ સંતુષ્ટ થઈને પાંડુ રાજાએ સ્નાન કર્યું. કાગડા વગેરે પક્ષીઓના માટે અન્ન વગેરેનો ભાગ અર્પીને બલિકર્મ કર્યું. દ્રુપદ રાજાએ જેમ તે રાજાઓને યથા. યોગ્ય આવાસ સ્થાનો રહેવા માટે આપ્યા હતા તેમજ પાંડુ રાજાએ પણ તેઓ બધાને ઉચિત આવાસો આપ્યા. ત્યારપછી તેઓ વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ જ્યાં પોતપોતાના રોકાવાના આવાસો હતા ત્યાં ગયા, ત્યાં પહોંચીને તેઓ ત્યાં રોકાઈ ગયા.

(तएणं से पांडुराया हत्थिणाउरं नयरं अणुपविसइ, अणुपविसित्ता, कोडुंबिय० सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–तुब्भेणं देवाणुप्पिया ! विउलं असणं ४ तहेव जाव उवणेंति, तएणं ते वासुदेवपामोक्खा बहवे राया ण्हाया कयबलि कम्मा तं विउलं असणं४ तहेव जाव विहरंति–तएणं से पंडुराया पंच पंडवे दोवइं च देविं पट्टयं दुरुहेइ, दुरुहित्ता सेयपीएहिं कलसेहिं ण्हावेंति ण्हावित्ता कल्लाणकारिं करेइ)

ત્યારપછી પાંડુરાજા હસ્તિનાપુર નગરમાં પ્રવિષ્ટ થયા પ્રવિષ્ટ થઇને તેઓએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેઓને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો વિપુલ માત્રામાં અશન વગેરે રૂપ ચાર જાતનો આહાર બનાવડાવો. બનાવડાવીને તમે તે આહારને જ્યાં વાસુદેવ પ્રમુખ રાજાઓ રોકાયા છે ત્યાં લઇ જાઓ, આ રીતે પોતાના રાજાની આજ્ઞા સાંભળીને તે લોકોએ તે પ્રમાણે જ કર્યું. તેઓએ ચાર જાતના આહારો બના. વડાવ્યા અને ત્યારપછી તે આહારોને વાસુદેવ પ્રમુખ રાજાઓની પાસે પહોંચાડી દીધા. આહાર પહોંચાડી દીધા બાદ તે વાસુદેવ પ્રમુખ રાજાઓએ સ્નાન કર્યું અને કાગડા વગેરે પક્ષીઓને અન્ન ભાગ અર્પીને બલિકર્મ કર્યું. ત્યાર પછી તેઓએ તે ચાર જાતના આહારને જમ્યા. ત્યારબાદ પાંડુ રાજાએ તે

પાંચે પાંડવો અને દ્રૌપદી દેવીને એક પટ્ટક ઉપર બેસાડયા અને બેસાડીને સફેદ તેમજ પીળા કળશોથી એટલે કે ચાંદી અને સોનાના કળશોથી તેમને સ્નાન કરાવ્યું. સ્નાન કરાવ્યા બાદ તેમણે તેમની પાંસેથી શુભ કર્મો કરાવડાવ્યાં.

(करित्ता ते वासुदेवपामोक्खे बहवे रायसहस्से विउलेणं असण पुप्फवत्थेणं सक्कारेइ, सम्माणेइ जाव पडिविसज्जेइ तएण ताइं वासुदेवपामोक्खाइं बहूहिं जाव पडिगयाइं)

શુભ કર્મો કરાવ્યા બાદ તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને તે પાંડુ રાજાએ વિપુલ અશન-પાન વગેરે રૂપ ચતુર્વિધ આહારથી તેમજ પુષ્પ વસ્ત્ર વગેરેથીખૂબ જ સત્કાર કર્યો અને સન્માન કર્યું. યાવત ત્યારપછી તેઓને ત્યાંથી સારી રીતે વિદાય કર્યા. વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ પણ જ્યાંથી આવ્યા હતા ત્યાં જતા રહ્યા. ॥ સૂત્ર ૨૩ ॥

ટીકાર્થ—" तएणं ते पंच पंडवा इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (ते पंच पंडवा) તે પાંચ પાંડવો (दोवईए देवीए) દ્રૌપદી દેવીની સાથે

(कल्लाकल्लिं वारंवारेणं ओरालाइं भोगभोगाइं जाव विहरंति-तएणं से पंडूराया अन्नया कयाईं पंचहिं पंडवेहिं कौंतीए देवीए दोवइए देवीए य सद्धिं अंतेउरपरियालसद्धिं संपरिवुडे सीहासणवरगए यावि विहरइ)

દરરોજ વારાફરતી ઉદાર કામભોગ ભોગવવા લાગ્યા. એક દિવસની વાત

છે કે તે પાંડુ રાજા કોઈ એક વખતે પાંચે પાંડવો, પોતાની પત્ની કુંતી દેવી અને પુત્ર વધુ દ્રૌપદીની સાથે રણુવાસના મહેલની અંદર પોતાના પરિવારની સાથે સિંહાસન ઉપર બેઠા હતા. (इमं च णं) તે વખતે

(कच्छुल्लणारए पंडुरायभवणंसि अइवेगेण, समोवइए दंसणे णं अइभद्दए विणीए अंतोय कलुसहियए मज्झत्थोवत्थिए य, अल्लीणसोमपियदंसणे सुरूवे अमइलसगलपरिहिए)

પાંડુ રાજાના ભવનમાં કચ્છુલ્લ નામથી પંકાયેલા નારદ ગગન–આકાશ માર્ગથી બહુ જ વેગથી ઉતરીને આવ્યા. નારદ દેખાવમાં અત્યંત ભદ્ર હતા. ઉપર ઉપરથી તેઓ એકદમ વિનમ્ર હતા. પણ અંતર તેમનું મન ખૂબ જ કલુષિત હતું. ફક્ત ઉપર ઉપરથી જ તેઓ માધ્યસ્થ ભાવ સંપન્ન હતા. આશ્રિત વ્યક્તિઓને તેમનું દર્શન આહ્લાદક અને પ્રીતિકારક હતું. તેમની આકૃતિ ખૂબ જ સુંદર હતી. તેમનું વલ્કલ રૂપ પરિધાન, એકદમ સ્વચ્છ-નિર્મળ હતું અને ખંડરહિત હતું.

(कालमियचम्मउत्तरासंगरइयवच्छे दण्डकमण्डलुहत्थे जडामउडदित्तसिरए, जन्नोवइय गणेत्तियमुंजमेहलवागलधरे, हत्थकयकच्छभीए पियगंधव्वे, धरणिगोयरप्पहाणे, संवरणावरणिओवयणिउप्पयणिलेसणीसु य संकामणिं अभिओगपण्णत्ति गमणीथंभणीसुय बहुसु विज्जाहरीसु विज्जासु विस्सुयजसे)

તેમનું વક્ષસ્થળ કાળા હરણના ચર્મરૂપ ઉત્તરાસંગથી શોભતું હતું. દંડ અને કમંડળ તેમનાં હાથોમાં હતા. જટા રૂપી મુકુટથી તેમનું મસ્તક પ્રકાશિત થઈ રહ્યું હતું. યજ્ઞ સૂત્ર–જનોઈ, ગણેત્રિકા–કાંડામાં પહેરવાની આભરણ રૂપ રૂદ્રાક્ષની માળા, મુંજ–મેખલા–મુંજનું બનેલું કેડમાં પહેરવાનું બંધન સૂત્ર અને વૃક્ષકની છાલ તેઓએ ધારણ કરેલી હતી. હાથમાં તેઓએ કચ્છપિકા–વીણા ધારણ કરેલી હતી. સંગીત તેમને ખૂબ જ ગમતું હતું. ભૂમિ ગોચરીઓને વચ્ચે તેઓ પ્રધાન હતા કેમકે તેઓ આકાશમાં વિચરણ કરતા

હતા. સંવરણી, આવરણી, અવપતની, ઉત્પતની, શ્લેષણી આ બધી વિદ્યાઓમાં તેમજ સંક્રમણી, અભિયોગ, પ્રજ્ઞપ્તિ, ગમની, સ્તંભની આ અનેક જાતની વિદ્યાધર સંબંધી વિદ્યાઓમાં તેમની કીર્તિ ચોમેર પ્રસરેલી હતી જે વિદ્યાના પ્રભાવથી પોતાની જાતને અદૃશ્ય કરી શકાય છે તે સંવરણી વિદ્યા છે. જે વિદ્યાથી બીજાને અદૃશ્ય કરી શકાય છે તે આવરણી કહેવાય છે. જે વિદ્યાના પ્રભાવથી ઉપરથી નીચે ઉતરી શકાય છે તે અવપતની અને જેના પ્રભાવથી ઉર્ધ્વ (આકાશ) માં ગમન કરી શકાય છે તે વિદ્યાનું નામ ઉત્પતની છે. વજ્ર લેપ વગેરેની જેમ જે ચોંટાડી દે છે તે શ્લેષણી વિદ્યા છે. જે વિદ્યાના બળથી બીજાના શરીરમાં પ્રવેશી શકાય એવી પરકાય પ્રવેશ કરિણી વિદ્યાનું નામ સંક્રમણી વિદ્યા છે. સોનું વગેરે બનાવવામાં જે નિપુણતા છે અને બીજાને વશવર્તી કરવાની જે શક્તિ છે તે વિદ્યાનું નામ અભિયોગ વિદ્યા છે અવિદિત અર્થ જેના પ્રભાવથી જાણી શકાય તે પ્રજ્ઞપ્તિ વિદ્યા, ગમન પ્રકર્ષની સાધિકા તેમજ આકાશમાં ગમન કરનારી વિદ્યા ગમની વિદ્યા કહેવાય છે. સ્તંભન કરાવનારી વિદ્યા સ્તંભની વિદ્યા છે. (इट्ठे रामस्स य केसवस्स य पज्जुन्नपईवसंबअनिरुद्धणिसढउम्मुयसारणगयसमुहदुम्मुहतीण जायवाणं अद्धुट्ठाणकुमारकोडीणं हिययदइए संथवए कलहजुद्धकोलाहलप्पिए, भंडणाभिलासी, बहुसयसमरसयसंबराएसु दंसणरए समंतओ कलहंसदक्खणं अणुगवेसमाणे असमाहिकरे दसारवरवीरपुरिसतिलोक्कबलवगाणं, आमंतेऊण तं भगवई, पक्कमणिं गगणगमणदच्छं उप्पइओ गगणमभिलंघयंतो गामागारनगरनिगमखेडकब्बडमडंब दोणमुहपट्टणासमसंवाहसहस्समंडियं थिमिण मेइणीतलं वसुहं आलोइंतो रम्मं हत्थिणाउरं उवागए) બળદેવ તેમજ કૃષ્ણ વાસુદેવને તેઓ ઈષ્ટ હતા અને સાડા ત્રણ કરોડ પ્રદ્યુમ્ન, પ્રતીપ, સામ્બ, અનિરૂદ્ધ, નિષધ, ઉત્મુક, સારણ, ગજ સુકુમાલ, સુમુખ દુર્મુખવગેરે વહાય કુમારોને માટે તેઓ હૃદયદયિત હતા એટલે કે ખૂબ જ પ્રિય હતા. એટલા

માટે જ તેઓ યાદવોનાં વખાણ કરનારા હતા. કલહ-કંકાસ, વિવાદ, યુદ્ધ અને માણસોનો શોરબકોર આ બધું તેમને બહુ જ ગમતું હતું. આ બધાથી તેમને ખૂબ જ મજા પડતી હતી, કજીયો તેમને ખૂબજ ગમતો હતો એટલે કે દરેક સ્થાને ગમે તે કારણને લીધે વચ્ચે પરસ્પર કલહ-કંકાસ કજીયો કેવી રીતે શરૂ થાય આ વાતની તેઓ તક જોતા રહેતા હતા. સેંકડો યુદ્ધોના બીભત્સ દૃશ્ય જોવામાં તેમને ખૂબ જ આનંદનો અનુભવ થતો હતો. તેઓ બધી રીતે રાત અને દિવસ એકબીજાને લડાવવાની શોધમાં જ ચોંટી રહેતા હતા. નેમિનાથની અપેક્ષા ત્રૈલોકયમાં સવિશેષ બળવાન શ્રેષ્ટ વીર પુરૂષ સમુદ્રવિજય વગેરે દશ દશાર્હો હતા તેમના ચિત્તને તેઓ કષ્ટ આપનારા હતા. ગમનમાં વિશિષ્ટ શક્તિ આપનારી અને આકાશમાં ઉડાડીને લઇ જનાર તે પગવતી પ્રક્રમણી વિદ્યાના બળથી તેઓ આકાશમાં ઉડતા રહેતા હતા. આ રીતે આ નારદ ગમનથી આકાશને ઓળંગીને સહસ્રો ગ્રામ, આકર. નગર, નિગમ ખેટ કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન,સંબાહોથી, મંડિત અને સ્તિમિત પૃથ્વીને જોતા રમણીય હસ્તિનાપુર નગરમાં આવ્યા અને ત્યાંથી આકાશ માર્ગમાં થઇને પાંડુરાજના ભવનમાં પહોંચ્યા. (तएणं से पांडुराया कच्छुल्लनारयं एज्जमाणं पासइ) ત્યારબાદ પાંડુરાજાએ કચ્છુલ્લનારદને જ્યારે આવતા જોયા (पासित्ता) ત્યારે જોઇને (पंचहिं पंडवेहिं कुंतीए देवीए सद्धिं आसणाओ अब्भुट्ठेइ) તેઓ પાંચે પાંડવો અને કુંતીની સાથે પોતાના આસન ઉપરથી ઊભા થયા. (अब्भुट्ठित्ता कच्छुल्लनारयं सत्तट्ठपयाइं पच्चुग्गच्छइ) અને ઊભા થઇને કચ્છુલ્લ નારદના સ્વાગત માટે સાત આઠ ડગલાં સામે ગયા.

(पच्चुग्गच्छित्ता तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, करित्ता वंदइ नमंसइ, महरिहेणं आसणेणं उवणिमंतेइ, तएणं से कच्छुल्लनारए उदगपरिफासियाए दब्भोपरिपच्चत्थुयाए भिसियाए णिसीयइं, णिसीयित्ता पंडुरायं रज्जे जाव अंतेउरेय कुसलोदंतं पुच्छइ तएणं से पंडुराया कौंतीदेवी पंचय पंडवा कच्छुल्लनारयं आढंति जाव, पज्जुवासंति, तएणं सा दोवई कच्छुल्लनारयं असंजयअविरयअयडिहयपच्चक्खायपावकम्मे त्ति कट्टु नो आढाइ नो परियाणइ नो अब्भुट्ठेइ, नो पज्जुवासइ)

સામે જઈને તેમણે ત્રણવાર તેમની ચોમેર આદક્ષિણ પ્રદક્ષિણા કરી. ત્યારપછી તેમણે વંદન તેમજ નમન કર્યાં અને પછી તેમને પોતાના કરતાં મોટા માણસોને બેસવા યોગ્ય આસન ઉપર બેસવાની વિનંતી કરી. ત્યારબાદ તે કચ્છુલ્લ નારદ પાણીના છાંટાઓથી ભીના પાથરેલા દર્ભના આસન ઉપર બેસી ગયા. બેસીને તેઓએ પાંડુરાજાને રાજ્યની યાવત્ રણવાસની કુશળવાર્તા પૂછી. પાંડુરાજા, કુંતીદેવી અને પાંચે પાંડવોએ કચ્છુલ્લ નારદનો ખૂબજ આદર કર્યો યાવત્ સારી રીતે તેમની પર્યુંપાસના કરી. તેમને અસંયત, અવિરત અને અપ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા જાણીને દ્રૌપદીએ તેમનો આદર કર્યો નહિ, તેમના આગમનની અનુમોદના કરી નહિ અને જ્યારે તેઓ આવ્યા ત્યારે પણ તે ઊભી થઇ નહિ. વર્તમાનકાલિક સર્વ સાવદ્ય અનુષ્ઠાનથી જે નિવૃત્ત હોય છે તે સંયત છે, આ વ્યાખ્યા મુજબ જે સંયત નથી તે અસંયત કહેવાય છે. ભૂતકાળમાં થઇ ગયેલા પાપકર્મોથી જુગુપ્સાપૂર્વક અને ભવિષ્યકાલમાં તેમનાથી સંવરપૂર્વક જે ઉપરત હોય છે તે વિરત છે, એવો જે નથી તે અવિરત છે, એટલે કે વિરતિથી રહિત છે. વર્તમાનકાળમાં જેમાં પાપકર્મોને સ્થિતિ અને અનુભાગના હ્રાસથી નાશ કર્યો છે તેમજ પૂર્વકૃત અતિચારોની નિંદાથી ભવિષ્યકાળમાં અકરણથી જેણે તેમને નિરાકૃત કરી દીધા છે એવું પ્રાણી પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા કહેવાય છે. એવું જે કરતો નથી એટલે કે જે પાપકર્મોને પ્રતિહત કરતો નથી અને પ્રત્યાખ્યાત પણ કરતો નથી તે અપ્રતિહત પાપકર્મા છે. જેમાં સામાન્ય માણસો વસે તે ગ્રામ છે. સોના વગેરેની ખાણો જ્યાં હોયતે આકર છે. જેમાં કોઇપણ જાતનો વેરો નાખવામાં આવતો નથી તે નગર છે. જ્યાં વાણીયાઓનો નિવાસ હોય તે નિગમ છે. માટીની ભીંત ચોમેર બનાવેલી હોય તે ખેટ છે. કુત્સિત નગરનું નામ કર્બટ છે. જ્યાં અઢિ ગાઉ સુધીમાં ચારે તરફ ગ્રામ વગેરે હોતાં નથી તે મડંબ છે. જ્યાં સ્થળ માર્ગથી અને જળ માર્ગથી વાહનો આવે છે તે દ્રોણમુખ છે. જલપત્તન

સ્થલપત્તનની દૃષ્ટિએ પત્તનના બે પ્રકારો છે, જ્યાં પર્વત વગેરે દુર્ગમ સ્થાનોમાં માણુસ ધાન્ય વગેરેની રાખે છે તે સંવાહ કહેવાય છે. અર્થાત્ નગરની બહારનો પ્રદેશ કે જ્યાં ભરવાડ વિગેરેનો વાસ હોય છે. ॥ સૂત્ર ૨૪ ॥

तएणं तस्स कच्छुल्लनारयस्स इत्यादि ॥

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (तस्स कच्छुल्लनारयस्स) તે કચ્છુલ નારદને (इमेयारूवे) આ જાતનો (अज्झत्थिए, चिंतिए, पत्थिए, मणोगए, संकप्पे समुप्पज्जित्था) આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉદ્ભભવ્યો કે

(अहोणं दोवई देवी रूवेणं जाव लावण्णेणं य पंचहिं पंडवेहिं अणुबद्धा समाणी मम णो आढाइ, जाव नो पज्जुवासइ तं सेयं खलु मम दोवईए देवीए विप्पियं करित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता पंडुरायं आपुच्छइ आपुच्छित्ता उप्पयणिं विज्जं आवाहेइ आवाहित्ता ताए उक्किट्ठाए जाव विज्जाहरगईए लवणसमुद्दं मज्झं मज्झेणं पुरत्थाभिमुहे वीइवइउं पयत्ते यावि होत्था)

જુઓ, આ કેવી નવાઈની વાત છે કે દ્રૌપદી દેવીએ રૂપ યાવત્ લાવણ્યથી પાંચે પાંડવોની સાથે ભોગાસક્ત થઈને મારો કોઈ પણ રીતે આદર કર્યો નથી યાવત્ કોઈ પણ જાતની પર્યુપાસના કરી નથી. એથી હવે મને એ જ યોગ્ય જણાય છે કે ગમે તે રીતે દ્રૌપદીનું વિપ્રિય-અહિત-કરૂં. હમણાં તે આ પાંડવો વડે સત્કૃત તેમજ સન્માનીત થઈને ગર્વિષ્ઠા બની ગઈ છે તેથી તે અવિવેકી થઇ પડી છે, એથી હવે એના મદને ઉતારવો જોઇએ, એના વિરૂદ્ધ આચરવું જોઇએ, આ પ્રમાણે તેઓએ મનમાં વિચાર કર્યો. વિચાર કરીને તેમણે પાંડુરાયને પૂછયું કે હે રાજન્! અમે જઇએ, એ પ્રમાણે પૂછીને તેઓએ ઉત્પતની નામની વિદ્યાનું આહ્વાન કર્યું, સ્મરણ કર્યું. સ્મરણ કરીને તે ઉત્કૃષ્ટ યાવત્ વિદ્યાધર સંબંધી ગતિથી ત્યાંથી પૂર્વ દિશા ભણી મુખ કરીને ઉડવા લાગ્યા.

(तेणं कालेणं तेणं समएणं धायईसंडे दीवे पुरत्थिमद्धदाहिणड्ढभरहे वासे अमरकंका णाम रायहाणी होत्था तएणं अमरकंकाए रायहाणीए पउमणाभे णामं राया

होत्था, महया हिमवंत०वण्णओ,तस्स णं पउमनाभस्स रण्णो सत्तदेवी सयाइं ओरोहे होत्था तस्स णं पउमनाभस्स रण्णो सुनाभे नामं पुत्ते जुवराया यावि होत्था तएणं से पउमणाभे राया अंतो अंते उरंसि ओरोहसंपरिवुडे सिंहासणवरगए विहरइ)

તે કાળે અને તે સમયે ધાતકી ષંડ નામે દ્વીપમાં પૂર્વ દિશા તરફના દક્ષિણર્ધ ભરત ક્ષેત્રમાં અમરકંકા નામે રાજધાની હતી. તે અમરકંકા નામે રાજધાનીમાં પદ્મનાભ નામે રાજા રહેતા હતા. તે રાજા મહા હિમાચલ પર્વ-તની જેમ તેમજ મહામલય, મંદર અને મહેન્દ્રની જેમ બીજા રાજાઓ કરતાં વધારે મહત્વ વગેરે ગુણોથી, વૈભવથી અને ઐશ્વર્યથી સંપન્ન હતા. આ પદોનું સવિસ્તાર વર્ણન પ્રથમ મેઘકુમાર અધ્યયનમાં કરવામાં આવ્યું છે. આ રાજાનું વર્ણન પણ પહેલાંની જેમ જ સમજવું જોઈએ. તે પદ્મનાભ રાજાના રણવાસમાં ૭૦૦ રાણીઓ હતી, સુનાભ નામે તેને પુત્ર હતો, જે યુવરાજ હતો. એક દિવસની વાત છે કે તે પદ્મનાભ રાજા રણવાસમાં સ્ત્રી પરિવારની સાથે સિંહા-સન ઉપર બેઠા હતા.

(तएणं से कच्छुल्लनारए जेणेव अमरकंका रायहाणी जेणेव पउमनाभस्स भवणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पउमणाभस्स रण्णो भवणंसि झत्तिवेगेणं समोवइए, तएणं से पउमनाभे राया कच्छुल्लं नारयं एज्जमाणं पासइ, पासित्ता आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता अग्घेणं जाव आसणेणं उवणिमंतेइ, तएणं से कच्छुल्लनारए उदगपरिफासियाए दब्भोवरिपच्चत्थुयाए भिसियाए निसीयइ जाव कुसलोदंतं आपुच्छइ)

તે કચ્છુલ્લ નારદ જ્યાં અમરકંકા રાજધાની હતી, જ્યાં પદ્મનાભનું ભવન હતું ત્યાં આવ્યા, આવીને તે પદ્મનાભ રાજાના ભવનમાં શીઘ્ર વેગથી ઉતર્યા. પદ્મનાભ રાજાએ જ્યારે કચ્છુલ્લ નારદને આવતા જોયા ત્યારે તેઓ પોતાના આસન ઉપરથી ઊભા થયા અને ઊભા થઈને તેમણે તેઓને અર્ઘ્ય યાવત્

આસન ઉપર બેસવા માટે વિનંતી કરી. ત્યારપછી તે કચ્છુલ નારદ પાણીના છાંટાઓથી સિંચિત દર્ભના ઉપર પાથરેલા આસન ઉપર બેસીને પદ્મનાભ રાજાને તેઓના પરિવારની કુશળતાના સમાચારો પૂછયા. પદ્મનાભ રાજાએ પણ આસન ઉપર સુખેથી બેઠેલા તે કચ્છુલ્લનારદને કુશળ સમાચારો પૂછયા.

(तएणं से पउमनाभे राया णियगओरोहे जायविम्हए कच्छुल्लणारयं एवं वयासी–तुब्भं देवाणुप्पिया ! बहूणि गामाणि जाव गेहाइं अणुपविससि, तं अत्थि आइं ते कहिं चि देवाणुप्पिया ! एरिसए ओरोहे दिट्ठपूव्वे जारिसए णं मम ओरोहे ? तएणं से कच्छुल्लणारए पउमनाभेणं रन्ना एवं वुत्ते समाणे ईसिं विहसियं करेइ, करित्ता एवं वयासी–सरिसेणं तुमं पउमणाभा ! तस्स अगडदद्दुरस्स केणं देवाणुप्पिया !: से अगडदद्दुरे ? एवं जहा मल्लिणाए एवं खलु देवाणुप्पिया !)

ત્યારપછી પદ્મનાભ રાજાએ પોતાના રણવાસના વૈભવને જોઈને આશ્ચર્ય થઈને કચ્છુલ્લ નારદને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે ઘણા ગ્રામ યાવત્ ઘરોમાં આવજા કરતા રહો છો તો હે દેવાનુપ્રિય ! શું તમે પહેલાં કોઈ પણ સ્થાને અને કોઈ પણ દિવસે આવો મારા જેવો રણવાસ જોયો છે ? પદ્મનાભ રાજા વડે આ રીતે પ્રશ્ન પૂછાએલા તે કચ્છુલ નારદ હસવા લાગ્યા, હસીને તેઓએ તેમને આ પ્રમાણે કહ્યું કે હે પદ્મનાભ ! તમે તે કૂપ મંડૂક જેવા છો કે જે પોતાના નિવાસસ્થાન કૂપથી બહારના પ્રદેશ વિષે થોડું પણ જ્ઞાન ધરાવતો નથી. કચ્છુલ નારદના વચન સાંભળીને પદ્મનાભે તે કચ્છુલ નારદને પૂછયું કે હે દેવાનુપ્રિય ! તે અગડ દર્દુરકનું આખ્યાન કેવી રીતે છે ? ત્યારે નારદે તેમને મલ્લિ નામે અધ્યયનમાં વર્ણવવામાં આવેલા કૂપ મંડૂક અને સમુદ્ર મંડૂકના વાર્તાલાપ રૂપે તે સંપૂર્ણ આખ્યાન તેમને કહી સંભળાવ્યું

અને ત્યારપછી કચ્છુલ્લ તેમને કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિય ! સાંભળો, વાત એવી છે કે—

(जंबू द्दीवे दीवे भारहेवासे हत्थिणाउरे दुवयस्स रण्णो धूया, चूलणीए देवीए अत्तया पंडुस्स सुण्हा, पंचण्हं पंडवाणं भारिया दोवई देवी रूवेण य जाव उक्किट्ठसरीरा, दोवईए णं देवीए छिन्नस्स वि पायंगुट्ठयस्स अयं तव अवरोहो सयन्नमपि कलं ण अग्घई त्ति कट्टु पउमणाभं आपुच्छइ, आपुच्छित्ता जाव पडिगए, तएणं से पउमणाभे राया कच्छुल्लणारयस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म दोवईए, देवीए रूवेय मुच्छिए ४ दोवईए अज्झोववन्ने जेणेव पोसहसाला तेणेव उवागच्छइ)

જંબૂ દ્વીપ નામના પ્રથમ દ્વીપમાં ભારત વર્ષમાં હસ્તિનાપુર નામે નગરમાં દ્રુપદ રાજાની પુત્રી ચૂલની દેવીની આત્મજા, પાંડુ રાજાની સ્નુષા–પુત્રવધૂ પાંચ પાંડવોની પત્ની દ્રૌપદીદેવી છે. તે રૂપથી યાવત્ ઉત્કૃષ્ટ શરીરવાળી છે. તમારો આ રણવાસ તેના કપાયેલા અંગૂઠાના સોમા ભાગની બરોબર પણ નથી, આ બધું હું વિચારપૂર્વક કહી રહ્યો છું. દ્રૌપદી જેવી નારી કોઈ પણ નથી. આ પ્રમાણે કહીને તે કચ્છુલ્લ નારદ ત્યાંથી ચાલવા માટે તૈયાર થઇ ગયા. તેમણે પદ્મનાભ રાજાને જવા માટે પૂછ્યું, પૂછીને યાવત્ ત્યાંથી તેઓ પદ્મનાભ રાજાની પાંસેથી સત્કૃત થઇને ઉત્પતની વિદ્યાના પ્રભાવથી આકાશને ઓળંગતા જતા રહ્યા. ત્યારપછી તે પદ્મનાભ રાજા કચ્છુલ્લ નારદના મુખથી આ સમાચારને સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને દ્રૌપદી દેવીના રૂપ, યૌવન અને લાવણ્યથી મૂર્છિત ૪ થઈ ગયા, યાવત્ તેમનું મન તેમાં એકદમ ચોંટી ગયું. આ સ્થિતિમાં તેઓ જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયા.

(उवागच्छित्ता पोसहसालं जाव पुव्वसंगइयं देवं एवं वयासी एवं खलु देवाणुप्पिया ! जंबू द्दीवे दीवे भारहे वासे हत्थिणाउरे जाव सरीरा तं इच्छामि णं देवाणुप्पिया ! दोवईं देवीं इहमाणियं तएणं पुव्वसंगइए देवे पउमनाभं एवं

वयासी नो खलु देवाणुप्पिया ! एयं भूयं वा भव्वं वा भविस्सं वा जण्णं दोवई देवी पंच पंडवे मोत्तूण अन्नेणं पुरिसेणं सद्धिं ओरालाइं जाव, विहरिस्सइ)

ત્યાં જઈને તેમણે તે પૌષધશાળાને રજોહરણથી સાફ કરી યાવત્ અષ્ટમ ભકત કરીને પૂર્વ સંગતિ દેવનું આવાહન કર્યું. દેવ જ્યારે આવી ગયો ત્યારે તેમણે પૂર્વસંગતિક દેવને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત વર્ષમાં હસ્તિનાપુર નગરમાં પાંડવોની પત્ની દ્રૌપદીદેવી છે, તે યાવત્ ઉત્કૃષ્ટ શરીરવાળી છે. એથી હે દેવાનુપ્રિય ! તે દ્રૌપદી દેવીને તમે અહીં લઈ આવો એવી મારી ઇચ્છા છે. પદ્મનાભની આ વાતને સાંભળીને પૂર્વભવના મિત્ર તે દેવે તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! દ્રૌપદી દેવીની સાથે આ જાતનું આચરણ ન પહેલાં થયું છે ન ભવિષ્યમાં થશે અને ન વર્તમાનમાં થવાની શકયતા છે દ્રૌપદી દેવી પાંચે પાંડવો સિવાય બીજા કોઈ પુરૂષની સાથે ઉદાર યાવત્ મનુષ્યભવ સંબંધી કામસુખો ભોગવે આ વાત તદ્દન અસંભવિત છે.

(तहावि य णं अहं तव पियट्ठतयाए दोवइं देवीं इहं हव्वमाणेमि त्ति कट्टु पउमणाभं आपुच्छइ, आपुच्छित्ता ताए उक्किट्ठाए जाव लवणसमुद्दं मज्झं मज्झेणं जेणेव हत्थिणाउरे णयरे तेणेव पहारेत्थ गमणाए)

છતાંએ તમને ખુશ કરવા માટે હું દ્રૌપદી દેવીને શીઘ્ર અહીં લઇ આવું છું. આમ કહીને તેણે જવા માટે પદ્મનાભ રાજાને પૂછયું. પૂછીને તે પોતાની ઉત્કૃષ્ટ દેવભવ સંબંધી ગતિથી યાવત્ લવણ સમુદ્રની વચ્ચે થઇને જ્યાં હસ્તિનાપુર નગર હતું તે તરફ રવાના થયો.

(तेणं कालेणं तेणं समएणं हत्थिणाउरे जुहिट्ठिले राया, दोवईए सद्धिं उप्पिं आगासतलंसि सुहपसुत्ते यावि होत्था तएणं से पुव्वसंगइए देवे जेणेव जुहिट्ठिल्ले राया जेणेव दोवई देवी तेणेव उवागच्छइ)

તે કાળે અને તે સમયે હસ્તિનાપુર નગરમાં યુધિષ્ઠિર રાજા અને દ્રૌપદી દેવી મહેલની અગાશી ઉપર સૂતા હતા. તે પૂર્વ સંગતિક દેવ જ્યાં તે યુધિષ્ઠિર રાજા અને જ્યાં તે દ્રૌપદી દેવી હતી ત્યાં આવ્યો.

(उवागच्छित्ता दोवईए देवीए ओसोवणियं दलयइ, दलित्ता दोवईं देविं गिण्हइ, गिण्हित्ता ताए उक्किट्ठाए जाव जेणेव अमरकंका जेणेव पउमणाभस्स भवणे-तेणेव उवागच्छइ उवागच्छित्ता पउमणाभस्स भवणंसि असोगवणियाए दोवइं देवीं ठवेइ ठावित्ता ओसोवणिं अवहरइ, अवहरित्ता जेणेव पउमणाभे तेणेव उवागच्छइ, उवागच्छित्ता एवं वयासी-एसणं देवाणुप्पिया मए हत्थिणाउराओ दोवई इह हव्वमाणीया, तव असोगवणियाए चिट्ठइ, अतोपुरं तुमं जाणिसित्ति कट्टु जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए)

ત્યાં આવીને તેણે દ્રૌપદીને ગાઢ નિદ્રામાં સૂવાડી દીધી, સુવાડીને તેણે તે દ્રૌપદીને ત્યાંથી ઉઠાવી અને ઉઠાવીને તે ઉત્કૃષ્ટ દેવભવ સંબંધી ગતિથી ચાલીને યાવત્ જ્યાં અમરકંકા નગરી અને જ્યાં પદ્મનાભ રાજાનું કામવન હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે પદ્મનાભના ભવનમાં અશોક-વાટિકામાં દ્રૌપદી દેવીને મૂકી દીધી, મૂકીને તેણે ગાઢ નિદ્રા દૂર કરી દીધી, ગાઢ નિદ્રા દૂર કરીને તે જ્યાં પદ્મનાભ રાજા હતા ત્યાં ગયો. ત્યાં જઇને તેણે તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! હસ્તિનાપુર નગરથી દ્રૌપદી દેવીને હું અહીં લઇ આવ્યો છું. તે તમારી અશોક-વાટિકામાં છે, એથી હવે તમે જાણો. આ પ્રમાણે કહીને તે દેવ જે દિશા તરફથી પ્રકટ થયો હતો તે જ દિશા તરફ પાછો જતો રહ્યો. ॥ સૂત્ર ૨૫ ॥

तएणं सा दोवई देवी इत्यादि ॥

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (सा दोवई देवी) તે દ્રૌપદી દેવી (ताओ मुहुत्तंरस्स पडिबुद्धा समाणी) એક મુહૂર્ત પછી જાગી અને જાગીને તેણે (तं भवणं असोगवणियं च अपच्चभिजाणमाणी एवं वयासी) તે ભવન અને તે અશોક વાટિકાને અપરિચિત જાણીને પોતાના મનમાં આ જાતનો વિચાર કર્યો કે—

(नो खलु अम्हं एसे सएभवणे णो खलु एसा अम्हं सगा असोगवणिया, तं ण णज्जइ णं अहं केणई देवेण वा दाणवेण वा किंपुरिसेण वा किन्नरेण वा महोरगेण वा गंधव्वेण वा अन्नस्स रण्णो असोगवणियं साहरियत्ति कट्टु ओहयमण संकप्पा जाव झियायइ)

આ મારૂં ભવન નથી, આ મારી અશોક વાટિકા નથી. કંઈ ખબર પડતી નથી, શું હું બીજા કોઈ રાજાની અશોક વાટિકામાં કોઈ દેવ, દાનવ, કિંપુરુષ કિન્નર, મહોરગ અથવા તો ગંધર્વ વડે અપહૃત થઈને લઈ જવામાં આવી છું. આ જાતના વિચારોથી તેનું મન ઉદાસ થઇ ગયું, અનિષ્ટના યોગથી તેનો મનોરથ ભગ્ન થઈ ગયો અને તે ખેદ-ખિન્ન થઇ ગઇ યાવત્ આર્તધ્યાન કરવા લાગી.

(तएणं से पउमणाभे राया ण्हाए जाव सव्वालंकारविभूसिए अंतेउरपरियालं संपरिवुडे, जेणेव असोगवणिया जेणेव दोवई देवी, तेणेव उवागच्छइ, उवागच्छित्ता दोवई देवीं ओहय० जाव झियायमाणी पासइ, पासित्ता एवं वयासी किण्णं तुमं देवाणुप्पिया ! ममपुव्वसंगइएणं देवेणं जंबूदिवाओ २ भारहाओ वासाओ हत्थिणापुराओ नयराओ जुहिट्ठिल्लस्स रण्णो भवणाओ साहरिया, तं माणं तुमं देवाणुप्पिया ! ओहय० जाव झियाहि तुमं मए सद्धिं विपुलाइं भोगभोगाइं जाव विहराहि)

ત્યારપછી તે પદ્મનાભરાજા સ્નાન કરીને યાવત્ સર્વાલંકારોથી વિભૂષિત થઈને પોતાના રણવાસ-પરિવારને સાથે લઇને જ્યાં અશોક વાટિકા હતી અને તેમાં પણ જ્યાં તે દ્રૌપદી દેવી બેઠી હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે દ્રૌપદી દેવીને અપહતમનઃ સંકલ્પવાળી યાવત્ આર્ત્તધ્યાન કરતી જોઈને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! તમે શા માટે અપહતમનઃ સંકલ્પા થઇને યાવત્ આર્ત્તધ્યાન કરી રહી છો ? ખેદ-ખિન્ન થઈ રહ્યા છો ? હે દેવાનુપ્રિયે ! મારા પૂર્વભવના મિત્ર દેવ વડે તમે જંબૂદ્વીપ નામના દ્વીપના, ભારત વર્ષના હસ્તિનાપુર નગરના યુધિષ્ઠિર રાજાના ભવનથી અપહૃત થઇને અહીં લાવવામાં

આવી છો એથી હે દેવાનુપ્રિયે ! તમે અપહતમનઃ સંકલ્પા થઇને યાવત્ આર્ત્તધ્યાન ન કરો તમે મનુષ્યભવ સંબંધી કામ ભોગો ભોગતાં મારા મહેલમાં રહો.

(तएणं सा दोवई देवी पउमणाभं एवं वयासी एवं खलु देवाणुप्पिया ! जंबूद्दीवे दीवे, भारहे वासे बारवइए णयरीए कण्णे णामं वासुदेवे मम पियभाउए परिवसइ, तं जइणं से छण्हं मासाणं मम कूवं णो हव्व मागच्छइ, तएणं अहं देवाणुप्पिया ! जं तुमं वदसि तस्स आणाओवायवयणणिद्देसे चिट्ठिस्सामि तएणं से पउमे दोवईए एयमट्ठं पडिसुणित्ता २ दोवईं देवीं कण्णंतेउरे ठवेइ, तएणं सा दोवई देवी छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावे माणे विहरइ)

ત્યારપછી દ્રૌપદી દેવીએ પદ્મનાભને આ પ્રમાણે કહ્યું કે દેવાનુપ્રિય ! સાંભળો, જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં દ્વારાવતી નગરીમાં કૃષ્ણ-વાસુદેવ મારા પ્રિય પતિના ભાઈ રહે છે. તેઓ છ મહીનાની અંદર મારી તપાસ કરતાં કરતાં અહીં નહિ આવી શકે તો ત્યારપછી હે દેવાનુપ્રિય ! તમે જેમ કહેશો તેમ કરીશ, હું તમારી આજ્ઞાકારિણી વશવર્તિની બની જઇશ. " आणा ओवायवयणाणिद्देसे " આ પદોથી આ જાતનો અર્થ નીકળે છે. ત્યારપછી પદ્મનાભ રાજાએ દ્રૌપદીના તે કથનને સ્વીકારી લીધું અને તેને કન્યાના અન્તઃપુરમાં મૂકી દીધી. ત્યાં તે દ્રૌપદી દેવી આયંબિલ પરિગૃહીત છઠ્ઠ છઠ્ઠની અન્તર રહિત તપસ્યાથી પોતાની જાતને ભાવિત કરતી રહેવા લાગી. ॥ સૂત્ર ૨૬ ॥

'तएणं से जुहिट्ठिले राया ' इत्यादि ॥

टीकार्थ-(तएणं) त्यारपछी (से जुहिट्ठिले राया) ते युधिष्ठिर राजा (तओ मुहुत्तंतरस्स) એક મુહૂર્ત બાદ (पडिबुद्धे समाणे) જાગ્યા. અને જાગીને તેમણે (दोवइं देवीं) द्रौपदी દેવીને,

(पासे अपासमाणो सयणिज्जाओ उट्ठेइ, उट्ठित्ता दोवईए सव्वओ समंता मग्गणगवेसणं करेइ)

જ્યારે પોતાની પાસે જોઈ નહિ ત્યારે પોતાની શય્યા ઉપરથી ઊભા થયા અને ઊભા થઈને દ્રૌપદી દેવીની ચોમેર માર્ગણા ગવેષણા કરી.

(करित्ता दोवईए देवीए कत्थइ सुइं वा खुइं वा पवत्तिं वा अलभमाणे जेणेव पंडुराया तेणेव उवागच्छइ, उवागच्छित्ता पंडुरायं एवं वयासी एवं खलु ताओ ममं आगासतलगंसि सुहपसुत्तस्स पासाओ दोवई देवी ण णज्जइ, केणइ देवेण वा दाणवेण वा किन्नरेण वा किंपुरिसेण वा महोरगेण वा गंधव्वेण वा हिया वा णीया वा अवक्खित्ता वा)

માર્ગણા ગવેષણા કર્યા બાદ પણ જ્યારે તેમણે દ્રૌપદી દેવીની કોઈપણ રીતે, સામાન્ય ખબર અને ચિહ્ન સ્વરૂપ છીંક વગેરે શબ્દને અથવા તો પ્રવૃત્તિ-વિશેષ વૃત્તાંત-ની પણ જાણ થઈ નહિ ત્યારે તેઓ જ્યાં પાંડુરાજા હતા ત્યાં ગયા, ત્યાં જઈને તેમણે પાંડુરાજાને આ પ્રમાણે કહ્યું કે હે તાત! જ્યારે હું મહેલની અગાશીમાં સૂઈ રહ્યો હતો ત્યારે મારી પાસે ન જાણે કોણે દ્રૌપદી દેવીનું કોઈ દેવે, દાનવે કે કિન્નરે કે કિંપુરુષે કે મહોરગે કે ગંધર્વે હરણ કર્યું છે. અથવા તો દ્રૌપદી દેવીને કોઈએ કૂવામાં કે ખાડામાં નાખી દીધી છે. (इच्छामि णं ताओ दोवईए देवीए सव्वओ समंतो मग्गण-

गवेसणं कयं) એટલા માટે હે તાત ! હું ચોમેર બધી રીતે દ્રૌપદી દેવીની માર્ગણા અને ગવેષણા કરવા ઇચ્છું છું.

(तए णं से पंडुराया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी गच्छह णं तुब्भे देवाणुप्पिया ! हत्थिणाउरे नयरे, सिंघाडगतीयचउक्कचच्चरमहापह-पहेसु महया २ सद्देणं उग्घोसेमाणा २ एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! जुहिट्ठिल्लस्स रण्णो आगासतलगंसि सुहपसुत्तस्स पासाओ दोवई देवी ण णज्जइ, केणइ देवेण वा दानवेर वा किन्नरेण वा किंपुरिसेण वा महोरगेण वा गंधव्वेण वा हिया वा नीया वा अवक्खित्ता वा)

આ વાતને સાંભળીને પાંડુ રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો હસ્તિનાપુર નગરમાં જાઓ અને ત્યાંના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ આ બધા માર્ગોમાં મોટા સાદે આ જાતની ઘોષણા કરો કે હે દેવાનુપ્રિયો ! સાંભળો, મહેલની અગાશી ઉપર સુખેથી સૂતા યુધિષ્ઠિર રાજાની પાંસેથી ન જાણે કોઇ દેવે કે દાનવે અથવા તો કોઈ કિન્નરે કે કિંપુરુષે અથવા કોઇ મહોરગે કે ગંધર્વે દ્રૌપદી દેવીનું અપહરણ કર્યું છે કે હરણ કરીને તેને કયાંક મૂકી દીધી છે કે કોઇ કૂવામાં અથવા તો ખાડામાં નાખી દીધી છે.

(तं जो णं देवाणुप्पिया ! दोवईए देवीए सुइं वा जाव पवत्तिं वा परिकहेइ, तस्सणं पंडुराया विउलं अत्थसंपयाणं दाणं दलयइ, त्ति कट्टु घोसणं घोसावेह २ हयमाणत्तियं पच्चप्पिणह, तएणं ते कोडुंबियपुरिसा जाव पच्चप्पिणंति-तएणं से पंडुराया दोवईए देवीए कत्थइ सुइं वा जाव अलभमाणे कोंतीं देवीं सद्दावेइ)

તો હે દેવાનુપ્રિયો ! જે કોઈ પણ માણસ દ્રૌપદી દેવીની શોધ કરશે યાવત્ તેના વિષે સવિશેષ સમાચાર જાણીને અમને ખબર આપશે, અમને કહેશે, તેને પાંડુ રાજા ખૂબ જ દ્રવ્ય-ધન આપશે. આ રીતે તમે ઘોષણા કરો અને ઘોષણા થઈ જવાની અમને ખબર પણ આપો. આ રીતે રાજાની આજ્ઞા સાંભળીને તે કૌટુંબિક પુરૂષોએ આ પ્રમાણે જ ઘોષણા કરીને તેની ખબર રાજાને આપી ત્યારપછી જ્યારે પાંડુ રાજાએ દ્રૌપદી દેવીની કોઇપણ સ્થાને

શ્રુતિ યાવત્ પ્રવૃત્તિ મેળવી નહિ ત્યારે તેમણે કુંતી દેવીને બોલાવી. (सद्दावि० ए० वयासी) અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

(गच्छह णं तुमं देवाणुप्पिया ! वारवइं नयरिं कण्हस्स वासुदेवस्स एयमट्ठं णिवेदेहि, कण्हेणं परं वासुदेवे दोवईए मग्गणगवेसणं करेज्जा अन्नहा न नज्जई, दोवईए देवीए सुतीं वा खुतीं वा पवत्तीं वा उवलभेज्जा)

હે દેવાનુપ્રિયે ! તમે દ્વારાવતી નગરીમાં કૃષ્ણવાસુદેવની પાંસે જાઓ અને તેમને આ પ્રમાણે વિનંતી કરો કે સુખથી સુતેલી દ્રૌપદીનું કોઇએ હરણ કરી લીધું છે. હરણ કરીને તેને કયાંક મૂકી દીધી છે અથવા તો કોઇ કૂવામાં કે ખાડામાં નાખી દીધી છે. ન જાણે શું થઇ ગયું છે ? કૃષ્ણવાસુદેવ મને ખાત્રી છે કે ચોક્કસ દ્રૌપદી દેવીની માર્ગણા ગવેષણા કરશે નહિંતર દ્રૌપદી દેવીની શ્રુતિ, ક્ષુતિ અથવા પ્રવૃત્તિની જાણ અમને થશે એવી શકયતા જણાતી નથી. (तए णं सा कोंती देवी पंडुरण्णा एवं वुत्ता समाणी जाव पडिसुणेइ, पडिसुणित्ता, ण्हाया कयवलिकम्मा हत्थिखंधवरगया हत्थिणाउरं मज्झं मज्झेणं णिगच्छइ, णिगच्छित्ता कुरुजाणवयं मज्झं मज्झेणं जेणेव सुरट्ठजणवए जेणेव बारवई णयरी जेणेव अग्गुज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता हत्थिखंधाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी) ત્યારપછી પાંડુરાજા વડે આ પ્રમાણે આજ્ઞાપિત થયેલી કુંતી દેવીએ પાંડુરાજાની આજ્ઞાને સ્વીકારી લીધી અને સ્વીકારીને તેણે સ્નાન કર્યું. કાગડા વગેરે પક્ષીઓને અન્નભાગ અર્પીને બલિકર્મ કર્યું ત્યારપછી તે હાથી ઉપર સવાર થઇને હસ્તિનાપુર નગરની વચ્ચે થઇને નીકળી. નીકળીને તે કુરૂદેશની વચ્ચે થઇને જ્યાં સૌરાષ્ટ્ર જનપદ હતું અને તેમાં પણ જ્યાં અગ્ર ઉદ્યાન હતું-કે જેમાં બહારથી આવનારા પથિકો વિશ્રામ માટે રોકાતા હતા-તેમાં

રોકાઇ. ત્યાં જઇને તે હાથી ઉપરથી નીચે ઉતરી અને ઉતરીને તેણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે—

(गच्छह णं तुब्भे देवाणुप्पिया ! जेणेव बारवई णयरी, तेणेव अणुपविसह, अणुपविसित्ता कण्हं वासुदेवं करयल० एवं वयह एवं खलु सामी ! तुब्भं पिउच्छा कोंती देवी हत्थिणाउराओ नयराओ इह हव्वमागया, तुब्भं दंसणं कंखइ, तए णं ते कोडुंबियपुरिसा जाव कहेंति, तएणं कण्हे वासुदेवे कोडुंबिय पुरिसाणं अंतिए सोच्चा णिसम्म हत्थिखंधवरगए हयगयबारवईए य मज्झं मज्झेणं जेणेव कोंती देवी–तेणेव उवागच्छइ)

હે દેવાનુપ્રિયો ! તમે દ્વારાવતી નગરીમાં જાઓ, ત્યાં જઇને કૃષ્ણવાસુદેવને બંને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને માથું નીચે નમાવીને નમસ્કાર કરજો ત્યારપછી તેમને આ પ્રમાણે વિનંતી કરજો કે હે સ્વામિન્ ! તમારી પિતૃષ્વસા–ફોઈ કુંતી દેવી હસ્તિનાપુર નગરથી અત્યારે અહીં આવ્યા છે તેઓ તમને જોવા માગે છે. તે કૌટુંબિક પુરૂષોએ કુંતી દેવીની આ આજ્ઞાને સ્વીકારીને શ્રીકૃષ્ણ વાસુદેવને આ સમાચારની ખબર આપી દીધી. કૃષ્ણવાસુદેવે કૌટુંબિક પુરૂષોની પાંસેથી આ સમાચારો સાંભળીને તેને હૃદયમાં ધારણ કરીને, હાથી ઉપર સવાર થઈને, ઘોડા, હાથી, રથ અને પાયદળોની સાથે દ્વારાવતી નગરીની વચ્ચે થઇને જ્યાં કુંતી દેવી હતાં ત્યાં આવ્યા.

(उवागच्छित्ता हत्थिखंधाओ पच्चोरुहइ पच्चोरुहित्ता कोंतीए देवीए पायग्गहणं करेइ, करित्ता कोंतीए देवीए सद्धिं हत्थिखंधं दुरुहइ, दुरुहित्ता बारवईए णयरीए मज्झं मज्झेणं जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता, सयं गिहं अणुपविसइ, तएणं से कण्हे वासुदेवे कोंती देवी ण्हायं कयबलिकम्मं जिमियभुत्तुत्तरागयं जाव सिंहासणवरगयं एवं वयासी)

ત્યાં પહોંચીને તેઓ હાથી ઉપરથી નીચે ઉતર્યા અને ઉતરીને કુંતી દેવીને પગે લાગ્યા અને પગે લાગીને કુંતી દેવીની સાથે હાથી ઉપર સવાર થયા. સવાર થઇને જ્યાં પોતાનું ભવન હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને ભવનની

અંદર ગયા. કુંતીએ ત્યાં પહોંચીને સ્નાન કર્યું અને બલિકર્મ કર્યું. ત્યાર પછી ચાર જાતના આહારો જમીને જ્યારે તે સુખેથી સ્વસ્થ થઈને બેસી ગયા ત્યારે કૃષ્ણ વાસુદેવે તેમને કહ્યું કેઃ—

(संदिसउ णं पिउच्छा ! किमागमणपओयणं ? तएणं सा कोंती देवी कण्हं वासुदेवं एवं वयासी एवं खलु पुत्ता ! हत्थिणाउरे णयरे जुहिट्ठिल्लस्स आगासतले सुहपसुत्तस्स पासाओ दोवई देवीण णज्जइ, केणइ अवहिया जाव अवक्खित्ता वा तं इच्छामि णं पुत्ता ! दोवईए मग्गणगवेसणं करित्तए)

કહો, શા કારણથી તમે અહીં આવ્યા છો ? આ રીતે કૃષ્ણ વાસુદેવના પ્રશ્નને સાંભળીને કુંતી દેવીએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે પુત્ર ! સાંભળો, હું એટલા માટે અહીં આવી છું કે હસ્તિનાપુર નગરમાં મહેલની અગાશી ઉપરથી સુખેથી સૂતેલા યુધિષ્ઠિરની પાસેથી ન જાણે કોણે દ્રૌપદી દેવીનું હરણ કરી લીધું છે યાવત કોઇ કૂવામાં એ કે ખાડામાં નાખી દીધી છે. એથી હે પુત્ર ! હું ઇચ્છું છું કેઃ—દ્રૌપદી દેવીની શોધખોળ થવી જોઈએ.

(तएणं से कण्हे वासुदेवे कोंत पिउच्छिं एवं वयासी जं णवरं पिउण्छा दोवइए देवीए कत्थइं सुइं वा जाव लभामि तो णं अहं पायालाओ वा भवणाओ अद्ध भरहाओ वा, समंतओ दोवइं साहत्थिं उवणेमित्ति कट्टु कोंती पिउच्छिं सक्कारेइ सम्माणेइ, जाव पडिविसज्जेइ, तएणं सा कोंती देवी कण्हेणं वासुदेवेणं पडिविसज्जिया समाणी जामेव दिसिं पाउ० तामेव दिसिं पडिगया)

ત્યારે કૃષ્ણ વાસુદેવે પોતાના ફોઈ કુંતી દેવીને આ પ્રમાણે કહ્યું કે હે ફોઇ ! હું વધારે શું કહું, દ્રૌપદી દેવીની જો હું કોઈ પણ સ્થાને શ્રુતિ, ક્ષુતિ અને પ્રવૃત્તિ મેળવી લઇશ તો ભલે તે પાતાળમાં હોય, કોઇના ભવનમાં હોય કે અર્ધ ભરત ક્ષેત્રમાં ગમે ત્યાં કેમ ન હોય તે દ્રૌપદી દેવીને ગમે ત્યાંથી હું લાવી આપને આપીશ તેમ છું. આ પ્રમાણે કહીને તે કૃષ્ણ વાસુદેવે પોતાના ફોઈ પિતૃશ્વસા–કુંતીદેવીનો સત્કાર કર્યો અને સન્માન કર્યું. સત્કાર તેમજ સન્માન

કરીને તેમને વિદાય કર્યાં, ત્યારપછી તે કુંતીદેવી ત્યાંથી વિદાય મેળવીને જે દિશા તરફથી આવ્યાં હતાં તે જ તરફ પાછાં રવાના થયાં. ॥ સૂત્ર ૨૭ ॥

तएणं से कण्हे वासुदेवे इत्यादि ॥ सूत्र २८ ॥

' तएणं से कण्हे वासुदेवे ' ઇત્યાદિ.

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से कण्हे वासुदेवे) તે કૃષ્ણુ વાસુદેવે (कोडुंबिय पुरिसे सद्दावेइ) કૌટુંબિક પુરુષોને બોલાવ્યા (सद्दावित्ता) બોલાવીને (एवं वयासी) તેમને આ પ્રમાણે કહ્યું કે—(गच्छह णं तुब्भे देवाणुप्पिया बारवई) હે દેવાનુપ્રિયો ! તમે દ્વારવતી નગરીમાં જાઓ (एवं जहा पंडु तहा घोसणं घोसावेंति जाव पच्चप्पिणंति पंडुस्स जहा) ત્યાં પાંડુ રાજાની જેમ જ ઘોષણા કરો એટલે કે પાંડુ રાજાએ જેમ દ્રૌપદીની શોધ કરવા માટેની દ્રવ્ય આપવાની ઘોષણા હસ્તિનાપુર નગરમાં કરાવી હતી તે પ્રમાણે જ ઘોષણા કરવા માટે કૃષ્ણુ વાસુદેવે પોતાના કૌટુંબિક પુરુષોને આજ્ઞા કરી કે તેઓ પણુ દ્વારાવતી નગરીમાં આ પ્રમાણે જ ઘોષણા કરે. પોતાના રાજાની આજ્ઞા પ્રમાણે તે લોકોએ દ્વારવતી નગરીમાં ઘોષણા કરી અને ઘોષણાનું કામ થઈ ગયું છે તેની ખબર પણુ કૃષ્ણુ વાસુદેવની પાંસે પહોંચાડી દીધી. અહીં અવશિષ્ટ વર્ણુન પાંડુ રાજાનું જેવું છે તે પ્રમાણે જ સમજી લેવું જોઇએ. એટલે કે ઘોષણા કર્યા પછી પણુ પાંડુ રાજાને દ્રૌપદી દેવીની કોઈ પણુ જાતની ખબર કે સમાચાર મળ્યા નહિ તે પ્રમાણે કૃષ્ણુ વાસુદેવને પણુ કોઈ પણુ સમાચારો ઘોષણા બાદ મળ્યા નહિ. (तएणं) ત્યારે (से कण्हे वासुदेवे अन्नया अंतो अंतेउरगए ओरोहे जाव विहरइ, इमं च णं कच्छुल्लए जात्र समोसरए) એક દિવસની વાત છે કે તે કૃષ્ણુ વાસુદેવ પોતાના મહેલની અંદર રણુવાસની સ્ત્રીઓની સાથે બેઠા હતા તે વખતે કચ્છુલ્લ નામે નારદ આકાશ માર્ગથી ઉતરીને ત્યાં

આવ્યા. (जाव णिसीइत्ता कण्हं वासुदेवं कुसलोदंतं पुच्छइ, तएणं से कण्हे वासुदेवे कच्छुल्लं एवं वयासी, तुमं णं देवाणुप्पिया! बहूणि गामागर जाव अणुपविससि तं अत्थि आइं ते कहिं वि दोवईए देवीए सुती वा जाव उवलद्धा– तएणं से कच्छुल्ले कण्हं वासुदेवं एवं वयासी) ત્યાં આવીને બેઠા અને બેસીને તેમણે કૃષ્ણ વાસુદેવને કુશળ વાર્તા પૂછી. વાસુદેવે ત્યારે કચ્છુલ્લ નારદને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે ઘણાં ગ્રામ, આકર વગેરે સ્થાનોમાં પરિભ્રમણ કરતા રહો છો, ઘણા ઘરો વગેરેમાં આવજા કરતા રહો છો તો કહો, કોઇ પણ સ્થાને તમને દ્રૌપદી દેવીની શ્રુતિ મળી છે–તેના તમને કોઇ પણ જાતના સમાચારો મળ્યા છે, તેનું કોઈ પણ જાતનું ચિહ્ન તમને મળ્યું છે ? આ રીતે કૃષ્ણ વાસુદેવના પ્રશ્નને સાંભળીને કચ્છુલ્લ નારદે તે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું કેઃ—

(एवं खलु देवाणुप्पिया! अन्नया कयाइं धायईसंडे दीवे पुरत्थिमद्ध दाहिणद्धभरहवासं अमरकंका रायहाणिं गए, तत्थणं मए पउमनाभस्स रण्णो भवणंसि दोवई देवी, जारिसिया दिट्ठपुव्वा यावि होत्था, तएणं कण्हे वासुदेवे कच्छुल्लं एवं वयासी–तुब्भं चेवणं देवाणुप्पिया ! एवं पुव्व कम्मं–तएणं से कच्छुल्ल नारए कण्हेणं वासुदेवेणं एवं वुत्ते समाणे उप्पयणिं विज्जं आवाहेइ, आवाहित्ता जामेव दिसिं पाउब्भुए तामेव दिसिं पडिगए)

સાંભળો, તમને હું બધી વિગત બતાવું છું. હે દેવાનુપ્રિય ! કોઇ એક વખતે હું ધાતકી ષંડદ્વીપમાં, પૂર્વ દિશા તરફના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં, અમરકંકા નામે રાજધાનીમાં ગયો હતો. ત્યાં મેં પદ્મનાભ રાજાના ભવનમાં દ્રૌપદી દેવી જેવી એક નારી જોઈ હતી. પણ હું તેને સારી પેઠે ઓળખી શકયો નહિ અને ન તેનાથી પરિચિત થઇ શકયો. નારદની આ વાત સાંભળીને કૃષ્ણવાસુદેવે તેમને કહ્યું કે હે દેવાનુપ્રિય ! સૌ પહેલાં તમે જ આ કામ કર્યું છે. ત્યારપછી તે કચ્છુલ્લનારદે કૃષ્ણ વાસુદેવની આ વાત સાંભળીને પોતાની ઉત્પતની

વિદ્યાનું સ્મરણ કર્યું સ્મરણ કરીને પછી તેઓ જે દિશા તરફથી આવ્યા હતા તે જ દિશા તરફ પાછા રવાના થઇ ગયા. (तएणं से कण्हे वासुदेवे दूयं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छ णं तुमं देवाणुप्पिया ! हत्थिणाउरं पंडुस्स रण्णो एयमट्ठं निवेदेहि) ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવે દૂતને બોલાવ્યા અને બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે હસ્તિનાપુર નગરમાં જાઓ–અને ત્યાં પાંડુ રાજાને આ પ્રમાણે કહો કે—

(एवं खलु देवाणुप्पिया! धायइसंडे दीवे पुरत्थिमद्धे अमरकंकाए रायहाणीए पउमणाभ भवणंसि दोवईए देवीए पउत्ती उवलद्धा–तं गच्छंतु पंच पंडवा चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडा पुरत्थिमवेयालीए ममं पडिवाले माणा चिट्ठंतु) હે દેવાનુપ્રિય ! ધાતકી ષંડ નામે દ્વીપમાં પૂર્વ દિશા તરફના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં વિદ્યમાન અમરકંકા નામની રાજધાનીમાં પદ્મનાભ રાજાના ભવનમાં દ્રૌપદી દેવીના વાવડ મળ્યા છે તો હવે પાંચે પાંડવો ચતુરંગિણી સેનાની સાથે પ્રયાણ કરીને લવણ સમુદ્રના પૂર્વ કિનારા ઉપર પહોંચીને મારી પ્રતીક્ષા કરે.

(तएणं से दूए जाव भणइ, पडिवाले माणा चिट्ठह ते वि जाव चिट्ठंति, तएणं से कण्हे वासुदेवे कोडुंबिय पुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासीं गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सन्नाहियं भेरिं ताडेह ते वि ताडेंति, तएणं से सण्णाहियाए भेरीए सद्दं सोच्चा समुद्दविजयपामोक्खा, दस दसारा जाव छप्पण्णं बल वय साहस्सीओ सन्नद्धबद्धजाव गहियाउहपहरणा अप्पेगइया हयगया, गयगया, जाव वग्गुरापरिक्खित्ता जेणेव सभा सुहम्मा जेणेव कण्णे वासुदेवे तेणेव उवागच्छइ)

આ રીતે પોતાના રાજા કૃષ્ણ વાસુદેવની આજ્ઞા મેળવીને તે દૂત હસ્તિનાપુર તરફ રવાના થયો. ત્યાં પહોંચીને તેણે પાંડુ રાજાને બધા સમાચારો કહી સંભળાવ્યા. પાંચે પાંડવો દૂતના મુખથી આ સમાચાર સાંભળીને પોતાની ચતુરંગિણી સેના સાથે ત્યાંથી પ્રયાણ કરીને લવણ સમુદ્રના પૂર્વ કિનારા ઉપર પહોંચીને ત્યાં કૃષ્ણ વાસુદેવની પ્રતીક્ષા કરતા રોકાઇ ગયા. ત્યારપછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું

કે હે દેવાનુપ્રિયો ! તમે સુધર્મા સભામાં જાઓ, ત્યાં જઈને તમે સાંનાહિકી ભેરી વગાડો, તે કૌટુંબિક પુરુષોએ પણ તે પ્રમાણે જ આજ્ઞાનું પાલન કર્યું. સુધર્મા સભામાં જઈને તેઓએ સાંનાહિકી ભેરી વગાડી. સાંનાહિકી ભેરીનો અવાજ સાંભળીને સમુદ્રવિજય વગેરે દશ દશાર્હો યાવત્ ૫૬ હજાર પ્રમિત બળવીર પુરૂષો કવચો વગેરેથી સુસજ્જ થઈને યાવત્ આયુધ પ્રહરણોને લઈને તૈયાર થઈ ગયા. અહીં યાવત્ શબ્દથી " उत्पीडितशरासनपट्टिकाः, पिनद्ध ग्रैवेयक-बद्धाविद्धविमलवरचिह्नपट्टाः " આ પાઠનો સંગ્રહ થયો છે. આ શબ્દોની વ્યાખ્યા આ અધ્યયનમાં જ પહેલાં કરવામાં આવી છે. આમાં કેટલાક ઘોડાઓ ઉપર, કેટલાક હાથીઓ ઉપર બેસીને તેમજ કેટલાક માણસોના સમૂહોથી પરિવૃત થઈને જ્યાં તે સુધર્મા, સભા અને જ્યાં કૃષ્ણ-વાસુદેવ હતા ત્યાં આવ્યા.

(उवागच्छित्ता करयल जाव वद्धावेंति, तएणं कण्हे वासुदेवे हत्थि खंध-वरगए सकोरेंटमल्लदामेणं छत्तेणं० सेयवर० हयगय महया भडचडगरपहकरेणं वारवईए णयरीए मज्झं मज्झेणं णिगच्छइ जेणेव पुरत्थिमवेयाली तेणेव उवा-गच्छइ, उवागच्छित्ता पंचहिं पंडवेंहि सद्धिं एगयओ मिलइ, मिलित्ता खंधावार-णिवेसं करेइ, करित्ता पोसहसालं अणुपविसइ, अणुपविसित्ता, सुट्ठियं देवं मणसि करेमाणे २ चिट्ठइ, तएणं कण्हस्स वासुदेवस्स अट्ठमभत्तंसि परिणममाणंसि सुट्ठिओ आगओ भणदेवाणुप्पिया ! जं मए कायव्वं)

ત્યાં પહોંચીને તે બધાએ બંને હાથ જોડીને બહુ જ વિનમ્રતાથી નમસ્કાર કરતાં જયવિજય શબ્દોથી તેમને વધામણી આપી. ત્યારપછી તે કૃષ્ણ-વાસુદેવ હાથી ઉપર સવાર થયા. સવાર થતાં જ છત્રધારીઓએ તેમની ઉપર કોરંટ પુષ્પોની માળાથી શોભતું છત્ર તાણ્યું તેમજ ચામર ઢોળનારાઓએ ચામર ઢોળવાની શરૂઆત કરી. આ પ્રમાણે ઘોડા, હાથી, રથ અને પાયદળથી પરિવૃત્ત થયેલા તે કૃષ્ણ-વાસુદેવ મહાભટોના સમૂહની સાથે સાથે દ્વારાવતી નગરીની વચ્ચે થઈને પસાર થયા અને જ્યાં તે લવણ સમુદ્રનો પૂર્વી કિનારો

હતો ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેઓ પાંચે પાંડવોની સાથે એક સ્થાને એકત્ર થયા. એકત્ર થઈને તેમણે પોતાના સૈન્યના પડાવનું સ્થાન નક્કી કર્યું. સ્થાન નક્કી કરીને તેઓ પૌષધશાળામાં પ્રવિષ્ટ થયા. ત્યાં જઈને તેઓએ લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનું સ્મરણ કર્યું. ત્યારબાદ જ્યારે કૃષ્ણવાસુદેવનો અષ્ટમ ભક્ત પૂરો થઈ રહ્યો હતો, ત્યારે તે સુસ્થિત દેવ તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે હે દેવાનુપ્રિય ! બોલો, મારા લાયક શું કામ છે ?

(तएणं से कण्हे वासुदेवे सुट्ठियं एवं वयासी एवं खलु देवाणुप्पिया। दोवईदेवी, जाव पउमनाभस्स भवणंसि साहरिया, तएणं तुमं देवाणुप्पिया मम पंचहिं पंडवेहिं सद्धिं अप्पछट्ठस्स छण्हं रहाणं लवणसमुद्दे मग्गं वियरेहि, जण्णं अहं अमरकंका रायहाणीं दोवईए कूवं गच्छामि, तएणं से सुट्ठिए देवे कण्हं वासुदेवं एवं वयासी किण्हं देवाणुप्पिया ! जहा चेव पउमणाभस्स रन्नो पुव्व-संगइएणं देवेणं दोवई जाव संहरिया, तहा चेव दोवई देविं धायईसंडाओ दीवाओ भारहाओ जाव हत्थिणापुरं साहरामि, उदाहु पउमणाभं रायं सपुरबल-वाहणं लवणसमुद्दे पक्खिवामि ?)

ત્યારે કૃષ્ણ-વાસુદેવે તે સુસ્થિત દેવને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુ-પ્રિય ! સાંભળો, દ્રૌપદી દેવી યાવત્ પદ્મનાભના ભવનમાં હરણ કરાઇને રાખ-વામાં આવી છે. એટલા માટે હે દેવાનુપ્રિય ! તમે 'આત્મષષ્ઠ' મારા તેમજ પાંચે પાંડવોના છ રથોને લવણ સમુદ્રમાં થઇને પસાર થવા માટે માર્ગ આપો. એટલે કે પાંચે પાંડવોના અને છઠ્ઠા મારા આમ છએ રથોને પસાર થવા માટે રસ્તો આપો. જેથી હું દ્રૌપદી દેવીને પાછા લાવવા માટે અમરકંકા રાજધાનીમાં જઈ શકું. ત્યારે સુસ્થિત દેવે તે કૃષ્ણ-વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! પદ્મનાભ રાજાના પૂર્વસંગતિક દેવે જેમ દ્રૌપદી દેવીનું યાવત્ હરણ કર્યું છે, તેમજ હું પણ દ્રૌપદી દેવીને ધાતકી ખંડદ્વીપના ભરત ક્ષેત્રમાંથી યાવત્ હસ્તિનાપુરમાં હરણ કરીને લાવી શકું તેમ છું અને જો

તમારી આજ્ઞા હોય તો નગર, સૈનિક અને વાહન સહિત પદ્મનાભ રાજાને લવણસમુદ્રમાં ડુબાડી શકું તેમ છું. (तएणं कण्हे वासुदेवे सुट्ठियं देवं एवं वयासी) ત્યારે કૃષ્ણ–વાસુદેવે તે સ્વસ્તિક દેવને આ પ્રમાણે કહ્યું કે—

(माणं तुमं देवाणुप्पिया ! जाव साहराहि तुमं णं देवाणुप्पिया ! लवण-समुद्दे अप्पछट्ठस्स छण्हं रहाणं लवणसमुद्दे मग्गं वियराहि सयमेव णं अहं दोवईए कूवं गच्छामि, तएणं से सुट्ठिए देवे कण्हं वासुदेवं एवं वयासी, एवं होउ, पंचहिं पंडवेहिं सद्धिं अप्पछट्ठस्स छण्हं रहाणं लवणसमुद्दे मग्गं वियरइ, तएणं से कण्हे वासुदेवे चाउरंगिणी सेणं पडिविसज्जेइ, पडिविसज्जित्ता पंचहिं पंडवेहिं सद्धिं अप्पछट्ठे छहिं रहेहिं लवणसमुद्दं मज्झं मज्झेणं वीइवयइ, वीइवइत्ता जेणेव अमरकंका रायहाणी, जेणेव अमरकंकाए अग्गुज्जाणे तेणेव उवागच्छइ)

હે દેવાનુપ્રિય ! તમે આ પ્રમાણે કરવાની તસ્દી લો નહિ એટલે કે પદ્મનાભના ભવનમાંથી દ્રૌપદી દેવીનું હરણ કરો નહિ તેમજ પદ્મનાભ રાજાને નગર, સૈનિક અને વાહન સહિત લવણ સમુદ્રમાં ફેંકો પણ નહિ. તમે તો હે દેવાનુપ્રિય ! ફક્ત અમારા છએ રથો માટે લવણ સમુદ્રમાં માર્ગ આપો. ત્યાં જઈને હું જાતે જ દ્રૌપદી દેવીને ત્યાંથી પાછી લઈ આવીશ. એટલે કે હું જાતે જ દ્રૌપદી દેવીને લેવા માટે જઇશ. ત્યારે તે સુસ્થિત દેવે કૃષ્ણ-વાસુદેવને કહ્યું કે સારૂં, આમ જ કરો. આ પ્રમાણે કહીને તેણે આત્મષષ્ઠના છએ રથોને લવણ સમુદ્રમાં રસ્તો આપ્યો. ત્યારપછી કૃષ્ણ–વાસુદેવે પોતાની ચતુરંગિણી સેનાને ત્યાંથી પાછી વળાવી દીધી અને પાછી વળાવીને તેઓ પાંચે પાંડવોની સાથે છએ રથોને–એક પોતાના રથને અને પાંચ પાંડવોના રથોને–લઇને લવણ સમુદ્રની વચ્ચે થઇને પસાર થવા લાગ્યા. આમ પસાર થતાં તેઓ જ્યાં અમરકંકા રાજધાની અને તેમાં પણ જ્યાં તે અગ્રોદ્યાન હતું ત્યાં પહોંચ્યા. (उवागच्छित्ता रहं ठवेइ) ત્યાં પહોંચીને તેમણે પોતાના રથને ઊભો રાખ્યો.

(ठवित्ता दारुयं सारहिं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी, गच्छह णं तुमं देवाणुप्पिया ! अमरकंका रायहाणीं अणुपविसाहि २ पउमणाभस्स रण्णो वामेणं

पाएणं पायपीढं अक्कमित्ता कुंत्तग्गेणं लेहं पणामेहि, तिवलियं भिउडिं णिडाले साहट्टु आसुरुत्ते रुट्ठे कुद्धे कुविए चंडिक्किए एवं वयासी हं भो पउमणाहा ! अपत्थियपत्थिया ! दुरंतपंतलक्खणा ! हीणपुण्णचाउद्दसा ! सिरि हिरिधी परिवज्जिया ! अज्ज ण भवसि किन्नं तुमं ण याणासि, कण्हस्स वासुदेवस्स अहवणं जुद्धसज्जे णिगच्छाहि)

રથને ઊભો રાખીને, ત્યાં જ રથને મૂકીને દારૂક સારથિને બોલાવ્યો. અને બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે અમરકંકા રાજધાનીમાં જાઓ અને ત્યાં જઈને પદ્મનાભ રાજાના પાદપીઠને ડાબા પગથી આક્રમિત કરીને કુંતના અગ્ર ભાગથી તેને પત્રિકા આપો. પત્રિકા આપીને તમે પોતાની ભમ્મરો :ચઢાવીને, એકદમ લાલચોળ થઈને રૂષ્ટ, કુપિત અને ક્રુદ્ધ થઈને ક્રોધના આવેશમાં આવીને તેને આ પ્રમાણે કહો કે અરે ઓ પદ્મનાભ ! અપ્રાર્થિત પ્રાર્થિત ! મરણ વાંછક ! દુરંત પ્રાંત લક્ષણ ! (નીચ વિચારો તેમજ નીચ લક્ષણો યુક્ત) અમને એમ લાગે છે કે તું અલબ્ધ પુણ્ય ચાતુર્દશિક જન્મવાળો છે, એટલે કે તું ચૌદશને દિવસે જન્મ્યો નથી કેમકે ચૌદશને દિવસે ઉત્પન્ન થનારી વ્યક્તિ ભાગ્યશાળી હોય છે. તું શ્રી, હી અને બુદ્ધિ વગરનો છે. બરોબર સાંભળી લે કે આજે કાં તો તું નહિ કે કાં હું નહિ. તને એટલી પણ ખબર નથી કે આ દ્રૌપદી દેવી કૃષ્ણ–વાસુદેવની બહેન છે–કે જેને તેં હરણ કરાવીને અહીં મંગાવી છે. હવે જો તું પોતાનું ભલું ઈચ્છિતો હોય તો તું આ હરણ કરાવીને પોતાને ત્યાં રોકી રાખેલી દ્રૌપદી દેવીને કૃષ્ણ–વાસુદેવની પાસે જઈને પાછી સોંપી દે. નહિતર યુદ્ધના માટે તૈયાર થઈને બહાર મેદાનમાં આવી જા.(एस णं कण्हे :वासुदेवे) આ કૃષ્ણવાસુદેવ

(पंचहिं पंडवेहिं अप्पछट्ठे दोवई देवीए कूवं हव्व मागए, तएणं से दारुए

सारही कण्हेणं वासुदेवेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठे जाव पडिसुणेइ पडिसुणित्ता, अमरकंका रायहाणिं अणुपविसइ, अणुपविसित्ता जेणेव पउमनाहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता,करयल जाव वद्धावेत्ता एवं वयासी-एस णं सामी मम विणयपडिवित्ती, इमा अन्ना मम सामिस्स समुहाणत्ति त्ति कट्टु आसुरुत्ते वामपाएणं पायपीढं अणुक्कमइ)

પાંચે પાંડવોની સાથે આત્મષષ્ઠ થઇને દ્રૌપદી દેવીને લેવા માટે અત્યારે આવી ગયા છે. આ પ્રમાણે કૃષ્ણ-વાસુદેવ વડે કહેવામાં આવેલાં વચનો સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઇને તે દારુક સારથીએ તેમની આજ્ઞા સ્વીકારી લીધી. સ્વીકારીને તે અમરકંકા રાજધાનીમાં પ્રવિષ્ટ થયો. પ્રવિષ્ટ થઇને તે જ્યાં પદ્મનાભ રાજા હતા તેમની પાસે જઇને સૌ પહેલાં તેણે બંને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને નમસ્કાર કર્યો અને જય વિજય શબ્દોથી રાજાને વધામણી આપી. ત્યારપછી તેણે આ પ્રમાણે કહેવાની શરૂઆત કરી કે હે સ્વામી ! આ તો મારી વિનય પ્રતિપત્તિ છે. દૂતની ફરજ બજાવતાં મેં વિનયોપચાર માટે નમસ્કાર કર્યો છે તેમજ જય વિજય વિજય શબ્દો દ્વારા તમને વધામણી આપી છે. પરંતુ મારા સ્વામીએ તેમના મુખથી તમારે માટે જે કંઈ આજ્ઞા આપી છે તે કંઇક બીજી જ છે અને તે આ પ્રમાણે છે કે-દૂત આમ કહીને એકદમ ક્રોધમાં લાલચોળ થઈ ગયો અને ડાબા પગથી તેના પાદાસન ઉપર ચઢી ગયો. (अवक्कमित्ता) ચઢીને (कोंतग्गेणं लेहं पणामइ) તેણે રાજાને કુંત (ભાલા) ના અગ્રભાગથી પત્રિકા આપી. (पणामित्ता जाव कूवं हव्वमागए) પત્રિકા આપીને યાવત કૃષ્ણ-વાસુદેવ પાંચે પાંડવોની સાથે અહીં દ્રૌપદી દેવીને લેવા માટે અત્યારે આવ્યા છે. આ જાતના બધા સમાચારો તેને કહી સંભળાવ્યા.

(तएणं से पउमणाभे दारुयेणं सारहिणा एवं वुत्ते समाणे आसुरुत्ते त्ति वलिं भिउडिं निडाले साहट्टु एवं वयासी-णो अप्पिणामि,णं अहं देवाणुप्पिया !

कण्हस्स वासुदेवस्स दोवई, एसणं अहं सयमेव जुद्धसज्जो णिगच्छामि त्ति कट्टु दारुयं सारहिं एवं वयासी–केवलं भो ! रायसत्थेसु दूये अवज्झे त्ति कट्टु असक्कारिय असम्माणिय अवद्दारेणं णिच्छुभावेइ)

દારુક સારથિના આ પ્રમાણે વચનો સાંભળીને પદ્મનાભ એકદમ ક્રોધમાં લાલચોળ થઈ ગયો. અને ભમ્મરો ચઢાવીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે હે દેવાનુપ્રિય ! હું કૃષ્ણ-વાસુદેવને દ્રૌપદી કોઇપણ સ્થિતિમાં સોંપવા તૈયાર નથી. એના માટે હું અત્યારે પણ યુદ્ધ કરવા તૈયાર છું. આ પ્રમાણે કહીને તેણે દારુક સારથીને કહ્યું કે અરે ! રાજનીતિના શાસ્ત્રોમાં દૂત અવધ્ય કહેવામાં આવ્યો છે એથી તને જતો કરું છું. આ પ્રમાણે કહીને તેણે દૂતને અસત્કૃત અને અસંમાનિત કરીને પાછલા બારણેથી બહાર કઢાવી મૂકયો.

(तएणं दारुए सारही पउमणाभेणं असक्कारिय जाव णिच्छूढे समाणे जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल० कण्हं जाव एवं वयासी–एवं खलु अहं सामी ! तुब्भं वयणेणं जाव णिच्छुभावेइ)

આ પ્રમાણે જ્યારે તે દારુક સારથિ પદ્મનાભ રાજા વડે અસત્કૃત યાવત અસંમાનિત થઇને બહાર કઢાવી મૂકાયો ત્યારે તે ત્યાંથી બહાર આવીને જ્યાં કૃષ્ણ-વાસુદેવ હતા ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે બંને હાથોથી અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને કૃષ્ણ-વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામી ! પદ્મનાભ રાજાને મેં જ્યારે તમારો સંદેશ કહી સંભળાવ્યો. ત્યારે સાંભળતાંની સાથે જ તે ક્રોધમાં ભરાઇને "હું દ્રૌપદી દેવી પછી આપીશ નહિ, યાવત દૂત અવધ્ય હોય છે." વગેરે વચનોથી અસત્કૃત તેમજ અસંમાનિત કરીને મને તેણે પોતાના ભવનના પાછલા બારણેથી બહાર કઢાવી મૂકયો છે. ॥ સૂ. ૨૮ ॥

तएणं से पउमणाभे इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से पउमणाभे) તે પદ્મનાભ રાજાએ (बलवाउयं सद्दावेइ) પોતાના સૈન્ય નાયકને બોલાવ્યો. (सद्दावित्ता) અને બોલાવીને તેને (एवं वयासी) આ પ્રમાણે કહ્યું કે (खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह) હે દેવાનુપ્રિય ! તમે સત્વરે પ્રધાન હસ્તિરત્નને સુસજ્જ કરો. (तयाणंतरं च णं से बलवाउए छेयायरियउवदेसमइविकप्पणा विगप्पेहि निउणेहिं जाव उवणेइ) ત્યારપછી તે સૈન્ય નાયકે નિપુણ કલાશિક્ષકના ઉપદેશથી જેમણે વિશિષ્ટ રચના માટે બુદ્ધિ તેમજ કલ્પના શક્તિ મેળવી છે, તેમજ શ્રૃંગાર કલામાં જેઓ અતીવ ચતુર છે તેવા માણસો વડે હસ્તિરત્નને સુસજ્જિત કરાવ્યો. જ્યારે સત્વરે તેમણે તે હસ્તિરત્નને ચમકતા નિર્મળ વેષથી પરિવસ્રિત કરી દીધો-વસ્રાચ્છાદન વડે આચ્છાદિત કરીને સુશોભિત કરી દીધો એટલે કે ઝૂલ વગેરે નાખીને બહુજ સરસ રીતે સુસજ્જિત કરી દીધો તેમજ ઘંટ, આભરણો વગેરેથી તેને અલંકૃત કરી દીધો. ત્યારે તે સૈન્ય નાયક તે હસ્તિરત્નને લઇને પદ્મનાભ રાજાની પાસે ગયો.

(तएणं से पउमणाभे सन्नद्ध० अभिसेय० दूरुहइ दूरूहित्ता हयगय जेणेव कण्हे वासुदेवे तेणेव पहारेत्थ गमणाए, तएणं से कण्हे वासुदेवे पउमणाभरायाणं एज्जमाणं पासइ, पासित्ता ते पंच पंडवे एवं वयासी)

ત્યારપછી તે પદ્મનાભ રાજા કવચ તેમજ બીજા શસ્રોથી સજ્જ થઇને તે પ્રધાન હસ્તિરત્ન ઉપર સવાર થઇ ગયો અને સવાર થઇને ઘોડા, હાથી, રથ અને પાયદળ સેનાને સાથે લઇને કૃષ્ણ-વાસુદેવ હતા તે તરફ રવાના થયો. કૃષ્ણ-વાસુદેવે જ્યારે પદ્મનાભ રાજાને આવતો જોયો ત્યારે તેને જોઇને પાંચે

પાંડવોને આ પ્રમાણે કહ્યું–(हं भो दारगा ! किन्नं तुब्भे पउमनाभेणं सद्धिं जुज्झिहिह उयाहु पेच्छिहिह ? तएणं ते पंच पंडवा कण्हं वासुदेवं एवं वयासी) હે વત્સ ! શું તમે પદ્મનાભ રાજાની સાથે મેદાને ઉતરશો ? કે ફક્ત યુદ્ધને જોશો ? ત્યારે તે પાંડવોએ કૃષ્ણ–વાસુદેવને આ પ્રમાણે કહ્યું કેઃ—

(अम्हेणं सामी ! जुज्झामो, तुब्भे पेच्छह, तएणं पंच पंडवे सन्नद्ध जाव पहरणा रहे दुरूहंति, दुरूहित्ता जेणेव पउमणाभे राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता एवं वयासी, अम्हे वा पउमणाभे वा रायत्ति कट्टु पउमणाभेणं सद्धिं संपलग्गा यावि होत्था)

હે સ્વામી ! અમે તો યુદ્ધ ખેડીશું, તમે અમારા યુદ્ધને જુઓ. ત્યારપછી તે પાંચે પાંડવો કવચથી સુસજ્જ થઈને આયુધ પ્રહરણોને લઇને પોત-પોતાના રથો ઉપર સવાર થઇ ગયા. સવાર થઈને તેઓ પદ્મનાભ રાજા તરફ રવાના થયા. પદ્મનાભ રાજાની પાસે પહોંચીને તેણે આ પ્રમાણે કહ્યું કે— “ આજે કાં તો અમે નહિં અને કાં પદ્મનાભ નહિં. ” આમ કહીને તેઓ પદ્મનાભ રાજાની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

(तएणं से पउमनाभे राया ते पंच पंडवे खिप्पामेव हयमहियपवरं निवडिय जाव पडिसेहिया समाणा, अत्थामा जाव अधारणिज्ज त्ति कट्टु जेणेव कण्हे वासुदेवे तेणेव उवा०, तएणं से कण्हे वासुदेवे ते पंच पंडवे एवं वयासी कहण्णं तुब्भे देवाणुप्पिया ! पउमनाभेणं रन्ना सद्धिं संपलग्गा ? तएणं ते पंचपंडवा कण्हं वासुदेवं एवं वयासी–एवं खलु देवाणुप्पिया ! अम्हे तुब्भेहिं अब्भणुन्नाया समाणा सन्नद्ध० रहे दुरूहामो २ जेणेव पउमणाभे जाव पडिसेहेइ)

ત્યારપછી પદ્મનાભ રાજાએ તે પાંચે પાંડવોને થોડા વખતમાં જ પીડિત ઘોડાઓવાળા તેમજ નિપાતિત પ્રશસ્ત ચિહ્નધ્વજ પતાકાવાળા બનાવી દીધા યાવત એક દિશામાંથી બીજી દિશા તરફ જઈ શકે નહિ તેમ તેઓએ રસ્તો રોકી લીધો. અથવા તો એક દિશામાંથી બીજી દિશા તરફ ભગાડી મૂકયા. આવી

પરિસ્થિતિમાં લાચાર થઈને યાવત્ યુદ્ધભૂમિમાં પોતાની જાતને ટકાવી શકવામાં પણ અસમર્થ જાણીને પાંચે પાંડવો જ્યાં કૃષ્ણ-વાસુદેવ હતા ત્યાં આવ્યા. ત્યાં પહોંચતાં જ કૃષ્ણ-વાસુદેવે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે તમે લોકો પદ્મનાભ રાજાની સાથે યુદ્ધરત થઈને પરાજીત થઇ ગયા છો ? ત્યારે તે પાંચે પાંડવોએ કૃષ્ણ-વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! અમે બધા આપની આજ્ઞા મેળવીને કવચ વગેરેથી સુસજ્જિત થઈને રથો ઉપર સવાર થયા. સવાર થઇને અમે જ્યાં પદ્મનાભ રાજા હતો ત્યાં ગયો. ત્યાં પહોંચીને અમે બધા તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા અને તેને પરિણામે અમે હારી ગયા છીએ. હાર પામીને અમે એવી ભયંકર પરિસ્થિતિમાં સપડાઇ ગયા હતા કે જેથી એક દિશા તરફથી બીજી દિશા તરફ જવામાં પણ અસથર્ં થઇ ગયા અથવા તો તેણે અમને એક દિશામાંથી બીજી દિશા તરફ ભગાડી મૂકયા છે. (तएणं से कण्हे वासुदेवे ते पं. पं.) ત્યારે કૃષ્ણ-વાસુદેવે તે પાંચ પાંડવોને આ પ્રમાણે કહ્યું કે—

(जइणं तुब्भे देवाणुप्पिया ! एवं वयंता अम्हे णो पउमणाभे राय त्ति कट्टु पउमनाभेणं सद्धिं संपलग्गं ताओ णं तुब्भे णो पउमणाहे, हयमहियपवर जाव पडिसेहंते, तं पेच्छह णं तुब्भे देवाणुप्पिया ! अहं णो पउमणाभे रायत्ति कट्टु पउमनाभेणं रन्ना सद्धिं जुज्झामि, रहं दुरूहइ, दुरुहित्ता जेणेव पउमणाभे राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता सेयं गोखीरहारधवलंतणसोल्लियसिंदुवार कुंदेंदु सन्निगासं नियबलस्स हरिसजणणं रिउसेण्णविणासकरं पंचजण्णं संखं परामुसइ)

હે દેવાનુપ્રિય ! તમે તો પહેલેથી જ આ પ્રમાણે કહેતા હતા કે અમેજ જીતીશું, પદ્મનાભ રાજા જીતશે નહિ. અને આ પ્રમાણે વિચાર કરીને જ તમે લોકોએ પદ્મનાભ રાજાની સાથે યુદ્ધની શરૂઆત કરી હતી, આવી પરિસ્થિમાં તો તમારે જીત મેળવવી જોઇએ. પદ્મનાભ રાજાની જીત નહિ થવી જોઇએ. તમે લોકો તેને પીડિત ઘોડાઓવાળો બનાવત, તમને તે નહિ પણ આ બધી તમારી મનની ઇચ્છા સફળ થઈ શકી નહિ. એથી હે દેવાનુપ્રિયો ! હવે જુઓ,

તેની સાથે હું હવે મેદાને પડું છું. આમાં વિજય મને જ પ્રાપ્ત થશે, પદ્મનાભ રાજાને નહિ. આમ કહીને કૃષ્ણ-વાસુદેવ રથ ઉપર સવાર થઇ ગયા અને સવાર થઇને જ્યાં પદ્મનાભ રાજા હતો ત્યાં પહોંચ્યા ત્યાં પહોંચીને તેમણે પોતાના પાંચજન્ય સફેદ શંખને-કે જે તેમની સેના માટે હર્ષોત્પાદક તેમજ શત્રુઓની સેના માટે સંહાર રૂપ હતો તથા ગાયના દૂધ અને હારના જેવો સફેદ હતો-હાથમાં લીધો. તે શંખની કાંતિ મલ્લિકા નિર્ગુંઠી કુંદ પુષ્પ અને ચન્દ્ર જેવી હતી. (परामुसित्ता मुहवायपूरियं करेइ) લઈને તેમણે મુખથી વગાડયો. (तएणं तस्स पउमणाहस्स तेणं संखसद्देणं बलइभाए हय जाव पडिसेहिए) તે વખતે તે પદ્મનાભ રાજાની સેનાનો ત્રિભાગ શંખના શબ્દથી જ હત થઈ ગયો, મથિત થઈ ગયો યાવત્ એક દિશા તરફથી બીજી દિશા તરફ નાશી ગયો. (तएणं से कण्हे वासुदेवे धणुं परामुसइ, वेढो धणुं पूरेइ, पूरित्ता धणुसद्दं करेइ) ત્યારપછી કૃષ્ણ-વાસુદેવે ધનુષ ઉઠાવ્યું. આ ધનુષનું વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કરવામાં આવ્યું છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું જોઇએ. ઉઠાવીને તેઓએ તેની ઉપર પ્રત્યંચા ચઢાવી. ત્યારપછી ધનુષને ચઢાવ્યું અને તેનાથી શબ્દ થયો—

(तएणं तस्स पउमनाभस्स दोच्चे बलइभाए तेणं धणुसद्देणं हयमहिय जाव पडिसेहिए, तएणं से पउमणाभे राया तिभागबलावसेसे अत्थामे अबले, अवीरिए अपुरिसक्कारपरक्कमे अधारणिज्जत्ति कट्टु सिग्घं तुरियं जेणेव अमरकंका तेणेव उवागच्छइ)

તે પદ્મનાભ રાજાની સેનાનો ત્રીજો ભાગ તે ધનુષના શબ્દથી જ હત થઈ ગયો, મથિત થઈ ગયો, તેની પ્રવર ચિહ્ન-સ્વરૂપ ધ્વજા પતાકાઓ બધી પડી

ગઈ યાવત્ તે સેનાનો ભાગ એક દિશા તરફથી બીજીદિશા તરફ નાશી ગયો. અથવા તો તે નાશી જવામાં પણ અસમર્થ થઇ ગયો. ત્યારપછી ત્રીજા ભાગ જેટલી સેના જ જેની પાસે રહી છે એવો તે પદ્મનાભ રાજા સાવ નિર્બળ થઈ ગયો, પર્યાપ્ત સૈન્ય રહિત થઈ ગયો અને આંતરિક શક્તિ-ઉત્સાહ રહિત થઇ ગયો. તે પૌરૂષ પરાક્રમ વગરનો થઈ તે રણભૂમિમાં ટકી શકે તેમ પણ રહ્યો નહિ અથવા તો તે પ્રાણોને ધારણ કરવામાં પણ અસમર્થ થઇ ગયો. એથી તે સત્વરે જ્યાં અમરકંકા નગરી હતી ત્યાં આવી ગયો.

(उवागच्छित्ता अमरकंकं रायहाणिं अणुपविसइ, अणुपविसित्ता-दाराइं पिहेइ, पिहित्ता रोहसज्जे चिट्ठइ, तएणं से कण्हे वासुदेवे, जेणेव अमरकंका तेणेव उवागच्छइ)

ત્યાં આવીને તે અમરકંકા રાજધાનીમાં ગયો, ત્યાં જઇને તેણે દરવાજાઓને બંધ કરાવી દીધા. બંધ કરાવીને તે પોતાના દુર્ગની રક્ષા કરતાં ત્યાંજ રોકાયો. ત્યારપછી કૃષ્ણ-વાસુદેવ જ્યાં તે અમરકંકા નામે નગરી હતી ત્યાં ગયા. (उवा०) ત્યાં જઇને (रहं ठवेइ, ठवित्ता रहाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता वेउव्वियसमुग्घाएणं समोहणइ) તેમણે પોતાના રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને તેઓ તેમાંથી નીચે ઉતર્યા. નીચે ઉતરીને તેમણે વૈક્રિય સમુદ્ઘાત કર્યો. વૈક્રિય શરીરને બનાવવા માટે જે આત્મપ્રદેશોને બહાર કાઢવામાં આવે છે તે વૈક્રિય સમુદ્ઘાત કહેવાય છે.

(एगं महं णरसिहरूवं विउव्वइ, विउव्वित्ता महया २ सद्देणं पाददद्दरएणं करणं समाणेणं अमरकंका रायहाणी संभग्गपागारगोपुराट्टालयचरियतोरणं पल्हत्थियपवरभवणसिरिधरा सरस्सरस्स धरणियले संन्निवइया)

આ સમુદ્ઘાત વડે તેમણે એક વિશાળ કાય નરસિંહ રૂપની વિકુર્વણા કરી. નરસિંહ રૂપની વિકુર્વણા કરીને પોતાની ભયંકર ગર્જનાથી ભૂમિ ઉપર ચરણોનો આઘાત કર્યો. આ રીતે ગર્જનાપૂર્વક કરાયેલા ચરણાઘાતથી અમર-

કંકા રાજધાનીની શેરીઓને, અટારીઓને, ચરિકાઓને, શ્રીગૃહોને, કોશાગારોને શ્રીકૃષ્ણે નષ્ટ કરી નાખ્યા તેમજ તે અમરકંકા રાજધાની પણ સરસર શબ્દ કરતી ગર્જનાપૂર્વક કરવામાં આવેલા ચરણાઘાતથી જમીનદોસ્ત થઈ ગઈ.

(तएणं से पउमणाभे राया, अमरकंका रायहाणिं संभग्ग जाव पासित्ता, भीए दोवईए देवीए सरणं उवेइ)

પદ્મનાભ રાજા અમરકંકા રાજધાનીના પ્રાકાર, ગોપુર વગેરેનો વિનાશ જોઈને ખૂબ જ ભયભીત થઈ ગયો, ત્રસ્ત થઈ ગયો તેમજ ઉદ્વિગ્ન થઈ ગયો અને સંમતભય સંપન્ન થઈને દ્રૌપદી દેવીની શરણે પહોંચ્યો. (तएणं सा दोवई देवी पउमनाभं रायं एवं वयासी) ત્યારે તે દ્રૌપદી દેવીએ પદ્મનાભ રાજાને આ પ્રમાણે કહ્યું કે—

(किण्णं तुमं देवाणुप्पिया ! न जाणासि कण्हस्स वासुदेवस्स उत्तमपुरिसस्स विप्पियं करेमाणे ममं इह हव्वमाणेसि)

હે દેવાનુપ્રિય ! શું તમે ઉત્તમ પુરૂષ કૃષ્ણ–વાસુદેવને ઓળખતા નથી. મને અહીં લાવીને તમે તેમનું જ અનિષ્ટ કર્યું છે.

(तं एवमविगए गच्छह णं तुमं देवाणुप्पिया ! ण्हाए उल्लपडसाडए अवचूलगवत्थणियत्थे अंतेउरपरियालसंपरिवुडे, अग्गाइं वराइं रयणाइं गहाय, ममं पुरतो, काउं कण्हं वासुदेवं करयलपायपडिए सरणं उवेहि)

ખેર, છોડો એ વાતને. હે દેવાનુપ્રિય ! તમે હવે સ્નાન કરો અને ભીના વસ્ત્રોથી જ શ્રીકૃષ્ણ વાસુદેવની શરણમાં જાઓ. જતી વખતે તમે સ્ત્રીઓના પરિધાન (ચણિયા) ની જેમજ પગ સુધી લટકતા વસ્રો પહેરજો. તમે એકલા જતા નહિ પરંતુ રણવાસની બધી સ્ત્રીઓને સાથે લઈને જજો. તમે ખાલી હાથે તેમની પાસે જતા નહિ પણ કંઈક ભેટ સ્વરૂપ કિંમતી વસ્ત્રોને લઈને

તેમજ મને આગળ રાખીને ચાલજો. ત્યાં પહોંચીને તમે બંને હાથ જોડીને તેમના પગે પડજો.

(पणिवइय वच्छलाणं देवाणुप्पिया उत्तमपुरिसा, तएणं से पउमनाभे दोवइए देवीए एयमट्ठं पडिसुणेइ, पडिसुणित्ता ण्हाए जाव सरणं उवेइ, उवित्ता करयल० एवं वयासी, दिट्ठा णं देवाणुप्पियाण इड्ढी जाव परक्कमे तं खामेमि णं देवाणुप्पिया!)

હે દેવાનુપ્રિય ! ઉત્તમ પુરૂષો તેમની સામે વિનમ્ર થયેલા માણસો પ્રત્યે એકદમ વત્સલ થઈ જાય છે. ફક્ત નમસ્કાર કરવાથીજ તેઓ પ્રસન્ન થઈ જાય છે. આ બધું સાંભળીને પદ્મનાભ રાજાએ દ્રૌપદીના આ શિક્ષાપ્રદ કથન રૂપ અર્થને સ્વીકારી લીધો. સ્વીકાર કરીને તેણે સ્નાન કર્યું યાવત્ તે દ્રૌપદીના કહ્યા મુજબ જ કૃષ્ણ-વાસુદેવની શરણમાં ગયો. શરણમાં જઈને તેણે પોતાના બંને હાથ જોડીને અંજલિ બનાવી અને આદક્ષિણ પ્રદક્ષિણા કરીને તેના માથા ઉપર મૂકી અને ત્યારબાદ તે આ પ્રમાણે કહેવા લાગ્યો કે-દેવાનુપ્રિય ! તમારી મેં ઋદ્ધિ જોઇ લીધી છે, યાવત્ તમારૂં પરાક્રમ પણ મેં જોઈ લીધું છે. હે દેવાનુપ્રિય ! હું મારા અપરાધ બદલ ક્ષમા માંગુ છું (जाव खमंतु) યાવત્ તમે મને ક્ષમા કરો. (णं जाव णाहं भुज्जो २ एवं करणाए) હવે ફરી હું આવું કદાપિ નહિ કરૂં (त्ति कट्टु पंजलिवुडे पायवडिए कण्हस्स वासुदेवस्स दोवइं देविं साहत्थिं उवणेइ) આ પ્રમાણે કહીને તે બંને હાથ જોડીને કૃષ્ણ-વાસુદેવના પગોમાં આળોટી ગયો અને ત્યારપછી તેણે પોતાના હાથથીજ દ્રૌપદી તેમને સોંપી દીધી.

(तएणं से कण्हे वासुदेवे पउमणाभं एवं वयासी-हं भो ! पउमणाभा ! अपत्थियपत्थिया ४ किण्णं तुमं ण जाणासि मम भगिणिं दोवइं देविं इह, हव्व माणमाणे त एवमपि गए, णत्थि ते ममाहिंतो इयाणिं भयमत्थि त्तिकट्टु पउमणाभं पडिविसज्जेइ पडिविसज्जित्ता दोवइं देविं गिण्हइ, गिण्हित्ता रहं दुरूहेइ,

दुरूहित्ता जेणेव पंच पंडवे तेणेव उवागच्छइ उवागच्छित्ता पंचण्हं पंडवाणं दोवइं देविं साहत्थिं उवणेइ)

ત્યારે કૃષ્ણ–વાસુદેવે પદ્મનાભને આ પ્રમાણે કહ્યું કે અરે ઓ ! પદ્મનાભ ! તમે આ પ્રમાણે અસમયમાં જ મરણના અભિલાષી કેમ બની ગયા છો[૪], શું તમને ખબર નહોતી કે દ્રૌપદી મારી બહેન છે તું એને અહીં શા માટે લઈ આવ્યો ? ખેર, તું જ્યારે આ સ્થિતિમાં મારી પાસે આવ્યો છે તો હવે તારે મારા તરફથી કોઈ પણ જાતનો ભય રાખવો જોઈએ નહિ. આમ કહીને કૃષ્ણ વાસુદેવે તેને વિદાય કર્યો. ત્યારપછી દ્રૌપદીને સાથે લઇને તેઓ રથ ઉપર સવાર થયા. સવાર થઈને તેઓ જ્યાં પાંચે પાંડવો હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે પોતાના હાથથી દ્રૌપદીને પાંચે પાંડવોને સોંપી દીધી.

(तएणं से कण्हे पंचेहिं पंडवेहिं सद्धिं अप्प छट्ठे छहिं रहेहिं लवणसमुद्दं मज्झं मज्झेणं जेणेव जंबूदीवे दीवे जेणेव भारहेवासे तेणेव पहारेत्थ गमणाए)

ત્યારબાદ તે કૃષ્ણ–વાસુદેવ પાંચે પાંડવોની સાથે આત્મષષ્ઠ થઈને છએ રથોને લઇને લવણ સમુદ્રની વચ્ચે થઈને જ્યાં જંબૂદ્વીપ નામે દ્વીપ, અને તેમાં પણ જ્યાં ભારતવર્ષ નામે ક્ષેત્ર હતું તે તરફ રવાના થયા. ॥ સૂત્ર ૨૯ ॥

' तेणं कालेणं तेणं समएणं ' इत्यादि—

ટીકાર્થ–(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (धायइ संडे दीवे, पुरत्थिमद्धे भारहेवासे चंपा णामं णयरी होत्था, पुण्णभद्दे चेइए) ધાતકી ષંડદ્વીપમાં પૂર્વ દિગ્ભાગવર્તી ભરતક્ષેત્રમાં ચંપા નગરી હતી, તેમાં પૂર્ણભદ્ર નામે ઉદ્યાન હતું.

(तत्थ णं चंपाए नयरीए कपिले नाम वासुदेवे राया होत्था, महया हिमवंत वण्णओ, तेणं कालेणं तेणं समएणं मुणिमुव्वए अरहा, चंपाए पुण्णभद्दे समोसढे)

તે ચંપા નગરીમાં કપિલ નામે વાસુદેવ રાજ કરતા હતા. તેઓ મહા હિમવાન વગેરે જેવા બળવાન હતા. પહેલાં જુદા જુદા રાજાઓનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે આ રાજાનું પણ વર્ણન જાણી લેવું જોઇએ. તે કાળે અને તે સમયે મુનિસુવ્રત તીર્થંકર ચંપા નગરીમાં તે પૂર્ણ-ભદ્ર ઉદ્યાનમાં પધાર્યા હતા.

(कविले वासुदेवे धम्मं सुणेइ, तएणं से कविले वासुदेवे मुणि सुव्वयस्स अरहाओ धम्मं सुणेमाणे, कण्हस्स वासुदेवस्स संखसद्दं सुणेइ, तए णं तस्स कविलस्स वासुदेवस्स इमेयारूवे अज्झत्थिए समुप्पज्जित्था-किं मण्णे धायइसंडे दीवे भारहेवासे दोच्चे वासुदेवे समुप्पण्णे ? जस्स णं अयं संखसद्दे ममं पिव मुहवाय-पूरिए वीयं भवइ)

તેમની પાસે તે કપિલ વાસુદેવ ધર્મોપદેશ સાંભળી રહ્યા હતા. તે કપિલ વાસુદેવે મુનિસુવ્રત પ્રભુની પાસે ધર્મોપદેશ સાંભળતાં જ કૃષ્ણવાસુદેવના શંખનો ધ્વનિ સાંભળ્યો. ત્યારે તે કપિલ વાસુદેવને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે શું ધાતકી ષંડ નામના દ્વીપમાં વિદ્યમાન ભરતક્ષેત્રમાં કોઇ બીજો વાસુદેવ ઉત્પન્ન થયો છે ? કેમકે તેના શંખનો આ ધ્વનિ મારા વડે વગાડવામાં આવેલા શંખના ધ્વનિ જેવો જ છે.

(तएणं मुणि सुव्वए अरहा कविलं वासुदेवं एवं वयासी-से णूणं ते कवि-लावासुदेवा ! मम अंतिए धम्मं णिसामेमाणस्स संखसद्दं आकण्णित्ता इमेयारूवे अज्झत्थिए किं मण्णे जाव वीयं भवइ, से णूणं कविला वासुदेवा ! अयमट्ठे समट्ठे ? हंता, अत्थि, नो खलु कविला एयं भूयं वा ३ जन्नं एगखेत्ते एगे जुगे

एगे समए दुवे अरहंता वा चक्कवट्टी वा, वासुदेवा वा उप्पज्जिंसु, उप्पज्जिंति, उप्पज्जिस्संति वा)

ત્યારે મુનિસુવ્રત તીર્થંકર પ્રભુએ તે કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે કપિલવાસુદેવ મારી પાસે ધર્મને સાંભળતાં શંખ–શબ્દ સાંભળીને તમને આ જાતનો આધ્યાત્મિક સંકલ્પ–વિચાર ઉત્પન્ન થયો છે કે, શું કોઈ બીજો વાસુદેવ ઉત્પન્ન થયો છે–જેના શંખનો ધ્વનિ મને સંભળાઈ રહ્યો છે. બોલો, કપિલ વાસુદેવે કહ્યું કે હા, પ્રભુ ! એ જ વાત છે. મારા મનમાં એ જ જાતનો વિચાર ઉદ્ભભવ્યો છે. ત્યારે મુનિસુવ્રત ભગવાને કપિલ વાસુદેવને કહ્યું કે હે કપિલ વાસુદેવ ! આવી વાત ભૂતકાળમાં થઈ નથી અને ભવિષ્યકાળમાં થશે નહિ અને વર્તમાનકાળમાં સંભવી શકે તેમ પણ નથી કે જે એક જ ક્ષેત્રમાં, એક જ યુગમાં, એક જ સમયમાં બે અર્હંત પ્રભુ, બે ચક્રવર્તી, બે બળદેવ, બે વાસુદેવ ઉત્પન્ન થયા હોય, ઉત્પન્ન થઇ રહ્યા હોય અને આગળ ઉત્પન્ન થવાના હોય.

(एवं खलु वासुदेवा ! जंबू द्दीवाओ भारहाओ वासाओ हत्थिणाउरणयाराओ, पंडुस्स रण्णो, सुण्हा पंचण्हं पंडवाणं भारिया दोवई देवी तव पउमनाभस्स रण्णो पुव्वसंगइएणं देवेणं अमरकंका नयरिं साहरिया तएणं से कण्हे वासुदेवे पंचहिं पंडवेहिं सद्धिं अप्पछट्ठे छहिं रहेहिं अमरकंकं रायहाणिं दोवईए देवीए कूवं हव्वमागए, तएणं तस्स कण्णस्स वासुदेवस्स पउमणाभेणं रण्णा सद्धिं संगामं, संगामे माणस्स अयं संखसद्दे तव मुहवाया० इव बीयं भवइ)

સાંભળો, વિગત એવી છે કે જંબૂદ્રીપના ભરતક્ષેત્રમાં વિદ્યમાન હસ્તિનાપુર નગરથી પાંડુરાજાની પુત્રવધૂ પાંચે પાંડવોની પત્ની દ્રૌપદી દેવીને તમારા પદ્મનાભ રાજાના પૂર્વભવનો મિત્ર કોઈ દેવ હરીને અમરકંકા નગરીમાં લઈ આવ્યો હતો. ત્યારપછી ભરતક્ષેત્રના વાસુદેવ કૃષ્ણ પાંચે પાંડવોની સાથે આત્મષષ્ઠ થઈને છ રથો ઉપર સવાર થયા અને સત્વરે દ્રૌપદી દેવીને પાછાં મેળવવા માટે ત્યાં પહોંચી ગયા. પદ્મનાભ રાજાની સાથે યુદ્ધ કરતાં કૃષ્ણવાસુદેવે જે શંખધ્વનિ કર્યો છે તે તમારા શંખના ધ્વનિ જેવો છે.

(तएणं से कविले वासुदेवे मुणि सुव्वयं वंदंति, २ एवं वयासी, गच्छामि

णं अहभंते ! कण्हं वासुदेवं उत्तमपुरिसं सरिसपुरिसं पासामि)

આ પ્રમાણે સાંભળીને તે કપિલવાસુદેવે મુનિસુવ્રત પ્રભુને વંદન તેમજ નમન કર્યાં. વંદન અને નમન કરીને તેમની સામે આ પ્રમાણે વિનંતી કરતાં કહ્યું કે હે ભદંત ! હું જાઉં છું અને જઇને મારા જેવા તે ઉત્તમ પુરૂષ કૃષ્ણ વાસુદેવ કે જેઓ વાસુદેવ પદને શોભાવે છે—તેમને મળું છું. (तएणं मुणि सुव्वए अरहा कविलं वासुदेवं एवं वयासी) ત્યારે મુનિસુવ્રત પ્રભુએ તે કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે—

(नो खलु देवाणुप्पिया ! एवं भूयं वा ३ जण्णं अरहंतो वा अरहंतं पासइ, चक्कवट्टी वा चक्कवट्टिं पासइ, बलदेवो वा, बलदेवं पासइ, वासुदेवो वा वासुदेवं पासइ)

હે દેવાનુપ્રિય ! એવી વાત કોઈ પણ દિવસે સંભવી નથી, વર્તમાનમાં પણ સંભવી શકે તેમ નથી અને ભવિષ્યકાળમાં પણ સંભવી શકશે નહિ કે એક તીર્થંકર બીજા તીર્થંકરને મળે, એક ચક્રવર્તી બીજા ચક્રવર્તીને મળે, એક બળદેવ બીજા બળદેવને મળે. આ જાતનો સિદ્ધાન્તનો નિયમ છે કે એક તીર્થંકરની સાથે બીજા તીર્થંકરનો મેળાપ કોઇ પણ સંજોગોમાં થતો નથી. એક ચક્રવર્તીનો બીજા ચક્રવર્તીની સાથે, એક બળદેવનો બીજા બળદેવની સાથે તેમજ એક વાસુદેવનો બીજા કોઈ પણ વાસુદેવની સાથે કદાપિ મેળાપ થતો નથી. (तह वि य णं तुमं कण्हस्स वासुदेवस्स लवणसमुद्दं मज्झं मज्झेणं वीइवयमाणस्स सेयापीयाइं धयग्गाइं पासिहिसि) હા, એમ થઇ શકે છે કે જ્યારે તે કૃષ્ણવાસુદેવ લવણ સમુદ્રની વચ્ચે થઇને પસાર થતા હોય ત્યારે તમે તેમની સફેદ, પીળી ધ્વજાઓના અગ્રભાગને જોઇ શકો છો. (तएणं से)

कविले वासुदेवे मुणिसुव्वयं वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता हत्थिखंधं दुरूहइ, दुरूहित्ता सिग्घं२ जेणेव वेलाउले, तेणेव उवागच्छइ, उवागच्छित्ता कण्हस्स वासुदेवस्स लवणसमुद्दं मज्झं मज्झेणं वीइवयमाणस्स सेयापीयाहिं धयग्गाइं पासइ, पासित्ता एवं वयइ, एसणं मम सरिसपुरिसे उत्तमपुरिसे कण्हे वासुदेवे

लवणसमुद्दं मज्झं मज्झेणं वीइवयइत्ति कट्टु पंचजन्नं संखं परामुसइ परामुसित्ता मुहवायपूरियं करेइ)

આ રીતે પ્રભુની આજ્ઞા સાંભળીને તે કપિલ વાસુદેવે તે પ્રભુ મુનિસુવ્રત ભગવંતને વંદન અને નમસ્કાર કર્યા. વંદન અને નમસ્કાર કરીને તેઓ પોતાના પ્રધાન હાથી ઉપર સવાર થયા અને સવાર થઇને જલ્દી જ્યાં લવણ સમુદ્રનો કિનારો હતો ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે લવણસમુદ્રની વચ્ચે થઇને પસાર થતા કૃષ્ણવાસુદેવની સફેદ-પીળી ધ્વજાઓના અગ્રભાગને જોયો અને જોઇને મનમાં વિચાર કર્યો કે મારા જેવા ઉત્તમ પુરુષ કૃષ્ણવાસુદેવ એ જ છે કે જેઓ લવણ-સમુદ્રની વચ્ચે થઇને પસાર થઈ રહ્યા છે. આમ વિચાર કરીને તેમણે પાંચ જન્ય શંખને ઉઠાવ્યો અને ઉઠાવીને પોતાના મુખના પવનથી તેને પૂરિત કર્યો.

(तएणं से कण्हे वासुदेवे कविलस्स वासुदेवस्स संखसद्दं आयन्नेइ, आयन्नित्ता, पंचजन्नं जाव पूरियं करेइ तएणं दो वि वासुदेवा संखसद्दं सामायारिं करेइ, तएणं से कविले वासुदेवे जेणेव अमरकंका तेणेव उवागच्छइ, उवागच्छित्ता अमरकंकारायहाणिं संभग्गतोरणं जाव पासइ, पासित्ता पउमणाभं एवं वयासी)

જ્યારે કૃષ્ણવાસુદેવે કપિલ વાસુદેવના શંખનો ધ્વનિ સાંભળ્યો ત્યારે તેમણે પણ પોતાના પાંચજન્ય શંખને મુખના પવનથી પૂરિત કર્યો અને વગાડયો. આ રીતે તેઓ બંને વાસુદેવ પ્રત્યક્ષ રીતે નહિ પણ શંખના ધ્વનિથી પરસ્પર મળ્યા. ત્યારપછી તે કપિલ વાસુદેવ જ્યાં તે અમરકંકા નગરી હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે અમરકંકા રાજધાનીને ધજાઓ વગેરેથી નષ્ટ થયેલી જોઇ, જોઇને તેમણે પદ્મનાભ રાજાને આ પ્રમાણે કહ્યું કે--

(किण्णं देवाणुप्पिया ऐसा अमरकंका संभग्ग जाव सन्निवइया ? तएणं से पउमणाहे कविलं वासुदेवं एवं वयासी-एवं खलु सामी ! जंबूदीवाओ दीवाओ भारहाओ वासाओ इहं हव्वमागम्म कण्हेणं वासुदेवेणं तुब्भे परिभूए अमरकंका जाव सन्निवाडिया)

હે દેવાનુપ્રિય ! શા કારણથી આ અમરકંકા નગરીની ધજાઓ વગેરે પણ તૂટી ગઇ છે અને સંપૂર્ણ નગરી વિનષ્ટ થઈ ગઈ છે ! ત્યારે પદ્મનાભ રાજાએ તે કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામી ! વાત એવી છે કે જંબૂદ્વીપ નામના પ્રથમ દ્વીપના ભરતક્ષેત્રથી અહીં બહુ જ જલ્દી આવીને કૃષ્ણવાસુદેવે તમારી જરાએ દરકાર કર્યા વગર “ કપિલ વાસુદેવ અમારૂં કંઇજ કરી શકશે નહિ ” આ જાતનો પોતાના મનમાં વિચાર કરીને પહેલાં તો અમરકંકાના તોરણો નષ્ટ કર્યાં અને ત્યારપછી આ નગરીને પણ જમીનદોસ્ત કરી નાખી છે. (तएणं से कविले वासुदेवे पउमणाहस्स अंतिए एयमट्ठं सोच्चा पउमणाहं एवं वयासी) ત્યારે પદ્મનાભ રાજાના મુખથી આ બધી વિગત સાંભળીને તે કપિલવાસુદેવે તે પદ્મનાભ રાજાને આ પ્રમાણે કહ્યું કે—

(हं भो! पउमणाभा ! अपत्थियपत्थिया ! किन्नं तुमं न जाणासि मम सरिस पुरिसस्स कण्हस्स वासुदेवस्स विप्पियं करेमाणे ? आसुरुत्ते जाव पउमणाहं णिव्विसयं आणवेइ, पउमणाहस्स पुत्तं अमरकंका रायहाणीए महया महया रायाभिसेएणं अभिसिंचइ, जाव पडिगए)

અરે, ઓ મૃત્યુને ઇચ્છનાર પદ્મનાભ ! મારા જેવા પુરુષ કૃષ્ણવાસુદેવનું બુરૂં કરતાં તેં મારી પણ દરકાર કરી નહિ ? આ પ્રમાણે કહીને તેઓ ખૂબજ ક્રોધિત થઇ ગયા. યાવત્ તે પદ્મનાભ રાજાને પોતાના દેશથી બહાર પણ નસાડી મૂકયો. ત્યારપછી તેના પુત્ર સુનાભનો ભારે ઉત્સવની સાથે રાજ્યાભિષેક કર્યો. આ રીતે પદ્મનાભના પુત્રને રાજ્યાસને અભિષિક્ત કરીને કપિલ વાસુદેવ જે દિશા તરફથી આવ્યા હતા તે દિશા તરફ પાછા જતા રહ્યા. ॥ સૂત્ર ૩૦ ॥

तएणं से कण्हे वासुदेवे इत्यादि—

ટીકાર્થ–(तएणं) ત્યારપછી (से कण्हे वासुदेवे) તે કૃષ્ણવાસુદેવે (लवणसमुदं) કે જ્યારે તેઓ લવણ સમુદ્રની (मज्झं मज्झेणं वीइवयइ) વચ્ચે થઇને પસાર થતા હતા ત્યારે (ते पंच पंडवे एवं वयासी) પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું (गच्छहणं तुब्भे देवाणुप्पिया ! गंगा महानदिं उत्तरह जाव ताव अहं सुट्ठियं

लवणाहिवइं पासामि) હે દેવાનુપ્રિયો ! તમે લોકો હવે જાઓ અને ગંગા નદીને ઓળંગો ત્યાંસુધી હું લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળીને અને તેમની આજ્ઞા પ્રાપ્ત કરીને આવું છું.

(तएणं ते पंच पंडवा कण्हेणं वासुदेवेणं एवं वुत्ता समाणा, जेणेव गंगा महानई तेणेव उवागच्छंति उवागच्छित्ता एगट्ठियाए णावाए मग्गणगवेसणं करेंति, करित्ता एगट्ठियाए नावाए गंगा महानइं उत्तरंति)

આ રીતે કૃષ્ણવાસુદેવ વડે આજ્ઞાપિત થયેલા તે પાંચે પાંડવો જ્યાં ગંગા મહા નદી હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે એકાર્થિક મહાનૌકા જેવી કામમાં આવી શકે તેવી નૌકાની માર્ગણા તેમજ ગવેષણા કરી. માર્ગણા તેમજ ગવેષણા કરીને તે પાંચે પાંડવો નૌકા ઉપર સવાર થઈને ગંગા મહા નદીને પાર ઉતરી ગયા.

(उत्तरित्ता अण्णमण्णं एवं वयंति पहूणं देवाणुप्पिया ! कण्हे वासुदेवे गंगा-महानई बाहाहिं उत्तरित्तए, उदाहु णो पभू उत्तरित्तए त्तिकट्टु एगट्ठियाओ णावाओ णूमेंति, णूमित्ता कण्हं वासुदेवं पडिवालेमाणा२ चिट्ठंति, तए णं से कण्हे वासुदेवे सुट्ठियं लवणाहिवइं, पासइ, पासित्ता जेणेव गंगा महाणई तेणेव उवागच्छइ)

પાર ઉતરીને જ્યારે તેઓ કિનારે પહોંચી ગયા ત્યારે તેમણે પરસ્પર વિચાર કર્યો કે હે દેવાનુપ્રિયો ! કૃષ્ણવાસુદેવ ગંગા મહાનદીને હાથો વડે તરીને પાર કરી શકે કે નહિ ? આમ વિચાર કરીને તેમણે તે 'એકાર્થિ' નૌકાને કૃષ્ણવાસુદેવને લાવવા માટે પાછી મોકલી નહિ પણ ત્યાંજ છુપાવી દીધી. અને છુપાવીને તેઓ ત્યાંજ કૃષ્ણવાસુદેવની પ્રતીક્ષા કરતા રોકાઈ ગયા. કૃષ્ણવાસુદેવ લવણ સમુદ્રાધિપતિ સુસ્થિતદેવને મળ્યા અને તેની આજ્ઞા પ્રાપ્ત કરીને જ્યાં ગંગા નદી હતી ત્યાં આવ્યા.

(उवागच्छित्ता एगट्ठियाए सव्वओ समंता मग्गणगवेसणं करेइ, करित्ता एगट्ठियं अपासमाणे एगाए बाहाए रहं सतुरग ससारहिं गेण्हइ, एगाए बाहाए

गंगं महाणइं वासट्ठिं जोयणाइं अद्धजोयणं च विच्छिन्नं उत्तरिपयत्ते यावि होत्था)

ત્યાં આવીને તેમણે 'એકાર્થિક' નૌકાની ચોમેર બધી રીતે માર્ગણા ગવેષણા કરી. માર્ગણા તેમજ ગવેષણા કરીને જ્યારે 'એકાર્થિક' નૌકા તેમના જોવામાં આવી નહિ ત્યારે સારથિ અને ઘોડાથી યુક્ત રથને તેમણે એક હાથમાં ઉપાડયો અને એક હાથ વડે ૬૨" યોજન વિસ્તીર્ણ તે ગંગા મહા નદીને તરીને પાર કરવા લાગ્યા.

(तएणं से कण्हे वासुदेवे गंगा महाणईए बहुमज्झदेस भागं संपत्ते समाणे संते, तंते, परितंते, बद्धसेए जाए यावि होत्था, तएणं कण्हस्स वासुदेवस्स इमे एयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था-अहोणं पंच पंडवा महाबलवगा जेहिं गंगा महाणई वासट्ठिं जोयणाइं अद्धजोयणं च विच्छिण्णा बाहाहिं उत्तिण्णा इत्थं भूएहिं णं पंचहिं पंडवेहिं पउमणाभे राया जाव णो पडिसेहिए-तएणं गंगादेवी कण्हस्स वासुदेवस्स इमं एयारूवं अज्झत्थिए जाव जाणित्ता थाहं वितरइ)

તરતાં તરતાં જ્યારે કૃષ્ણવાસુદેવ ગંગા મહાનદીના એકદમ મધ્યમાં આવ્યા-ત્યાંસુધી આવતાં આવતાં તો તેઓ થાકી ગયા, ખેદખિન્ન થઈ ગયા, અને એકદમ થાકી ગયા. થાકને લીધે તેમનું સંપૂર્ણ શરીર પરસેવાથી તરબોળ થઈ ગયું. ત્યારે તે કૃષ્ણવાસુદેવને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉદ્ભભવ્યો કે જુઓ આ પાંચે પાંડવો કેટલા બધા બલિષ્ઠ છે કે જેમણે ૬૨" યોજન વિસ્તીર્ણ આ ગંગા મહાનદીને હાથો વડે તરીને પાર કરી છે પણ એની સાથે આ પણ એક નવાઈ જેવી વાત છે કે એવા પરાક્રમી હોવા છતાંએ આ પાંડવોથી તે પદ્મનાભ રાજા યાવત્ પરાજીત કરી શકાયો નહિ. કૃષ્ણવાસુદેવના ગંગા મહાનદીએ આ જાતના આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ જાણીને તેમના માટે થાહ આપી. (तएणं से कण्हे वासुदेवे मुहुत्तंत्तरं समासासइ) થાહ મેળવીને કૃષ્ણવાસુદેવે થોડીવાર ત્યાં વિશ્રામ કર્યો (समासा०) વિશ્રામ કર્યા બાદ તેમણે

(गंगा महाणइं बावट्ठिं जाव उत्तरइ, उत्तरित्ता जेणेव पंच पंडवा तेणेव उवागच्छइ, उवागच्छित्ता पंच पंडवे एवं वयासी-अहोणं तुब्भे देवाणुप्पिया ! महाबलवगा जेणं तुब्भेहिं गंगा महाणई बासट्ठिं जाव उत्तिण्णा इत्थं भूएहिं तुब्भेहिं पउमं जाव णो पडिसेहिए, तएणं ते पंच पंडवा कण्हे णं वासुदेवेणं एवं वुत्ता समाणा कण्हं वासुदेवं एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! अम्हे तुब्भेहिं विसज्जिया समाणा जेणेव गंगा महाणई तेणेव उवागच्छइ, उवागच्छित्ता एगट्ठियाए मग्गण गवेसणं तं चेव जाव णूमेमो तुब्भे पडिवालेमाणा चिट्ठामो)

૬૨'' યોજન વિસ્તીર્ણ તે ગંગા મહાનદીને તરીને પાર પહોંચી ગયા પાર પહોંચીને તેઓ જ્યાં પાંચે પાંડવો હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે બહુ જ બળવાન છો કેમકે તમે લોકોએ ૬૨'' યોજન વિસ્તીર્ણ આ ગંગા મહાનદીને હાથો વડે તરીને પાર કરી છે. પણ એની સાથે આ એક નવાઇ જેવી વાત છે કે તમે આટલા બધા બળવાન હોવા છતાં પણ પદ્મનાભ રાજાને હરાવી શકયા નહિ. આ રીતે જ્યારે કૃષ્ણવાસુદેવે તે પાંચે પાંડવોને કહ્યું ત્યારે તેમણે કૃષ્ણવાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! સાંભળો, વાત એવી છે કે અમને બધાને તમે જ્યારે વિદાય કર્યા ત્યારે અમે લોકો જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને બધાએ એકાર્થિક નૌકાની માર્ગણા ગવેષણા કરી. નૌકા પ્રાપ્ત થતાં જ અમે બધા તેમાં બેસીને ગંગા મહાનદીને પાર કરીને આ તરફ આવી ગયા. આ તરફ આવીને હે દેવાનુપ્રિય ! અમે લોકોએ આ પ્રમાણે વિચાર કર્યો કે-કૃષ્ણવાસુદેવ ગંગા મહાનદીને હાથો વડે તરીને પાર કરી શકશે કે કેમ ? આ વાત જાણવા માટે જ અમે લોકોએ તે એકાર્થિક નૌકાને છુપાવીને તમારી પ્રતીક્ષા કરતાં અમે અહીં જ બેસી રહ્યાં હતા.

(तए णं से कण्हे वासुदेवे तेसिं पंचण्हं पांडवाणं एयमट्ठं सोच्चा णिसम्म आसुरुत्ते जाव तिवलियं एवं वयासी-अहोणं जया मए लवणसमुद्दं दुवे जोयण

सयसहस्सा विच्छिन्नं वीइवइत्ता पउमणामं हय महिय जाव पडिसेहित्ता अमरकंका संभग्ग० दोवई साहत्थिं उवणीया तयाणं तुब्भेहिं मम माहप्पं ण विण्णायं इयाणिं जाणिस्सह, त्तिकट्टु लोहदंडं परामुसइ, पंचण्हं पंडवाणं रहे चूरेइ, चूरित्ता णिव्विसए आणवेइ आणवित्ता तत्थणं रहमद्दणे णामं कोट्टे णिवेट्ठे, तएणं से कण्हे वासुदेवे जेणेव सए खंधावारे, तेणेव उवागच्छइ, उवागच्छित्ता सएणं खंधा वारेणं सद्धिं अभिसमन्नागए यावि होत्था तएणं से कण्हे वासुदेवे जेणेव बारवइ तेणेव उवागच्छइ, उवागच्छित्ता अणुपविसइ)

તે પાંચે પાંડવોના મુખથી આ કથનરૂપ અર્થને સાંભળીને અને તેને પોતાના હૃદયમાં અવધારિત કરીને તે કૃષ્ણવાસુદેવ એકદમ ક્રોધાવિષ્ટ થઇ ગયા. ત્રિવલિયુક્ત તેમના બંને ભમ્મરો વક્ર થઇ ગયા. તેમણે તે જ સમયે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે આ ખરેખર નવાઇ જેવી વાત છે કે જ્યારે મેં ૨ લાખ યોજન વિસ્તીર્ણ લવણ સમુદ્રને ઓળંગીને પદ્મનાભ રાજાને યુદ્ધમાં જીત્યો, તેની સેનાને મથી નાખી, રાજચિહ્ન સ્વરૂપ તેની પ્રશસ્ત ધ્વજા પતાકાઓને જમીનદોસ્ત કરી નાખી તેની રાજધાની અમરકંકા નગરીને નષ્ટ કરી નાખી અને તેની પાસેથી દ્રૌપદીને લાવીને તમને સોંપી દીધી તે વખતે તમે લોકો મારા બળને જાણી શકયા નહિ તો હવે મારા બળને તમે જુઓ–આમ કહીને તે કૃષ્ણવાસુદેવે લોહદંડને હાથમાં લીધો અને તેનાથી તેમણે પાંચે પાંડવોના રથોના ભૂકેભૂકા ઉડાવી દીધા. રથોને નષ્ટ કરીને તેમણે પાંચે પાંડવોને દેશથી બહાર જતા રહેવાની આજ્ઞા આપી. આજ્ઞા આપીને તે કૃષ્ણવાસુદેવે તે સ્થળેજ એક રથમર્દન નામે નગર વસાવ્યું. ત્યારપછી તે કૃષ્ણવાસુદેવ જ્યાં પોતાના સૈન્યની છાવણી હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓ પોતાના સૈનિકોને મળ્યા, ત્યારબાદ તેઓ જે તરફ દ્વારાવતી નગરી હતી તે તરફ રવાના થયા. ત્યાં પહોંચીને તેઓ દ્વારાવતી નગરીમાં પ્રવિષ્ટ થયા. ॥ સૂત્ર ૩૧ ॥

तएणं ते पंच पंडवा इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (ते पंच पंडवा) તે પાંચે પાંડવો (जेणेव हत्थिणाउरे) જ્યાં હસ્તિનાપુર નગર હતું (तेणेव उवागच्छंति) ત્યાં આવ્યા. (उवागच्छित्ता) ત્યાં આવીને (जेणेव पंडू) તેઓ જ્યાં પાંડુ રાજા હતા (तेणेव उवागच्छंति) ત્યાં ગયા. (उवागच्छित्ता) ત્યાં જઇને (करयल० एवं वयासी) તેમણે પોતપોતાના બંને હાથો જોડીને તેમને આ પ્રમાણે વિનંતી કરી કે (एवं खलु ताओ) હે પિતા! સાંભળો, (अम्हे कण्हेणं णिव्विसया आणत्ता) કૃષ્ણવાસુદેવે અમને દેશથી બહાર જતા રહેવાની આજ્ઞા આપી છે. (तएणं पंडुराया पंच पंडवे एवं वयासी) ત્યારે પાંડુ રાજાએ પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે-(कहण्णं पुत्ता तुब्भे कण्हेणं वासुदेवेणं णिव्विसया आणत्ता) હે પુત્રો! કૃષ્ણવાસુદેવે શા કારણથી તમને દેશમાંથી બહાર જતા રહેવાની આજ્ઞા આપી છે? (तएणं ते पंच पंडवा पंडुराया एवं वयासी) ત્યારે તે પાંચે પાંડવોએ પાંડુ રાજાને આ પ્રમાણે કહ્યું કે-(एवं खलु ताओ! अम्हे अमरकंकाओ पडिणियत्ता लवण-समुद्दं दोन्नि जोयणसयसहस्साइं वीइवइत्ता) હે પિતા! સાંભળો, વાત આ પ્રમાણે છે કે જ્યારે અમે અમરકંકા નગરીથી પાછા વળતાં ૨ લાખ યોજન જેટલા વિસ્તારવાળા લવણ સમુદ્રને પાર કરી ચૂકયા (तएणं) ત્યારે (से कण्हे अम्हं एवं वयासी) તે કૃષ્ણવાસુદેવે અમને આ પ્રમાણે કહ્યું કે-(गच्छहणं तुब्भे देवाणुप्पिया! गंगा महाणइ उत्तरह जाव चिट्ठह-ताव अहं एवं तहेव जाव चिट्ठामो) હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને ગંગા મહાનદીને પાર કરો તેટલામાં હું સુસ્થિત દેવને મળીને અને તેમની પાસેથી આજ્ઞા મેળવીને આવું છું. આ પ્રમાણે કૃષ્ણવાસુદેવ વડે આજ્ઞાપિત થયેલા અમે નૌકા વડે ગંગા મહાનદીને પાર કરીને ત્યાં જ તે નૌકાને છુપાવી દીધી. નૌકાને છુપાવવા પાછળ અમારો એ જાતનો આશય હતો કે કૃષ્ણવાસુદેવ પોતાના હાથોથી તરીને ગંગા મહાનદીને પાર કરી શકે છે કે નહિ? નૌકાને છુપાવીને અમે ત્યાં જ તેમની પ્રતીક્ષા કરતાં રોકાઈ ગયા. (तएणं से कण्हे वासुदेवे सुट्ठियं

लवणाहिवइं दट्ठुण तं चेव सव्वं–नवरं कण्हस्स चिंता न जुज्जति जाव अम्हे णिव्विसये आणवेइ) ત્યારપછી કૃષ્ણવાસુદેવ લવણુ સમુદ્રના અધિપતિ સુસ્થિત-દેવને મળીને જ્યારે ગંગા મહાનદીના કિનારા ઉપર આવ્યા ત્યારે તેમને નૌકા જડી નહિ. ત્યારે તેઓ એક હાથમાં ઘોડા અને સારથિ સહિત રથને ઉચકીને બીજા હાથથી ગંગા મહાનદીને તરીને જ્યાં અમે હતા ત્યાં આવી ગયા. “ કૃષ્ણવાસુદેવ કેવી રીતે ગંગા મહાનદીને પાર કરશે ” નૌકાને છુપાવતાં અમે આ વિષે વિચાર જ કર્યો નહોતો. આ અપરાધથી તેમણે અમારા રથોને નષ્ટ કરી નાખ્યા અને અમને દેશની બહાર જતા રહેવાની આજ્ઞા કરી છે.

(तएणं से पंडुराया ते पंच पंडवे एवं वयासी–दुट्ठणं पुत्ता ! कयं कण्हस्स वासुदेवस्स विप्पियं करेमाणेहिं–तएणं से पंडुराया कोंतिं देविं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छहइं णं तुमं देवाणुप्पिया ! बारवं कण्हस्स वासुदेवस्स निवेदेहिं एवं खलु देवाणुप्पिया ! तुम्हे पंच पंडवा णिव्विसया आणत्ता, तुमं च णं देवाणुप्पिया ! दाहिणड्ढभरहस्स सामी, तं संदिसंतु णं देवाणुप्पिया ! ते पंच पंडवा कयरं दिसिं वा विदिसं वा गच्छंतु ?)

ત્યારે પાંડુ રાજાએ તે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યુ કે તમે લોકોએ કૃષ્ણવાસુદેવનું બુરૂં કરીને સારૂં કર્યું નથી તેમને અણગમતું કામ તમે કર્યું છે. આ પ્રમાણે કહીને પાંડુ રાજાએ તે જ વખતે કુંતી દેવીને બોલાવી. બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! તમે દ્વારાવતી નગરીમાં કૃષ્ણવાસુદેવની પાંસે જાઓ અને તેમને વિનંતી કરો કે તમે પાંચે પાંડવોને દેશથી બહાર નીકળી જવાની આજ્ઞા આપી છે. હે દેવાનુપ્રિય ! તમે દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના અધિપતિ છો તો બતાવો કે તેઓ કઈ દિશા કે વિદિશા તરફ જાય. જ્યારે બધા દેશો તમારા જ છે ત્યારે બતાવો કે આ લોકો કયાં જાય ?

(तएणं सा कोंती पंडुणा एवं वुत्ता समाणि, हत्थिखंधं दुरुहइ, दुरूहित्ता जहा हेट्ठा जाव संदिसंतु णं पिउत्था ! किमागमणपओयणं ? तएणं सा कोंती कण्हं वासुदेवं एवं वयासी-एवं खलु पुत्ता ! तुमे पंच पंडवा णिव्विसया आणत्ता, तुमं च णं दाहिणड्ढ भरह जाव विदिसं वा गच्छंतु ? तएणं से कण्हे वासुदेवे कोंती देविं एवं वयासी-अपूई वयणा णं पिउत्था उत्तमपुरिसा देवा, बलदेवा, चक्कवट्टी तं गच्छंतु णं देवाणुप्पिया ! पंच पंडवा दाहिणिल्लं वेलाउल्लं तत्थ पडुमहुरं णिवेसंतु ममं अदिट्ठसेवगा भवंतु त्ति कट्टु कोंती देविं सक्कारेइ, सम्माणेइ, जाव पडिविसज्जेइ)

આ પ્રમાણે પાંડુ વડે આજ્ઞાપિત થયેલી કુંતી દેવી હાથી ઉપર સવાર થઈ અને સવાર થઇને પહેલાં જેમ તે દ્વારાવતી નગરી ગઈ હતી તેમજ અત્યારે પણ પહોંચી. અહીં યાવત્ શબ્દથી આ જાતનો પાઠ સમજવો જોઇએ કે જ્યારે કુંતી દ્વારાવતી નગરીમાં આવી ત્યારે કૃષ્ણવાસુદેવે તેમનો ખૂબ જ સત્કાર કર્યો. બહુ જ ઠાઠથી તેમનો પ્રવેશોત્સવ ઉજવ્યો. કુંતીએ પણ સ્નાન વગેરે નિત્યકર્મોથી પરવારીને સુખેથી ચતુર્વિધ આહાર કર્યો. ત્યારપછી વિશ્રામ માટે તેમણે સુખાસન ઉપર આરામ કર્યો. જ્યારે તેઓ સારી રીતે વિશ્રામ કરી ચૂકયા ત્યારે તેમને કૃષ્ણવાસુદેવે પૂછયું કે-બોલો, ફોઇબા, શા કારણથી તમે અહીં પધાર્યા છો ? ત્યારે કુંતીએ કૃષ્ણવાસુદેવને આ પ્રમાણે કહ્યું કે હે પુત્ર ! હું એટલા માટે આવી છું કે તમે પાંચે પાંડવોને પોતાના દેશમાંથી બહાર નીકળી જવાની આજ્ઞા કરી છે તો આ વિષે મારે આ વાતનું સ્પષ્ટીકરણ કરવું છે કે તમે તો દક્ષિણાર્ધ ભરતના અધિપતિ છો, તો આવી પરિસ્થિતિમાં તમે જ અમને બતાવો કે તેઓ કઇ દિશા કે વિદિશા તરફ જાય ? આ પ્રમાણે કુંતી દેવીના મુખથી બધી વાત સાંભળીને કૃષ્ણવાસુદેવે તેમને આ પ્રમાણે કહ્યું કે હે ફોઈબા ! વાસુદેવ, બળદેવ અને ચક્રવર્તી આ બધા ઉત્તમ પુરૂષો અપૂતિ વચનવાળા હોય છે-તેઓ જે કંઈપણ કહે છે તે એકજ વાર કહે છે તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થઈ શકતો નથી. એટલા માટે હે દેવાનુપ્રિયે ! પાંચે પાંડવો દક્ષિણ સમુદ્ર તરફ જાય અને ત્યાં પાંડુ મથુરા

નગરીને વસાવે અને મારા અદૃષ્ટ સેવકો થઇને ત્યાં નિવાસ કરે. આ પ્રમાણે કહીને તેમણે કુંતી દેવીનો સત્કાર કર્યો અને સન્માન કર્યું. સત્કાર તેમજ સન્માન કરીને તેમણે કુંતીદેવીને ત્યાંથી વિદાય કર્યાં.

(तएणं सा कोंती देवी जाव पंडुस्स एयमट्ठं निवेदेइ, तएणं पंडू पंच पंडवे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छह णं तुब्भे पुत्ता ! दाहिणिल्लं वेलाऊलं तत्थणं तुब्भे पंडुमहुरं णिवेसेह तएणं पंच पंडवा पंडुस्स रण्णो जाव तहत्ति पडिसुणेंति, सबलवाहणा हय गय० हत्थिणाउराओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता जेणेव दक्खिणिल्ले वेयाली तेणेव उवागच्छइ, उवागच्छित्ता पंडुमहुरं नगरिं णिवेसेंति निवेसित्ता, तत्थणं ते विउलभोगसमितिसमण्णागया यावि होत्था)

ત્યાંથી હાથી ઉપર સવાર થઇને કુંતીદેવી હસ્તિનાપુર આવી ગયાં. યાવત્ કૃષ્ણવાસુદેવની જે કંઇ આજ્ઞા હતી તે પાંડુ રાજાને કહી સંભળાવી. ત્યારપછી પાંડુ રાજાએ પાંચે પાંડવોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે પુત્રો ! તમે અહીંથી દક્ષિણ દિશા તરફના સમુદ્રના કિનારા ઉપર જાઓ અને ત્યાં પાંડુ-મથુરા નગરીને વસાઓ. પિતા પાંડુ રાજાની આ પ્રમાણે આજ્ઞાને તે પાંચે પાંડવોએ "તહત્તિ" કહીને સ્વીકારી લીધી. સ્વીકાર કરીને તેઓ ઘોડા, હાથી, રથ અને પાયદળવાળી ચતુરંગિણી સેનાની સાથે હસ્તિના-પુર નગરથી બહાર નીકળ્યા-અને નીકળીને જ્યાં દક્ષિણ દિશાનો સમુદ્રનો કિનારો હતો ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચીને તેમણે પાંડુ-મથુરા નગરી વસાવી. વસાવીને તેઓ ત્યાં પુષ્કળ કામભોગો ભોગવતાં રહેવા લાગ્યા. ॥ સૂત્ર ૩૨ ॥

तएणं सा दोवई देवी इत्यादि—

टीकार्थ–(तएणं) त्यारपछी (सा दोवई देवी) ते द्रौपदी देवी (अन्नया कयाइं) कोई એક વખતે (आवण्णसत्ता जाया यावि होत्था) સગર્ભા થઇ. (तएणं सा दोवई देवी णवण्हं मासाणं जाव सुरूवं दारगं पयाया) જ્યારે ગર્ભ નવ માસ ૭ા દિવસનો થઇ ગયો ત્યારે તે દ્રૌપદી દેવીએ પુત્રને જન્મ આપ્યો, તે બાળક ખૂબ જ સુન્દર હતુ.

(सूमालणिव्वत्तबारसाहस्स इमं एयारूवं गुणनिप्फन्नं नामधिज्जं करेंति, जम्हाणं अम्हं एसदारए पंचण्हं पंडवाणं पुत्ते दोवईए अत्तए तं होउ अम्हं इमस्स दारगस्स णामधेज्जे पंडुसेणे)

તેના હાથ પગ વગેરે બધા અવયવો ખૂબ જ સુકોમળ હતા. જ્યારે બારમો દિવસ આવ્યો ત્યારે માતા–પિતાએ તે પુત્રનું નામ તેના ગુણો વિષે વિચાર કરતાં આ પ્રમાણે રાખ્યું કે આ પુત્ર અમારા પાંચે પાંડવોનો છે, તેમજ દ્રૌપદી દેવીના ગર્ભથી તેનો જન્મ થયો છે, એટલા માટે અમારા આ પુત્રનું નામ પાંડુસેન હોવું જોઇએ.

(तएणं तस्स दारगस्स अम्मापियरो नामधेज्जं करेंति पंडुसेणत्ति)

આ વિચારથી તેમણે તે નવજાત પુત્રનું નામ પાંડુસેન રાખ્યું.

(बावत्तरिं कलाओ जाव भोगसमत्थे जाए जुवराया जाव विहरइ, थेरा समोसढा, परिसा निग्गया, पंडवा निग्गया धम्मं सोच्चा एवं वयासी जं णवरं देवानुप्पिया ! दोवइं देविं आपुच्छामो पंडुसेणं च कुमारं रज्जे ठावेमो तओपच्छा देवाणुप्पिया ! अंतिए मुंडे भवित्ता जाव पव्वयामो)

પાંડુસેન કુમારને ૭૨ કળાઓમાં નિપુણ બનાવવા માટે માતાપિતાઓએ કલાચાર્યની પાસે મોકલ્યો. આમ ધીમે ધીમે તે ૭૨ કળાઓમાં નિષ્ણાત બની ગયો. યાવત્ તે સંસારના ભોગો ભોગવવા યોગ્ય અવસ્થાવાળો પણ થઇ ગયો. રાજકન્યાઓની સાથે લગ્નો કરાવીને પિતાઓએ તેને યુવરાજ પદ પણ સોંપી દીધું. યાવત્ તે મનુષ્ય–ભવ સંબંધી કામસુખોને અનુભવતો પોતાના વખતને સુખેથી પસાર કરવા લાગ્યો. એક વખતની વાત છે કે પાંડુ–મથુરા નગરીમાં

સ્થવિરો પધાર્યા. સ્થવિરોના આગમનની જાણ થતાં નગરીના બધા લોકો તેમની વંદના તેમજ તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળવા માટે પોતપોતાના ઘેરથી નિકળ્યા, પાંચે પાંડવો પણ ત્યાં પહોંચ્યા. પરિષદને આવેલી જોઇને સ્થવિરોએ ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને પરિષદ જતી રહી પાંડવો તે ધર્મનો ઉપદેશ સાંભળીને પ્રતિબોધિત થઇ ગયા. તેમણે તે જ સમયે સ્થવિરોને વિનંતી કરતાં કહ્યું કે હે દેવાનુપ્રિયો ! અમે દ્રૌપદી દેવીને પૂછી તેમજ પાંડુસેન કુમારને રાજ્યાસને અભિષિક્ત કરીને તમારી પાસે મુંડિત થઇને યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અભિલાષા રાખીએ છીએ. પાંડવોની આ જાતની હાર્દિક ઇચ્છા જાણીને તે સ્થવિરોએ તે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે-

(अहासुहं देवाणुप्पिया ! तएणं ते पंच पंडवा जेणेव सए गिहे, तेणेव उवागच्छइ, उवागच्छित्ता दोवइं देविं सद्दावेंति, सद्दावित्ता एवं वयासी, एवं खलु देवाणुप्पिया ! अम्हेहिं थेराणं अंतिए धम्मे णिसंते जाव पव्वयामो तुमं देवाणुप्पिए ! किं करेसि)

હે દેવાનુપ્રિયો ! જેમ તમને સુખ મળે તેમ કરો, સારા કામમાં મોડું કરો નહિ ત્યારપછી તેઓ પાંચે પાંડવો જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે દ્રૌપદી દેવીને બોલાવી. બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! સાંભળો, વાત એવી છે કે અમોએ સ્થવિરોની પાસેથી ધર્મનું શ્રવણ કર્યું છે, એટલા માટે અમારી ઇચ્છા મુંડિત થઇને તેમની પાસેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની છે. હવે તમારી શી ઇચ્છા છે ? હે દેવાનુપ્રિયે ! અમને કહો. અમે પ્રવ્રજ્યા ગ્રહણ કરી લઇશું ત્યારબાદ તમે શું કરશો ?

(तएणं सा दोवई देवी ते पंच पडवे एवं वयासी—जइणं तुब्भे देवाणुप्पिया ! संसारभउव्विग्गा पव्वयह, ममं के अण्णे आलंबे वा जाव भविस्सइ ? अहं पि य ण संसारभउव्विग्गा, देवाणुप्पिएहिं सद्धिं पव्वइस्सामि, तएणं ते पंच पंडवा पण्डुसेणस्स अभिसेओ जाव राया जाए, जाव रज्जं पसाहेमाणे विहरइ)

આ પ્રમાણે પાંડવોનું કથન સાંભળીને દ્રૌપદી દેવીએ તે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે જ્યારે સંસારભયથી ઉદ્વિગ્ન થઇને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છો છો ત્યારે તમારા વગર મારા માટે આ સંસારમાં બીજું કયું આલંબન અથવા તો બીજો કયો આધાર થશે ? એટલા માટે હું પણ તમારી સાથે સંસારભયથી ઉદ્વિગ્ન થઇને દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. આ પ્રમાણે દ્રૌપદી દેવીનું કથન સાંભળીને તે પાંચે પાંડવોએ પાંડુસેન કુમારનો રાજ્યાભિષેક કરીને તેને રાજ્યાસને બેસાડી દીધો. આ પ્રમાણે પાંડુસેન કુમાર રાજા થઈ ગયો યાવત્ તે રાજ્યનું સારી રીતે રક્ષણ કરવા લાગ્યો..

(तएणं ते पंच पंडवा दोवईय देवी अन्नया कयाइं पंडुसेणरायाणं आपुच्छंति, तएणं से पंडुसेणे राया कोडुबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी, खिप्पामेव भो देवाणुप्पिया ! निक्खमाणाभिसेयं जाव उवट्ठवेह, पुरिससहस्सवाहणीओ सिवियाओ उवट्ठवेह, जाव पच्चोरुहंति, पच्चोरुहित्ता जेणेव थेरा तेणेव उवाग० आलित्तेणं जाव समणा जाया, चोद्दस्सपुव्वाइं अहिज्जंति, अहिज्जित्ता बहूणि वासाइं छट्ठट्ठमदसमदुवालसेहिं मासद्धमासखमणेहिं अप्पाणं भावेमाणा विहरंति)

ત્યારપછી પાંચે પાંડવોએ અને દ્રૌપદી દેવીએ કોઈ એક વખતે પાંડુસેન રાજાને દીક્ષા ગ્રહણ કરવા માટે પૂછયું. ત્યારે પાંડુસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો દીક્ષા વખતે ઉપયોગમાં આવનારી બધી વસ્તુઓ જલ્દી લઇ આવો તેમજ પુરુષ સહસ્રવાહિની પાલખી પણ લઇ આવો. આ પ્રમાણે પાંડુસેન રાજાના વચન સાંભળીને તે કૌટુંબિક પુરુષોએ ‘તથાસ્તુ’ કહીને તેમની આજ્ઞા સ્વીકારી લીધી અને દીક્ષા માટે ઉપયોગી એવી બધી વસ્તુઓ તેમજ પુરુષ-સહસ્રવાહિની પાલખી લઈ આવ્યા. ત્યારપછી તે પાંચે પાંડવો તે પુરુષ સહસ્રવાહિની પાલખીઓ ઉપર સવાર થઈને પાંડુ-મથુરા નગરીની વચ્ચે થઇને નીકળ્યા. ત્યાંથી નીકળીને તેઓ જ્યાં સ્થવિર હતા ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચીને તેઓ બધા પાલખીઓમાંથી નીચે ઉતર્યા, નીચે ઉતરીને સ્થવિરોની

પાસે પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે સ્થવિરોને વિનંતી કરતાં આ પ્રમાણે કહ્યું કે હે ભદન્ત ! આ સંપૂર્ણ જગત સળગી રહ્યું છે વગેરે રૂપથી પોતાની ભાવના પ્રકટ કરીને યાવત્ તેઓ શ્રમણ થઈ ગયા. ચૌદ પૂર્વોનું તેમણે અધ્યયન કર્યું, અધ્યયન કરીને ઘણાં વર્ષો સુધી તેઓ ષષ્ઠ, અષ્ટમ. દશમ, દ્વાદશ, માસ અર્ધમાસની તપસ્યાઓ કરતા રહ્યા. ॥ સૂત્ર ૩૩ ॥

तएणं सा दोवई इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (दोवई देवी) દ્રૌપદી દેવી (सीयाओ पच्चोरुहइ) પોતાની પાલખીમાં નીચે ઉતરી.

(जा पव्वइया, सुव्वयाए अज्जाए सिस्सिणीयत्ताए दलयइ, इक्कारसअंगाइं अहिज्जइ, बहूणि वासाइं छट्ठट्ठमदसमदुवालसेहिं जाव विहरइ)

નીચે ઉતરીને યાવત્ તે પણ પ્રવ્રજિત થઈ ગઇ. પાંડુસેન રાજાએ દ્રૌપદીને સુવ્રતા નામની સાધ્વીને શિષ્યાના રૂપમાં અર્પિત કરી. દ્રૌપદી આર્યાએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ત્યારપછી ઘણાં વર્ષો સુધી છઠ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ તપસ્યાઓથી પોતાના આત્માને તેણે ભાવિત કર્યો. ॥ સૂ. ૩૪ ॥

तएणं थेरा भगवंता इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારબાદ (थेरा भगवंतो) તે સ્થવિર ભગવંતોએ (अन्नया कयाई) કોઇ એક વખતે (पंडु महुराओ) પાંડુ મથુરા (णयरीओ) નગરીથી (सहसंबवणाओ) સહસ્રામ્રવન નામના (उज्जाणाओ) ઉદ્યાનમાં (पडि-

णिक्खमंति) વિહાર કર્યો. (पडिणिक्खमित्ता) વિહાર કરીને તેઓ (बहिया जणवयविहारं विहरंति) બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

(**तेणं कालेणं तेणं समएणं अरिहा अरिट्ठनेमी जेणेव सुरट्ठा जणवए तेणेव उवागच्छइ, उवागच्छित्ता सुरट्ठा जणवयंसि संजमेणं तवसा अप्पाणं भावेमाणे एवमाइक्खइ**)

તે કાળે અને તે સમયે અર્હંત અરિષ્ટનેમિ પ્રભુ વિહાર કરતાં કરતાં જ્યાં સૌરાષ્ટ્ર જનપદ હતો ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓ તે સૌરાષ્ટ્ર જનપદમાં સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યા. જ્યારે ત્યાંના ઘણા લોકોને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યો કે—

(**एवं खलु देवाणुप्पिया ! अरिहा अदिट्ठनेमी सुरट्ठाजणवए जाव वि० तएणं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा बहुज़णस्स अंतिए एयमट्ठं सोच्चा अन्नमन्नं सद्दावेंति, सद्दावित्ता एवं वयासी एवं खलु देवाणुप्पिया ! अरिहा अरिट्ठनेमी पुव्वाणु० जाव विहरइ, तं सेयं खलु अम्हं थेरा आपुच्छित्ता अरहं अरिट्ठनेमिं वंदणाए गमित्तए**)

હે દેવાનુપ્રિયો ! સાંભળો, અર્હંત અરિષ્ટનેમિ પ્રભુ તિર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં યાવત્ સૌરાષ્ટ્ર જનપદમાં પધારેલા છે. લોકોના મુખથી આ વાતને તે પાંચે યુધિષ્ઠિર વગેરે અનગારોએ સાંભળી. ત્યારે તેઓએ પરસ્પર એક બીજાઓને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! સૌરાષ્ટ્ર જનપદમાં તીર્થંકર પરંપરા મુજબ ભગવાન અરિષ્ટનેમિ વિહાર કરી રહ્યા છે એથી સ્થવિરોની આજ્ઞા મેળવીને અરિષ્ટનેમિને વંદન કરવા માટે અમારે જવું જોઈએ.

(**अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता जेणेव थरा भगवंतो, तेणेव उवागच्छइ, उवागच्छित्ता थेरे भगवंते वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी—इच्छामो णं तुब्भेहिं अब्भणुन्नाया समाणा अरहं अरिट्ठनेमिं जाव गमित्तए**

अहासुहं देवाणुप्पिया ! तएणं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा, थेरेहिं भगवंतेहिं अब्भणुन्नाया समाणा थेरे भगवंते वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता थेराणं अंतियाओ पडिणिक्खमंति, मासंमासेणं अणिक्खेत्तेणं तवोकम्मेणं गामाणुगामं दूइज्जमाणा जाव जेणेव हत्थिकप्पे नयरे तेणेव उवा० हत्थिकप्पस्स बहिया सहसंबवणे उज्जाणे जाव विहरंति तएणं ते जुहिट्ठिल्लवज्जा चत्तारि अणगारा मासखमणपारणए पढमाए पोरसीए सज्झायं करेंति, बीयाए एवं जहा गोयमसामी, णवरं जुहिट्ठिलं आपुच्छंति जाव अडमाणा बहुजणसद्दं णिसामेंति)

આ રીતે તેઓએ એકબીજાના વિચારોને સ્વીકારી લીધા, સ્વીકારીને તેઓ જ્યાં સ્થવિર ભગવંત હતા ત્યાં ગયા. ત્યાં જઈને તેમણે તે સ્થવિર ભગવંતોને વંદન અને નમસ્કાર કર્યાં. વંદન અને નમસ્કાર કરીને તેમને આ પ્રમાણે વિનંતી કરી કે અમે આપ ભગવંતની આજ્ઞા મેળવીને અર્હંત નેમિનાથ પ્રભુના વંદન માટે સૌરાષ્ટ્ર જનપદમાં જવા ઇચ્છીએ છીએ. ત્યારે તે સ્થવિર ભગવંતોએ તેમને આ પ્રમાણે આજ્ઞા કરી કે હે દેવાનુપ્રિયો ! 'यथा सुखम्' તમને જે કામમાં આનંદ પ્રાપ્ત થાય તે કરો. આ પ્રમાણે તે સ્થવિર ભગવંતોની આજ્ઞા મેળવીને તે યુધિષ્ઠિર પ્રમુખ પાંચે અનગારો તે સ્થવિર ભગવંતોને વંદન તેમજ નમસ્કાર કરીને તેમની પાસેથી આવતા રહ્યા અને સતત માસ ખમણ કરતાં એક ગામથી બીજે ગામ વિહાર કરવા લાગ્યા. આ રીતે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તે પાંચે અનગારો જ્યાં હસ્તિકલ્પ નામે નગર હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓ હસ્તિકલ્પ નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં જઈને મુકામ કર્યો. ત્યારબાદ તે યુધિષ્ઠિર સિવાયના ચારે અનગારો માસક્ષપણ પારણાના દિવસે પ્રથમ પૌરૂષીમાં સ્વાધ્યાય કરતા, દ્વિતીય પૌરૂષીમાં ધ્યાન કરતા અને તૃતીય પૌરૂષીમાં ગોચરી માટે નીકળતી વખતે પણ અચપળ અસંભ્રાત થઈને સદોરકમુખવસ્ત્રિકાની પ્રતિલેખના કરતા, ભાજન અને વસ્ત્રોની પ્રતિલેખના કરતા, ત્યારબાદ તેમને ઉપાડતા અને ઉપાડીને જેમ ગૌતમ સ્વામી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા મેળવીને ગોચરી માટે નીકળતા તેમજ તેઓ પણ યુધિષ્ઠિરની આજ્ઞા મેળવીને હસ્તિકલ્પ નગરમાં ઉચ્ચ, નીચ,

અને મધ્યમ કુલોમાં ગોચરી માટે આવ્યા. તે સમયે તેમણે ઘણા માણસોના મુખથી એ જાતના સમાચારો સાંભળ્યા કે—

(एवं देवाणुप्पिया ! अरहा अरिट्ठनेमी उज्जितसेलसिहरे मासिएणं भत्तेणं अपाणएणं पंचहिं छत्तीसेहिं अणगारसएहिं सद्धिं कालगए जाव पहीणे, तएणं ते जुहिट्ठिल्लवज्जा चत्तारि अणगारा बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा हत्थिकप्पाओ पडिणिक्खमंति)

હે દેવાનુપ્રિયો ! અર્હંત અરિષ્ટનેમિઉર્જયંત શૈલશિખર ઉપર–ગિરનાર પર્વત ઉપર–એક માસના ચારે જાતના આહારના પરિત્યાગ રૂપ ભક્ત પ્રત્યાખ્યાનથી ૫૩૬ અનગારોની સાથે કાળગત યાવત્ સિદ્ધ, બુદ્ધ, પરિનિવૃત થઇને સર્વ દુઃખોથી મુક્ત થઇ ગયા છે. આ પ્રમાણે ઘણા માણસોના મુખથી આ જાતના સમાચારો સાંભળીને તે યુધિષ્ઠિર વગરના ચારે અનગારો તે હસ્તિકલ્પ નગરથી નીકળ્યા.

(पडिनिक्खमित्ता जेणेव सहसंबवणे उज्जाणे जेणेव जुहिट्ठिल्ले अणगारे तेणेव उवागच्छंति उवागच्छित्ता भत्तपाणं पच्चक्खंति पच्चक्खित्ता गमणागमणस्स पडिक्कमंति, पडिक्कमित्ता एसणमनेसणं आलोएंति, आलोइत्ता भत्तपाणं पडिदंसेंति पडिदंसित्ता एवं वयासी–एवं खलु देवाणुप्पिया ! जाव कालगए तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! इमं पुव्वगहियंभत्तपाणं परिट्ठवेत्ता सेत्तुंजं पव्वयं सणियं सणियं दुरूहित्तए)

નીકળીને તેઓ જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું અને તેમાં પણ જ્યાં યુધિષ્ઠિર અનગાર હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે તેમની સામે ભક્ત પાનનું પ્રત્યાખ્યાન કરી દીધું. પ્રત્યાખ્યાન કરીને તેમણે ઇર્યાપથની શુદ્ધિ કરી. શુદ્ધિ કરીને એષણા અને અનેષણા કરી, આલોચના કરી. આલોચના કરીને તેમણે લઇ આવેલા તે આહારને યુધિષ્ઠિર અનગારની સામે મૂકીને બતાવ્યો. બતાવ્યા બાદ તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિય ! અર્હંત અરિષ્ટનેમિ પ્રભુએ મુક્તિ મેળવી છે એટલા માટે હે દેવાનુપ્રિય !

હવે અમને એ જ વાત યોગ્ય લાગે છે કે અમે આ પૂર્વગૃહિત ભકતપાનનું પરિષ્ઠાપન કરીને શત્રુંજય નામના પર્વત ઉપર ધીમે ધીમે ચઢીએ.

(संलेहणा झूसणा झूसियाणं कालं अणवकंखमाणाणं विहरित्तए त्तिकट्टु अण्णमण्णस्स एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता तं पुव्वगहियं भत्तपाणं एगंते परिट्ठवेंति, परिट्ठवित्ता जेणेव सेत्तुंजे पव्वए तेणेव उवागच्छंति)

અને ત્યાં કાય અને કષાયને કૃશ કરનારી સંલેખનાને મરણાશંસાથી રહિત થઇને પ્રેમપૂર્વક ધારણ કરીએ. આ પ્રમાણે વિચાર કરીને તેમણે એક બીજાના આ વિચાર રૂપ અર્થને સ્વીકારી લીધો. સ્વીકાર કરીને તેમણે તે પૂર્વગૃહીત ભક્તપાનને એકાંત સ્થાને પરિષ્ઠાપિત કરી દીધું. અને પરિષ્ઠાપિત કરીને તેઓ સર્વે જ્યાં શત્રુંજય પર્વત હતો ત્યાં ચાલ્યા ગયા. (उवागच्छित्ता) ત્યાં જઇને—

(सेत्तुंजं पव्वयं दुरूहंति, दुरूहित्ता जाव कालं अणवकंखमाणा विहरंति, तएणं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा सामाइयमाइयाइं चोद्दसपुव्वाइं० बहूणि वासाणि० दोमासियाए संलेहणाए अत्ताणे झोसित्ता जस्सट्ठाए कीरइ, णग्गभावे जाव तमट्ठमारोहंति, तमट्ठमाराहित्ता अणंते जाव केवलवरणाण दंसणे समुप्पन्ने जाव सिद्धा)

તેઓ શત્રુંજય પર્વત ઉપર ચઢયા અને ચઢીને તેમણે મરણાશંસાથી રહિત થઇને સંલેખના ધારણ કરી લીધી આ પ્રમાણે તે યુધિષ્ઠિર પ્રમુખ પાંચે અનગારોએ સામાયિક વગેરે ચતુર્દશ પૂર્વોનું અધ્યયન કરીને ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય-પર્યાયનું પાલન કરીને તેમજ ષષ્ઠ અષ્ટમ વગેરે તપસ્યાઓને કરીને છેવટે બે માસની સંલેખનાથી પ્રેમપૂર્વક પોતાની જાતને સેવિત કરી અને જે નિમિત્તને લઇને નગ્નભાવ-નિર્ગ્રંથ અવસ્થા ધારણ કરી હતી તે અર્થને તેમણે સિદ્ધ કરી લીધો. સિદ્ધ કરીને આરાધિત કરીને અનંત અર્થને વિષયરૂપ બનાવનાર કેવળજ્ઞાન દર્શનને ઉત્પન્ન કરીને યાવત્ તેઓએ સિદ્ધગતિ મેળવી લીધી. ા સૂત્ર ૩૫ ા

तएणं सा दोवई इत्यादि—

टीकार्थ-(तएणं) त्यारपछी (सा दोवई अज्जा) ते द्रौपदी आर्याએ (सुव्वयाणं अज्जियाणं अंतिए सामाइयमाइयाइं एक्कारसअंगाइं अहिज्जइ) सुव्रता आर्यानी पासे सामायिक वगेरे ११ अंगोनुं अध्ययन कर्युं.

(अहिज्जित्ता बहूणि वासाणि० मासियाए संलेहणाए० आलोईय पडिक्कतां कालमासे कालंकिच्चा बंभलोए उववन्ना)

अध्ययन करीने घणां वर्षो सुधी श्रामण्य पर्यायनुं पालन कर्युं. त्यारपछी એक मासनी संलेखनाथी आलोचित प्रतिक्रांत बनीने तेઓ काळ अवसरे काळ करीने पांचमा ब्रह्मलोकमां देवना पर्यायथी जन्म पामी.

(तत्थ णं अत्थेगइयाणं देवाणं दस सागरोवमाइं ठिई पण्णत्ता, तत्थ णं दुवयस्स देवस्स दस सागरोवमाइं ठिई पण्णत्ता, सेणं भंते ! दुवए देवे ताओ जाव महाविदेहे वासे सिज्झइ, जाव काहिइ । एवं खलु जंबू ! समणेणं जाव संपत्तेणं सोलमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते त्तिबेमि)

ते देवलोकमां केटलाक देवोनी दश सागरनी स्थिति प्रज्ञप्त थई छे. आ प्रमाणे द्रौपदी देवीनी त्यां दश सागरनी स्थिति प्रज्ञप्त थई.

हवे गौतम स्वामी प्रश्न करे छे के हे भदन्त ! ते द्रौपदी देवीनी आयु अने भवस्थिति पूरी थया बाद चवीने क्यां जशे ? क्यां उत्पन्न थशे ?

तेना उत्तरमां भगवान कहेवा लाग्या के हे गौतम ! ते द्रौपदी देव त्यांथी चवीने महाविदेह क्षेत्रमां उत्पन्न थशे अने त्यांथी ज सिद्ध बनशे. यावत् तेઓ पोताना समस्त दुःखोनो अंत करशे.

સુધર્મા સ્વામી કહે છે કે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે કે જેઓ સિદ્ધગતિ નામક સ્થાનને મેળવી ચૂકયા છે. આ સોળમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વે વર્ણવેલો દ્રૌપદી દૃષ્ટાંત રૂપ ભાવ અર્થ પ્રરૂપિત કર્યો છે. તે શ્રમણ ભગવાન મહાવીર વડે કહેવાએલા શ્રુત ઉપદેશ મુજબ જ તમને હું કહીરહ્યો છું. ।।સૂ૦૩૬।।

શ્રી જૈનાચાર્ય ઘાસીલાલજી મહારાજ કૃત જ્ઞાતાસૂત્રની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યાનું સોળમું અધ્યયન સમાપ્ત ॥ ૧૬ ॥

નાવસે વ્યાપાર કરને વાલે વણિજોંકા વર્ણન

સત્તરમા અધ્યયનનો પ્રારંભ

—ઃ આકીર્ણ જાતિમાન ઘોડાનું સત્તરમું અધ્યયન પ્રારંભ :—

સોળમું અધ્યયન પૂરૂં થઇ ગયું છે, હવે સત્તરમા અધ્યયનની શરૂઆત થાય છે. સોળમા અધ્યયનમાં એ વાતનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે દ્રૌપદીએ નાગશ્રીના ભવમાં કુત્સિત (ખોટું) દાન કર્યું હતું. કડવા તુંબાનો આહાર મુનિરાજને આપ્યો હતો. તેમજ જ્યારે તે સુકુમારિકાના ભવમાં ઉત્પન્ન થઇ હતી ત્યારે તેણે નિદાન બંધ કર્યો હતો. તેથી તેને મહાન અનર્થની પ્રાપ્તિ થઇ હતી. હવે આ સત્તરમા અધ્યયનમાં એ વાત સ્પષ્ટ કરવામાં આવશે કે જેઓ પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખતા નથી–તેઓ અનર્થ ભોગવે છે. એ જ વાતને સ્પષ્ટ કરતું સત્તરમા અધ્યયનનું આ પહેલું સૂત્ર છે.

નાવકે નિર્યામક કા દિગમૂઢ હોનેકા કથન

जइणं भंते ! इत्यादि—

ટીકાર્થ–(भंते !) હે ભદન્ત ! (जइणं समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं) જો શ્રમણ ભગવાન મહાવીરે કે–જેઓ સિદ્ધગતિ નામના સ્થાનને મેળવી ચૂકયા છે.

(सोलसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते सत्तरमस्स णं भंते ! णायज्झयणस्स समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते)

સોળમા જ્ઞાતાધ્યયનનો પૂર્વોકત રૂપે અર્થ પ્રરૂપિત કર્યો છે ત્યારે સિદ્ધગતિ સ્થાનને મેળવી ચૂકેલા તે જ શ્રમણ ભગવાન મહાવીરે સત્તરમાં જ્ઞાતાધ્યયનનો શો અર્થ પ્રરૂપિત કર્યો છે.

(एवं खलु जंबू) આ રીતે જંબૂના પ્રશ્નને સાંભળીને તેમને સમજાવતાં સુધર્મા સ્વામી કહેવા લાગ્યા કે હે જંબૂ! તમારા પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે કેઃ—

(तेणं कालेणं तेणं समएणं हत्थिसीसे नयरे होत्था, वण्णओ, तत्थणं कणगकेऊणामं राया होत्था, वण्णओ, तत्थणं हत्थिसीसे णयरे बहवे संजत्ता णावा वाणियगा परिवसंति, अड्ढा जाव बहुजणस्स अपरिभूया यावि होत्था)

તે કાળે અને તે સમયે હસ્તિશીર્ષ નામે નગર હતું. " ऋद्ध " વગેરે રૂપમાં પહેલાંના અધ્યયનોમાં વર્ણન કરવામાં આવેલા પાઠની જેમ આ નગરનું વર્ણન પણ જાણી લેવું જોઇએ. તે નગરમાં કનકકેતુ નામે રાજા રહેતો હતો. આ રાજાનું વર્ણન પણ " महया हिमवंत " વગેરે રૂપમાં પહેલાંના અધ્યયનોમાં વર્ણિત રાજાઓના વર્ણન જેવું જ જાણી લેવું જોઇએ. તે હસ્તિશીર્ષ નગરમાં ઘણા પોતવણિકો (વહાણુ વડે વેપાર કરનારા) રહેતા હતા તેઓ સર્વે એકી સાથે મળીને પરદેશમાં જતા અને ત્યાં વેપાર કરતા હતા. તે નગરમાં તેમની સારી એવી પ્રતિષ્ઠા હતી. કેમકે ખાસ કરીને તેઓ સર્વે લક્ષ્મીના કૃપાપાત્ર હતા.

(तएणं तेसिं संजत्ता णावा वाणियगाणं अन्नया एगयाओ जहा अरहण्णओ जाव लवणसमुद्दं अणेगाइं जोयणसयाइं ओगाढा यावि होत्था, तएणं तेसिं जाव बहूणि उप्पाइयसयाइं जहा मागंदियदारगाणं जाव कालियवाए य तत्थ समुत्थिए तएणं सा णावा तेणं कलियवाएणं आघोलिज्जमाणी २ संचालिज्जमाणी

२ संखोहिज्जमाणी १ तत्थे वपरिभमइ, तएणं से णिज्जामए णट्ठमइए णट्ठसुइए णट्ठसण्णे मूढ दिसाभाए जाए यावि होत्था)

એક દિવસની વાત છે કે જ્યારે તેઓ સર્વે સાંયાત્રિક પોતવણિકો એક સ્થાને એકત્ર થઇને બેઠા હતા ત્યારે આઠમા અધ્યયનમાં વર્ણિત અરહન્નક શેઠની જેમ તેમનો પણ લવણ સમુદ્રમાં થઇને પરદેશમાં વેપાર માટે જવાનો વિચાર થયો. વિચાર સ્થિર થતાં જ તેઓ જ્યારે નૌકા વડે લવણ સમુદ્રમાં સેંકડો યોજન સુધી પહોંચી ગયા ત્યારે જીનપાલિત અને જીનરક્ષિતની જેમજ તેમના માટે પણ સેંકડો ઓચિંતા ઉપદ્રવો ઉત્પન્ન થયા. તે વખતે પ્રલય કાળના જેવો પ્રચંડ વાયુ ફુંકાવા લાગ્યો. તેથી તેમની નૌકા વારંવાર ડગ-મગવા લાગી, આમથી તેમ ફરવા લાગી. વારેઘડીએ ચંચળ થઇને, વારંવાર ક્ષુભિત થઇને એક જ સ્થાન ઉપર નીચે ઉપર થવા લાગી, તેનાથી આગળ વધી નહિ. તેથી નિર્યામિક-નાવિક મતિજ્ઞાનથી રહિત થઈ ગયો. દિશા-ઓને જાણવાનું તેનું જ્ઞાન જતું રહ્યું. માર્ગજ્ઞાનથી રહિત થઇને દિગ્મૂઢ બની ગયો. (ण जाणाइ कयरं देसं वा दिसं वा विदिसं वा पोयवहणे अवहिएत्ति कट्टु) એથી જ્યારે તેને આ વાતની પણ ખબર રહી નહિ કે આ મહાવાત અમારી નૌકાને કઈ દિશા અથવા તો વિદિશા તરફ લઈ ગયો છે. ત્યારે મનમાં આ જાતનો વિચાર કરીને તે (ओहयमणसंकप्पे जाव झियायइ) અપહતમનઃ સંકલ્પવાળો થઇને યાવત્ આર્તધ્યાન કરવા લાગ્યો.

(तएणं ते बहवे कुच्छिधारा य कण्णधारा य गब्भिल्लगा य संजत्ता णावा वाणियगा य जेणेव से णिज्जामए तेणेव उवागच्छइ)

એટલામાં ઘણા કુક્ષિધર-પાર્શ્વમાં બેસીને નૌકા ચલાવનારા, કર્ણધાર નાવિક, ગાર્ભેયક-નૌકામાં યથા સમય કામ કરનારા અને સાંયાત્રિકો-પોત-વણિકો જ્યાં તે નિર્યામક હતો ત્યાં ગયા.

(उवागच्छित्ता एवं वयासी-किन्नं तुमं देवाणुप्पिया ओहयमणसंकप्पा जाव झियायह-तएणं से णिज्जामए ते बहवे कुच्छिधारा य ४ एवं वयासी-

एवं खलु देवाणुप्पिया णट्ठमइए जाव अवहिए त्ति कट्टु तओ ओहयमणसंकप्पे जाव झियामि)

ત્યાં જઈને તેમણે તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! શા કારણથી તમે અપહતમનઃ સંકલ્પવાળા થઈને આર્તધ્યાન કરી રહ્યા છો. તેઓ સર્વેની આ વાત સાંભળીને નિયામકે તે ઘણા કુક્ષિધાર ૪ વગેરે બધાને આ પ્રમાણે કહ્યું કે સાંભળો, વાત એવી છે કે અત્યારે હું નષ્ટ મતિજ્ઞાનવાળો થઈ ગયો છું. મને એ જાતની પણ સમજ પડતી નથી કે આ મારી નૌકા મહાવાત વડે પ્રેરાઈને કયા દેશમાં અને કઈ દિશા અથવા તો વિદિશામાં તણાઈ આવી છે. એટલા માટે હું અત્યારે નિરાશ મનવાળો થઈ ગયો છું.

(तएणं ते कुच्छिधारा य ४ तस्स णिज्जामयस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म भीया ५ ण्हाया कयबलिकम्मा करयलबहूणं इंदाण य खंधाण य जहा मल्लिनाए जाव उवायमाणा २ चिट्ठति, तएणं से णिज्जामए तओ मुहुत्तंतरस्स लद्धमइए ३ अमूढदिसाभाए जाए यावि होत्था)

તે કુક્ષિધાર વગેરે લોકોએ નિર્યામકના મુખથી આ પ્રમાણે વચનો સાંભળીને અને તેમને હૃદયમાં ધારણ કરીને ભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ઉત્પન્ન ભયવાળા થઈ ગયા. તેઓએ તત્કાળ સ્નાન તેમજ કાગડા વગેરે પક્ષીઓને અન્નભાગ વગેરે આપીને બલિકર્મ કર્યું અને ત્યારપછી તેઓએ પોતાના હાથોની અંજલિ બનાવી અને તેને મસ્તકે મૂકીને ઘણા ઇન્દ્રોની, ઘણા રૂદ્ર વગેરે દેવતાઓની ઘણી દેવીઓની–મલ્લી નામક અધ્યયનમાં જે પ્રમાણે વર્ણન કરવામાં આવેલું છે તે પ્રમાણે સેંકડો જાતની વારંવાર માનતાઓ માની, તેમને પ્રસાદ ચઢાવવાની અનેક જાતની પ્રતિજ્ઞાઓ કરી. ત્યારપછી તે નિર્યામકની વિવેક શક્તિ જાગ્રત થઈ ગઈ. તેને દિશાઓનું જ્ઞાન થવા લાગ્યું. માર્ગનું જ્ઞાન તેને થઈ ગયું તેમજ આ પૂર્વ દિશા છે, આ પશ્ચિમ દિશા છે, વગેરે રૂપથી પણ તેને દિશાઓના વિભાગોનું જ્ઞાન થઈ ગયું.

(तएणं से णिज्जामए ते बहवे कुच्छिधारा य ४ एवं वयासी एवं खलु अहं देवाणुप्पिया ! लद्धमइए जाव अमूढदिसाभाए जाए–अम्हेणं देवाणुप्पिया !

कालियदीवं तेणं संवूढा, एसणं कालियदीवे आलोक्कइ, तएणं ते कुच्छिधारा ४ य तस्स णिज्जामगस्स अंतिए एयमट्ठं सोच्चा हट्ठ तुट्ठा पायक्खिणाणुकूलेणं वाएणं जेणेव कालियदीवे तेणेव उवागच्छंति)

ત્યારબાદ તે નિર્યામકે તે ઘણા કુક્ષિધાર વગેરે લોકોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! મારી બુદ્ધિ શક્તિ ફરી જાગ્રત થઈ ગઇ છે. મારી બુદ્ધિ વ્યવસ્થિત થઇ ગઇ છે. યાવત્ હવે હું પૂર્વ વગેરે દિશાઓનું વિભાજન પણ સમજી શકું છું. અત્યારે અમે કાલિક દ્વીપની પાસે આવી ગયા છીએ. જુઓ આ સામે કાલિક દ્વીપજ દેખાઇ રહ્યો છે. આ પ્રમાણે તે નિર્યામકના મુખથી સાંભળીને તે બધા કુક્ષિધાર વગેરે લોકો ખૂબ જ પ્રસન્ન થયા, તેઓને ખૂબજ સંતોષ થયો. એ જ વખતે અનુકૂળ પવને તેઓને જ્યાં કાલિકાદ્વીપ હતો ત્યાં પહોંચાડી દીધા.

કાલિક દ્વીપમેં સુવર્ણ આદિકા વર્ણન

(उवागच्छित्ता पोयवहणं लंबंति, लंबित्ता एगट्ठियाहिं कालियदीवं उत्तरंति, तत्थणं ते बहवे हिरण्णागरे य सुवण्णागरे य रयणागरे य वइरागरे य बहवे तत्थ आसे पासंति, किं ते ? हरिरेणुसोणिसुत्तगा आइण्णवेढा, तएणं ते आसा ते वाणियए पासंति, पासित्ता तेसिं गंधं अग्घायंति, अग्घायित्ता भीया तत्था उव्विग्गा उव्विगमणा तओ अणेगाइं जोयणाइं उब्भमंति)

ત્યાં પહોંચીને તેમણે લંગર નાખ્યું. એટલે કે વહાણને સાંકળો વડે બાંધીને ત્યાં ઊભું રાખ્યું. ત્યારપછી તેઓ એકાર્થિક નાની નાની નૌકાઓ વડે તે કાલિક દ્વીપમાં ઉતર્યા. ત્યાં તેમણે ઘણી હિરણ્યની ખાણો, સુવર્ણની ખાણો તેમજ ઘણા ઘોડાઓને જોયા. ઘોડાઓ ઉપર કટિસૂત્ર લીલા રંગની માટી વડે બનાવવામાં આવ્યું હતું. આ બધા જાત્યશ્વો હતા. તે જાત્યાશ્વોએ તે પોતવાણિકોને જોયા. તેમણે તેમની ગંધને સૂંઘી. સૂંઘીને તેઓ બધા ભયભીત થઈ ગયા. ત્રસ્ત થઇ ગયા. વિશેષરૂપથી તેમના ચિત્તમાં ભયનું સંચરણ

થઈ ગયું. તેમનું મન ઉદ્વિગ્ન થઇ ગયું. આ પ્રમાણે તેઓ બધા ત્યાંથી ઘણા યોજનો દૂર સુધી વનમાં નાસી ગયા. (तेणं तत्थ पउरगोयरा पउरतण-पाणिया निब्भया, निरुव्विग्गा सुहं सुहेणं विहरंति) ત્યાં વનમાં વિચરણ કરવા માટે બહુ જ વિસ્તૃત ભૂમિભાગ હતો. ઘાસ, પાણીની ત્યાં બધી રીતે સરસ સગવડ હતી. એટલા માટે તેઓ વનમાં હિંસક પ્રાણીઓના ભયથી મુક્ત થઇને ક્ષોભરહિત થઇને સુખેથી વિચરણ કરવા લાગ્યા. ॥ સૂત્ર ૧ ॥

કાલિક દ્વીપમેં હિરણ્ય આદિસે પોતકાભરના

तएणं ते संजत्ता नावा वाणियगा, इत्यादि—

ટીકાર્થ–(तएणं) ત્યારપછી (ते संजत्ता नावा वाणियगा) તે સાંયાત્રિક નૌકા વણિકજનોએ (अण्णमण्णं एवं वयासी) એક બીજાની સાથે આ પ્રમાણે વિચાર કર્યો કે—

(किण्णं अम्हं देवाणुप्पिया ! आसेहिं ? इमेणं बहवे हिरण्णागरा य सुवण्णागरा य रयणागरा य वइरागरा य तं सेयं खलु अम्हं हिरण्णस्स य सुवण्णस्स य रयणस्स य वइरस्स य पोयवहणं भरित्तए त्ति कट्टु अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति पडिसु० हीरण्णस्स रयणस्स य वइरस्स य तणस्स य अण्णस्स य कट्ठस्स य पाणियस्स पोयवहणं भरेंति)

હે દેવાનુપ્રિયો ! આ ઘોડાઓથી અમારે શી નિસ્બત છે ? આજે હિરણ્યની ખાણો છે, સુવર્ણની ખાણો છે, રત્નની ખાણો છે, વજ્રની ખાણો છે,. તે એમાંથી હિરણ્ય, સુવર્ણ, રત્નો, અને વજ્રોને લઇને વહાણને ભરી લેવામાં જ આનંદ છે. આ પ્રમાણે વિચાર કરીને તેમણે એક બીજાની વાતને સ્વીકારી લીધી. સ્વીકારીને તેમણે હિરણ્ય, સુવર્ણ, રત્નો, વજ્રો, તૃણ, અનાજ, કાષ્ઠ–લાકડાંઓ, અને પાણીને વહાણમાં ભરી લીધાં.

(भरित्ता पयक्खिणाणुकूलेणं वाएणं जेणेव गंभीर पोयपट्टणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता पोयवहणं लंबेंति, लंबित्ता, सगडीसागडं सज्जेंति सज्जित्ता तं हिरण्णं जाव वइरं च एगट्ठियाहिं पोयवहणाओ संचारेंति, संचारित्ता सगडी

सागडं, भरेंति, भरित्ता संजोइंति, संजोइत्ता जेणेव हत्थिसीसए णयरे तेणेव उवागच्छइ)

ભરીને તેઓ બધા પોતાની પીઠ તરફથી વહેતા અનુકૂળ પવનની સહાયતાથી જ્યાં વહાણુ ઊભું રાખવાનું સ્થાન-બંદર હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે પોતાના વહાણુને લંગર નાખીને લાંગર્યું. વહાણુને લાંગરી તેમણે શકટી-ગાડી, અને શકટો-ગાડાંઓને સુસજ્જ કર્યાં. દોરી વગેરેથી બાંધીને તેમને તૈયાર કર્યાં. જ્યારે તે સારી રીતે સુસજ્જ થઈ ગયાં ત્યારે તે લોકોએ નાની નાની નૌકાઓથી તે વહાણુમાં મૂકેલા હિરણ્યથી માંડીને વજ્ર સુધીના બધા સામાનને ઉતારી લીધો, અને ઉતારીને તે શકટી-ગાડી અને શકટો-ગાડાઓમાં ભરી દીધો. ભર્યા પછી તેમણે તે શકટી-ગાડી અને શકટો-ગાડાંઓને જોતર્યાં અને જોતરીને તેઓ જ્યાં હસ્તિશીર્ષ નગર હતું ત્યાં ગયા.

(उवागच्छित्ता हत्थिसीसयस्स नयरस्स बहिया अग्गुज्जाणे सत्थणिवेसं करेंति, करित्ता सगडीसागडं मोएंति, मोइत्ता महत्थं जाव पहुडं गेण्हंति गेण्हित्ता हत्थिसीसं नगरं अणुपविसंति, अणुपविसित्ता, जेणेव कणगकेऊ राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता जाव उववेंति)

ત્યાં આવીને તેઓ બધા તે હસ્તિશીર્ષ નગરની બહારના મુખ્ય ઉદ્યાનમાં રોકાઈ ગયા, ત્યાં રોકાઇને તેમણે ત્યાં જ શકટી-ગાડી અને શકટો-ગાડાંઓને છોડી મૂકયાં. ત્યારબાદ તેમણે મહાર્થ-મહાપ્રયોજન સાધક ભૂત યાવત્ ભેટને પોતપોતાના હાથોમાં લીધી અને લઈને તેઓ હસ્તિશીર્ષ નગરમાં પ્રવિષ્ટ થયા. નગરમાં પ્રવિષ્ટ થઇને તેઓ જ્યાં કનકકેતુ રાજા હતો ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે તે મહાપ્રયોજન સાધક રૂપ ભેટને રાજાની સામે મૂકી દીધી. ॥ સૂત્ર ૨ ॥

तएणं से कणगकेऊ राया इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (से कणगकेऊ राया) તે કનકકેતુ રાજાએ (तेसिं संजत्ता णावा वाणियगाणं तं महत्थं जाव पडिच्छइ, पडिच्छित्ता-ते संजात्ता णावा वाणियगा एवं वयासी-तुब्भेणं देवाणुप्पिया ! गामागर जाव आहिंडह लवणसमुद्दं च अभिक्खणं २ पोयवहणेणं ओगाहह तं अत्थि आइं केइं भे कहिंचि अच्छेरए दिट्ठपुव्वे ?)

તે સાંયાત્રિક પોતવણિકજનોની તે મહાર્થ સાધક ભેટને સ્વીકારી લીધી. અને સ્વીકારીને તે સાંયાત્રિક પોતવણિકજનોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે લોકો ઘણાં ગામ, આકર, નગર વગેરે સ્થાનોમાં આવજા કરતા રહો છો અને વહાણુ વડે લવણુ સમુદ્રની વારંવાર યાત્રા કરતા રહો છો તો અમને કહો કે તમે કોઈ નવાઈ પમાડે તેવી અદ્ભુત વસ્તુ જોઇ છે ?

(तएणं ते संजत्ता णावा वाणियगा कणगकेऊं एवं वयासी-एवं खलु अम्हे देवाणुप्पिया ! इहेव हत्थिसीसे नयरे वसामो तं चेव जाव, कालिअ दीवं तेणं संवूढा, तत्थ णं बहवे हिरण्णागरा य जाव बहवे तत्थ आसा किं ते ? हरिरेणु जाव अणेगाइं जोयणाइं उब्भमंति-तएणं सामी अम्हेंहिं कालियदीवे ते आसा अच्छेरए दिट्ठपुव्वे)

આ પ્રમાણે રાજાની વાત સાંભળીને તે સાંયાત્રિક પોતવણિકજનોએ તે કનકકેતુ રાજાને કહ્યું કે હે દેવાનુપ્રિય ! અમે બધા આ હસ્તિશીર્ષ નગરમાં જ રહીએ છીએ. અમે બધા વ્યાપાર ખેડવા માટે અહીંથી લવણુ સમુદ્રમાં થઈને બહાર પરદેશમાં ગયા હતા. રસ્તામાં ઘણી જાતના સેંકડો ઉપદ્રવો થયા. છેવટે ગમે તેમ કરીને સુરક્ષિત રૂપમાં અમે બધા કાલિકદ્વીપની પાસે ગયા. ત્યાં અમોએ ઘણી હિરણ્ય વગેરેની ખાણોને અને ઘણા અશ્વોને-કે જેમના કટિભાગો લીલા રંગની માટીથી બનાવેલા કટિસૂત્રથી ચિહ્નિત હતા-જોયા. અમારી ગંધને સૂંઘીને તે અશ્વો ત્યાંથી કેટલાક યોજનો દૂર સુધી

વનમાં નાસી ગયા. હે દેવાનુપ્રિય! અમોએ કાલિક દ્વીપમાં તે અશ્વ રૂપી અદ્ભુત વસ્તુને જોઈ છે.

(तएणं से कणगकेऊ राया तेसिं संजत्तिगाणं अंतिए एयमट्ठं सोच्चा ते संजत्तए एवं वयासी-गच्छहणं तुब्भे देवाणुप्पिया! मम कोडुंबियपुरिसेहिं सद्धिं कालियदीवाओ ते आसे आणेह, तएणं ते संजत्ता णावा वाणियगा कणगकेऊं रायं एवं वयासी एवं सामी त्ति कट्टु आणाए पडिसुणेंति, तएणं कणगकेऊ राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छहणं तुब्भे देवाणुप्पिया! संजत्तिएहिं सद्धिं कालियदीवाओ मम आसे आणेह ते वि पडिसुणेंति)

ત્યારબાદ કનકકેતુ રાજાએ તે સાંયાત્રિક પોતવણિકજનોના મુખથી આ વાતને સાંભળીને તે સાંયાત્રિકોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! તમે લોકો મારા કૌટુંબિક પુરુષોની સાથે કાલિક દ્વીપમાં જાઓ અને ત્યાંથી તે અશ્વોને લાવો. આ પ્રમાણે કનકકેતુની આજ્ઞા સાંભળીને તે પોતવણિકજનોએ તેમને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામી! તમારી આજ્ઞા અમારા માટે પ્રમાણ સ્વરૂપ છે. આમ કહીને તેમણે કનકકેતુ રાજાની આજ્ઞા સ્વીકારી લીધી. ત્યાર બાદ કનકકેતુ રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! તમે સાંયાત્રિક પોતવણિકજનોની સાથે જાઓ અને કાલિક દ્વીપમાંથી મારા માટે ઘોડાઓને લાવો. રાજાની આ આજ્ઞાને તે લોકોએ પણ સ્વીકારી લીધી.

(तएणं ते कोडुंबियपुरिसा सगडीसागडं सज्जेंति, सज्जित्ता तत्थणं बहूणं वीणाण य वल्लकीण य भामरीणय कच्छभीणय भंभाण य छब्भामरीण य वित्तवीणाण य अन्नेसिं च बहूणं सोइंदियपउग्गाणं दव्वाणं सगडीसागडं भरेंति, भरित्ता बहूणं किण्हाणं य जाव संघाइमाण य अन्नेसिं च बहूणं चक्खिंदियपाउग्गाणं दव्वाणं सगडीसागडं भरेंति)

ત્યારપછી તે કૌટુંબિક પુરુષોએ ગાડી અને ગાડાંઓને જોતર્યા. જોતરીને તેમાં તેમણે ઘણી વીણાઓ, વલ્લકીઓ ભ્રામરીઓ, કાચબાના આકાર

જેવી વીણાઓ, ભંભાઓ-ભેરીઓ (નગારાઓ) ષડ્-ભ્રામરીઓ, ગોળ આકારવાળી વીણાઓ તેમજ બીજા પણ ઘણા કર્ણેન્દ્રિયને સુખ આપે તેવા તંત્રી વગેરે સાધનોને ભર્યાં. ભરીને લીલા, પીળા, રાતા, સફેદ અને કાળા રંગોથી રંગાએલાં લાકડાંના બનેલાં રમકડાંને, પુસ્તકર્મોને-વસ્ત્ર તાડપત્ર અને કાગળ વગેરે ઉપર લખાએલા જાતજાતના લેખોને, નિબંધોને, દુહા, ચોપાઇ વગેરેમાં લખાએલી ઉપદેશક કવિતાઓ વગેરેને, ચિત્ર કર્મોને-ફલક વગેરે ઉપર ચિત્રિત કરેલાં ઘણાં ચિત્રોને લેપ્ય કર્મોને, માટી સેટિકા વગેરેથી લતા વગેરે રૂપમાં બનાવવામાં આવેલા ચિત્રોને, ગ્રંથિમોને-વિશેષ ચાતુર્યથી ગાંઠોથી બનાવવામાં આવેલાં રમકડાંને, લતાઓ વગેરે વડે વેષ્ટિત કરીને બનાવવામાં આવેલી વસ્તુઓને-ટોપીઓને, હાથો, પગો અને આંગળીઓમાં પહેરવાનાં આભૂષણ વગેરેને પૂતળીની જેમ જે સુવર્ણ વગેરેનાં પતરાં ઉપર કાણાં પાડીને તેમને પૂરીને બનાવવામાં આવેલા ચિત્રો એટલે કે પૂરિમોને અને સંઘાતિમોને લોખંડ, કાષ્ઠ વગેરેથી બનાવવામાં આવેલા રથ વગેરેની જેમ ઘણી વસ્તુઓને એકત્રિત કરીને તેમના વડે બનાવવામાં આવેલાં ચિત્રોને તેમજ બીજાં પણ ઘણાં નેત્ર ઇન્દ્રિયને ગમે તેવા દ્રવ્યોને ભર્યાં.

(बहूणं कोट्ठपुडाण य, केयई पुडाण य जाव अन्नेसिं च बहूणं घाणिंदिय पाउग्गाणं दव्वाणं सगडीसागडं भरेंति, बहुस्स खंडस्स य गुलस्स सक्कराए य मच्छंडियाए य पुप्फुत्तरपउमुत्तराण य अन्नेसिं च जिब्भिंदियपाउग्गाणं दव्वाणं सगडीसागडं भरेंति बहूणं कोयवियाण य केवलाण य पावरणाण य नवतयाण य मलयाणय मसूराण य सिलावट्टाण य जाव हंसगब्भाण य अन्नेसिं च फासिंदियपाउग्गाणं दव्वाणं सगडीसागडं भरेंति)

આ પ્રમાણે ઘણા કોષ્ટ પુટકોને-સુગંધિત દ્રવ્ય-વિશેષોને, કેતકી પુટોને કેવડાનાં પુષ્પોને યાવત્ એલાપુટોને, એલચીઓને, ઉશીર પુટોને-ખશના સમુદાયોને, કુંકુમ પુટોને તેમજ બીજા પણ ઘણા ઘ્રાણેન્દ્રિય (નાક) ને તૃપ્તિ પમાડનારા દ્રવ્યોને તેઓએ ગાડી અને ગાડાંઓમાં ભર્યાં. બહુ જ પુષ્કળ પ્રમાણમાં ખાંડ, ગોળ, સાકર-મિશ્રી, મત્સ્યંડી-કાલપી મિશ્રી, (ઉંચી જાતની સાકર) ગુલકંદ, પદ્મપાકો તેમજ બીજા પણ ઘણા જીહ્વાઈ ઇન્દ્રિય (જીભ) ને તૃપ્તિ આપનાર દ્રવ્યોને તે લોકોએ ગાડી અને ગાડાઓમાં ભર્યા. આ પ્રમાણે સ્પર્શેન્દ્રિયને સુખ આપનારી કોયવિકોને રૂથી ભરેલા પ્રાવરણ વિશેષોને-રજાઇઓને, કામળોને, રત્ન કામળોને, પ્રાવરણોને, ચાદરોને, નવલકોને, ઊનથી બનાવવામાં આવેલાં પલેચાઓને-જીનોને-મલય દેશના વસ્ત્રોને, મસૂરકોને-વસ્ત્રો વડે બનાવવામાં આવેલા ગોળ આકાર આસનોને, શિલાપટ્ટકોને-પટ્ટના આકારની

લીસી શિલાઓને, હંસ ગર્ભોને-રેશમી વસ્ત્રોને તેમજ બીજી પણ ઘણી સ્પર્શે-ન્દ્રિયને સુખ પમાડે તેવી ઘણી વસ્તુઓને તે લોકોએ ગાડી અને ગાડાઓમાં ભરી.

(भरित्ता सगडीसागडं जोएंति, जोइत्ता जेणेव गंभीरए पोयट्ठाणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सगडीसागडं मोएंति मोइत्ता पोयवहणं सज्जेंति, सज्जित्ता तेसिं उक्किट्ठाणं सद्दफरिसरसरूवगंधाणं कट्ठस्स य तणस्स य पाणियस्स य तंदुलाण य समियस्स य गोरसस्स य जाव अन्नेसिं च बहूणं पोयवहण पाउग्गाणं पोयवहणं भरेंति)

ભરીને તે લોકોએ ગાડી અને ગાડાંઓને જોતર્યા. જોતરીને તેઓ ત્યાંથી જ્યાં ગંભીર નામે પોતસ્થાન (બંદર) હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તે લોકોએ ગાડી અને ગાડાંઓને છોડી મૂકયા. અને ત્યારપછી નૌકાઓને સુસજ્જિત કરી. સુસજ્જિત કર્યા બાદ તેમણે તે ઉત્તમ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધોને, કાષ્ઠને, ઘાસને, પાણીવાળા દ્રવ્યોને, તંદુલો (ચોખા) ને, ઘઉંના લોટને, ગોરસ ઘી વગેરેને યાવત્ બીજા પણ ઘણા વહાણ યાત્રામાં કામ લાગે તેવાં દ્રવ્યોને તે નૌકામાં ભર્યાં.

(भरित्ता दक्खिणाणुकूले णं वाएणं जेणेव कालियदीवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पोयवहणं लंबेंति, लंबित्ता ताइं उक्किट्ठाइं सद्दफरिसरसरूवगंधाइ एगट्ठियाहिं कालियदीवे उत्तारेंति। जहिं २ च णं ते आसा आसायंति वा सयंति वा चिट्ठंति वा तुयट्टंति वा तहिं २ च णं ते कोडुंबियपुरिसा ताओ वीणाओ य जाव वित्तविणाओ य अन्नाणि य बहूणि सोइंदिय पाउग्गाणि य दव्वाणि समुदीरेमाणा चिट्ठंति)

ભરીને તેઓ બધા જ્યારે પાછળથી વહેતો અનુકૂળ પવન વહેવા લાગ્યો ત્યારે ત્યાંથી રવાના થઈને જ્યાં કાલિક દ્વીપ હતો ત્યાં આવ્યા. ત્યાં આવીને તે લોકોએ લંગર નાખ્યું. લંગર નાખીને વહાણમાંથી શબ્દના સાધન રૂપ વીણા વગેરેને, કોમળ સ્પર્શના સાધનભૂત રૂથી ભરેલા રજાઈ વગેરે વસ્ત્રોને, રસના (જીભ) ઇન્દ્રિયને ગમતા ખાંડ વગેરે પદાર્થોને, નેત્ર ઇન્દ્રિયને આનંદ

પમાડનાર નીલા, પીળા વગેરે રંગના ચિત્રોને અને ઘ્રાણ (નાક) ઇન્દ્રિયને સુખ આપે તેવા કાષ્ઠપુટ વગેરે સુગંધિત દ્રવ્યોને વહાણમાંથી નાની નાની હોડીઓમાં મૂકીને કાલિક દ્વીપ ઉપર મૂકી દીધી. ત્યારપછી જ્યાં તે જાતિ અશ્વો બેસતા હતા, સૂતા હતા, રહેતા હતા, આરામ કરતા હતા ત્યાં તે કૌટુંબિક પુરુષો તે હસ્તિશીર્ષ નગરથી લઈ આવેલી વીણાથી માંડીને વૃત્ત-વીણા સુધીના સાધનોને તેમજ બીજા પણ શ્રોત્ર (કાન) ઇન્દ્રિયને ગમે તેવી સાધન સામગ્રીને મધુર ધ્વનિથી વગાડતાં ત્યાં રોકાઈ ગયા અને—

(तेसिं परिपेरंतेणं पासए ठवेंति, ठवित्ता णिच्चला, णिप्फंदा, तुसिणीया चिट्ठंति, जत्थ २ ते आसा आसयंति वा जाव तुयट्टंति वा तत्थ २ णं ते कोडुं-बिय पुरिसा बहूणि किण्हाणि य ५ कट्ठकम्माणिय जाव संघाइमाणि य अन्नाणि य बहूणि चक्खिंदिय पाउग्गाणि य दव्वाणि ठवेंति, ठवित्ता तेसिं परिपेरतेणं पासए ठवेंति ठवित्ता णिच्चला, णिप्फंदा तुसिणीया चिट्ठंति)

તેમની ચોમેર, ચારે ચાર દિશાઓમાં વીણાઓ વગેરે મૂકી. મૂકીને તેઓ ત્યાં જ નિશ્ચલ–હલન ચલનની ક્રિયાથી રહિત થઇને અંગોને હલાવ્યા વગર ચુપચાપ ત્યાં બેસી ગયા. આ પ્રમાણે જે જે વનમાં અશ્વો (ઘોડાઓ) બેસતા હતા, સૂતા હતા, રહેતા હતા, આરામ કરતા હતા તે તે વનમાં તે કૌટુંબિક પુરુષોએ સાથે લાવેલી ઘણી કાળી, નીલી, પીળી રાતી, સફેદ રંગની કાષ્ઠકર્મ વગેરે સંઘાતિમ સુધીની બધી વસ્તુઓને કે જેઓ ચક્ષુ (આંખ) ઇન્દ્રિયને સુખ આપનારી હતી તેમજ બીજી પણ ચક્ષુ ઇન્દ્રિયને સુખ આપ-નારી જેટલી સારી વસ્તુઓ હતી તેમને ભેગી કરી અને અશ્વોની ચોમેર તેમને ગોઠવી દીધી. ગોઠવીને તેઓ ત્યાં જ નિશ્ચલ, નિસ્પંદ થઇને ચુપચાપ ત્યાં જ બેસી ગયા.

(जत्थ २ ते आसा आसयंति ४ तत्थ २ णं तेसिं बहूणं कोट्ठपुडाणं य जाव अन्नेसिं च बहूणं घाणिंदियपाउग्गाणं दव्वाणं पुंजेय णियरे य करेंति,

करित्ता तेसिं परिपेरंतेणं जाव चिट्ठंति, जत्थ जत्थ णं ते आसा आसयंति ४ तत्थ २ णं गुलस्स जाव अन्नेसिं च बहूणं जिब्भिंदिय पाउग्गाणं दव्वाणं पुजे य णियरे य करेंति, करित्ता वियरए खणंति, खणित्ता गुलपाणगस्स खंडपाणगस्स जाव अन्नेसिं च बहूणं पाणगाणं वियरे भरेंति–भरित्ता तेसिं परिपेरंतेणं पासए ठवेंति जाव चिट्ठंति जहिं २ च णं ते आसा आस० तहिं २ च णं ते बहवे कोयविया य जाव गब्भाय अण्णाणि य बहूणि फासिंदिय पउग्गाइं अत्थुयपच्चत्थुयाइं ठवेंति, ठवित्ता तेसिं परिपेरंतेणं जाव चिट्ठंति)

જ્યાં જ્યાં તે ઘોડાઓ બેસતા હતા, સૂતા હતા. રહેતા હતા, આરામ કરતા હતા ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષોએ તે ઘણા કોષ્ઠ પુટકોને યાવત્ બીજી પણ ઘણી ઘ્રાણેન્દ્રિય (નાક) ને સુખ પમાડે તેવી વસ્તુઓને પુષ્કળ પ્રમાણમાં ત્યાં ગોઠવી દીધી, એકઠી કરી દીધી અને એકઠી કરીને તેઓ તે ઘોડાઓને ચારે તરફ યાવત્ ચુપચાપ થઇને બેસી ગયા. તે ઘોડાઓ જ્યાં જ્યાં બેસતા હતા, સૂતા હતા, રહેતા હતા, આરામ કરતા હતા ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષોએ ગોળના યાવત્ બીજાં ઘણાં રસનેન્દ્રિય (જીભ) ને સુખ પમાડે તેવાં દ્રવ્યોના પુંજો અને નિકરો લગાવીને ખડકી દીધાં. એક જ વસ્તુના ઢગલાને પુંજ તેમજ જુદી જુદી વસ્તુઓના ઢગલાઓને નિકર કહે છે. ત્યારપછી તે લોકોએ ત્યાં જ ઘણા ખાડાઓ તૈયાર કર્યા. તે ખાડાઓમાં તેઓએ ગોળપાનક, ખાંડપાનક, યાવત્ બીજા પણ ઘણી જાતના પાનકો ભરી દીધાં. ત્યારે બાદ તેઓ ત્યાં જ તેમની ચારે તરફ નિશ્ચલ–નિસ્પંદ થઇને ચુપચાપ બેસી ગયા. આ પ્રમાણે જે જે વનોમાં તે ઘોડાઓ બેસતા હતા, સૂતા હતા, રહેતા હતા અને આરામ કરતા હતા ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષોએ ઘણાં રૂના પ્રાવરણોને યાવત્ હંસગર્ભોને, રેશમી વસ્ત્રોને તેમજ બીજા પણ ઘણાં સ્પર્શેન્દ્રિયને સુખ આપે તેવાં વસ્ત્રોને લીસાં પ્રાવરણોથી આચ્છાદિત કરી દીધાં. ત્યારપછી તેઓ બધા ચુપચાપ તેની ચારે તરફ બેસી ગયા.

(तएणं ते आसा जेणेव एए उक्किट्ठा सद्दफरिसरसरूवगंधा तेणेव उवाग-

च्छंति, उवागच्छित्ता तत्थणं अत्थेगइया आसा अपुव्वा णं इमे सद्दफरिसरसरूव-त्ति कट्टु तेसु उक्किट्ठेसु सद्दफरिसरसरूवगंधेसु अमुच्छिया ४ तेसिं उक्किट्ठाणं सद्द जाव गंधाणं दूरं दूरेणं अवक्कमंति)

ત્યારપછી તે ઘોડાઓ આ બધા પૂર્વે મૂકેલા ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ રૂપ અને ગંધવાળા પદાર્થો હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેઓમાંથી કેટલાક ઘોડાઓ "આ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ અદૃષ્ટપૂર્વ છે." આમ વિચાર કરીને તે આકર્ષક શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધોવાળા તે પદાર્થોમાં મૂર્છિત (મોહાંધ-લોલુપ) થયા નહિ. હેય અને ઉપાદેયના વિવેકથી સાવધ બનેલા કેટલાક ઘોડાઓ તે પદાર્થોમાં નિરાસક્ત જ રહ્યા. તેઓ લોભ રૂપી દોરીથી બંધાયા નહિ. થોડી પણ આસક્તિ બતાવ્યા વગર તેઓ તે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધવાળા પદાર્થોને ખૂબ દૂરથી જ છોડીને જતા રહ્યા. (तेणं तत्थ पउरगोयरा पउरत्तणपाणिया णिब्भ णिरुव्विग्गा सुहं सुहेणं विहरंति) અને વનમાં જ પ્રચુર ચરવાની જમીન હતી, જ્યાં વધારેમાં વધારે ઘાસ અને પાણી હતાં ત્યાં જ નિર્ભય, નિરૂદ્વિગ્ન થઇને સુખથી રહેવા લાગ્યા. હવે આ દૃષ્ટાન્તનો ઉપનય સ્પષ્ટ કરવા માટે સૂત્રકાર કહે છે કેઃ—

(एवामेव समणाउसो जो अम्हं णिग्गंथो वा णिग्गंथी वा जाव सद्दफरिस-रसरूवगंधेसु णो सज्जइ णो रज्जइ, जो गिज्झइ, णो मुज्झइ, णो अज्झोववज्जेइ, से णं इहलोए चेव बहूणं समणाणं ४ अच्चणिज्जे जाव वीइवइस्सइ)

હે આયુષ્મંત શ્રમણો ! આ પ્રમાણે જ જે અમારા નિર્ગ્રંથ સાધુઓ કે નિર્ગ્રંથ સાધ્વીઓ આચાર્ય કે ઉપાધ્યાયની પાસે પ્રવ્રજિત થઇને શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી, અનુરકત થતા નથી, તેમને ઇચ્છતા નથી, તેઓમાં મૂર્છિત થતા નથી તે આ લોકમાં જ ઘણા શ્રમણ વગેરેથી તેમજ ચતુર્વિધ સંઘથી સન્માન પ્રાપ્ત કરે છે. યાવત્ તે આ ચતુર્ગતિ રૂપ સંસાર કાંતારને પાર કરનાર થઈ જાય છે. ॥ સૂત્ર ૩ ॥

तत्थणं अत्थेगइया इत्यादि—

टीकार्थ–(तत्थ णं अत्थेगइया आसा जेणेव उक्किट्ठासद्दफरिसरसरूवगंधा तेणेव उवागच्छइ, उवागच्छित्ता तेसु उक्किट्ठेसु सद्दफरिसे ५ मुच्छिया जाव अज्झोववण्णा आसेविउं पयत्ता यावि होत्था)

તે વનમાં તે ઘોડાઓમાં કેટલાક ઘોડાઓ એવા પણ હતા કે જેઓ જ્યાં તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આ પાંચે ઇન્દ્રિયોના આકર્ષક વિષયો હતા ત્યાં આવીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ વગેરે વિષયોમાં મૂર્છિત (આસકત) યાવત્ તલ્લીન થઈ ગયા અને તેમના સેવનમાં પ્રવૃત્ત પણ થઈ ગયા.

(तएणं ते आसा ते उक्किट्ठे सद्द ५ आसेवमाणा तेसिं बहूहिं कूडेहिं य पासेहिय गलएसु य पाएसु य वज्झंति, तएणं ते कोडुंबियपुरिसा ते आसे गिण्हति गिण्हित्ता एगट्ठियाहिं य पोयवहणे संचारेंति, संचारित्ता तणस्स कट्ठस्स जाव भरेंति, तएणं ते संजत्ता णावा वाणियगा दक्खिणाणुकूलेणं वाएणं जेणेव गंभीरपोयपट्टणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पोयवहणं लंबेंति–लंबित्ता ते आसे उत्तारेंति)

ત્યારપછી તે ઘોડાઓ ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આ પાંચે ઇન્દ્રિયોના વિષયોનું સેવન કરતાં દોરડાઓ વગેરે રૂપ બંધન વિશેષથી ડોકો અને પગોમાં બંધાઈ ગયા. એટલે કે તે કૌટુંબિક પુરુષોએ તે ઘોડાઓને દોરડાઓથી બાંધી લીધા. બાંધીને તે કૌટુંબિક પુરુષોએ તે ઘોડાઓને

પકડી લીધા. પકડીને તેમણે નાની નાની હોડીઓ વડે મોટા વહાણમાં ચઢાવ્યા. ચઢાવ્યા બાદ તેઓએ તેમાં ઘાસ અને કાષ્ઠ ભર્યાં. ત્યારપછી તે સાંયાત્રિક પોતવણિકો દક્ષિણનો અનુકૂળ પવન વહેવા લાગ્યો ત્યારે ત્યાંથી રવાના થઇને જ્યાં ગભીર નામે પોતપટ્ટણ (બંદર) હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે પોતાના વહાણને લંગર નાખીને રોક્યું. ત્યારબાદ તેમણે ઘોડાઓને વહાણ-માંથી નીચે ઉતાર્યા.

(उत्तारित्ता जेणेव हत्थिसीसे णयरे जेणेव कणगकेऊ राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल जाव बद्धावेंति, बद्धावित्ता ते आसे उवणेंति, तएणं से कणगकेऊ तेसिं संजत्ता णावा वाणियगाणं उस्सुक्कं वियरइ, वियरित्ता सक्कारेइ, संमाणेइ, सक्करित्ता, संमाणित्ता पडिविसज्जेइ)

નીચે ઉતારીને તેઓ તે ઘોડાઓને હસ્તિશીર્ષ નગરમાં જ્યાં કનકકેતુ રાજા હતો ત્યાં લઈ ગયા. ત્યાં જઈને પહેલાં તેમણે બંને હાથ જોડીને રાજા કનકકેતુને નમસ્કાર કર્યા અને જય-વિજય શબ્દો વડે તેમને વધામણી આપી. વધામણી આપીને તેમણે તે બધા ઘોડાઓને તેમની સામે ઉપસ્થિત કર્યા ત્યારપછી કનકકેતુ રાજાએ તે સાંયાત્રિક પોતવણિકોને માટે કર માફી કરી આપી તેમની પાસેથી કોઈ પણ રાજ્ય કર્મચારી કર (ટેકસ) લે નહિ તેવું આજ્ઞાપત્ર તેમને લખી આપ્યું આજ્ઞાપત્ર આપીને રાજાએ તેમનો મધુર વચનો વડે સત્કાર કર્યો અને વસ્ત્રો વગેરે આપીને તેમનું સન્માન કર્યું. ત્યારપછી તેમને વિદાય કર્યા.

(तएणं से कणगकेऊ कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता सक्कारेंति० पडिविसज्जेइ, तएणं से कणगकेऊ राया आसमद्दए सद्दावेइ सद्दावित्ता एवं वयासी तुब्भेणं देव णुप्पिया ! मम आसे विणएह)

ત્યારપછી કનકકેતુ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમનો સત્કાર કર્યો અને પછી તેમને વિદાય કર્યા. ત્યારબાદ કનકકેતુ રાજાએ અશ્વશિક્ષકોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે અમારા આ ઘોડાઓને શિક્ષિત બનાવો, દોડવા વગેરેની કળાઓમાં નિપુણ બનાવો.

(तएणं ते आसमद्दगा तहत्ति पडिसुणेंति, पडिसुणित्ता ते आसे बहूहिं मुह बंधेहि य कण्ण बंधेहिं णासा बंधेहि य बालबंधेहि य खुर बंधेहि य खलिण बंधेहि य अहि लाणेहि य पडियाणेहि य अंकणाहि य वित्तप्पहारेहिय लयप्पहारेहिय कलप्पहारेहि य छिवप्पहारेहि य विणयंति)

રાજા કનકકેતુની આજ્ઞાને તે અશ્વમર્દકોએ "તહત્તિ" કહીને સ્વીકારી લીધી. સ્વીકાર કરીને તેમણે ઘણી જાતના મુખ બંધનોથી, કર્ણ બંધનોથી, નાસા બંધનોથી, વાળ બંધનોથી, ખુર બંધનોથી, લગામ રૂપ બંધનોથી, અભિલાનોથી, પલેચાઓથી, પર્યાણકોથી, તંગોને કસવાથી, અંકનોથી, તપાવવામાં આવેલી લોખંડની શળીઓ વડે ડામવાથી, વેંતોના આઘાતોથી લતાઓના પ્રહારોથી, ચાબુકના પ્રહારોથી, છિપા ચામડાના બનેલા લીસા ચાબુકોના પ્રહારોથી તે ઘોડાઓને કેળવ્યા.

(विणयित्ता कणगकेऊ राया ते आसमद्दए सक्कारेइ, सक्कारित्ता पडिविसज्जेइ तएणं ते आसा बहूहिं मुह बंधेहिं जाव छिवप्पहारेहिं य बहूणि सारीरमानसाणि दुक्खाइं पावेंति)

કેળવીને-શિક્ષિત બનાવીને તે ઘોડાઓને તેઓ કનકકેતુ રાજા પાસે લઇ ગયા. ત્યારપછી કનકકેતુએ તે અશ્વમર્દકોનો સત્કાર તેમજ સન્માન કર્યું. સત્કાર અને સન્માન કરીને તેમને વિસર્જિત કર્યા. તે ઘોડાઓ ઘણા મુખ બંધનોથી યાવત્ ચામડાના લીસા ચાબુકોના પ્રહારોથી અનેક જાતના શારીરિક અને માનસિક દુઃખો ભોગવા લાગ્યા.

(एवामेव समणाउसो ! जो अम्हं निग्गंथो वा निग्गंथी वा पव्वइए समाणे इट्ठेसु सद्दफरिसरसरूवगंधेसु य सज्जइ, रज्जइ, गिज्झइ, मुज्झइ, अज्झोववज्झइ,

सेणं इहलोए चेव बहूणं समणाण य जाव सावियाण य हीलणिज्जे जाव अणु परियट्टिस्सइ)

આ પ્રમાણે હે આયુષ્મંત શ્રમણો ! જે અમારા નિર્ગ્રંથ સાધુજનો કે સાધ્વીજનો આચાર્ય અથવા ઉપાધ્યાયની પાસે પ્રવ્રજિત થઈને ઈષ્ટ, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોય છે, અનુરક્ત હોય છે, તેમની ઈચ્છા કરીને તેઓમાં બંધાઈ જાય છે, તેઓમાં મૂર્છિત બની જાય છે, બધી રીતે તેઓમાં તલ્લીન બની જાય છે. તે આ લોકમાં જ ઘણા શ્રમણો વડે તેમજ ઘણી શ્રમણી, શ્રાવક અને શ્રાવિકાઓ વડે હીલનીય-નિન્દનીય-હોય છે યાવત્ તે ચતુર્ગતિ રૂપ આ સંસાર-કાંતારમાં ભટકતો રહે છે. ॥ સૂત્ર ૪ ॥

' कलरिभिय ' इत्यादि—

સૂત્રકાર હવે ઇન્દ્રિયોના અસંવરણથી જે દોષો ઉત્પન્ન થાય છે તેમને આ ગાથાઓ વડે પ્રદર્શિત કરે છે. કર્ણેન્દ્રિયના વશમાં થયેલા પ્રાણીઓ કલ-શ્રવણ સુખદ, રિભિત સ્વરોને વિશેષ રૂપમાં મેળવવાથી ઉત્પન્ન થયેલો ધ્વનિ, મહુર-પ્રિય, તંત્રી-વીણા, તલતાલ-કરતાળ, વંશ-વાંસળી એમનાથી ઉત્પન્ન હોવા બદલ કકુદ-અત્યંત, અભિરામ-મનોહર એવા શબ્દોમાં અનુરકત થતાં જો કે તેઓ મુદિતમન-પ્રસન્ન થાય છે. પરંતુ તેમની શ્રોત્રેન્દ્રિય (કાન) દુર્દ-મનીય હોવા બદલ એટલે કે મશ્રોત્રેન્દ્રિય ઉપર કાબુ મેળવવાનું કામ તેમના માટે અશકય હોવા બદલ તેને વશ થયેલા પ્રાણીઓ જેમ વ્યાપા-શિકારીના પીંજરામાં સપડાઇ ગયેલી તિત્તિરીના શબ્દને સાંભળીને તીતર પક્ષી કામરાગના આવેશમાં આવીને મૃત્યુ તેમજ બંધનને પ્રાપ્ત કરે છે, તેમ જ અનેક જાતના વધબંધનો મેળવે છે. " गा. १-२ "

थण जहण चक्खिदिय इत्यादि—

જો કે ચક્ષુન્દ્રિયોના વિષયોને મેળવવા માટે અત્યંત ઉત્સુક બનેલા પ્રાણીઓ તે વિષયોની પ્રાપ્તિ થઇ જવા બાદ આનંદમગ્ન થઇ જાય છે-તેઓ સ્ત્રીઓના સ્તન, જઘન, મુખ, હાથ, ચરણ, નયન, ગર્વિત વિલાસ-યુક્ત ગમન વગેરે રૂપ ચક્ષુઇન્દ્રિયોના વિષયોને વારંવાર જોઇને આસક્ત થઈ જાય છે, પરંતુ આ ઇન્દ્રિય જ્યારે દુર્દાંત બની જાય છે ત્યારે એવા પ્રાણીઓ અજ્ઞાની પતંગની

જેમ પોતાના પ્રાણોને અગ્નિમાં હોમી દે છે, તેમજ તે પણ તે વિષયમાં જ પોતાના પ્રાણોને નષ્ટ કરી નાખે છે. " ગા. ૩-૪ "

अगुरुवर, घाणिंदिय इत्यादि ।

ઘ્રાણઇન્દ્રિયના વશમાં પડેલા પ્રાણીઓ અગુરૂવર-કૃષ્ણાગુરૂ, પ્રવર, ધૂપન દશાંગાદિ રૂપ ધૂપ ઋતુજ માલ્ય-તત્તદ્ ઋતુના પુષ્પો, અનુલેપન ચંદન-કુંકુમ વગેરેના જાતજાતના લેપના ગંધમાં અનુરક્ત થઇને હર્ષિત થઇ જાય છે, પરંતુ હકીકતમાં તો તેઓ તે ઇન્દ્રિયની દુર્દમતા વિષેનો કોઇ પણ જાતનો વિચાર કરતા જ નથી. જ્યારે તે ઇન્દ્રિય દુર્દમ બની જાય છે ત્યારે એવા પ્રાણીઓ કેતકી વગેરેની ગંધથી આકૃષ્ટ થઇને જેમ દરમાંથી નીકળેલો સાપ વધબંધન વગેરે કષ્ટોને પ્રાપ્ત કરે છે તેમજ કષ્ટ પ્રાપ્ત કરે છે. ।। ગા. ૫-૬ ।।

तित्तकडुय जिब्भिंदिय इत्यादि ।

જે પ્રાણી જીહ્વા ઇન્દ્રિય (જીભ) ને વશ થયેલો હોય છે, તે મરચું વગેરેના જેવા તીખા સ્વાદમાં, કારેલા જેવા કડવા સ્વાદમાં, આમલી વગેરેના જેવા કષાય રસમાં, કરંબાદિના જેવા અમ્લ-ખાટા રસમાં, લાડવા વગેરેના જેવા મધુર સ્વાદમાં તેમજ જાતજાતનાં કેળાં વગેરેના ખાદ્ય પદાર્થોમાં, દૂધ વગેરે જેવા પેય પદાર્થોમાં, અને દહીં તેમજ ખાંડ વગેરેથી તૈયાર થયેલા શ્રીખંડ વગેરે લેહ્ય (ચાટીને ખાઈ શકાય તેવા) પદાર્થોમાં આસક્ત થઇને ખૂબ જ હર્ષિત થતા રહે છે. પરંતુ જ્યારે તેમની આ ઇન્દ્રિય દુર્દાંત બની જાય છે, ત્યારે એવા પ્રાણી જેમ મત્સ્યવેધનથી-માછલી પકડવાના કાંટાથી મુખમાં વિદ્ધ થયેલું માછલું પાણીમાંથી બહાર ખેંચીને બહાર જમીન ઉપર નાખવામાં આવે છે અને તે જમીન ઉપર તડપી તડપીને મૃત્યુવશ થાય છે, તેમજ તે ઇન્દ્રિયના વિષયમાં ફસાઇને તડપી તડપીને મૃત્યુવશ થાય છે. ।। ગા. ૭-૮ ।।

उ उ भयमाणं, फ सिंदियदुद्दंत इत्यादि ।

જે પ્રાણીઓ સ્પર્શેન્દ્રિયને વશ થાય છે, તેઓ પોતાની સ્પર્શેન્દ્રિયની લોલુપતાથી હેમંત વગેરે દરેકે દરેક ઋતુઓના સુખો ભોગવે છે. તેમજ સંપત્તિવાળાઓના હૃદય અને મનસુખદ સ્પર્શોમાં આસક્ત બનીને રહે છે. આમ કરતાં કરતાં જ્યારે તેમની આ સ્પર્શેન્દ્રિય દુર્દાંત બની જાય છે ત્યારે તે પ્રાણીઓ (હાથિણી) ને સ્પર્શવામાં લુબ્ધ બનેલા મત્ત ગજરાજના મસ્તકને વિદીર્ણ કરી નાખે છે તેમજ આ સ્પર્શેન્દ્રિય વડે વિનષ્ટ કરી નાખવામાં આવે છે. ॥ ગા. ૯-૧૦ ॥

कलरिभिय, थणजहण, अगुरुत्ररपत्रर, तित्त कडुय उ उ भयमाण, इत्यादि ।

આ ગાથાઓ વડે સૂત્રકાર આ વાત સ્પષ્ટ કરવા માગે છે કે જે શબ્દ વગેરે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતાં નથી, તેમનું વશાર્તમરણ થતું નથી, આ ગાથાઓની વ્યાખ્યા સરળ છે.

જે પ્રાણી કર્ણઇન્દ્રિયના વિષયભૂત રૂપમાં, નાસિકા ઇન્દ્રિયના, વિષયભૂત ગંધમાં. જીહ્વા ઇન્દ્રિયના વિષયભૂત રસમાં તેમજ સ્પર્શન ઇન્દ્રિયના વિષય ભૂત સ્પર્શમાં અત્યંત આસક્ત-ગૃદ્ધ થતા નથી, તેઓ વશાર્તમરણને પ્રાપ્ત કરતા નથી. ॥ ગા. ૧૧-૧૫ ॥

सद्देसुय, फासेसुय इत्यादि

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं सत्तरसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते त्ति बेमि ॥

સૂત્રકાર હવે આ પાંચ ગાથાઓ વડે એ વાત સ્પષ્ટ કરવા ઇચ્છે છે કે અનુકૂળ-પ્રતિકૂળ શબ્દાદિ વિષયોમાં શ્રમણજનોને કદાપિ રાગ-દ્વેષ નહિ

કરવો જોઇએ. અહીં ભદ્રક શબ્દનો અર્થ અનુકૂળ અને પાપક શબ્દનો અર્થ પ્રતિકૂળ છે. જ્યારે શબ્દરૂપ વિષય શ્રોત્ર ઈન્દ્રિયનો હોય તો ભલે તે મનોજ્ઞ હોય કે અમનોજ્ઞ હોય, ગમે તેવો કેમ ન હોય, તેમાં શ્રમણ-સાધુ-ને કદાપિ તુષ્ટ કે રૂષ્ટ થવું જોઈએ નહિ. ॥ ગા. ૧૬ ॥

ચક્ષુ ઈન્દ્રિયના વિષયભૂત રૂપ જ્યારે તે ઈન્દ્રિય વડે ગ્રહણ કરવામાં આવે ત્યારે તે મનોજ્ઞ હોય કે અમનોજ્ઞ હોય, શ્રમણને કદાપિ તેમાં હર્ષ-વિષાદ-તુષ્ટ-રૂષ્ટ નહિ થવું જોઇએ ॥ ગા. ૧૭ ॥

મનોજ્ઞ અને અમનોજ્ઞ ગંધ જ્યારે ઘ્રાણ ઈન્દ્રિયનો વિષય હોય ત્યારે સાધુને તે વિષયમાં કદાપિ તુષ્ટ કે રૂષ્ટ નહિ થવું જોઇએ. ॥ ૧૮ ॥

મનોજ્ઞ અથવા તો અમનોજ્ઞ રસ જ્યારે જીહ્વા ઈન્દ્રિયનો વિષય હોય ત્યારે તેમાં શ્રમણ-જનને કદાપિ તુષ્ટ અને રૂષ્ટ થવું જોઇએ નહિ. ॥ ગા. ૧૯ ॥

૮ જાતનો સ્પર્શ—ભલે તે અનુકૂળ કે પ્રતિકૂળ ગમે તેવો કેમ ન હોય જ્યારે જ્યારે તે સ્પર્શન ઇન્દ્રિયનો વિષય હોય તેમાં સાધુને કોઈ પણ રીતે કદાપિ તુષ્ટ અને રૂષ્ટ થવું જોઈએ નહિ ॥ ગા. ૨૦ ॥

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવાન મહાવીરે કે જેમણે સિદ્ધગતિ નામક સ્થાનને મેળવ્યું છે-આ સત્તરમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપમાં અર્થ પ્રરૂપિત કર્યો છે. આવું હું તેમના કહ્યા મુજબ જ તમને કહી રહ્યો છું.

શ્રી જૈનાચાર્ય ઘાસીલાલજી મહારાજ કૃત જ્ઞાતાસૂત્રની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યાનું સત્તરમું અધ્યયન સમાપ્ત ॥ ૧૭ ॥

અઢારમા અધ્યયનનો પ્રારંભ
સુંસમાદારિકાનું વર્ણન

સત્તરમું અધ્યયન પુરૂં થયું છે. હવે અઢારમા અધ્યયનની શરૂઆત થાય છે. આ અધ્યયનનો પહેલા અધ્યયનની સાથે આ જાતનો સંબંધ છે કે પહેલા અધ્યયનમાં ઇન્દ્રિય વશવર્તી તેમજ વશીકૃત ઇન્દ્રિયોવાળા જીવોને અર્થની પ્રાપ્તિ થાય છે, તે વિષે કહેવામાં આવ્યું છે. સૂત્રકાર હવે આ અધ્યયનમાં આ વાતનું સ્પષ્ટીકરણ કરશે કે જે જીવો લોભકષાયથી તેમજ લોભકષાયથી રહિત હોય છે. તેઓ અનર્થ અને અર્થ પ્રાપ્તિને લાયક ઠરે છે. આ અધ્યયનનું પહેલું સૂત્ર આ છે—**जइणं भंते समणेणं महावीरेणं इत्यादि—**

ટીકાર્થ—જંબૂ સ્વામી શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે—

(जइणं भंते ! समणेणं जाव संपत्तेणं सत्तरसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते अट्ठारसमस्स णं भंते णायज्झयणस्स समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ?)

હે ભદન્ત ! શ્રમણ ભગવાન મહાવીરે કે–જેઓ સિદ્ધગતિ નામક સ્થાનને મેળવી ચુકયા છે–સત્તરમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપે અર્થ નિરૂપિત કર્યો છે તો તેજ સિદ્ધગતિ નામના સ્થાનને મેળવી ચુકેલા શ્રમણ ભગવાન મહાવીરે ૧૮ મા જ્ઞાતાધ્યયનનો શો અર્થ પ્રરૂપિત કર્યો છે ?

(एवं खलु जंबू !) આ પ્રમાણે જંબૂ સ્વામીએ પ્રશ્ન પૂછયો ત્યારબાદ શ્રી સુધર્મા સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે—

(तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था ! वण्णओ० तत्थणं धण्णे णामं सत्थवाहे–भद्दा भारिया–तस्स णं धण्णस्स सत्थवाहस्स पुत्ता भद्दाए

अन्नया पंच सत्थवाहदारगा होत्था, तं जहा-धण्णे १, धणपाले २, धणदेवे ३, धणगोवे-४, धणरक्खिए-५)

તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેનું વર્ણન પહેલાંની જેમ સમજી લેવું જોઈએ. તે નગરમાં ધન્ય નામે સાર્થવાહ રહેતો હતો. તેની પત્નીનું નામ ભદ્રા હતું. તે ભદ્રા ભાર્યાના ગર્ભથી જન્મ પામેલા પાંચ પુત્રો હતા, તેમના નામ આ પ્રમાણે છે-ધન-૧,ધનપાલ-૨,ધનદેવ-૩,ધનગોળ-૪,અને ધનરક્ષિત-૫

(तस्स णं धण्णस्स सत्थवाहस्स धूया भद्दाए अत्तया पंचण्हं पुत्ताणं अणुमग्गजातीया सुंसुमा णामं दारिया, होत्था, सूमालपाणिपाया, तस्स णं धण्णस्स सत्थवाहस्स चिलाए णामं दासचेडे होत्था, अहीण पंचेंदिय सरीरे मंसोवचिए, बालकीलावणकुसले यावि होत्था)

તે ધન્ય સાર્થવાહની ભદ્રા-ભાર્યાના ગર્ભથી જન્મ પામેલી સુંસુમા નામે એક પુત્રી હતી. તે ધન વગેરે પોતાના ભાઈઓ બાદ ઉત્પન્ન થઈ હતી. તેના હાથ-પગ બહુ જ કોમળ હતા. તે ધન્યસાર્થવાહનો એક દાસીપુત્ર હતો. તેનું નામ ચિલાત હતું. તે સપ્રમાણ પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હતો. તે માંસલ તેમજ પુષ્ટ શરીરવાળો હતો તે બાળકોને રમાડવામાં સવિશેષચતુર હતો.

(तएणं से चिलाए दासचेडे सुंसुमाए दारियाए बालग्गाहे जाए यावि होत्था सुंसुमं दारियं कडीए गिण्हइ, गिण्हित्ता बहूहिं, दारएहि य दारियाहि य विहरइ तेसिं बहूणं दारियाण य जाव अप्पेगइयाणं खुल्लए अवहरइ, एवं वट्टए आडोलियाओ तेंदुसए पोत्तुल्लए, साडोल्लए, अप्पेगइयाणं आभरणं मल्लालंकारं अवहरइ, अप्पेगइए, आउसइ, एवं अवहसइ, निच्छोडेइ, निब्भच्छेइ, तज्जेइ, अप्पेगइए तालेइ)

તેથી તે દાસચેર સુંસમા દારિકાને રમાડવા માટે નિયુક્ત કરવામાં આવ્યો. આ પ્રમાણે તે ચિલાત દાસ ચેરક સુંસમા દારિકાને ખોળામાં બેસાડીને ઘણા દારક દારિકાઓની સાથે બાળક તેમજ બાળાઓની સાથે ડિંભક

અને ડિંભિકઓ સાથે અને કુમાર કુમારિકાઓની સાથે વારંવાર રમવામાં જ ચોંટી રહેતો હતો. તે ચિલાત દાસચેર રમતાં રમતાં ઘણાં દારક-દારિક, ડિંભક-ડિંભિક, કુમાર-કુમારિકાઓમાંથી કેટલાક બાળકોનાં રમવાનાં સાધન કપર્દક વિશેષોને-કોડીઓને ચોરી લેતો, કેટલાકનાં લાખના બનેલા ચપેટાઓને, કેટલાકનાં અડોલિક નામથી પ્રસિદ્ધ એવા રમકડાંઓને, કેટલાંક બાળકોની દડીઓને, કેટલાંક બાળકોની વસ્ત્રથી બનેલી ઢીંગલીઓને તેમજ કેટલાંક બાળકોના ઉત્તરીય વસ્ત્રોને ચોરી જતો હતો. તે કેટલાંક બાળકોના આભરણોને, માળાઓને અને ઘરેણાંઓને પણ ચોરી જતો હતો. તે કેટલાંક બાળકોને ગાળો દેતો અને કેટલાંક બાળકોની નિષ્ઠુર વચનો બોલીને ઠઠા-મશ્કરી કરવા લાગતો હતો. "જો તું કંઈ પણ બોલશે તો હું તને અહીંથી બહાર કાઢી મૂકીશ વગેરે વચનોથી કેટલાંક બાળકોને તે બીવડાવી દેતો હતો. કેટલાંક બાળકોની તે ભર્ત્સના પણ કરતો હતો-મારી કોઈ પણ વાત તમે તમારા માતાપિતાને કહેશો તો યાદ રાખજો હુ તમને જીવતા નહિ છોડું. તમને હું જાનથી મારી નાખીશ." આ પ્રમાણે કેટલાંક બાળકોની સામે તે આંગળીઓ ચીંધી ચીંધીને બીવડાવી દેતો હતો. કેટલાંક બાળકોને તે તમાચો વગેરે પણ લગાવી દેતો હતો.

(तएणं ते बहवे दारगा य ६ जाव रोयमाणा य कंदमाणा य ४ सायं २ अम्मापिऊणं णिवेदेंति, तएणं तेसिं बहूणं दारगाण य ६ जाव अम्मापिउरो जेणेय धण्णे सत्थवाहे तेणेव उवागच्छंति, उवागच्छित्ता धण्णं सत्थवाहं बहूहिं खिज्जणाहिं य रुंठणाहि य उवलंभणाहि य खिज्जमाणा य रुंटमाणा य उवलंभेमाणा य धण्णस्स एयमट्ठं णिवेदेंति)

આ પ્રમાણે તે ઘણાં દારક યાવત્ કુમારિકાઓ રડતાં રડતાં,' આક્રંદન કરતાં કરતાં, મોટા સાદે ચીત્કાર કરીને પોતપોતાનાં માતાપિતાને તે દાસચેટકની ખરાબ વર્તણુક વિષે ફરિયાદો કરવા લાગ્યાં. પોતાનાં બાળકોને

મુખેથી આ પ્રમાણે દાસ ચેટકની ખરાબ વર્તણુક વિષેની વિગત સાંભળીને તે દારક વગેરેનાં માતાપિતા જ્યાં ધન્યસાર્થવાહ હતો ત્યાં આવતા અને આવીને ધન્યસાર્થવાહને ઘણાં કઠોર વચનોથી રડતાં રડતાં ઠપકો આપતાં રહેતાં હતાં. "શું તમારી જેવી વ્યક્તિને આ વાત શોભે છે ?" આ પ્રમાણે તે કહ્યાં કરતાં હતાં આ પ્રમાણે તેઓ ખેદજનક તેમજ અશ્રુભીની હાલતમાં કહેલી વાણીઓ વડે પોતાનું દુઃખ પ્રકટ કરતાં, રડતાં તેમજ ઠપકો આપતાં ધન્ય-સાર્થવાહને ચિલાતે જે કંઈ ખરાબ વર્તણુક કરી હોય તે બદલ ફરિયાદો કરતાં રહેતાં હતાં. ॥ સૂત્ર ૧ ॥

तएणं से धण्णे सत्थवाहे इत्यादि—

ટીકાર્થ–(**तएणं से धण्णे सत्थवाहे**) ત્યારબાદ તે ધન્ય સાર્થવાહે (**चिलायं दास चेडं**) ચિલાત દાસપુત્રને (**एयमट्ठं भुज्जो २ णिवारेइ**) બાળકોની કોડીઓ વગેરેને ચોરી જવા બદલ વારંવાર મનાઈ કરી, પરંતુ (**णो चेव णं चिलाए दासचेडे उवरमई**) તે ચિલાત દારક પોતાની ખરાબ વર્તણુક છોડીને સુધર્યો નહિ.

(**तएणं से चिलाए दासचेडे तेसिं बहूणं दारगाण य ६ अप्पेगइयाणं खुल्लए अवहरइ जाव तालेइ, तएणं ते बहवे दारगा य जाव रोयमाणा य जाव अम्मापिऊणं जाव णिवेदेंति**)

આ પ્રમાણે સમજાવવા છતાંએ તે ચિલાત દાસચેટક ઘણા દારકો વગેરેમાં કેટલાક દારકો વગેરેની કોડીઓને ચોરતો જ રહ્યો યાવત્ તે બાળકોને તાડિત કરતો રહ્યો, તેમજ મારતો પીટતો રહ્યો. અને તે બાળકો વગેરે પણ રડતાં રડતાં પોતપોતાનાં માતાપિતાને આની ફરિયાદો કરતાં જ રહ્યાં.

(**तएणं ते आसुरुत्ता जेणेव धण्णे सत्थवाहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता बहूहिं खेज्जणाहिं जाव एयमट्ठं णिवेदेंति, तएणं से धण्णे सत्थवाहे बहूणं दारगाणं अम्मापिऊणं अंतिए एयमट्ठं सोच्चा आसुरुत्ते चिलायं दासचेडं उच्चावयाहिं आउसणाहिं आउसइ उद्धंसइ, णिब्भच्छेइ**)

આ પ્રમાણે પોતપોતાનાં બાળકોને મુખેથી વારંવાર ચિલાત દાસચેટકની ફરિયાદો જ્યારે જ્યારે તેઓ સાંભળતાં ત્યારે ત્યારે તેઓ ગુસ્સે થઇને જ્યાં ધન્યસાર્થવાહ હતા ત્યાં જતા હતા અને ત્યાં જઇને તેઓ બહુ જ દુઃખની સાથે રડતાં રડતાં પોતપોતાના દુઃખો ને પ્રકટ કરતા રહેતા હતા. આ પ્રમાણે વારંવાર તે દારક વગેરેના માતાપિતાના મુખથી તે દાસચેટકની ખરાબ વર્તણુંક વિષેની વિગત સાંભળીને તે ધન્યસાર્થવાહ ક્રોધમાં ભરાઇને તે દાસચેટક ચિલાતને ઘણા ક્રોધ ઉત્પન્ન કરે તેવા ખરાબ વચનોથી ધિક્કારવા લાગતો હતો તેમજ તેનાં નામ ગોત્ર વગેરેની નિંદા કરવા લાગતો હતો. આંખો મુખ વગેરે બગાડીને તેનો તિરસ્કાર પણ કરતા રહેતા હતા.

(णिच्छोडेइ, तज्जेइ, उच्चावयाहिं तालणाहिं तालेइ, साओ गिहाओ णिच्छुभइ, तएणं से चिलाए दासचेडे साओ गिहाओ निच्छूढे समाणे रायगिहे णयरे सिंघाडग जव पहेसु देवकुलेसु जात्र सभासु य पवासु य जूय खलएसु य वेसा घरेसु य पाणघरेसु य सुहं सुहेणं परिवड्ढइ)

અને છેવટે આ વાત ત્યાં સુધી પહોંચી કે કોઈ કોઈ વખતે તે તેને બહાર પણ કાઢી મૂકતો હતો. અને કોઈ કોઈ વખતે તેને આ જાતનાં વચનોથી ઠપકો પણ આપતો રહેતો હતો કે તું મારા ઘરમાંથી નીકળી જા નહિતર તને હું મારી નાખીશ. પરંતુ જ્યારે આ જાતની શિક્ષાઓની કે ભય પ્રદર્શનની તે દાસ ચેટક ઉપર કશી અસર થઈ નહિ ત્યારે છેવટે ધન્યસાર્થવાહે હતાશ થઇને તેને લાકડી, મુક્કીઓ વગેરેથી તાડિત કરીને પોતાના ઘેરથી બહાર કાઢી મૂકયો. આ પ્રમાણે જ્યારે ધન્ય સાર્થવાહે તેને પોતાના ઘેરથી બહાર કાઢી મૂકયો ત્યારે તે રાજગૃહ નગરનાં શ્રૃંગાટક વગેરે રસ્તાઓમાં રખડેલની જેમ ભટકવા લાગ્યો અને દેવકુળોમા, સભાસ્થાનોમાં, પરબોમાં, જુગારના અડ્ડાઓમાં, વેશ્યાઓનાં ઘરોમાં અને શરાબખાનાઓમાં ભટકીને જેમ તેમ કરીને પોતાનું પાલન–પોષણ કરવા લાગ્યો. ॥ સૂત્ર ૨ ॥

तएणं से चिलाए दासचेडे इत्यादि—

टीकार्थ–(तएणं) त्यारपछी (से चिलाए दासचेडे) ते चिलात दास चेटक (अणोहट्टिए अणिवारिए सच्छंदमई, सइरप्पयारी मज्जप्पसंगी, चोज्जप्पसंगी मंसप्पसंगी, जूयप्पसंगी, वेसाप्पसंगी, परदारप्पसंगी, जाए यावि होत्था)

અનપઘટ્ટિત–સ્વચ્છંદ બની ગયો, દુષ્કર્મમાં પડેલા ગમે તેને જે હાથ પકડીને તેમાંથી તેને દૂર કરે છે તેનું નામ અપઘટ્ટક અને જે દૂર કરવામાં આવે છે તે અપઘટ્ટિત કહેવાય છે. ચિલાત દાસચેટકને ખોટા કામોથી દૂર લઈ જનાર–તેને નિવારણ કરનાર કોઈ હતું નહિ એથી તે અનપટ્ટિત થઈ ગયો હતો. તેને કોઈ હિતોપદેશક હતો નહિ તેથી તે કુત્સિત કામ કરવામાં પણ પીછેહઠ કરતો ન હતો, ખરાબ કામોથી તેને રોકનાર નહિ હોવાને કારણે તે મનમાં ફાવે તેમ કરતો હતો એથી તે ઉદ્દંડ બની ગયો હતો. તે સ્વચ્છંદ વિહારી થઈ ગયો હતો, દારૂ પિનારો થઈ ગયો હતો. તે માંસ ખાવાલાગ્યો, ચોરી કરવા લાગ્યો, જુગાર રમવા લાગ્યો, વેશ્યા–સેવન કરવા લાગ્યો અને પરસ્ત્રી સેવનમાં પણ લંપટ થઈ ગયો હતો.

(तएणं रायगिहस्स नयरस्स अदूरसामंते दाहिणपुरत्थिमे दिसीभाए सीहगुहा नामं चोरपल्ली होत्था–विसमगिरिकडगकोडंबसन्निविट्ठा वंसीकलंकपगारपरिक्खित्ता, छिण्णासेल विसमप्पवायफालिहोवगूढा एगदुवारा, अणेगखंडी, विदियजणणिग्गमपवेसा

अब्भिंतरपाणिया, सुदुल्लभजलपेरंता, सुबहुस्स वि कूवियबलस्स आगयस्स दुप्पहंसा, यावि होत्था तत्थ सीहगुहाए चोरपल्लीए विजए णामं चोरसेणावई परिवसई, अह-म्मिय जाव अहम्मकेउ समुट्ठिए बहुणगरणिग्गयजसे, सूरे दढप्पहारी, साहसिए सद्दवेही सेणं तत्थ सीहगुहाए चोरपल्लीए पंचण्हं चोरसयाणं अहिवच्चं जाव विहरइ)

તે રાજગૃહ નગરથી ઘણે દૂર પણ નહિ અને ઘણી નજીક પણ નહિ એવી, દક્ષિણ પૌરસ્ત્ય દિગ્વિભાગમાં અગ્નિકોણમાં-સિંહગુહા નામે એક ચોરપલ્લી હતી તે ચોરપલ્લી ઊંચી નીચી ગિરિમાળાઓના પ્રાંત ભાગમાં નિમ્નોન્નત પર્વતના મધ્યભાગના અંતભાગમાં આવેલી હતી તેની ચોમેર વાંસોની વાડ હતી. તે વાડ જ તેનો કોટ (કિલ્લો) હતો. તેનાથી તે ઘેરાએલી હતી અવયવાંતરોની અપેક્ષાએ વિભક્ત જે પર્વત અને તત્સંબંધી જે વિષમ પ્રપાત-ખાડો-તે વિષમ ખાડારૂપી પરિખાથી તે પરિવેષ્ટિત હતી. આવવા અને જવા માટે તેમાં એક જ દરવાજો હતો. ચોરોએ પોતાની રક્ષા માટે ઘણાં સ્થાનો બનાવેલાં હતાં. પરિચિત વિશ્વાસુ માણસો જ તેમાં આવજા કરી શકતા હતા. પાણી માટે તેની વચ્ચે એક જળાશય હતું, તેની બહાર પાણી હતું નહિ. ઘણા ચોરોની શોધ કરતા સૈનિકો ત્યાં આવે છતાંએ તે પલ્લીનો નાશ કરી શકતા ન હતા. તે સિંહગુહા નામની ચોરપલ્લીમાં વિજય નામે એક ચોર સેનાપતિ રહેતો હતો. તે અધાર્મિક યાવત્ અધર્મ કેતુગ્રહની જેમ ઉદય પામ્યો હતો. અહીં યાવત્ શબ્દથી " घायाए वहाए अच्छायणाए " અહીં સુધીનો પાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે:-અધાર્મિક શબ્દનો અધર્મા-ચરણશીલ હોય છે. તે વિજય નામે ચોર અધર્માચરણશીલ હતો, અધર્મિષ્ઠ હતો, સાવ ધર્મરહિત હતો, અધર્માખ્યાયી હતો, અધર્મની વાત કહેનાર હતો, અધર્માનુરાગી હતો, અધર્મનો અનુગામી એટલે કે અધર્મને અનુસરનાર હતો, અધર્મપ્રલોકી હતો, અધર્મને જ જોનાર હતો, અધર્મપ્રરંજન હતો, અધર્મમાં આસક્ત હતો, અધર્મશીલ સમુદાચારી

હતો-એટલે કે તેનો સ્વભાવ અને આચરણ બંને અધર્મમય હતાં. અધર્મ જ તેનો સ્વભાવ હતો અને અધર્મ જ તેનું આચરણ હતું. એથી તે પોતાનું જીવન સાવદ્ય અનુષ્ઠાનો વડે એટલે કે અધર્મનું આચરણ કરીને પુરૂં કરતો હતો. લાકડી વગેરેથી એને મારો, તરવાર વગેરેથી એને કાપી નાખો, ભાલાઓ વગેરેથી એને ભેદી નાખો આ જાતના શબ્દોથી તે પોતાના અનુયાયીઓને હમેશાં હુકમ કરતો રહેતો હતો. તે પોતે પણ જીવોનું છેદન-ભેદન કરતો રહેતો હતો. તેના બંને હાથો લોહીથી ખરડાએલા રહેતા હતા. તેનો ક્રોધ અત્યંત પ્રચંડ હતો. દેખાવમાં તે ખૂબ જ ભયાનક લાગતો હતો, તે ક્ષુદ્ર કર્મ કરનાર હતો.

(उक्कंचणवंचणमायानियडिकवडकूडसाइसंपओगबहुले) ઉત્કંચન, વંચન, માયા, નિકૃતિ, કપટ, કૂટ, સાઈ આ બધાનો વહેવાર તેના જીવનમાં પુષ્કળ પ્રમાણમાં હતો. ભોળા માણસોના વંચનમાં પ્રવૃત્ત થયેલો વંચક જ્યારે પાસે આવેલા માણસને બીકથી ઠગતો નથી તેનું નામ ઉત્કંચન છે. પ્રતારણનું નામ વંચન છે. બીજા માણસને ઠગવાની બુદ્ધિનું નામ માયા છે. પોતાની માયાચારીને છુપાવવા માટે જે બીજી માયાચાર રૂપ ક્રિયા કરવામાં આવે છે તેનું નામ નિકૃતિ છે. વેશ વગેરે બદલવું તે કપટ કહેવાય છે. ત્રાજવાં તેમજ જોખવાના વજનોને હલકાં અને ભારે કરવાં તેનું નામ કૂટ છે. " સાઇ " આ દેશીય શબ્દ છે તેનો અર્થ વિશ્વાસનો અભાવ હોય છે. તે નિઃશીલ હતો,-શીલ રહિત હતો, નિર્વ્રત વ્રત રહિત હતો. નિર્ગુણ હતો-ગુણ રહિત હતો. પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી વર્જિત હતો. " बहूणं दुपयचउप्पय-मियपसुपक्खिसरीसिवाणं घायाए वहाए - उच्छायणाए अधम्मकेऊ समुट्ठिए "

ઘણા દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરીસૃપ (સાપ) વગેરે પ્રાણીઓના ઘાત માટે, વધ માટે તેમજ તેમના સર્વનાશ માટે તે અધર્મ કેતુગ્રહની જેમજ ઉદય પામ્યો હતો. ઘણાં નગરોમાં તે કુખ્યાત થઈ ચુકયો હતો. તે ભારે શૂરવીર હતો, તેનો પ્રહાર ખૂબ જ ભારે થતો હતો. વગર વિચાર્યા કામ કરવામાં જ તેનો સ્વભાવ હતો. શબ્દ શ્રવણ કરીને તે પોતાના લક્ષ્યને વીંધી નાખવામાં ખૂબ જ નિપુણ હતો. તે વિજય ચોર સિંહ ગુફા નામની તે ચોર-પલ્લીમાં પાંચસો ચોરોનો સ્વામી-યાવત્ સ્વામિત્વ ભોગવતો રહેતો હતો.

(तएणं से विजयतक्करे चोरसेणावई बहूणं चोराण य पारदारियाण य गंठिभेयगाण य संधिच्छेयगाण य खत्तखणगाणय, रायावगारीण य ऊण-धारगाण य बालधायगाण य वीसंभघायगाण य जूयकाराण य खंडरक्खाण य अन्नेसिं बहूणं छिन्नभिन्नबहिरायाणं कुडंगे यावि होत्था)

તે વિજય તસ્કર ચોર સેનાપતિ ઘણા ચોરો, ઘણા પરસ્ત્રી-લંપટો, ગ્રંથિભેદકો, સંધિચ્છેદકો-બાકોરું પાડીને ધનનું અપહરણ કરનારાઓ, ક્ષાત્ર-ખનકો-સંધિભાગ વગરની ભીંતમાં બાકોરું પાડીને ચોરી કરનારાઓ, રાજાના અપકારકો-રાજદ્રોહીઓ, ઋણ કરનારાઓ (દેવાદારો) બાળહત્યા કરનારાઓ, બાળહત્યા કરનારાઓ, વિશ્વાસઘાત કરનારાઓ, જુગાર રમનારાઓ, રાજાની આજ્ઞા લીધા વગર જ થોડી જમીનને પોતાના અધિકારમાં લેનારાઓ તેમજ બીજા પણ ઘણા છિન્ન, ભિન્ન બહિરાહત લોકોના માટે તે કુટંક જેવો હતો. જેમના હાથ પગ વગેરે કાપી નાખવામાં આવ્યા છે એવાં પ્રાણીઓ, છિન્ન શબ્દ વડે જેમનાં નાક વગેરે કાપવામાં આવ્યાં છે એવાં પ્રાણીઓ, ભિન્ન શબ્દ વડે અને રાજ્યાપરાધ બદલ જે દેશમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા છે એવા માણસો અહીં "બહિ આહત ' શબ્દ વડે સંબોધિત કરવામાં આવ્યા

છે. રક્ષણ માટે આશ્રયણીય હોવાના સામ્યથી તેને કુટંક-વાંસનાવન'ની જેમ બતાવવામાં આવ્યો છે.

(तएणं से विजए तक्करे चोरसेणावई रायगिहस्स दाहिणपुरत्थिमं जणवयं बहूहिं गामधाएहिं य नगरधाएहि य गोग्गहणेहिं य बंदिग्गहणेहिं य खत्तखणणेहिं य पंथकुट्टणेहिं य उव्वीलेमाणेर विद्धंसेमाणेर णित्थाणं, णिद्धणं करेमाणे विहरइ, तएणं से चिलाए दास चेडे रायगिहे बहूहिं अत्थाभिसंकीहि य चोज्जाभिसंकीहि य घणियेहि य जूयकरेहि य परब्भवमाणे २ रायगिहाओ नगराओ णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सीहगुहा चोरपल्ली तेणेव उवागच्छइ, उवागच्छित्ता विजयं चोरसेणावइं उवसंपज्जित्ताणं विहरइ)

ચોરોનો સેનાપતિ તે વિજય તસ્કર રાજગૃહ નગરના અગ્નિકોણના જનપદોને, ઘણાં ગ્રામોનો વિનાશ કરીને નગરોનો ઘાત કરીને ગાયોને લૂંટીને લૂંટતી વખતે પકડી પાડેલા માણસોને પોતાના કારાગારમાં પૂરી દઈને, ક્ષત્ર-ખનન કરીને, મકાનોમાં ખાતર પાડીને અને મુસાફરોને મારીને નિરંતર પીડિત કરતો, વિધ્વંસ કરતો અને ગૃહવિહીન બનાવી મૂકતો હતો. ત્યારપછી તે દાસચેટક ચિલાતે રાજગૃહ નગરમાં ઘણા અર્થાભિશંક–આ ચિલાતે અમારા દ્રવ્યનું હરણ કર્યું છે. તેમજ આ પ્રમાણે ભવિષ્યમાં પણ હરણ કરશે, આ જાતની શંકા કરનારાઓ વડે, ચૌર્યાભિશંકી–એણે અમારા ઘરોમાં પેસીને પહેલાં ચોરી કરી હતી તેમજ ભવિષ્યમાં પણ તે ચોરી કરશે જ–આ જાતની ચોરીની આશંકા કરનારાઓ વડે, દારાભિશંકી–એણે પહેલાં અમારી સ્ત્રીઓ ઉપર બલાત્કાર કર્યો છે, આ પ્રમાણે ભવિષ્યમાં પણ તે ચોક્કસ આવું કરશે જ, આ રીતે પોતાની સ્ત્રીઓ ઉપર બલાત્કારની આશંકાવાળા પુરૂષો વડે તેમજ ધનવાનો વડે, જુગાર રમનારા જુગારીઓ વડે, વારંવાર પરાભૂત થતો

રાજગૃહ નગરથી બહાર નીકળ્યો અને નીકળીને જ્યાં તે સિંહગુહા નામે ચોરપલ્લી હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને ચોર સેનાપતિની સાથે રહેવા લાગ્યો. ॥સૂ૦૩॥

(तएणं से चिलाए दासचेडे इत्यादि—

ટીકાર્થ-(तएणं) ત્યારપછી (से चिलाए दासचेडे) તે દાસ ચેટક ચિલાત (विजयस्स चोरसेणावइस्स) ચોર સેનાપતિ તે વિજય તસ્કરનો (अग्गे.... यावि होo) સૌથી પ્રધાન આસિ, યષ્ટિ (લાકડી) આહ, તરવાર અને લાઠી ચલાવવામાં ચતુર બની ગયો.

(जाहे वि य णं से यिजए चोरसेणावई गामघायं वा जाव पंथकोट्टिं वा काउं वच्चइ, ताहे वि य णं से चिलाए दासचेडे सुबहुं पि हू कूवियबलं हयविमहिय जाव पडिसेहेइ, पुणरवि लद्धट्ठे कयकज्जे अणहसमग्गे सीहगुहं चोरपल्लिं हव्वमागच्छइ)

જ્યારે તે ચોર સેનાપતિ વિજય ગ્રામોના ઘાત માટે યાવત્ પથિકોને લુંટવા માટે નીકળતો હતો ત્યારે તે દાસ ચેટક ચિલાત ચોરોને પકડવા માટે આવેલા સૈન્યને હત, વિમથિત યાવત્ સંપૂર્ણ રીતે વિધ્વસ્ત કરીને ભગાડી મૂકતો હતો અને પોતાના ઇચ્છિત અર્થને પ્રાપ્ત કરીને પોતાના કાર્યમાં સફળતા મેળવતો હતો. આ પ્રમાણે તે ચોરીમાં મેળવેલા દ્રવ્યને સુરક્ષિત રાખતો વચ્ચે કોઈ પણ બીજા વડે દ્રવ્યની લૂટ-પાટ ન થાય-તેમ પોતાની જાતને સુરક્ષિત રાખતો તે શીઘ્ર સિંહગુહા નામે ચોરપલ્લીમાં પાછો આવતો રહેતો હતો.

(तएणं से विजए चारसेनावई चिलायं तक्करं बहूईओ चोरविज्जाओ य चोरमंते य चोरमायाओ चोरनिगडीओ य सिक्खावेइ)

તે ચોર સેનાપતિ વિજય તસ્કરે ચિલાત ચોરને ઘણી ચોર વિદ્યાઓને, ઘણા ચોરમંત્રોને, ઘણી ચોર સંબંધી માયાચારીઓને અને માયાને છુપાવવા માટે બીજી માયાચારીઓ શીખવાડી.

(तएणं से विजए चोरसेणावई अन्नया कयाइं कालधम्मुणा संजुत्ते यावि होत्था, तएणं ताइं पंच चोरसयाइं विजयस्स चोरसेणावइस्स महया २ इड्ढी सक्कारसमुदएणं णीहरणं करेंति करित्ता बहूइं लोइयाइं मयकिंचाइं करेंति, करित्ता जाव विगयसोया जाया यावि होत्था। तएणं ताइं पंच चोर सयाइं अन्नमन्नं सद्दावेंति, सद्दावित्ता एवं वयासी)

ત્યારપછી તે ચોર સેનાપતિ વિજય કોઈ એક દિવસે મૃત્યુ પામ્યો. ત્યારે તે પાંચસો ચોરોએ ચોર સેનાપતિ વિજય તસ્કરની ભારે ઠાઠથી શ્મશાનયાત્રા કાઢી. ત્યારપછી તેમણે તેના મૃત્યુ સંબંધી લૌકિક કૃત્યો કર્યાં. લૌકિક કૃત્યો પૂરા કર્યાં બાદ ધીમે ધીમે જ્યારે બધા શોક રહિત થયા ત્યારે તે પાંચસો ચોરોએ પરસ્પર એકબીજાને બોલાવ્યા અને એક સ્થાને એકત્ર થઇને તેમણે આ પ્રમાણે વિચાર કર્યો કે—

(एवं खलु अम्हं देवाणुप्पिया ! विजए चोरसेणावई कालधम्मुणा संजुत्ते, अयं च णं चिलाए तक्करे विजएणं चोरसेणावइणा बहूईओ चोरविज्जाओ य जाव सिक्खाविए, तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! चिलायं तक्करं सीहगुहाए चोरपल्लीए चोरसेणावइत्ताए अभिसिंचित्तए त्तिकट्टु अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता, चिलायं तीसे सीहगुहाए चोरसेणावइत्ताए अभिसिंचंति)

હે દેવાનુપ્રિયો ! જુઓ, અમારા નાયક ચોર સેનાપતિ વિજય તો હવે મરણ પામ્યા છે. તેમણે આ ચિલાત ચોરને ઘણી ચોર વિદ્યાઓ વગેરે બધું શીખવ્યું જ છે. એટલા માટે હવે અમને એ જ યોગ્ય લાગે છે કે અમે લોકો ચિલાત ચોરને આ સિંહગુહા નામની ચોરપલ્લીનો ચોર સેનાપતિ બનાવી લઇએ. એટલે કે ચોર સેનાપતિના સ્થાને આ ચિલાત ચોરની નીમણુંક કરી લઇએ. આ પ્રમાણે વિચાર કરીને તેમણે એક બીજાના વિચાર રૂપ

અર્થને સ્વીકારી લીધો અને સ્વીકારીને છેવટે તે ચિલાત ચોરનો તે સિંહગુહા નામની ચોરપલ્લીનો તેમણે ચોર સેનાપતિના રૂપમાં અભિષેક કરી દીધો.

(तएणं से चिलाए चोरसेणावई जाए अहम्मिए जाव विहरइ सएणं से चोर से० चोराण य जाव कुडंगे यावि होत्था, सेणं तत्थ सीहगुहाए चोरपल्लीए पंचण्हं चोरसयाणं य एवं जहा विजओ तहेव सव्वं जाव रायगिहस्स दाहिण-पुरत्थिमिल्लं जणवयं जाव णित्थाणं निद्धणं करेमाणे विहरइ)

આ પ્રમાણે તે ચિલાત ચોર ચોર સેનાપતિ થઇ ગયો. ચોર સેનાપતિ બનીને તે વિજય ચોર સેનાપતિની જેમ અધાર્મિક યાવત્ અધર્મકેતુ જેવો થઇ ગયો. તેથી તે ચિલાત ચોર સેનાપતિ ચોરોનો યાવત્ પારદારિક વગેરેનો કુડંગની જેમ–વાંસોના વનની જેમ–આશ્રયસ્થાન બની ગયો અને તે સિંહગુહા નામની ચોરપલ્લીમાં પાંચસો ચોરોનો અધિપતિ થઇને વિજય તસ્કરની જેમ રાજગૃહ નગરની બહારના અગ્નિકોણ તરફના જનપદોને ગૃહરહિત અને ધન-રહિત એટલે કે બરબાદ કરવા લાગ્યા. ॥ સૂત્ર ૪ ॥

तएणं से चिलाए चोरसेणावई इत्यादि--

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (चोरसेणावई चिलाए) ચોર સેનાપતિ ચિલાત ચોરે (अन्नया कयाइं) કોઈ એક વખતે (विउलं असणपाणखाइमसाइमं उवक्खडावेत्ता पंच चोरसए आमंतेइ–तओ पच्छा ण्हाए कयबलिकम्मे, भोयण-मंडवंसि तेहिं पंचहिं चोरसएहिं सद्धि विउलं असणं पाणं खाइमं साइमं सुरं च जाव पसण्णं च आसाए माणे४ विहरइ, जिमिय भुत्तुत्तरागए ते पंच चोरसए विउलेणं धूवपुप्फगंधमल्लालंकारेणं सक्कारेइ, सम्माणेइ, सक्कारित्ता सम्माणित्ता एवं वयासी)

પુષ્કળ પ્રમાણુમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ચારે જાતનો આહાર બનાવડાવીને તે પાંચસો ચોરોને આમંત્રિત કર્યા. જ્યારે તેઓ બધા આવી ગયા ત્યારે તે ચિલાત ચોરે સ્નાન કર્યું અને ત્યારપછી તેણે કાગડા વગેરે પક્ષીઓને અન્ન વગેરેનો ભાગ અર્પીને બલિકર્મ વગેરે કર્યું. ત્યારબાદ તેણે ભોજન મંડપમાં બેસીને તે પાંચસો ચોરોની સાથે તે પુષ્કળ પ્રમાણુમાં બનાવડાવેલા, અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારના આહારને તેમજ સુરા યાવત્ પ્રસન્ન મદિરાને ખૂબ ધરાઇ ધરાઇને ખાધા-પીધાં. જ્યારે તેઓ બધા સારી રીતે જમીને પરમશુચીભૂત થઇને આનંદપૂર્વક એક સ્થાન ઉપર આવીને એકઠા થયા-બેસી ગયા, ત્યારે તે ચિલાત ચોર સેનાપતિએ તેમનો ધૂપથી, પુષ્પોથી, ચંદન વગેરેથી, માળાઓથી અને આભરણોથી સત્કાર કર્યો અને સન્માન કર્યું. સત્કાર તેમજ સન્માન કરીને તેણે તેમને આ પ્રમાણે કહ્યું કે—

(एवं खलु देवाणुप्पिया ! रायगिहे णयरे घण्णे णामं सत्थवाहे अड्ढे० तस्सणं धूया भद्दाए अत्तया पंचण्हं पुत्ताणं अणुमग्गजाइया सुंसमा णामं दारिया यावि होत्था अहीण जाव सुरूवा तं गच्छामो णं देवाणुप्पिया ! धणस्स सत्थवाहस्स गिहं विलुयामो, तुब्भं विउले धणकणग जाव सिलप्पवाले, ममं सुंसमा दारिया ! तएणं ते पंच चोरसया चिलायस्स चोरसेणावइस्स एयमट्ठं पडिसुणेंति । तएणं से चिलाए चोरसेणावई तेहिं पंचहिं चोरसएहिं सद्धिं अल्लचम्मं दुरूहइ, दुरूहित्ता पुव्वावरण्हकालसमयंसि पंचहिं चोरसएहिं सद्धिं)

હે દેવાનુપ્રિયો ! સાંભળો, તમને મારે એક વાત કહેવી છે તે આ પ્રમાણે છે કે રાજગૃહ નગરમાં ધન્ય નામે એક ધનિક અને સર્વજનમાન્ય સાર્થવાહ રહે છે. તેને એક પુત્રી છે, તેનું નામ સુંસમા છે. ધન્યની પત્ની ભદ્રાભાર્યાના ગર્ભથી તે પુત્રી પાંચે ભાઇઓ બાદ જન્મ પામી છે. તે અહીન પાંચે ઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળી છે તેમજ ખૂબ જ સુકુમાર અને સુંદર છે.

એટલા માટે ચાલો તૈયાર થાઓ, હે દેવાનુપ્રિયો ! આપણે બધા ત્યાં જઈએ અને ધન્ય સાર્થવાહના ઘરને લુંટી લઈએ, જે વસ્તુઓ આપણે બધા લુંટીશું તેમાંથી ધન, કણુક, મણિ, મૌક્તિક, શિલાપ્રવાલ વગેરે વસ્તુઓ તમારી થશે અને ફક્ત તે સુંસમા દારિકા મારી થશે. આ પ્રમાણે તે પાંચસો ચોરોએ પોતાના સેનાપતિ ચિલાત ચોરની આ વાત સ્વીકારી લીધી. ત્યારપછી તે ચોર સેનાપતિ ચિલાત, તે પાંચસો ચોરોની સાથે સાથે ભીના ચામડા ઉપર બેસી ગયો. લુંટારાઓ લુંટવા માટે જ્યારે ઘેરથી નીકળે છે ત્યારે તેઓ પહેલાં શુભ શકુન માટે ભીના ચામડા ઉપર બેસે છે, આ જાતનો તેઓમાં રિવાજ છે. ભીના ચામડા ઉપર બેસીને તે દિવસના ચોથા પહોરમાં પાંચસો ચોરોની સાથે (सीहगुहाओ चोरपल्लीओ पडिनिक्खमइ) તે સિંહગુહા નામની ચોરપલ્લીમાંથી નીકળ્યો.

(सण्णद्ध जाव गहियाउहपहरणे माइयगोमुहिएहिं फलएहिं णिकट्ठाहिं असिलट्ठीहिं अंसगएहिं तोणेहिं सजीवेहिं धणूहिं समुक्खित्तेहिं सरेहिं समुल्लालियाहिं दिहाहिं ओसारियाहिं उरूघंरियाहिं छिप्पतूरेहिं वज्जमाणेहिं महया २ उक्किट्ठसीहणाये चोरकलकलरवं समुद्दरवं भूयं करेमाणे)

ચોરપલ્લીમાંથી તેઓ કેવી રીતે બહાર નીકળ્યા એ જ વાત સૂત્રકાર આ પંક્તિઓમાં સ્પષ્ટ કરી રહ્યા છે. તેઓ કહે છે કે જ્યારે તે પોતાની ચોરપલ્લીમાંથી નીકળ્યો ત્યારે તેણે પોતાના શરીર ઉપર કવચ ધારણ કરીને તેને કશાબંધનથી સારી રીતે બાંધી રાખ્યું હતું. " गृहितायुधप्रहरणः " આયુધ અને પ્રહરણ તેના બંને હાથોમાં હતાં. રીંછના રોમથી યુક્ત ગોમુખાકાર પટ્ટિકાથી, મ્યાનમાંથી બહાર કાઢેલી તરવારોથી, ખંભાઓ ઉપર લટકતા તૂણીરોથી, જયા ઉપર ચઢેલા ધનુષોથી, તૂણીરમાંથી કાઢવામાં આવેલાં બાણોથી, ઉપર ફેંકવામાં આવેલાં શસ્ત્ર વિશેષોથી, શબ્દ કરતા—મોટા ઘંટોથી

જલ્દી જલ્દી વાગતાં વાજાંઓથી તે યુક્ત હતો. તેમજ જ્યારે તે નીકળ્યો ત્યારે ચોરોને જે ઘોંઘાટ થયો તે સિંહની ગર્જના જેવો મહા ધ્વનિ હતો. તેમજ જ્યારે સમુદ્રમાં ભરતી આવે છે અને ત્યારે જેવો તેનો ધ્વનિ હોય છે, તે માણસોનો ધ્વનિ પણ તેવો જ ગંભીર હતો. (पडिनिक्खमित्ता जेणेव रायगिहे नयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता रायगिहस्स नयरस्स अदूरसामंते एगं महं गहणं अणुपविसइ, अणुपविसित्ता दिवसं खवेमाणे चिट्ठइ) ચોરપલ્લીમાંથી નીકળીને જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં તે આવ્યો. ત્યાં આવીને તે રાજગૃહ નગરથી ઘણે દૂર પણ નહિ અને ઘણા નજીક પણ નહિ એવા એક મોટા વનમાં છુપાઈને રહ્યા ત્યાં છુપાઇને તેણે પોતાનો તે દિવસ ત્યાં જ પસાર કરી દીધો.॥સૂ૦૫॥

'तएणं से चिलाए चोरसेणावई' इत्यादि--

ટીકાર્થ-(तएणं) ત્યારબાદ (चोरसेणावई से चिलाए) ચોર સેનાપતિ તે ચિલાત ચોર (निसंतपडिनिसंते अद्धरत्तकालसमयंसि) જ્યારે દરેકે દરેક ઘરમાં માણસોનો અવાજ એકદમ બંધ થઈ ગયો, એવા તે મધ્યરાત્રિના સમયે (पंचहिं चोरसएहिं सद्धिं) તે પાંચસો ચોરોની સાથે

(माइय गोमुहिएहिं फलएहिं जाव मूइआहिं उरुघंटियाहिं जेणेव रायगिहस्स नयरस्स पुरत्थिमिल्ले दुवारे तेणेव उवागच्छइ)

પોતાના પેટની રક્ષા માટે રીંછના રોમોથી આવૃત્ત થયેલા ગોમુખાકાર કાષ્ઠ ફલકોથી યાવત્ શાંત થઈ ગયેલી મોટી ઘંટિકાઓથી યુક્ત થઈને જ્યાં રાજગૃહ નગરનું પૂર્વ દિશાનું દ્વાર હતું ત્યાં આવ્યા. (उवागच्छित्ता उदगवत्थिं परामुसइ आयंते चोक्खे सुइभूए, तालुग्घाडणिं विज्जं आवाहेइ, आवाहित्ता रायगिहस्स दुवारकवाडे उदएणं अच्छोडेइ कवाडं विहाडेइ, विहाडित्ता रायगिहं अणुपविसइ, अणुपविसित्ता महया २ सद्देणं उग्घोसेमाणे २ एवं वयासी-एवं खलु अहं देवाणुप्पिया चिलाए नामं चोरसेणावई पंचहिं चोरसएहिं सद्धिं सिंहगुहाओ चोरपल्लीओ इह हव्वमागए धण्णस्स सत्थवाहस्स गिहं घाउंकामे)

ત્યાં આવીને તેણે ચામડાની થેલી-મશક-ને પોતાના હાથમાં લીધી અને તેના પાણીથી આચમન કર્યું. આચમન કરીને જ્યારે તે શુદ્ધ પરમ-શુચીભૂત થઈ ચૂકયો ત્યારે તેણે તાલોદ્ઘાટિની વિદ્યાનું આવાહન કર્યું-સ્મરણ કર્યું, અને સ્મરણ કરીને રાજગૃહના દરવાજાનાં કમાડોને પાણીથી સિંચિત કરીને તેણે તે કમાડોને ઉઘાડયાં. ઉઘાડીને તે બધા ચોરોની સાથે રાજગૃહ નગરની અંદર પ્રવિષ્ટ થઈ ગયો. પ્રવિષ્ટ થઈને તેણે ત્યાં મોટા સાદે વારંવાર ઘોષણા કરતાં આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! સાંભળો, હું ચોર સેનાપતિ

ચિલાત નામે ચોર છુ. હમણાં જ હું પાંચસો ચોરોની સાથે અહીં સિંહગુહા નામની ચોરપલ્લીથી આવ્યો છું. ધન્ય સાર્થવાહના ઘરને લૂટવાની મારી ઇચ્છા છે. (तं) માટે

(जोणं णवियाए, माउयाए, दुद्धं पाउकामे सेणं णिग्गच्छउ, त्ति कट्टु जेणेव धण्णस्स सत्थवाहस्स गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता धण्णस्स गिहं विहाडेइ, तएणं से धण्णे चिलाएणं चोरसेणावइणा पंचहिं चोरसएहिं सद्धिं गिहं घाइज्जमाणं पासइ, पासित्ता भीए तत्थे४ पंचहिं पुत्तेहिं सद्धिं एगंतं अवक्कमइ। तएणं से चिलाए चोरसेणावई धण्णस्स सत्थवाहस्स गिहं घाएइ, घाइत्ता सुबहु धणकणग जाव सावएज्जं सुंसमं च दारियं गेण्हइ, गेण्हित्ता रायगिहाओ पडि· णिक्खमइ, पडिक्खमित्ता जेणेव सीह गुहा तेणेव पहारेत्थ गमणाए)

જે નવી માતાનું દૂધ પીવા ઇચ્છે છે એટલે કે મારા હાથથી મૃત્યુ પામીને ફરી બીજા ભવમાં થનારી માતાનું દૂધ પીવા જે ઇચ્છતો હોય તે મારી સામે આવે આ પ્રમાણે કહીને તે જ્યાં ધન્ય સાર્થવાહનું ઘર હતું ત્યાં ગયો. ત્યાં જઇને તેણે ધન્ય સાર્થવાહના ઘરને ઉઘાડયું જ્યારે ધન્ય સાર્થવાહે પાંચસો ચોરોની સાથે ચોર સેનાપતિ ચિલાત વડે પોતાના ઘરને લુંટાતું જોયું ત્યારે જોઇને તે ભયભીત થઇ ગયો. અને ત્રસ્ત તેમજ ત્રાસિત (વિશેષ ત્રાસ) પ્રાપ્ત કરીને છેવટે ઉદ્વિગ્ન થઇ ગયો. આ અમારૂં સર્વસ્વ હરણ કરી રહ્યો છે અને હું એનું કંઈ જ બગાડી શકતો નથી. આ જાતનો વિચાર કરીને તે ચિંતાકુળ થઈ ગયો અને ચિંતાકુળ થઇને તે પોતાના પાંચે પુત્રોની સાથે ત્યાંથી નિર્ભય સ્થાનમાં જતો રહ્યો ચોર સેનાપતિ ચિલાતે ધન્ય સાર્થવાહના ઘરને ખૂબ ઇચ્છા મુજબ લૂંટયું અને લૂંટીને તેમાંથી ઘણું ધન, કનક, મણિ, મોતી વગેરે દ્રવ્યો તેમજ સુંસમા દારિકાને લઈ લીધી. લઇને તે રાજગૃહ

નગરમાંથી પાછો બહાર આવ્યો અને આવીને જ્યાં સિંહગુહા નામે ચોરપલ્લી હતી તે તરફ રવાના થવા તૈયાર થઈ ગયો. ॥ સૂત્ર ૬ ॥

'तएणं से धन्ने सत्थवाहे' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (से धन्ने सत्थवाहे) તે ધન્ય સાર્થવાહ (जेणेव सयगिहे तेणेव उवागच्छइ) જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો.

(उवागच्छित्ता सुबहु धणकणगं सुंसमं च दारियं अवहरियं जाणित्ता महत्थं महग्घं महरियं पाहुडं गहाय जेणेव नगर गुत्तिया तेणेव उवागच्छइ)

ત્યાં આવીને તેણે પોતાના ઘરમાંથી પુષ્કળ પ્રમાણમાં ધન, કનક અને સુંસમા દારિકાનું હરણ કરવામાં આવેલું જાણીને તે મહાર્થ, બહુ કિંમતી અને મહાપુરુષોને યોગ્ય ભેટ લઈને જ્યાં નગર-રક્ષક-કોટ્ટપાળ-વગેરે હતા ત્યાં ગયો. (उवागच्छित्ता तं महत्थं महग्घं महरिहं पाहुडं जाव उवणेंति, उवणित्ता एवं वयासी) ત્યાં જઈને તેણે તે મહાપ્રયોજન સાધકભૂત બહુ કિંમતી તેમજ મહા પુરુષોને યોગ્ય ભેટને તેમની સામે મૂકી દીધી અને મૂકીને તેમને તેણે આ પ્રમાણે વિનંતી કરતાં કહ્યું કે—

(एवं खलु देवाणुप्पिया ! चिलाए चोरसेणावई सीहगुहाओ चोरपल्लीओ इहं हव्वमागम्म पंचहिं चोरसएहिं सद्धिं मम गिहं घाएत्ता, सुबहुं धणकणगं सुंसमं च दारियं गहाय जाव पडिगए तं इच्छामो णं देवाणुप्पिया ! सुंसमा दारियाए कूवं गमित्तए-तुब्भं णं देवाणुप्पिया ! से विउले धणकणगे ममं सुंसमा दारिया)

હે દેવાનુપ્રિયો ! સાંભળો, ચોર સેનાપતિ ચિલાત ચોરે સિંહગુહા નામની ચોરપલ્લીથી એકદમ અહીં આવીને પાંચસો ચોરોની સાથે મારા ઘરમાં ધાડ પાડી છે. તેમાં તેણે ઘણું ધન, કનક અને સુંસમા દારિકાની લૂંટ કરી છે. લૂંટ કરીને તે પાછો પોતાના સ્થાને જતો રહ્યો છે એથી હે દેવાનુપ્રિયો ! મારી ઈચ્છા છે કે તમે સુંસમા દારિકાને પાછી લેવા માટે જાઓ અને તેને મેળવી લીધા બાદ તે અપહૃત કરાયેલું ધન કનક વગેરે બધું તમે રાખજો અને સુંસમા દારિકાને મને સોંપી દેજો.

(तएणं ते णगरगुत्तिया धण्णस्स सत्थवाहस्स एयमट्टं पडिसुणेंति, पडि-सुणित्ता सन्नद्ध जाव गहियाउहपरणा महया २ उक्किट्ठ० जाव समुद्दरवभूयं पिवकरेमाणा रायगिहाओ णिग्गच्छंति, णिगच्छित्ता जेणेव चिलाए चोरे-तेणेव उवागच्छंति, उवागच्छित्ता चिलाएणं चोरसेणावइणा सद्धिं संपलग्गा यावि होत्था-तएणं ते णगरगुत्तिया चिलायं चोरसेणावइं हयमहिय जाव पडिसेहेंति, तएणं ते पंच चोरसया णयरगोत्तिएहिं हयमहिय जाव पडिसेहिया समाणा तं विउलं धणकणगं विच्छड्डेमाणा य विप्पकिरेमाणा य सव्वओ समंता विप्पलाइत्था)

ધન્ય સાર્થવાહની તે વાતને સાંભળીને નગર રક્ષકોએ તેને સ્વીકારી લીધી અને સ્વીકારીને તેમણે તરત જ પોતપોતાના શરીરો ઉપર કવચો પહે-રીને કશા બંધનોથી બાંધ્યાં યાવત્ આયુધ અને પ્રહરણોને સાથે લઇ લીધાં. ભરતીના સમયે જેવો સમુદ્રનો ધ્વનિ હોય છે તેવો જ મહાધ્વનિ કરતાં તેઓ રાજગૃહ નગરમાંથી બહાર નીકળ્યા અને નીકળીને જ્યાં ચોર સેનાપતિ તે ચિલાત ચોર હતો ત્યાં ગયા. ત્યાં જતાંની સાથે જ ચોર સેનાપતિ ચિલાતની સાથે તેમનું યુદ્ધ શરૂ થઈ ગયું. યુદ્ધમાં તેમણે પહેલાં તો ચિલાતની સેના સાથે ખૂબ માર-પીટ કરી અને ત્યારપછી તેને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખી. કેટલાક ચોરોને તો તેમણે ક્ષત (ઘવાયેલા) કર્યા. તેમની ચિહ્નભૂત ધ્વજા પતાકાઓને જમીનદોસ્ત કરી નાખી. આ પ્રમાણે તેને બધી રીતે હરાવી દીધો. જ્યારે તે પાંચસો ચોરો નગર રક્ષક પુરુષો વડે સર્વ રીતે હત, મથિત યાવત્ પ્રતિષેધિત થઇ ગયા ત્યારે તેઓ તે પુષ્કળ ધન, કનક, મણી, મોતી વગેરેને ત્યાં જ મૂકીને આમતેમ નાખીને ચારે દિશાઓમાં આમતેમ પલાયન થઇ ગયા.

(तएणं ते णयर गुत्तिया तं विउलं धणकणगं गेण्हंति, गेण्हित्ता, जेणेव रायगिहे तेणेव उवागच्छंति । तएणं से चिलाए तं चोरसेणं तेहिं णयरगुत्तिएहिं हयमहिय जाव भीए तत्थे सुंसमं दारियं गहाय एगं महं अग्गामियं दीहमद्धं अडविं अणुप्पविट्ठे)

તે નગર રક્ષકોએ તે પુષ્કળ પ્રમાણમાં પડેલાં ધન, કનક વગેરેને લઇ લીધું અને લઈને રાજગૃહ નગરમાં પાછા આવી ગયા. ત્યારપછી તે ચિલાત ચોરે પોતાની તે ચોર સેનાને નગર રક્ષકો વડે હત, મથિત તેમજ ઘાતિત અને નિપતિત ચિહ્નધ્વજ પતાકાઓવાળી જોઇને ત્રસ્ત થઈ ગયો અને સુંસમા દારિકાને લઇને એક ભારે મોટી ગ્રામરહિત અટવીમાં પેસી ગયો.

(तएणं धण्णे सत्थवाहे सुंसमं दारियं चिलाएणं अडवीमुहं अवहीरमाणिं पासित्ता णं पंचहिं पुत्तेहिं सद्धिं अप्पछट्ठे सन्नद्धबद्धचिलायस्स पदमग्गवीहिं अणुगच्छमाणे अभिगज्जंते हाक्कारेमाणे पुक्कारेमाणे अभितज्जेमाणे अभिहासे-माणे पिट्ठाओ अणुगच्छइ)

જ્યારે ધન્ય સાર્થવાહે સુંસમા દારિકાને ચિલાત ચોર વડે અટવીમાં હરણ કરીને લઈ જવાયેલી જાણી, ત્યારે તે પોતાના પાંચે પુત્રોની સાથે આત્મ-ષષ્ઠ થઇને કવચ બાંધીને તે ચિલાત ચોરની પાછળ તેના પદ ચિહ્નોનું અનુ-સરણ કરતો મેઘના જેવી ધ્વનિ કરતો " અરે ઓ દુષ્ટ ! ઊભોરે, ઊભોરે, " આ પ્રમાણે કહેતો " ઊભોરે, ઊભોરે, નહિતર મરી ગયેલો જાણજે " આ પ્રમાણે હાકલ કરતો, તેને બોલાવતો ' અરે નિર્લજ્જ ! ' આમ તર્જિત કરતો તેમજ શસ્ત્ર અસ્ત્ર વગેરેને બતાવીને તેને ત્રસિત કરતો ચાલ્યો.

(तएणं से चिलाए तं धण्णं सत्थवाहं पंचहिं पुत्तेहिं सद्धिं अप्पच्छट्ठं सन्नद्ध बद्ध० समणुगच्छमाणं पासइ, पासित्ता अत्थामे अबले अवीरिए अपुरिसक्कार

परक्कमे जाहे णो संचाएइ सुंसमं दारियं णिव्वाहित्तए, ताहे संते तंते परितंते नीलुप्पल० असिं परामुसइ, परामुसित्ता सुंसमाए दारियाए उत्तमंगं छिंदइ, छिंदित्ता, तं गहाय तं अग्गामियं अडविं अणुपविट्ठे, तएणं से, चिलाए तीसे अग्गामियाए अडवीए तण्हाए अभिभूए समाणे पम्हुट्ठदिसाभाए सीहगुहं चोरपल्लिं असंपत्ते अंतरा चेव कालगए)

જ્યારે ચિલાત ચોરે તે ધન્ય સાર્થવાહને પાંચે પુત્રોની સાથે આત્મષષ્ઠ થઇને તેમજ કવચ વગેરેથી સુસજ્જિત થઇને પોતાની પાછળ પાછળ આવતો જોયો ત્યારે તે જોઇને આત્મબળ વગરનો થઈ ગયો. આ પ્રમાણે સેના રહિત ઉત્સાહ રહિત તેમજ પૌરુષ અને પરાક્રમ રહિત થઇ ગયેલો તે જ્યારે સુંસમા દારિકાને પોતાની પાસે રાખવામાં પણ અસમર્થ થઈ ગયો ત્યારે તેણે શ્રાંત, તાંત, ગ્લાનિ યુક્ત અને પરિતાંત તેમજ બધી રીતે ખિન્નતા પ્રાપ્ત કરીને નીલોત્પલ, ગવલ ગુલિકા વગેરે વિશેષણોવાળી પોતાની તરવારને ઉપાડી અને મ્યાનમાંથી બહાર કાઢી અને બહાર કાઢીને સુંસમા દારિકાનું માથું કાપી નાખ્યું. તે કપાએલા માથાને લઈને તે નિર્જન-ભયંકર અટવીમાં પેસી ગયો. અટવીમાં તે તરસથી વ્યાકુળ થઇને પૂર્વ વગેરે દિશાઓના વિવેકથી રહિત થઈ ગયો અને આ પ્રમાણે તે ફરી ત્યાંથી તે પોતાની સિંહગુહા નામની ચોર-પલ્લીમાં કોઇ પણ દિવસે પાછો આવી શકયો નહિ અને વચ્ચે જ મૃત્યુ પામ્યો. તેનું બાકીનું ચરિત્ર બીજા ગ્રંથમાંથી જાણી લેવું જોઈએ, અહીં તો ભગવાને જેટલું ચરિત્ર તેનું ઉપયુક્ત જાણ્યું તેટલું કહ્યું છે.

(एवामेव समणाउसो ! जाव पव्वइए समाणे इमस्स ओरालियसरीरस्स वंतासवस्स जाव विद्धंसणधम्मस्स वण्णहेउं जाव आहारं आहारेइ सेणं इहलोए

चेव बहूणं समणाणं४ हीलणिज्जे २ जाव अणुपरियट्टिस्सइ, जहाव से चिलाए तक्करे)

હવે પ્રભુ તે ચિલાતના દૃષ્ટાન્તને સામે રાખીને નિર્ગ્રંથ વગેરેને સંબોધિત કરીને આજ્ઞા કરે છે કે હે આયુષ્મંત શ્રમણો ! આ પ્રમાણે જે અમારા નિર્ગ્રંથ શ્રમણુ અથવા શ્રમણીજન આચાર્ય કે ઉપાધ્યાયની પાસે પ્રવ્રજિત થઈને વાન્તાસ્ત્રવવાળા યાવત્ વિધ્વંસન ધર્મવાળા આ ઔદારિક શરીરમાં કાંતિ વિશેષની પ્રાપ્તિ માટે, સૌંદર્ય વગેરે રૂપ વિશેષના માટે, બળવર્ધન માટે તેમજ આંતરિક શકિતને વધારવા માટે આહાર ગ્રહણુ કરે છે. તે આ લોકમાં ઘણા શ્રમણુ, શ્રમણી, શ્રાવક તેમજ શ્રાવિકાઓ વડે હીલનીય યાવત્ નિંદનીય, ખિંસનીય અને ગર્હણીય તો હોય જ છે પણુ સાથે સાથે તે પરભવમાં પણુ દુઃખ જ મેળવે છે. યાવત્ એવો જીવ આ ચતુર્ગતિ રૂપ સંસાર કાંતારમાં ચિલાત ચોરની જેમ ભટકતો જ રહે છે. ॥ સૂત્ર ૭ ॥

'तएणं से धण्णे सत्थवाहे' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (पंचहिं पुत्तेहिं सद्धिं अप्पछट्ठे से धण्णे सत्थवाहे) પાંચે પુત્રોની સાથે છઠ્ઠો તે ધન્ય સાર્થવાહ (चिलायं परिधाडेमाणे २) ચિલાત ચોરની પાછળ પાછળ તેને પકડી પાડવા માટે વારંવાર દોડતાં દોડતાં (तण्हाए छुहाए य संते तंते परितंते नो संचाएइ चिलायं चोरसेणावइं साहत्थि गिण्हित्तए) તરસ અને ભૂખથી શ્રાંત થઈ ગયો, ખિન્ન બની ગયો, તાંત થઇ ગયો શરીર તેનું ચિમડાઈ ગયું. પરિતાંત થઈ ગયો-સાવ નિરૂત્સાહી બની ગયો. એવી હાલતમાં તે પોતાના હાથથી તેને પકડી પાડવામાં સમર્થ થઇ શકયો નહિ (से णं तओ पडिनियत्तइ, पडिनियत्तित्ता जेणेव सा सुंसमा दारिया चिलाएणं जिवियाओ ववरोविया तेणेव उवागच्छइ) તેથી તે ત્યાંથી પાછો ફરી ગયો. અને પાછો ફરીને તે જ્યાં ચિલાત ચોર વડે હણાયેલી પોતાની પુત્રી સુંસમા દારિકા પડી હતી ત્યાં ગયો.

(उवागच्छित्ता सुंसुमा दारियं चिलाएणं जीवियाओ ववरोवियं पासइ पासित्ता परसुनियत्तेव चंपगवरपायवे धसत्ति धरणियलंसि निवडइ,-तएणं से धण्णे सत्थवाहे पंचहिं पुत्तेहिं सद्धिं अप्पछट्ठे आसत्थे कूयमाणे कंदमाणे विलवमाणे महया २ सद्देणं कुहू २ सुपरुन्ने सुचिरं कालं बाहमोक्खं करेइ)

ત્યાં જઇને તેણે સુંસમા દારિકાને ચિલાત ચોર વડે હણાયેલી જોઈ. જોતાની સાથે જ તે પુત્રોની સાથે પરશુ વડે કપાએલા ઉત્તમ ચંપક વૃક્ષની

જેમ "ધમ" શબ્દની સાથે જમીન ઉપર પડી ગયો. ત્યારપછી પાંચે પુત્રો તેમજ છઠ્ઠો તે ધન્યસાર્થવાહ આશ્વસ્ત-ઉચ્છ્વાસ છોડતો-નિસાસા નાખતો સચેષ્ટ થઈ ગયો અને અવ્યકત શબ્દ કરતો ધ્રૂસકે ધ્રૂસકે ખૂબ જોરથી રડવા લાગ્યો, વિલાપ કરવા લાગ્યો અને બહુ મોટા સાદે 'કુહૂ કુહૂ' કરતો હાય હાય કરીને શ્વાસો લેતો ઘણીવાર સુધી રડતો રહ્યો તેમજ આંસૂ પાડતો આક્રંદ કરતો રહ્યો.

(तएणं से धण्णे सत्थवाहे पंचहिं पुत्तेहिं सद्धिं अप्पछट्ठे चिलायं तीसे अग्गामियाए अडवीए सव्वओ समंता परिधाडेमाणे तण्हाए छुहाए य परिभूए समाणे तीसे अग्गामियाए अडवीए सव्वओ समंता उदगस्स मग्गणगवेसणं करेइ)

ત્યારબાદ પાંચે પુત્રોની સાથે છઠ્ઠો તે ધન્યસાર્થવાહ તે ગામ વગરની નિર્જન અટવીમાં ચિલાત ચોરની પાછળ પાછળ વારંવાર દોડતો દોડતો તૃષા અને ક્ષુધા (તરસ અને ભૂખ) થી પીડાઇને તે ગામ વગરની અટવીમાં ચોમેર પાણીની માર્ગણા અને ગવેષણા કરવા લાગ્યો.

(करित्ता संते तंते परितंते णिव्विन्ने तीसे अग्गामियाए अडवीए उदगस्स मग्गणगवेसणं करेमाणे णो चेव णं उदगं आसाएइ)

માર્ગણા તેમજ ગવેષણા કરીને તે શ્રાંત, મનથી ખિન્ન, તાંત શરીરથી ખિન્ન અને પરિતાંત બની ગયો. શરીર તેમજ મન આ બંનેથી તે ખિન્ન થઈ ગયો. આ પ્રમાણે તે ગામ વગરની અટવીમાં ઉદક-પાણી-ની માર્ગણા ગવેષણા કરતાં તેને પાણી મળ્યું નહિ.

(तएणं से धण्णे सत्थवाहे अप्पछट्ठे उदगं अणासाएमाणे जेणेव सुंसुमा दारिया जीवियाओ ववरोविया तेणेव उवागच्छइ)

ત્યારે આત્મષષ્ઠ બનેલે તે ધન્ય સાર્થવાહ પાણી ન મેળવતાં જ્યાં સુંસમા દારિકાનું મડદું પડયું હતું ત્યાં આવ્યો. (उवागच्छित्ता जेट्ठं पुत्तं धणदत्तं सद्दावेई सद्दावित्ता एवं वयासी) ત્યાં આવીને તેણે પોતાના મોટા પુત્ર ધનદત્તને બોલાવ્યો અને બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું કે—

(एवं खलु पुत्ता ! अम्हे सुंसुमाए दारियाए अट्ठाए चिलायं तक्करं सव्वओ समंता परिधाडेमाणा तण्हाए छुहाए य अभिभूया समाणा इमीसे अग्गामियाए अडवीए उदगस्स मग्गणगवेसणं करेमाणा णो चेव णं उदगं आसाए मो-तएणं उदगं अणासाएमाणा णो संचाएमो रायगिहं संपावित्तए)

હે પુત્ર ! સાંભળ, અમે સુંસમા દારિકાને મેળવવા માટે ચિલાત ચોરની પાછળ પાછળ આમતેમ ચારે તરફ ભટકતાં ભટકતાં તરસ અને ભૂખથી દુઃખી થઇ ગયા છીએ. અમોએ આ ગામ વગરની અટવીમાં પાણીની માર્ગણા અને ગવેષણા પર કરી છે, પણ અમે હજી મેળવી શકયા નથી. એથી હવે પાણીના અભાવમાં અમે રાજગૃહ નગરમાં પહોંચી શકીશું તેમ લાગતું નથી.

(तएणं तुम्हे ममं देवाणुप्पिया ! जीवियाओ ववरोवेह, मंसं च सोणियं च आहारेइ, आहारित्ता तेणं आहारेणं अविद्धत्था समाणा तओ पच्छा इमं अग्गामियं अडविं णित्थरिहिह रायगिहं च संपावेहिह)

એથી હે દેવાનુપ્રિય ! તમે મને મારી નાખો અને મારા માંસ અને રક્તને ખાવો, પીવો ખાધાં-પીધાં પછી તમે શરીરના વિનાશથી ઊગરી જશો અને તૃપ્તિ મેળવીને આ ગામવગરની અટવીને પાર કરી જશો અને છેવટે રાજગૃહ નગરમાં પહોંચી જશો.

(मित्ताणाइ य अभिसमागच्छिहिह अत्थस्स य धम्मस्स य पुण्णस्स य आभागी भविस्सह, तएणं से जेट्ठे पुत्ते)

ત્યાં પહોંચીને તમે પોતાના મિત્ર,જ્ઞાતિ, સ્વજન,સંબંધી પરિજનોની સાથે મળશો તેમજ ધન, ધર્મ અને પુણ્યોનો ઉપભોગ કરશો. ત્યારપછી મોટા પુત્ર ધનદત્તે

(धण्णेणं सत्थवाहेणं एवं वुत्ते समाणे धण्णं सत्थवाहं एवं वयासी

ધન્ય સાર્થવાહ વડે આ પ્રમાણે કહેવાયા બાદ પોતાના પિતા ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું કે—

(तुब्भेणं ताओ ! अम्हं पिया गुरूजणयदेवभूया ठावगा पइट्ठावगा संरक्खगा संगोवगा तं कहण्णं अम्हे ताओ ! तुब्भे जीवियाओ ववरोवेमो तुब्भं णं मंसं च सोणियं च आहारेमो अगामियं अडविं णित्थरह तं चेव सव्वं भणइ जाव अत्थस्स जाव पुण्णस्स आभागी भविस्सह)

હે તાત! તમે અમારા પિતા છો, એથી તમે અમારા દેવ અને ગુરૂના સ્થાને છો. તમે મને નીતિ ધર્મ વગેરેમાં પ્રવૃત્ત પણ કરતા રહો છો. રાજા વગેરેની સામે તમે પોતાના સ્થાને મને બેસાડો છો એથી તમે મારા સ્થાપક અને પ્રતિષ્ઠાપક છો. યથેચ્છા પ્રવૃત્તિથી તમે મારી રક્ષા કરતા રહો છો એથી તમે મારા સંરક્ષક છો, દુશ્ચરિત પ્રવૃત્તિથી તમે મને રોકતા રહો છો, એથી તમે મારા સંગોપક છો. તો આવી પરિસ્થિતિમાં હે તાત! હું તમને કેવી રીતે જીવન રહિત બનાવી શકું અને કેવી રીતે તમારા શોણિત અને માંસનું ભક્ષણ કરી શકું? એથી હે તાત! તમે મુજ ધનદત્તને જ જીવન રહિત બનાવી દો અને મારા ખૂન અને માંસનું તમે ભક્ષણ કરો. જેથી તમે આ ગામ વગરની અટવીને પાર કરી શકો અને રાજગૃહ નગરમાં પહોંચીને ત્યાં પોતાના મિત્રો વગેરે પરિજનોની સાથે મળી શકો. તેમજ ધન ધર્મ અને પુણ્યના ભોકતા બની શકો. " तं चेव सव्वं भणइ " આનો અર્થ આમ થાય છે કે જેમ ધન્ય સાર્થવાહે પોતાના મોટા પુત્ર ધનદત્તને કહ્યું તેમજ ધનદત્તે પણ પોતાના પિતાને કહ્યું.

(तएणं धण्णं सत्थवाहं दोच्चे पुत्ते एवं वयासी–माणं ताओ ! अम्हे जेट्ठं भायरं गुरूदेवयं जीवियाओ ववरोवेमो, तुब्भेणं ताओ ! ममं जीवियाओ ववरोवेह, मंसं च सोणियं च आहारेह, अग्गामियं अडविं णित्थरह तं चेव सव्वं भणइ जाव अत्थस्स जाव पुण्णस्स आभागी भविस्सह)

ત્યારપછી ધન્ય સાર્થવાહને તેના બીજા પુત્રે આ પ્રમાણે કહ્યું કે હે તાત! તમે અમારા ગુરુદેવતા જેવા મોટા ભાઇને જીવન રહિત ન કરો પણ હે તાત! તમે મને જ મારી નાખો અને મારા જ લોહી અને માંસને તમે ખાઓ પીઓ. જેથી તમે આ ગામ વગરની અટવીને પાર કરી શકો, આમ

તેણે પહેલાંની જેમ જ બધું કહ્યું. (एवं पंचमे पुत्ते) આ પ્રમાણે જ તેને ત્રીજા ધનદેવે, ચોથા ધનગોપે અને પાંચમા ધનરક્ષિતે પણ કહ્યું.

(तएणं से धण्णे सत्थवाहे पंचण्हं पुत्ताणं हियइच्छियं जाणित्ता तं पंच पुत्ते एवं वयासी)

ત્યારપછી તે ધન્ય સાર્થવાહે પાંચે પુત્રોની હૃદયની અભિલાષા જાણીને પોતાના તે પાંચે પુત્રોને આ પ્રમાણે કહ્યું કે—

(माणं अम्हे पुत्ता ! एगमवि जीवियाओ ववरोवेमो एसणं सुंसमाए दारियाए सरीरए णिप्पाणे णिच्चेट्ठे जीवविप्पजढे—तं सेयं खलु पुत्ता ! अम्हं सुंसमाए दारियाए मंसं च सोणियं च आहारेत्तए)

હે મારા પુત્રો ! તમારામાંથી એકને પણ હું મારવા માગતો નથી. પરંતુ આ સુંસમા દારિકાનું શરીર કે જે નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ અને નિર્જીવ બની ગયું છે–એટલા માટે અમારા માટે હે પુત્રો ! એ જ યોગ્ય છે કે આપણે આ સુસમા દારિકાનાં માંસ અને શોણિતને ખાઇએ.

(तएणं अम्हे तेणं आहारेण अविद्धत्था समाणा रायगिहं संपाउणिस्सामो तएणं ते पंच पुत्ता धण्णेणं सत्थवाहेणं एवं वुत्तासमाणा एयमट्ठं पडिसुणेंति)

એથી આપણે બધા આ આહારથી શરીર નાશથી ઊગરી જઇને રાજગૃહ નગરમાં પહોંચી જઇશું. આ પ્રમાણે ધન્ય સાર્થવાહ વડે કહેવાયેલા પાંચે પુત્રોએ ધન્ય સાર્થવાહની તે વાતને સ્વીકારી લીધી.

(तएणं धण्णे सत्थवाहे पंचहिं पुत्तेहिं सद्धिं अरणिं करेइ, करित्ता, सरगं च करेइ, करित्ता सरएणं अरणिं महेइ, महित्ता अग्गिं पाडेइ, पाडित्ता अग्गिं संधुक्खेइ, संधुक्खित्ता दारुयाइं परिक्खवेइ, परिक्खवित्ता अग्गिं पज्जालेइ, पज्जालित्ता सुंसमाए दारियाए मंसं च सोणियं च आहारेंति)

ત્યારપછી ધન્ય સાર્થવાહે પાંચે પુત્રોની સાથે મળીને અરણિ કાષ્ઠને એકઠું કર્યું. એકઠું કરીને તેઓ સરક કાષ્ઠને–નિર્મંથન કાષ્ઠને લઈ આવ્યા. તેને લઇને તેણે તેથી અરણિકા કાષ્ઠનું ઘર્ષણ કર્યું. આ પ્રમાણે ઘર્ષણથી અગ્નિ

ઉત્પન્ન થઈ ગયો. અગ્નિ ઉત્પન્ન થયા બાદ તેણે તેને ઉદ્દીપિત કર્યો. જ્યારે તે ઉદ્દીપિત થઇ ગયો ત્યારે તેણે તેમાં લાકડીઓ મૂકી. આ રીતે જ્યારે સારી રીતે અગ્નિ પ્રજ્વલિત થઇ ગયો ત્યારે તેમાં સુંસમા દારિકાના માંસને અને લોહીને શેકયાં, શેકયા બાદ તેને બધાએ ખાધાં-પીધાં.

(तेणं आहारेणं अविद्धत्था समाणा रायगिहं नयरं संपत्ता, मित्तणाइ० अभिसमणा गया, तस्स य विउलस्स धणकणगरयण जाव आभागीजाया यावि होत्था तएणं से धण्णे सत्थवाहे सुंसमाए दारियाए बहूइं लोइयाइं जाव विगयसीए यावि होत्था)

આ પ્રમાણે તે આહારની સહાયતાથી અવિનષ્ટ શરીરવાળા થઇને તેઓ ત્યાંથી રવાના થઇને રાજગૃહ નગરમાં આવી ગયા. ત્યાં આવીને તેઓ પોતાના મિત્ર જ્ઞાતિ વગેરે પરિજનોની સાથે ખૂબ આનંદ-પૂર્વક મળ્યા, અને ધન, કનક વગેરે દ્રવ્યોને ભોગવવા લાગ્યા. સુંસમા દારિકાના મરણ પછીનાં જેટલાં લૌકિક કૃત્યો કરવાં જોઇએ તે સર્વે તેમણે પતાવ્યાં અને ધીમે ધીમે તેઓ શોકરહિત પણ બની ગયા. ।। સૂત્ર ૮ ।।

तेणं कालेणं तेणं समएणं ' इत्यादि—

ટીકાર્થ—(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (समणे भगवं महावीरे) શ્રમણ ભગવાન મહાવીર

(गुणसिलए चेइए समोसढे । सेणं धण्णे सत्थवाहे सुपुत्ते धम्मं सोच्चा पव्वइए-एक्कारसंगवी-मासियाए संलेहणाए सोहम्मे उववण्णे, महाविदेहे वासे सिज्झिहिइ)

ગુણશિલક ઉદ્યાનમાં આવ્યા. તેમની પાંસેથી ધર્મોપદેશ સાંભળીને તે ધન્ય સાર્થવાહ પોતાના પાંચે પુત્રોની સાથે તેમની પાસે પ્રવ્રજિત થઈ ગયો. પ્રવ્રજિત થઇને તે ધીમે ધીમે એકાદશ (અગિયાર) અંગોનો જ્ઞાતા પણ થઇ ગયો. છેવટે મૃત્યુ સમયે એક માસની સંલેખના ધારણ કરીને કાળ અવસરે તેણે કાળ કર્યો. તે તેના પ્રભાવથી સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થઇ ગયો. ત્યાંથી ચવીને હવે તે મહાવિદેહ ક્ષેત્રમાં મુક્તિ પ્રાપ્ત કરશે. આ ધન્ય સાર્થવાહના દૃષ્ટાન્તને સામે રાખીને શ્રી સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને સંબોધિત

કરીને આ પ્રમાણે કહ્યું કે—

(जहा वि य णं जंबू! धण्णेणं सत्थवाहेणं णो वण्णहेउं वा नो रूवहेउं वा नो बलहेउं वा नो बिसयहेउं वा सुंसुमाए मंससोणिए आहारिए नन्नत्थ एगाए रायगिहं, संपावणट्ठयाए एवामेव समणाउसो ! जो अम्हं निग्गंथो वा निग्गंथी वा इमस्स ओरालियसरीरस्स वंतासवस्स पित्तासवस्स सुक्कासवस्स सोणियासवस्स जाव अवस्से विप्पजहियव्वस्स नो वण्णहेउं वा नो रूवहेउं वा नो बलहेउं वा नो विसयहेउं वा आहारं आहारेइ, नन्नत्थ एगाए सिद्धिगमणसंपावणट्ठयाए)

હે જંબૂ ! જેમ ધન્ય સાર્થવાહે પોતાના શરીરમાં કાંતિ વિશેષની વૃદ્ધિ કરવા માટે બળની વૃદ્ધિ માટે અથવા વિષય સેવનની શક્તિના વર્ધન માટે સુંસુમા દારિકાનાં માંસ અને શોણિત નહિ ખાધાં, પણ પુત્રો સહિત હું રાજગૃહ નગરમાં પહોંચી જાઉં આ એક જ મતલબથી પોતાના પુત્રોની સાથે સુંસુમા દારિકાના માંસ-શોણિત સેવન કર્યાં. આ પ્રમાણે હે આયુષ્મંત શ્રમણો ! જે અમારા નિર્ગ્રંથ શ્રમણજન અથવા શ્રમણીજનો છે તેઓ આ વાંતાસ્રવવાળા, પિત્તાસ્રવવાળા, શુક્રાસ્રવવાળા યાવત્ ચોક્કસ નષ્ટ થનારા આ ઔદારિક શરીરમાં કાંતિ વિશેષની વૃદ્ધિ માટે, બળની વૃદ્ધિ માટે અથવા તો વિષયની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે આહાર લેતો નથી પણ ફક્ત એક જ સિદ્ધગતિ નામક સ્થાનને મેળવવા માટે જ આહાર ગ્રહણ કરે છે. મોક્ષપ્રાપ્તિ રૂપ પ્રયોજન વગર બીજી કોઇ કાંતિ વગેરેની વૃદ્ધિની અભિલાષા રાખીને નિર્ગ્રંથ-શ્રમણીજન આહાર ગ્રહણ કરતા નથી. (सेणं) એવા નિર્ગ્રંથ શ્રમણ શ્રમણીજનો—

(इहभवे चेव बहूणं समणाणं समणीणं बहूणं सावयाणं बहूणं सावियाणं अच्चणिज्जे जाव वीइवइस्सइ)

આ ભવમાં જ ઘણા શ્રમણ શ્રમણીજનો વડે તેમજ શ્રાવક-શ્રાવિકાઓ વડે અર્ચનીય, આદરણીય યાવત્ આ ચતુર્ગતિ રૂપ સંસાર કાંતારને પાર કરી જનારા હોય છે.

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं अट्ठारसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्तेत्तिबेमि)

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવાન મહાવીરે-કે જેઓ સિદ્ધગતિ નામક સ્થાનને મેળવી ચુકયા છે-આ અઢારમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપથી અર્થ પ્રરૂપિત કર્યો છે. આવું જે મેં કહ્યું છે, તે તેમના જ શ્રીમુખથી નીકળેલી વાણીને સાંભળીને જ કહ્યું છે. પોતાના તરફથી ઉમેરીને મેં કહ્યું નથી. ॥ સૂત્ર ૯ ॥

શ્રી જૈનાચાર્ય જૈનનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત
“ જ્ઞાતાધર્મકથાઙ્ગસૂત્ર ” ની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યાનું
અઢારમું અધ્યયન સમાપ્ત ॥ ૧૮ ॥

પુંડરીક-કંડરીક મુનિકે ચરિત્રકા વર્ણન

પુણ્ડરીક-કણ્ડરીક નામે ઓગણીસમું અધ્યયન પ્રારંભ

અઢારમું અધ્યયન પુરૂં થઈ ગયું છે હવે ઓગણીસમું અધ્યયન શરૂ થાય છે. આ અધ્યયનનો એના પૂર્વના અધ્યયનની સાથે આ જાતનો સંબંધ છે કે પૂર્વ અધ્યયનમાં અસંવૃતાસ્રવ અથવા સંવૃતાસ્રવવાળા પ્રાણીને અર્થ અને અનર્થની પ્રાપ્તિ થાય છે, તે વાતનું સમર્થન કરવામાં આવ્યું છે. એટલે કે અસંવરવાળાઓને અનર્થની પ્રાપ્તિ હોય છે અને સંવરવાળાઓને ઇષ્ટ-અર્થની પ્રાપ્તિ હોય છે. હવે આ અધ્યયનમાં સૂત્રકાર આ વાતનું સ્પષ્ટીકરણ કરી રહ્યા છે કે જે પ્રાણીએ ચિરકાળથી એટલે કે બહુ લાંબા વખતથી આસ્રવને સંવૃત કરી દીધો છે, પરંતુ જો તે પાછળથી એટલે કે ભવિષ્યમાં અસંવૃત્તાસ્રવવાળો બની જાય છે તો તેને અનર્થની પ્રાપ્તિ તેમજ થોડા વખત સુધી પણ જેણે આસ્રવને સંવૃત કરી દીધો છે તેને અર્થની પ્રાપ્તિ થાય છે. આ વાતને લઇને આરંભાએલા આ અધ્યયનનું આ પહેલું સૂત્ર છેઃ—

'जइण भंते ! समणेण भगवया महावीरेण'—

ટીકાર્થ—જંબૂ સ્વામી શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે :

(**जइणं भंते ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं अट्ठारसमस्स णायज्झयणस्स अयमट्ठे पण्णत्ते एगूणवीसइमस्स णायज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**)

હે ભદન્ત ! જો શ્રમણ ભગવાન મહાવીરે-કે જેમણે સિદ્ધિગતિ નામક મુક્તિસ્થાનને મેળવી લીધું છે-અઢારમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રૂપમાં અર્થ નિરૂપિત કર્યો છે ત્યારે તેજ શ્રમણ ભગવાન મહાવીરે ઓગણીસમા જ્ઞાતાધ્યયનનો શો ભાવ-અર્થ નિરૂપિત કર્યો છે ?

(**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबू दीवे दीवे पुव्वविदेहवासे सीयाए महाणईए उत्तरिल्ले कूले नीलवंतस्स दाहिणेणं उत्तरिल्लस्स सीयामुहवणसंडस्स पच्चत्थिमेणं एगसेलगस्स वक्खारपव्वयस्स पुरत्थिमेणं एत्थणं पुक्खलावई णामं विजए पण्णत्ते**)

આ પ્રમાણે જંબૂ સ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી સુધર્મા તેમને કહેવા લાગ્યા કે હે જંબૂ ! સાંભળો, તમારા સવાલનો જવાબ આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં પૂર્વ વિદેહ ક્ષેત્રમાં, શીતા મહા નદીના ઉત્તર દિશા તરફના કિનારા ઉપર આવેલા નીલ પર્વતના દક્ષિણ દિગ્ભાગમાં તેમજ ઉત્તર દિશામાં આવેલા સીતા મુખવનષંડના પશ્ચિમ ભાગમાં, તેમજ એક શૈલક નામવાળા વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં પુષ્કલાવતી નામે એક વિજય છે. સીતા મુખવન-ષંડનો અર્થ આમ સમજવો જોઈએ કે જ્યાંથી શીતા નદી નીકળી છે, તે ઉદ્દ્ગમ સ્થાન ઉપર એક વનષંડ છે. મધ્ય જંબૂદ્વીપ અને મેરૂપર્વતની પાંસે આવેલો એકશૈલક નામે વક્ષસ્કાર પર્વત છે.

(**तत्थणं पुंडरिगिणीणामं रायहाणी पन्नत्ता, णव जोयणवित्थिण्णा दुवालसजोयणायामा, जाव पच्चक्खं देवलोयभूया पासाईया, दरसणिज्जा अभिरूवा पडिरूवा**)

તે પુષ્કલાવતી વિજયમાં પુડરીકિની નામે રાજધાની હતી. તે નવ યોજન જેટલા વિસ્તારવાળી તેમજ બાર યોજન જેટલી લાંબી છે. તે પ્રત્યક્ષ સ્વર્ગ જેવી જ લાગે છે. તે પ્રાસાદીયચિત્ત અને અન્તઃકરણને તે પ્રસન્ન કરનારી છે, દર્શનીય-આંખોને તે તૃપ્ત કરનારી છે, અભિરૂપ તે અસાધારણ (અપૂર્વ) રચનાવાળી છે, અને પ્રતિરૂપ-એના જેવી બીજી કોઈ નગરી નથી એવી છે.

(तीसेणं पुंडरिगिणीए णयरीए उत्तरपुरत्थिमे दिसिभाए णलिणिवणे णामं उज्जाणे-तत्थणं पुंडरिगिणीए रायहाणीए महापउमे णामं राया होत्था-तस्सणं पउमावईणामं देवी होत्था, तस्सणं महापउमस्स रण्णो पुत्ता पउमावईए देवीए अत्तया दुवे कुमारा होत्था)

તે પુંડરીકિણી નગરીના ઉત્તર પૌરસ્ત્ય દિગ્‌વિભાગમાં નલિનીવન નામે એક ઉધાન હતો. તે પુંડરીકિણી રાજધાનીમાં મહાપદ્મ નામે એક રાજા રહેતો હતો. તેની રાણીનું નામ પદ્માવતી હતું. તે મહાપદ્મ રાજાને ત્યાં પદ્માવતી દેવીના ગર્ભથી ઉત્પન્ન થયેલા બે રાજકુમાર હતા.

(तं जहा-पुंडरीए य, कंडरीए य-सुकुमालपाणिपाया० । पुंडरीए जुवराया तेणं कालेणं तेणं समएणं थेरागमणं, महापउमे राया णिग्गए, धम्मं सोच्चा पोंडरीयं रज्जे ठवेत्ता पव्वइए । पोंडरीए राया जाए, कंडरीए जुवराया । महापउमे अणगारे चोद्दसपुव्वाइं अहिज्जइ, तएणं थेरा बहिया, जणवयविहारं विहरंति, तएणं से महापउमे बहूणि वासाइं जाव सिद्धे)

તેમનાં નામો આ પ્રમાણે છે-૧ પુડરીક, અને ૨ કંડરીક આ બંને પુત્રો સુકોમળ હાથ-પગવાળા હતા. રાજાએ પુંડરીકને યુવરાજપદ પ્રદાન કર્યું હતું. તે કાળે અને તે સમયે ત્યાં સ્થવિરોનું આગમન થયું. મહાપદ્મ રાજા ધર્મનું વ્યાખ્યાન સાંભળવા માટે પોતાના મહેલથી નીકળીને નલિનીવન ઉદ્યાનમાં આવ્યો. ત્યાં ધર્મોપદેશ સાંભળીને તેને વૈરાગ્યભાવ ઉત્પન્ન થઇ ગયો. છેવટે પુંડરીકને રાજ્યાસને સ્થાપિત કરીને તેઓ દીક્ષિત થઇ ગયા. પુંડરીક રાજા થઈ ગયો અને કંડરીક યુવરાજ થઇ ગયો. મહાપદ્મ રાજર્ષિએ ચૌદ પૂર્વોનું અધ્યયન કરી લીધું. ત્યારપછી સ્થવિરો ત્યાંથી બહાર જનપદોમાં વિહાર

માટે નીકળી પડયા. મહાપદ્મ અનગારે ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને યાવત્ સિદ્ધપદને પ્રાપ્ત કરી લીધું. ॥ સૂત્ર ૧ ॥

'तएणं ते थेरा अन्नया कयाइ' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (ते थेरा) તે સ્થવિરો (अन्नया कयाइं) કોઈ એક વખતે (पुणरवि) ફરી (पुंडरिगीणीए रायहाणीए णलिणिवणे उज्जाणे समोसढा, पोंडरीए रायाणिग्गए) પુંડરીકિણી રાજધાનીમાં આવ્યા. ત્યાં તેઓ નલિનીવન ઉદ્યાનમાં રોકાયા. પુંડરીક રાજા તેમનું આગમન સાંભળીને ધર્મનું વ્યાખ્યાન સાંભળવાની ઈચ્છાથી ત્યાં જવા માટે પોતાના મહેલથી નીકળ્યા. (कंडरीए महाजणसद्दं सोचा जहा महाब्बलो जाव पज्जुवासइ, थेरा धम्मं परिकहेंति, पुंडरीए समणोवासए जाए जाव पडिगए) ત્યારપછી કંડરીક યુવરાજ સ્થવિરોની વંદના કરવા માટે ઉપડેલા અનેક માણસોનો ઘોંઘાટ સાંભળીને મહાબલ રાજાની જેમ સ્થવિરોની પાસે ગયો. ત્યાં જઈને તેણે તેમને વંદન અને નમસ્કાર કર્યાં. વંદના અને નમસ્કાર કરીને તેણે તેમની પર્યુપાસના કરી. સ્થવિરોએ ધર્મોપદેશ આપ્યો, તે ઉપદેશને સાંભળીને પુંડરીક શ્રમણોપાસક બની ગયો ત્યારપછી તે સ્થવિરોને વંદન તેમજ નમન કરીને પોતાના નિવાસ-સ્થાને પાછો આવતો રહ્યો.

(तएणं से कंडरीए उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता जाव से जहेयं तुब्भे वदह जं णवरं पुंडरीयं रायं आपुच्छामि, तएणं जाव पव्वयामि-अहासुहं देवाणुप्पिया! तएणं से कंडरीए जाव थेरे वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता थेराणं अंतियाओ पडिनिक्खमइ)

ત્યારપછી કંડરીક ઉત્થાન શકિત વડે ઊભો થયો, ઉત્થાન શકિત-ઊભા થવાની શકિત વડે ઊભો થઈને તેણે સ્થવિરોને વંદન તેમજ નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તેણે તેમને આ પ્રમાણે વિનંતી કરતાં કહ્યું કે

હે દેવાનુપ્રિયો ! તમે જેમ કહો છો તે ખરેખર તેમ છે. આ બધું સાંભળીને સંયમ ગ્રહણ કરવાની મારી ઈચ્છા થઈ ગઈ છે. એટલા માટે સંયમ ધારણ કરતાં પહેલાં હું પુંડરીક રાજાને આ વિષે પૂછી આવું છું. ત્યારપછી હું સંયમ ધારણ કરવા ચાહું છું. આ પ્રમાણે તેનાં વચનો સાંભળીને તે સ્થવિરોએ તેને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમને જેમાં સુખ મળે તેમ કરો. ત્યારપછી કંડરીકે સ્થવિરોને વંદન તેમજ નમસ્કાર કરીને તે તેમની પાસેથી આવતો રહ્યો. (पडिनिक्खमित्ता) આવીને,

(तमेव चाउग्घंटं आसरहं दुरुहइ, जाव पच्चोरूहइ, जेणेव पुंडरीए राया तेणेव उवागच्छइ, करयल पुंडरीयं एवं वयासी एवं खलु देवाणुप्पिया ! मए थेराणं अंतिए जाव धम्मे निसंते से धम्मे जाव अभिरूइए-तण्णं देवाणुप्पिया ! जाव पव्वइत्तए ! तएणं से पुंडरीए कंडरीए एवं वयासी-माणं तुमं देवाणुप्पिया ! इयाणिंमुंडे जाव पव्वयाहि अहं णं तुमं महया२ रायाभिसेएणं अभिसिंचामि)

તે ત્યાં આવ્યો જ્યાં ચતુર્ઘંટવાળો પોતાનો અશ્વરથ હતો ત્યાં આવીને તે તેમાં બેસી ગયો, અને બેસીને તે જ્યાં પુંડરીક રાજા હતો ત્યાં ગયો. ત્યાં પહોંચતા જ તે રથ ઉપરથી નીચે ઉતર્યો, નીચે ઉતરીને પુંડરીક રાજાની પાસે ગયો. ત્યાં જઈને તેણે બંને હાથ જોડીને પુંડરીક રાજાને નમસ્કાર કર્યાં અને ત્યારપછી તેણે તેમને વિનંતી કરતાં આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! મેં સ્થવિરોની પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો છે તે મને ખૂબ જ ગમી ગયો છે. એથી હે દેવાનુપ્રિય ! હું તમારી આજ્ઞા મેળવીને સ્થવિરોની પાસેથી સંયમ ગ્રહણ કરવા ઇચ્છું છું. આ પ્રમાણે કંડરીકની વાત સાંભળીને પુંડરીકે તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે હમણાં મુંડિત થઈને સ્થવિરોની પાસેથી સંયમ ધારણ કરો નહિ. હું મોટા ઉત્સવ સાથે તમારો રાજ્યાભિષેક કરવા ચાહું છું.

(तएणं से कंडरीए पुंडरीयस्स रण्णो एयमट्ठं णो आढाइ, णो परिजाणइ, तुसिणीए संचिट्ठइ, तएणं पुंडरीए राया कंडरीयं दोच्चंपि तच्चंपि एवं वयासी जाव तुसिणीए संचिट्ठइ, तएणं पुंडरीए कंडरीयं कुमारं जाहे नो संचाएई, बहूहिं आघवणाहि य पण्णवणाहि य ४ ताहे अकामए चेव एयमट्ठं अणुमन्नित्था जाव णिक्खमणाभिसेएणं अभिसिंचइ जाव थेराणं सीसभिक्खं दलयइ)

કંડરીક કુમારે પુંડરીક રાજાની આ વાતનું સન્માન કર્યું નહિ-માની નહિ અને તેનો સ્વીકાર પણ કર્યો નહિ, ફક્ત તે મૂંગો થઈને બેસી જ રહ્યો. પુંડરીક રાજાએ જ્યારે કંડરીક કુમારને મૂંગો મૂંગો બેસી રહેલો જોયો ત્યારે તેમણે બીજી વાર અને ત્રીજી વાર પણ તેને આ પ્રમાણે જ કહ્યું. પરંતુ તેણે આ વાતની સહજ પણ દરકાર કરી નહી, ફક્ત મૂંગો થઈને બેસી જ રહ્યો. છેવટે જ્યારે પુંડરીક રાજા કંડરીક કુમારને તેના ધ્યેયથી મક્કમ વિચારથી વિચલિત કરવા માટે આખ્યાપનાઓ, પ્રજ્ઞાપનાઓ, વિજ્ઞાપનાઓ, સંજ્ઞાપનાઓ વડે પણ સમર્થ થઈ શકયા નહિ ત્યારે તેમણે ઈચ્છા ન હોવા છતાંએ કંડરીક કુમારને દિક્ષાગ્રહણ કરવાની સ્વીકૃતિ આપી દીધી. સ્વીકૃતિ આપ્યા બાદ તેમણે નિષ્ક્રમણને લગતી બધી વસ્તુઓ મંગાવી. જ્યારે વસ્તુઓ આવી ગઈ ત્યારે તેમણે તેનું વિધિસર દીક્ષાભિષેક વડે અભિસિંચન કર્યું. અભિષેક કર્યા બાદ પુંડરીક રાજા કંડરીકને પાલખીમાં બેસાડીને ભારે સમારોહની સાથે નલિની વનમાં આવ્યા. ત્યાં આવીને તેમણે સ્થવિરોને પોતાના નાના ભાઈને શિષ્યના રૂપમાં આપી દીધો. ત્યારપછી કંડરીક (पव्वइए अणगारे जाए) પ્રવ્રજિત થઈને અનગારાવસ્થા સંપન્ન થઇ ગયો.

(एगारसंगविऊ-तएणं थेरा भगवंतो अन्नया कयाइं पुंडरिगिणीओ नय-

रीओ णलिणीवणाओ उज्जोणाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरंति)

ધીમે ધીમે તેમણે અગિયાર અંગોનું અધ્યયન કરી લીધું. ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ કોઇ એક દિવસે પુંડરીકિણી નગરીના તે નલિનીવન નામના ઉદ્યાનથી વિહાર કર્યો, વિહાર કરીને તેઓ બહારના જનપદોમાં વિચરણ કરવા લાગ્યા. ॥ સૂત્ર ૨ ॥

तएणं तस्स कंडरीयस्स इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી,

(तस्स कंडरीयस्स अणगारस्स तेहिं अंतेहिं पंतेहिं य जहा सेलगस्स जाव दाहवक्कंतिए यावि विहरइ)

તે કંડરીક અનગારના શરીરમાં બલ્લચણક વગેરે રૂપ અંતાહાર કરવાથી તેમજ પર્યુષિત અથવા નીરસ આહાર રૂપ પ્રાન્તાહાર કરવાથી શૈલક રાજર્ષિની જેમ પ્રકૃતિથી સુકુમાર અને સુખોપચિત હોવા બદલ વેદના ઉત્પન્ન થઈ ગઇ. તે વેદના અત્યંત ઉગ્ર અને અસહ્ય હતી. આ પ્રમાણે શરીર સંતાપ રૂપ રોગની ઉત્પત્તિથી તે કંડરીક અનગાર હાથ પગમાં બળતરાને લીધે થોડી સુખશાંતિ પણ મેળવી શકયા નહિ.

(तएणं थेरा अन्नया कयाइं जेणेव पोंडरिगिणी तेणेव उवागच्छइ, उवागच्छित्ता णलिणिवणे समोसढा पोंडरीए निग्गए धम्मं सुणेइ, तएणं पोंडरीए राया धम्मं सोच्चा जेणेव कंडरीए अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता कंडरीयं अणगारं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता कंडरीयस्स अणगारस्स सरीरगं सव्वाबाहं सरोयं पासइ)

કોઇ એક વખતે તે સ્થવિર પુંડરીકિણી નગરીમાં વિહાર કરતા કરતા આવ્યા. ત્યાં આવીને તેઓ નલિનીવન નામના ઉદ્યાનમાં રોકાયા. તેમનું આગમન સાંભળીને પુંડરીક રાજા તેમને વંદન કરવા માટે તથા તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળવા માટે પોતાના રાજમહેલથી નીકળીને તે નલિનીવન ઉદ્યાનમાં આવ્યો. સ્થવિરોએ તેમને ધર્મોપદેશ આપ્યો, ધર્મોપદેશ સાંભળીને તેઓ જ્યાં કંડરીક અનગાર હતા તેમની પાસે ગયા. ત્યાં જઈને તેમણે તેમને વંદન અને નમસ્કાર કર્યાં. વંદન અને નમસ્કાર કરીને તેમણે કંડરીક અનગારના શરીરને પીડા સહિત અને રોગયુક્ત જોયું.

(पासित्ता जेणेव थेरा भगवंतो तेणेव उवागच्छइ, उवागच्छित्ता थेरे भगवंते वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी—अहण्णं भंते ! कंडरीयस्स अण-

गारस्स अहापवत्तेहिं ओसहभेसज्जेहिं जाव तेइच्छं आउट्टामि तं तुब्भेणं भंते मम जाणसालासु समोसरह–तएणं थेरा भगवंतो पुंडरीयस्स पडिसुणेंति, पडि-सुणित्ता जाव उवसंपज्जित्ताणं विहरंति)

જોઇને તેઓ જ્યાં સ્થવિર ભગવંત વિરાજમાન હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે સ્થવિર ભગવંતોને વંદન અને નમસ્કાર કર્યા. વંદન અને નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે વિનંતી કરી કે હે ભદન્ત ! હું કંડરીક અનગારની યથાપ્રવૃત્ત–પ્રાસુક–ઔષધ–ભૈષજ્યો (દવાઓ) વડે યાવત્ ચિકિત્સા (ઈલાજ) કરવા માગું છું. એટલા માટે હે ભદન્ત ! તમે સૌ અહીંથી વિહાર કરીને મારી યાનશાળામાં આવો અને ત્યાંજ રોકાઓ આ પ્રમાણે પુંડરીક રાજાની વિનંતીને તે સ્થવિર ભગવંતોએ સ્વીકાર કરી લીધો અને ત્યાંથી વિહાર કરીને તેઓ પુંડરીક રાજાની યાનશાળામાં આવીને રોકાઇ ગયા.

(तएणं पुंडरीए राया जहा मंडुए सेलगस्स जाव बलियसरीरे जाए तएणं थेरा भगवंतो पोंडरीयं रायं पुच्छंति, पुच्छित्ता बहिया जणवयविहारं विहरंति, तएणं से कंडरीए ताओ रोयायंकाओ विप्पमुक्के समाणे तंसि मणुण्णंसि–असणपाण-खाइमसाइमंसि मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे णो संचाएइ पोंडरीयं रायं आपुच्छित्ता बहिया अब्भुज्जएणं जणवयविहारं विहरित्तए)

ત્યારપછી મંડૂકે જેમ શૈલક રાજર્ષિની પ્રાસુક, ઔષધ, અને ભૈષજ્યો વડે ચિકિત્સા કરાવડાવી હતી તેમજ પુંડરીક રાજાએ પણ કંડરીક અનગારની ઉચિત ઔષધ–ભૈષજ્યો (દવાઓ) વડે ચિકિત્સા કરાવડાવી. તેથી તેઓ નિરોગ–સબળ બની ગયા. ત્યારપછી તે સ્થવિર ભગવંતોએ ત્યાંથી વિહાર કરવા માટે પુંડરીક રાજાને પૂછયું. ત્યારબાદ તેઓ બહારના જનપદોમાં વિહાર કરી ગયા રોગાતંગોથી નિર્મુક્ત થઇ ગયેલા કંડરીક અનગાર તે મનોજ્ઞ, અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચાર જાતના આહારમાં એટલા બધા આસક્ત થઇ ગયા–ગૃદ્ધ બની ગયા, ગ્રથિત–રસના આસ્વાદનમાં નિબદ્ધ માન-

સવાળા થઇ ગયા અને અધ્યુપપન્ન બની ગયા એટલે કે તેઓ એકદમ આસક્ત થઇ ગયા કે ત્યાંથી બહાર ઉગ્ર વિહાર કરવા માટે પણ તેઓ તૈયાર થયા નહિ. એથી તેમણે પુંડરીક રાજાને વિહાર કરવાની બાબતમાં કંઇજ પૂછયું નહિ પણ (तत्थेव ओसन्ने जाए) ત્યાં જ રહેતાં રહેતાં તેઓ શિથિલ સાધુ સમાચારી થઇ ગયા એટલે કે સાધુઓના આચારમાં તેઓ શિથિલ થઇ ગયા

(**तएणं से पोंडरीए इमीसे कहाए लद्धट्ठे समाणे ण्हाए अंतेउरपरियाल-संपरिवुडे राया जेणेव कंडरीए अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता कंडरीयं अणगारं त्तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–धन्नेसि णं तुमं देवणुप्पिया ! कयत्थे कयपुन्ने कयलक्खणे सुलद्धेणं देवाणुप्पिया ! तव माणुस्सए जम्म जीवियफले जेणं तुमं रज्जं च जाव अंतेउरं चावि छड्डइत्ता विगोवइत्ता जाव पव्वइए**)

જ્યારે પુંડરીક રાજાને કંડરીક અનગારના અવસન્ન થઇ જવાના સમાચારો મળ્યા ત્યારે તેઓ સ્નાન કરીને પોતાના રણવાસના પરિવારને સાથે લઇને જ્યાં કંડરીક અનગાર હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે કંડરીક અનગારને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરીને વંદન તેમજ નમસ્કાર કર્યા. વંદન અને નમસ્કાર કરીને તેઓ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિય ! તમે ધન્ય છો, કૃતાર્થ છો, કૃત–લક્ષણ છો. હે દેવાનુપ્રિય ! મનુષ્ય ભવના જન્મ અને જીવનના ફળને સારી પેઠે મેળવી લીધું છે. કેમકે તમે ખરેખર રાજ્ય યાવત્ રણવાસને ત્યજીને તેને તિરસ્કૃત કરીને પ્રવ્રજિત થઇ ગયા છો.

(**अहण्णं अहण्णे अकयपुन्ने रज्जे जाव अंतेउरे य माणुस्सएसु य काम-भोगेसु मुच्छिए जाव अज्झोववन्ने नो संचाएमि जाव पव्वइत्तए ! तं धन्नेसि णं**

तुमं देवाणुप्पिया ! जाव जीवियफले तएणं से कंडरीए अणगारे पुंडरीयस्स एयमट्ठं णो आढाइ, जाव संचिट्ठइ, तएणं कंडरीए पोंडरीएणं दोच्चंपि तच्चंपि एवंवुत्ते समाणे अकामए अवस्सवसे लज्जाए गारवेण य पोंडरीयं रायं आपुच्छइ, आपुच्छित्ता थेरेहिं सद्धिं बहिया जणवयविहारं विहरइ)

હું તો અધન્ય અને અકૃતપુણ્ય છું કેમકે હું તો રાજ્યમાં યાવત્ રણવાસમાં તેમજ મનુષ્યભવના કામભોગોમાં મૂર્છિત યાવત્ અધ્યુપપન્ન બની રહ્યો છું, એટલા માટે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં અસમર્થ થઇ રહ્યો છું. એથી જ હું આ કહી રહ્યો છું-કે તમે ખરેખર ધન્ય છો. હે દેવાનુપ્રિય ! તમે જ જન્મ અને જીવનનું ફળ કે જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા રૂપ છે-તે સારી રીતે મેળવી લીધું છે. તેઓ ત્યાંથી વિહાર કરી જાય તે આશયથી કહેલા તે પુંડરીકના વચનો સાંભળીને કંડરીક અનગારે તેની કશી જ દરકાર કરી નહિ. તે વાતને તેમણે સન્માનની દૃષ્ટિએ સ્વીકારી નહિ. આ બધું સાંભળીને પણ તેઓ ત્યાંજ મૂંગા થઇને બેસી જ રહ્યા. કંડરીક અનગારની આ સ્થિતિ જોઇને. પુંડરીકે બીજી અને ત્રીજી વાર પણ જ્યારે પહેલાં મુજબ જ વાત કહી ત્યારે તેમણે પોતાની ઇચ્છા નહિ હોવા છતાંએ લાચાર થઇને, લજ્જિત થઇને, સાધુત્વના ગૌરવને લક્ષ્યમાં રાખીને પુંડરીક રાજાને વિહાર કરવાની વાત પૂછી. પૂછીને તેઓ ત્યાંથી સ્થવિરોની સાથે બહારના જનપદોમાં વિહાર કરી ગયા. સૂ. ૩

'तएणं से कंडरीए थेरेहिं सद्धिं' इत्यादि ।

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (से कंडरीए) તે કંડરીક (थेरेहिं सद्धिं) સ્થવિરોની સાથે (किंचिकालं) થોડા વખત સુધી તો (उग्गंउग्गेणं) અતીવ ઉગ્ર વિહાર કરવામાં (विहरइ) પ્રવૃત્ત થયા (तओ पच्छा समणत्तण परितंते)

ત્યારપછી તેઓ શ્રમણ ધર્મના પાલનમાં ખિન્નચિત્ત-ઉદાસ બની ગયા.

(समणत्तणणिव्विण्णे समणत्तणणिब्भच्छिए समणगुणमुक्कजोगी थेराणं अंतियाओ सणियं २ पच्चोसक्कइ, पच्चोसक्कित्ता जेणेव पुंडरागिणी णयरी जेणेव पुंडरीयस्स भवणे तेणेव उवागच्छइ)

તેઓ સાધુભાવને નભાવવામાં ઉદાસ. બની ગયા. સાધુભાવ પ્રત્યે તેમનામાં અનાદર ભાવ ઉત્પન્ન થઈ ગયો, એથી તેઓ શ્રમણ-ગુણોથી મુક્ત યોગવાળા બની ગયા એટલે કે શ્રમણના ગુણોને તેમણે ત્યજી દીધા. આ પ્રમાણે તેઓ ધીમે ધીમે સ્થવિરોની પાસેથી ચુપચાપ નીકળીને એક દિવસ જ્યાં પુંડરિકિણી નગરી હતી અને તેમાં પણ જ્યાં પુંડરીક રાજાનું ભવન હતું, ત્યાં આવી ગયા.

(उवागच्छित्ता असोगवणियाए असोगवरपायवस्स अहे पुढविसिलापट्टयंसि, णिसीयइ, णिसीइत्ता ओहयमणसंकप्पे जाव झियायमाणे संचिट्ठइ, तएणं तस्स पोंडरीयस्स अम्मधाई जेणेव असोगवणिया तेणेव उवागच्छइ, उवागच्छित्ता कंडरीयं अणगारं असोगवरपायवस्स अहे पुढविसिलावट्टयंसि ओहयमणसंकप्पं जाव झियायमाणं पासइ, पासित्ता जेणेव पोंडरीए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता पोंडरीयं रायं एवं वयासी)

ત્યાં આવીને તેઓ અશોક વાટિકામાં અશોક વૃક્ષની નીચે પૃથ્વિશિલા પટ્ટક ઉપર બેસી ગયા. ત્યાં બેસીને તેઓ અપહત માનસિક વ્યાપારવાળા (ઉદાસ) થઈને આર્ત્તધ્યાન કરવા લાગ્યા. એટલામાં પુંડરીક રાજાની અંબધાત્રી-ધાયમાતા—અશોક વાટિકામાં આવી. ત્યાં આવીને તેણે કંડરીક અનગારને અશોક વૃક્ષની નીચે પૃથ્વિશિલા ઉપર આર્તધ્યાન કરતા જોયા. જોઈને તે જ્યાં પુંડરીક રાજા હતા ત્યાં આવીને તેણે પુંડરીક રાજાને આ પ્રમાણે કહ્યું કે

(एवं खलु देवाणुप्पिया ! तव पिउभाउए कंडरीए अणगारे असोगवणियाए असोगवरपायवस्स अहे पुढविसिलावट्टे ओहयमणसंकप्पे जाव झियायइ)

હે દેવાનુપ્રિય ! સાંભળો, તમારા પ્રિય ભાઈ કંડરીક અનગાર અશોક વાટિકામાં અશોક વૃક્ષની નીચે પૃથ્વિશિલા પટ્ટક ઉપર અપહતમન સંકલ્પ થઈને યાવત્ ચિંતામગ્ન થઈને બેસી રહ્યા છે.

(तएणं पोंडरीए अम्मधाईए एयमट्ठं सोच्चा णिसम्म तहेव संभंते समाणे उट्ठाए उट्ठेइ, उट्ठित्ता अंतेउरपरिवालसंपरिवुडे जेणेव असोगवणिया जाव कंडरीयं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, करित्ता एवं वयासी धण्णेसि णं तुमं देवाणुप्पिया ! जाव पव्वइए अहण्णं अधण्णे २ जाव नो पव्वइत्तए तं धन्नेसिणं तुमं देवाणुप्पिया ! जाव जीवियफले तएणं कंडरीए पुंडरीएणं एवं वुत्ते समाणे तुसिणीए संचिट्ठइ, दोच्चंपि, तच्चंपि जाव संचिट्ठइ, तएणं पोंडरीए कंडरीयं एवं वयासी, अट्ठो भंते ! भोगेहिं ? हंता अट्ठो ! तएणं से पोंडरीए राया कोडुंबिय पुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी खिप्पामेव भो देवाणुप्पिया ! कंडरीयस्स महत्थं जाव रायाभिसेअं उवट्ठवेह, जाव रायाभिसेएणं अभिसिंचइ)

આ પ્રમાણે અંબાધાયના મુખથી આ વાત સાંભળીને અને તેને મનમાં ધારણ કરીને જેવી સ્થિતિમાં તેઓ બેઠા હતા તેવી જ સ્થિતિમાં સ્તબ્ધ થઈને " તેઓ કેમ આવ્યા છે " આ પ્રમાણે શંકાયુક્ત થતાં-ઉત્થાન શક્તિ વડે તેઓ ઊભા થયા અને ઊભા થઈને જલ્દી રણવાસના પરિવારને સાથે લઈને જ્યાં અશોક વાટિકા હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને કંડરીક અનગારની પાસે પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે તેમને ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કર્યા બાદ કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિય ! તમને ખરેખર ધન્યવાદ ઘટે છે કે જો તમે રાજ્ય અને રણવાસનો ત્યાગ કરીને પ્રવજીત થઈ ગયા છો, વગેરે જેમ પહેલાં કહ્યું હતું તેમજ તે વખતે પણ કહ્યું. હું તો અધન્ય છું-૩-જે યાવત્ દીક્ષા ગ્રહણ કરવાનું પણ સામર્થ્ય ધરાવતો નથી. એથી હે દેવાનુપ્રિય ! તમને ધન્ય છે. તમોએ ખરેખર પોતાનાં જન્મ અને જીવનનું ફળ સારી રીતે પ્રાપ્ત કરી લીધું છે. આ પ્રમાણે પ્રશંસાજનક વચનોથી પુંડરીક રાજા વડે સંબોધિત કરાયેલા તે કંડરીક અનગાર કંઈપણ બોલ્યા નહિ, તેઓ મૂંગા થઈને બેસીજ

રહ્યા. પુંડરીક રાજાએ તેમની આવી સ્થિતિ જોઇને બીજી અને ત્રીજી વખત પણ આ પ્રમાણે જ કહ્યું. પણ તેમણે તેની કંઈ દરકાર કરી નહિ તેઓ ફક્ત મૂંગા થઇને બેસી જ રહ્યા ત્યારે ફરી પુંડરીકે તે કંડરીક અનગારને આ પ્રમાણે કહ્યું કે હે ભગવન્! તમને શું હજી ભોગ ઉપભોગોની ઇચ્છા છે? ત્યારે કંડરીકે કહ્યું કે હા, ખરેખર મારૂં મન ભોગ ઉપભોગમાં પ્રવૃત્ત થવા ઇચ્છે છે. આ પ્રમાણે કંડરીકની ઇચ્છા જાણીને પુંડરીક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! તમે લોકો કંડરીક માટે-રાજ્યાભિષેક યોગ્ય સામગ્રી ભેગી કરો. પુંડરીક રાજાની આ પ્રમાણે આજ્ઞા સાંભળીને તે લોકોએ તેમજ કર્યું. જ્યારે રાજ્યાભિષેકની બધી વસ્તુઓ એકત્રિત થઇ ગઈ ત્યારે પુંડરીકે કંડરીકનો રાજ્યાભિષેક કરી દીધો. એટલે કે કંડરીકને રાજ્યાસને બેસાડી દીધો. ॥ સૂત્ર ૪ ॥

'तएणं पुंडरीए सयमेव पंचमुट्ठियं' इत्यादि ।

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (पुंडरीए) પુંડરીકે (सयमेव) પોતાની જાતે જ (पंचमुट्ठियं लोयं करेइ) પોતાનું પંચમુષ્ટિક લુંચન કર્યું.

(करित्ता सयमेव चाउज्जामं धम्मं पडिवज्जइ, पडिवज्जित्ता कंडरीयस्स संतियं आयारभंडयं गेण्हइ)

અને લુંચન કરીને જાતે જ તેમણે ચાતુર્યામ—ચતુર્મહાવ્રત રૂપધર્મને ધારણ કરી લીધો. અને કંડરીકની અનગાર અવસ્થા સંબંધી આચાર ભાંડકો—વસ્ત્ર, પાત્ર, સદોરક મુખવસ્ત્રિકા, રજોહરણ વગેરે સાધુ ચિહ્નોને લઈ લીધાં

(गेण्हित्ता इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ, कप्पइ, मे थेरे वंदित्ता णमंसित्ता थेराणं अंतिए चाउज्जामं धम्मं उवसंपज्जित्ताणं, तओपच्छा आहारं आहरित्तए)

ત્યારબાદ તેમણે આ જાતનો અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી હું સ્થવિર ભગવંતોને વંદના તેમજ નમસ્કાર કરીને તેમની પાસેથી ચાતુર્યામ ધર્મને ધારણ નહિ કરૂં ત્યાં સુધી હું આહાર પાણી ગ્રહણ કરીશ નહિ. તેમની પાસેથી ચાતુર્યામ ધર્મને ધારણ કરીને જ હું આહાર ગ્રહણ કરીશ.

(त्ति कट्टु इमं च एयारूवं अभिग्गहं अभिगिण्हित्ताणं पोंडरिगिणीए पडिनिक्खमइ, पडिनिक्खमित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव थेरा भगवंतो तेणेव पहारेत्थ गमणाए)

આ પ્રમાણે તે અભિગ્રહને મનમાં ધારણ કરીને તેઓ તે પુંડરીકિણી નગરીની બહાર નીકળ્યા અને નીકળીને તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં અને આ પ્રમાણે એક ગામથી બીજે ગામ વિચરણ કરતાં કરતાં તેઓએ જ્યાં સ્થવિર ભગવંતો વિરાજમાન હતા તે તરફ પ્રસ્થાન કર્યું. ॥સૂ૦૫॥

'तएणं तस्स कंडरीयस्स रण्णो' इत्यादि ।

टीकार्थ—(तएणं) त्यारपछी (तस्स कंडरीयस्स रण्णो) ते कंडरीक राजाने (तं पणीयं पाणभोयणं आहारियस्स समाणस्स अतिजागरिएण य अईभोयणप्पसंगेण य से आहारे णो सम्मं परिणमइ)

ते प्रणीत–सरस–गरिष्ठ पान भोजनना आहारथी तेमज विषयोमां वधारे पडती आसक्तिना लीधे, वधारे जागरण करवाथी, अने प्रमाण करतां पण वधारे भोजन प्रसंगोमां करेला आहारनुं पाचन बराबर थतुं नहोतुं.

(तएणं तस्स कंडरीयस्स रण्णो तंसि आहारंसि अपरिणममाणंसि पुव्वरत्तावरत्तकालसमयंसि सरीरंसि वेयणा पाउब्भुया उज्जला विउला पगाढा जाव दुरहियासा पित्तज्जरपरिगयसरीरे दाहवक्कंतीए यावि विहरइ)

एथी एक दिवसनी वात छे के ते कंडरीक राजाने ज्यारे भोजन रूपमां लीधेला ते सरस अने गरिष्ठ आहारनुं सारी रीते पाचन थयुं नहि त्यारे रात्रिना मध्य भागमां तेमना शरीरमां वेदना थवा मांडी, तेथी तेओ खूब ज दुःखी थया. आ वेदनामां मात्र दुःख ज थतुं हतुं, ते वेदना तेमना संपूर्ण शरीरमां व्याप्त थई रही हती. प्रमाणमां ते बहु ज वधारे हती. यावत् ते तेमना माटे दुरधिसह्य (असह्य) थई पडी हती पित्तज्वरथी व्याप्त थयेला शरीरवाळा ते कंडरीक राजा दाहज्वरनी ज्वाळाओथी सळगी उठया.

(तएणं से कंडरीए राया रज्जे य रट्ठे य अंतेउरे य जाव अज्झोववन्ने अट्टदुहट्टवसट्टे अकामए अवस्सवसे कालमासे कालं किच्चा अहे सत्तमाए पुढवीए, अक्कोसकालट्ठिइयंसि नरयंसि नेरइयत्ताए उववण्णे)

आ प्रमाणे दुःखित थयेला ते कंडरीक राजा राज्य, राष्ट्र अने रणवासमां अध्युपपन्न थई गया एटले के वधारे पडता आसक्त थई गया. आ प्रमाणे राज्य वगेरेमां संपूर्णपणे आसक्त भावथी बंधायेला ते राजा मनथी दुःखित थईने, शारीरिक कष्टथी एक क्षण माटे पण मुक्ति नहि थवाने कारणे विषय सुखोना वियोगनी संभावना बदल तेमज राज्य, राष्ट्र, रणवास वगेरेमां आसक्त इन्द्रियोना वशमां होवाने कारणे आर्तध्यानमां मग्न थई गया छेवटे तेओ मृत्युने इच्छता नहोता छतांए सांसारिक वातावरणमां बंधायेला होवाने कारणे अथवा वेदनाओथी पीडित होवाने कारणे तेओ स्ववश हता नहि, परवश–परतंत्र हता, एथी काळ अवसरे काळ करीने,–मृत्यु पामीने–नीचे तमस्तमप्रभा नामना सातमा नरकमां के जे उत्कृष्ट काल-

સ્થિતિ પ્રમાણુ છે-એટલે કે ૩૩ સાગરની જ્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે-નારકીની પર્યાયથી જન્મ પામ્યા. એ જ વાતને શ્રી ભગવાન મહાવીર પ્રભુ દૃષ્ટાંત રૂપમાં સાધુઓને સમજાવે છે કે—

एवामेव समणाउसो ! जाव पव्वईए समाणे पुणरवि माणुस्सए कामभोगे आसाए जाव अणुपरियट्टिस्सइ, जहा व से कंडरीए राया)

આ પ્રમાણે હે આયુષ્મંત શ્રમણો ! જે કોઇ અમારા શ્રમણ અથવા શ્રમણીજન આચાર્ય કે ઉપાધ્યાયની પાસે દીક્ષિત થઇને ફરી જો તે મનુષ્ય ભવના કામભોગોને ભોગવે છે, તે કંડરીક રાજાની જેમ યાવત્ આ ચતુર્ગતિ રૂપ સંસાર કાંતારમાં પરિભ્રમણ કરશે. ॥ સૂત્ર ૯ ॥

(तएणं से पोंडरीए अणगारे) इत्यादि ।

ટીકાર્થ—(तएणं) ત્યારબાદ (से पोंडरीए अणगारे) તે પુંડરીક અનગાર (जेणेव थेरा भगवंतो तेणेव उवागच्छइ) જ્યાં સ્થવિર ભગવંત બિરાજમાન હતા ત્યાં ગયા.

(उवागच्छित्ता थेरे भगवंते वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता थेराणं अंतिए दोच्चंपि चाउज्जामं, धम्मं पडिवज्जइ, छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ करित्ता जाव अडमाणे सीयलुक्खं पाणभोयणं पडिगाहेइ पडिगाहित्ता अहापज्जत्तमि त्ति कट्टु पडिनियत्तई-जेणेव थेरा भगवंतो तेणेव उवागच्छइ, उवागच्छित्ता भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता थेरेहिं भगवंतेहिं, अब्भणुन्नाए समाणे अमुच्छिए अगिद्धे अगढिए अणज्झुववण्णे बिलमिव पण्णगभूएणं अप्पाणेणं तं फासुएसणिज्जं असणपाणखाइमसाइमं सरीरकोट्ठगंसि पक्खिवइ)

ત્યાં આવીને તેમણે સ્થવિર ભગવંતોને વંદના અને નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તેમણે તેમની પાસેથી બીજીવાર ચાતુર્યામ-ચતુર્મહાવ્રત રૂપ ધર્મને ધારણ કર્યો. જ્યારે ષષ્ઠ ક્ષપણની પારણાનો વખત આવ્યો ત્યારે તેઓ પ્રથમ પૌરૂષીમાં સ્વાધ્યાય કરતા અને સ્વાધ્યાય કરીને તેઓ ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષા માટે પરિભ્રમણ કરતા તે સમયે તેમને શીત-પર્યુષિત, રૂક્ષ-ઘી વગરનો, પાન આહાર મળતો તો તેને તેઓ સ્વીકારી લેતા અને ‘ આટલો આહાર ઉદર-પોષણ માટે પૂરતો છે ’ આવો મનમાં વિચાર કરીને ત્યાંથી પાછા ફરી જતા. પાછા આવીને ભિક્ષામાં

પ્રાપ્ત આહારને બતાવવા માટે જ્યાં તે સ્થવિર ભગવંત વિરાજમાન હતા ત્યાં આવતા. ત્યાં આવીને મેળવેલા આહારને તે સ્થવિર ભગવંતોને બતાવતા અને બતાવીને જ્યારે તેઓ તે આહારને ગ્રહણ કરવાની આજ્ઞા કરતા ત્યારે તેઓ અમૂર્છિત-ભાવથી, અગૃદ્ધ-ચિત્તવૃત્તિથી અને આસક્તિ રહિત પરિણતિથી તે પ્રાસુક એષણીય-૪૨ દોષોથી રહિત અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ આહારને જેમ સાપ દરમાં પ્રવેશે છે તેમજ શરીર કોષ્ઠકમાં-પેટમાં નાખી દેતા હતા. જેમ સાપ દરના બંને પાર્શ્વને સ્પર્શ ન કરતાં સીધો વચ્ચે થઇને પોતાની જાતને દરમાં પ્રવિષ્ટ કરાવી લે છે તેમજ તે મુનિરાજ પણ મુખના બંને પાર્શ્વના સ્પર્શથી રહિત આહારને સીધો કંઠનાળમાં મૂકીને ઉદરસ્થ કરતા હતા.

(तएणं तस्स पुंडरीयस्स अणगारस्स तं कालाइक्कंतं अरसं विरसं सिय लुक्खं पाणभोयणं आहारियस्स समाणस्स पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरमाणस्स से आहारे णो सम्मं परिणमइ)

આ પ્રમાણે તે પુંડરીક અનગારનો કાળાતિક્રમથી કરેલો તે અરસ, વિરસ, શીત, રૂક્ષ પાન આહારનું રાત્રિના મધ્ય ભાગમાં ધર્મચિંતન માટે કરેલા જાગરણને લીધે સારી રીતે પાચન થતું ન હતું.

(तएणं तस्स पुंडरीयस्स अणगारस्स सरीरगंसि वेयणा पाउब्भूया उज्जला जाव दुरहियासा, पित्तज्जरपरिगयसरीरे दाहवक्कंतिए विहरइ, तएणं से पुंडरीए अणगारे अत्थामे, अबले, अवीरिए अपुरिसक्कारपरिक्कमे करयल जाव, एवं वयासी-णमोत्थुणं अरिहंताणं जाव संपत्ताणं थेराणं भगवंताणं मम धम्मायरियाणं

धम्मोवएसयाणं पुव्विं पि य णं मए थेराणं अंतिए सव्वे पाणाइवाए पच्चक्खाए जाव मिच्छादंसणसल्लेणं पच्चक्खाए जाव आलोइयपडिक्कंते कालमासे कालं किच्चा सव्वट्ठ सिद्धे उववन्ने)

એથી તે પુંડરીક અનગારના શરીરમાં વેદના પ્રકટ થઈ ગઇ તેથી તેમને એક ક્ષણુ માટે પણુ શાતા મળતી નહોતી. ધીમે ધીમે આ વેદના સંપૂર્ણ શરીરમાં પ્રસરી ગઈ યાવત્ તે તેમના માટે અસહ્ય થઈ ગઇ, ભારે મુશ્કેલીથી તેઓ તેને ખમતા હતા. દાહજ્વરે પણુ તેમના શરીર ઉપર પોતાનો પ્રભાવ જમાવી લીધો હતો, એથી તેઓ દાહજ્વરની જ્વાળાઓથી પણુ આકુળ-વ્યાકુળ રહેવા લાગ્યા. ધીમે ધીમે તેમનું શરીર અશક્ત થઇ ગયું, શારીરિક બળ પણુ તેમનું નષ્ટ થઇ ગયું હતું. આ પ્રમાણે જ્યારે તેઓ ઉત્સાહ રહિત અને પુરૂષાર્થ પરાક્રમ વિહીન થઇ ગયા ત્યારે કરતલ-પરિગૃહીત દશ નખોવાળી અંજલિને તેમણે પોતાના મસ્તકે મૂકીને આ પ્રમાણેનો પાઠ બોલવા લાગ્યા કે યાવત્ મુક્તિ પ્રાપ્ત અર્હંત ભગવંતોને મારા નમસ્કાર છે, મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક સ્થવિર ભગવંતોને મારા નમસ્કાર છે. મેં પહેલાં પણ ભગવંતોની પાસે સમસ્ત પ્રાણાતિપાત કરી દીધું છે. યાવત્ મિથ્યાદર્શન શલ્યનું અઢાર પાપસ્થાનોનું મેં પ્રત્યાખ્યાન કરી દીધું છે અને હવે તેમની જ સાક્ષીમાં પ્રાણતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યનુ પ્રત્યાખ્યાન કરૂં છું. આ પ્રમાણે આલોચિત પ્રતિક્રાંત થઇને તેઓ કાળ અવસરે કાળ કરીને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઇ ગયા અને ત્યાં તેમની ૩૩ સાગરોપમની સ્થિતિ છે.

(तओ अणंतरं उव्वट्टित्ता महाविदेहे वासे सिज्झिहिइ, जाव सव्वदुक्खाणमंतं काहिइ, एवामेव समणाउसो ! जाव पव्वइए समाणे माणुस्सएहिं कामभोगेहिं णो सज्जइ, णो रज्जइ, जाव नो विप्पडिघायमावज्जइ से णं इह भवे चेव बहूणं सावियाणं अच्चणिज्जे, वंदणिज्जे, पूयणिज्जे, सक्कारणिज्जे, सम्माणणिज्जे, कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जे त्ति कट्टु परलोए वि य णं णो

आगच्छइ, बहूणि दंडणाणि य मुंडणाणिय तज्जणाणि य ताडणाणि य जाव चाउरंतसंसारकंतारं जाव वीइवइस्सइ)

ત્યારપછી તેઓ તે સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને ત્યાંથી જ સિદ્ધપદ મેળવશે. યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરશે. આ રીતે પુંડરીક અનગારના ચરિત્રને દૃષ્ટાંત રૂપે કહીને મહાવીર પ્રભુ શ્રમણજનોને ઉપદેશ કરતાં કહે છે કે આ પ્રમાણે જ હે આયુષ્મંત શ્રમણો ! જે અમારા શ્રમણ કે શ્રમણીજનો આચાર્ય ઉપાધ્યાયની પાસે પ્રવ્રજિત થઈને મનુષ્ય ભવના કામભોગોમાં આસક્ત થતા નથી. રંજિત-અનુરક્ત થતા નથી, યાવત્ પોતાના સંયમને નષ્ટ કરતા નથી તે આ ભવમાં જ ઘણા શ્રમણ-શ્રમણી અને શ્રાવક-શ્રાવિકાઓ વડે અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કરણીય અને સન્માનનીય હોય છે. તેમજ જગતના માટે કલ્યાણરૂપ, મંગળરૂપ, ધર્મ-દેવરૂપ અને જ્ઞાનરૂપ બની જાય છે. લોકો તેની ઉપાસના કરે છે, તે પરલોકમાં પણ ઘણી જાતના દંડન રૂપ, દુઃખોને, મુંડનોને, તર્જનોને, તાડનાઓને પ્રાપ્ત કરતો નથી અને ચતુર્ગતિવાળા આ સંસાર કાંતારને પુંડરીક અનગારની જેમ પાર કરનાર થઈ જાય છે.

(एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं आइगरेणं तित्थगरेणं जाव सिद्धगई नामधेज्जं ठाणं संपत्तेणं एगूणवीस इमस्स नायज्झयणस्स : अयमट्ठे पण्णत्ते, एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं जाव सिद्धिगइणामधेज्जं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स पढमस्स सुयक्खंधस्स अयमट्ठे पण्णत्ते त्तिबेमि)

હવે શ્રી સુધર્મા સ્વામી કહે છે કે હે જંબૂ ! આદિકર તીર્થંકર યાવત સિદ્ધગતિ નામક સ્થાનને મેળવી ચુકેલા શ્રમણ ભગવાન મહાવીરે ઓગણીસમા જ્ઞાતાધ્યયનનો આ પૂર્વોક્ત રીતે અર્થ પ્રરૂપિત કર્યો છે. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે કે જેમણે સિદ્ધગતિ નામક સ્થાનને સારી રીતે પ્રાપ્ત કરી લીધું છે-છઠ્ઠા અંગના પ્રથમ શ્રુત-સ્કંધનો આ પૂર્વોક્ત રૂપમાં ભાવ પ્રતિ-પાદિત કર્યો છે. હે જંબૂ ! આવું મેં પ્રભુના કહ્યા મુજબ જ તમને કહ્યું છે.

આ કથનમાં મેં મારા તરફથી કોઇપણ જાતની કલ્પના મિશ્રિત કરી નથી, પણ પ્રભુના મુખથી જેવું મેં સાંભળ્યું છે તેવું જ મેં કહ્યું છે. " तस्से " त्य दि આ પ્રથમ શ્રુત-સ્કંધના અંતરાલમાં ઉદ્દેશ રહિત ઓગણીસ અધ્યયનો છે. આ અધ્યયનો ઓગણીસ દિવસોમાં સમાપ્ત હોય છે.

ટીકાર્થ:—બધા સાંસારિક જીવોના માટે જો મંગળકારી પદાર્થો છે તો તે એજ છે-ભગવાન મહાવીર પ્રભુ, ગૌતમ ગણધર, સુધર્મા સ્વામી, જંબૂ સ્વામી અને જૈન ધર્મ.

" આ પ્રમાણે જ્ઞાતાધર્મ કથાંગનો જ્ઞાતા-નામે પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. "

દ્વિતીય શ્રુતસ્કંધ કા મંગ્લાચરણ

દ્વિતીય શ્રુતસ્કંધ પ્રારંભ

आद्ये श्रुतेत्यादि— પ્રથમ શ્રુતસ્કંધમાં ભગવાન સૂત્રકારે ઘણા સુંદર દૃષ્ટાંતો વડે સમસ્ત આર્તિ (દુઃખ) હારક સુબોધ પ્રદાન કર્યો છે. હવે તેઓ આ બીજા શ્રુતસ્કંધમાં સાક્ષાત્ ધર્મકથાઓ પ્રકટ કરશે એટલા માટે એવા ભગવાનને-કે જેઓ ભવ્ય જીવોનું કલ્યાણ કરનારા છે-હું નિરંતર નમસ્કાર કરૂં છું. ૧

ગણધર ઇત્યાદિ—જેઓ ગણધરોના ગુણોને ધારણ કરનારા છે, સંસારને પાર કરનારા છે જેઓ ભવ્યજનોના હિતકારક છે, સમ્યકત્વ રૂપી ગુણના બોધક છે, આ બધા વિકારોથી રહિત છે, એટલા માટે જ જેઓ ભવ્ય જીવોના ચિત્તને આકર્ષનારા છે, એવા તે સમ્યક્-ચારિત્ર રૂપી સારને ધારણ કરનારા મોક્ષપદના ધારી છે, તેને હું નમસ્કાર કરૂં છું.

પ્રથમ જ્ઞાતા નામનો શ્રુતસ્કધ વ્યાખ્યાત થઈ ચુકયો છે હવે ધર્મકથા નામનો બીજો શ્રતસ્કંધ શરૂ કરવામાં આવે છે. આ શ્રુતસ્કધનો પહેલા શ્રુત સ્કંધની સાથે આ પ્રમાણે સંબંધ છે કે પૂર્વ શ્રુતસ્કંધમાં ઉદાહરણોની સાથે આપ્ત તીર્થંકરના ઉપાલંભ વગેરે દ્વારા ધર્મરૂપ અર્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. હવે આ બીજા શ્રુતસ્કંધમાં તે જ ધર્મરૂપ અર્થ સાક્ષાત્ ધર્મ-કથાઓ વડે નિરૂપવામાં આવશે. આ બીજા શ્રુતસ્કંધનું આ પ્રથમ સૂત્ર છે—

' तेणं कालेणं तेणं समएणं ' इत्यादि—

ટીકાર્થ—(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (रायगिहे नामं नयरे होत्था) રાજગૃહ નામે નગર હતું. (वण्णओ) આ નગરનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં વર્ણવવામાં આવેલા ચંપા નગરીના વર્ણનની જેમ જ જાણી લેવું જોઈએ.

(तस्स णं रायगिहस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसिभाए तत्थणं गुणसिलए णामं चेइए होत्था, वण्णओ)

તે રાજગૃહ નગરની બહાર ઉત્તર પૌરસ્ત્ય દિગ્-ભાગની તરફ એટલે કે ઇશાન કોણમાં એક ગુણશિલક નામે ચૈત્ય–ઉદ્યાન-હતો. અહીં ચૈત્ય વિષેનું બધું વર્ણન ઔપપાતિક સૂત્રની જેમ જાણવું જોઈએ.

(तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्ज सुहम्माणामं थेरा भगवंतो जाइसंपन्ना कुलसंपन्ना जाव चउद्दस पुव्वी चउणाणो-वगया पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडा पुव्वाणुपुव्विं चरमाणा गामाणुगामं दूइ-ज्जमाणा सुहं सुहेणं विहरमाणा जेणेव रायगिहे णयरे जेणेव गुणसिलए चेइए जाव संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति)

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી આર્ય સુધર્મા નામના સ્થવિર ભગવંત કે જેઓ વિશુદ્ધ માતૃવંશવાળા હતા–વિશુદ્ધ પિતૃવંશવાળા હતા, યાવત્ બળ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લાઘવ-સંપન્ન હતા. ચૌદ પૂર્વના પાઠી હતા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ચારે જ્ઞાનોના ધારક હતા. પાંચસો અનગારોની સાથે તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં એક ગામથી બીજે ગામ કોઈપણ જાતના વ્યવધાન વગર સુખેથી યથા સમય જ્યાં રાજગૃહ નગર અને તેમાં પણ જ્યાં તે ગુણશિલક ચૈત્ય હતું ત્યાં આવ્યા ત્યાં તેઓ સંયમ અને તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતા રોકાયા.

(परिसा निग्गया धम्मो कहिओ परिसा जामेव दिसं पाउब्भूया तामेव दिसिं पडिगया, तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अणगारस्स अंतेवासी

अज्जजंबू णामं अणगारे जाव पज्जुवासमाणे एवं वयासी—जइणं भंते समणेणं जाव संपत्तेणं छट्ठस्स अंगस्स पढमस्स सुयक्खंधस्स णायाणं अयमट्ठे पन्नत्ते दोच्चस्स णं भंते! सुयक्खंधस्स धम्मकहाणं समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ? एवं खलु जंबू ! समणेणं जाव संपत्तेणं धम्मकहाणं दसवग्गा पण्णत्ता)

રાજગૃહ નગરથી પરિષદ વંદન કરવા માટે ત્યાં આવી. સુધર્મા સ્વામીએ ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને પરિષદ પોતાના સ્થાને પાછી જતી રહી. તે કાળે અને તે સમયે આર્ય સુધર્મા સ્વામીના અંતેવાસી (શિષ્ય) આર્ય જંબૂ નામના અનગારે યાવત્ તેમની પર્યુપાસના કરતાં તેમને આ પ્રમાણે પૂછયું કે હે ભદન્ત ! યાવત્ મુક્તિ પ્રાપ્ત કરેલા શ્રમણ ભગવાન મહાવીરે છઠ્ઠા અંગના પ્રથમ શ્રુતસ્કંધના ઉદાહરણોને આ પૂર્વોક્ત રૂપે અર્થ નિરૂપિત કર્યો છે તો હે ભદન્ત ! તે જ શ્રમણ ભગવાન મહાવીરે—કે જેમણે મુક્તિસ્થાનને મેળવી લીધું છે—દ્વિતીય શ્રુતસ્કંધની ધર્મકથાઓનો શો અર્થ નિરૂપિત કર્યો છે. આ પ્રમાણે જંબૂના પ્રશ્નને સાંભળીને શ્રી સુધર્મા સ્વામીએ તેમને કહ્યું કે હે જંબૂ ! સાંભળો, યાવત્ મુક્તિસ્થાનને પ્રાપ્ત કરી ચુકેલા શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથાઓના દશ વર્ગો પ્રજ્ઞપ્ત કર્યા છે (तंजहा) તેઓ આ પ્રમાણે છે—

(चमरस्स अग्गमहिसीणं पढमेवग्गे बलिस्स वइरोयणिंदस्स वइरोयणरन्नो अग्गमहिसीणं बीओ वग्गो २ असुरिंदवज्जियाणं दाहिणिल्लाणं भवणवासीणं इंदाणं अग्गमहिसीणं तइओ वग्गो ३, उत्तरिल्लाणं असुरिंदवज्जियाणं भवणवासीणं इंदाणं अग्गमहिसीणं चउत्थो वग्गो ४ दाहिणिल्लाणं वाणमंतराणं—इंदाणं अग्गमहिसीणं पंचमो वग्गो, उत्तरिल्लाणं वाणमंतराणं इंदाणं अग्गमहिसीणं छट्ठो वग्गो ६, चंदस्स अग्गमहिसीणं सत्तमो वग्गो, सूरस्स अग्गमहिसीणं अट्ठमो वग्गो, सक्कस्स अग्गमहिसीणं णवमो वग्गो, ईसाणस्स अग्गमहिसीणं दसमो वग्गो)

ચમરેન્દ્રની–દક્ષિણના અસુરકુમારેન્દ્રની–અગ્રમહિષીઓનો–પટ્ટદેવીઓનો પહેલો વર્ગ, બલિ નામે વૈરોચનેન્દ્રની અગ્રમહિષીઓનો બીજો વર્ગ, અસુરેન્દ્રને બાદ કરતાં દક્ષિણ દિશાના ભવનવાસીઓના ઇન્દ્રોની અગ્રમહિષીઓનો ત્રીજો વર્ગ, ઉત્તર દિશા સંબંધી ભવનવાસીઓના ઇન્દ્રોની કે જેઓમાંથી અસુરેન્દ્રોને બાદ કરી દીધા છે. અગ્રમહિષીઓનો ચોથો વર્ગ, દક્ષિણ દિશા સંબંધી વાન-વ્યંતરોના ઇન્દ્રોની અગ્રમહિષીઓનો પાંચમો વર્ગ, ઉત્તર દિશા સંબંધી વાન-વ્યંતરોના ઇન્દ્રોની અગ્રમહિષીઓનો સાતમો વર્ગ, સૂર્યની અગ્રમહિષીઓનો આઠમો વર્ગ, શક્રની અગ્રમહીષીઓનો નવમો વર્ગ અને ઈશાનની અગ્રમહિ-ષીઓનો દશમો વર્ગ. વૈરોચન ઉત્તર દિશાના અસુરકુમાર છે. એ દક્ષિણ દિશા સંબંધી અસુરકુમારો કરતાં વિશિષ્ટ દીપ્તિ–સંપન્ન હોય છે એથી જ એ વૈરોચન કહેવામાં આવ્યા છે. ॥ સૂત્ર ૧ ॥

કાલીદેવીકા વર્ણન

जइणं भंते ! इत्यादि—

(जइणं भंते ! समणेणं जाव संपत्तेणं धम्मकहाणं दसवग्गा पण्णत्ता पढमस्स णं भंते ! वग्गस्स समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ? एवं खलु जंबु ! सम-णेणं जाव संपत्तेणं पढमस्स०)

જંબૂ સ્વામી શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે (भंते) હે ભદન્ત! (जइणं) જો (समणेणं जाव संपत्तेणं धम्मकहाणं दसवग्गा पण्णत्ता) શ્રમણ ભગવાન મહાવીરે કે જેમણે મુક્તિસ્થાન મેળવી લીધું છે. ધર્મકથાઓના દશ વર્ગો પ્રરૂપિત કર્યા છે તો (णं भंते) હે ભદન્ત! (समणेणं जाव संपत्तेणं पढमस्स वग्गस्स के अट्ठे पन्नत्ते) તેજ શ્રમણ ભગવાન મહાવીરે કે જેઓ મોક્ષમાં વિરાજમાન થઇ ચૂકયા છે–પહેલા વર્ગનો શો અર્થ પ્રજ્ઞપ્ત કર્યો છે?

(एवं खलु जंबू समणेणं जाव संपत्तेणं पढमस्स वग्गस्स पंच अज्झयणा पण्णत्ता, तं जहा–काली राई रयणी विज्जू मेहा जइणं भंते! समणेणं जाव संपत्तेणं पढमस्स वग्गस्स पंचअज्झयणा पण्णत्ता। पढमस्स णं भंते, अज्झयणस्स समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते! एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे गुणसिलए चेइए सेणिए राया चेल्लणा देवी)

આ પ્રમાણે જંબૂ સ્વામી। પ્રશ્નને સાંભળીને તેમને ઉત્તર આપવાના ઉદ્દેશથી શ્રી સુધર્મા સ્વામીએ કહ્યું કે (एवं खलु जंबू!) હે જંબૂ! તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે. સાંભળો, યાવત્ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પહેલા વર્ગના પાંચ અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યા છે. તેઓ આ પ્રમાણે છે— ૧ કાલી, ૨ રાત્રિ, ૩ રજની, ૪ વિદ્યુત, અને ૫ મેઘા.

હવે ફરી જંબૂ સ્વામી પ્રશ્ન કરે છે કે હે ભદન્ત! યાવત્ મુક્તિસ્થાનને પ્રાપ્ત કરી ચુકેલા શ્રમણ ભગવાન મહાવીરે પહેલા વર્ગના પાંચ અધ્યયનો નિરૂપિત કર્યાં છે તો હું તમને ફરી પૂછવા માગુ છુ કે હે ભદન્ત! યાવત્ મોક્ષને પ્રાપ્ત કરી ચુકેલા તેજ શ્રમણ ભગવાન મહાવીરે પહેલા અધ્યયનનો શો અર્થ નિરૂપિત કર્યો છે? શ્રી સુધર્મા સ્વામી તેને ઉત્તર આપતાં કહેવા લાગ્યા કે જંબૂ! તે કાળે અને તે વખતે રાજગૃહ નામે એક નગરી હતી. તેમાં ગુણશિલક નામે ઉદ્યાન હતું. નગરીના રાજાનું નામ શ્રેણિક હતું. તેની રાણીનું નામ ચેલ્લના હતું.

(सामी समोसरिए परिसा णिग्गया जाव परिसा पज्जुवासइ–तेणं कालेणं तेणं समएणं काली नामं देवी, चमर चंचाए रायहाणीए कालवर्डिसगभवणे

कालंसि, सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं चउहिं महत्तरियाहिं, सपरिवाराहिं तिहिं परिसाहिं सत्तहिं अणिएहिं सत्तहिं अणियाहिवईहिं सोलसहिं आयरक्खदेवसाहस्सीहिं अण्णेहिं बहूएहिं कालवडिंसयभवणवासीहिं असुरकुमारेहिं देवेहिं देवीहिं य सद्धिं सपरिवुडा महयाहय जाव विहरइ)

ત્યાં શ્રી મહાવીર સ્વામીનું આગમન થયું. જ્યારે લોકોને તેમના આગમનની જાણ થઈ ત્યારે રાજગૃહના બધા લોકો તેમને વંદન કરવાના અભિપ્રાયથી ગુણશિલક ઉદ્યાનમાં આવ્યા. ભગવાને ધર્મકથા કહી સંભળાવી. યાવત્ પરિષદે ભગવાનની પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે કાળી નામની દેવી ચમરચંચા નામની રાજધાનીમાં રહેતી હતી. તેના ભવનનું નામ કાલાવતંસક હતું. જે સિંહાસન ઉપર તે બેસતી હતી તેનું નામ કાળ હતું. તે ભવનમાં તે ચાર હજાર સામાનિકોની પરિષદાની સાથે, ચાર હજાર મહત્તરિકાઓની સાથે, પોતપોતાના પરિવારવાળી ત્રણ હજાર પારિવારિક દેવીઓની સાથે સાત અનીકો–ઘોડા, હાથી, રથ, પાયદળ, વૃષભ, ગંધર્વ અને નાટ્ય રૂપ સૈન્યની સાથે અનીકાધિપતિઓની સાથે, સોળ હજાર આત્મરક્ષક દેવોની સાથે તેમજ બીજા પણ ઘણા કાલાવતંસક ભવનોમાં નિવાસ કરનારા અસુરકુમારદેવો અને દેવીઓની સાથે પરિવૃત થઇને રહેતી હતી. તે અવ્યાહત (સતત) નાટ્ય ગીતો, વાદિત તંત્રી, હસ્તતાલ, કાંસ્યતાલ, ત્રુડિત વગેરે તૂર્ય વગેરે વાદ્યો, મેઘના ધ્વનિની જેમ સારી પેઠે વગાડવામાં આવેલા મૃદંગોના સુંદર શબ્દોથી ઉપલક્ષિત દિવ્ય ભોગોનો ઉપભોગ કરતી પોતાના સમયને સુખેથી પસાર કરતી રહેતી હતી.

(इमं च णं केवलकप्पं जंबुद्दीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणी २ पासइ, तत्थ समणंभगवं महावीरं जंबुद्दीवे दीवे भारहेवासे रायगिहे णयरे

गुणसिलए चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणं पासइ, पासित्ता हट्ठ-तुट्ठ चित्तमाणंदिया पीइमणा जाव हियया सीहासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता पायपीढाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता पाउयाओ ओमुयइ, ओमुइत्ता तित्थगराभिमुही सत्तट्ठपयाइं अणुगच्छइ, अणुगच्छित्ता, वामं जाणुं अंचेइ, अंचित्ता दाहिणं जाणुं धरणियलंसि निहट्टु त्तिक्खुत्तोमुद्धाणं धरणियलंसि निवेसेइ निवेसित्ता.....कट्टु एवं वयासी)

તે સમયે તેણે કેવલકલ્પ-સંપૂર્ણ-જંબૂદ્વીપ નામના દ્વીપને મધ્ય જંબૂદ્રીપને વિપુલ અવધિજ્ઞાનના ઉપયોગથી વારંવાર જોયો. તે સમયે તેણે શ્રમણ ભગવાન મહાવીરને જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રના રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યમાં યથાકલ્પ વસતીની આજ્ઞા લઈને સંયમ અને તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતા રહેતા જોયા જોઇને તે ખૂબ જ હૃષ્ટ અને તુષ્ટ થઈ ગઈ. તેનું મન પ્રેમથી તરબોળ થઈ ગયું હર્ષાતિરેકથી હૃદય ઉલ્લાસિત થઈ ગયું. તે તેજ વખતે પોતાના સિંહાસન ઉપરથી ઉઠી અને ઉઠીને તે પાદપીઠ ઉપર થઈને નીચે આવી. નીચે આવીને તેણે બંને પાદુકાઓને પગોમાંથી ઉતારી દીધી. ઉતારીને તે તીર્થંકર જે દિશા તરફ વિરાજમાન હતા તે દિશા તરફ સાત-આઠ ડગલાં આગળ ગઇ. ત્યાં જઇને તેણે પોતાના ડાબા ઢીંચણને ઊંચો કર્યો. ઊંચો કરીને પછી તેણે જમણા ઢીંચણને નીચે પૃથ્વી ઉપર ટેકવ્યો ટેકવીને તેણે ત્રણ વખત પોતાના મસ્તકને નીચે પૃથ્વી ઉપર ટેકવ્યું, ટેકવીને તે થોડી નમી-મસ્તકને નીચે નમાવ્યું. ત્યારપછી તેણે કટક અને ત્રુટિતથી વિભૂષિત ભુજાઓને ભેગી કરી, ભેગી કરીને તેણે તેઓ બંનેની અંજલિ બનાવી અને તેને મસ્તક ઉપર આદક્ષિણ પ્રદક્ષિણ-પૂર્વક ફેરવીને આ પ્રમાણે કહ્યું.

(नमोत्थुणं अरहंताणं जाव संपत्ताणं नमोत्थुणं समणस्स भगवओ महावीरस्स जाव संपाविउकामस्स वंदामि णं भमवंतं तत्थगयं इह गया पासउ मं भगवं

तत्थ गए इह गयं त्ति कट्टु वंदइ नमंसइ, वंदित्ता, नमंसित्ता सीहासणवरंसि पुरत्थाभिमुही निसण्णा—तएणं तीसे कालीए देवीए इमेयारूवे जाव समुप्पज्जित्था)

યાવત્ સિદ્ધગતિ નામક સ્થાનને પ્રાપ્ત થયેલા અર્હંત ભગવંતોને મારા નમસ્કાર છે. સિદ્ધગતિ નામક સ્થાનને મેળવવાની કામનાવાળા શ્રમણ ભગવાન મહાવીરને હું નમસ્કાર કરૂં છું. જંબૂ દ્વીપના રાજગૃહ નગરના ગુણશિલક ઉદ્યાનમાં અત્યારે વિરાજમાન તે ભગવાનને હું આ ચમરચંચા નામની રાજધાનીમાં રહેતી નમસ્કાર કરી રહી છું. ત્યાં વિરાજમાન તે પ્રભુ અહીં રહેતી મને જુએ. આ પ્રમાણે કહીને તેણે તેમને વંદન કર્યાં અને નમસ્કાર કર્યા. વંદન અને નમસ્કાર કરીને તે પોતાના ઉત્તમ સિંહાસન ઉપર આવીને પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસી ગઈ. ત્યારપછી તે કાળી દેવીને આ જાતનો યાવત્ મનઃ સંકલ્પ ઉત્પન્ન થયો કે—

(सेयं खलु मे समणं भगवं महावीरं वंदित्ता जाव पज्जुवासित्तए त्तिकट्टु एवं संपेहेइ, संपेहित्ता आभिओगिए देवे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी एवं खलु देवाणुप्पिया ! समणे भगवं महावीरे एवं जहा सूरियाभो तहेव आणत्तियं देइ जाव दिव्वं सुरवराभिगमणजोग्गं जाणविमाणं करेह, करित्ता जाव पच्चप्पिणह)

મારા માટે હવે એજ વાત યોગ્ય છે કે હું શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરીને યાવત્ તેમની પર્યુપાસના કરૂં, આ પ્રમાણે તેણે વિચાર કર્યો. વિચાર કરીને તેણે તરત જ આભિયોગિક દેવોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશિલક ઉદ્યાનમાં પધારેલા છે, તેમને વંદન કરવા માટે હું ત્યાં જવા ઈચ્છું છું. એથી તમે બધા મારા માટે દિવ્ય સુરવરાભિગમન યોગ્ય એક યાન-વિમાન તૈયાર કરો. આ પ્રમાણે તે લોકોને તેણે સૂર્યાભદેવની જેમ આજ્ઞા કરી, અને સાથે સાથે તેઓને તેણે આ પ્રમાણે કહ્યું કે જ્યારે

વિમાન તૈયાર થઈ જાય ત્યારે તેની મને જાણ કરવામાં આવે. ત્યારપછી તે આભિયોગિક દેવોએ તેમજ કર્યું. અને વિમાન તૈયાર થઈ જવાની ખબર દેવીની પાસે મોકલાવી દીધી આ વિમાનમાં (जोयणसहस्सविच्छिण्णं जाण-विमाणं सेसं तहेव) વિશેષતા આટલી જ હતી કે જ્યારે સૂર્યાભદેવનું યાન-વિમાન એક લાખ યોજન જેટલું વિસ્તારવાળું હતુ ત્યારે તેનું આ યાન-વિમાન એક હજાર યોજન જેટલું વિસ્તારવાળું હતું બાકી રચના સંબંધી તેની બધી વિગત સૂર્યાભ-વિમાનની જેમ જ જાણવી જોઇએ (तहेव णामगोयं साहेइ, तहेव नाटयविहिं उवदंसेइ जाव पडिगया) સૂર્યાભદેવની જેમ કાળી દેવીએ પોતાના નામ-ગોત્રનું કથન કર્યું અને સૂર્યાભદેવની જેમ જ નાટયવિધિ બતાવી અને બતાવીને તે જ્યાંથી આવી હતી ત્યાં જ પાછી જતી રહી. ॥ સૂત્ર ૨ ॥

'भंतेत्ति भगवं गोयमे' इत्यादि—

ટીકાર્થ—કાળી દેવીના જતા રહ્યા બાદ (भगवं गोयमे) ભગવાન ગૌતમે (भंतेत्ति) હે ભદન્ત ! આ પ્રમાણે સંબોધન કરીને (समणं भगवं महावीरं वंदइ णमंसइ) શ્રમણ ભગવાન મહાવીરને વંદન અને નમસ્કાર કર્યા. (वंदित्ता णंमसित्ता एवं वयासी) વંદના અને નમસ્કાર કરીને તેમણે તેઓશ્રીને પૂછ્યું કે

(कालिएणं भंते ! देवीए सा दिव्वा देविड्ढी ३ कहिं गया० कूडागार-सालादिट्ठंतो, अहोणं भंते ! काली देवी महड्ढिया ३, कालिएणं भंते ! देवीए सा दिव्वा देविड्ढि ३ किण्णा लद्धा, किण्णा पत्ता, किण्णा अभिसमण्णा गया ? एवं जहा सूरियाभस्स जाव)

હે ભદન્ત ! કાળી દેવીએ અત્યારે જે દિવ્યવિમાન, પરિવાર વગેરેની ઋદ્ધિ બતાવી, શરીર, આભરણ વગેરેની દીપ્તિની જે દેવદ્યુતિ. તેમજ શક્તિ, પ્રભાવ વગેરેનો જે દેવાનુભાવ બતાવ્યો તે બધો કયાં અદૃશ્ય થઈ ગયો ? કયાં પ્રવિષ્ટ થઇ ગયો ?

तत्थणं आमलकप्पाए नयरीए काले नामं गाहावई होत्था अड्ढ जाव अपरिभूए)

તેઓ કહે છે કે હે ગૌતમ! સાંભળો, તમારા પ્રશ્નોનો ઉત્તર આ પ્રમાણે છે–કે તે કાળે અને તે સમયે આ જંબૂદ્રીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં આમલકલ્પા નામની નગરી હતી. નગરીના વર્ણન વિષેનો પાઠ અહીં ઔપપાતિક સૂત્ર વડે જાણી લેવો જોઈએ તે નગરીમાં એક ઉદ્યાન હતું. તેનું નામ આમ્રશાલ વન હતું. તે નગરીના રાજાનું નામ જીતશત્રુ હતું. તે આમલકલ્પા નગરીમાં કાલા નામે ગાથાપતિ રહેતો હતો. તે ધનધાન્ય વગેરેથી સવિશેષ સમૃદ્ધ હતો અને સમાજમાં તેની સારી એવી પ્રતિષ્ઠા હતી.

(तस्स णं कालस्स गाहावइस्स कालसिरीणामं भारिया होत्था, सुकुमाल जाव सुरूवा, तस्स णं कालस्स गाहावइस्स धूया कालसिरीए भारियाए अत्तया काली णामं दारिया होत्था वुड्ढा वुड्ढकुमारी, जुण्णा जुण्णकुमारी, पडियपूयत्थणी णिविन्नवरा, वरपरिवज्जिया यावि होत्था)

તે કાલ ગાથાપતિની કાલશ્રી નામે ભાર્યા હતી. તેના હાથ-પગ વગેરે અને બધા અંગો તેમજ ઉપાંગો સવિશેષ સુકોમળ હતાં. દેખાવમાં તે બહુ જ સુંદર હતી. કાલ ગાથાયતિની આ કાલશ્રીના ગર્ભથી જન્મ પામેલી એક કાલી નામે દારિકા (પુત્રી) પણ હતી. તે મોટી ઉંમરની થઈ ચૂકી હતી. તેનું લગ્ન પણ થયું નહોતું. એથી કુમારિકાની અવસ્થામાં જ તે ડોશી જેવી બહુ ઉંમરે પહોંચેલી થઈ ગઈ હતી. બહુ ઉંમરે પહોંચેલી હોવા બદલ તેનું શરીર પણ જીર્ણ થઈ ચૂકયું હતું. એથી કુમારિકાની અવસ્થામાં જ તે જીર્ણ કુમારિકા બની ગઈ હતી તેના નિતંબ અને સ્તનો બંને સાવ ઢીલા થઇ ગયા હતા, નીચે લટકવા લાગ્યા હતા. વરને વરણ કરવા રૂપ કાર્યથી તે વિરક્ત બની ગઈ હતી એથી તે વર પરિવર્જિત હતી. તે એકદમ પતિ વગરની હતી.

(तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए आइगरे जहा वद्ध-माणसामी णवरं णवहत्थुस्सेहे सोलसहिं समणसाहस्सीहिं अट्ठत्तीसाए अज्जिया

साहस्सीहिं सद्धिं संपरिवुडे जाव अंबसालवणे समोसढे)

તે કાળે અને તે સમયે પુરુષાદાનીય-પુરુષ શ્રેષ્ઠ-આદિકર પાર્શ્વનાથ-અર્હંત પ્રભુ-જેઓ શ્રી વર્દ્ધમાન સ્વામી જેવા હતા-સોળ હજાર શ્રમણો તેમજ ૩૮ હજાર આર્યિકાઓની સાથે તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં તે આમ્રશાલ વનમાં આવ્યા. ભગવાન મહાવીર અને પાર્શ્વનાથ પ્રભુની શરીરાવગાહનામાં વિશેષતા ફક્ત આટલી જ છે કે તેમનું શરીર સાત હાથ જેટલું ઊંચું હતું અને પાર્શ્વ પ્રભુનું શરીર નવ હાથ ઊંચું હતું.

(परिसा णिग्गया, जाव पज्जुवासइ, तएणं सा काली दारिया इमीसे कहाए लद्धट्ठा समाणी हट्ठ जाव हियया जेणेव अम्मापियरो तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल जाव एवं वयासी-एवं खलु अम्मयाओ ! पासे अरहा पुरिसादाणीए आइगरे जाव विहरइ, तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुन्नाया समाणी पासस्स अरहओ पुरिसादाणीयस्स पायवंदिया गमित्तए ?)

પાર્શ્વ પ્રભુના આમ્રશાલવનમાં પધારવાની જાણ થતાં જ બધા લોકો પ્રભુને વંદન કરવા માટે પોતપોતાના સ્થાનેથી નીકળીને તે આમ્રશાલ વનમાં આવવા લાગ્યા. ત્યાં આવીને પ્રભુનો ધાર્મિક ઉપદેશ સાંભળીને તેઓ પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યા. ત્યારબાદ કાલી દારિકાને આ સમાચારો મળ્યા ત્યારે તે ખૂબ જ હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળી થઈ ગઈ. ત્યારપછી તે જ્યાં તેના માતા-પિતા હતા ત્યાં પહોંચી. ત્યાં જઈને તેણે માતા-પિતાને બંને હાથ જોડીને ચરણ વંદના કરી અને ત્યારપછી આ પ્રમાણે વિનંતી કરી કે-હે માતા પિતા ! પુરુષ શ્રેષ્ઠ, આદિકર એવા પાર્શ્વનાથ અર્હંત પ્રભુ આમ્રશાલ વનમાં પધાર્યા છે. એટલા માટે હું તમારી આજ્ઞા મેળવીને તે પુરુષ શ્રેષ્ઠ અર્હંત પ્રભુ પાર્શ્વનાથને વંદન કરવા માટે જવા ઇચ્છું છું.

(अहा सुहं, देवाणुप्पिया ! मा पडिबंधं करेहि, तएणं सा कालिया दारिया अम्मापिईहिं अब्भणुन्नाया समाणी हट्ठतुट्ठ जाव हियया ण्हाया कयबलिकम्मा कय

कोउयमंगलपायच्छित्ता सुद्धप्पवेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिया अप्पमहग्घा-भरणालंकियसरीरा चेडियाचक्कवालपरिकिण्णा साओ गिहाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव धम्मिए जाणप्पवरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता, धम्मियं जाणप्पवरं दुरूढा तएणं सा काली दारिया धम्मियं जाणप्पवरं एवं जहा .दोवई जाव पज्जुवासइ)

ત્યારે માતાપિતાએ તેને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયે ! તને જેમ સુખ મળે તેમ તું કર. આ શુભ કાર્યમાં પ્રતિબંધ-પ્રમાદ કર નહિ આ પ્રમાણે માતાપિતા વડે આજ્ઞાપિત થયેલી તે દારિકાએ હૃષ્ટ-તુષ્ટ ચિત્ત થઇને સ્નાન કર્યું. કાગડા વગેરેને અન્નભાગ આપીને બલિકર્મ કર્યું. કૌતુક, મંગળ અને પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ પ્રવેશ યોગ્ય, મંગળકારી વસ્ત્રોને સારી રીતે પહેર્યાં અને વજનમાં હલ્કા પણ કિંમતમાં બહુ ભારે એવા આભરણોથી શરીરને અલંકૃત કરીને દાસીઓના સમૂહથી પરિવેષ્ટિત થઇને પોતાના ઘેરથી નીકળી. નીકળીને તે ત્યાં પહોંચી જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી. તેમાં જઇને તે જ્યાં ધાર્મિક યાનપ્રવર ઊભું હતુ તેમા આરૂઢ થઈ ગઈ. આરૂઢ થઇને તે ત્યાંથી રવાના થઈ. દ્રૌપદીની જેમ તેણે જ્યારે તીર્થંકરાતિશય રૂપ છત્ર વગેરે વિભૂતિને જોઇ કે જોતાંની સાથે જ તે ધાર્મિક યાન-પ્રવરમાંથી નીચે ઉતરી પડી. અને પંચ અભિગમનપૂર્વક ભગવાનની પાસે જઇને તેમને વંદના કરી, તેમને નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તેણે તેમની પર્યુપાસના કરી. ત્યારપછી

(तएणं पासे अरहा पुरिसादाणीए कालीए दारियाए तीसे य महइमहा-लयाए परिसाए धम्मो कहिओ)

પુરુષાદાનીય અર્હંત પ્રભુ પાર્શ્વનાથે તે કાલી દારિકાને તે વિશાલ પરિ-ષદાની સામે ધર્મકથા સંભળાવી.

(तएणं सा काली दारिया पासस्स अरहओ पुरिसादाणीयस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठ जाव हियया पासं अरहं पुरिसादाणीयं तिक्खुत्तो वंदइ नमंसइ)

પુરુષાદાનીય તે અર્હંત પાર્શ્વનાથ પ્રભુની પાસેથી ધર્મને સાંભળીને અને તેને હૃદયમાં અવધારિત કરીને તે કાલી દારિકા બહુ જ વધારે હર્ષિત

હૃદય થઈ. તેણે તે પુરુષાદાનીય પાર્શ્વનાથ અર્હંત પ્રભુને ત્રણ વાર વંદના અને નમસ્કાર કર્યા. ત્યારબાદ

(वंदित्ता नमंसित्ता एवं वयासी सद्दहामिणं भंते ! णिग्गंथं पावयणं जाव से जहेयं तुब्भे वयह, जं णवरं देवाणुप्पिया ! अम्मापियरो आपुच्छामि, तएणं अहं देवाणुप्पियाणं अंतिए जाव पव्वयामि, अहा सुहं देवाणुप्पिए ! तएणं सा काली दारिया पासे णं अरहया पुरिसादाणीएणं एवं वुत्ता समाणी हट्ठ जाव हियया पासं अरहं वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता तमेव धम्मियं जाणपवरं दुरुहइ दुरूहित्ता पासस्स अरहओ पुरिसादाणीयस्स अंतियाओ अंबसालवणाओ चेइयाओ पडिनिक्खमई, पडिनिक्खमित्ता जेणेव आमलकप्पा नयरी तेणेव उवागच्छइ)

વંદના નમસ્કાર કરીને તેણે તે પ્રભુને આ પ્રમાણે કહ્યું કે હે ભદન્ત ! તમારા વડે પ્રતિપાદિત નિર્ગ્રંથ પ્રવચનને હું વિશેષ શ્રદ્ધાની દૃષ્ટિએ જોઉં છું. તમે જેવું આ પ્રતિપાદિત કર્યું છે ખરેખર તે તેવું જ છે. મને આ ખૂબ જ ગમી ગયું છે. એથી હું માતાપિતાને પૂછી લઉં છુ. તેમને પૂછીને આપ દેવાનુપ્રિયની પાસે આવીને દીક્ષિત થવા ચાહું છું. કાલી દારિકાના આ અભિપ્રાયને સાંભળીને પ્રભુએ તેને કહ્યું કે હે દેવાનુપ્રિયે ! 'યથાસુખમ્' આ પ્રમાણે તે કાલી દારિકા પુરુષાદાનીય તે અર્હંત પ્રભુ પાર્શ્વનાથ વડે અનુમોદિત થઈને ચિત્તમાં ખૂબ જ પ્રસન્ન થઈ. તેણે અર્હંત પાર્શ્વનાથ પ્રભુને વંદના નમસ્કાર કર્યા અને વંદના નમસ્કાર કરીને ત્યાંથી આવીને તે તેજ પોતાના ધાર્મિક યાનમાં બેસી ગઈ અને બેસીને તે પુરુષાદાનીય અર્હંત પ્રભુ પાર્શ્વનાથની પાસેથી અને તે આમ્રશાલ વન નામના ઉદ્યાનથી બહાર આવી ગઈ. બહાર આવીને તે જ્યાં આમલકલ્પા નગરી હતી ત્યાં આવી ગઈ.

(उवागच्छित्ता आमलकप्पं णयरिं मज्झं मज्झेणं जेणेव बाहिरिया उवट्ठाणसाला–तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मियं जाणपवरं ठवेइ, ठवित्ता धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ, पच्चोरुहित्ता, जेणेव अम्मापियरो तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल० एवं वयासी–एवं खलु अम्मयाओ ! मंए पासस्स

अरहओ अंतिए धम्मे णिसंते से वि य मे धम्मे इच्छिए पडिच्छिए अभिरुइए-तएणं अहं अम्मयाओ! संसारभउव्विग्गा भीया जम्मणमरणाणी-इच्छामि णं तुब्भेहिं अब्भणुन्नाया समाणी पासस्स अरहओ अंतिए मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए)

ત્યાં આવીને તે આમલકલ્પા નગરીની વચ્ચે થઇને જ્યાં તે બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવી. ત્યાં આવીને તે તે ધાર્મિક યાન પ્રવરમાંથી નીચે ઉતરી, નીચે ઉતરીને તે જ્યાં તેના માતાપિતા હતાં ત્યાં ગઈ. ત્યાં જઇને પોતાના બંને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકીને તેમને આ પ્રમાણે કહ્યું કે હે માતાપિતા! સાંભળો, અર્હંત પ્રભુ પાર્શ્વનાથના મુખથી મેં ધર્મનું શ્રવણ કર્યું છે, તે મને બહુ જ ગમી ગયું છે. તે ધર્મને વારંવાર સાંભળવાની ઈચ્છા થઈ રહી છે જેમ આસ્વાદ્ય વસ્તુ પ્રિય લાગે છે તેમજ તે ધર્મ મારા માટે બધી રીતે પ્રિય થઈ પડયો છે હે માતાપિતા! તેના શ્રવણથી હું આ સંસારના ભયથી ઉદ્વિગ્ન થઇને જન્મ-મરણથી ભયભીત થઈ ગઈ છું. એથી મારી ઈચ્છા છે કે હું તમારી આજ્ઞા મેળવીને તે અર્હંત પાર્શ્વનાથ પ્રભુની પાસે મુંડિત થઇને અગારાવસ્થા ત્યજીને અનગારાવસ્થા સ્વીકારી લઉં. આ પ્રમાણે પોતાની કાલી દારિકાની વાત સાંભળીને માતાપિતાએ તેને કહ્યુંઃ—

(अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेह, तएणं से काले गाहावई विपुलं असणं ४ उवक्खडावेइ, उवक्खडावित्ता मित्तणाइणियगसयणसंबंधिपरियणं आमंतेइ आमंतित्ता तओ पच्छा ण्हाए जाय विपुलेणं पुप्फवत्थगंधमल्लालंकारेणं सक्कारेत्ता सम्माणेत्ता तस्सेव मित्तणाइणियगसयणसंबंधिपरिजणस्स पुरओ कालियं दारियं सेयापीएहिं कलसेहिं ण्हावेइ ण्हावित्ता सव्वालंकारविभूसियं करेइ, करित्ता

पुरिससहस्सवाहिणीयं सीयं दुरोहेइ, दुरोहित्ता मित्तणाइ, णियगसयणसंबंधि परियणेणं सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव रवेणं आमलकप्पं नयरिं मज्झं मज्झेणं णिगच्छइ)

હે દેવાનુપ્રિયે ! તને જેમ સારૂં લાગે તેમ કર આ કામમાં પ્રમાદ કરીશ નહિ. આ પ્રમાણે તે કાલગાથાપતિએ પોતાની પુત્રીનો દીક્ષા ગ્રહણ કરવાનો મક્કમ વિચાર જાણીને પુષ્કળ પ્રમાણમાં અશન વગેરે ચાર જાતના આહારો તૈયાર કરાવડાવ્યા. ત્યારબાદ મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી પરિજનોને આમંત્રિત કર્યા. આમંત્રિત કરીને તેણે સ્નાન કરીને પુષ્કળ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલ્ય અને અલંકારો વડે સત્કાર તેમજ સન્માન કરીને તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનોની સાથે કાલી દારિકાનો સફેદ, અને પીળા કળશો વડે અભિષેક કર્યો ત્યારબાદ તેને સમસ્ત અલંકારો વડે વિભૂષિત કરી અને ત્યારપછી પુરુષ સહસ્રવાહિની પાલખી ઉપર તેને ચઢાવી. ચઢાવીને તેણે મિત્ર. જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધી, પરિજનોની સાથે પરિવેષ્ટિત થઇને પોતાની સમસ્ત ઋદ્ધિની સાથે, ઘણાં વાજાંઓના ધ્વનિની સાથે સાથે આમલકલ્પા નગરીની બરાબર વચ્ચે થઇને નીકળ્યો.

(णिग्गच्छित्ता जेणेव अंबसालवणे चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता छत्ताइए तित्थगराइसए पासइ)

નીકળીને તે ત્યાં ગયો કે જ્યાં તે આમ્રશાલ વન નામે ઉદ્યાન હતું ત્યાં જઇને તેણે તીર્થંકર પ્રકૃતિના ઉદયથી અસ્તિત્વમાં આવતા છત્ર વગેરે અતિશયોને જોયા.

(पासित्ता सीयं ठावेइ, ठावित्ता कालियदारियं सीयाओ पच्चोरुहइ, तएणं तं कालियं दारियं अम्मापियरो पुरओ काउं जेणेव पासे अरहा पुरिसा० तेणेव उवागच्छइ उवागच्छित्ता वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी)

જોઇને તેણે તે પુરુષ સહસ્રવાહિની પાલખીને રોકી. રોકીને તેમાંથી કાલી દારિકાને નીચે ઉતારી. ત્યારપછી તે માતાપિતા તે કાલીક દારિકાને આગળ કરીને જ્યાં પુરુષદાનીય અર્હંત પ્રભુ પાર્શ્વનાથ વિરાજમાન હતા ત્યાં ગયા. ત્યાં જઇને તેમણે તેમને વંદના કરી, નમસ્કાર કર્યા વંદના તેમજ નમસ્કાર કરીને તેમણે પ્રભુને વિનંતી કરતાં આ પ્રમાણે કહ્યું કે—

(एवं खलु देवाणुप्पिया ! कालीदारिया अम्हं धूया इट्ठा कंता, जाव किमंग-

पुण पासणयाए ? एसणं देवाणुप्पिया ! संसारभउव्विग्गा, इच्छइ, देवाणुप्पियाणं ! अंतिए मुंडा भवित्ता जाव पव्वइत्तए, तं एयं णं देवाणुप्पियाणं सिस्सिणिभिक्खं दलयामो पडिच्छंतु णं देवाणुप्पिया ! सिस्सिणिभिक्खं)

હે દેવાનુપ્રિય ! આ અમારી કાલી દારિકા નામે પુત્રી છે. અમારા માટે આ બહુ જ વધારે ઈષ્ટા, કાંતા યાવત્ ઉદુમ્બર પુષ્પની જેમ નામ શ્રવણમાં પણ દુર્લભા છે. તો પછી એના દર્શનની તો વાત જ શી કરવી ? હે દેવાનુપ્રિય ! આ સંસાર ભયથી ઉદ્વિગ્ન થઇ રહી છે. એથી આપ દેવાનુપ્રિય પાસેથી મુંડિત થઈને યાવત્ સંયમ ગ્રહણ કરવા ઇચ્છે છે. એથી અમે બંને આપના માટે આશિષ્યાની ભીક્ષા અર્પણ કરીએ છીએ. આપ દેવાનુપ્રિય અમારી આ શિષ્યારૂપી ભિક્ષાનો સ્વીકાર કરો. (अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह) આ પ્રમાણે તેઓ બંનેનું કથન સાંભળીને પ્રભુએ તેમને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમને જેમ સુખ પ્રાપ્ત થાય તેમ કરો. આમાં વિલંબ કરવાથી લાભ નથી. (तएणं) ત્યારપછી

(काली कुमारी पासं अरहं वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता, उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ, अवक्कमित्ता, सयमेव आभरणमल्लालंकारं ओमुयइ, ओमुइत्ता सयमेव लोयं करेइ, करित्ता जेणेव पासे अरिहा पुरिसादाणीए तेणेव उवागच्छइ, उवागच्छित्ता पासं अरहं तिक्खुत्तो वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी)

કાલી કુમારીએ પાર્શ્વનાથ અરિહંત પ્રભુને વંદના અને નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તે ઉત્તર પૌરસ્ત્ય દિગ્ભાગ ઈશાન કોણની તરફ ગઇ. ત્યાં જઇને તેણે પોતાની મેળે જ આભરણ, માલ્ય અને અલંકારોને ઉતાર્યા. ઉતારીને પોતાના હાથો વડે જ તેણે વાળોનું લુંચન કર્યું. લુંચન કરીને તે જ્યાં પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુ વિરાજમાન હતા ત્યાં આવી. ત્યાં આવીને તેણે પાર્શ્વનાથ અર્હંતને ત્રણ વાર વંદન અને નમસ્કાર કર્યા. વંદના અને નમસ્કાર કરીને તે તેમને આ પ્રમાણે વિનંતી કરવા લાગી કે—

(आलित्तेणं भंते ! लोए एवं जहा देवाणंदा जाव सयमेव पव्वाविया–तएणं

पासे अरहा पुरिसादाणीए कालिं सयमेव पुप्फचूलाए अज्जाए सिस्सिणियत्ताए दलयइ, तएणं सा पुप्फचूला अज्जा कालिं दारियं सयमेव पव्वावेइ–जाव उवसंप ज्जित्ताणं विहरइ)

હે ભદન્ત ! આ લોક આદીપ્ત થઈ રહ્યો છે. આ પ્રમાણે આ પણ પાર્શ્વનાથ પ્રભુ વડે જાતે જ દીક્ષિત કરવામાં આવી. ત્યારપછી તે પુરુષાદાનીય પાર્શ્વ પ્રભુએ કાલીને દીક્ષિત કરીને પુષ્પચૂલા આર્યાને શિષ્યાના રૂપમાં આપી દીધી. પુષ્પચૂલા આર્યાએ તે કાલીને આ પ્રમાણે દીક્ષિત કરાવીને પોતાની શિષ્યાના રૂપમાં તેનો સ્વીકાર કરી લીધો. યાવત્ તે કાલી તે આર્યાની આજ્ઞા મુજબ પોતાની પ્રવૃત્તિ કરવા લાગી (तएणं सा काली अज्जा जाव) આ રીતે તે કાલી હવે આર્યા થઈ ગઇ.

(ईरिया समिया जाव गुत्तबंभयारिणी, तएणं सा काली अज्जा पुप्फचूलाए अज्जा अंतिए समाइयमाइयाइं एक्कारसअंगाइं अहिज्जइ, बहूहिं चउत्थ जाव विहरइ

તેનું રહેવું, સૂવું વગેરે બધું કામ નિયમિત અને સીમિત થઇ ગયું. ચાલતી ત્યારે તે ઇર્યા–સમિતિથી માર્ગનું સંશોધન કરીને ચાલતી. યાવત્ તે ગુપ્ત બ્રહ્મચારિણી બની ગઈ ૯ કોટિથી બ્રહ્મચર્ય વ્રતની તે સંરક્ષિકા થઇ ગઇ. ત્યારપછી તે કાલી આર્યાએ પુષ્પચૂલા આર્યાની પાસે સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને ઘણા ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ તપસ્યાઓની આરાધનાથી પોતાની જાતને ભાવિત કરી. ॥ સૂત્ર ૩ ॥

'तएणं सा काली अज्जा अन्नया कयाइं ' इत्यादि—

ટીકાર્થ—(तएणं) ત્યારપછી (सा काली अज्जा) તે કાલા આર્યા (अन्नया कयाइं) કોઇ એક વખતે (सरीरवाउसिया) શરીરને સંસ્કારિત કરવાના સ્વભાવવાળી બની ગઈ, એટલા માટે તે—

(अभिक्खणंर हत्थे धोवइ, पाए धोवेइ सीसं धोवइ, मुहं धोवइं, थणंतराइं धोवइ,

कक्खंतराणी धोवइ, गुज्झंतराइं धोवइ, जत्थ २ वि य णं ठाणं वा सेज्जं वा णिसी-हियं वा चेएई तं पुव्वामेव अब्भुक्खेत्ता तओपच्छा आसयइ, वा सयइ वा णिसीहइ वा)

વારંવાર હાથોને ધોવા લાગી, પગોને ધોવા લાગી, માથાને ધોવા લાગી, મુખને ધોવા લાગી, સ્તનાન્તરને-સ્તનના વચ્ચેના સ્થાનને ધોવા લાગી, કક્ષાંતરોને-બગલોના મધ્ય ભાગને ધોવા લાગી, ગુહ્ય ભાગોને-ગુહ્યાંગોને ધોવા લાગી. જ્યાં જ્યાં તેને બેસવાનું સ્થાન, શયનસ્થાન, સ્વાધ્યાય કરવાનું સ્થાન નક્કી કરતી તો તેને પહેલેથી જ તે પાણીથી સિંચિત કરી દેતી, ત્યારપછી તે ત્યાં બેસતી, શયન કરતી, સ્વાધ્યાય કરતી. (तएणं सा पुप्फचूला अज्जा कालिं अज्जं एवं वयासी) તે કાલી આર્યાની આવી સ્થિતિ જોઈને પુષ્પચૂલા આર્યાએ તેને આ પ્રમાણે કહ્યું કે—

(नो खलु कप्पइ, देवाणुप्पिया ! समणीणं णिग्गंथीणं सरीरबाउसियाणं होत्तए-तुमं च णं देवाणुप्पिया ! सरीर बाउसिया जाया अभिक्खणं २ हत्थे धोवसि, जाव आसयाहि वा सयाहि वा, णिसीहियाहि वा तं तुमं देवाणुप्पिए ! एयस्स ठाणस्स आलोए हि जाव पायच्छित्तं पडिवज्जाहि)

હે દેવાનુપ્રિયે ! નિર્ગ્રંથ શ્રમણીઓને શરીરબકુશ થવું કલ્પિત નથી, પરંતુ તમે તો હે દેવાનુપ્રિયે ! શરીરબકુશ થઈ રહી છો. વારંવાર હાથોને ધૂઓ છો યાવત્ જ્યાં તમારે ઉઠવા બેસવાનું હોય છે, સૂવાનું હોય છે, સ્વાધ્યાય કરવો હોય છે તે સ્થાનને પહેલાં તમે પાણીથી સિંચિત કરી લો છો, અને ત્યારપછી તમે ત્યાં ઉઠો-બેસો છો, સૂવો છો અને સ્વાધ્યાય કરો છો. એથી હે દેવાનુપ્રિયે ! તમે આ સ્થાનની આલોચના કરો યાવત્ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરો.

(तएणं सा काली अज्जा पुप्फचूलाए अज्जाए एयमट्ठं नो आढाइ जाव तुसिणीया संचिट्ठइ, तएणं ताओ पुप्फचूलाओ अज्जाओ कालिं अज्जं अभि-

क्खणं २ हीलेंति णिंदंति, खिंसंति, गरिहंति अवमण्णंति, अभिक्खणं २ एय-मट्ठं निवारेंति, तएणं तीसे कालीए अज्जाए समणीहिं णिग्गंथीहिं अभिक्खणं २ हीलिज्जमाणीए जाव वारिज्जमाणीए इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था)

તે કાલી આર્યાએ પુષ્પચૂલા આર્યાના આ કથન રૂપ અર્થનો સ્વીકાર કર્યો નહિ ફક્ત તે મૂંગી થઇને જ બેસી રહી. જવાબમાં જ્યારે તેણે તેમને કંઈ જ કહ્યું નહિ ત્યારે પુષ્પચૂલા આર્યાએ કાલી આર્યાની વારંવાર જન્મ, કર્મ, ઉદ્ઘાટનપૂર્વક ભર્ત્સના કરવા માંડી. કુત્સિત શબ્દોચ્ચારણથી દોષોદ્ઘાટન કરતી તે તેની વારંવાર નિંદા કરવા લાગી. હાથ, મુખ વગેરેને વિકૃત કરીને તે તેમનું અપમાન કરવા લાગી. ગુરૂ વગેરેની સામે દોષોને પ્રકટ કરીને તે તેમનો તિરસ્કાર કરવા લાગી. તેમજ રૂક્ષ વચનો વગેરે બોલીને તેનું અપમાન પણ કરવા લાગી અને સાથે સાથે તે આર્યા તેને વારંવાર શરીર-સંસ્કાર કરવાની મનાઈ પણ કરતી રહી. આ પ્રમાણે નિર્ગ્રંથ શ્રમણીઓ વડે વારંવાર ભર્સિત વગેરે થવાથી તેમજ શરીર સંસ્કારની મનાઇ હોવા બદલ તે કાલી આર્યાને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉદ્ભવ્યો કે—

(जयाणं अहं अगारवासमज्झे वसित्था तयाणं अहं सयवसा जप्पभिइं च णं अहं मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइया तप्पभिइं च णं अहं परवसा जाया तं सेयं खलु मम कल्लं पउप्पभायाए रयणीए जाव जलंते पाडिक्कं उवस्सयं उवसंपज्जित्ता णं विहरित्तए त्तिकट्टु एवं संपेहेइ, संपेहित्ता कल्लं जाव जलंते पाडिएक्कं उवस्सयं गिण्हइ)

જ્યારે હું ઘરમાં રહેતી હતી ત્યારે હું સ્વતંત્ર હતી. પરંતુ જ્યારથી મેં મુંડિત થઇને અગાર અવસ્થાને ત્યજીને અનગાર અવસ્થા સ્વીકારી છે ત્યારથી હું પરવશ-પરાધીન થઇ ગઇ છું. એથી મારા માટે હવે એ જ શ્રેયસ્કર જણાય છે કે હું બીજે દિવસે સવાર થતાં જ જ્યારે સૂર્ય ઉદય પામશે ત્યારે

બીજા ઉપાશ્રયમાં જતી રહું. આ પ્રમાણે તેણે મનમાં વિચાર કર્યો. વિચાર કરીને તે બીજે દિવસે સવાર થતાં જ સૂર્યોદય થયા બાદ બીજા ઉપાશ્રયમાં જતી રહી.

(तत्थणं सा अणिवारिया अणोहट्टिया सच्छंदमई अभिक्खणं २ हत्थे धोवेइ, जाव आसयइ वा सयइ वा णीसेहेइ वा तएणं सा काली अज्जा पासत्था पासत्थविहारी ओसण्णा ओसण्णविहारी कुसीला कुसीलविहारी अहा ंदा अहाछंद-विहारी संसत्ता संसत्तविहारी बहूणि वासाणि सामण्णपरियागं पाउणइ)

ત્યાં તે રોક-ટોક વિના સ્વચ્છંદ થઈને પ્રવૃત્તિ કરવા લાગી. ઈચ્છ મુજબ વારંવાર હાથ-પગ ધોવા લાગી, ઉઠવા-બેસવા અને સૂવાના સ્થાનને તેમજ સ્વાધ્યાય ભૂમિને પહેલેથી જ પાણી વડે સિંચિત કરીને ત્યાં ઉઠવા બેસવા તેમજ સ્વાધ્યાય કરવા લાગી. આ જાતની સ્વચ્છન્દ પ્રવૃત્તિથી તે કાલી આર્યા પાસત્થા-ગાઢ કારણ વગર નિત્ય પિંડ ભોકત્રી-બની ગઈ, પાર્શ્વસ્થ વિહારિણી થઈ ગઇ. સમાચારી પાલન કરવામાં શિથિલતાવાળી બતાવવા લાગી-અવસન્ન વિહારિણી થઈ ગઇ. કુશીલા થઇ ગઇ, સંજ્વલન કષાયનો ઉદય હોવાથી ઉત્તર ગુણોની વિરાધના કરવા લાગી, કુશિલ વિહારિણી થઇ ગઈ અને પોતાની ઇચ્છા મુજબ માર્ગની કલ્પના કરીને તેમાં પ્રવૃત્ત થવા લાગી. એથી તે યથાચ્છન્દ વિહારિણી પણ બની ગઇ. ગૃહસ્થ વગેરે લોકોના વધારે પડતા પરિચયજન્ય પ્રેમબંધનથી પોતાના આચાર પાલનમાં શિથિલ થઇ ગઇ. તેણે આ પ્રમાણે ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય-પર્યાયનું પાલન કર્યું અને (पउणित्ता) પાલન કરીને

(अद्धमासियाए संलेहणाए अत्ताणं झूसेइ, झूसित्ता तीसं भत्ताइं अणसणाए छेएइ, छेइत्ता, तस्स ठाणास अणालोइयअपडिक्कंत्ता कालमासे कालं किच्चा चमर-

चंचाए रायहाणीए कालवडिंसए भवणे उववायसभाए देवसयणिज्जंसी देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइ, भागमेत्ताए ओगाहणाए कालीदेवीत्तए उववण्णा)

તેણે અર્દ્ધમાસની સંલેખનાથી પોતાના આત્માને યુક્ત કર્યો. આ પ્રમાણે તેણે અનશનો વડે ૩૦ ભક્તોનું છેદન કરીને પણ તે સ્થાનની આલોચના કરી નહિ અને તે અતિચારોના આચરણથી પણ અટકી નહિ. એથી અનાલોચિત અપ્રતિક્રાંત થઈને તે જ્યારે કાળ અવસરે કાળ કરીને અમરચંચા નામની રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં, ઉપપાત સભામાં દેવદૂષ્ય વસ્ત્રથી આચ્છાદિત દેવશનીય ઉપર આંગળીઓના અસંખ્યાતમા માત્રની અવગાહનાથી કાલી દેવીના રૂપમાં ઉત્પન્ન થઈ ગઈ.

(तएणं सा काली देवी अहुणोववण्णा समाणी पंचविहाए पज्जत्तीए जहा सूरियाभो जाव भासमणपज्जत्तीए० । तएणं सा काली देवी चउण्हं सामाणियसाहस्सीणं जाव अण्णेसिं च बहूणं कालवडेंसकभवणवासी णं असुरकुमाराणं देवाण य देवीणय आहेवच्चं जाव विहरइ)

આ પ્રમાણે તે કાલી દેવી હમણાં જ ઉત્પન્ન થઈને પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત બની છે. પર્યાપ્તિઓ છ હોય છે. પણ અહીં જે પાંચની સંખ્યામાં જ બતાવવામાં આવી છે. તેનું કારણ આ પ્રમાણે છે કે પર્યાપ્તિના બંધકાલમાં દેવોના આહાર, શરીર વગેરે પર્યાપ્તિઓના સમાપ્તિકાળની અપેક્ષા ભાષા અને મનઃ પર્યાપ્તિનું એકી સાથે બંધ હોય છે એથી આ બંનેને અહીં એક રૂપમાં જ બતાવવામાં આવી છે. તે પર્યાપ્તિઓ આ પ્રમાણે છે— (૧) આહાર પર્યાપ્તિ, (૨) શરીર પર્યાપ્તિ, (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ, (૪) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, (૫) ભાષા અને મનઃ પર્યાપ્તિ. તે કાલી દેવી ચાર હજાર સામાનિક દેવો ઉપર યાવત્ બીજા પણ ઘણા કાલાવતંસક ભવનવાસી અસુરકુમાર દેવો, દેવીઓ ઉપર શાસન કરી રહી છે.

(एवं खलु गोयमा ! कालीए देवीए सा दिव्वा देविड्ढी ३ लद्धा पत्ता अभिसमण्णागया, कालीए णं भंते ! देवीए केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा अड्ढा इज्जाइं पलिओवमाइं ठिई पण्णत्ता)

આ પ્રમાણે હે ગૌતમ! કાલી દેવીએ તે દિવ્ય દેવર્દ્ધિ ૩ પ્રાપ્ત કરી છે. સ્વાધીન બનાવી છે અને તેને પોતાને માટે ઉપભોગ યોગ્ય બનાવી છે. હવે ગૌતમ ફરી પ્રભુને પૂછે છે કે હે ભદન્ત! કાલી દેવીની સ્થિતિ કેટલી જવાબમાં પ્રભુએ તેમને કહ્યું કે હે ગૌતમ! કાલી દેવીની સ્થિતિ અઢી પલ્યની (પ્રજ્ઞપ્ત થઈ) છે.

(कालीणं भंते! देवी ताओ देवलोगाओ अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ? गोयमा! महाविदेहे वासे सिज्झिहिइ, एवं खलु जंबू! समणेणं जाव सपत्तेणं पढमस्स वग्गस्स पढमज्झयणस्स अयमट्ठे पण्णत्ते त्ति बेमि, धम्मकहाणं पढमज्झयणं समत्तं)

હે ભદન્ત! કાલી દેવી તે દેવલોકથી આયુ અને ભવસ્થિતિને પૂરી કરીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? આ પ્રમાણે ગૌતમના પ્રશ્નને સાંભળીને પ્રભુએ ઉત્તરમાં તેને કહ્યું કે હે ગૌતમ! તે કાલી દેવી દેવલોકથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી જ સિદ્ધ થશે. હવે સુધર્મા સ્વામી શ્રી જંબૂ! સ્વામીને કહે છે કે હે જંબૂ! મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો આ પૂર્વોક્ત રૂપે અર્થ પ્રજ્ઞપ્ત કર્યો છે. આવું હું તેમના શ્રી મુખથી સાંભળીને તમને કહી ગયો છું. ॥ સૂત્ર ૪ ॥

"પ્રથમ વર્ગનું પ્રથમ અધ્યયન સમાપ્ત."

બીજું અધ્યયન પ્રારંભઃ—

जइणं भंते ! समणेणं इत्यादि—

ટીકાર્થ—જંબૂ સ્વામી શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે (भंते) હે ભદન્ત !

(जइणं समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं धम्मकहाणं पढमस्स वग्गस्स पढमज्झयणस्स अयमट्ठे पण्णत्ते विइयस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के० अट्ठे पण्णत्ते ? एवं खलु जंबू ? तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे गुणसिलए चेइए सामी समोसढे)

જો શ્રમણ ભગવાન મહાવીરે–કે જેમણે મુક્તિસ્થાન મેળવી લીધું છે. ધર્મકથાના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો આ પૂર્વોક્ત રૂપમાં અર્થ પ્રરૂપિત કર્યો છે તો હે ભદન્ત ! તે જ શ્રમણ ભગવાન મહાવીરે–કે જેમણે મુક્તિ-સ્થાન મેળવી લીધું છે. બીજા અધ્યયનનો શો ભાવ–અર્થ પ્રતિપાદિત કર્યો છે. આ પ્રમાણે જંબૂ સ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી સુધર્મા સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું તેમાં ગુણશિલક નામે ઉદ્યાન હતું તેમાં મહાવીર સ્વામી પધાર્યા.

(परिसा निग्गया–जाव पज्जुवासइ, तेणं कालेणं तेणं समएणं राई देवी

चमरचंचाए रायहाणीए एवं जहा काली-तहेव आगया नट्टविहिं उवंदसेत्ता पडिगया)

પ્રભુનું આગમન સાંભળીને નગરના બધા નાગરિકજનો તે પ્રભુનાં દર્શન કરવા માટે તેમજ તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળવા માટે તે ગુણશિલક ઉદ્યાનમાં આવ્યા. પ્રભુએ બધાને ધર્મનો ઉપદેશ આપ્યો. બધાએ પ્રભુની પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે રાત્રિ નામે દેવી ચમરચંચા રાજધાનીમાં કાલી દેવીની જેમ રહેતી હતી. તે પ્રભુનું આગમન સાંભળીને ત્યાં આવી. ત્યાં આવીને તેણે નાટયવિધિ બતાવી અને બતાવીને તે ત્યાંથી પાછી જતી રહી.

(भंते त्ति भगवं गोयमा ! पुव्वभवपुच्छा-एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं आमलकप्पा णयरी अंबसालवणे चेइए-जियसत्तू राया-राई गाहावई, रायसिरी भारिया, राई दारिया, पासस्स समोसरणं-राई दारिया जहेव काली-तहेव निक्खंता, तहेव सरीरबाउसिया तं चेव सव्वं जाव अंतं काहिइ एवं खलु जंबू ! बिइयज्झयणस्स निक्खेवओ)

તેના ગયા બાદ શ્રમણ ભગવાન મહાવીરને ગૌતમે રાત્રિ દેવીના પૂર્વભવની વિગત પૂછી. પ્રભુએ તેમને આ પ્રમાણે કહ્યું કે હે ગૌતમ ! તે કાળે અને તે સમયે આમલકલ્પા નામે નગરી હતી. તેમાં આમ્રશાલવન નામે ઉદ્યાન હતું. નગરીના રાજાનું નામ જિતશત્રુ હતું. ત્યાં રાત્રિ નામે એક ગાથાપતિ રહેતો હતો. તેની પત્નીનું નામ રાત્રિશ્રી હતું. તેઓ બંનેને રાત્રિ નામે એક પુત્રી હતી. જેમ કાલી પ્રભુનો ઉપદેશ શ્રવણ કરીને પ્રતિબોધને પ્રાપ્ત થઇ તેમજ ત્યાં ઉદ્યાનમાં પધારેલા પાર્શ્વનાથની પાસેથી ધર્મોપદેશ સાંભળીને તે પણ પ્રતિબોધિત થઇ ગઈ. એથી કાલીની જેમજ તેને પણ પોતાના માતાપિતાની પાસેથી આજ્ઞા મેળવી અને ત્યારપછી તેના માતાપિતાએ તેને પાલખીમાં બેસાડીને પ્રભુની પાસે લઈ ગયા, ત્યાં તે દીક્ષિત થઇ ગઇ. ધીમે ધીમે તે પણ શરીર બાકુશિકા બની ગઇ. જેમ કાલી દારિકા પણ આર્યા થઈને શરીર વાકુશિકા બની ગઈ હતી ત્યારપછી જેવી સ્થિતિ કાલી આર્યાની

થઈ તેવીજ સ્થિતિ તે રાત્રિદારિકાની પણ થઇ. અહીં આ પ્રમાણે કાલિદારિકાનો બધો સંબંધ આના વિષે સમજી લેવો જોઇએ અને તે સંબંધ " મહાવિદેહમાં ઉત્પન્ન થઇને તે બધા દુઃખોનો અંત કરશે " અહીં સુધી સમજવો જોઇએ. આ પ્રમાણે હે જંબૂ ! પ્રથમ વર્ગના બીજા અધ્યયનનો આ ઉપસંહાર છે. સૂ. ૫

" પ્રથમ વર્ગનું બીજું અધ્યયન સમાપ્ત "

રજની દારિકા કે ચરિત્રકા નિરૂપણ

ત્રીજું અધ્યયન પ્રારંભઃ—

' जइणं भंते ! तइयज्झयणस्स उक्खेवओ ' इत्यादि—

ટીકાર્થ—(जइणं भंते ! तइयज्झयणस्स उक्खेवओ) હવે જંબૂ સ્વામી ફરી પૂછે છે કે હે ભદન્ત ! જો શ્રમણ ભગવાન મહાવીરે બીજા અધ્યયનનો આ પૂર્વોક્ત રૂપે અર્થ નિરૂપિત કર્યો છે તો ત્રીજા અધ્યયનનો તેમણે શો અર્થ પ્રતિપાદિત કર્યો છે ? આ પ્રમાણે આ ત્રીજા અધ્યયનનો જંબૂ સ્વામીનો આ પ્રશ્ન વગેરે રૂપ વાક્ય પ્રબંધ ઉત્ક્ષેપક છે-પ્રારંભ છે આ પ્રશ્નનો ઉત્તર શ્રી સુધર્માસ્વામી આ પ્રમાણે આપે છે કેઃ—

(एवं खलु जंबू ! रायगिहे णयरे गुणसिलए चेइए एवं जहेव राई तहेव रयणी वि णवरं आमलकप्पा नयरी, रयणी–गाहावई रयणीसिरी भारिया रयणी दारिया सेसं तहेव जाव अंतं काहिइ ३)

હે જંબૂ ! સાંભળો, તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ગુણશિલક નામે ઉદ્યાન હતું. જેમ રાત્રિ પ્રભુનું આગમન સાંભળીને ગુણશિલક ઉદ્યાનમાં ગઇ હતી તેમજ રજની પણ ત્યાં ગઈ. તેણે પ્રભુના મુખથી ધર્મનો ઉપદેશ સાંભળ્યો. સાંભળીને તે સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈ ગઇ. તેણે પોતાનો દીક્ષા ગ્રહણ કરવાનો ભાવ પ્રભુની સામે પ્રકટ કર્યો. પ્રભુએ ' યથાસુખમ્ ' દેવાનુપ્રિયે ! કહીને તેના ભાવની સરાહના કરી અને શુભ કાર્યમાં વિલંબ કરો નહિ એવી પોતાની અનુમતી દર્શાવી. ત્યારે તે પોતાને ઘેર આવી અને માતાપિતાની સામે દીક્ષા ગ્રહણ કરવાનો વિચાર પ્રકટ કર્યો–વગેરે બધી વિગત કાલી દારિકાની જેમજ રજનિની સાથે પણ સમજી લેવી જોઇએ. જ્યારે રજનીદેવી પ્રભુને વંદના કરવા માટે ગુણ-શિલક ઉદ્યાનમાં આવી અને ત્યાં તેણે નાટયવિધિનું પ્રદર્શન કર્યું. ત્યારબાદ

પ્રભુની પર્યુપાસના કરીને પાછી પોતાના સ્થાને જતી રહી ત્યારે ગૌતમ ગણ-ધરે પ્રભુને તેના પૂર્વભવો પૂછ્યા. ત્યારે પ્રભુએ તેને આ પ્રમાણે કહ્યું કે તે કાળે અને તે સમયે આમલકલ્પા નામે નગરી હતી, તેમાં રજની નામે ગાથાપતિ રહેતો હતો, રજની શ્રી તેની પત્નીનું નામ હતું. તેઓ બંનેને એક પુત્રી હતી-જેનું નામ રજની હતું. એના વિષેની બાકીની બધી વિગત "સમસ્ત દુઃખોનો તે અન્ત કરશે" અહીં સુધીની કાલી દારિકાની જેમજ સમજી લેવી જોઇએ. ॥ સૂત્ર ૬ ॥

" પ્રથમ વર્ગનું ત્રીજું અધ્યયન સમાપ્ત ॥

(एवं विज्जूवि आमलकप्पा नयरी विज्जु गाहावई ।
विज्जुसिरीभार्या विज्जुदारिया, सेसं तहेव ॥ ४ ॥
एवं मेहा वि आमलकप्पाए नयरीए मेहे गाहावई ।
मेहासिरी भारिया मेहा दारिया सेसं तहेव ॥ ५ ॥
(एवं खलु जंबू ! समणेणं जाव संपत्तेणं धम्मकहाणं पढमस्स वग्गस्स अय-

આ પ્રમાણેનું જ કથાનક વિદ્યુતના વિષે પણ સમજી લેવું જોઇએ. આમલકલ્પા નગરી, વિદ્યુત ગાથાપતિ અને વિદ્યુત શ્રી ભાર્યા. આ બંનેને ત્યાં વિદ્યુત દારિકા. આ પ્રમાણે ફક્ત નામ વગેરેમાં પરિવર્તન થયું છે. અભિધેય વિષયમાં કોઈ પણ જાતનો તફાવત નથી. મેઘના વિષે પણ એ જ વાત સમજી લેવી જોઇએ. આમલકલ્પા નગરી, મેઘ ગાથાપતિ, મેઘ શ્રી ભાર્યા, મેઘ દારિકા. આ પ્રમાણે આ કથાનકમાં પણ નામોમાં જ પરિવર્તન થયું છે-અભિધેય વક્તવ્ય વિષયમાં નહિ. આ પ્રમાણે અહીં સુધી પ્રથમ વર્ગના પાંચ અધ્યયનો પૂરા થઈ જાય છે. વિદ્યુદ્દારિકાનું અધ્યયન ચોથું, અને મેઘ દારિકાનું અધ્યયન પાંચમું છે. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે-કે જેઓ મુક્તિ સ્થાનના અધિપતિ થઇ ચૂકયા છે-ધર્મકથાના પ્રથમ વર્ગનો આ અર્થ પ્રરૂપિત કર્યો છે. ॥ ૯ ॥

બીજો વર્ગ પ્રારંભ—

' जइणं भंते ! समणेणं ' इत्यादि—

ટીકાર્થ—જંબૂ સ્વામી શ્રી સુધર્મા સ્વામીને પૂછે છે કે—

(भंते ! जइणं समणेणं जाव संपत्तेणं दोच्चस्स वग्गस्स उक्खेवओ-एवं खलु जंबू ! समणेणं जाव संपत्तेणं दोच्चस्स वग्गस्स पंचअज्झयणा पण्णत्ता)

હે ભદન્ત ! મુક્તિસ્થાનને પ્રાપ્ત કરેલા શ્રમણ ભગવાન મહાવીરે બીજા વર્ગનો ઉત્ક્ષેપક-પ્રારંભ-કયા રૂપથી પ્રરૂપિત કર્યો છે ? ત્યારે સુધર્મા સ્વામીએ તેમને કહ્યું કે હે જંબૂ ! સાંભળો, યાવત્ મુક્તિસ્થાનને વરેલા તે શ્રમણ ભગવાન મહાવીરે આ બીજા વર્ગના પાંચ અધ્યયનો પ્રરૂપિત કર્યાં છે. (तंजहा) તે આ પ્રમાણે છે—

(सुंभा, निसुंभा, रंभा, निरंभा, मयणा, जइणं भंते ! समणेणं जाव संपत्तेणं धम्मकहाणं दोच्चस्स वग्गस्स पंच अज्झयणा पण्णत्ता, दोच्चस्स णं भंते वग्गस्स पढमज्झयणस्स के अट्ठे पण्णत्ते ! एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे, गुणसीलए चेइए-सामी समोसढे परिसा णिग्गया जाव पज्जुवासइ)

(૧) શુંભા, (૨) નિશુંભા, (૩) રંભા, (૪) નિરંભા, (૫) મદના. હવે જંબૂ સ્વામી ફરી સુધર્મા સ્વામીને પૂછે છે કે હે ભદન્ત ! જો યાવત્ મુક્તિ

સ્થાનને પ્રાપ્ત કરેલા શ્રમણ ભગવાન મહાવીરે બીજા વર્ગના પાંચ અધ્યયનો પ્રરૂપિત કર્યાં છે. તો હે ભદન્ત ! બીજા વર્ગના પ્રથમ અધ્યયનનો તેમણે શો અર્થ પ્રતિપાદિત કર્યો છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી સુધર્મા સ્વામી તેમને આ પ્રમાણે કહે છે કે હે જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ગુણશિલક નામે ઉદ્યાન હતું. તેમાં વર્દ્ધમાન સ્વામી પધાર્યા. પ્રભુનું આગમન સાંભળીને ત્યાંના બધા નાગરિકો તેમને વંદના કરવા માટે પોતપોતાને સ્થાનેથી નીકળીને તે ગુણશિલક ઉદ્યાનમાં આવ્યા. પ્રભુએ બધાને ધર્મનો ઉપદેશ આપ્યો. પરિષદે ધર્મોપદેશ સાંભળીને પ્રભુની યાવત્ પર્યુપાસના કરી. (तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે

(सुंभा देवी बलिचंचाए रायहाणीए सुंभवडेंसए भवणे सुभंसि सीहासणंसि काली गमएणं जाव नट्ट विहिं उवदंसेत्ता जाव पडिगया, पुव्वभवपुच्छा सावत्थी णयरी, कोट्ठए चेइए जियसत्तू राया, सुंभे गाहावई, सुंभसिरी भारिया, सुंभा-दारिया, सेसं जहा कालीए णवरं अद्धुट्ठाइं, पलिओवमाइं ठिई। एवं खलु जंबू! निक्खेवओ अज्झयणस्स एवं सेसा वि चत्तारि अज्झयणस्स सावत्थीए नवरं माया-पिया सरिसनामया, एवं खलु जंबू! निक्खेवओ-बिईयवग्गस्स पंच अज्झयणा समत्ता बीओ वग्गो समत्तो)

શુંભા દેવી-કે જે બલિચંચા નામે રાજધાનીમાં શુભાવતંસક નામના ભવનમાં રહેતી હતી અને શુભ નામે સિંહાસન ઉપર બેસતી હતી-કાલી દેવીના પ્રકરણમાં વર્ણવેલા પાઠ મુજબ પ્રભુની પાસે તેમને વંદના કરવા માટે આવી. ત્યાં તેણે નાટયવિધિનું પ્રદર્શન કર્યું. ત્યારબાદ તે ત્યાંથી પાછી પોતાના સ્થાને જતી રહી. તેમના જતા રહ્યા બાદ ગૌતમ સ્વામીએ પ્રભુની શુંભા દેવીના પૂર્વ ભવની પૃચ્છા કરી. ત્યારે ભગવાને તેમને આ પ્રમાણે કહ્યું કે— શ્રાવસ્તી નામે નગરી હતી, તેમાં કોષ્ઠક નામે ઉદ્યાન હતું. નગરીના રાજાનું નામ જિતશત્રુ હતું. તેમાં શુંભ નામે ગાથાપતિ રહેતો હતો. શુંભશ્રી નામે તેની પત્ની હતી, તેની પુત્રીનું નામ શુંભા હતું ત્યારપછીનું તેનું શેષ વર્ણન કાલી દેવીની જેમજ સમજી લેવું જોઇએ. તેમાં અને આમાં તફાવત એટ-

લો જ છે કે કાલી દેવીની સ્થિતિ ૨ાા પલ્યની હતી અને આ શુંભા દેવીની સ્થિતિ ૩ાા પલ્યની હતી. આ પ્રમાણે હે જંબૂ! આ બીજા વર્ગના પ્રથમ અધ્યયનનો આ નિક્ષેપક છે. આ પ્રમાણે જ નિશુંભા, રંભા, નિરંભા અને મદના નામના ચાર અધ્યયનો પણ જાણી લેવાં જોઈએ. એમનામાં વિશેષતા ફક્ત એટલી જ છે કે અહીં જે માતાપિતા છે તે પુત્રીના જેવા જ નામવાળા છે. જેમકે નિશુંભાના પિતાનું નામ નિશુંભ, માતાનું નામ નિશુંભશ્રી. રંભાના પિતાનું નામ રંભ, માતાનું નામ રંભશ્રી નિરંભાના પિતાનું નામ નિરંભ, માતાનું નામ નિરંભશ્રી, મદનાના પિતાનું નામ મદન અને માતાનું નામ મદનશ્રી, આ બધા ગાથાપતિઓ છે આ પ્રમાણે બીજા વર્ગનો નિક્ષેપક ઉપસંહાર છે.

॥ બીજો વર્ગ સમાપ્ત ॥

અલાદિ દેવિયોંકે ચરિત્રકા વર્ણન

ત્રીજો વર્ગ પ્રારંભ—

'उक्खेवओ तइयवग्गस्स' इत्यादि—

ટીકાર્થ—ત્રીજા વર્ગનું પ્રારંભ વાકય પ્રબંધ આ પ્રમાણે છે–એટલે કે સુધર્મા સ્વામીને જંબૂ સ્વામીએ પ્રશ્ન કર્યો કે હે ભદન્ત! શ્રમણ ભગવાન મહાવીરે–કે જેમણે મુક્તિ મેળવી લીધી છે. આ ત્રીજા વર્ગના કેટલાં અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે? ત્યારે સુધર્મા સ્વામીએ તેમને આ પ્રમાણે કહ્યું—

(एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं तइयस्स वग्गस्स चउपण्णं अज्झयणा पन्नत्ता–तं जहा पढमे अज्झयणे जाव चउपण्णइमे अज्झयणे जइणं भंते ! समणेणं जाव संपत्तेणं धम्मकहाणं तइयस्स वग्गस्स चउपन्नज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ?)

હે જંબૂ! સાંભળો, મુક્તિ પ્રાપ્ત કરેલા તે શ્રમણ ભગવાન મહાવીરે ત્રીજા વર્ગના અલાદિક ૫૪ અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે. જંબૂ સ્વામી ફરી પ્રશ્ન કરે

છે કે હે ભદન્ત ! યાવત્ મુક્તિ પ્રાપ્ત કરેલા શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથાના ત્રીજા વર્ગના ૫૪ ચોપનઅધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે, તો તેઓમાંથી હે ભદંત ! તે જ યાવત્ મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પહેલા અધ્યયનનો શો અર્થ પ્રરૂપિત કર્યો છે ? આ પ્રશ્નના સમાધાનમાં શ્રી સુધર્મા સ્વામી તેમને કહે છે કે (एवं खलु जंबू !) હે જંબૂ ! તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે

(तेणं कालेणं तेणं समएणं अलादेवी धरणाए रायहाणीए अलावडंसए भवणे अलंसि सीहासणंसि एवं काली गमएणं जाव णट्टविहिं उवदंसेत्ता पडिगया, पुव्वभवपुच्छा, वाणारसी णयरी, काममहावणे चेइए, अलं गाहावई, अलासिरी भारिया, अलादारिया सेसं जहा कालीए णवरं धरणस्स अग्गमहिसित्ताए उववाओ, साइरेगं अद्धपलिओवमं ठिई सेसं तहेव, एवं खलु णिक्खेवओ पढमज्झयणस्स)

તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ગુણશિલક નામે ઉદ્યાન હતું. તેમાં તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં પધારીને શ્રમણ ભગવાન મહાવીરે મુકામ કર્યો હતો. નગરની પરિષદ પ્રભુને વંદન કરવા માટે પોતપોતાને ઘેરથી નીકળીને તે ઉદ્યાનમાં આવી. પ્રભુએ સૌને ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને લોકોએ યાવત્ પ્રભુની પર્યુપાસના કરી, તે વખતે ત્યાં ધરણેન્દ્રની અગ્રમહિષી (પટરાણી) અલાદેવી કે જે ધરણા રાજધાનીમાં અલાવતંસક આ નામના ભવનમાં રહેતી હતી, અને જેને બેસવાના સિંહાસનનું નામ અલા હતું–પ્રભુને વંદના કરવા માટે આવી. ત્યાં આવીને તેણે નાટયવિધિનું પ્રદર્શન કર્યું, પ્રદર્શન કરીને તે ત્યાંથી પાછી પોતાના સ્થાને જતી રહી. તેના ગયા પછી તરત જ ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને તેનો પૂર્વભવ પૂછયો ત્યારે ભગવાને તેમને આ પ્રમાણે કહ્યું કે વાણારસી નામે નગરી હતી, તેમાં કામમહાવન નામે ઉદ્યાન હતું, તેમાં અલ નામે ગાથાપતિ રહેતો હતો. તેની ભાર્યાનું નામ અલશ્રી હતું. તેને એક પુત્રી હતી તેનું નામ અલા હતું. અલા વિષેનું શેષ કથાનક પહેલાં

વર્ણવેલા કાલી દેવીના કથાનકની જેમજ સમજી લેવું જોઇએ. તેના અને આના વર્ણનમાં તફાવત ફક્ત એટલો જ છે કે આ ધરણેન્દ્રની અગ્રમહિષીના રૂપમાં ઉત્પન્ન થઇ અને આની સ્થિતિ ૧ાા પલ્ય કરતાં કંઇક વધારે છે. આનું બાકીનું વર્ણન કાલી દેવી જેવું જ છે. આ પ્રમાણે આ બીજા વર્ગના પહેલા અધ્યયનનો નિક્ષેપક ઉપસંહાર છે.

(एवं कमा सक्का सतेरा, सोयामणी, इंदा, घणविज्जुया वि, सव्वओ एयाओ धरणस्स, अग्गमहिसीओ एवं एते ६ अज्झयणा वेणुदेवस्स वि अविसेसिया भाणियव्वा, एवं जाव घोसस्स वि एए चेव६ अज्झयणा, एवमेते दाहिणिल्लाणं इंदाणं-चउप्पण्णं अज्झयणा भवंति, सव्वाओ वि वाणारसीए काम महावणे चेइए तइयवग्गस्स णिक्खेवओ ॥ ८ ॥ तइओ वग्गो समत्तो)

આ અનુક્રમ પ્રમાણે જ શક્રા ૨, સતેરા ૩, સૌદામની ૪, ઇન્દ્રા ૫, ધનવિદ્યુત ૬, આ બધી દેવીઓ ધરણેન્દ્રની જ અગ્રમહિષીઓ હતી. આ પ્રમાણે જ ૬ અધ્યયનો વેણુ દેવીના પણ છે અને એમનું વર્ણન ધરણેન્દ્રના વર્ણન જેવું જ છે. ઘોષેન્દ્રના પણ આ જાતનાં જ ૬ અધ્યયનો છે. આ પ્રમાણે દક્ષિણ દિશા સંબંધી ઇન્દ્રોના ૫૪ અધ્યયનો થઈ જાય છે. આ બધી દેવીઓ પૂર્વભવમાં વાણારસીમાં ઉત્પન્ન થઈ હતી અને કામમહાવન ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથ અર્હત પ્રભુની પાસે દીક્ષિત થઇ. આ પ્રમાણે ધર્મકથાનો આ ત્રીજો વર્ગ પૂરો થયો છે.

ચોથો વર્ગ પ્રારંભ.

'चउत्थस्स उवक्खेवओ' इत्यादि—

ટીકાર્થ—(चउत्थस्स उवक्खेवओ) ચોથા વર્ગની શરૂઆત કેવી રીતે થઇ છે? આ જાતનો જંબૂ સ્વામીએ પ્રશ્ન કર્યા બાદ **શ્રી** સુધર્મા સ્વામી તેમને કહે છે કે (एवं खलु जंबू) હે જંબૂ! સાંભળો,

(समणेणं जाव संपत्तेणं धम्मकहाणं चउत्थवग्गस्स चउप्पण्णं अज्झयणा पण्णत्ता तं जहा पढमे अज्झयणे जाव चउपण्णइमे अज्झयणे)

યાવત્ મુક્તિસ્થાનને પામેલા શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથાના ચોથા વર્ગના ૫૪ અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે. તેઓ પહેલા અધ્યયનથી માંડીને ૫૪ મા અધ્યયન સુધી છે.

(पढमस्स अज्झयणस्स उक्खेवओ—एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं जाव परिसा पज्जुवासइ, तेणं कालेणं तेणं समएणं रूया देवी, रूयाणंदा, रायहाणी रूयगवडिंसए भवणे रूयगंसि सीहासणंसि जहा कालीए तहा नवरं पुव्वभवे चंपाए पुण्णभद्दे चेइए रूपगे गाहावई रूयगसिरी भारिया, रूया दारिया, सेसं तहेव, णवरं भूयाणंद अग्गमहिसित्ताए उववाओ देसूणं पलिओवमं ठिई निक्खेवओ, एवं सुरूवया वि, रूयंसावि, रूयगाहावई, वि रूयकंता वि रूयप्पभावि, एयाओ चेव उत्तरिल्लाणं इंदाणं भाणियव्वाओ, जाव महाघोसस्स णिक्खेओ चउत्थवग्गस्स ॥ ९ ॥ चउत्थो वग्गो समत्तो)

હે જંબૂ! પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપક આ પ્રમાણે છે–તે કાળે અને તે સમયે રાજગૃહ નગરમાં મહાવીર સ્વામીનું આગમન થયું. પ્રભુને વંદના કરવા માટે પરિષદ પોતપોતાને સ્થાનેથી નીકળીને જ્યાં પ્રભુ વિરાજમાન હતા ત્યાં આવી, પ્રભુએ ધર્મનો ઉપદેશ આપ્યો યાવત્ સૌએ પ્રભુની પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે ભૂતાનંદ ઇન્દ્રની અગ્રદેવી (પટરાણી) જેનું નામ રૂપા દેવી હતું–પ્રભુને વંદના કરવા માટે આવી. તેના રહેવાના ભવનનું

નામ રૂપકાવતંસક હતું અને જે સિંહાસન ઉપર તે બેસતી હતી તેનું નામ રૂપક હતું. જેમ પહેલાં કાલી દેવીનું વર્ણન કરવામાં આવ્યું છે તેમજ આનું વર્ણન પણ સમજી લેવું જોઇએ. તેના પૂર્વભવનું વર્ણન આ પ્રમાણે છે— આ પૂર્વભવમાં ચંપા નામની નગરીમાં-કે જેમાં પૂર્ણભદ્રા નામે ઉદ્યાન હતું અને રૂપક ગાથાપતિ જેમાં રહેતો હતો. તે ગાથાપતિની આ રૂપશ્રી ભાર્યાથી 'રૂપાદારિકા' આ નામથી પુત્રી રૂપે ઉત્પન્ન થઈ હતી. ત્યારપછી પ્રભુનો ઉપદેશ સાંભળીને એ બોધને પ્રાપ્ત થઈ અને કાલી દેવીની જેમ આર્યા થઈ ગઇ. એના પછીની વિગત કાલી દેવીની હતી તેવી જ એની પણ સમજી લેવી જોઈએ. જ્યારે તેણે કાળ અવસરે કાળ કર્યો ત્યારે આ ભૂતાનંદ ઇન્દ્રની અગ્રમહિષી (પટરાણી) ના રૂપમાં ઉત્પન્ન થઇ. ત્યાં તેની થોડી ઓછી એક પલ્યની સ્થિતિ છે. આ પ્રમાણે રૂપાદેવીના કથાનકનો આ નિક્ષેપક છે. આ પ્રમાણે જ (૨) સુરૂપા, (૩) રૂપાંશા, (૪) રૂપકાવતી, (૫) રૂપકાંતા અને (૬) રૂપપ્રભાનું વર્ણન પણ સમજી લેવું જોઇએ. આ બધી દેવીઓ ભૂતાનંદ ઇન્દ્રની જેમ ઉત્તરીય ઇન્દ્રોની પણ અગ્રમહિષીઓ (પટરાણીઓ) છે. અને મહાઘોષેન્દ્રની પણ તેઓજ પટરાણીઓ છે. આ પ્રમાણે આ ચોથા વર્ગનો નિક્ષેપક છે.

ચોથો વર્ગ સમાપ્ત.

પાંચમો વર્ગ પ્રારંભ.

'पंचम वग्गस्स उक्खेवओ' इत्यादि—

ટીકાર્થ—(पंचम वग्गस्स उक्खेवओ) હે ભદન્ત! પાંચમા વર્ગના ઉત્ક્ષેપક-પ્રારંભ-નું સ્વરૂપ શ્રમણ ભગવાન મહાવીરે કેવી રીતે પ્રરૂપિત કર્યું છે? એ પ્રમાણે જંબૂ સ્વામીના પ્રશ્ન કર્યા બાદ સુધર્મા સ્વામીએ તેમને આ પ્રમાણે કહ્યું કે-(एवं खलु जंबू!) હે જંબૂ! સાંભળો, તે આ પ્રમાણે છે-

(जाव बत्तीसं अज्झयणा पण्णत्ता-तं जहा (१) कमला (२) कमलप्पभा चेव, (३) उप्पला य, (४) सुदंसणा (५) रूववई (६) बहुरूवा (७) सुरूवा (८) सुभगाविय, (९) पुण्णा (१०) बहुपुत्तिया चेव (११) उत्तमा (१२) तारयाविय, (१३) पउमा, (१४) वसुमती चेव (१५) कणगा, (१६) कणगप्पभा, (१७) वडेंसा, (१८) केउमइ चेव, (१९) वइरसेणा, (२०) रइप्पिया, (२१) रोहिणी, (२२) नवमिया चेव (२३) हिरी (२४) पुप्फवईइय, (२५) भुयगा (२६) भुयगवई चेव, (२७) महाकच्छा (२८) पराइया, (२९) सुघोसा (३०) विमला चेव (३१) सुस्सरा, (३२) य सरसवई)

શ્રમણ ભગવાન મહાવીરે આ પાંચમા વર્ગના કમલા વગેરે નામોવાળા ૩૨ અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે. એમનાં નામો સૂત્રકાર ચાર ગાથાઓ વડે એ પ્રમાણે પ્રકટ કરે છે—કમલા (૧), કમલપ્રભા (૨), ઉત્પલા (૩), સુદર્શના (૪), રૂપવતી (૫), બહુરૂપા (૬), સુરૂપા (૭), સુભગા (૮), પૂર્ણા (૯), બહુ-પુત્રિકા (૧૦), ઉત્તમા (૧૧), તારકા (૧૨), પદ્મા (૧૩), વસુમતી (૧૪), કનકા (૧૫), કનકપ્રભા (૧૬), અવતંસા (૧૭), કેતુમતી (૧૮), વજ્રસેના (૧૯), રતિપ્રિયા, (૨૦), રોહિણી (૨૧), નવમિકા (૨૨), હ્રી (૧૩), પુષ્પ-વતી (૨૪) ભુજગા (૨૫), ભુજગવતી (૨૬), મહાકચ્છા (૨૭), અપરાજીતા (૨૮), સુઘોષા (૨૯), વિમલા (૩૦), સુસ્વરા (૩૧), સરસ્વતી (૩૨).

(उक्खेवओ पढमज्झयणस्स, एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं जाव परिसापज्जुवासइ. तेणं कालेणं तेणं समएणं कमला-देवी कमलाए रायहाणीए कमलवडेंसए भवणे कमलंसि सीहासणंसि सेसं जहा कालीए तहेव णवरं पुव्वभवे नागपुरे नयरे सहसंबवणे उज्जाणे कमलस्स गाहावइस्स कमलसिरीए भरियाए कमला दारिया पासस्स० अंतिए निक्खंता कालस्स पिसाय कुमारिंदस्स अग्गमहिसी अद्धपलिओवमठिई, एवं सेसा वि अज्झयणा दाहिणिल्लाणं वाणमंतरिंदाणं भाणियव्वाओ, सव्वाओ णागपुरे सहसंबवणे उज्जाणे मायापिया धूया सरिसनामया, ठिई अद्धपलिओवमं)

ત્યારપછી જંબૂ સ્વામીએ શ્રી સુધર્મા સ્વામીને પૂછ્યું કે આ બધામાં કમલા નામે જે પહેલું અધ્યયન છે તેનો ઉત્ક્ષેપક કેવી રીતે છે ?

આ પ્રમાણે જંબૂ સ્વામીએ પ્રશ્ન કર્યા બાદ તેમને શ્રી સુધર્મા સ્વામીએ કહ્યું કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ભગવાન મહાવીરનું આગમન થયું. યાવત્ નગરની પરિષદ તેમને વંદના કરવા માટે આવી. પ્રભુએ સૌને ધર્મનો ઉપદેશ આપ્યો. પરિષદે પ્રભુની પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે કમલા નામની દેવી, કમલા રાજધાનીમાં કમલાવતંસક ભવનમાં રહેતી હતી. તેના સિંહાસનનું નામ કમલા હતું. એના પછીનું બધું વર્ણન કાલી દેવીના વર્ણનની જેમ જ સમજી લેવું જોઇએ. પરંતુ આમાં જે કંઈ વિશેષતા છે તે એ પ્રમાણે છે—કે જ્યારે ગૌતમ સ્વામીએ દેવીના ગયા પછી તેના પૂર્વ ભવ વિષેની વિગત પૂછી ત્યારે પ્રભુએ તેમને આ પ્રમાણે કહ્યું—કે આના પૂર્વ ભવના નગરનું નામ નાગપુર હતું. તેમાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં કમલ નામે ગાથાપતિ રહેતો હતો. તેની પત્નીનું નામ કમલાશ્રી હતું. એમને એક દિકરી હતી તેનું નામ કમલા હતું, તે યોગ્ય કાળલબ્ધિના અવસરે પુરુષાદાનીય—પુરુષ શ્રેષ્ઠ—પાર્શ્વનાથ અર્હંત પ્રભુની પાસે પ્રવ્રજિત થઇ ગઇ. ત્યારપછી મૃત્યુ થયા બાદ તે કાલ નામના પિશાચ કુમારેન્દ્રની અગ્ર-

મહિષી (પટરાણી) બની. ત્યાં તેની સ્થિતિ અર્ધપલ્યની છે. શેષ જે ૩૧ કમલપ્રભા નામના અધ્યયનો છે તે દક્ષિણ દિશા સંબંધી વાનવ્યંતરેન્દ્રોની અગ્રમહીષીઓ (પટરાણીઓ) નાં સમજવાં જોઈએ. આ બધી પૂર્વભવમાં નાગપુર નગરમાં ઉત્પન્ન થઈ અને સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથની પાસે પ્રવ્રજિત થઇ ગઇ. આ બધાં અધ્યયનોમાં માતાપિતા તેમજ પુત્રી આ સર્વે એક સરખાં નામવાળાં છે. જેમકે કમલપ્રભા નામના અધ્યયનમાં માતાનું નામ કમલપ્રભાશ્રી, પિતાનું નામ કમલપ્રભ અને પુત્રીનું નામ કમલપ્રભા છે એ પ્રમાણે બીજા અધ્યયનો વિષે પણ જાણી લેવું જોઇએ. આ બધી દેવીઓની સ્થિતિ અર્ધપલ્યની છે. ॥ સૂ૦ ૧૦ ॥

પાંચમો વર્ગ સમાપ્ત.

ઉત્તરદિશાકે ઈન્દ્ર મહાકાલ આદિકોંકી અગ્રમહિષિયોં કા વર્ણન

છઠ્ઠો વર્ગ પ્રારંભઃ—

' छट्ठो वि वग्गो पंचम वग्गसरिसो ' इत्यादि—

(छट्ठो विवग्गो पंचमवग्गसरिसो, णवरं महाकालादीणं उत्तरिल्लाणं इंदाणं अग्गमहिसीओ पुव्वभवे सागेय नयरे उत्तरकुरु उज्जाणे मायापिया धूया सरिस णामया सेसं तं चेव ११)

છઠ્ઠો વર્ગ પણ પાંચમા વર્ગના જેવો જ છે. પરંતુ આમાં જે તેના કરતાં વિશેષતા છે, તે એ પ્રમાણે છે કે આ અધ્યયનમાં ઉત્તર દિશાના ઈન્દ્ર મહાકાલ વગેરેની અગ્રમહિષીઓ (પટરાણીઓ) નું વર્ણન છે. આ બધી અગ્રમહિષીઓ પૂર્વભવમાં સાકેત નગરમાં ઉત્તરકુરૂ નામના ઉદ્યાનમાં પાર્શ્વ પ્રભુની પાસે પ્રવ્રજિત થઈ છે. માતાપિતા અને પુત્રીઓ બધાં એક સરખાં નામવાળાં છે. એમના વિષેનું બાકીનું બધું કથન કાલી દેવીના વર્ણન જેવું જાણવું જોઇએ.

છઠ્ઠો વર્ગ સમાપ્ત.

સાતમો વર્ગ પ્રારંભ—

'सत्तमस्स वग्गस्स उक्खेवओ' इत्यादि—

ટીકાર્થ-(सत्तमस्स वग्गस्स उक्खेवओ एवं खलु जंबू ! जाव चत्तारि अज्झयणा पण्णत्ता) હે ભદન્ત ! સાતમા વર્ગનો ઉત્ક્ષેપક કેવી રીતે છે ?

જંબૂ સ્વામીના આ પ્રશ્નને સાંભળીને ગૌતમ સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે શ્રમણ ભગવાન મહાવીરે આ સાતમા વર્ગના ચાર અધ્યયનો પ્રરૂપિત કર્યાં છે.

(तं जहा-सूरप्पभा, आयवा, अच्चिमाली, पभंकरा, पढमज्झयणस्स, उक्खेवओ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं जाव परिसा पज्जुवासइ, तेणं कालेणं तेणं समएणं सूरप्पभादेवी, सूरंसि विमाणंसि सूरप्पभंसि सीहासणंसि सेसं जहा कालीए तहा)

તે ચાર અધ્યયનો આ પ્રમાણે છેઃ-સૂરપ્રભા ૧, આતપા ૨, અર્ચિમાલી ૩, પ્રભઙ્કરા ૪, હે જંબૂ ! આ બધામાં પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપક આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે રાજગૃહ નામના નગરમાં ભગવાન વર્ધમાન સ્વામીનું આગમન થયું. પ્રભુનું આગમન સાંભળીને ત્યાંની પરિષદ તેમને વંદના કરવા માટે તેમની પાસે ગઇ. પ્રભુએ સૌને ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને સૌએ પ્રભુની પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે સૂરપ્રભા નામની એક દેવી-જે સૂર વિમાનમાં રહેતી હતી અને સૂરપ્રભ સિંહાસન ઉપર બેસતી હતી-પ્રભુની વંદના કરવા માટે આવી. એના પછીનું

આનું વર્ણન કાલી દેવીના વર્ણન જેવું જ સમજી લેવું જોઇએ, તેમાં કોઇ પણ જાતનો તફાવત નથી. (णवरं) પરંતુ જે વાતમાં તફાવત છે, તે આ પ્રમાણે છે. (पुव्वभवे) આ પૂર્વભવમાં

(अरक्खुरीए नयरीए सूरप्पभस्स गाहावइस्स सूरसिरीए भारियाए सूरप्पभा दारिया सूरस्स अग्गमहिसी ठिई अद्धपलिओवमं पंचहिं वाससएहिं अब्भहियं सेसं जहा कालीए, एवं सेसाओ वि सव्वाओ अरक्खुरीए णयरीए १२)

અરક્ષુરી નામની નગરીમાં રહેનારી સૂરપ્રભા ગાથાપતિની સૂરશ્રીભાર્યાના ગર્ભથી જન્મ પામી હતી, તેનું નામ સૂરજપ્રભા હતું. તે સૂરની અગ્રમહિષી (પટરાણી) થઈ. તેની ત્યાં પાંચસો વર્ષ કરતાં વધારે અર્ધપલ્યની સ્થિતિ છે. તેનું આ અવસ્થા વિષેનું બધું વર્ણન કાલીના જેવું જ છે. એ પ્રમાણે જ આતપા વગેરે ૩ દેવીઓનું પણ જીવનવૃત્તાંત છે. આ ત્રણે દેવીઓ પોત-પોતાના પૂર્વભવમાં અરક્ષુર નગરમાં જન્મ પામી હતી. ાાસૂ૦૧૨ાા

સાતમો વર્ગ સમાપ્ત.

ચન્દ્રપ્રભાદિ દેવિયોં કે ચરિત્રકા વર્ણન

આઠમો વર્ગ પ્રારંભ

' अट्ठमस्स उक्खेवओ , इत्यादि—

(अट्ठमस्स उक्खेवओ-एवं खलु जंबू ! जाव चत्तारि अज्झयणा पण्णत्ता-तं जहा-चंदप्पभा, दोसिणाभा, अच्चिमाली, पभंकरा, पढमस्स अज्झयणस्स उक्खे-

वओ–एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं–जाव परिसा पज्जुवासइ, तेणं कालेणं तेणं समएणं चंदप्पभादेवी चंदप्पभंसि विमाणंसि चंदप्पभंसि सीहासणंसि सेसं जहा कालीए, णवरं पुव्वभवे महुराए णयरीए भंडीरवडेंसए उज्जाणे चंदप्पभे गाहावई चंदसिरी भारिया चंदप्पभा दारिया)

હે ભદન્ત! આઠમા વર્ગનો ઉત્ક્ષેપક કેવો છે?

આ પ્રમાણે જંબૂ સ્વામીના પ્રશ્ન કર્યા બાદ સુધર્મા સ્વામીએ તેમને કહ્યું કે હે જંબૂ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે કે શ્રમણ ભગવાન મહાવીરે આ વર્ગનાં ચાર અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે, તે આ પ્રમાણે છે–ચંદ્રપ્રભા ૧, જ્યોત્સ્નાભા ૨, આર્ચિમાલી ૩, પ્રભંકરા ૪. હે જંબૂ! આ ચારેમાં પહેલા ચન્દ્રપ્રભા નામે અધ્યયનનો ઉત્ક્ષેપક આ પ્રમાણે છે કે તે કાળે અને સમયે રાજગૃહ નામના નગરમાં શ્રી મહાવીર સ્વામીનું આગમન થયું તેમની પાસેથી ધર્મકથા સાંભળવા માટે ત્યાંની બધી ધાર્મિક જનતા ત્યાં આવી. પ્રભુએ ધર્મનો ઉપદેશ સંભળાવ્યો. સાંભળીને બધાએ તેમની યાવત્ પર્યુંપાસના કરી. તે કાળે અને તે સમયે ચંદ્રપ્રભા દેવી–કે જે ચંદ્રપ્રભ વિમાનમાં રહેતી હતી અને ચંદ્રપ્રભ વિમાનમાં બેસતી હતી–શ્રમણ ભગવાન મહાવીરની વંદના કરવા માટે અને તેમની પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળવા માટે તેમની પાસે આવી. તેના પછીનું તેનું વૃત્તાંત કાલી દેવીના વૃત્તાંત જેવું જ છે તેમાં કોઇ પણ જાતનો તફાવત નથી. જ્યાં તફાવત છે–તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે કે પૂર્વભવમાં તે મથુરા નગરીમાં જન્મી હતી, ત્યાં ભંડીરાવતંસક ઉદ્યાન હતું. તે નગરીમાં ચંદ્રપ્રભનામે ગાથાપતિ રહેતો હતો. ચંદ્રશ્રી તેની ભાર્યાનું નામ હતું. તેને ચન્દ્રપ્રભા નામે પુત્રી હતી. આ ચન્દ્રની અગ્રમહિષી (પટરાણી) થઈ.

(ठिई अद्धपलिओवमं, पण्णासाए वाससहस्सेहिं अब्भहियं सेसं जहा कालीए एवं सेसाओवि चंदस्स अग्गमहिसी)

પચાસ હજાર વર્ષ કરતાં આની સ્થિતિ અડધા પલ્યની છે. એના પછીનું આનું જીવન વિષેનુ વર્ણન કાલી દારિકાના જીવન જેવું જ સમજી લેવું જોઇએ. આ પ્રમાણે જ્યોત્સ્નાભા વગેરે બાકી ત્રણ દેવીઓના સંબંધને લઇને જે અધ્યયનો કહેવામાં આવ્યાં છે તેમને પણ સમજી લેવાં જોઇએ.

આ બધી જ્યોત્સ્નાભા વગેરે દેવીઓ પૂર્વભવમાં (महुराए णयरीए) મથુરા નગરીમાં ઉત્પન્ન થઈ અને પાર્શ્વનાથ પ્રભુની પાસેથી દીક્ષિત થઈ. (मायापियरो वि० धूया सरिसणामा) આ પુત્રીઓનાં નામો જેવાં જ તેમનાં માતાપિતાઓનાં નામો પણ છે.

આઠમો વર્ગ સમાપ્ત.

પદમાદિદેવિયોં કે ચરિત્રકા વર્ણન

નવમો વર્ગ પ્રારંભ.

(णवमस्स उक्खेवओ–एवं खलु जंबू ! जाव अट्ठ अज्झयणा पण्णत्ता–तं जहा पउमा, सिवा, सई, अंजू, रोहिणी, णवमिया, अचला, अच्छरा, पढमज्झयणस्स उक्खेवओ–एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं जाव परिसा पज्जुवासइ, तेणं कालेणं तेणं समएणं पउमावई देवी सोहम्मे कप्पे पउमवडेंसए विमाणे सभाए सुहम्माए पउमंसि–सीहासणंसि जहा कालिए एवं अट्ठ वि अज्झयणा काली गमएणं नायव्वा)

હે ભદન્ત ! નવમા વર્ગનો ઉત્ક્ષેપક કેવી રીતે છે ?

આ પ્રમાણે જંબૂ સ્વામીના પ્રશ્ન કર્યા બાદ સુધર્મા સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે—શ્રમણ ભગવાન મહાવીરે આ વર્ગનાં યાવત્ આઠ અધ્યયનો પ્રરૂપિત કર્યાં છે, તે આ પ્રમાણે છેઃ—પદ્મા ૧, શિવા ૨, શચી ૩, અંજૂ ૪, રોહિણી ૫, નવમિકા ૬, અચલા ૭ અને અપ્સરા ૮।

હે જંબૂ ! આમાં પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપક આ પ્રમાણે છે-તે કાળે અને તે સમયે રાજગૃહ નગરમાં ભગવાન મહાવીરનું આગમન થયું. લોકોને તેમના શુભાગમનની જ્યારે જાણ થઈ ત્યારે તેઓ સર્વે તેમને વંદન કરવા માટે અને તેમની પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળવા માટે તેમની પાસે ગયા. પ્રભુએ આવેલા સર્વ લોકોને શ્રુતચારિત્ર રૂપ ધર્મનો ઉપદેશ સંભળાવ્યો. ઉપદેશ સાંભળીને લોકોએ પ્રભુની યાવત્ પર્યુપાસના કરી. તે કાળે અને તે સમયે પદ્માવતી દેવી-કે જે સૌધર્મ કલ્પમાં, પદ્માવતંસક વિમાનમાં સુધર્મા સભામાં રહેતી હતી અને જેના સિંહાસનનું નામ પદ્મ હતું-શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા અને તેમની પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળવા ત્યાં આવી. એના પછીનું વર્ણન પહેલાં કરવામાં આવેલા કાલી દેવીના વર્ણનની જેમ સમજી લેવું જોઈએ. આ પ્રમાણે જ બાકીનાં સાત અધ્યયનો વિષે પણ જાણી લેવું જોઇએ. એ આઠે આઠ અધ્યયનોનો પાઠ કાલી દેવીના જેવો જ છે તેમ સમજી લેવું જોઇએ. તેમાં કોઈ પણ જાતનો તફાવત નથી. (णवरं) પરંતુ જ્યાં તફાવત છે-તે આ પ્રમાણે છે (सावत्थीए दोजणीओ) પદ્માવતી અને શિવા આ બંને કન્યાઓ પૂર્વભવમાં શ્રાવસ્તી નગરીમાં ઉત્પન્ન થઈ.

(हत्थिणाउरे दो जणीओ, कंपिल्लपुरे दो जणीओ सागेय नयरे दो जणीओ पउमे पियरो विजया मायराओ सव्वाओवि पासस्स अंतिए पव्वइयाओ सक्कस्स अग्गमहिसीओ ठिई, सत्त पलिओवमाइं महाविदेहे वासे सिज्झिहिंति जाव अंतं काहिंति " १४ " ।)

શ્રુતિ અને અંજૂ આ બંને હસ્તિનાપુરમાં, રોહિણી અને નવમિકા આ બંને કાંપિલ્યપુરમાં, અચલા અને અપ્સરા આ બંને સાકેત નગરમાં ઉત્પન્ન થઈ. આ બધી કન્યાઓના પિતાનું નામ પદ્મ અને માતાનું નામ વિજયા હતું. આ બધી કન્યાઓ પાર્શ્વનાથ પ્રભુની પાસે પ્રવ્રજિત થઈ છે અને શક્રની અગ્રમહિષીઓ (પટરાણીઓ) બની છે. એમની સ્થિતિ સાત પલ્ય જેટલી છે. આ બધી મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે. ॥ સૂત્ર૧૪ ॥

નવમો વર્ગ સમાપ્ત.

દશમો વર્ગ પ્રારંભ—

'दसमस्स उक्खेवओ' इत्यादि—

(दसमस्स उक्खेवओ–एवं खलु जंबू ! जाव अट्ठ अज्झयणा पण्णत्ता–तं जहा–कण्हा य कण्हराई, रामा तह रामरक्खिया वसू य । वसुगुत्ता वसुमित्ता वसुंधरा चेव ईसाणे ॥ १ ॥ पढमज्झयणस्स उक्खेवओ–एवं खलु जंबू !)

હે ભદન્ત ! શ્રમણ ભગવાન મહાવીરે દશમા વર્ગનો ઉત્ક્ષેપક કેવી રીતે કહ્યો છે ?

આ પ્રમાણેના જંબૂ સ્વામીના પ્રશ્નને સાંભળીને તેના સમાધાન માટે શ્રી સુધર્મા સ્વામી તેમને કહે છે કે હે જંબૂ ! સાંભળો, તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે. શ્રમણ ભગવાન મહાવીરે આ દશમા વર્ગના આઠ અધ્યયનો પ્રજ્ઞપ્ત કર્યાં છે, તે આ પ્રમાણે છે–કૃષ્ણા ૧, કૃષ્ણારાજિર, રામા ૩, રામરક્ષિકા ૪, વસૂ ૫, વસુગુપ્તા ૬, વસુમિત્રા ૭ અને વસુંધરા ૮.

આ ઉક્ત જુદા જુદા નામો વડે એજ નામનાં જુદાં જુદાં અધ્યયનો પ્રસિદ્ધ થયાં છે. હે જંબૂ ! આ બધામાંથી પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપક

આ પ્રમાણે છે. (तेणं कालेणं तेणं समएणं रायगिहे समोसरणं, जाव परिसा पज्जुवासइ) તે કાળે અને તે સમયે રાજગૃહ નગરમાં ભગવાન મહાવીરનું શુભાગમન થયું. તેમને વંદન કરવા માટે પરિષદ તેમની પાસે પહોંચી. સૌને પ્રભુએ ધર્મોપદેશ સંભળાવ્યો. ધર્મોપદેશ સાંભળીને પરિષદે પ્રભુની પર્યુપાસના કરી.

(तेणं कालेणं तेणं समएणं कण्हा देवी ईसाणे कप्पे कण्हेवडेंसए विमाणे सभाए सुहम्माए कण्हंसि सीहासणंसि सेसं जहा कालीए एवं अट्ठिा अज्झयणा कालीगमएणं णेयव्वा, णवरं पुव्वभवे वाणारसीए नयरीए दो जणीओ रायगिहे नयरे दो जणीओ, सावत्थीए नयरीए दो जणीओ, कोसंबीए नयरीए दो जणीओ रामे पिया धम्मा माया सव्वओऽवि पासस्स अरहओ अंतिए पव्वइयाओ पुप्फ चूलाए अज्जाए सिस्सिणीयत्ताए ईसाणस्स अग्गमहिसीओ ठिई, णवपलि ओवमाइं, महाविदेहे वासे सिज्झिहिंति बुज्झिहिंति, मुच्चिहिंति, सव्वदुक्खाणं, अंतं काहिंति एवं खलु जंबू ! णिक्खेवओ दसमवग्गस्स)

તે કાળે અને તે સમયે ત્યાં કૃષ્ણા દેવી–કે જે ઇશાન–કલ્પમાં કૃષ્ણા-વતંસક વિમાનમાં રહેતી હતી અને જેની સભાનું નામ સુધર્મા તેમજ સિંહાસનનું નામ કૃષ્ણા હતું–આવી એના પછીનો પાઠ કાલી દેવીના વર્ણનમાં જે પ્રમાણે પાઠ કહેવાયો છે તે પ્રમાણે જ સમજી લેવો જોઈએ. આ પ્રમાણે જ કૃષ્ણરાજિ વગેરે અધ્યયનો પણ કાલી દેવીના પાઠમાં અને આ ઉક્ત આઠ અધ્યયનોના પાઠોમાં જે કંઈ તફાવત છે તે આ પ્રમાણે છે–પૂર્વભવમાં વાણારસી નગરીમાં કૃષ્ણા અને કૃષ્ણારાજિ આ બંને ઉત્પન્ન થઈ, રાજગૃહ નગરમાં રામા અને રામરક્ષિકા શ્રાવસ્તી નગરીમાં વસૂ, વસુગુપ્તા અને કૌશાંબી નગરીમાં વસુમિત્રા અને વસુંધરા ઉત્પન્ન થઈ. એમના પિતાનું નામ રામ અને માતાનું નામ ધર્મા હતું. એ બધીએ પાર્શ્વનાથ પ્રભુની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. પ્રભુએ સર્વેને દીક્ષિત કરીને પુષ્પચૂલા આર્યાને શિષ્યાઓના રૂપમાં સોંપી હતી. એ બધી ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ થઈ. ત્યાં તેમની સ્થિતિ નવ પલ્યોપમની છે. ત્યાંથી ચવીને એ બધી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી જ સિદ્ધ-

પદ મેળવશે એ બધી કેવળજ્ઞાન રૂપ આલોકથી સમસ્ત ચર અને અચર પદાર્થોનું જ્ઞાન મેળવશે. દ્રવ્ય અને ભાવરૂપ બધા કર્મોથી મુક્ત થઈ જશે. આ પ્રમાણે એ બધી ત્યાંથી જ બધા દુઃખોને અંત કરનારી થશે. આ પ્રમાણે હે જંબૂ! આ દશમા વર્ગનો નિક્ષેપક છે.

દશમો વર્ગ સમાપ્ત.

શાસ્ત્ર પ્રશસ્તિ

एवं खलु जंबू! इत्यादि—

(एवं खलु जंबू! समणेणं भगवया महावीरेणं आदिगरेणं तित्थगरेणं सयं संबुद्धेणं पुरिसोत्तमेणं जाव संपत्तेणं धम्म कहाणं अयमट्ठे पण्णत्ते)

હવે જંબૂ સ્વામીને શ્રી સુધર્મા સ્વામી કહે છે કે હે જંબૂ! આદિકર તીર્થંકર, સ્વયં સંબુદ્ધ, પુરૂષોત્તમ યાવત્ સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરી ચૂકેલા એવા શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથા નામના બીજા શ્રુતસ્કંધનો પૂર્વોક્ત રૂપે અર્થ પ્રરૂપિત કર્યો છે. (धम्मकहा सुयक्खंधो समत्तो दसहिं वग्गेहिं) ધર્મકથા નામનો આ બીજો શ્રુતસ્કંધ દશ વર્ગોમાં પૂરો થયો છે. આ પ્રમાણે (णायाधम्मकहाओ समत्ताओ) આ જ્ઞાતા ધર્મકથાંક સૂત્ર પૂરૂં થયું છે.

શ્રી જૈનાચાર્ય જૈનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત
“જ્ઞાતાધર્મકથાઙ્ગસૂત્ર” ની અનગારધર્મામૃતવર્ષિણી વ્યાખ્યા સમાપ્ત

કાઠિયાવાડ પ્રાંતમાં રાજકોટ નામે એક સરસ રમ્ય નગર છે. તેમાં કોઠારી હરગોવિંદ કાકા રહે છે. તેમની સુશીલ પત્નીનું નામ રૂકિમણી છે. તેઓ ગૃહકાર્યમાં બહુ જ ચતુર છે, ધર્માત્મા તેમજ શાંતિ પ્રિયાપણ છે. તેઓ ગરીબ દુઃખીઓના ઉપર હમેશાં દયાભાવ રાખે છે. કાકાનો કુળદીપક એક દિનેશચંદ્ર નામે પુત્ર અને જિતુ નામે એક કન્યા છે. આ બંને માતા-પિતાનાં પ્રમોદનાં આશ્રયસ્થાનો છે.

મેં ઘાસીલાલ મુનિરાજે તેમના જ વ્યાખ્યાન ભવનમાં રહીને વિક્રમ સંવત્ ૨૦૦૪ રવિવાર માઘ શુકલા પંચમીના દિવસે જ્ઞાતાધર્મકથાંગ સૂત્રની આ ટીકા રચીને પૂરી કરી છે.